# નયવિંશિકા

આ. વિજય અભયશેખરસૂરિ



ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

સ્વ.પૂ. ગુરુદેવ શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની
જન્મશતાબ્દી પ્રસંગે શ્રીસંઘને સાદર

સ્વોપજ્ઞવૃત્તિ અને ગુજરાતી ભાવાનુવાદથી સમલંકૃતા

# નયવિંશિકા


: રચયિતા :

વર્ધમાનતપોનિધિ સ્વ. પૂ.આ. શ્રી વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા.ના શિષ્ય

સહજાનંદી સ્વ. પૂ.આ. શ્રી વિજય **ધર્મજિત્‌સૂરીશ્વરજી** મ.સા.ના શિષ્ય

શ્રી સૂરિમંત્ર સુસાધક સ્વ. પૂ.આ. શ્રી વિજય **જયશેખરસૂરીશ્વરજી** મ.સા.ના શિષ્ય

**આચાર્ય વિજય અભયશેખરસૂરિ**



પ્રથમ પ્રકાશન : વિ.સં. ૨૦૬૫ • મૂલ્ય : રૂ. ૨૦૦-૦૦

: પ્રકાશક :

**દિવ્યદર્શન ટ્રસ્ટ**

૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા, જિ. અમદાવાદ-૩૮૭૮૧૦.


નોંધ : જ્ઞાનખાતેથી પ્રકાશિત થયેલ આ પુસ્તકની ગૃહસ્થે માલિકી કરવી હોય તો એનું મૂલ્ય જ્ઞાનખાતે ભરી દેવું.

# પ્ર...કા...શ...કી...ય

વર્તમાનમાં શ્રીસંઘને આરાધનાના દરેક યોગમાં અનુપમ રીતે જોડનાર શ્રી વિજયપ્રેમ-ભુવનભાનુસૂરિ સમુદાયના પૂ. આચાર્ય શ્રી વિજય અભયશેખરસૂરીશ્વરજી મ.સા.ની માર્ગાનુસારી પ્રજ્ઞાના પ્રભાવે ચાલેલી અદ્ભુત ઊંડી અનુપ્રેક્ષાના કારણે, શ્રી જૈનશાસનના પ્રાણભૂત પદાર્થો સપ્તભંગી અને નિક્ષેપ અંગેના અદ્ભુત રહસ્યોનું ઉદ્‌ઘાટન કરનારા સપ્તભંગીવિંશિકા અને નિક્ષેપવિંશિકા ગ્રન્થોની શ્રીસંઘને ભેટ મળી... અને આજે શ્રી જૈનશાસનની વિશ્વને અનન્ય દેન એવા નયો અંગે તેઓશ્રીની જ શાસ્ત્રાનુસારી તર્કપૂત કલમે 'નયવિંશિકા' ગ્રન્થ પ્રકાશિત થઈ રહ્યો છે. જે આપણા સહુનું પરમ સૌભાગ્ય છે. પૂજ્યશ્રીનો માર્ગાનુસારી ક્ષયોપશમ આપણને આવા જ અદ્ભુત રહસ્યો ખોલનારા નવા-નવા ગ્રન્થોની ભેટ આપ્યા કરે એવી ભાવભીની વંદના સાથે ભારભીની વિનંતી...

આ ગ્રન્થરત્નના પ્રકાશનનો સંપૂર્ણ લાભ સુરત. ગોપીપુરા સ્થિત **આચાર્ય શ્રી ૐકારસૂરિ આરાધના ભવન** સંઘે લીધો છે એની ખૂબ ખૂબ અનુમોદના:

આ પુસ્તકનું મુદ્રણકાર્ય ચીવટપૂર્વક કરનારા ભરત ગ્રાફિક્સના સમસ્ત સ્ટાફને ધન્યવાદ.

સહુ કોઈ જિજ્ઞાસુ આ ગ્રન્થના અધ્યયન દ્વારા પોતાના નયબોધને વિશદ બનાવે એવી મંગળ કામના.

દિવ્યદર્શન ટ્રસ્ટ વતી
**કુમારપાળ વિ. શાહ**

શિક્ષણ, સમાજરચના અને અગ્રણીઓની કુતર્ક ભરેલી રજુઆતોના કારણે જ્યારે ધાર્મિક શ્રદ્ધા, જ્ઞાન અને આચરણને મરણતોલ ફટકો પડે એવી ભીતિ નિર્માણ થયેલી ત્યારે ગુરુકૃપા અને પોતાની આગવી કોઠાસૂઝ દ્વારા શિબિરનો પ્રારંભ કરાવી આ ભીતિને ઘણુંખરું દૂર કરવાનો અવિસ્મરણીય અનુપમઉપકાર કરનારા સ્વ. પૂજ્યપાદ ગુરુદેવ શ્રીમદ્વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા.ની જન્મશતાબ્દી પ્રસંગે આ એક અનુપમપ્રકાશન.

માતંગ સિદ્ધાયિકા પરિપૂજિતાય શ્રી વર્ધમાનસ્વામિને નમઃ

# પ્રસ્તાવના

**ચાર નિક્ષેપે રે સાત નયે કરી રે, વળી માંહિ સપ્તભંગી વિખ્યાત રે;**
**કુમતિ જનના મદ મોડાય, વીર તારી દેશના રે...**
**સમકીત બીજ આરોપણ થાય, વીર તારી દેશના રે...**

સમ્યક્ત્વરૂપી બીજનું આરોપણ કરનારી પ્રભુની દેશના ચાર નિક્ષેપાઓથી વ્યાપ્ત હોય છે, સાત નયોથી ગૂંથાયેલી હોય છે ને સપ્તભંગીથી વણાયેલી હોય છે. એટલે પ્રભુવચનના ઊંડા રહસ્યો પામી સમ્યક્ત્વની પ્રાપ્તિ-દઢતા અને નિર્મળતા કરવી હોય તો આ ચાર નિક્ષેપા વગેરેની ઊંડી સમજણ જોઈએ જ. એ સમજણ કેળવવા માટે કરેલી, જિનવચનોના પૂર્વાપર અનુસંધાનપૂર્વકની અનુપ્રેક્ષાએ આ નિક્ષેપા, સપ્તભંગી તથા નયો અંગે ઘણા ઘણા અપૂર્વ રહસ્યો ખોલી આપ્યા... તદનુસાર સપ્તભંગીવિંશિકા અને નિક્ષેપવિંશિકાના પ્રકાશન બાદ હવે નયવિંશિકા પ્રકાશિત થઈ રહી છે. આ ગ્રન્થમાં જ એક સ્થળે મેં મારા અંતસ્તોષને વ્યક્ત કર્યો છે.

બેશક, માત્ર અધ્યેતાઓને જ નહીં, ખુદ અધ્યાપકોને પણ કેટલીય વાતો સાવ અપૂર્વ લાગશે... ને તેથી એની શ્રદ્ધેયતા સામે પ્રશ્નો પણ ઊભા થશે જ. પ્રથમ દૃષ્ટિએ, મારા નિરૂપણથી સાવ અલગ ભાસે એવા અનેક શાસ્ત્રપાઠો પણ એમને મળશે જ. માત્ર એવા શાસ્ત્રપાઠોને જ નજરમાં રાખીને વિચાર્યા કરવામાં ઉત્સૂત્રપ્રરૂપણા ભાસવાની શક્યતા પણ નકારી ન શકાય. આ બધા વિદ્વાનોને મારી એક જ નમ્ર વિનંતી છે કે અપૂર્વ ભાસતા તે તે રહસ્યાર્થના સમર્થનમાં મેં જે શાસ્ત્રપાઠો આપ્યા છે, ને એ શાસ્ત્રપાઠોનો, અન્ય શાસ્ત્રપાઠોના સંદર્ભમાં તર્કસભર અનુપ્રેક્ષા કરીને જે અર્થ કર્યો છે, એના પર તેઓ વિચાર કરે, ને તેમાં કોઈ તર્કદોષ ભાસે તો મને જરૂર જણાવે.

આજે ઉપલબ્ધ પૂર્વગ્રન્થોમાં જે જોવા નથી મળતી એવી, નૈગમનયનો વિષય ઊર્ધ્વતાસામાન્ય છે; ઋજુસૂત્રનય દ્રવ્યાર્થિક પણ છે ને પર્યાયાર્થિક પણ; નૈગમનયમાંથી સાંખ્યદર્શન નીકળ્યું છે, વ્યવહારનયમાંથી ન્યાયવૈશેષિકદર્શન નીકળ્યું છે; નૈગમનયે પિંડાદિ અવસ્થાઓમાં ઘટ એ જ ઊર્ધ્વતાસામાન્ય છે, માટી દ્રવ્ય નહીં; સંગ્રહનયે ઘટ એ જ તિર્યક્સામાન્ય છે, ઘટત્વ નહીં; સાતે નયોના ઉપન્યાસક્રમના હેતુઓ; દીર્ઘકાલીન

ક્રિયા અંગે ક્રિયમાણં કૃતં એ વ્યવહારનયને માન્ય છે; 'અહં' શબ્દનો વાચ્યાર્થ માત્ર શરીર કે માત્ર આત્મા નથી, પણ શરીરાનુવિદ્ધ આત્મા છે; નય પ્રધાનતયા ઇતરાંશપ્રતિક્ષેપી છે, અપ્રધાનતયા ઇતરાંશઅપ્રતિક્ષેપી છે; પૂર્વ-પૂર્વનયની ઉત્તરોત્તર નયને શિખામણ; વગેરે વગેરે અનેક વાતો આ ગ્રન્થમાં જાણવા મળશે જેને પૂર્વાપર અનુસંધાનપૂર્વક ચિન્તન-મનન કરવાની ખાસ વિનંતી છે.

આ ગ્રન્થમાં જે કાંઈ સારું છે તે દેવાધિદેવ **શ્રી વર્ધમાનસ્વામીનો** અચિન્ત્ય અનુગ્રહ છે. તથા, પૂજ્યપાદ ગુરુદેવોની અમોઘ કૃપા છે.

સિદ્ધાન્તમહોદધિ સુવિશાળગચ્છસર્જક સ્વ. પૂ.આ. શ્રી વિજય **પ્રેમસૂરીશ્વરજી** મ.સા.; ન્યાયવિશારદ ભાવાચાર્ય સ્વ. ગુરુદેવ પૂ.આ. શ્રી વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા.; સિદ્ધાન્તદિવાકર ગચ્છાધિપતિ પ.પૂ.આ. શ્રી વિજય **જયઘોષસૂરીશ્વરજી** મ.સા.; અધ્યાત્મરસિક કર્મસાહિત્યમર્મવિદ્ સ્વ. પૂ.આ. શ્રી વિજય **ધર્મજિત્સૂરીશ્વરજી** મ.સા.; શ્રીસૂરિમન્ત્રના પરમસાધક દક્ષિણમહારાષ્ટ્રપ્રભાવક સ્વ. પૂ.આચાર્ય શ્રીમદ્ વિજય **જયશેખરસૂરીશ્વરજી** મ.સા... આ સુવિહિત ગુરુપરંપરાની મહતી કૃપા અને સહવર્તી શિષ્યવૃન્દના સેવા-સહકાર વિના આવા ગ્રન્થસર્જનની શક્યતા વિચારી પણ શે શકાય ?

પંન્યાસ શ્રી **અજિતશેખરવિજયજી ગણિવર** (હાલ-આચાર્ય) તથા મુનિરાજ શ્રી **ઉદયવલ્લભવિજયજી** ગણિવરે આ ગ્રન્થનું સૂક્ષ્મતાપૂર્વક સંશોધન કરીને એની ઉપાદેયતામાં વૃદ્ધિ કરી છે. ધન્યવાદ.

તેમ છતાં, શ્રી સર્વજ્ઞપ્રભુના ત્રિકાળઅબાધિત પરમપવિત્ર અભિપ્રાયોથી વિપરીત જો કાંઈપણ નિરૂપણ આ ગ્રન્થમાં થયું હોય તો હું એનું હાર્દિક મિચ્છામિ દુક્કડં દઉં છું... સંવિગ્ન બહુશ્રુત ગીતાર્થો એ અંગે મારું ધ્યાન દોરે એવી પ્રાર્થના કરું છું.

શ્રી જૈનશાસનના નય અંગેના અદ્ભૂત રહસ્યોનો સરળ બોધ મેળવવા માટે આ ગ્રન્થનો સહારો લઈ અધિકારી જિજ્ઞાસુ વર્ગ મારા શ્રમને સફળ કરે એવી નમ્ર વિનંતી સાથે.

**વિ.સં. ૨૦૬૫, ચૈત્ર સુદ-૪**
**(સ્વ. પૂ.બા મહારાજ**
**સાધ્વી શ્રી ચન્દ્રરત્નાશ્રીજી મ.ની**
**પ્રથમસ્વર્ગારોહણતિથિ) કાવીતીર્થ**

**ગુરુપાદપદ્મરેણુ - અભયશેખર**

વર્ધમાનતપોનિધિ, ન્યાયવિશારદ, સકળસંઘહિતૈષી, અનેકકાંતદેશનાદક્ષ, પ્રભાવકપ્રવચનકાર, શિબિરોના આદ્યપ્રેરક-વાચનાદાતા, ભાવાચાર્ય, પરમર્ષિ, સુવિશાળગચ્છાધિપતિ સ્વ. પૂજ્યપાદ ગુરુદેવ આચાર્યભગવંત શ્રીમદ્વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા.નું

# સંક્ષિપ્ત જીવનકવન

| | |
|---|---|
| જન્મ | : ચૈત્ર વદ ૬, સંવત ૧૯૬૭ તારીખ ૧૯-૪-૧૯૧૧, અમદાવાદ |
| સંસારી નામ | : કાંતિલાલ ચીમનલાલ શાહ, માતા - ભૂરીબહેન |
| વ્યાવહારિક અભ્યાસ | : ગવર્મેન્ટ ડીપ્લોમેઈટ એકાઉન્ટન્ટ (G.D.A.-C.A સમકક્ષ) પાસ<br>ઈન્સ્ટિટ્યુટ ઓફ બેન્કર્સ (ઇંગ્લેન્ડ) સપુરસ્કાર પાસ<br>ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્કોર્પોરેટેડ સેક્રેટરીઝ (ઇંગ્લેન્ડ) સપુરસ્કાર પાસ |
| ચતુર્થવ્રત સ્વીકાર | : વિ.સં. ૧૯૯૦ આસો વદ-૬ (ઉંમર વર્ષ ૨૩) |
| દીક્ષા | : પોષ સુદ-૧૨, સંવત-૧૯૯૧, તા. ૧૬-૧૨-૧૯૩૫, ચાણસ્મા |
| વડી દીક્ષા | : મહા સુદ-૧૦, સંવત-૧૯૯૧, ચાણસ્મા |
| ગુરુદેવશ્રી | : સિદ્ધાન્તમહોદધિ સુવિશાલ ગચ્છાધિપતિ પ.પૂ.આ.દે. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ |
| ગણિપદ | : સંવત-૨૦૧૨, ફાગણ સુદ-૧૧, તા. ૨૨-૨-૧૯૫૬, પૂના |
| પંન્યાસ પદ | : સંવત-૨૦૧૫, વૈશાખ સુદ-૬, તા. ૨-૫-૧૯૬૦, સુરેન્દ્રનગર |
| આચાર્ય પદ | : સંવત-૨૦૨૯, માગસર સુદ-૨, તા. ૭-૧૨-૧૯૭૨, અમદાવાદ |
| ગચ્છાધિપતિ પદ | : સંવત-૨૦૪૬, પોષ સુદ-૧૨, તા. ૮-૧-૧૯૯૦, ઈરોડ |
| ૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ | : સંવત-૨૦૨૬, આસો સુદ-૧૫, તા. ૧૪-૧૦-૧૯૭૦, કલકત્તા |

**૧૦૮ ઓળીની પૂર્ણાહૂતિ** : સંવત-૨૦૩૫, ફાગણ વદ-૧૩, તા. ૨૫-૩-૧૯૭૯, મુંબઈ

**કુલ શિષ્ય પ્રશિષ્ય**

**આજ્ઞાવર્તી પરિવાર** : ૪૩૫ વિદ્યમાન શ્રમણો

**વિશિષ્ટ ગુણો** : ગુરુપારતંત્ર્ય, વિનય તપ, સંયમશુદ્ધિ, ત્યાગ, તિતિક્ષા, ક્ષમા, જ્ઞાન, વૈરાગ્ય, પ્રભુભક્તિ, ક્રિયાશુદ્ધિ, અપ્રમત્તતા, બ્રહ્મચર્ય, શાસ્ત્રનિષ્ઠા, શાસનદૃષ્ટિ, શાસન પ્રત્યે સમર્પણ, ક્રિયાઓ પ્રત્યે અનન્ય બહુમાન, જાત પ્રત્યે કઠોર, આશ્રિતો પ્રત્યે કોમળ, સ્તવન વગેરે દરેકના શબ્દો પર ચિંતનશીલતા-રહસ્યોદ્‌ઘાટન, લખલૂટ આત્મહિત કમાઈ લેવાની સતત તાલાવેલી, સંઘવાત્સલ્ય, શ્રમણ-ઘડતર, નિર્યામણાકૌશલ્ય આદિ.

**ઉપદેશગંગા** : દિવ્યદર્શન સાપ્તાહિક (ગુજરાતી), તીર્થંકર દિવ્યદર્શન પાક્ષિક (હિન્દી)

**કુલ પુસ્તકો** : ૧૧૪

**ભાષાજ્ઞાન** : સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, મરાઠી

**અધ્યયનોપયોગી સર્જન** : પ્રાકૃત નિયમાવલી, સંસ્કૃત નિયમાવલી, ન્યાયભૂમિકા, પ્રકરણદોહન, તત્ત્વાર્થ ઉષા વિ...

**કલાત્મક સર્જન** : જૈન ચિત્રાવલી, મહાવીર ચરિત્ર, પ્રતિક્રમણ સૂત્ર આલ્બમ, ગુજરાતી-હિન્દી બાલપોથી, મહાપુરુષોના જીવનચારિત્રના ૧૨ અને ૧૮ ફોટાના બે સેટ, હેમચન્દ્રસૂરિ જીવન-ચિત્રોનો સેટ, બ્રાહ્મણવાડામાં ભગવાન મહાવીર ચિત્ર ગેલેરી, પિંડવાડામાં શ્રી પ્રેમસૂરિજી મ.સા.ના જીવન-ચિત્રો.

**સરળ ઓળખાણ** : નીચી દૃષ્ટિ, નિસ્પૃહતા, નિર્દોષ ગોચરી, ચાંદનીમાં પણ લેખન, અષ્ટાપદજીની પૂજા, અદ્‌ભુત પ્રતિક્રમણ, નિત્ય વાચના, વ્યાખ્યાનમાં નીતરતો વૈરાગ્ય, શિબિર-પ્રેરક, સાદગી ઇત્યાદિ.

**કાળધર્મ** : સંવત-૨૦૪૯, ચૈત્ર વદ-૧૩, તા. ૧૯-૪-૧૯૯૩, બપોરે ૧.૩૦ કલાકે, અમદાવાદ.

વર્ધમાનતપોનિધિ ન્યાયવિશારદ સ્વ. પૂ. ગુરુદેવ આચાર્ય
શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.



# વિષયાનુક્રમ


વૃત્તિમંગળશ્લોકાર્થ ........................................................................૧
સૂત્રોનું મૂઢનયિકત્વ ........................................................................૨
નયવ્યુત્પાદનની આવશ્યકતા ........................................................................૩
અનુબંધચતુષ્ટય ........................................................................૫
નયસામાન્યલક્ષણ........................................................................૬
એકાંશગ્રાહી બધો જ બોધ કાંઈ નય નથી ........................................................................૯
નયગ્રાહ્યધર્મોનો પ્રતિયોગિ-પ્રતિયોગિમદ્ભાવ........................................................................૧૧
'રૂપવાન્ ઘટ:' વગેરે 'નય' નથી........................................................................૧૩
ઇતરાંશનો અપ્રતિક્ષેપ ગૌણરૂપે જ........................................................................૧૪
પ્રતિક્ષેપમાં પ્રધાનતા અને ગૌણતા........................................................................૧૫
દ્રવ્ય-પર્યાયાદિ વચ્ચે પણ પ્રતિયોગિ-પ્રતિયોગિમદ્ભાવ ........................................................................૧૬
દ્રવ્ય-પર્યાયાર્થિકનય મૂળનય છે ........................................................................૧૭
નયના ભાષ્યોક્ત પ્રાપકત્વાદિ લક્ષણો........................................................................૧૮
નયજ્ઞાનની જરૂરિયાત ........................................................................૨૧
નયજ્ઞાન પ્રમાણાંશ છે ........................................................................૨૨
નયજ્ઞાન લૌકિક પ્રમાણ છે ........................................................................૨૪
લૌકિક-અલૌકિક પ્રમાણ એટલે શું ? ........................................................................૨૫
જિજ્ઞાસિત અંશના અબોધકત્વથી જ 'નયત્વ' આવે ........................................................................૨૭
'અનેકાન્તવાદમાં બોધ સંશયાત્મક જ હોય' એવી શંકાનુ નિરાકરણ ........................................................................૨૯
નૈગમાદિ નયોમાં પરસ્પર વિપ્રતિપત્તિ નથી........................................................................૩૧
નય-પ્રમાણવાક્યોનું લક્ષણ ........................................................................૩૫
સપ્તભંગી અંગે નયોપદેશનો અધિકાર ........................................................................૩૬
'અર્થપર્યાય'-'વ્યંજનપર્યાય' શબ્દોનો અર્થ........................................................................૩૯
'સપ્તભંગીવિંશિકા'નો અધિકાર........................................................................૪૧
મારા આનંદની વાત ........................................................................૪૨

નય વગેરે અંગે શ્રી મલયગિરિસૂરિ મત ....................................૪૭
શ્રી હેમચન્દ્રાચાર્ય મત ..........................................................૪૯
ત્રણે મતોનો ઉપસંહાર..........................................................૫૧
નૈગમનયલક્ષણ ....................................................................૫૩
નૈગમશબ્દની બીજી વ્યુત્પત્તિ.......................................................૫૫
સંગ્રહનયલક્ષણ ....................................................................૫૭
વ્યવહારનયલક્ષણ ..................................................................૬૦
ઉપચરિત પ્રયોગોમાં લક્ષણા-પ્રયોજન ........................................૬૨
'કૃષ્ણો ભ્રમરઃ' પ્રયોગવિચાર ....................................................૬૪
'અહં ન રૂપવાન્' વ્યવહારાનુસારી નથી .....................................૬૯
ઋજુસૂત્રનય.......................................................................૭૧
ઋજુ = અકુટિલત્વ એટલે શું ? ..................................................૭૪
શબ્દનય નિરૂપણ ..................................................................૭૫
કાળ-કારકાદિ ભેદે અર્થભેદ ....................................................૭૬
નામઘટાદિ ન માનવાના કારણો..................................................૮૦
લોક-શાસ્ત્રનો વિરોધ બધા નયોમાં સમાન ...................................૮૪
શબ્દપ્રધાનત્વ એટલે શું ? .........................................................૮૬
સમભિરૂઢનય નિરૂપણ..............................................................૮૯
એવંભૂતનયવક્તવ્યતા ..............................................................૯૨
બધા જ શબ્દો ક્રિયાશબ્દ છે......................................................૯૭
પૂર્વ-પૂર્વનય વિશાલાર્થ છે .........................................................૯૯
અર્થનય-શબ્દનય.................................................................૧૦૧
પ્રતિપક્ષનયદૃષ્ટિના મિશ્રણથી અશુદ્ધિ.........................................૧૦૧
સ્થૂલાર્થતાથી અશુદ્ધિ ...........................................................૧૦૩
નિશ્ચય અને વ્યવહાર બન્નેમાં શુદ્ધિ-અશુદ્ધિ..................................૧૦૫
નયોની શુદ્ધિ-અશુદ્ધિમાં કોઈ નિયત પરિભાષા નથી.........................૧૦૯
વ્યવહારનયાભિપ્રાયમાં શુદ્ધિ-અશુદ્ધિ.........................................૧૧૩
પર્યાયની અપેક્ષાએ દ્રવ્ય પ્રધાન છે ............................................૧૧૬

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં ઉત્પાદ પ્રથમ છે ....................................૧૧૮
અનાદિનિધન જીવ-પુદ્ગલદ્રવ્ય આપણો વિષય નથી ...........................૧૨૧
ઊર્ધ્વતાસામાન્ય એ નૈગમનો વિષય છે ........................................૧૨૩
પ્રસ્થક દૃષ્ટાન્તથી એની સિદ્ધિ ....................................................૧૨૪
અનુ૦વૃત્તિમાં કહેલ કાર્યોપચાર વ્યવહારનયે છે ..............................૧૨૬
લોકમાં થતા વચનપ્રયોગો જ નય છે ...........................................૧૨૯
કાષ્ઠાદિમાં પ્રસ્થકત્વદર્શન નૈગમને મૌલિક, વ્યવહારને ઉપચરિત ...............૧૩૧
વ્યવહાર સાથે વિષયસાંકર્ય નિવારવા નૈગમનું અન્ય લક્ષણ.......................૧૩૪
નૈગમનયે ઘટદૃષ્ટાન્તની ભાવના ................................................૧૩૫
જેની પ્રબળ અભિલાષા એ નૈગમને દેખાય.......................................૧૩૮
વ્યવહારનયે નાનાત્વ, નૈગમ-સંગ્રહનયે અન્વય ...............................૧૪૦
નૈગમ-સંગ્રહને ઘટ એ જ સામાન્ય છે ...........................................૧૪૧
દરેક નયના નિરૂપણમાં વ્યવહારનો અંશ આવે જ.................................૧૪૩
સંગ્રહની પ્રત્યભિજ્ઞાનો વિષય સાદૃશ્યાત્મક અભેદ ...........................૧૪૫
વસતિદૃષ્ટાન્તથી નૈગમનો વિષય ઊ૦સામાન્ય છે એની સિદ્ધિ ..................૧૪૬
વસતિદૃષ્ટાન્તમાં વ્યવહારનયે ક્યાં ઉપચાર ? ક્યાં મૌલિકતા ? ...............૧૪૯
'લોકે વસામિ' જવાબ સર્વવિશુદ્ધનૈગમ છે ......................................૧૫૧
નમસ્કારનિર્યુક્તિવચનથી નૈ૦નો ઊ૦સામાન્ય વિષય છે એની સિદ્ધિ .............૧૫૩
ઊર્ધ્વતાસામાન્ય જ ઉત્પાદ-વ્યયવિરોધી છે ......................................૧૫૬
આદિનૈગમ 'સર્વદા સત્ત્વ' કહે છે, પરસંગ્રહ 'સર્વત્ર સત્ત્વ'........................૧૬૧
આદિનૈગમે મિથ્યાત્વીઅવસ્થામાં પણ નમસ્કાર સત્ છે ..........................૧૬૩
પરસંગ્રહમતે ઘટ-નમસ્કારાદિ કશું નથી..........................................૧૬૪
'સર્વ-દેશસંગ્રાહી' એમ નૈગમના બે પ્રકાર .......................................૧૬૯
ત્રિકાળસંભવિત સર્વપર્યાયસમૂહ = દ્રવ્ય ..........................................૧૭૩
કેવલી-વ્યવહાર-નૈગમનયનું દર્શન ................................................૧૭૫
શાલીભદ્રની આહીરણી માતા .......................................................૧૭૬
જિનજીવ આકાળ દ્રવ્યજિન છે ......................................................૧૭૯
દેશસંગ્રહનય-દેશસંગ્રાહીનૈગમનયને ચારે નિક્ષેપા સંમત છે......................૧૮૧

એગં ણિચ્ચં૦ આ સામાન્ય લક્ષણ વ્યવહારનયાનુસારી છે .....................૧૮૩
નૈગમની દષ્ટિ અંગે પૂર્વાપરવિરોધ શંકા-સમાધાન ..............................૧૮૭
બધી વિચારણાઓનું ઉપનિષદ્ ..................................................૧૮૯
એકાકાર-અનુગતાકાર બુદ્ધિ વ્યવહારને જ માન્ય છે ...........................૧૯૪
નૈગમના સંગ્રહ-વ્યવહારમાં અન્તર્ભાવની સંગતિ ...............................૧૯૫
નૈગમાદિ ત્રણ નયે થતું 'અયં ઘટ:' જ્ઞાન ......................................૧૯૭
દ્રવ્યાર્થતામાં નૈગમ જ પ્રબળ છે ................................................૨૦૦
એકકરણરૂપ દ્રવ્યાર્થતામાં સંગ્રહ પ્રબળ છે.......................................૨૦૩
ધ્રૌવ્યાંશમાં નૈગમ બળવાન્ છે ..................................................૨૦૫
'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્' આ લક્ષણમાં જ લાઘવ છે ...........................૨૦૯
નયોનો દ્રવ્ય-પર્યાયાર્થિક વિભાગ ................................................૨૧૧
દ્રવ્યના ત્રણ અંશના ગ્રાહક ત્રણ નયો ............................................૨૧૨
વ્યવહારનય દ્રવ્યાર્થિક જ છે ....................................................૨૧૪
પર્યાયના અનેક અંશ નથી.......................................................૨૧૯
દ્રવ્યાર્થિકની તુલ્યતા માટે જ પર્યાયાર્થિકના ત્રણ ભેદ છે ...........................૨૨૦
ઋજુસૂત્ર દ્રવ્યાર્થિક પણ છે, પર્યાયાર્થિક પણ.......................................૨૨૩
ઋજુસૂત્ર આધારાંશગ્રાહી છે એની સિદ્ધિ............................................૨૨૭
દ્રવ્યનિક્ષેપ માનવામાત્રથી નય દ્રવ્યાર્થિક ન બની જાય ............................૨૨૯
શબ્દાદિને દ્રવ્યનિક્ષેપમાં અભિમુખનામગોત્ર જ માન્ય છે ...........................૨૩૧
શબ્દાદિના પણ કેટલાક અશુદ્ધ ભેદો સંભવે છે .................................૨૩૫
નય-નિક્ષેપવ્યવસ્થા ક્રમશઃ જ્ઞાન-વસ્તુની અપેક્ષાએ કરવી .........................૨૩૮
ઋજુસૂત્રનો વિષય આધારાંશદ્રવ્ય છે એની સિદ્ધિ...................................૨૪૦
'ક્ષણિકદ્રવ્ય' કહેવામાં વદતો વ્યાઘાત નથી.......................................૨૪૩
'નિત્યપર્યાય' કહેવામાં વદતો વ્યાઘાત છે .......................................૨૪૫
વિશેષ એકવિધ જ છે ............................................................૨૪૭
જુદા-જુદા સામાન્ય-વિશેષાંશનો ગ્રાહક કોઈ સ્વતંત્ર નય નથી ......................૨૫૦
પર્યાયાર્થિકનયોમાં ઉત્તરોત્તર શુદ્ધિ ................................................૨૫૨
યોગ્યતા દ્રવ્યાંશ છે, અભિવ્યક્તિ પર્યાયાંશ ........................................૨૫૪

વ્યવહારનય વિના નિસ્તાર નથી....................................૨૫૭
વિવિધનયે ઇન્દ્ર ....................................................૨૬૨
ઉત્તર-ઉત્તરનયની પૂર્વ-પૂર્વનયને શિખામણ..........................૨૬૩
'હરિ' શબ્દની વિવિધ વ્યુત્પત્તિઓ ....................................૨૬૯
પૂર્વ-પૂર્વનયની ઉત્તરોત્તરનયને શિખામણ ............................૨૭૧
પૂર્વ-પૂર્વનયો પણ તર્કસહ છે .........................................૨૮૧
નય-નિક્ષેપ યોજના.....................................................૨૮૩
દ્રવ્ય-પર્યાય શબ્દો અને દ્રવ્ય-ભાવ શબ્દો ભિન્નાર્થક છે ..................૨૮૫
શબ્દાદિ નયે અનુપયુક્ત જ્ઞાતા અવસ્તુ છે ...............................૨૮૯
ઋજુસૂત્રને કાર્યોપચાર માન્ય છે ........................................૨૯૨
દ્રવ્યશંખ અંગે નયવિચાર...............................................૨૯૪
દર્શન-નયયોજના અંગે શાસ્ત્રોમાં વિવિધતા..............................૨૯૮
સાંખ્યદર્શનનું મૂળ નૈગમનય છે .......................................૩૦૦
સમ્મતિવચનથી પણ એની સિદ્ધિ .......................................૩૦૫
સત્કાર્યવાદ માનવામાં પાંચ કારણો......................................૩૦૬
વ્યવહારમૂલક ન્યાય-વૈશેષિક દર્શન ....................................૩૧૦
મિથ્યાદર્શનોના મૂળભૂત નયો મિથ્યા કેમ નહીં ? .........................૩૧૩
વૃક્ષને જોનારા બે પુરુષોનું ઉદાહરણ ....................................૩૧૫
અવધારણી ભાષાનો વિવેક ..............................................૩૧૯
પ્રદેશદષ્ટાન્ત...........................................................૩૨૩
જીવદષ્ટાન્ત.............................................................૩૨૬
નમસ્કારના કારણો અંગે નયવિચારણા .................................૩૨૯
વિષયના પ્રકારોની અપેક્ષાએ નયોના વર્ગ બને છે .......................૩૩૧
નૈગમાદિ ત્રણ નયોનો વિષયભેદ .......................................૩૩૩
ક્રિયાકાળ દીર્ઘ હોય ત્યારે ક્રિયમાણં કૃતં એ વ્યવહારસંમત છે ..............૩૩૪
જ્ઞાનનયવિચાર.........................................................૩૩૯
ક્રિયાનયવિચાર ........................................................૩૪૧
સ્થિતપક્ષવિચાર .......................................................૩૪૪
વ્યવહારનય પણ તત્ત્વાર્થગ્રાહી છે........................................૩૪૮
ગ્રન્થશોધન પ્રાર્થના-અંતિમમંગળ .......................................૩૫૩
પ્રશસ્તિ .................................................................૩૫૪

श्री शङ्खेश्वरपार्श्वनाथाय नमः
मातङ्गसिद्धायिकापरिपूजिताय श्री वर्धमानस्वामिने नमः
श्री गौतमसुधर्मादिगणभृद्भ्यो नमः
श्री उमास्वातिवाचकादि-यशोविजयान्तेभ्यः शास्त्रकृद्भ्यो नमः
श्री विजय प्रेम-भुवनभानु-जयघोष-धर्मजित्-जयशेखरसूरीशेभ्यो नमः
ऐँ नमः

# नयविंशिका

**प्रणम्य परमात्मानं बालानुग्रहसिद्धये ।**
**विवृण्वे श्रुतभक्त्यै च स्वोपज्ञां नयविंशिकाम् ॥**

---

જે બીજભૂત ગણાય છે ત્રણ પદ ચતુર્દશપૂર્વના,
ઉપ્પન્નેઈ વા વિગમેઈ વા ધુવેઈ વા મહાતત્ત્વના,
એ દાન સુશ્રુતજ્ઞાનનું દેનાર ત્રણજગનાથ જે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગભાવે હું નમું,
એવા પ્રભુ વર્ધમાનને પંચાંગભાવે હું નમું. ૧
નયસાર મરીચિ ને વળી નંદનઋષિને હું નમું,
શિવશ્રીતણા અધિષ્ઠાનભૂત આર્હન્ત્ય ધ્યાન સદા ધરું,
મેરુશિખરસ્થિતવીરજિનના ચરણયુગમાં વંદના,
સમવસરણમાં બિરાજતા પ્રભુ કરજો પાપનિકંદના. ૨
ગુરુપ્રેમચરણમાં સ્થિત કાન્તિલાલ મુજ ઉપકારી છે,
સદ્બોધને દેનાર ગુરુતત્ત્વ સદા જયકારી છે,
પ્રારંભ શિબિરતણો કરે તે ભાનુવિજયનું ધ્યાન હો,
ગુરુભુવનભાનુસૂરિપ્રભાવે મુજને નયજ્ઞાન હો. ૩
નિશ્ચય તથા વ્યવહારને જીવનારા ધર્મજિત્સૂરિ,
ને જ્ઞાનક્રિયા ઉભયનયમાં સ્થિત જયશેખરસૂરિ,
ગુરુદ્વયતણા આશિષથી આ ગ્રન્થનો પ્રારંભ હો,
મા સરસ્વતી સાન્નિધ્યથી નિર્દોષ તેહનો અંત હો. ૪

**વૃત્તિમંગળશ્લોકાર્થ:**

પરમાત્માને પ્રણામ કરીને બાળજીવો પર અનુગ્રહ કરવા માટે તથા શ્રુતભક્તિના સંપાદન માટે સ્વોપજ્ઞ નયવિંશિકાગ્રન્થનું વિવરણ કરું છું.

इह हि सर्वनयमये श्री जैनप्रवचने तत्तद्वाक्यविशेषस्य तत्तन्नयविशेषानुसारितया किं वाक्यं कं नयं पुरस्कृत्य प्रयुक्तमिति सम्यग्निर्णयः कर्तव्यः । तदर्थमनुयोगद्वारेषु चतुर्थं नयद्वारमुपन्यस्तं वर्तते । अतो नयव्युत्पादनमावश्यकम् । **यद्वा**

इह हि जगति सर्वस्य वस्तुनोऽनन्तधर्मात्मकत्वेन सङ्कीर्णस्वभावतया तत्परिच्छेदकं प्रमाणमपि तथास्वभावमेवेत्यसङ्कीर्णप्रतिनियतधर्मप्रकारकबोधार्थं तथाव्यवहारार्थं च नयानामेव सामर्थ्यमित्यतोऽपि नयव्युत्पादनमावश्यकम् ।

**नन्वागमे** सूत्राणां मूढनयिकत्वमुक्तम् । तथाहि – *मूढनइयं सुयं कालियं तु न नया समोयरंति इहं ।* ॥आ.नि. २२७९॥ व्याख्यालेशश्चायं – देवेन्द्रवन्दितेभ्य आर्यरक्षितेभ्यः समारभ्य कालिकमुपलक्षणाद् दृष्टिवाद उत्कालिकं च सूत्रं मूढनयिकं = मूढा अविभागस्था

---

શ્રી જૈનપ્રવચન સર્વનયમય છે. તેનું તે તે ચોક્કસ વાક્ય તે તે નયને અનુસરનારું હોવાથી કયું વાક્ય કયા નયને અનુસરનારું છે ? એનો સમ્યગ્ નિર્ણય કરવો જરૂરી બનતો હોય છે. એ માટે **શ્રી અનુયોગદ્વારસૂત્ર** આગમમાં ચોથું નયદ્વાર રાખવામાં આવ્યું છે. તેથી નયવિષયક બોધ વિશદ બને એવું નિરૂપણ આવશ્યક છે.

અથવા, આ વિશ્વમાં સર્વ વસ્તુઓ અનંતધર્માત્મક છે. માટે વસ્તુઓ સંકીર્ણ સ્વભાવવાળી છે. અર્થાત્ વસ્તુઓ નિત્યત્વ અને અનિત્યત્વ, એકત્વ અને અનેકત્વ વગેરે ધર્મોથી સંકળાયેલ છે. એટલે એનો નિશ્ચય કરાવનાર 'પ્રમાણ' પણ સંકીર્ણ સ્વભાવવાળું જ હોય છે. તેથી પ્રથમદષ્ટિએ વિરુદ્ધ ભાસે એવા નિત્યત્વાદિ ધર્મોથી સંકીર્ણ ન થયેલ હોય એવા પ્રતિનિયત અનિત્યત્વાદિ ધર્મને આગળ કરીને વસ્તુનો બોધ કરવા માટે અને એ રીતે વ્યવહાર કરવા માટે નયવિષયક બોધને વિશદ કરવો જરૂરી છે. આશય એ છે કે પ્રમાણ તો વસ્તુને નિત્યાનિત્ય જ જણાવી શકે છે. માત્ર નિત્ય કે માત્ર અનિત્ય નહીં. એટલે વૈરાગ્યથી ભાવિત થવા માટે વસ્તુને અનિત્યરૂપે જોવી અને કહેવી હોય તો એ માટે નયની જ જરૂર પડે છે. તેથી નયનું સ્પષ્ટીકરણ થાય એ આવશ્યક છે.

**શંકા**-આગમમાં તો કાલિક વગેરે સૂત્રોને મૂઢનયિક કહ્યા છે. જેમકે **આવશ્યક નિર્યુક્તિ** (ગા. ૨૨૭૯) માં કહ્યું છે કે-*'કાલિકશ્રુત મૂઢનયિક છે, એમાં નયોનો સમવતાર હોતો નથી.'* આની વ્યાખ્યાનો જરૂરી અંશ આવો છે - દેવેન્દ્રવન્દિત **શ્રીઆર્યરક્ષિતસૂરિ** મહારાજથી લઈને કાલિકસૂત્ર તથા ઉપલક્ષણથી દૃષ્ટિવાદ અને ઉત્કાલિકસૂત્ર પણ મૂઢનયિક છે. અર્થાત્ એમાં નયવિભાગ દર્શાવવામાં આવતો નથી. એટલે કે એમાં પદે પદે નયોનો સમવતાર કરવામાં આવતો નથી. આમ જો નયોનો સમવતાર કરવાનો નથી, તો એનું

नया यत्र तद् मूढनयं तदेव मूढनयिकं वर्तते । अत्र नया न समवतरन्ति = प्रतिपदं न भण्यन्त इत्यर्थः । ततश्च नयव्युत्पादनमनावश्यकमेवेति **चेत्** ?

**न,** सम्यगर्थापरिज्ञानात् । महानुभावेभ्य आर्यरक्षितेभ्यः पूर्वमनुयोगानामपृथक्त्वमासीत् । कोऽर्थः? 'प्रतिसूत्रं चत्वारोऽप्यनुयोगा व्याख्यायन्ते स्म' इत्यर्थः। तत्पश्चाच्च तेषां पृथक्त्वमभूत्। कोऽर्थः? चरणकरणादीनामेक एवान्यतरोऽनुयोगः प्रतिसूत्रं व्याख्यायते, न तु चत्वारोऽपीत्यर्थः। एवमेव तेभ्यः पूर्वं प्रतिसूत्रं सर्वेषां नयानां विस्तरेण समवतार आसीत् । तदारतस्तु तत्र भजना । कोऽर्थः ? नाऽवश्यं नयैर्व्याख्या कार्या, आचार्यशिष्याणामतीक्ष्णप्रज्ञत्वात् । तथापि शिष्यमतिपरिकर्मणार्थं स्थूलसंव्यवहारार्थप्रतिपादकैर्नैगमसङ्ग्रहव्यवहाराख्यैस्त्रिभिराद्यनयैः सा कार्याऽपि । यत उक्तं-

*नत्थि नएहिं विहूणं सुत्तं अत्थो य जिणमए किंचि ।*
*आसज्ज उ सोयारं नए नयविसारओ बूया ॥२२७७॥* ततश्चैवमर्थः प्राप्यते यद् -

---

વ્યુત્પાદન કરવાની શી જરૂર છે ?

**સમાધાન**-તમારી શંકા બરાબર નથી. કારણ કે તમે આ આગમવચનનો સમ્યગ્ અર્થ જાણ્યો ન હોવાથી આવી શંકા કરી રહ્યા છો. મહાનુભાવ શ્રીઆર્યરક્ષિતસૂરિ મ.ની પૂર્વમાં અનુયોગ અપૃથક્ હતો. એટલે કે સૂત્રે સૂત્રે ચારે અનુયોગની વ્યાખ્યા થતી હતી. અર્થાત્ દરેક સૂત્રની ચાર અલગ અલગ વ્યાખ્યા એ રીતે થતી કે જેથી એક-એક વ્યાખ્યા દ્વારા એક-એક અનુયોગસંબંધી અર્થ મળે. પણ તેઓ પછી અનુયોગ પૃથક્ થઈ ગયો. એટલે કે સૂત્રના શબ્દોના પ્રચલિત અર્થ પરથી સીધો જે અર્થ મળે એ રીતે વ્યાખ્યા કરવા દ્વારા ચરણકરણાનુયોગ વગેરે ચારમાંથી જે અનુયોગ મળે એ જ રીતે વ્યાખ્યા કરાય છે. ચારેય અનુયોગ મળે એ રીતે જુદી-જુદી ચાર વ્યાખ્યા કરાતી નથી. એ જ રીતે **શ્રીઆર્યરક્ષિતસૂરિ** પહેલાં દરેક સૂત્રે બધા નયોનો વિસ્તારપૂર્વક સમવતાર થતો હતો. પણ એમના પછી ભજના = વિકલ્પ છે. એટલે કે નયો વડે અવશ્ય વ્યાખ્યા કરવી એવો નિયમ નથી, કારણ કે વ્યાખ્યા કરનાર આચાર્ય અને સાંભળનાર શિષ્ય તીક્ષ્ણપ્રજ્ઞાવાળા હોતા નથી. તેમ છતાં, શિષ્યની બુદ્ધિ પરિકર્મિત થાય એ માટે સ્થૂલ વ્યવહાર માન્ય અર્થના પ્રતિપાદક પ્રથમ ત્રણ નૈગમ-સંગ્રહ-વ્યવહારનયથી વ્યાખ્યા કરાય પણ છે. કારણ કે કહ્યું છે કે-*"જિનમતમાં કોઈ સૂત્ર કે કોઈ અર્થ નયરહિત નથી. નયવિશારદ ગુરુએ યોગ્ય શ્રોતાને પામીને નયો પણ કહેવા જોઈએ. (વિ.આ.ભા. ૨૩૭૭)"* એટલે આવો અર્થ મળે છે-શિષ્યો અતિમંદબુદ્ધિ હોય તો એકપણ નય કહેવા

शिष्याणामतिमतिमान्द्ये नैकमपि नयं भाषेत, ईषन्मतिमान्द्ये नयद्वयेन शिष्यमतिपरिकर्मणां कुर्याद्, विमलमतिं श्रोतारं पुनरासाद्य नयविशारदः सूरिः समनुज्ञातमाद्यनयत्रयं ब्रूयात्, विमलतरमतिं शिष्यं तु शेषानपि नयान् ब्रूयादिति ।

यद्वाऽपृथक्त्वेऽनुयोगानां बहूनां शिष्याणां परिणामकत्वादासीत् सर्वनयव्युत्पादनम् । अधुना तु बहूनामपरिणामातिपरिणामजनकतया निखिलपर्षदनुपकारित्वेन न सूक्ष्मनयोपन्यासः क्रियते । तथापि कञ्चित्तु परिणामकं विशदमतिं शिष्यमासाद्य स क्रियतेऽपि । तदर्थं च पूर्वमाद्यैस्त्रिभिर्नयैर्मतिव्युत्पादना कार्या । कृतायां च तस्यां शेषैरपि सूक्ष्मार्थैर्नयैः सा कार्या। ततश्च के नयाः ? किञ्च तत्सामान्यलक्षणम् ? किञ्च तत्तन्नयविशेषलक्षणमित्यादि निरूपयितुकामो ग्रन्थकारो **नयविंशिका**ख्यस्य ग्रन्थस्यैतस्यादिमां मङ्गलादिप्रतिपादिकां गाथामाह नयार्थदेशिनमित्यादि -

**नयार्थदेशिनं वीरं प्रणम्य स्वगुरूंस्तथा ।**
**स्मृत्वा वागीश्वरीं देवीं प्रवक्ष्ये नयविंशिकाम् ॥१॥**

---

નહીં, સામાન્ય મંદબુદ્ધિ હોય તો બે નય દ્વારા શિષ્યોની બુદ્ધિ વિકસાવવી. નિર્મળબુદ્ધિ શિષ્યને નયવિશારદ સૂરિએ જે આદ્ય ત્રણ નયોની અનુજ્ઞા છે એ ત્રણ નયો કહેવા અને શિષ્ય જો નિર્મળતરબુદ્ધિ હોય તો એને શેષ નયો પણ કહેવા.

અથવા, અનુયોગ જ્યારે અપૃથક્ હતો ત્યારે મોટાભાગના શિષ્યો પરિણામક હતા, એટલે કે નયનિરૂપણને યોગ્ય રીતે પરિણમાવનારા હતા. માટે બધા નયો કહેવાતા હતા. પણ હાલ તો ઘણા શિષ્યોને અપરિણામ કે અતિપરિણામ થવાની સંભાવના હોવાથી આખી સભાને ઉપકારી ન રહેવાથી સૂક્ષ્મ નયોની વાત કરાતી નથી. છતાં પણ, કોઈક પરિણામક-નિર્મળતરબુદ્ધિ શિષ્ય મળી જાય તો નયનિરૂપણ કરાય પણ છે. એમાં પણ પહેલાં પ્રથમ ત્રણ નયના નિરૂપણ દ્વારા એની બુદ્ધિને વ્યુત્પન્ન કરવી અને બુદ્ધિ એટલી વ્યુત્પન્ન થાય એટલે સૂક્ષ્મ અર્થવાળા શેષ નયો દ્વારા પણ શિષ્યબુદ્ધિને વિકસાવવી.

આ બુદ્ધિવિકાસ માટે 'કયા નયો છે ?' 'નયોનું સામાન્ય લક્ષણ શું છે ?' તે તે નયોનું વિશેષ લક્ષણ શું છે ? વગેરે નિરૂપણ કરવાની ઇચ્છાવાળા ગ્રન્થકાર **'નયવિંશિકા'** નામના ગ્રન્થની મંગળ વગેરેની પ્રતિપાદક પ્રથમ ગાથા કહે છે-

**ગાથાર્થ**-નયના અર્થોના દેશક એવા **શ્રીવીરપ્રભુને** તથા સ્વગુરુઓને પ્રણામ કરીને અને વાગીશ્વરી (=સરસ્વતીદેવી)ને યાદ કરીને હું નયવિંશિકા કહીશ.

सुगमार्था । नवरं 'नयार्थदेशिनं' इत्यनेन विशेषणेन प्रभोर्वचनातिशयः कथितः । यथार्थवचनस्य ज्ञानेन विनाऽसम्भवितया तेनैव ज्ञानातिशयोऽपि सूचितः । 'विशेषेणेरयति कम्पयति सर्वापायमूलं कर्मेति वीरः' इति व्युत्पत्त्याऽपायापगमातिशय उक्तः । 'तपआदि पराक्रमलक्षणेन वीर्येण राजत इति वीरः' इति व्युत्पत्त्या च पूजातिशयो ज्ञापितः, निकृष्टतपसो देवपूज्यत्वात् । एवञ्च प्रभोश्चत्वारोऽप्यतिशयाः प्रोक्ताः । तत्र च पूजातिशयं दृष्ट्वा बालानां, सर्वापायमूलं कर्म यया कम्प्यते तामतिघोरां साधनां दृष्ट्वा मध्यमानां, यथार्थवादित्वं च ज्ञात्वा पण्डितानां प्रभौ परमाप्तत्वनिर्णयो भवति । ज्ञानातिशयस्य यथार्थवचनानुमेयतया यथार्थवचन एव चरितार्थतया च न स्वतन्त्रं तन्निर्णायकत्वम् । अत एव कलिकालसर्वज्ञैः श्रीमद्भि**र्हेमचन्द्राचार्यैरन्ययोगव्यवच्छेद**द्वात्रिंशिकायां-*अयं जनो नाथ! तव स्तवाय गुणान्तरेभ्यः स्पृहयालुरेव। विगाहतां किन्तु यथार्थवादमेकं परीक्षाविधिदुर्विदग्धः॥२॥* इत्युक्तम्।

---

**વિવેચન**-ગાથાનો અર્થ સુગમ છે. અહીં પ્રભુના 'નયાર્થદેશી' એવા વિશેષણ દ્વારા ભગવાનના વચનાતિશયને જણાવ્યો છે. વળી યથાર્થવચન જ્ઞાન વિના સંભવિત નથી. એટલે આ જ વિશેષણ દ્વારા જ્ઞાનાતિશય પણ સૂચિત કરેલો જાણવો. વળી 'વીર' એવા શબ્દની 'સર્વ અપાયના મૂળભૂત કર્મને વિશેષ પ્રકારે કંપાવી નાખે તે વીર' આવી વ્યુત્પત્તિ લઈએ તો અપાયાપગમાતિશય કહેવાયેલો છે અને 'તપ વગેરે પરાક્રમરૂપ વીર્યથી શોભે તે વીર' આવી વ્યુત્પત્તિ લઈએ તો પૂજાતિશય જણાય છે, કારણ કે વિકૃષ્ટ તપસ્વીને દેવો પણ પૂજે છે. આમ પ્રભુના ચારે અતિશયો અહીં જણાવેલા છે. આ ચારમાંથી પૂજાતિશયને જોઈને બાળજીવો 'પ્રભુ પરમઆપ્ત પુરુષ છે' એવો નિર્ણય કરે છે. સર્વ અપાયના મૂળભૂત કર્મોને કંપાવી નાખનાર ઘોર સાધના જોઈને મધ્યમ જીવો એવો નિર્ણય કરે છે અને યથાર્થવાદિતા જોઈને પંડિતજીવોને એવો નિર્ણય થાય છે. પ્રભુનો જ્ઞાનાતિશય યથાર્થવચન પરથી જ છદ્મસ્થને અનુમાન દ્વારા જણાય છે. વળી એ યથાર્થવચનનું સંપાદન કરીને (છદ્મસ્થ-ઉપકાર્ય જીવોની અપેક્ષાએ) ચરિતાર્થ થઈ જાય છે. માટે એના પરથી સ્વતંત્ર રીતે પ્રભુના પરમઆપ્તત્વનો નિર્ણય થઈ શકતો નથી. એટલે જ કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યે **અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકામાં** કહ્યું છે કે - *હે નાથ ! તારો આ સેવક તારા અન્ય ગુણો દ્વારા તારી સ્તવના કરવાને ઇચ્છુક છે જ, છતાં યથાર્થ આપ્તપુરુષ કોણ છે અને કોણ નથી ? એની પરીક્ષા કરવામાં દુર્વિદગ્ધ એવો એ એકમાત્ર યથાર્થવાદ નામના ગુણને જ ચકાસો...* (એનાથી જ તારું પરમ આપ્તત્વ નિશ્ચિત થઈ જાય એમ છે.)

अत्र देव-गुरुनमस्कारेण ग्रन्थादौ मङ्गलं कृतम् । 'स्वगुरून्' इत्यत्र बहुवचनेन स्वगुरुश्रीविजयजयशेखर-धर्मजित्-भुवनभानुसूर्यादिरूपायाः श्रीसुधर्मस्वामिपर्यन्तायाः कृत्स्नायाः परम्परायाः नमस्कार्यत्वमत एव च श्रद्धेयत्वं कथितम् । ततश्चास्य ग्रन्थस्याऽनेन गुरुपर्वक्रम-सम्बन्धेन सर्वज्ञमूलकत्वख्यापनद्वारा प्रेक्षावत्प्रवृत्त्यर्थं प्रामाण्यं ख्यापितम्। '**नयविंशिका**'इत्यनेन ग्रन्थनाम्नोपायोपेयभावसम्बन्धो नयजिज्ञासोरधिकारित्वं नयविषयकबोधप्रदान-आदानलक्षणे स्वस्य श्रोतुश्चानन्तरप्रयोजने च सूचिते ज्ञेये । परंपरप्रयोजनं चोभयोर्निःश्रेयसावाप्तिरिति प्रसिद्धमेव ॥१॥ ग्रन्थविषयीभूतस्य नयस्य सामान्यलक्षणमाह-

**ग्राहकोऽधिकृतांशस्येतरांशस्यानिषेधकः ।**

**अवसायविशेषो हि नयः, स सप्तधा मतः ॥२॥**

अधिकृतांशस्य ग्राहक इतरांशस्यानिषेधकोऽवसायविशेषो हि नय उच्यते, स च

---

આ શ્લોકમાં દેવ-ગુરુને નમસ્કાર કરવા દ્વારા ગ્રન્થારંભે મંગળ કર્યું છે. 'સ્વગુરૂન્' આવા બહુવચનાન્તનિર્દેશ દ્વારા પોતાના ગુરુવર્યોની સ્વ. આ. શ્રીવિજયજયશેખરસૂરિ મહારાજ, વિજયધર્મજિત્સૂરિ મહારાજ, વિજયભુવનભાનુસૂરિ મહારાજ વગેરે શ્રીસુધર્માસ્વામી સુધીની પરંપરાને નમસ્કાર્ય જણાવી છે ને એના દ્વારા શ્રદ્ધેય જણાવી છે. એટલે આ ગ્રન્થ આ ગુરુપર્વક્રમસમ્બન્ધ દ્વારા ઠેઠ સર્વજ્ઞપ્રભુ શ્રીમહાવીરપરમાત્મા સુધી સંબંધ ધરાવે છે. આમ 'આ ગ્રન્થ સર્વજ્ઞમૂલક છે' એવું જણાવવા દ્વારા પ્રજ્ઞાશીલ જિજ્ઞાસુઓને વિજ્ઞાપન કર્યું કે આ ગ્રન્થ પ્રમાણભૂત છે, માટે તમે એના અધ્યયન-અધ્યાપનમાં પ્રવૃત્ત થાઓ. વળી 'નયવિંશિકા' એવું ગ્રન્થનામ જે જણાવ્યું છે એના દ્વારા (૧) ઉપાય-ઉપેયભાવ સમ્બન્ધ (૨) નયના જિજ્ઞાસુ આ ગ્રન્થના અધ્યયનના અધિકારી છે તે, તથા (૩) નયવિષયકબોધનું પ્રદાન એ પોતાનું અને એનું આદાન(= ગ્રહણ) એ શ્રોતાનું અનન્તર પ્રયોજન છે તે... આ ત્રણનું સૂચન કર્યું છે એ જાણવું. પરંપર પ્રયોજન તો બન્નેનું મોક્ષપ્રાપ્તિ છે એ વાત પ્રસિદ્ધ છે જ. ॥૧॥ ગ્રન્થના વિષયભૂત નયનું સામાન્ય લક્ષણ જણાવે છે -

**ગાથાર્થ**-વસ્તુના અધિકૃત અંશનો જે ગ્રાહક હોય અને ઇતરાંશનો જે નિષેધ ન કરનાર હોય એવો એક ચોક્કસ પ્રકારનો અધ્યવસાય એ નય છે. એ નય સાત પ્રકારે કહેવાયેલ છે. (અહીં અન્વય પણ આ જ પ્રકારે છે.)

**ટીકાર્થ-નયરહસ્યગ્રન્થમાં** નયનું આ લક્ષણ કહેલ છે કે-પ્રકૃત વસ્ત્વંશનો ગ્રાહક

सप्तधा मत इत्यन्वयोऽत्र ज्ञेयः ।

तदुक्तं **नयरहस्ये**- '*प्रकृतवस्त्वंशग्राही तदितरांशाप्रतिक्षेपी अध्यवसायविशेषो नयः*' इति । अत्र प्रकृतत्वमंशस्य विशेषणं, न तु वस्तुनः, तत्र तस्यानतिप्रयोजनात् । तथा च 'वस्तुनः प्रकृतांशग्राही तदितरांशाप्रतिक्षेपी अध्यवसायविशेषो नयः' इति लक्षणं फलितम् । न'न्ववध्यवसीयते = आधिक्येन परिच्छिद्यतेऽर्थोऽनेन स अध्यवसायः' इति 'अध्यवसाय'-पदव्युत्पत्तिः । तत्र चानेकधर्मात्मकस्य वस्तुनोऽनेकधर्मप्रकारकतया बोधस्याधिक्येन परिच्छेद-रूपतया प्रस्तुतलक्षणस्यासम्भव एव, सर्वस्यापि नयस्यैकधर्मप्रकारकत्वनियमादिति **चेत्** ? न, अधिकृतैकधर्मप्रकारकस्यासन्दिग्धस्य सावधारणस्य परिच्छेदस्य तादृक्परिच्छेदत्वेनाभिप्रेत-त्वात् । अत्र 'प्रकृतांशग्राही' इति विशेषणानुपादाने दुर्नयेऽतिव्याप्तिः, तदा 'तदितरांश'इत्यनेना-

---

અને તદિતરાંશનો અપ્રતિક્ષેપી (= અનિષેધક) એવો ચોક્કસ પ્રકારનો અધ્યવસાય એ નય છે. આમાં 'પ્રકૃત' એ અંશનું વિશેષણ છે, વસ્તુનું નહીં. કારણ કે વસ્તુના વિશેષણ તરીકે એનું કોઈ વિશેષ પ્રયોજન નથી.(એટલે કે વાત પ્રસ્તુત વસ્તુની જ હોય છે, એમાં 'પ્રસ્તુત' એવો શબ્દ ન બોલો તો પણ કોઈ ગરબડ થવાની સંભાવના હોતી નથી. માટે પ્રકૃત=પ્રસ્તુત... એ વ્યર્થ બની રહે.) એટલે, 'વસ્તુના પ્રસ્તુત અંશનો જે જ્ઞાપક હોય, અને તદ્‌ભિન્ન અંશનો જે અપલાપ કરનાર ન હોય એવો ચોક્કસ પ્રકારનો બોધાત્મક અધ્યવસાય એ નય છે' આવું નયનું લક્ષણ ફલિત થયું.

**શંકા**-નયના લક્ષણમાં 'અધ્યવસાય' શબ્દ રહેલો છે. એ શબ્દની વ્યુત્પત્તિ આવી છે કે-'પદાર્થ અધિકપણે જેનાથી નિશ્ચિત થાય તે અધ્યવસાય.' એટલે અનેકધર્માત્મક વસ્તુનો અનેકધર્મને આગળ કરીને જે બોધ થાય તે જ અધિકપણે નિશ્ચયરૂપ હોવાથી 'અધ્યવસાય' છે. એટલે પ્રસ્તુત લક્ષણ તો અસંભવિત જ બની જશે, કારણ કે કોઈપણ નય (= નયાત્મક બોધ) એક ધર્મને આગળ કરીને જ થતો હોય છે.

**સમાધાન**-આવી શંકા બરાબર નથી. કારણ કે અનેકધર્મરૂપ બોધ એ અધિકબોધ... આવો અર્થ અહીં અભિપ્રેત નથી, પણ અધિકૃત એક ધર્મરૂપે જે અસંદિગ્ધ સાવધારણ (= જકારવાળો) બોધ એ અધિકબોધ એવો અર્થ અભિપ્રેત છે, જે નયમાં અસંભવિત નથી.

**નયલક્ષણનું પદકૃત્ય :**

પ્રકૃતાંશગ્રાહી-આવું વિશેષણ જો ન લઈએ તો દુર્નયમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે હવે 'તદ્'થી કોઈનો પરામર્શ ન થવાથી તદિતરાંશ=પ્રકૃતાંશ પણ લઈ શકાશે

धिकृतांशस्यापि ग्रहणसम्भवात्, तदप्रतिक्षेपित्वस्य दुर्नयेऽपि सत्त्वात्, न हि दुर्नयोऽपि स्वाभिप्रेतमंशं प्रतिक्षिपतीति । तदुपादाने तु 'तदितरांश'इत्यनेन प्रकृतांशभिन्नविरुद्धांशस्यैव ग्रहणसम्भवेनातिव्याप्त्यभावात्, दुर्नये तदप्रतिक्षेपित्वस्याऽसत्त्वात्, न हि कश्चिदपि दुर्नयः स्वानभिप्रेतमंशं न प्रतिक्षिपतीति ।

तदितरांशाप्रतिक्षेपीत्यस्यानुपादानेऽपि तत्रैवातिव्याप्तिः, प्रकृतांशग्राहित्वस्य दुर्नयेऽपि सत्त्वात्, सर्वोऽपि नयः स्वाभिप्रेतमंशं तु गृह्णात्येवेति । सप्तभङ्गात्मकशब्दप्रमाणप्रदीर्घसन्तताध्यवसायैकदेशेऽतिव्याप्तिवारणायाध्यवसायपदम्, तस्याध्यवसायैकदेशत्वेनाध्यवसायत्वाभावान्नातिव्याप्तिः । रूपादिग्राहिणि रसाद्यप्रतिक्षेपिण्यपायादिप्रत्यक्षप्रमाणेऽतिव्याप्तिवारणाय 'विशेष'इति पदम्, तस्याध्यवसायत्वेऽपि न विवक्षितमध्यवसायविशेषत्वमतो नातिव्याप्तिः ।

---

અને દુર્નય પણ પોતે જે અંશનું ગ્રહણ કરનાર હોય તે અધિકૃતઅંશનો તો અપ્રતિક્ષેપી હોય જ છે. એટલે હવે મળનાર 'અધિકૃતઅંશનો ગ્રાહક અને એ જ અંશનો અપ્રતિક્ષેપી એવો અધ્યવસાય એ નય' એવું લક્ષણ દુર્નયમાં પણ જશે જ, અને તેથી અતિવ્યાપ્તિદોષ આવશે જ. પણ આ વિશેષણ જો લગાડવામાં આવે તો પછી તદ્=એ પ્રકૃતાંશ જ લેવાવાથી તદિતરાંશ તરીકે પ્રકૃતઅંશથી ભિન્ન એવો પ્રકૃતઅંશનો વિરુદ્ધ અંશ જ પકડાશે... દુર્નય તો એનો પ્રતિક્ષેપી હોય છે, અપ્રતિક્ષેપી નહીં... માટે અતિવ્યાપ્તિ થશે નહીં.

તદિતરાંશઅપ્રતિક્ષેપી - આવું વિશેષણ ન લેવામાં પણ દુર્નયમાં જ અતિવ્યાપ્તિ થાય છે. કારણ કે હવે 'પ્રકૃતાંશગ્રાહી અધ્યવસાયવિશેષ એ નય' એટલું જ લક્ષણ બાકી રહેશે... દુર્નય પણ સ્વાભિપ્રેત અંશનો તો ગ્રાહક હોય છે જ. આ વિશેષણ લગાડવાથી દુર્નયમાં અતિવ્યાપ્તિ નહીં થાય, કારણ કે દુર્નય તો તદિતરાંશનો પ્રતિક્ષેપી હોય છે.

અધ્યવસાય-સપ્તભંગાત્મક શબ્દપ્રમાણનો જે પ્રદીર્ઘ સતત અધ્યવસાય, તેના એકદેશભૂત એક એક ભંગમાં થતી અતિવ્યાપ્તિના વારણ માટે નયના લક્ષણમાં 'અધ્યવસાય'પદ છે. આ પદ લક્ષણમાં રાખવાથી અતિવ્યાપ્તિનું વારણ એટલા માટે થાય છે કે એક-એક ભંગ એ અધ્યવસાયએકદેશરૂપ છે, પણ 'અધ્યવસાય'રૂપ નથી.

'વિશેષ'પદ - રૂપાદિનો ગ્રાહક અને રસાદિનો અપ્રતિક્ષેપી એવો જે અપાયાદિરૂપ પ્રત્યક્ષપ્રમાણાત્મક અધ્યવસાય, તેમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'વિશેષ' પદ છે. આ 'અપાય' અધ્યવસાય છે, પણ નય તરીકે અભિપ્રેત જે ચોક્કસ અધ્યવસાય છે, તદ્રૂપ એ નથી, માટે અતિવ્યાપ્તિ રહેતી નથી.

**नन्व**नन्तधर्मात्मकस्य वस्तुन एकांशग्राहिणो बोधस्य नयत्वानपायादेतस्य रूपादिग्राहिणो रसाद्यप्रतिक्षेपिणोऽपायस्यापि नयत्वमक्षतमेव । ततश्च तस्यापि लक्ष्यतया का तत्रातिव्याप्तिरिति **चेत् ? न,** एकांशग्राहिणः सर्वस्य बोधस्य नयत्वमेवेति नियमाभावात् । ननु कस्तर्हि तत्र नियमः ? 'मिथः प्रतिपन्थिनो येंऽशास्तेभ्य एकस्यांशस्य ग्राहको यो बोधः स नयः' इति गृहाण । **ननु** ग्रन्थेषु सामान्यतयैवांशानामुल्लेखो दृश्यते, न तु मिथः प्रतिपन्थित्वेन विशेषरूपेण, तथाहि –

*एगेण वत्थुणोऽणेगधम्मुणो जमवधारणेणेव । नयणं धम्मेण तओ होइ नओ सत्तहा सो य ॥२१८०॥* त्ति **विशेषावश्यकभाष्ये** । **तद्वृत्ताव**पि-*अनेकधर्मणः = अनन्तधर्मात्मकस्य वस्तुनो यदेकेन नित्यत्वादिनाऽनित्यत्वादिना वा धर्मेणावधारणेनैव = सावधारणं नयनं = प्ररूपणं तर्कः = असौ नयो भवति । अनंतधर्मात्मकं वस्त्वेकांशेनैव नयति = प्ररूपयतीति नयः ।* इत्याद्युक्तमिति **चेत् ? सत्यं,** तथापि व्याख्यानतो विशषप्रतिपत्तिरिति न्यायेन मिथः प्रतिपन्थिनोंऽशा एव तत्र ग्राह्याः, अन्यथा केवलज्ञानादृते नैकस्यापि ज्ञानस्य प्रामाण्यं

---

**શંકા** - અનંતધર્માત્મક વસ્તુના એકાંશનો ગ્રાહક જે બોધ હોય તે નયરૂપ જ હોય છે. એટલે તમેં જણાવેલ રૂપાદિગ્રાહક-રસાદિઅપ્રતિક્ષેપી એવો અપાય એ પણ 'નય'રૂપ હોવાથી 'લક્ષ્ય'ભૂત જ છે. પછી એમાં અતિવ્યાપ્તિ શી ?

**સમાધાન** - તમારી શંકા યોગ્ય નથી, કારણ કે 'એકાંશનો ગ્રાહક જે કોઈ હોય તે બધો બોધ નયરૂપ જ હોય' એવો નિયમ નથી.

**પ્રશ્ન** - તો પછી નિયમ શું છે ?

**ઉત્તર** - 'વસ્તુના, પરસ્પર પ્રતિપન્થી = વિરોધી જે અંશો હોય તે અંશોમાંથી એક અંશનો ગ્રાહક જે બોધ તે નય' આવો નિયમ જાણવો.

**શંકા** - ગ્રન્થોમાં તો ખાલી અંશનો જ ઉલ્લેખ જોવા મળે છે, 'પરસ્પર પ્રતિપન્થી અંશો' એમ વિશેષરૂપે ઉલ્લેખ કાંઈ જોવા મળતો નથી. જેમકે **વિશેષાવશ્યકભાષ્યમાં** કહ્યું છે કે - *"અનેકધર્માત્મક વસ્તુનો જે એક ધર્મથી સાવધારણ બોધ તે નય છે, અને એ નય સાત પ્રકારે છે"* એની **વૃત્તિમાં** પણ કહ્યું છે કે - *'અનંતધર્માત્મક વસ્તુનો જે એક નિત્યત્વાદિ કે અનિત્યત્વાદિ ધર્મથી સાવધારણ નિરૂપણ એ નય છે. અનંત ધર્માત્મક વસ્તુને એક અંશથી જ જે નિરૂપે છે તે નય છે.'*

**સમાધાન** - તમારી વાત સાચી છે. ઉલ્લેખ તો સામાન્યથી અંશનો જ જોવા મળે છે. છતાં *વ્યાખ્યાનતો વિશેષ પ્રતિપત્તિ:...* (વ્યાખ્યા કરવાથી વિશેષ અર્થ પ્રાપ્ત થાય

स्यात्, अनंतधर्मात्मकवस्तुनः सर्वेषामनन्तानामंशानां मत्यादिना केनापि छाद्मस्थिकेन ज्ञानेन ग्रहणासम्भवात्, परमावधेरप्युत्कृष्टतोऽप्यसर्वपर्यायविषयत्वात् । **न चेष्टापत्तिरिति वक्तव्यम्,** *तत्प्रमाणे ॥१-१०॥* इति **तत्त्वार्थाधिगमगतेन** सूत्रेण तेषां प्रमाणताया: ख्यापितत्वात् । अत एव **भाष्यवृत्तिकारै**रपि *नित्यत्वादिनाऽनित्यत्वादिना वा धर्मेणे*त्याद्येव व्याख्यातं, न तु रूपादिना रसादिना वा धर्मेणेत्यादीति। अत एव च '*नया: प्रापका: (कारका:), साधका:...*' इत्यादि **तत्त्वार्थभाष्य**वचनव्याख्यानावसरे श्रीमद्भिर्**यशोविजय**वाचकैर्**नयरहस्ये** '*अत्र प्रापकत्वं' प्रमाणप्रतिपन्न**प्रतियोगि-प्रतियोगिमद्**भावापन्ननानाधर्मैकतरमात्रप्रकारकत्वम्*' इति व्याख्यातं, न तु 'प्रमाणप्रतिपन्ननानाधर्मैकतरमात्रप्रकारकत्वम्' इति । एतच्चान्येष्वपि नैकेषु ग्रन्थाधिकारेषु सूचितं श्रूयत एव ।

---

છે) એવા ન્યાય મુજબ પરસ્પર પ્રતિપન્થી અંશો જ અહીં લેવાના છે એ જણાય છે. નહીંતર કેવલજ્ઞાન સિવાય કોઈ જ જ્ઞાન 'પ્રમાણ' રૂપ બની નહીં શકે, કારણ કે અનંતધર્માત્મક વસ્તુના બધા અંશોનું ગ્રહણ મતિજ્ઞાન વગેરે ચાર જ્ઞાનમાંના કોઈપણ છાદ્મસ્થિક જ્ઞાનથી થઈ શકતું નથી. પરમાવધિજ્ઞાન પણ ઉત્કૃષ્ટથી પણ સર્વપર્યાયવિષયક હોતું નથી.

'આ આપત્તિ અમને ઇષ્ટ જ છે' એમ ન કહેવું, કારણ કે **શ્રી તત્ત્વાર્થાધિગમસૂત્ર**માં *તત્પ્રમાણે* ॥૧-૧૦॥ એવા સૂત્ર દ્વારા છાદ્મસ્થિક જ્ઞાનોને પણ પ્રમાણ તરીકે જણાવેલા છે.

વળી, અહીં પરસ્પર પ્રતિપન્થી ધર્મો અભિપ્રેત છે એવો આશય હોવાથી જ વિશેષાવશ્યકભાષ્યના **વૃત્તિકારે** પણ 'નિત્યત્વાદિ કે અનિત્યત્વાદિ ધર્મથી...' એમ પરસ્પર પ્રતિપન્થીધર્મના ઉલ્લેખપૂર્વક વ્યાખ્યા કરી છે, પણ 'રૂપાદિ કે રસાદિ ધર્મથી...' એવી વ્યાખ્યા કરી નથી.

વળી, એટલે જ **તત્ત્વાર્થભાષ્ય**ના *'નયા: પ્રાપકા: (કારકા:), સાધકા:...'* વગેરે વચનની વ્યાખ્યા કરવાના અવસરે **નયરહસ્ય**માં શ્રીમદ્ **યશોવિજયજી** વાચકે આ પ્રમાણે વ્યાખ્યા કરી છે કે - *અહીં પ્રાપક એટલે પ્રમાણથી જેનો બોધ થયેલો છે એવા પ્રતિયોગિ-પ્રતિયોગિમાન્ આવા ભાવને પામેલા જે વિવિધ ધર્મો, તેમાંના કોઈ એક ધર્મને પ્રકાર તરીકે રાખીને થતું જ્ઞાન.* પણ માત્ર આવી જ વ્યાખ્યા નથી કરી કે *"પ્રમાણથી જણાયેલા વિવિધ ધર્મોમાંના કોઈપણ એક ધર્મને પ્રકાર તરીકે રાખીને થતું જ્ઞાન..."* આમાં પ્રતિયોગિ-પ્રતિયોગિમાન્ ધર્મો આવું જે જણાવેલું છે એનાથી નિત્યત્વ-અનિત્યત્વ એકત્વ-અનેકત્વ... વગેરે રૂપ પરસ્પર પ્રતિપન્થી ધર્મો જ લેવાના છે એ

**ननु** के धर्मा नयग्राह्याः ? मिथो-विरुद्धा अविरुद्धा वा ? आद्ये छायाऽऽतपयोरिव सामानाधिकरण्यासम्भवान्नैकस्य वस्तुनः तत्सर्वधर्ममयत्वसम्भवः । चरमे रूपरसादीनामेव नयग्राह्यतया रूपादिग्राहिणोऽपायादेर्नयत्वमापतत्येवेति **चेत् ? न**, अन्ये दर्शनकारा नित्यानित्यत्वादेर्मिथो विरोधं यन्मन्यन्ते कथयन्ति च तदभ्युपगम्यैवात्र मिथः प्रतिपन्थित्वेन तेषां कथनं, वस्तुतस्तु तेषामविरोध एव । **ननु** तर्हि मिथोऽविरुद्धानामेव धर्माणां नयग्राह्यतासिद्ध्या रूपादिग्राहिणोऽपायादेर्नयत्वं वज्रलेपायितमेवेति **चेत् ? न**, मिथोऽविरोधेऽपि यत्र प्रतियोगि-प्रतियोगिमद्भावस्तेषामेव धर्माणां नयग्राह्यत्वेनाभिप्रेतत्वान्न तदपायादेर्नयत्वापत्तिः, रूप-रसादेर्मिथो प्रतियोगि-प्रतियोगिमद्भावाभावात् । **नन्वपूर्वेयं** भवतां जैनानां कल्पना यत्प्रतियोगि-प्रतियोगिमद्भावेऽपि विरोधाभावः, न हि घट-घटाभावयोरविरोधं मन्यमानः

---

જણાય છે. કારણ કે એવા ધર્મો વચ્ચે જ પ્રતિયોગિ-પ્રતિયોગિમદ્ભાવ હોય છે. અન્ય પણ અનેક ગ્રન્થાધિકારોમાં આવું સૂચન મળે જ છે.

**શંકા** - કયા ધર્મો નયગ્રાહ્ય છે ? પરસ્પર વિરુદ્ધ કે અવિરુદ્ધ ? પ્રથમ વિકલ્પમાં તડકો અને છાયાની જેમ એ સાથે રહી જ ન શકે. તેથી કોઈ એક વસ્તુ આવા બધા ધર્મમય હોય એ વાત જ અસંભવિત બની જશે. હવે જો એમ કહેશો કે પરસ્પર અવિરુદ્ધ ધર્મો નયગ્રાહ્ય છે, તો રૂપ-રસ વગેરે જ નયગ્રાહ્ય બનવાથી રૂપાદિવિષયક અપાય વગેરે 'નયરૂપ' બની જ જશે.

**સમાધાન** - અન્ય દર્શનકારો નિત્યત્વ-અનિત્યત્વ વગેરેનો જે પરસ્પર વિરોધ માને છે ને કહે છે, તેને નજરમાં લઈને જ અહીં પ્રતિપન્થિત્વ (પરસ્પર વિરોધ) કહેલ છે તે જાણવું. વાસ્તવિક રીતે વિચારીએ તો આ ધર્મો વચ્ચે વિરોધ છે જ નહીં. એટલે તમે દર્શાવેલા બે વિકલ્પોમાંથી પ્રથમ વિકલ્પ જ માન્ય હોવા છતાં એવી વસ્તુ અસંભવિત બની જવાની કોઈ આપત્તિ આવતી નથી.

**શંકા** - આ રીતે તો પરસ્પર અવિરુદ્ધ એવા રૂપાદિ ધર્મો નયગ્રાહ્યરૂપે સિદ્ધ થવાથી રૂપાદિગ્રાહી અપાયાદિ નય બની જવાની આપત્તિ વજ્રલેપ બની જશે.

**સમાધાન** - પરસ્પર અવિરોધ હોવા છતાં જેઓનો પ્રતિયોગિ-પ્રતિયોગિમદ્ભાવ હોય એવા જ ધર્મો નયગ્રાહ્ય તરીકે અભિપ્રેત હોવાથી એ આપત્તિ ઊભી રહી શકતી નથી, કારણ કે રૂપ-રસાદિ વચ્ચે પ્રતિયોગિ-પ્રતિયોગિમદ્ભાવ છે નહીં.

**શંકા** - આ તો તમારી જૈનોની અપૂર્વ કલ્પના છે કે ધર્મો વચ્ચે પ્રતિયોગિ-

कश्चिद् विपश्चिद् भवितुमर्हतीति **चेत् ?** तत्किं कपिसंयोग-कपिसंयोगाभावयोरविरोधं नैयायिकादयोऽपि मन्यन्त इति विपश्चिदग्रणीर्भवान्न जानाति ? शाखा-मूललक्षणापेक्ष्ययोर्भेदेन न तत्र विरोध इति समाधानं त्वत्रापि समानमेव, द्रव्यमपेक्ष्यैव नित्यत्वादेः पर्यायमपेक्ष्यैव चानित्यत्वादेरेकत्र वस्तुनि संमतत्वात् ।

इत्थञ्च नयलक्षणे प्रकृत-तदितरांशतया प्रतियोगि-प्रतियोगिमद्भावापन्नयोरेवांशयोर्ग्राह्यतया न रूपादिग्राहिणो रसाद्यप्रतिक्षेपिणोऽपायादेर्नयत्वापत्तिः । अत एवानित्यत्वादिधर्मं पुरस्कृत्य यथा बौद्धादिदर्शनप्रवृत्तिः, न तथा रूपादिधर्मं पुरस्कृत्य कस्यापि दर्शनस्य प्रवृत्तिः । घटं रूपवन्तमेव मन्यते किञ्चिद्दर्शनं, तदन्यत्तु तं रसवन्तमेव मन्यत इत्येवं न पृथक्पृथग् दर्शनानां प्रवृत्तिरित्यर्थः ।

---

પ્રતિયોગિમદ્ભાવ હોવા છતાં વિરોધ નથી. શું ઘટ-ઘટાભાવનો અવિરોધ માનનાર પંડિત હોય શકે ?

**સમાધાન** - કપિસંયોગ અને કપિસંયોગાભાવનો અવિરોધ નૈયાયિક વગેરે પણ માને છે એ પંડિતાગ્રણી તમે શું જાણતા નથી ?

**શંકા** - વૃક્ષમાં કપિસંયોગ શાખાની અપેક્ષાએ છે અને કપિસંયોગાભાવ મૂળની અપેક્ષાએ છે. આમ અપેક્ષ્ય જુદા જુદા હોવાથી એ બે વચ્ચે પ્રતિયોગિ-પ્રતિયોગિમદ્ભાવ હોવા છતાં વિરોધ નથી, ને તેથી બન્ને વૃક્ષમાં એકકાળે રહી પણ શકે છે.

**સમાધાન** - આ સમાધાન તો પ્રસ્તુતમાં પણ સમાન રીતે જ લાગુ પડે છે. વસ્તુમાં નિત્યત્વ દ્રવ્યની અપેક્ષાએ જ છે, અનિત્યત્વ પર્યાયની અપેક્ષાએ જ છે. આમ અપેક્ષ્ય જુદા જુદા હોવાથી એ બે વચ્ચે પ્રતિયોગિ-પ્રતિયોગિમદ્ભાવ હોવા છતાં વિરોધ નથી, ને તેથી એક વસ્તુમાં એક કાળે પણ એ બે ધર્મો રહે એ અસંભવિત નથી.

આમ, નયના લક્ષણમાં વસ્તુના પ્રકૃતાંશ અને તદિતરાંશ તરીકે પ્રતિયોગિ-પ્રતિયોગિમદ્ભાવાપન્ન અંશો જ લેવાના હોવાથી રૂપાદિના ગ્રાહક અને રસાદિના અપ્રતિક્ષેપી (= અનિષેધક) એવા અપાય વગેરે નય બની જવાની આપત્તિ નથી. વળી, એટલે જ (= પ્રતિયોગિ-પ્રતિયોગિમદ્ભાવાપન્ન અંશો જ અભિપ્રેત હોવાથી) અનિત્યત્વાદિ ધર્મોને જોનાર તરીકે જેમ બૌદ્ધાદિ દર્શનો પ્રવર્ત્યા છે એમ રૂપાદિધર્મને જોનાર તરીકે કોઈ સ્વતંત્ર દર્શનો પ્રવર્ત્યા નથી. અર્થાત્ 'ઘડો રૂપવાન જ છે' આવું માનનાર કોઈક દર્શન હોય ને 'ઘડો રસવાન જ છે' આવું માનનાર કોઈ અન્ય દર્શન હોય... આવું છે નહીં... એટલે કે આવા ધર્મોના ગ્રાહક તરીકે જુદા-જુદા દર્શનો પ્રવર્ત્યા હોય એવું

**नन्वेवं** तु नयलक्षणेऽध्यवसायविशेष इत्यत्र विशेषपदमनुपादेयमेव, तद्व्यवच्छेद्यस्य रूपादिग्राहिणोऽपायादेरलक्ष्यस्य प्रकृत-तदितरांशतया प्रतिपन्थिधर्मयोरेव ग्रहणेनैव व्यवच्छिन्नत्वादिति **चेत् ? सत्यं**, एवं सति विवक्षाविशेषे तदनुपादेयमेव, तदभाव एव तदुपादेयत्वस्याभिप्रेतत्वात् ।

**न च** तथापि 'रूपवान् घटः' 'रसवान् घटः' इत्यादीनां विविधवचनपथानां '*जावइया वयणपहा तावइया चेव हुंति णयवाया*'त्ति **सम्मतिवचनान्नयत्वं** मन्तव्यमेवेति तत्तद्वचनकारण-कार्यरूपाणां 'रूपवान् घटः' इत्याद्यपायादिलक्षणानां बोधानामपि नयत्वं मन्तव्यमेवेति **वाच्यं,** एकस्मिन् प्रस्तावे मिथः प्रतिपक्षितया प्रयुज्यमानानां वचनपथानामेव नयतया सम्मतत्वात्, यथा 'किं सामायिकम् ?' इति प्रस्तावे 'गुणवान् जीवः सामायिकम्' 'जीवस्य गुणः सामायिकम्' इत्यादीनां, अन्यथा सर्वत्वस्यैव कथनीयतया वचनपथेषूक्तस्य यावत्त्वस्यानुपपत्तेः।

---

બન્યું નથી.

**શંકા** - આ રીતે અર્થ લેવામાં તો નયના લક્ષણમાં 'અધ્યવસાયવિશેષ' એ રીતે કહેવામાં જે 'વિશેષ'પદ છે, તે બિનજરૂરી બની જશે, કારણ કે તેના દ્વારા જેનો વ્યવચ્છેદ કરવાનો છે તે રૂપાદિગ્રાહક અલક્ષ્યભૂત અપાયાદિનો, પ્રકૃતાંશ અને તદિતરાંશ તરીકે પરસ્પર પ્રતિપન્થી ધર્મોનું જ જે ગ્રહણ કર્યું છે તેનાથી જ વ્યવચ્છેદ થઈ જાય છે. તે પણ એટલા માટે કે રૂપ-રસાદિ ધર્મો કાંઈ પરસ્પર પ્રતિપન્થી નથી.

**સમાધાન** - તમારી વાત સાચી છે. આવી વિશેષ પ્રકારની વિવક્ષા રાખીએ ત્યારે 'વિશેષ'પદની જરૂર નથી જ. એવી વિવક્ષા ન હોય ત્યારે જ એ પદનું ગ્રહણ અભિપ્રેત છે.

**શંકા** - છતાં પણ 'રૂપવાન્ ઘટઃ' 'રસવાન્ ઘટઃ' વગેરે વિવિધ વચનપ્રયોગોને **શ્રીસમ્મતિતર્કપ્રકરણ**ના *'જેટલા વચનપથો(=વિવિધ પ્રકારના વનચપ્રયોગો) છે એટલા નયવાદ જાણવા'* એવા વચન મુજબ નયરૂપે માનવા જ પડશે. વળી તેથી તે તે વચનપ્રયોગના કારણરૂપ કે કાર્યરૂપ 'રૂપવાન્ ઘટઃ' વગેરે અપાયાદિ સ્વરૂપ બોધને પણ નયરૂપે માનવા જ પડશે.

**સમાધાન** - આવું ન કહેવું જોઈએ, કારણ કે એક પ્રસ્તાવમાં થતા પરસ્પર વિરુદ્ધ જેવા ભાસતા વિવિધ વચનપ્રયોગો જ નયરૂપે માન્ય છે. જેમકે સામાયિક શું છે ? એ પ્રસ્તાવમાં 'ગુણવાન્ જીવ સામાયિક છે', 'જીવનો ગુણ સામાયિક છે' વગેરે વચનપ્રયોગો. જો આમ ન માનીએ તો વચનપથોમાં કહેલ યાવત્ત્વ અનુપપન્ન થઈ જશે. કારણ કે આડા-અવળા અસંબદ્ધ વચનપથો તો પાર વિનાના છે... એમાં જેટલાપણું શું ?

किञ्च येनाभिप्रायेण 'रूपवान् घटः' इति वचनप्रयोगोऽपायादिर्वा भवति, न स इतरांशभूतान् रसादीन् प्रतिक्षिपतीति कुतस्तस्य नयत्वम् ? **नन्वपूर्वमिदं** वाक्चातुर्यं यदितरांशाप्रतिक्षेपित्वेन नयलक्षणे प्रविष्टेनैव नयत्वनिराकरणमितीति **चेत् ?** न, अभिप्रायापरिज्ञानात्, नय इतरांशं यन्न प्रतिक्षिपति तद्गौणतयैव, प्राधान्येन तु तं प्रतिक्षिपत्येव, ग्रन्थेषु द्रव्यार्थिकेन कृतस्य पर्यायप्रतिक्षेपस्य, पर्यायार्थिकेन च कृतस्य द्रव्यप्रतिक्षेपस्य भूयो दर्शनात् । तदुक्तं **नयरहस्ये**- *तत्र द्रव्यमात्रग्राही नयो द्रव्यार्थिकः। अयं हि द्रव्यमेव तात्त्विकमभ्युपैति, उत्पाद-विनाशौ पुनरतात्त्विकौ, आविर्भावतिरोभावमात्रत्वात् । 'पर्यायमात्रग्राही पर्यायार्थिकः । अयं ह्युत्पाद-विनाशपर्यायमात्राभ्युपगमप्रवणः, द्रव्यं तु सजातीयक्षणपरम्परातिरिक्तं न मन्यते, तत एव*

પછી તો બધા જ વચનપથો 'નય' છે, એમ કહેવાનું રહે. વળી, જે અભિપ્રાયથી 'રૂપવાન્ ઘટઃ' એવો વચનપ્રયોગ કે અપાયાદિબોધ થાય છે તે અભિપ્રાય ઇતરાંશભૂત રસાદિનો પ્રતિક્ષેપ=નિરાકરણ=નિષેધ=ખંડન કરનાર હોતો નથી (ઘડો રૂપવાન જ છે, રસાદિમાન્ નથી... એ રીતે રસાદિનો નિષેધ કરવાનો અભિપ્રાય નથી) તો એ 'નય'રૂપ શી રીતે હોય ? નય તો એ છે જે, જે એક અંશનું પોતે ગ્રહણ કરે છે, તેનાથી અન્ય અંશનો પ્રતિક્ષેપ કરનારો હોય. 'રૂપવાન્ ઘટઃ' જ્ઞાન રસાદિઇતરાંશનો અપ્રતિક્ષેપી (= નિષેધ નહીં કરનાર) જ છે. પછી એ 'નય' રૂપ શી રીતે ?

**શંકા** - આ તો તમારું અપૂર્વ વાક્ચાતુર્ય છે કે નયના લક્ષણમાં પ્રવિષ્ટ એવા ઇતરાંશઅપ્રતિક્ષેપિત્વ દ્વારા જ તમે 'રૂપવાન્ ઘટઃ' વગેરે બોધને નયરૂપે નકારો છો...

**સમાધાન** - તમારી આ શંકા બરાબર નથી, કારણ કે અભિપ્રાયના અજ્ઞાનમાંથી ઉદ્ભવેલી છે. નયના લક્ષણમાં 'નય ઇતરાંશનો પ્રતિક્ષેપ નથી કરતો' એમ ઇતરાંશ અપ્રતિક્ષેપિત્વ જે જણાવ્યું છે તે ગૌણરૂપે જ. પ્રધાનરૂપે તો નય ઇતરાંશપ્રતિક્ષેપી જ હોય છે. એટલે જ ગ્રન્થોમાં દ્રવ્યાર્થિકનય દ્વારા કરાતો પર્યાયનો પ્રતિક્ષેપ અને પર્યાયાર્થિકનય દ્વારા કરાતો દ્રવ્યનો પ્રતિક્ષેપ અનેકવાર જોવા મળે છે. જેમકે **નયરહસ્ય**માં કહ્યું છે કે - *"તેમાં, દ્રવ્યમાત્રનું ગ્રહણ કરનાર નય એ દ્રવ્યાર્થિકનય. આ નય દ્રવ્યને જ તાત્ત્વિક માને છે, ઉત્પાદ-વિનાશને તો અતાત્ત્વિક જ માને છે, કારણ કે એ બે કેવળ આવિર્ભાવ-તિરોભાવરૂપ જ છે. પર્યાયમાત્રનું ગ્રહણ કરનાર નય એ પર્યાયાર્થિકનય. આ નય માત્ર ઉત્પાદ-વિનાશ(પર્યાય)ને જ ગ્રહણ કરવામાં તત્પર છે. દ્રવ્યને તો સજાતીયક્ષણોની પરમ્પરામાત્રરૂપ માને છે, એનાથી અતિરિક્ત કોઈ દ્રવ્ય હોય એવું એ*

*प्रत्यभिज्ञाद्युत्पत्तेः । न चैवमितरांशप्रतिक्षेपित्वाद् दुर्नयत्वं, तत्प्रतिक्षेपस्य प्राधान्यमात्र एवोपयोगादिति ।'* प्रस्तुते 'रूपवान् घटः' इत्यादौ तु प्रयोजनाभावादिलक्षणेन केनापि कारणेन रसादेरितरांशस्योपेक्षैव, न तु प्राधान्येनापि प्रतिक्षेपाभिप्राय इति कुतस्तस्य नयत्वम् ?

**नन्वेतेन** नयः प्रधानतयेतरांशं प्रतिक्षिपति, गौणतया च न प्रतिक्षिपतीति पर्यवसितम्, तत्र कः प्रधानतया प्रतिक्षेपः ? कश्च गौणतयाऽप्रतिक्षेप इति **चेत् ? शृणु**-ययाऽपेक्षया-ऽधिकृतस्य नयस्य प्रवृत्तिस्तस्या अपरित्याग इतरांशस्य यः प्रतिक्षेपः स प्रधानतया प्रतिक्षेपः, तस्याः परित्यागे त्वितरांशस्य यः स्वीकारः स गौणतयाऽप्रतिक्षेपः । तथाहि-द्रव्यार्थिको द्रव्यमपेक्ष्य जीवे नित्यत्वं जानाति वक्ति च । ततश्च द्रव्यापेक्षाया अपरित्यागेऽनित्यत्वं

---

*માનતો નથી. 'આ એ જ ઘડો છે' વગેરે જે પ્રત્યભિજ્ઞાદિ થાય છે, એ આ પરંપરાના કારણે જ થાય છે, નહીં કે કોઈ એક દ્રવ્યના કારણે.* ***શંકા*** *- નય આ રીતે જો ઇતરાંશનો પ્રતિક્ષેપ કરનાર હશે તો એ દુર્નય જ બની જશે.* ***સમાધાન*** *- ના, એ દુર્નય નહીં બની જાય, કારણ કે આ પ્રતિક્ષેપ કેવળ પ્રાધાન્યમાં ઉપયોગી છે."* આશય એ છે કે વસ્તુનું પ્રધાનસ્વરૂપ શું છે ? આ વિચારણામાં દ્રવ્યાર્થિક નય એમ કહે છે કે -દ્રવ્ય (= ધ્રૌવ્ય) એ જ વસ્તુનું પ્રધાનસ્વરૂપ છે, ઉત્પાદ-વિનાશ નહીં... આમ પ્રધાનસ્વરૂપ તરીકે જ દ્રવ્યાર્થિકનય ઉત્પાદ-વિનાશનો નિષેધ કરે છે... ગૌણરૂપે તો એનો નિષેધ કરતો નથી. માટે એ દુર્નય બની જતો નથી. આ જ રીતે પર્યાયાર્થિકનય ધ્રૌવ્યનો જે નિષેધ કરે છે તે પ્રધાનસ્વરૂપ તરીકે જ, ગૌણસ્વરૂપ તરીકે નહીં', માટે એ પણ દુર્નય નથી.

પ્રસ્તુતમાં 'રૂપવાન્ ઘટઃ' વગેરેમાં પ્રયોજન ન હોવું વગેરે કોઈપણ કારણે રસાદિ ઇતરાંશ અંગે ઉદાસીનતા જ છે, નહીં કે પ્રધાનરૂપે પણ પ્રતિક્ષેપ, પછી શી રીતે એ અપાયાદિ 'નય' બની જાય ?

**પ્રશ્ન** - આનો અર્થ તો એ થયો કે નય પ્રધાનરૂપે ઇતરાંશનો પ્રતિક્ષેપ કરે છે, ને ગૌણરૂપે પ્રતિક્ષેપ કરતો નથી. તો આમાં પ્રધાનરૂપે પ્રતિક્ષેપ શું છે ? અને ગૌણરૂપે અપ્રતિક્ષેપ શું છે ?

**ઉત્તર** - સાંભળો. જે અપેક્ષાએ વિવક્ષિત નય પ્રવર્તે છે તે અપેક્ષાને છોડ્યા વિના કરાતી વિચારણામાં ઇતરાંશનો કરાતો પ્રતિક્ષેપ એ પ્રધાનરૂપે પ્રતિક્ષેપ છે અને અપેક્ષાને છોડી દઈને કરાતી વિચારણામાં ઇતરાંશનો જે કરાતો સ્વીકાર એ ગૌણરૂપે અપ્રતિક્ષેપ છે. તે આ રીતે - દ્રવ્યાર્થિકનય દ્રવ્યની અપેક્ષાએ જીવમાં નિત્યત્વને જુએ છે અને

यन्निराकरोति स प्रधानतयेतरांशस्य प्रतिक्षेपः, द्रव्यापेक्षायाः परित्यागेऽनित्यत्वं यत्स्वीकुरुते स गौणतयेतरांशस्याप्रतिक्षेपः । इदन्तु ध्येयमत्र-अपेक्षाया यः परित्याग इतरांशस्य च यः स्वीकारः, एतौ द्वौ गर्भितरूपेणैव ज्ञेयौ, न तु व्यक्तरूपेणेति ।

**अथ** प्रतियोगि-प्रतियोगिमद्भावापन्नयोरेवांशयोर्नयग्राह्यत्वे द्रव्य-पर्यायग्राहिणोर्द्रव्य-पर्यायार्थिकयोः सामान्य-विशेषग्राहिणोश्च सङ्ग्रह-व्यवहारयोर्नयत्वं न स्यात्, द्रव्य-पर्याययोः सामान्य-विशेषयोश्च प्रतियोगि-प्रतियोगिमद्भावाभावाद्, न हि पर्यायं द्रव्याभावरूपं विशेषं वा सामान्याभावरूपं मन्यते कश्चिदपि विपश्चिदिति **चेत् ? मैवं,** 'एकविशेषविधिनिषेध-योरन्यविशेषनिषेधविध्यभ्यनुज्ञाफलकत्वमि'ति न्यायेन यस्यैकस्यांशस्य विधानं तदन्यस्यांशस्य निषेधे पर्यवस्यति तयोरंशयोः प्रतियोगि-प्रतियोगिमद्भावः' इति विवक्षणात् । भवति हि 'जीवद्रव्यं सामायिकम्' इति विधाने गुणलक्षणपर्याये सामायिकत्वस्य निषेधः । एवमेव सामान्यविधाने विशेषनिषेधोऽप्यनुभूयत एव । परन्तु 'रूपवान् घटः' इति विधाने रसादेर्निषेधो नैवानुभूयत इति कथं 'रूपवान् घटः' इत्याद्यपायादेर्नयत्वमिति ?

---

કહે છે. આ દ્રવ્યની અપેક્ષાને જ ઊભી રાખીને એ જીવમાં અનિત્યત્વને જે નકારે છે તે ઇતરાંશરૂપ અનિત્યત્વનો પ્રધાનરૂપે પ્રતિક્ષેપ છે અને દ્રવ્યની અપેક્ષા છોડીને પર્યાયની અપેક્ષાએ જીવમાં અનિત્યત્વનો જે સ્વીકાર છે તે ઇતરાંશરૂપ અનિત્યત્વનો ગૌણરૂપે અપ્રતિક્ષેપ છે. અહીં આ વાત ધ્યાનમાં રાખવી કે પોતાની અપેક્ષાને છોડવી અને ઇતરાંશનો સ્વીકાર કરવો... આ બન્ને ગર્ભિતરૂપે જ હોય છે, નહીં કે વ્યક્તરૂપે. (માટે જ એ અપ્રતિક્ષેપ ગૌણરૂપે કહેવાય છે.)

**શંકા** - પ્રતિયોગિ-પ્રતિયોગિમદ્ભાવવાળા અંશો જ જો નયગ્રાહ્ય છે તો દ્રવ્યપર્યાયના ગ્રાહક દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયો કે સામાન્ય-વિશેષના ગ્રાહક સંગ્રહ-વ્યવહારનયો 'નય'રૂપ નહીં રહે, કારણ કે દ્રવ્ય-પર્યાય વચ્ચે કે સામાન્ય-વિશેષ વચ્ચે પ્રતિયોગિ-પ્રતિયોગિમદ્ભાવ નથી. તે પણ એટલા માટે કે કોઈ જ વિદ્વાન્ પર્યાયને દ્રવ્યાભાવરૂપે કે વિશેષને સામાન્યાભાવરૂપે સ્વીકારતા નથી.

**સમાધાન** - આવી શંકા કરવી નહીં, 'કારણ કે એક વિશેષ અંગેના વિધિ-નિષેધ અન્ય વિશેષના નિષેધ-વિધિમાં ફલિત થાય છે' એવા ન્યાય મુજબ જે એક અંશનું વિધાન તેનાથી અન્ય જે અંશના નિષેધમાં પર્યવસિત થતું હોય તે બે અંશ વચ્ચે પ્રતિયોગિ-પ્રતિયોગિમદ્ભાવ ગણવો એવી અહીં વિવક્ષા છે. 'જીવદ્રવ્ય એ સામાયિક છે' આવું વિધાન કરવામાં 'સામાયિક ગુણાત્મકપર્યાયરૂપ નથી' એવો નિષેધ થઈ જ જાય છે. એ જ રીતે સામાન્યનું વિધાન કરવામાં વિશેષનો નિષેધ અનુભવાય જ છે. માટે

**न च** तथापि नैगमादीनां सप्तानां कथं नयत्वसम्भवः ? मिथः प्रतियोगिप्रतियोगि-मद्भावस्य द्वयोरेव धर्मयोः सम्भवात्, न तु सप्तानां धर्माणामिति **वक्तव्यं,** सप्तानामपि नैगमादीनां द्वयोरेव द्रव्यार्थिक-पर्यायार्थिकाख्ययोर्मूलनययोः समावेशात् । तदुक्तं **सम्मतौ**- *तित्थयरवयणसंगहविसेसपत्थारमूलवागरणी । दव्वट्ठिओ अ पज्जवणओ अ सेसा विगप्पासिं* ॥सम्म-१/३॥ एतन्मूलनयविषययोश्च द्रव्य-पर्याययोर्मिथः प्रतियोगि-प्रतियोगिमद्भावस्योक्त-दिशया सिद्धत्वात् । तच्च द्रव्यं किंस्वरूपं वक्तव्यम् ? इत्यत्र 'तद् द्रव्यं सामान्यात्मकम्' 'विशेषात्मकम्' इत्यादयो ये विविधा वचनपथा नैगमादिनयत्वेन प्रसिद्धास्तेषां *जावइया वयणपथा तावइया चेव हुंति नयवायत्ति* परिभाषालब्धं नयत्वमक्षतमेवेति। एवमेव पर्यायेऽपि

---

દ્રવ્ય-પર્યાય વચ્ચે કે સામાન્ય-વિશેષ વચ્ચે પ્રતિયોગિ-પ્રતિયોગિમદ્ભાવ છે જ. ને તેથી એના ગ્રાહક દ્રવ્યાર્થિકનય વગેરે 'નય'રૂપ હોવામાં કોઈ વાંધો નથી. પણ, 'રૂપવાન્ ઘટઃ' એવું વિધાન કરવાથી રસાદિનો નિષેધ કાંઈ અનુભવાતો નથી. માટે એ અપાય વગેરે 'નય' શી રીતે બની જાય ?

**શંકા** - છતાં પણ, નૈગમ વગેરે સાત નયો 'નય'રૂપ શી રીતે બનશે ? કારણ કે પ્રતિયોગિ-પ્રતિયોગિમદ્ભાવ તો બે ધર્મો વચ્ચે જ સંભવે છે, નહીં કે સાત ધર્મો વચ્ચે.

**સમાધાન** - આવી શંકા ન કરવી, કારણ કે નૈગમાદિ સાતે નયોનો દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક નામના બે મૂળનયમાં સમાવેશ થઈ જાય છે. **સમ્મતિતર્ક-પ્રકરણમાં** (૧/૩) કહ્યું જ છે કે-*"શ્રી તીર્થંકર ભગવાનના વચનોના પ્રતિપાદ્ય સંગ્રહ (=સામાન્ય=દ્રવ્ય) અને વિશેષ(= પર્યાય)ના વિસ્તાર મૂળભૂત રીતે જાણનાર અને કહેનાર બે નય છે-દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. બાકીના નયો આ બેના જ વિકલ્પો = પ્રકારો છે."*

આ બે મૂળનયના વિષયભૂત દ્રવ્ય-પર્યાય વચ્ચે તો પ્રતિયોગિ-પ્રતિયોગિમદ્ભાવ હોવો ઉપર કહ્યા મુજબ સિદ્ધ છે જ. વળી આ દ્રવ્યને કેવા સ્વરૂપવાળું કહેવું ? એ વિચારણામાં - 'એ દ્રવ્ય સામાન્યાત્મક છે' 'એ દ્રવ્ય વિશેષાત્મક છે' વગેરે જે વિવિધ વચનમાર્ગો નૈગમ વગેરે નયરૂપે પ્રસિદ્ધ છે, તે 'જેટલા વચનાપથો છે તેટલા નયવાદ છે' એવી પરિભાષાથી નયરૂપે સિદ્ધ થાય જ છે. આ જ રીતે પર્યાય અંગે પણ જાણવું.

અહીં દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક નય બધા નયના મૂળ અધારભૂત છે એવું જે કહ્યું એનાથી નીચેની શંકા પણ નિરસ્ત જાણવી.

ज्ञेयमिति । **एतेन** नैगम-सङ्ग्रहादिविषयभूतयोः शब्द-समभिरूढादिविषयभूतयोर्वा धर्मयोः सम्मीलनेऽपि यतो न वस्तुनः प्रस्तुतं पूर्णं स्वरूपं न वा तदाद्योर्द्वयोर्द्वयोर्नययोः सम्मीलनेऽपि प्रमाणत्वं सम्यक्त्वं वाऽतो न नैगमादीनां नयत्वमिति **प्रत्युक्तं,** नैगमादीनां मूलनयत्वाभावस्येष्टत्वाद्, उत्तरनयतयैव तेषां नयत्वप्रसिद्धेः ।

*'नयाः प्रापकाः (कारकाः), साधकाः, निर्वर्तकाः, निर्भासकाः, उपलम्भकाः, व्यञ्जका इत्यनर्थान्तरमि'ति* **तत्त्वार्थभाष्यम् (१-३५)** । तत्र प्रापकत्वादीनामेवम्प्रकारा व्याख्या **नयरहस्ये न्यायविशारदैः** कृता ।

*अत्र प्रापकत्वं प्रमाणप्रतिपन्नप्रतियोगि-प्रतियोगिमद्भावापन्ननानाधर्मैकतरमात्रप्रकारकत्वम्।* प्रमाणेन प्रतिपन्नाः प्रतियोगि-प्रतियोगिमद्भावापन्ना ये नानाधर्मास्तेभ्य एकतरधर्ममात्रः प्रकारो यत्र तत्त्वमिति तदर्थः ।

---

**શંકા** - નય તો એ છે કે બે નયના વિષયભૂત ધર્મોને (અંશોને) ભેગા કરવામાં આવે તો વસ્તુનું પ્રસ્તુત પૂર્ણસ્વરૂપ બની જાય. અથવા, નયો તો એ છે કે જે બે નયાત્મકબોધોને ભેગા કરવામાં 'પ્રમાણ' બની જાય, કે સમ્યક્ત્વનું સંપાદન થાય. પણ પ્રસ્તુતમાં નૈગમ અને સંગ્રહ એ બે નયના કે શબ્દ અને સમભિરૂઢ એ બે નયના વિષયભૂત ધર્મોને ભેગા કરવામાં વસ્તુનું પ્રસ્તુત પૂર્ણ સ્વરૂપ કાંઈ મળતું નથી. તથા નૈગમ-સંગ્રહાત્મક બે બોધોને કે શબ્દ-સમભિરૂઢનયાત્મક બે બોધોને ભેગા કરવાથી 'પ્રમાણાત્મક બોધ' થતો નથી, કે સમ્યક્ત્વ સંપન્ન થતું નથી. તો આ નૈગમ-સંગ્રહ વગેરેને કે શબ્દ-સમભિરૂઢ વગેરેને 'નય' ન કહેવા જોઈએ.

**સમાધાન** - વસ્તુના પૂર્ણસ્વરૂપનું કે પ્રમાણત્વનું સંપાદન થવાનું તમે જે કહો છો તે મૂળનય માટે છે. નૈગમ વગેરે નયો મૂળભૂત (= આધારભૂત) નયો તરીકે અમને ઈષ્ટ નથી જ, ઉત્તરનયરૂપે જ એ બધા 'નય' તરીકે ઈષ્ટ છે, પ્રસિદ્ધ છે.

**શ્રી તત્ત્વાર્થસૂત્ર** (૧-૩૫) ના ભાષ્યમાં આ પ્રમાણે જણાવ્યું છે - *"નયો પ્રાપક છે, (કારક છે), સાધક છે, નિર્વર્તક છે, નિર્ભાસક છે, ઉપલંભક છે, અને વ્યંજક છે... આ બધું અનર્થાન્તર છે."* આમાં 'પ્રાપક' વગેરેની ન્યાયવિશારદ **શ્રી યશોવિજયજી** મહારાજે **નયરહસ્ય**માં આવી વ્યાખ્યા કરેલી છે.

*"અહીં પ્રાપક એટલે એવું જ્ઞાન જે, પ્રમાણથી નિશ્ચિત થયેલ અને પ્રતિયોગિ-પ્રતિયોગિમદ્ભાવાપન્ન એવા વિવિધ ધર્મોમાંથી કોઈપણ એકધર્મપ્રકારક જ હોય."* અર્થાત્ પ્રમાણથી નિત્યત્વ-અનિત્યત્વ વગેરે રૂપ પ્રતિયોગિ-પ્રતિયોગિમદ્ભાવાપન્ન જે અનેકધર્મો

*साधकत्वं तथाविधप्रतिपत्तिजनकत्वम् ।*

*निर्वर्तकत्वमनिवर्तमाननिश्चितस्वाभिप्रायकत्वम्।* अनिवर्तमानो निश्चितो 'द्रव्यमेवार्पणीय'-मित्यादिरूपः स्वाभिप्रायो यत्र तत्त्वमित्यर्थः ।

*निर्भासकत्वं शृङ्गग्राहिकया वस्त्वंशज्ञापकत्वम् ।* तत्र निर्भासयन्ति = विशेषेण दीपयन्ति वस्त्वंशं ये ते निर्भासकाः । शृङ्गं गृह्यते यस्यां क्रियायां सा शृङ्गग्राहिका । शेषं सुगमम् ।

*उपलम्भकत्वं प्रतिविशिष्टक्षयोपशमापेक्षसूक्ष्मार्थावगाहित्वम् ।* प्रतिविशिष्टक्षयोपशमस्यापेक्षा यत्र तादृक् सूक्ष्मार्थावगाहित्वमिति तदर्थः । **ननु** नयो वस्तुन एकमेवांशमवगाहते, प्रमाणं तु सर्वांशानिति प्रमाण एव प्रतिविशिष्टक्षयोपशमापेक्षेति **चेत्** ? न, विविधैरंशैर्मिश्रितस्य वस्तुनोंऽशानविभज्य यज्ज्ञानं तदपेक्षया तान् विभज्य यज्ज्ञानं तत्रैव प्रतिविशिष्टक्षयोपशमस्या-पेक्षणात्, वस्त्वपेक्षया वस्त्वंशस्य सूक्ष्मत्वात् । अत एवाबहुमतिज्ञानापेक्षया बहुमतिज्ञानं

---

વસ્તુમાં જણાયેલા હોય તેમાંના કોઈપણ એક ધર્મને જ પ્રકાર તરીકે રાખીને થતું જ્ઞાન એ નય છે.

*"આવા જ પ્રકારના જ્ઞાનનું જનક જે હોય તે સાધક છે."*

*"પોતાનો નિશ્ચિત અભિપ્રાય જેમાંથી ખસી ન જાય એ નિર્વર્તકત્વ છે."* અર્થાત્ 'દ્રવ્યની જ અર્પણા કરવી' વગેરે રૂપ નિશ્ચિત સ્વાભિપ્રાય જેમાંથી દૂર ન થાય એ નિર્વર્તક છે.

*"શૃંગગ્રાહિકન્યાયે વસ્તુના તે તે અંશનું જ્ઞાપકત્વ એ નિર્ભાસકત્વ છે."* શિંગડું પકડીને એક-એક પશુને અલગ તારવવાની ક્રિયા એ શૃંગગ્રાહિકા ક્રિયા છે. એ રીતે એક-એક વસ્તુઅંશને વિશેષરૂપે પ્રકાશિત કરવો (જણાવવો) એ નિર્ભાસકત્વ છે.

*"પ્રતિવિશિષ્ટ ક્ષયોપશમની જેમાં અપેક્ષા હોય એવું સૂક્ષ્મઅર્થનું અવગાહન કરવું એ ઉપલંભકત્વ છે."* **શંકા** - નય તો વસ્તુના એક અંશનું જ ગ્રહણ કરે છે જ્યારે પ્રમાણ સર્વઅંશોનું ગ્રહણ કરે છે. એટલે નયમાં નહીં, પણ પ્રમાણમાં જ વિશિષ્ટ ક્ષયોપશમ અપેક્ષિત બની રહે. **સમાધાન** - તમારી શંકા બરાબર નથી, કારણ કે વિવિધ અંશોથી મિશ્રિત વસ્તુના અંશોનો વિભાગ કર્યા વગર જે જ્ઞાન થાય એની અપેક્ષાએ એ અંશોને અલગ તારવીને જે જ્ઞાન કરવું એમાં જ વધારે પટુક્ષયોપશમ અપેક્ષિત હોય છે. કારણ કે વસ્તુની અપેક્ષાએ વસ્તુનો અંશ સૂક્ષ્મ હોય છે. એટલે જ 'અબહુ' મતિજ્ઞાનની અપેક્ષાએ 'બહુ'મતિજ્ઞાન પટુક્ષયોપશમથી જન્ય હોય છે. વળી એટલે જ શ્રી

पटुक्षयोपशमजन्यम् । अत एव चार्यरक्षितेभ्य आरतः सूत्राणां मूढनयिकत्वेऽपि न मूढप्रमाणिकत्वम् ।

*व्यञ्जकत्वं च प्राधान्येन स्वविषयव्यवस्थापकत्वम् ।* सुगमम् ।

*एवं च पदार्थं प्रतिपादयन्नपि **भाष्यकारस्तत्त्वतो** लक्षणान्येव सूत्रितवान् ।*

**अथ** वस्तुनो यमंशं नयो गृह्णाति, तं तु प्रमाणमपि गृह्णात्येव । ततश्चालमन्तर्गडुना नयज्ञानेन तन्निरूपणेन वेति । **तत्तुच्छं**, प्रमाणेन तदितरांशस्यापि ग्रहणात् । अयम्भावः:- प्रकृतमंशं गृह्णदपि प्रमाणं न विविक्तं गृह्णाति, अपि त्वितरांशेन करम्बितं, वस्तुनस्तथास्वरूपत्वात् । अतस्तत्तदंशस्य स्पष्टतरबोधार्थं तदितरांशमिश्रणं निवारणीयम् । तन्निवारणे न प्रमाणस्य सामर्थ्यं, इतरांशस्यापि ग्राहकेण तेन तद्विवेचनस्याशक्यत्वात् । अतस्तद्विविच्य प्रकृतांशबोधस्य स्पष्टतरत्वार्थं नयस्योपयोगः । तदुक्तं **नयोपदेशे** -

*सत्त्वासत्त्वाद्युपेतार्थेष्वपेक्षावचनं नयः । न विवेचयितुं शक्यं विनाऽपेक्षां हि मिश्रितम् ॥२॥* **तद्वृत्तिलेशश्च** - *ननु 'घटोऽस्ती'त्यादिवाक्यश्रवणाद् 'घटविषयकशाब्दज्ञानं*

---

આર્યરક્ષિતસૂરિ મહારાજ પછી સૂત્રો મૂઢનયિક થયા છે, પણ મૂઢપ્રમાણિક નથી થયા. અર્થાત્ ક્ષયોપશમની પટુતા ઘટી હોવાથી નયવિચારણા અટકેલી છે, પણ પ્રમાણવિચારણા નહીં.

*'પ્રધાનપણે પોતાના વિષયની વ્યવસ્થા કરવી એ વ્યંજકત્વ છે'* આ વાત સરળ છે.

*આ રીતે નયોના, પ્રાપકવગેરેપદદ્વારા અર્થપ્રતિપાદન કરવા દ્વારા **ભાષ્યકારે** વાસ્તવિક રીતે તો નયના આ બધા વિવિધ લક્ષણો જ જણાવ્યા છે.*

**શંકા** - વસ્તુના જે અંશનો બોધ નય કરે છે એ અંશનો બોધ તો પ્રમાણ પણ કરે જ છે. તો પછી નયજ્ઞાનની કે એના નિરૂપણની શી જરૂર છે ?

**સમાધાન** - આવી શંકા તુચ્છ છે. કારણ કે પ્રમાણ તો તદિતરાંશનો પણ બોધ કરે જ છે. કહેવાનો ભાવ એ છે કે - પ્રમાણ પ્રસ્તુત અંશનું ગ્રહણ જરૂર કરે છે, પણ એને ઇતરાંશથી અલગ તારવીને નહીં, પણ ઇતરાંશથી મિશ્રિતરૂપે જ. કારણ કે વસ્તુનું સ્વરૂપ એવું મિશ્રિત જ હોય છે. એટલે તે તે અંશનો સ્પષ્ટતર બોધ થાય એ માટે ઇતરાંશનું મિશ્રણ અટકાવવું જરૂરી બની રહે છે. આ અટકાયત પ્રમાણ દ્વારા થઈ શકતી નથી, કારણ કે ઇતરાંશના પણ ગ્રાહક એવા તેના વડે તેનો (ઇતરાંશનો) વિવેક કરવો (પૃથક્કરણ) અશક્ય હોય છે. તેથી તેનો વિવેક કરીને પ્રસ્તુત અંશનો સ્પષ્ટતર બોધ

*मम जातमि'त्येव लोकाः प्रतियन्ति, न तु तत्रापेक्षात्वमपीत्यपेक्षात्मकनयज्ञानसत्त्वे किं प्रमाणम् ? अत आह-हि = निश्चितं, मिश्रितं = विरुद्धत्वेन प्रतीयमानैर्नानाधर्मैः करंबितं वस्तु अपेक्षां विना विवेचयितुं = विवक्षितैकधर्मप्रकारकनिश्चयविषयीकर्तुं न शक्यमित्यादि ।*

किञ्च 'वस्तु द्रव्यात्मकमेव' इत्याद्यसद्ग्रहे 'वस्तु न द्रव्यात्मकम्' इत्यादि खण्डनमप्यावश्यकम् । न च तत्प्रमाणेन कर्तुं शक्यं, तेन तस्य द्रव्यात्मकताया अपि ज्ञापनादिति तदर्थं नयज्ञानस्योपयोगः । तथा वैराग्यसंपादनार्थं 'सर्वं क्षणिकम्' इति ज्ञापकस्य पर्यायार्थिकस्य नयस्योपयोगः, निर्लेपत्वादिसाधनार्थं 'जीवः पुष्करपलाशवन्निर्लेपः' इत्यादि ज्ञापकस्य द्रव्यार्थिकस्य नयस्योपयोग इति न नयज्ञानं तन्निरूपणं वा निरर्थकमिति ॥२॥

---

કરવા માટે 'નય' જરૂરી બની રહે છે. **નયોપદેશ**માં કહ્યું જ છે કે - *'સત્ત્વ-અસત્ત્વ વગેરે ધર્મોથી યુક્ત પદાર્થો અંગે અપેક્ષાવચન એ નય છે. અપેક્ષા વિના મિશ્રિત સ્વરૂપનો વિવેક કરવો શક્ય હોતો નથી.'* એની **વૃત્તિનો** જરૂરી અંશ આવો છે - *''ઘટોઽસ્તિ' વગેરે વાક્ય સાંભળવાથી 'ઘટવિષયક શાબ્દબોધ મને થયો' એવી જ પ્રતીતિ લોક કરે છે. નહીં કે ત્યાં કોઈ અપેક્ષાની પણ. અર્થાત્ કોઈક અપેક્ષાએ જ મને ઘડાનું અસ્તિત્વ જણાયું છે - આવી પ્રતીતિ કાંઈ લોક કરતું નથી. તેથી અપેક્ષાત્મક નયજ્ઞાન હોવામાં શું પ્રમાણ છે ?'' આવી શંકાને દૂર કરવા માટે કહે છે - પરસ્પર વિરુદ્ધ હોવારૂપે ભાસતા વિવિધ ધર્મોથી મિશ્રિત વસ્તુનો અપેક્ષા વિના(= સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષા વગેરે રૂપ અપેક્ષા વિના) વિવેક કરવો શક્ય હોતો નથી = વિવક્ષિત એક ધર્મથી બોધ કરવો શક્ય હોતો નથી = ઘટાદિ વસ્તુમાં અસ્તિત્વ-નાસ્તિત્વ વગેરે રૂપ પરસ્પર વિરુદ્ધ ભાસતા બન્ને ધર્મો હોય છે. એમાંથી માત્ર અસ્તિત્વનો જ બોધ કરવો હોય તો સ્વદ્રવ્યાદિની અપેક્ષા લાવવી જ પડે, કારણ કે એ સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ જ 'અસ્તિ' હોય છે.*

વળી, 'વસ્તુ દ્રવ્યાત્મક જ છે' વગેરે રૂપ ગલત આગ્રહ બંધાઈ ગયો હોય ત્યારે 'વસ્તુ દ્રવ્યાત્મક નથી' વગેરે રૂપે એનું ખંડન પણ જરૂરી બને છે. આ ખંડન પ્રમાણથી તો થઈ શકતું નથી, કારણ કે પ્રમાણ તો તેને દ્રવ્યાત્મક હોવારૂપે પણ જણાવે જ છે. માટે, નયજ્ઞાન જરૂરી બન્યું રહે છે. તથા વૈરાગ્ય વિકસાવવાનું પ્રયોજન હોય તો 'સર્વં ક્ષણિકં' એવું જણાવનાર પર્યાયાર્થિક નય ઉપયોગી બને છે અને જો નિર્લેપતા વગેરે સાધવાના હોય તો 'જીવ પુષ્કરકમલના પત્રની ભાંતિ નિર્લેપ છે' વગેરે જણાવનાર દ્રવ્યાર્થિકનય ઉપયોગી બને છે. માટે, નયનું જ્ઞાન કે નિરૂપણ નિરર્થક નથી. ॥૨॥ હવે,

अथेदं नयज्ञानं प्रमाणमप्रमाणं वेत्याशङ्क्य तदुभयविलक्षणमेवेति निश्चिनोति -

**नयज्ञानं प्रमाणं वाऽप्रमाणमिति कथ्यताम् ।**

**शृणु नयः प्रमाणांशः समुद्रांशवदिष्यते ॥३॥**

नयज्ञानं प्रमाणमप्रमाणं वेति कथ्यताम् ? (इति प्रश्ने) शृणु (उत्तरं) नयः समुद्रांशवत् प्रमाणांश इष्यत इत्यत्रान्वयः ।

प्रमाण-नययोर्भेदमपश्यन् कश्चित्प्रत्यवतिष्ठते, **ननु** नयः प्रमाणमेव, स्वपर(अर्थ)-व्यवसायित्वात्, प्रत्यक्षवदिति **चेत् ? न,** असिद्धेः, नयस्य स्व-अर्थैकदेशव्यवसायितया स्व-अर्थव्यवसायित्वाभावात् । **अथ** नयविषयतयाऽभिप्रेतोऽयमर्थैकदेशो वस्त्ववस्तु वा ? आद्येऽर्थैकदेशस्यापि वस्तुतया स्वार्थव्यवसायित्वानपायाद् नयस्य प्रामाण्यमेव स्याद्, अन्त्ये खपुष्पादिवदवस्तुविषयकतया मिथ्याज्ञानत्वमेवेति **चेत् ? न,** द्वयोरपि विकल्पयोरनभ्युपगमात्,

---

આ નયજ્ઞાન પ્રમાણ છે કે અપ્રમાણ ? એવી શંકાને ધ્યાનમાં લઈને, એ એ બન્નેથી વિલક્ષણ જ છે એવો નિશ્ચય જણાવે છે -

**ગાથાર્થ** - નયજ્ઞાન પ્રમાણ છે કે અપ્રમાણ ? તે કહો. સાંભળો - નયજ્ઞાન એ પ્રમાણનો અંશ છે એવું સમુદ્રાંશની જેમ જ્ઞાનીઓને માન્યં છે.

ગાથાનો અન્વય-અન્વયાર્થ સુગમ છે.

**વિવેચન** - પ્રમાણ અને નયના તફાવતને ન પકડી શકનારો કોઈક શંકા કરે છે.

**શંકા** - નય એ પ્રમાણ જ છે, કારણ કે એ સ્વ-પર (=અર્થ) નો નિશ્ચય કરાવનાર છે, જેમકે પ્રત્યક્ષ. (અર્થાત્ 'સ્વ-પરવ્યવસાયિત્વ' રૂપ પ્રમાણનું લક્ષણ નયમાં જાય છે, માટે એ પ્રમાણભૂત જ છે.)

**સમાધાન**-નયમાં સ્વપરવ્યવસાયિત્વરૂપ હેતુ અસિદ્ધ હોવાથી તમારો અનુમાનપ્રયોગ ટકી શકતો નથી. નય પરનો = અર્થનો નિશ્ચય કરાવનાર હોતો નથી, પણ અર્થના એકદેશનો નિશ્ચય કરાવનાર હોય છે.

**શંકા** - નયના વિષય તરીકે તમને અભિપ્રેત આ અર્થૈકદેશ વસ્તુ છે કે અવસ્તુ ? પ્રથમ વિકલ્પમાં એ અર્થૈકદેશ પણ વસ્તુરૂપ હોવાથી નય પ્રમાણરૂપ બની જ જશે, કારણ કે સ્વ-અર્થવ્યવસાયિત્વ એમાં અક્ષત છે. બીજા વિકલ્પમાં નય મિથ્યાજ્ઞાનરૂપ બની જશે, કારણ કે એનો વિષય ખપુષ્પની જેમ અવસ્તુ છે.

**સમાધાન** - આવી શંકા બરાબર નથી, કારણ કે અમે આ બેમાંથી એક પણ

अर्थैकदेशस्य वस्तुत्वावस्तुत्वपरिहारेण वस्त्वंशतया प्रतिज्ञानात्। तदुक्तं **तत्त्वार्थश्लोकवार्तिके**-

*नायं वस्तु न चावस्तु वस्त्वंशः कथ्यते बुधैः ।*

*नासमुद्रः समुद्रो वा समुद्रांशो यथोच्यते ॥५॥* यथैव हि विवक्षितस्य समुद्रांशस्य समुद्रत्वे शेषसमुद्रांशानामसमुद्रत्वापत्तिः, तेषामपि प्रत्येकं समुद्रत्वे समुद्रबहुत्वापत्तिः । तस्यासमुद्रत्वे वा तद्वदशेषसमुद्रांशानामप्यसमुद्रत्वादिह जगति समुद्राभाव एवापद्येत । ततश्च समुद्रांशः समुद्रांश एवोच्यते, न समुद्रो नाप्यसमुद्र इति । तथैव नयविषयीभूतोऽर्थैकदेशो न वस्तु, शेषदेशानामवस्तुत्वापत्तेः, तेषामपि प्रत्येकं वस्तुत्वे वस्तुबहुत्वापत्तेः । नाप्यवस्तु, शेषदेशानामपि तद्वदवस्तुतया क्वचिदपि वस्तुव्यवस्थाऽनुपपत्तेः । अतोऽर्थैकदेशो वस्त्वंश एव, न वस्तु, नाप्यवस्तु ।

यद्वा द्रव्यार्थिकनयविषयभूतो द्रव्यलक्षणोऽर्थैकदेशो न वस्तु, उत्पादव्ययशून्यत्वात्, खपुष्पवत्, नाप्यवस्तु, ध्रौव्ययुक्तत्वात्, घटवत्, अतो वस्त्वंशः । एवमेव पर्यायार्थिकनय-

---

વિકલ્પ માન્યો નથી. તે પણ એટલા માટે કે અર્થના એકદેશને અમે વસ્તુરૂપે કે અવસ્તુરૂપે ન માનતા વસ્તુઅંશરૂપે માનીએ છીએ. **તત્ત્વાર્થશ્લોકવાર્તિક** (૫)માં કહ્યું છે કે-*જેમ સમુદ્રનો એક દેશ અસમુદ્ર કહેવાતો નથી, પણ સમુદ્રાંશ કહેવાય છે, તેમ આ =અર્થૈકદેશ પંડિતો વડે વસ્તુ કહેવાતો નથી, અવસ્તુ કહેવાતો નથી, પણ વસ્તુઅંશ કહેવાય છે.''*

જેમ સમુદ્રનો વિવક્ષિત અંશ 'સમુદ્ર' હોય તો બાકીના અંશો અસમુદ્ર બની જાય... તેઓ બધા પણ જો સમુદ્રરૂપ હોય તો જેટલા અંશ હશે એટલા સમુદ્ર થઈ જવાની આપત્તિ આવશે. હવે જો વિવક્ષિત અંશને અસમુદ્ર કહેવામાં આવે તો એની જેમ બાકીના અંશો પણ અસમુદ્ર બનવાથી આ જગતમાં સમુદ્રનો અભાવ જ થઈ જશે. એટલે સમુદ્રનો અંશ સમુદ્રાંશ જ કહેવાય છે, સમુદ્ર નહીં, અસમુદ્ર પણ નહીં. એ જ રીતે નયના વિષયભૂત અર્થૈકદેશ જો 'વસ્તુ' હોય તો બાકીના દેશો અવસ્તુ બની જાય... બાકીના પ્રત્યેક દેશ પણ જો 'વસ્તુ'રૂપ જ હોય તો જેટલા દેશ એટલી વસ્તુ માનવી પડે. હવે, અર્થૈકદેશને જો અવસ્તુ માનવામાં આવે તો એની જેમ બીજા દેશ પણ અવસ્તુ જ માનવાના રહેવાથી ક્યાંય પણ 'વસ્તુ' જેવી ચીજ રહેશે જ નહીં. આમ બન્ને રીતે પ્રશ્ન ઊભા થતા હોવાથી અર્થૈકદેશ એ વસ્તુઅંશ જ છે, વસ્તુ નહીં, કે અવસ્તુ પણ નહીં.

विषयभूतो पर्यायलक्षणोऽर्थैकदेशो न वस्तु, ध्रौव्यशून्यत्वात्, खपुष्पवत्, नाप्यवस्तु, उत्पादव्यययुक्तत्वाद्, घटवद्, अतो वस्त्वंशः । ततश्च वस्त्वंशग्राही नयो न प्रमाणं, नाप्यप्रमाणं, किन्तु प्रमाणांशः ।

तथा, नयज्ञानं न प्रमाणं, स्व-अर्थव्यवसायित्वाभावात्, नाप्यप्रमाणं, अतद्वति तत्प्रकारकत्वाभावात्, न हि नयोऽस्तित्वाभाववत्यस्तित्वं गृह्णाति, अपि त्वस्तित्ववत्येवास्तित्वं गृह्णाति । **नन्वेवं** तु नयज्ञानं प्रमाणमेव स्यात्, तद्वति तत्प्रकारकत्वादिति **चेत् ? सत्यं,** लौकिकं तु प्रामाण्यं वयमपि तत्र स्वीकुर्महे, अलौकिकमेव तत्तत्र निराकुर्महे । ननु लौकिकालौकिकयोः प्रामाण्ययोः कः प्रतिविशेषः ? शृणु-लौकिकं प्रामाण्यं प्रवृत्तिमात्रौपयिकं भवति, अलौकिकं तु तद्वस्तुनः पूर्णस्वरूपव्यवसायि भवति । ननु किमुक्तं भवति ? इति

---

અથવા બીજી રીતે કહીએ તો - દ્રવ્યાર્થિકનયના વિષયભૂત દ્રવ્યાત્મક અર્થૈકદેશ એ વસ્તુ નથી, કારણ કે ઉત્પાદવ્યયશૂન્ય છે, જેમકે ખપુષ્પ. વળી એ અવસ્તુ પણ નથી, કારણ કે ધ્રૌવ્યયુક્ત છે, જેમકે ઘડો. માટે એ વસ્તુઅંશ છે. એ જ રીતે પર્યાયાર્થિકનયના વિષયભૂત પર્યાયાત્મક અર્થૈકદેશ એ વસ્તુ નથી, કારણ કે ધ્રૌવ્યશૂન્ય છે, જેમકે ખપુષ્પ. વળી એ અવસ્તુ પણ નથી, કારણ કે ઉત્પાદવ્યયયુક્ત છે, જેમકે ઘડો. માટે એ વસ્તુઅંશ છે. તેથી વસ્તુઅંશનો ગ્રાહક નય એ પ્રમાણ નથી, અપ્રમાણ પણ નથી, પણ પ્રમાણાંશ છે.

આ જ વાત બીજી રીતે પણ સિદ્ધ થાય છે. નયાત્મકજ્ઞાન એ પ્રમાણ નથી, કારણ કે સ્વ-અર્થનું વ્યવસાયી નથી. વળી એ અપ્રમાણ પણ નથી, કારણ કે અતદ્વાન્‌માં તત્પ્રકારક નથી. [તદ્=વિવક્ષિતધર્મ... એ જ્યાં ન રહ્યો હોય તે અતદ્વાન્... આવા પદાર્થમાં પણ (= અતદ્વતિ) તે ધર્મ રહ્યો હોય એવું (= તત્પ્રકારક) જ્ઞાન થાય તો એ અપ્રમાણ હોવું સ્પષ્ટ છે જ.] પણ નયજ્ઞાન આવું નથી. કારણ કે એ કાંઈ અસ્તિત્વાભાવવાન્‌માં અસ્તિત્વનું ગ્રહણ કરતું નથી, અસ્તિત્વવાન્‌માં જ અસ્તિત્વનું ગ્રહણ કરે છે.

**શંકા** - તો તો નયજ્ઞાન 'પ્રમાણ' રૂપ જ બની જશે, કારણ કે તદ્વાન્‌માં તત્પ્રકારક છે.

**સમાધાન** - બરાબર છે, લૌકિક દૃષ્ટિએ એ પ્રમાણ હોવું અમને માન્ય છે જ. માત્ર અલૌકિક દૃષ્ટિએ એ પ્રમાણ તરીકે અમને માન્ય નથી.

**પ્રશ્ન** - લૌકિક અને અલૌકિક પ્રમાણમાં શું તફાવત છે ?

कृपया स्पष्टीक्रियताम् । इदमुक्तं भवति – तद्वति तत्प्रकारकस्य 'इदं रजतं' इति ज्ञानस्य संवादितया तज्ज्ञानात्प्रवर्तमानस्य रजतप्राप्तिर्भवत्येव । अतस्तत्र प्रवृत्त्यौपयिकं प्रामाण्यं स्वीक्रियते । एवमेव 'जीवो नित्यः' इत्यादि नयज्ञानस्य नित्यत्ववति नित्यत्वप्रकारकतया तज्ज्ञानात्प्रवर्तमानस्य कुतश्चिदपि प्रयोजनाद् नित्यत्वार्थिनस्तत्प्राप्तिर्भवत्येवेति तत्र प्रवृत्त्यौपयिकं प्रामाण्यं स्वीक्रियते । परन्तु 'जीवः किं नित्यो वाऽनित्यो वा ?' इत्यादि जिज्ञासायां 'जीवो नित्यः' इति नयज्ञानं न पूर्णस्वरूपस्य निश्चायकं, पर्यायापेक्षया तत्रावस्थितस्यानित्यत्व-लक्षणस्य स्वरूपांशस्य तेनाज्ञापनात् । ततश्च विचारौपयिकं प्रामाण्यं तत्र न स्वीक्रियते ।

**स्यादेवमेवं** तु केवलज्ञानादृते नैकस्यापि छाद्मस्थिकस्य ज्ञानस्य प्रस्तुतं प्रामाण्यं संभवेत्, अनन्तपर्यायमयस्य वस्तुनः समस्तस्वरूपस्यानन्ततमभागस्यैव ग्रहणात्, न हि 'रूपवान्

---

**ઉત્તર** - સાંભળો. લૌકિક પ્રમાણ માત્ર પ્રવૃત્તિ કરાવનાર હોય છે, જ્યારે અલૌકિક પ્રમાણ વસ્તુના પૂર્ણસ્વરૂપનો નિશ્ચય કરાવનાર હોય છે.

**પ્રશ્ન** - તમે શું કહેવા માગો છો એ મહેરબાની કરીને સ્પષ્ટ કરો.

**ઉત્તર** - અમે આ કહેવા માગીએ છીએ કે - તદ્વાન્‌માં તત્પ્રકારક (રજત અંગે) 'આ રજત છે' એવું જ્ઞાન સંવાદી છે. (જેનો બોધ થયો હોય એ વસ્તુ ત્યાં મળી જાય તો એ બોધ સંવાદીજ્ઞાન કહેવાય છે.) એટલે આવા સંવાદી જ્ઞાનથી જે પ્રવૃત્ત થાય છે (= રજત મેળવવા હાથ લંબાવે છે) તેને રજતની પ્રાપ્તિ થાય જ છે. માટે આવા જ્ઞાનમાં પ્રવૃત્તિના ઉપાયરૂપ = કારણરૂપ પ્રામાણ્ય માન્ય છે. આ જ રીતે 'જીવ નિત્ય છે' વગેરે નયજ્ઞાન, નિત્યત્વવાન્‌માં = નિત્ય પદાર્થ અંગે નિત્યત્વપ્રકારક હોવાથી સંવાદી છે અને તેથી, કોઈપણ પ્રયોજનવશાત્ નિત્યત્વનો અર્થી બનેલ નયજ્ઞાતા આવા જ્ઞાનથી પ્રવૃત્ત થાય તો એને નિત્યત્વ મળે જ છે. માટે આવા નયજ્ઞાનમાં, પ્રવૃત્તિનું કારણ બનનાર પ્રામાણ્ય માન્ય જ છે.

પરન્તુ 'જીવ નિત્ય છે કે અનિત્ય છે ?' આવી જિજ્ઞાસા હોય ત્યારે 'જીવ નિત્ય છે' આવું નયજ્ઞાન વસ્તુના (જીવના) પૂર્ણસ્વરૂપનો નિશ્ચય કરાવનાર નથી, કારણ કે પર્યાયની અપેક્ષાએ જીવમાં રહેલ અનિત્યત્વરૂપ સ્વરૂપાંશને એ જણાવતું નથી. આમ વિચારૌપયિક = વસ્તુસ્વરૂપની વિચારણામાં ઉપાયરૂપ બનતું પ્રામાણ્ય નયજ્ઞાનમાં રહ્યું હોવું માન્ય નથી.

**શંકા** - આ રીતે તો કેવલજ્ઞાન સિવાયના કોઈપણ છાદ્મસ્થિકજ્ઞાનમાં પ્રસ્તુત = વિચારૌપયિક પ્રામાણ્ય સંભવશે જ નહીં, કારણ કે અનંતપર્યાયમય વસ્તુના સંપૂર્ણ

घटः' इति चाक्षुषप्रत्यक्षविषयीभूताद् रूपादेरतिरिक्तं रसादिकं किञ्चिदपि स्वरूपं घटे नास्तीति कश्चिदपि मन्यते । ततश्चालौकिकेषु शास्त्रेषु प्रमाणत्वेन कथितानां रूपाद्यपायादीनां प्रामाण्यमनुपपन्नमेव । तथा 'जीवो नित्योऽनित्यश्च' 'जीवो नित्यानित्यः' इत्यादिज्ञानस्य स्यादस्त्येव-स्यान्नास्त्येवेत्यादि सप्तभङ्गात्मकशब्दप्रमाणप्रदीर्घसन्तताध्यवसायात्मकज्ञानस्यापि वा प्रमाण्यमनुपपन्नमेव स्यात्, एकानेकत्वभेदाभेदादिलक्षणानां वस्तुस्वरूपांशानां तेनाबोधनादिति । **मैवं,** वस्तुस्वरूपस्य यावन्तोंऽशा जिज्ञासितास्तावतां सर्वेषां बोधकस्य ज्ञानस्य पूर्णबोधकृत्त्व-विवक्षणात्, तेभ्य एव केषाञ्चिदंशानामबोधकस्य ज्ञानस्यांशबोधकत्वविवक्षणात्, तदन्येषाम-जिज्ञासितानामंशानामबोधकस्य वस्त्वंशमात्रबोधकत्वेनापरिभाषणात् । न हि रूपाद्यपायस्थले रसादयोंऽशा जिज्ञासिता येन तदबोधकत्वमात्रेण रूपाद्यपायादीनां वस्त्वंशमात्रबोधकत्वं नयत्वं

---

સ્વરૂપના એક અનંતમા ભાગને જ આ જ્ઞાનો જણાવી શકે છે. 'રૂપવાન્ ઘટઃ' એવા ચાક્ષુષ પ્રત્યક્ષના વિષયભૂત રૂપાદિથી જુદું રસાદિમય કોઈપણ સ્વરૂપ ઘડામાં હોતું નથી એવું તો કોઈ માનતું નથી. તેથી, લોકોત્તરશાસ્ત્રમાં જેમને પ્રમાણ તરીકે કહેલા છે એ રૂપાદિના અપાયાદ્યાત્મક જ્ઞાન અલૌકિક પ્રમાણરૂપે નહીં જ ઠરે, કારણ કે રસ વગેરે ઇતરાંશનું એ જ્ઞાપક-નિશ્ચાયક નથી.

તથા, 'જીવ નિત્ય છે, અને અનિત્ય (પણ) છે' 'જીવ નિત્યાનિત્ય છે' વગેરે જ્ઞાનમાં તથા, જીવાદિ અંગે 'સ્યાદ્ અસ્તિ એવ' 'સ્યાન્નાસ્ત્યેવ' વગેરે રૂપ સપ્તભંગાત્મક શબ્દપ્રમાણના પ્રદીર્ઘ-અખંડ અધ્યવસાયાત્મક જ્ઞાનમાં પણ પ્રામાણ્ય અસંગત જ ઠરી જશે, કારણ કે આ જ્ઞાનોથી એકત્વ-અનેકત્વ, ભેદ-અભેદ વગેરે સ્વરૂપ વસ્ત્વંશનું જ્ઞાન થતું જ નથી.

**સમાધાન** - આ બધી વાતો યોગ્ય નથી, કારણ કે 'વસ્તુસ્વરૂપના જેટલા અંશોની જિજ્ઞાસા હોય એ બધા અંશોને જણાવનાર જ્ઞાન એ વસ્તુનો પૂર્ણ બોધ કરાવનાર જ્ઞાન છે' એવી અહીં વિવક્ષા છે. આ જિજ્ઞાસિત અંશોમાંથી કોક અંશોનું જે અબોધક હોય તે જ્ઞાન અંશબોધ કરાવનાર જ્ઞાન છે એવી અહીં વિવક્ષા છે. પણ, આ સિવાયના જે અજિજ્ઞાસિત અંશો હોય છે તેને ન જણાવનાર હોવામાત્રથી 'જ્ઞાન વસ્તુઅંશમાત્રનું બોધક છે' એવી પરિભાષા નથી. જ્યારે રૂપાદિઅપાય થાય છે ત્યારે રસ વગેરે અંશો કાંઈ જિજ્ઞાસિત હોતા નથી કે જેથી એનું અબોધક હોવામાત્રથી રૂપાદિનું અપાયાત્મક જ્ઞાન વસ્ત્વંશમાત્રનું બોધક કહેવાય ને એ 'વસ્ત્વંશમાત્રનું બોધક' નથી કહેવાતું - એટલે

प्रामाण्यानुपपत्तिश्च स्यात् । परंतु जीवो नित्यो न वा ? इति यदा प्रश्नस्तदा यथा नित्यत्वं जिज्ञासितं तथैवानित्यत्वमपि जिज्ञासितमेवेति 'जीवो नित्यः' इत्येतावन्मात्रं ज्ञानं नयज्ञानमेव, न तु प्रमाणं, अनित्यत्वलक्षणवस्त्वंशानवगाहितया पूर्णबोधकृत्त्वाभावात् । तथापि तदैकानेकत्वादयोंऽशाः यतो न जिज्ञासिता अतो न तदनवगाहित्वमात्रेण 'जीवो नित्योऽनित्यश्च' इत्यादीनां प्रामाण्यानुपपत्तिः । एवमेव स्यादस्त्येवेत्यादिसप्तभङ्गीस्थलेऽप्यनवगाह्यमानानामेकानेकत्वादीनामंशानामजिज्ञासितत्वादेव न प्रामाण्यानुपपत्तिः ।

**अथ** 'जिज्ञासितानां सर्वेषामंशानामवगाहिनो ज्ञानस्य प्रामाण्यमि'ति परिभाषा प्राज्ञानां नादेया, स्वकल्पनाशिल्पनिर्मितत्वादिति **चेत् ? न,** असिद्धेः । शास्त्रेषु तद्बोधकानामक्षराणा-

---

જ સમસ્ત વસ્તુસ્વરૂપબોધક કહેવાય છે, માટે એ નયરૂપ ઠરી જતું નથી કે પ્રમાણરૂપે અસંગત ઠરતું નથી.

પરંતુ 'જીવ નિત્ય છે કે નહીં ?' એવા પ્રશ્નકાળે જેમ નિત્યત્વ જિજ્ઞાસિત છે એમ અનિત્યત્વ પણ જિજ્ઞાસિત છે જ. તેથી 'જીવ નિત્ય છે' માત્ર આટલું જ્ઞાન નયજ્ઞાન જ છે, નહીં કે પ્રમાણ. કારણ કે જિજ્ઞાસિત એવા પણ અનિત્યત્વાત્મક વસ્ત્વંશને જણાવનાર ન હોવાથી પૂર્ણબોધ કરાવનાર નથી. તેમ છતાં, એ વખતે એકત્વ-અનેકત્વ વગેરે અંશો જિજ્ઞાસિત ન હોવાથી, એને ન જણાવનાર હોવા માત્રથી 'જીવ નિત્ય પણ છે, અનિત્ય પણ છે' આવા બધા જ્ઞાન પ્રમાણ તરીકે અસંગત ઠરી જતા નથી. એ જ રીતે 'સ્યાદસ્ત્યેવ' ઈત્યાદિ સપ્તભંગીમાં પણ જે એકત્વ-અનેકત્વાદિ અંશો જણાતા નથી તે અજિજ્ઞાસિત હોવાથી જ પ્રામાણ્યની અસંગતિ નથી.

**શંકા** - 'જિજ્ઞાસિત બધા અંશોનું અવગાહન કરનાર જ્ઞાન પ્રમાણ છે' આવી તમે કહેલી પરિભાષા પ્રજ્ઞાશીલ પુરુષોને ઉપાદેય નથી, કારણ કે એ માત્ર તમારી કલ્પનાની પેદાશ છે.

**સમાધાન** - 'આ માત્ર અમારી કલ્પનાની પેદાશ છે' એવો તમે આપેલો હેતુ અસિદ્ધ હોવાથી તમારી આ વાત બરાબર નથી.

**શંકા** - શાસ્ત્રોમાં આવી પરિભાષાને જણાવનાર કોઈ શબ્દો જોવા મળતા નથી, માટે એ તમારી કલ્પનાની જ પેદાશ છે... ને તેથી અમે આપેલો હેતુ અસિદ્ધ નથી.

**સમાધાન** - આ વાત પણ બરાબર નથી, કારણ કે શાસ્ત્રોમાં એને જણાવનાર સાક્ષાત્ અક્ષરો મળતા ન હોવા છતાં અર્થથી એને જણાવનાર અક્ષરો મળે જ છે. એ આ રીતે-**નયોપદેશમાં** આ પ્રમાણે કહ્યું છે-*સપ્તભંગીસ્વરૂપ વાક્ય પૂર્ણબોધ કરાવનાર*

मनुपलभ्यमानत्वात् स्वकल्पनाशिल्पनिर्मितत्वं नासिद्धमिति **चेत् ? न,** साक्षादक्षराणामनुपलभ्यमानत्वेऽप्यर्थतस्तद्बोधकानामक्षराणामुपलभ्यमानत्वात् । तथाहि - **नयोपदेशे** -

*सप्तभङ्ग्यात्मकं वाक्यं प्रमाणं पूर्णबोधकृत् । स्यात्पदादपरोल्लेखि वचो यच्चैकधर्मगम् ॥६॥* **तद्वृत्तौ च** - *सप्तेति = सप्तभङ्ग्यात्मकं स्यादस्त्येव स्यान्नास्त्येवेत्यादिकं वाक्यं प्रमाणं, यतः पूर्णबोधकृत् = सप्तविधजिज्ञासानिवर्तकशाब्दबोधजनकतापर्याप्तिमत्...* कियदन्तरे च - *एते च विधिनिषेधप्रकारापेक्षया प्रतिपर्यायं वस्तुनि सप्तैव भङ्गाः, धर्मभेदेनानन्तसप्तभङ्गीसम्भवेऽपि प्रतिधर्मं सप्तानामेव भावात्...* इत्याद्युक्तम् । अत्र 'धर्मभेदेन...' इत्यादि यदुक्तं तेन ज्ञायते यद्-न सप्तभङ्ग्यात्मकं किञ्चिदप्येकं वाक्यं वस्तुनोऽनन्तधर्मात्मकं स्वरूपं सम्पूर्णतया ज्ञापयति, अन्यासां सप्तभङ्गीनामभावप्रसङ्गात् । एवं सत्यपि तद् वाक्यं पूर्णबोधकृत्त्वेनात्र कथितम् । ततश्चात्र न प्रसिद्धेन पूर्णत्वेनाधिकार इति स्पष्टम् । किञ्च यो बोधोऽत्र जायते स जिज्ञासितस्य सत्त्वासत्त्वादेरेव, न त्वजिज्ञासितस्यैकानेकत्वादेरिति 'जिज्ञासितानां सर्वेषामंशानां बोधः पूर्णबोधः' इति परिभाषा कथं न पर्यवस्येद् ? इति ।

---

*હોવાથી પ્રમાણ છે. જે વચન એક ધર્મને જણાવનાર હોવા છતાં 'સ્યાત્' પદથી અન્ય ધર્મને પણ ખેંચી લાવનાર હોય છે તેનો પણ પ્રમાણ તરીકે વ્યવહાર કરવો."* એની વૃત્તિમાં આ પ્રમાણે કહ્યું છે - *"સ્યાદસ્ત્યેવ - સ્યાન્નાસ્ત્યેવ વગેરે રૂપ સપ્તભંગ્યાત્મક વાક્ય પ્રમાણ છે, કારણ કે પૂર્ણબોધ કરાવનાર છે = સાત પ્રકારની જિજ્ઞાસાને સંતોષનાર જે શાબ્દબોધ તેની જનકતાના પર્યાપ્ત આધારરૂપ છે."* એ વૃત્તિમાં જ થોડું આગળ આ પ્રમાણે કહ્યું છે કે - *"વિધિ-નિષેધના સંભવિત પ્રકારોની અપેક્ષાએ વસ્તુમાં અસ્તિત્વાદિરૂપ એક-એક પર્યાયે સાત ભંગ જ હોય છે. જુદા-જુદા ધર્મો દ્વારા અનંત સપ્તભંગી સંભવિત હોવા છતાં એક એક ધર્મ અંગે તો સાત જ ભંગ હોય છે."* આમાં *જુદા જુદા ધર્મો દ્વારા* વગેરે જે કહ્યું છે તેનાથી જણાય છે કે સપ્તભંગ્યાત્મક કોઈપણ એક વાક્ય વસ્તુના અનંતધર્માત્મક સ્વરૂપને સંપૂર્ણ રૂપે જણાવતું નથી, કારણ કે નહીંતર તો બીજી સપ્તભંગીઓનો અભાવ જ થઈ જાય. આમ છતાં, સપ્તભંગાત્મક એક વાક્યને અહીં પૂર્ણબોધ કરાવનાર રૂપે કહ્યું જ છે. તેથી અહીં, પ્રસિદ્ધ જે સંપૂર્ણત્વ છે એનો અધિકાર નથી એ સ્પષ્ટ છે. વળી સપ્તભંગ્યાત્મક વિવક્ષિત વાક્યથી જે બોધ થાય છે તે પણ જિજ્ઞાસિત એવા સત્ત્વ-અસત્ત્વ વગેરેનો જ, નહીં કે અજિજ્ઞાસિત એવા એકત્વ-અનેકત્વ વગેરેનો. તેથી 'જિજ્ઞાસિત બધા અંશોનો બોધ એ પૂર્ણબોધ' આવી પરિભાષા કેમ ફલિત ન થાય ?

**अथैवं** 'जीवः किं नित्यः ?' इत्यादिरूपेण यदा जीवे नित्यत्वमेव जिज्ञासितं तदाऽनित्यत्वस्याजिज्ञासिततया तदनवगाहिनोऽपि 'जीवो नित्यः' इति ज्ञानस्य प्रामाण्यं स्यादिति **चेत् ? न,** तत्रानित्यत्वस्य साक्षादनुल्लेखेऽपि गर्भितरूपेण जिज्ञासितत्वादिति तदनवगाहिनो ज्ञानस्य नयत्वमेव, न तु प्रामाण्यम् । परन्तु यत्र जिज्ञासितोंऽशो रूपादिकस्तत्र न रसादेरंशस्य गर्भितरूपेणापि जिज्ञासितत्वं, प्रतियोगि-प्रतियोगिमद्भावाभावादिति न तदनवगाहित्वमात्रेण रूपाद्यपायादेर्नयत्वम् ।

**अथ** 'जीवो नित्यो वाऽनित्यो वा' इति संशयस्योभयावगाहितया प्रामाण्यं स्यादिति **चेत् ? न,** 'जीवो नित्यश्चानित्यश्च' 'जीवो नित्योऽप्यनित्योऽपि' इत्यादौ यथा नित्यत्वस्यानित्यत्वस्य च निश्चयः, न तथा संशये, ततश्च न केवलं प्रामाण्यस्यैवाभावः,

---

**શંકા** - 'જીવ શું નિત્ય છે ?' આ રીતે જ્યારે જીવમાં નિત્યત્વ જ જિજ્ઞાસિત હશે ત્યારે અનિત્યત્વ પણ અજિજ્ઞાસિત હોવાથી તેનું અનવગાહી એવું પણ 'જીવ નિત્ય છે' એવું જ્ઞાન પ્રમાણ બની જશે.

**સમાધાન** - ના, નહીં બને, કારણ કે ત્યાં અનિત્યત્વનો સાક્ષાદ્ ઉલ્લેખ ન હોવા છતાં ગર્ભિતરૂપે તો એ પણ જિજ્ઞાસિત છે જ. માટે એનું અનવગાહી જ્ઞાન 'નય' જ છે, 'પ્રમાણ' નહીં. પરંતુ જ્યાં જિજ્ઞાસિત અંશ રૂપાદિ હોય છે ત્યાં રસાદિઅંશ ગર્ભિતરૂપે પણ જિજ્ઞાસિત હોતા નથી જ, કારણ કે જિજ્ઞાસિત એવા રૂપાદિ સાથે એ રસાદિનો પ્રતિયોગિ-પ્રતિયોગિમદ્ભાવ નથી. એટલે રસાદિનો અનવગાહી હોવા માત્રથી રૂપાદિઅપાય 'નય' બની જતો નથી.

**શંકા** - 'જીવ નિત્ય હશે, અથવા અનિત્ય હશે' આવો સંશય પણ નિત્યત્વ-અનિત્યત્વ ઉભયનો અવગાહી હોવાથી પ્રમાણ બની જશે...

**સમાધાન** - ના, નહીં બની જાય, કારણ કે 'જીવ નિત્ય છે અને અનિત્ય છે.' 'જીવ નિત્ય પણ છે, અનિત્ય પણ' આ બધામાં જેમ નિત્યત્વનો અને અનિત્યત્વનો બન્નેનો નિશ્ચય છે, એવો સંશયમાં નથી. એટલે સંશય એ માત્ર પ્રમાણરૂપ જ નથી એમ નહીં, એ 'નય'રૂપ પણ નથી જ, કારણ કે એકપણ ધર્મનો નિશ્ચય છે જ નહીં. એટલે જ, "અનેકાન્તવાદમાં બોધ સંશયાત્મક જ હોય છે. કારણ કે વિધિ-નિષેધ ઉભયકોટિનો અવગાહી હોય છે", આ વાત ઊડી જાય છે, કારણ કે 'આમ હશે કે આમ હશે ?' આ રીતે મનને ડોલાયમાન અવસ્થામાં રાખનાર 'વા' શબ્દ (ગુજરાતીમાં

नयत्वस्याप्यभाव एव तत्र, एकस्या अपि कोटेर्निश्चयाभावात् । **एतेनानेकान्तवादे** बोधस्य संशयत्वमेव, उभयकोट्यवगाहित्वादि**त्यपास्तं**, मनसो डोलायमानावस्थायाः प्रयोजकेन 'वा'शब्देन (विकल्पेन) अघटिततया निश्चयरूपत्वात्, 'वृक्षः (शाखावच्छेदेन) कपिसंयोगी, (अग्रावच्छेदेन) कपिसंयोगाभाववांश्च' इत्यादिबोधवत् । अत्र संशयत्वमनभ्युपगच्छतस्तत्र तदुद्भावनमज्ञानमूलं मिथ्यात्वोदयविजृम्भितमेव ।

इत्थञ्च रूपाद्यपायादेः 'जीवो नित्यानित्यः' इत्यादेश्च समस्तवस्तुगमकतयाऽलौकिकं प्रामाण्यं, 'जीवो नित्यः' इत्यादेस्तु तद्वति तत्प्रकारकज्ञानतया सत्यपि प्रवृत्त्यौपयिके लौकिके प्रामाण्येऽलौकिकस्य प्रामाण्यस्याभाव एव, वस्त्वंशमात्रग्राहित्वादिति स्थितम् । ततश्चालौकिक-प्रामाण्यापेक्षया 'नयज्ञानं न प्रमाणं, नाप्यप्रमाणं, किन्तु प्रमाणांशः' इत्यपि स्थितम् । तदुक्तं **नयोपदेशे** - *अथेदं नयज्ञानं प्रमाप्रमयोः कुत्रान्तर्भवतीत्याशङ्क्य तदुभयविलक्षणमेवेति निश्चिनोति-*

---

'કે' શબ્દ) હાજર ન હોવાથી અનેકાન્તવાદમાં બોધ નિશ્ચયરૂપ હોવાના કારણે સંશયરૂપ હોતો નથી. જેમકે-વૃક્ષ શાખાવચ્છેદેન (શાખાની અપેક્ષાએ) કપિસંયોગી છે અને અગ્રાવચ્છેદેન(=અગ્રભાગની અપેક્ષાએ) કપિસંયોગાભાવવાન્ છે' આવો બોધ. આ બોધ પણ ઉભયાવગાહી છે જ, પણ એટલા માત્રથી કોઈ એને સંશયરૂપ માનતું નથી, કારણ કે वा(= વિકલ્પ)થી ઘટિત નથી. આ બોધને 'સંશય'રૂપે ન માનનાર 'જીવ નિત્ય છે, અનિત્ય છે' વગેરે બોધને સંશયરૂપે જાહેર કરે એ એનો અજ્ઞાનમૂલક મિથ્યાત્વોદયનો જ નાચ જાણવો.

આમ, રૂપાદિના અપાયાદિ બોધ અને 'જીવ નિત્યાનિત્ય છે' વગેરે બોધ સમસ્ત વસ્તુને જણાવનાર હોવાથી અલૌકિક પ્રમાણરૂપ છે જ. 'જીવ નિત્ય છે' વગેરે બોધ તદ્વતિ તત્પ્રકારક જ્ઞાનરૂપ હોવાથી લૌકિક પ્રમાણ હોવા છતાં અલૌકિક પ્રમાણ તો નથી જ, કારણ કે વસ્ત્વંશમાત્રનો અવગાહક છે. એટલે જ અલૌકિક પ્રમાણની અપેક્ષાએ નયજ્ઞાન પ્રમાણ પણ નથી, અપ્રમાણ પણ નથી, કિન્તુ પ્રમાણાંશ છે એ વાત પણ નિશ્ચિત થઈ.

**नयोपदेशमां** કહ્યું છે કે - *"હવે, આ નયજ્ઞાનનો પ્રમા કે અપ્રમા શેમાં અન્તર્ભાવ છે ? એવી શંકાના સમાધાન માટે 'નયજ્ઞાન આ બન્નેથી વિલક્ષણ છે'* એવો નિશ્ચય જણાવે છે - **ગાથાર્થ** - *આ સંશયરૂપ નથી, કારણ કે એક જ કોટિ છે, સમુચ્ચય પણ નથી, વિભ્રમ પણ નથી, કારણ કે યથાર્થ છે, એ પ્રમા પણ નથી, કારણ કે અપૂર્ણ*

*अयं न संशयः कोटेरैक्यान्न च समुच्चयः । न विभ्रमो यथार्थत्वादपूर्णत्वाच्च न प्रमा॥८॥*

**तद्वृत्तौ** च – *...इति नयज्ञानस्य न पूर्णप्रमात्वमत उक्तचतुष्टयविलक्षणमेवेदं नयज्ञानमनुभवसिद्धमभ्युपगन्तव्यं, न चेदं स्वमनीषिकाविजृम्भितं, यत उक्तं **तत्त्वार्थभाष्ये** – तथाप्येते तन्त्रान्तरीयाः स्वतन्त्रा वा चोदकपक्षग्राहिणो मतिभेदेन विप्रधाविताः, उभयथापि मिथ्यात्वमिति चेत् ? न, प्रमाणापेक्षत्वेनैतेषामुभयवैलक्षण्यादिति ।*

**अथ** नानाध्यवसायरूपा नैगमादयो नया विप्रतिपत्तिरूपाः, विरुद्धधर्मग्राहित्वात्, 'जीवो ज्ञानवान्' 'जीवो ज्ञानशून्यः' इत्याद्यध्यवसायवदिति **चेत् ? न**, असिद्धेः । अयम्भावः जगत् सर्वमेकं, सदविशेषात्, द्वितयात्मकं, जीवाजीवात्मकत्वात्, त्रितयात्मकं, द्रव्य-गुण-

---

*છે. ॥૮॥* એની વૃત્તિમાં કહ્યું છે કે - *આમ નયજ્ઞાન પૂર્ણપ્રમારૂપ પણ ન હોવાથી અહીં કહેલા (સંશય, સમુચ્ચય, ભ્રમ, પ્રમા એ) ચારે વિકલ્પોથી વિલક્ષણ છે એ વાત અનુભવસિદ્ધ માનવી. વળી આ ખાલી અમારી પોતાની બુદ્ધિનો વિલાસ છે એવું પણ નથી, કારણ કે **તત્ત્વાર્થભાષ્ય**માં કહ્યું છે કે - **શંકા** - છતાં પણ આ નયો અન્યદર્શનરૂપ છે કે સ્વદર્શનમાં જ પોતપોતાની બુદ્ધિથી ઊઠેલા પૂર્વપક્ષરૂપ છે ? બન્ને રીતે નયજ્ઞાન મિથ્યારૂપ જ બનવાનું છે. **સમાધાન** - આ શંકા બરાબર નથી, કારણ કે નયો પ્રમાણસાપેક્ષ હોવાથી તમે કહેલા બન્ને વિકલ્પો કરતાં વિલક્ષણ જ છે.*

**શંકા** - વસ્તુના સામાન્ય-વિશેષ વગેરે રૂપ જુદા જુદા અંશના ગ્રાહક જ્ઞાનરૂપ નૈગમાદિ નયો વિપ્રતિપત્તિરૂપ છે, કારણ કે વિરુદ્ધધર્મગ્રાહી છે, જેમકે 'જીવ જ્ઞાનવાન્ છે' 'જીવ જ્ઞાનશૂન્ય છે' એવા જ્ઞાનો. કોઈક નય કહે છે 'ઘડો સામાન્યાત્મક છે.' અન્ય નય કહે છે 'ઘડો વિશેષાત્મક છે.' આમ વિરુદ્ધપ્રતિપત્તિરૂપ વિપ્રતિપત્તિપણું નયોમાં સ્પષ્ટ છે જ.

**સમાધાન** - 'વિરુદ્ધધર્મગ્રાહિત્વ' રૂપ તમે જે હેતુ આપ્યો છે, એ અસિદ્ધ હોવાથી તમારી વાત બરાબર નથી. આશય એ છે કે ઘણીવાર પ્રથમ નજરે વિરુદ્ધ ભાસતા ધર્મો પણ વસ્તુતઃ વિરુદ્ધ હોતા નથી. જેમકે - 'જે એક છે એ બે ન જ હોઈ શકે, માટે એકત્વ અને દ્વિત્વ પરસ્પર વિરુદ્ધ છે' આવું પ્રથમ દૃષ્ટિએ જણાય છે. છતાં ઊંડા ઉતરીએ તો જણાય છે કે એકત્વ-દ્વિત્વ વગેરે ધર્મો સાથે રહી શકતા હોવાથી વિરુદ્ધ નથી. તે આ રીતે - આખું વિશ્વ એક છે, કારણ કે 'સત્' સ્વરૂપ છે. વિશ્વ જીવ અને અજીવ એમ ઉભય સ્વરૂપ છે. વિશ્વ દ્રવ્ય-ગુણ-પર્યાય એમ ત્રિતયાત્મક છે.

पर्यायात्मकत्वात्, चतुष्टयात्मकं, चतुर्दर्शनविषयत्वात्, पञ्चात्मकं, पञ्चास्तिकायावरुद्धत्वात्, सर्वं षडात्मकं षड्द्रव्यक्रोडीकृतत्वाद् । यथाऽत्रैकत्व-द्वित्व-त्रित्व-चतुष्ट्व-पञ्चत्व-षट्त्वानां विरोधस्यापाततो भासमानत्वेऽपि न वस्तुतो विरोधः, अन्यथा सर्वेषामविरोधेनानुभवसिद्धानां 'सर्वमेकं' 'सर्वं द्वयं' इत्याद्यध्यवसायानां विप्रतिपत्तित्वापत्तेः, तथैव नैगमाद्यध्यवसाय-ग्राह्यानामापातत एव विरोधः, न तु वस्तुतः । अतो विरुद्धधर्मग्राहित्वहेतोरसिद्धतया न तेन विप्रतिपत्तित्वसिद्धिः ।

ननु तथाप्यंशग्राहित्वहेतुना तत्सिद्धिः स्यात् । तथाहि - नैगमादयो विप्रतिपत्तिरूपाः, अंशग्राहित्वात्, 'गजः स्तम्भरूपः' इत्याद्यन्धपुरुषाध्यवसायवदिति **चेत्** ? **न**, अनैकान्तिक-

---

ચક્ષુદર્શન વગેરે ચાર દર્શનોનો વિષય એવું વિશ્વ ચતુષ્ટયાત્મક છે. પંચાસ્તિકાયથી સંકળાયેલું હોવાથી વિશ્વ પંચાત્મક છે. ષડ્દ્રવ્યમાં વહેંચાયેલું હોવાથી વિશ્વ ષડાત્મક છે. આમ એકત્વ-દ્વિત્વાદિનો વિરોધ પ્રથમ નજરે દેખાતો હોવા છતાં વસ્તુતઃ વિરોધ નથી. કારણ કે નહીંતર એના એ જ વિશ્વમાં એકત્વ-દ્વિત્વ વગેરે રહી ન શકે. વળી, નહીંતર તો બધાને 'બધું એક છે' 'બધું બેરૂપ છે' વગેરે અવિરોધે જે અનુભવસિદ્ધ છે તે વિપ્રતિપત્તિરૂપ બની જાય. પણ એ જેમ વિપ્રતિપત્તિરૂપ નથી, એમ નૈગમ-સંગ્રહ વગેરે નયના વિષયભૂત સામાન્ય-વિશેષ વગેરેનો આપાતતઃ (=ઉપરછલ્લી નજરથી) જ વિરોધ છે, વસ્તુતઃ નથી. (એટલે જ ઘડામાં સામાન્યાત્મકત્વ અને વિશેષાત્મકત્વ, દ્રવ્યાત્મકત્વ અને પર્યાયાત્મકત્વ વગેરે ધર્મો સાથે રહી શકે છે.) એટલે તમે જણાવેલ જે વિરુદ્ધધર્મગ્રાહિત્વ હેતુ એ નયોમાં અસિદ્ધ હોવાથી એ હેતુ દ્વારા નયોમાં વિપ્રતિપત્તિત્વ સિદ્ધ થઈ શકતું નથી. (અથવા એની એ જ અનામિકામાં રહેલા હોવાથી હ્રસ્વત્વ-દીર્ઘત્વમાં જેમ પરસ્પર વિરોધ નથી, એમ નયવિષયભૂત સામાન્ય-વિશેષ વગેરે અંગે જાણવું. **શંકા** - અનામિકામાં તો મધ્યમાની અપેક્ષાએ હ્રસ્વત્વ અને કનિષ્ઠાની અપેક્ષાએ દીર્ઘત્વ છે. એટલે અપેક્ષ્યભેદ હોવાથી વિરોધ નથી. **સમાધાન** - એવું જ નયવિષયોમાં પણ છે. સમાન ધર્મોની અપેક્ષાએ સામાન્યત્વ છે અને અસમાન ધર્મોની અપેક્ષાએ વિશેષત્વ છે. દ્રવ્યની અપેક્ષાએ નિત્યત્વ છે, પર્યાયની અપેક્ષાએ અનિત્યત્વ છે. માટે એમાં વિરોધ નથી, ને તેથી નયોમાં વિરુદ્ધધર્મગ્રાહિત્વ હેતુ રહ્યો નથી.)

**શંકા** - છતાં પણ 'અંશગ્રાહિત્વ' હેતુથી એની = વિપ્રતિપત્તિત્વની સિદ્ધિ થશે. તે આ રીતે - નૈગમ વગેરે નયો વિપ્રતિપત્તિરૂપ છે, કારણ કે અંશગ્રાહી છે, જેમકે

त्वात्, पर्यायविशुद्धिवशात् पृथगर्थग्राहिणां मतिज्ञानादीनामंशग्राहित्वेऽपि विप्रतिपत्तित्वाभावात् । तदुक्तं **तत्त्वार्थसूत्रभाष्यवृत्तौ महोपाध्यायश्रीमद्यशोविजयैः**- *यथा मतिज्ञानी मनुष्यजीवस्य मनुष्यपर्यायं वर्तमानं चक्षुरादिनेन्द्रियेण साक्षात्परिच्छिनत्ति, तमेव श्रुतज्ञानी आगमेनानुमानस्वभावेन, तमेवावधिज्ञानी अतीन्द्रियेण ज्ञानेन, तमेव मनःपर्यायज्ञानी तस्य मनुष्यपर्यायस्य यः प्रश्ने प्रवर्तते तद्गतानि मनोद्रव्याणि दृष्ट्वाऽनुमानेनैव, केवलज्ञानी पुनरत्यन्तविशुद्धेन केवलेन । न चैता विप्रतिपत्तयः = विरुद्धाः प्रतिपत्तयः, स्वसामर्थ्येन विषयपरिच्छेदात्, तद्वन्नयवादा इत्यर्थः । बहुबहुतरादिपर्यायग्राहित्वान्मत्यादीनां यथा विशेषो न च विप्रतिपत्तित्वं तथा नयवादानामित्यन्ये व्याचक्षते ।*

अत्रायमभिप्रायः - मतिज्ञानग्राह्या ये च यावन्तश्च मनुष्यपर्यायाः सामान्यतस्तदपेक्षया श्रुतज्ञानग्राह्याणां पर्यायाणां भिन्नत्वमाधिक्यं च, त्रिकालविषयत्वात् श्रुतज्ञानस्य । त-

---

હાથી અંગેના અંધપુરુષોના 'હાથી થાંભલા જેવો છે' વગેરે જ્ઞાનો.

**સમાધાન** - 'અંશગ્રાહિત્વ' હેતુ અનૈકાન્તિક હોવાથી તમારા અભીષ્ટ વિપ્રતિપત્તિત્વ સાધ્યની સિદ્ધિ કરી શકતો નથી. પર્યાયવિશુદ્ધિના કારણે જુદા-જુદા અર્થના ગ્રાહક એવા મતિજ્ઞાન વગેરેમાં અંશગ્રાહિત્વ હોવા છતાં વિપ્રતિપત્તિત્વ ન હોવાથી એ હેતુ અનૈકાન્તિક છે. **શ્રી તત્ત્વાર્થસૂત્ર-ભાષ્યની વૃત્તિ**માં મહોપાધ્યાય **શ્રી યશોવિજયજી**એ કહ્યું છે કે- *"જેમ મતિજ્ઞાની મનુષ્યજીવના વર્તમાન મનુષ્યપર્યાયને ચક્ષુ વગેરે ઇન્દ્રિયથી સાક્ષાત્ જુએ છે એને જ શ્રુતજ્ઞાની અનુમાન સ્વભાવવાળા આગમથી જાણે છે, એને જ અવધિજ્ઞાની અતીન્દ્રિયજ્ઞાનથી જાણે છે, એને જ મનઃપર્યવજ્ઞાની તે મનુષ્યપર્યાયના પ્રશ્નમાં (વિચારમાં) પ્રવર્તતા સંજ્ઞીજીવમાં રહેલા મનોદ્રવ્યને જોઈને અનુમાનથી જ જાણે છે, અને કેવલજ્ઞાની તો અત્યન્ત વિશુદ્ધ કેવલજ્ઞાનથી જાણે છે. પોતપોતાના સામર્થ્ય મુજબ વિષયનો બોધ થતો હોવાથી આ બધામાં જેમ વિપ્રતિપત્તિત્વ=વિરુદ્ધ પ્રતિપત્તિત્વ નથી એમ નયજ્ઞાનોમાં પણ જાણવું - એવો અર્થ છે. બીજા કેટલાક આ તત્ત્વાર્થસૂત્ર-ભાષ્યવચનની વ્યાખ્યા આવી કરે છે કે-મતિ વગેરે જ્ઞાનો બહુ-બહુતરાદિપર્યાયોના ગ્રાહક હોવાથી પરસ્પર વિશેષતા ધરાવતા હોય છે, પણ વિપ્રતિપત્તિરૂપ હોતા નથી, એ જ રીતે નયવાદો પણ પરસ્પર વિશેષતા ધરાવતા હોવા છતાં વિપ્રતિપત્તિરૂપ હોતા નથી."*

અહીં આવો અભિપ્રાય છે-મતિજ્ઞાનથી જે અને જેટલા પર્યાયો જણાય છે, સામાન્યથી તેની અપેક્ષાએ શ્રુતજ્ઞાનથી જુદા અને અધિક પર્યાયો જણાય છે, કારણ કે શ્રુતજ્ઞાન

द्ग्राह्यपर्यायापेक्षयाऽवधिज्ञानग्राह्याणां तेषां भिन्नत्वमाधिक्यञ्च, प्रत्यक्षतया विशदत्वात् । तदपेक्षया मनःपर्यायज्ञानग्राह्याणां तेषां व्यतिरिक्त्वमाधिक्यञ्च, पटुक्षयोपशमजन्यत्वात् । तदपेक्षया सर्वपर्यायग्राहिकेवलज्ञानग्राह्याणां पर्यायाणां पृथक्त्वमाधिक्यञ्च स्पष्टमेव । तथापि यथा नात्र विप्रतिपत्तिस्तथैव नयवादानामिति । अन्यकृतव्याख्यानं तु स्पष्टमेव ।

**न चैक**विषये प्रवर्तमानानामेषां नैगमादीनां मिथो विलक्षणत्वादेव 'अयं स्थाणुः' 'अयं पुरुषः' इत्यादिप्रतीतीनामिव विप्रतिपत्तित्वमित्या**शङ्कनीयं**, व्यभिचारात् । स्वविषयस्य सन्निकर्षलिङ्गसादृश्यपदवृत्त्यादिना नियतपरिच्छेदकत्वाद्यथा प्रत्यक्षादीनां विषयाभेदेऽपि सामग्रीभेदाद् मिथो विलक्षणत्वं, न च विप्रतिपत्तित्वं, तथैव नयवादानामपि न तदित्यर्थः । यद्वैकशब्दजन्यानामपि शक्य-लक्ष्य-व्यङ्ग्यार्थप्रतीतीनां वृत्तिभेदाद् मिथो विलक्षणत्वेऽपि यथा

---

ત્રિકાળવિષયક હોય છે. વળી એના કરતાં પણ અવધિજ્ઞાનના વિષય બનનાર પર્યાયો અલગ અને વધુ હોય છે, કારણ કે અવધિજ્ઞાન પ્રત્યક્ષ હોવાથી વિશદ હોય છે. વળી એના કરતાં પણ મનઃપર્યાયજ્ઞાનથી જણાતા પર્યાયો ભિન્ન અને વધારે હોય છે, કારણ કે મનઃપર્યાયજ્ઞાન પટુક્ષયોપશમજન્ય હોય છે અને એની અપેક્ષાએ સર્વપર્યાયગ્રાહી કેવલજ્ઞાનગ્રાહ્ય પર્યાયો પૃથગ્ અને અધિક હોય છે એ તો સ્પષ્ટ જ છે. છતાં પણ જેમ આ બધા જ્ઞાનો પરસ્પર વિપ્રતિપત્તિરૂપ નથી, એમ જ નયવાદો અંગે જાણવું. બીજાઓએ કરેલી વ્યાખ્યા તો સ્પષ્ટ જ છે.

**શંકા** - એક જ વિષયમાં પ્રવર્તતા એવા પણ આ નૈગમાદિ નયોનો બોધ પરસ્પર વિલક્ષણ હોવાથી જ વિપ્રતિપત્તિરૂપ છે, જેમકે એક જ ઠૂંઠા અંગે પ્રવર્તેલી 'આ ઠુંઠું છે' 'આ પુરુષ છે' વગેરે પ્રતીતિઓ.

**સમાધાન** - પરસ્પર વિલક્ષણ હોવારૂપ તમે આપેલ હેતુ વ્યભિચારી હોવાથી આવી શંકા કરવા જેવી નથી. પ્રત્યક્ષ પોતાના વિષયનો સન્નિકર્ષ દ્વારા બોધ કરે છે. અનુમિતિ લિંગ દ્વારા, ઉપમિતિ સાદૃશ્ય દ્વારા અને શાબ્દબોધ પદવૃત્તિ વગેરે દ્વારા એના એ જ વિષયનો નિયત બોધ કરે છે. આમ પ્રત્યક્ષાદિ બોધો વિષયભેદ ન હોવા છતાં સામગ્રીભેદ હોવાથી પરસ્પર વિલક્ષણ હોય છે ને છતાં વિપ્રતિપત્તિરૂપ હોતા નથી. (માટે તમારો હેતુ વ્યભિચારી છે). એ જ રીતે, નયવાદો અંગે પણ જાણવું. અથવા એક શબ્દજન્ય એવી પણ શક્યાર્થની-લક્ષ્યાર્થની અને વ્યંગ્યાર્થની ઉપસ્થિઓ શક્તિ-લક્ષણા-વ્યંજનારૂપ વૃત્તિઓનો ભેદ હોવાથી પરસ્પર વિલક્ષણ હોવા છતાં જેમ વિપ્રતિપત્તિરૂપ

न विप्रतिपत्तित्वं, तथा नयधियामपि स्वस्वार्थवृत्ति-तदितरोपचाराभ्यां मिथो विलक्षणत्वेऽपि न विप्रतिपत्तित्वमिति ॥३॥

तदेवं नयानामध्यवसायरूपत्वं पुरस्कृत्य नयप्रमाणयोर्भेदो व्युत्पादितः । शास्त्रेषु तु नयजन्योपदेशे नयपदमुपचर्य *'उवएसो सो णओ णाम'* त्ति (आव. नि. १०५४) तथा *'जावइया वयणपहा तावइया चेव हुंति णयवाय'* (सम्मति० ३/४७) त्ति वचनाद् नयानां वचनरूपत्वमपि प्रतिपादितं दृश्यते । अतस्तत्पुरस्कृत्य तयोर्भेदव्युत्पादनाय **नयोपदेश**गतां गाथामेवोपन्यस्यति-

**सप्तभङ्ग्यात्मकं वाक्यं प्रमाणं पूर्णबोधकृत् ।**
**स्यात्पदादपरोल्लेखि वचो यच्चैकधर्मगम् ॥४॥**

सप्तभङ्ग्यात्मकं वाक्यं प्रमाणं, (यतः) पूर्णबोधकृत् (वर्तते), यच्च स्यात्पदादपरोल्लेखि एकधर्मगं वचः (तदपि प्रमाणम्) इत्यत्रान्वयः । अत्र पूर्वार्धेन श्रीमद्**यशोविजया**भिप्रेतं

---

હોતી નથી એમ નયજ્ઞાનો અંગે જાણવું. એમાં તે તે નય પોતપોતાના અર્થને વૃત્તિ (શક્તિ)દ્વારા જાણે છે અને તદિતરાંશને ઉપચારથી જાણે છે. (જેમકે દ્રવ્યાર્થિકનય દ્રવ્ય-અભેદસંબંધ વગેરે રૂપ પોતાના વિષયને શક્તિથી જાણે-જણાવે છે અને તદિતરને પર્યાયભેદસંબંધ વગેરેને એ ઉપચારથી=લક્ષણાથી જાણે-જણાવે છે. આ માટે દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ પાંચમી ઢાળની બીજી ગાથા અને એનો ટબો જોવો). આમ શક્તિ-લક્ષણાના કારણે નયજ્ઞાનોમાં વિલક્ષણતા ભલે હોય, પણ વિપ્રતિપત્તિત્વ હોતું નથી. ॥૩॥ આમ નયોને અધ્યવસાયરૂપ = જ્ઞાનરૂપ સ્વીકારીને નય અને પ્રમાણનો ભેદ સ્પષ્ટ કર્યો. શાસ્ત્રોમાં તો નયજ્ઞાનજન્ય ઉપદેશમાં = વચનપ્રયોગમાં 'નય'પદનો ઉપચાર કરીને નયોને વચનરૂપે પણ જણાવ્યા છે. જેમકે આવશ્યકનિર્યુક્તિ(૧૦૫૪)માં *'તે ઉપદેશ નય છે'* એમ જણાવ્યું છે. **સમ્મતિતર્કપ્રકરણ**માં (૩/૪૭) પણ જણાવ્યું છે કે *'જેટલા વચનપથો છે એટલા નયવાદ છે.'* એટલે હવે નયોના વચનાત્મકત્વને નજરમાં રાખીને પ્રમાણ અને નય વચ્ચેના ભેદને સ્પષ્ટ કરવા માટે **નયોપદેશ** ગ્રન્થની જ ગાથાનો ઉલ્લેખ કરે છે.

**ગાથાર્થ** - સપ્તભંગી વાક્ય પ્રમાણ હોય છે, કારણ કે પૂર્ણબોધ કરાવે છે. તથા જે એક ધર્મને જણાવનાર હોવા છતાં 'સ્યાત્' પદથી અન્ય ધર્મનો પણ (અર્થથી) ઉલ્લેખ કરનાર હોય છે. એવું વાક્ય પણ પ્રમાણ છે.

प्रमाणवाक्यलक्षणं ज्ञेयम्, उत्तरार्धेन तु **श्रीमलयगिरि**सूर्यभिप्रेतं तद् । नयवाक्यलक्षणं तु ततोऽर्थतो ज्ञेयमिति ।

*सप्तेति-सप्तभङ्ग्यात्मकं=स्यादस्त्येव स्यान्नास्त्येवेत्यादिकं वाक्यं प्रमाणं, यतः पूर्णबोधकृत्=सप्तविधजिज्ञासानिवर्तकशाब्दबोधजनकतापर्याप्तिमत्, तदाहुः-स्यादस्त्येव सर्वमिति विधिकल्पनया प्रथमो भङ्गः १, स्यान्नास्त्येव सर्वमिति निषेधकल्पनया द्वितीयो भङ्गः २, स्यादस्त्येव स्यान्नास्त्येवेति क्रमतो विधिनिषेधकल्पनया तृतीयो भङ्गः ३, स्यादवक्तव्यमेवेति युगपद्विधिनिषेधकल्पनया चतुर्थः ४, स्यादस्त्येव स्यादवक्तव्यमेवेति विधिकल्पनया युगपद्विधि-निषेधकल्पनया च पञ्चमः ५, स्यान्नास्त्येव स्यादवक्तव्यमेवेति निषेधकल्पनया युगपद्विधि-*

---

ગાથાનો અન્વય અને અન્વયાર્થ સરળ છે. આમાં પૂર્વાર્ધથી પ્રથમ જે લક્ષણ કહ્યું છે તે શ્રીમદ્યશોવિજયજી મહારાજને માન્ય પ્રમાણવાક્યનું લક્ષણ છે, અને ઉત્તરાર્ધથી બીજું જે લક્ષણ જણાવ્યું છે તે શ્રીમદ્ મલયગિરિસૂરિ મહારાજને માન્ય પ્રમાણવાક્યનું લક્ષણ છે. નયવાક્યનું લક્ષણ તો અર્થથી = અર્થાપત્તિથી જાણી લેવું.

નયોપદેશની વૃત્તિમાં આનો વિવેચનઅધિકાર આવો છે - *સ્યાદસ્ત્યેવ, સ્યાન્નાસ્ત્યેવ વગેરે સપ્તભંગ્યાત્મક વાક્ય પ્રમાણ છે, કારણ કે સંપૂર્ણ બોધ કરાવનાર છે = સાત પ્રકારની જિજ્ઞાસાને સંતોષે એવા શાબ્દબોધની કારણતાની પર્યાપ્તિવાળું છે. (જ્યારે એક વસ્તુ અનેકમાં રહેતી હોય ત્યારે એ અનેક ભેગા થાય તો જ એ પર્યાપ્તપણે રહી શકે છે. જેમકે દ્વિત્વ... બે ઘડા હોય તો જ એ રહી શકે. એક ઘડામાં નહીં. પ્રસ્તુતમાં કથિત શાબ્દબોધની કારણતા સાતભંગસ્વરૂપ સાત વાક્યોના સમૂહમાં જ રહી શકે છે, ૬-૫ વગેરે વાક્યોમાં પણ નહીં. માટે કહેવાય છે કે એ કારણતાની પર્યાપ્તિ એ વાક્યસમૂહમાં રહી છે ને તેથી એ વાક્યસમૂહ પર્યાપ્તિમત્ છે.) એ પર્યાપ્તિવાળું છે, માટે બધી જિજ્ઞાસાઓને સંતોષે છે. કોઈ જ જિજ્ઞાસા અધૂરી રહેતી નથી... માટે એ પૂર્ણબોધ કરાવનાર છે. આ સપ્તભંગી માટે કહ્યું જ છે કે - સ્યાદસ્ત્યેવ સર્વં... એ વિધિકલ્પનાથી પ્રથમભંગ છે. ૧. સ્યાન્નાસ્ત્યેવ સર્વં એ નિષેધકલ્પનાથી બીજો ભંગ છે. ૨. સ્યાદસ્ત્યેવ-સ્યાન્નાસ્ત્યેવ એ ક્રમશઃ વિધિ-નિષેધ કલ્પનાથી મળતો ત્રીજો ભંગ છે. ૩. સ્યાદવક્તવ્ય એવ એ યુગપદ્વિધિ-નિષેધ કલ્પનાથી ચોથો ભંગ મળે છે. ૪. સ્યાદસ્ત્યેવ-સ્યાદવક્તવ્ય એવ એ વિધિકલ્પના અને યુગપદ્વિધિ-નિષેધકલ્પનાથી મળતો પાંચમો ભંગ છે. ૫. સ્યાન્નાસ્ત્યેવ-સ્યાદવક્તવ્ય એવ એ નિષેધકલ્પના અને યુગપદ્વિધિ-નિષેધકલ્પનાથી મળતો*

*निषेधकल्पनया च षष्ठः ६, स्यादस्त्येव स्यान्नास्त्येव स्यादवक्तव्यमेवेति क्रमतो विधिनिषेधकल्पनया युगपद्विधिनिषेधकल्पनया च सप्तमः ७ इति। एते च विधिनिषेध-प्रकारापेक्षया प्रतिपर्यायं वस्तुनि सप्तैव भङ्गाः, धर्मभेदेनानन्तसप्तभङ्गीसम्भवेऽपि प्रतिधर्मं सप्तानामेव भावात्, अयं च नियमः प्रतिपर्यायं प्रतिपाद्यपर्यनुयोगानां सप्तानामेव सम्भवात्, तेषामपि सप्तत्वं सप्तविधतज्जिज्ञासानियमात्, तस्या अपि सप्तविधत्वं, सप्तधैव तत्सन्देह-समुत्पादात्, तस्यापि सप्तप्रकारत्वनियमः, स्वगोचरवस्तुधर्माणां सप्तविधत्वस्यैवोपपत्तेरितीति* **नयोपदेशगतो**ऽधिकारः । भङ्गानां सप्तत्वमेव कथमित्यादिकं तर्कदृष्टान्तपुरस्सरं विस्तरतः स्पष्टीकृतं मया **सप्तभङ्गीविंशिकाया**मिति तदर्थिना सैव विलोकनीया ।

तथा, तत्रैव **नयोपदेशे**ऽग्र एवमधिकारः प्राप्यते - *अत्र सप्तभङ्ग्यामित्थं नयविभागमुपदिशन्ति* **श्री सिद्धसेनदिवाकरपादाः** -

*एवं सत्तविअप्पो वयणपहो होइ अत्थपज्जाए ।*
*वंजणपज्जाए पुण सविअप्पो णिव्विअप्पो अ ॥ सम्मति १/४१ ॥*

---

*છઠ્ઠો ભંગ છે. ૬. સ્યાદસ્ત્યેવ-સ્યાન્નાસ્ત્યેવ-સ્યાદવક્તવ્ય એવ... એ વિધિકલ્પના-નિષેધકલ્પના અને યુગપદ્વિધિનિષેધકલ્પનાથી મળતો સાતમો ભંગ છે. ૭. વિધિનિષેધ પ્રકારોની અપેક્ષાએ આ પ્રતિપર્યાય = તે તે ધર્મ અંગે વસ્તુમાં સાત ભંગ જ મળે છે. કારણ કે અલગ-અલગ ધર્મની અપેક્ષાએ અનંત સપ્તભંગી સંભવિત હોવા છતાં એક-એક ધર્મ અંગે તો સાત ભંગ જ સંભવે છે. એક-એક ધર્મ અંગે આપવાના ઉત્તરો સાત જ સંભવતા હોવાથી આ સાત જ ભંગ હોવાનો નિયમ છે. વળી ઉત્તરો પણ સાત જ જે સંભવે છે, તે પણ જિજ્ઞાસા સાત પ્રકારની જ હોવાનો નિયમ હોવાથી છે. વળી જિજ્ઞાસા પણ સાત પ્રકારની જ એટલા માટે હોય છે કે એના સંદેહ પણ સાત પ્રકારે જ ઉદ્ભવે છે. સંદેહ પણ સાત પ્રકારે જ ઉદ્ભવવાનો નિયમ એટલા માટે છે કે સ્વવિષયભૂતવસ્તુધર્મો સાત પ્રકારના જ હોવા સંગત છે."* આ નયોપદેશગ્રન્થનો અધિકાર છે. ભંગ સાત પ્રકારના જ કેમ હોય છે ? વગેરે વાતને મેં **'સપ્તભંગીવિંશિકા'** ગ્રન્થમાં તર્ક અને દૃષ્ટાન્ત સાથે વિસ્તારથી સ્પષ્ટ કરેલી છે. માટે એના જિજ્ઞાસુએ એ ગ્રન્થનું જ અવગાહન કરવા ભલામણ છે.

તથા, **નયોપદેશમાં** ત્યાં જ આગળ આ પ્રમાણે અધિકાર છે-*"**શ્રીસિદ્ધસેનદિવાકર** સૂરિમહારાજે આ સપ્તભંગીમાં આ રીતે નયવિભાગ દર્શાવ્યો છે - આ પ્રમાણે અર્થપર્યાયમાં*

एवं = अनन्तरोक्तप्रकारेण सप्तविकल्पः = सप्तभेदो वचनपथो भवति अर्थपर्याये = अर्थनये सङ्ग्रह-व्यवहार-ऋजुसूत्रलक्षणे, तत्र प्रथमो भङ्गः सङ्ग्रहे सामान्यग्राहिणि, द्वितीयस्तु नास्तीत्ययं व्यवहारे विशेषग्राहिणि, ऋजुसूत्रे तृतीयः, चतुर्थः सङ्ग्रह-व्यवहारयोः पञ्चमः सङ्ग्रहर्जुसूत्रयोः, षष्ठो व्यवहारर्जुसूत्रयोः, सप्तमः सङ्ग्रह-व्यवहारर्जुसूत्रेष्विति । प्रयोगश्चैतैश्चतुर्थतृतीययोर्व्यत्ययेनेष्यते, इति न तृतीये ऋजुसूत्रयोजनाऽनुपपत्तिः ।

तथा तत्रैव कियदन्तरे- व्यञ्जनपर्याये=शब्दनये पुनः सविकल्पः प्रथमे (प्रथमे शब्दनये पुनः सविकल्पः), पर्यायशब्दवाच्यताविकल्पसद्भावादर्थस्यैकत्वाच्च, द्वितीयतृतीययोर्निर्विकल्पश्च, द्रव्यार्थात् सामान्यलक्षणान्निर्गतस्य पर्यायरूपस्य विकल्पस्याभिधायकत्वात्तयोः । तथा च घटो नाम घटवाचकयावच्छब्दवाच्यः शब्दनयेऽस्त्येव, समभिरूढैवंभूतयोर्नास्त्येवेति द्वौ भङ्गौ लभ्येते । लिङ्गसंज्ञाक्रियाभेदेन भिन्नस्यैकशब्दावाच्यत्वात् शब्दादिषु तृतीयः । प्रथमद्वितीयसंयोगे

---

સાત પ્રકારનો વચનપથ હોય છે. પણ વ્યંજનપર્યાયમાં તો સવિકલ્પ અને નિર્વિકલ્પ એમ બે પ્રકારે જ એ હોય છે. (સમ્મતિ૦ ૧/૪૧). (નયોપદેશમાં આપેલ આની વૃત્તિ) અર્થપર્યાયમાં=અર્થનયમાં=સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્રનયોમાં સાત પ્રકારે વચનપથ હોય છે. એમાં પ્રથમ ભંગ સામાન્યગ્રાહી સંગ્રહનયમાં આવે છે. બીજો નાસ્તિ એવો ભંગ વિશેષગ્રાહી વ્યવહારનયમાં સંગત છે. ઋજુસૂત્રમાં ત્રીજો, સંગ્રહ-વ્યવહારમાં ચોથો, સંગ્રહ-ઋજુસૂત્રમાં પાંચમો, વ્યવહાર-ઋજુસૂત્રમાં છટ્ઠો અને સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્રમાં સાતમો ભંગ સમજવો. જો કે ઉપર જે સાત ભંગ કહ્યા છે એમાં સ્યાદવક્તવ્ય એ ચોથો ભંગ હોવાથી ઋજુસૂત્રમાં ચોથા ભંગનો સમવતાર કહેવો જોઈએ. પણ આ નયો ચોથા-ત્રીજા ભંગનો પ્રયોગ વ્યત્યયથી = ત્રીજા-ચોથા ક્રમે માને છે માટે ત્રીજા ભંગમાં ઋજુસૂત્રને કહેવામાં કોઈ અસંગતિ નથી."

તથા ત્યાં જ થોડું આગળ આ પ્રમાણે કહ્યું છે - "વ્યંજનપર્યાયમાં = શબ્દનયોમાં પ્રથમ શબ્દનયમાં સવિકલ્પ વચનપથ છે, કારણ કે પર્યાયવાચી શબ્દોથી વાચ્યતારૂપ વિકલ્પ સંમત છે, અને અર્થ એક જ છે. પણ બીજા-ત્રીજા (= સમભિરૂઢ-એવંભૂતનયમાં) વચનપથ નિર્વિકલ્પ છે=વિકલ્પ-પ્રકાર વિનાના છે, કારણ કે આ બન્ને નયો સામાન્યસ્વરૂપ દ્રવ્યાર્થમાંથી નીકળી ગયેલા પર્યાયરૂપ વિકલ્પને કહેનારા છે. એટલે, શબ્દનયમાં ઘટ ઘટવાચક 'કુંભ' વગેરે બધા શબ્દોથી વાચ્ય છે જ, અને સમભિરૂઢ-એવંભૂતનયમાં એ એનાથી વાચ્ય નથી જ, આમ બે ભંગ મળે છે. લિંગ-સંજ્ઞા-ક્રિયાભેદે ભિન્ન એવો અર્થ એક શબ્દથી અવાચ્ય હોવાથી શબ્દાદિ ત્રણે નયોમાં ત્રીજો ભંગ મળે છે. પહેલા-બીજાને

*चतुर्थः, तेष्वेव चानभिधेयसंयोगे पञ्चम-षष्ठ-सप्तमवचनमार्गाः सम्भवन्ति । अथवा शब्दनये पर्यायान्तरसहिष्णौ सविकल्पो वचनमार्गस्तदसहिष्णौ तु निर्विकल्प इति द्वावेवभङ्गौ, अव्यक्तभङ्गस्तु व्यञ्जननये न सम्भवत्येव, श्रोतरि शब्दोपरक्तार्थबोधनस्यैव तत्प्रयोजनत्वात्, अव्यक्तबोधनस्य च तन्नये सम्प्रदायविरुद्धत्वेन तथा बुबोधयिषाया एवासम्भवादित्यधिकमस्मत्कृता*__नेकान्तव्यवस्थायाम्__ ।

अनेकान्तव्यवस्थायां महोपाध्यायैरस्यां व्याख्यायां स्वकीयोऽस्वरसः सूचितः, व्याख्यान्तरं च दत्तम् ।

यद्यप्यत्र **सम्मति**मूलगाथायां *'अत्थपज्जाए' 'वंजणपज्जाए'* इत्येवं द्वौ शब्दौ वर्तेते, न च क्वचिदपि ग्रन्थे 'पर्याय'इतिशब्दो नयवाचितया प्रयुक्तो दृश्यते, न च तयोः 'अर्थपर्यायः' 'व्यञ्जनपर्यायः' इति यथाश्रुतार्थग्रहणे काऽप्यनुपपत्तिरापतन्ती दृश्यते, प्रत्युत विनापि कयाचित् क्लिष्टकल्पनया सुगमा तर्कपूर्णोपपत्तिरेवोपलभ्यते, तथापि पूर्ववृत्तिकृद्भिर्महात्मभिरनयोः शब्दयोर्यथाक्रमं 'अर्थनये' 'व्यञ्जननये = शब्दनये' इत्यर्थौ यः कृतः स

---

*ભેગા કરવાથી ચોથો ભંગ મળે છે. તેઓમાં=પહેલા-બીજા-ચોથા ભંગમાં અનભિધેય=અવાચ્યને જોડવાથી પાંચમો-છઠ્ઠો અને સાતમો વચનપથ મળે છે. અથવા, પર્યાયવાચી અન્ય શબ્દને સ્વીકારનાર શબ્દનયમાં સવિકલ્પ વચનપથ છે, અને એને ન સ્વીકારનાર નયમાં નિર્વિકલ્પ વચનપથ છે. આમ બે જ ભંગ મળે છે. અવ્યક્તભંગ વ્યંજનનયમાં સંભવતો નથી, કારણ કે શબ્દથી શ્રોતાને ઉપરોક્ત એવો અર્થબોધ કરાવવાનું જ વ્યંજનનયનું પ્રયોજન હોય છે. અવ્યક્ત બોધ કરાવવો એ વ્યંજનનય માટે સંપ્રદાયવિરુદ્ધ હોવાથી એ રીતનો બોધ કરાવવાની ઈચ્છા જ અસંભવિત છે. આ અંગેની વિશેષ વાતો અમારા (શ્રીમદ્ યશોવિજયજી મ.ના) રચેલા* ***અનેકાન્તવ્યવસ્થા*** *ગ્રન્થમાંથી જોઈ લેવી."*

અનેકાન્તવ્યવસ્થા ગ્રન્થમાં તેઓશ્રીએ આ વ્યાખ્યામાં પોતાનો અસ્વરસ સૂચવ્યો છે, અને બીજી વ્યાખ્યા આપેલી છે.

જો કે પ્રસ્તુતમાં સમ્મતિતર્કપ્રકરણની મૂળગાથામાં *'અત્થપજ્જાએ'* અને *'વંજણપજ્જાએ'* એવા બે શબ્દો રહેલા છે. વળી કોઈ જ ગ્રન્થમાં 'પર્યાય' શબ્દ નયના વાચકરૂપે વપરાયેલો જોવા મળતો નથી. તથા આ બે શબ્દનો 'અર્થપર્યાય' અને 'વ્યંજનપર્યાય' એવો યથાશ્રુત-સીધેસીધો અર્થ લેવામાં કોઈ અસંગતિ આવી પડતી જણાતી નથી. ઉપરથી કોઈપણ જાતની ક્લિષ્ટકલ્પનાઓ કે જુદી જુદી વ્યાખ્યાઓ કર્યા વિના જ તર્કપૂર્ણ સરળ સંગતિ થઈ જાય છે. છતાં પણ પૂર્વના વૃત્તિકાર મહાત્માઓએ

किमर्थमिति न ज्ञायते ।

यथाश्रुतार्थानुसरणे तु सम्मतिमूलगाथाया एवमर्थः प्राप्यते-एवं = पूर्वोक्तप्रकारेण सप्तविकल्पः = सप्तप्रकारो वचनपथो भवत्यर्थपर्याये । व्यञ्जनपर्याये पुनः स द्विप्रकार एव, सविकल्पो विधिरूप इत्यर्थः, निर्विकल्पश्च निषेधरूपश्चेत्यर्थः ।

तत्र कम्बुग्रीवादिमतोऽर्थस्य यतो रक्तत्वं धर्मोऽतः स हस्तवस्त्रादीनि रक्तीकरोति, तथा तस्य वृत्तत्वं यतो धर्मोऽतः स वृत्ताकृत्यालेखनं करोति । इत्येवं तस्य यो यो धर्मो धर्मधर्मिणोरभेदविवक्षयाऽर्थक्रियाकारी स स तस्यार्थपर्याय इति व्युत्पत्त्या रक्तवृत्तत्वादयोऽर्थ-पर्यायतया प्राप्यन्ते ।

तथा तस्मिन् कम्बुग्रीवादिमत्यर्थे घटपदवाच्यत्व-रक्तपदवाच्यत्वादयो धर्मा अपि वर्तन्ते, अन्यथा घटादिपदात् तस्योपस्थित्यभावप्रसङ्गात् । अतो घटपदवाच्यत्वादीनामपि पर्यायत्वं मन्तव्यमेव, वस्तुधर्मस्य पर्यायत्वनियमात् । न चैतेषां धर्माणां किञ्चिदप्यर्थक्रियाकारित्वं

---

આ બે શબ્દોનો યથાક્રમ અર્થનય અને વ્યંજનનય = શબ્દનય આવો જે અર્થ કર્યો છે તે શા માટે કર્યો છે ? એ જણાતું નથી.

સીધેસીધો અર્થ લેવામાં આવે તો સમ્મતિતર્કની એ મૂળગાથાનો અર્થ આવો મળે છે - એવં = ઉપર કહ્યા મુજબ સપ્તવિકલ્પ = સાત પ્રકારનો વચનપથ અર્થપર્યાય અંગે હોય છે. પણ વ્યંજનપર્યાય અંગે એ બે પ્રકારનો જ હોય છે - સવિકલ્પ = વિધિરૂપ અને નિર્વિકલ્પ = નિષેધરૂપ.

કમ્બુગ્રીવાદિમાન્ પદાર્થનો રક્તત્વ = રક્તવર્ણ એ ધર્મ છે, ને એના કારણે એ હાથ-વસ્ત્ર વગેરેને લાલ કરે છે. એમ એનો વૃત્તત્વ એ ધર્મ છે, ને તેથી એના દ્વારા વૃત્તાકૃતિ દોરી શકાય છે. આમ એનો જે જે ધર્મ, ધર્મ-ધર્મીનો અભેદ સમજીને અર્થક્રિયાકારી હોય છે તે તે ધર્મ એ પદાર્થનો અર્થપર્યાય છે. (અર્થ=પ્રયોજન... અર્થને= પ્રયોજનને સાધી આપનાર પર્યાય એ અર્થપર્યાય - આવી વ્યુત્પત્તિ સમજી શકાય છે.)

તથા, એ કમ્બુગ્રીવાદિમાન્ પદાર્થમાં 'ઘટ'પદવાચ્યત્વ-'રક્ત'પદવાચ્યત્વ વગેરે ધર્મો પણ રહેલા છે, નહીંતર તો 'ઘટ' વગેરે પદથી એની ઉપસ્થિતિ થઈ શકે નહીં. તેથી 'ઘટ'પદવાચ્યત્વ વગેરેને પણ એના પર્યાય માનવા જ પડે છે, કારણ કે 'વસ્તુના જે કોઈ ધર્મ હોય એ એના પર્યાય હોય જ' આવો નિયમ છે. પણ આ ધર્મોનું કોઈપણ અર્થક્રિયાકારિત્વ સંભવતું નથી, માટે તેઓને અર્થપર્યાય કહી શકાતા નથી. છતાં તે

सम्भवतीति न तेऽर्थपर्यायतया व्यवहर्तुं शक्याः । तथापि ते पर्याया घटादिपदेन तदभिव्यक्तावुपयुज्यन्त एवातो व्यञ्जनपर्याया उच्यन्ते, 'व्यज्यते = प्रकटीक्रियते = बोध्यतेऽर्थोऽनेन पर्यायेणेति व्यञ्जनपर्यायः' इति व्युत्पत्त्याश्रयणात् । अत एव न्यायविशारदैः श्रीमद्यशोविजयवाचकवरैः स्वोपज्ञस्य गूर्जरभाषानिबद्धस्य **'द्रव्य-गुण-पर्यायनो रास'** इत्याख्यस्य ग्रन्थस्य चतुर्थाया ढालिकायास्त्रयोदश्याया गाथायाः स्तबके **श्रीसम्मतितर्क-प्रकरणस्य** प्रस्तुतायाः *'एवं सत्तविअप्पो'* इत्यादिगाथाया व्याख्यानावसरे *'व्यञ्जनपर्याय जे घटकुम्भादिशब्दवाच्यता'* इत्यनेन वाक्यखण्डेन घटकुम्भादिशब्दवाच्यताया व्यञ्जनपर्यायत्वमुक्तम् । तथा **नयोपदेशेऽपि** पदवाच्यताया व्यञ्जनपर्यायत्वं कथितम् । तदधिकारोऽग्रे (पृ. ४४) द्रष्टव्यः। एतेषां च घटादिशब्दवाच्यतालक्षणानां व्यञ्जनपर्यायाणां मिथः सम्मीलनं यतोऽशक्यं भवति, अतस्तत्र तृतीयादयो भङ्गा न सम्भवन्तीति व्यञ्जनपर्याये द्वावेव भङ्गौ कथिताविति ज्ञेयम् ।

अवादिषं तत् शङ्कापुरस्सरं **सप्तभङ्गीविंशिकायाम्** -

*सप्तधैवेति सर्वत्र भङ्गा नूनमसङ्गतम् ।*
*द्विधा व्यञ्जनपर्याय इत्युक्तं ननु सम्मतौ ॥१६॥*

---

પર્યાયો 'ઘટ' વગેરે પદ દ્વારા તે પદાર્થની અભિવ્યક્તિ કરવામાં ઉપયોગી તો બને જ છે. માટે એ વ્યંજનપર્યાય કહેવાય છે. કારણ કે 'વ્યક્ત કરાય=પ્રકટ કરાય=જણાય પદાર્થ જે પર્યાય વડે તે વ્યંજનપર્યાય...' આવી વ્યુત્પત્તિ અહીં અભિપ્રેત છે. એટલે જ ન્યાયવિશારદ શ્રીમદ્**યશોવિજયજી** વાચકવરે સ્વોપજ્ઞ-ગુજરાતી ભાષામાં રચિત **'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ'** નામના ગ્રન્થની ચોથી ઢાળની તેરમી ગાથાના ટબામાં શ્રી સમ્મતિતર્ક-પ્રકરણની પ્રસ્તુત *'એવં સત્તવિઅપ્પો...'* ગાથાની વ્યાખ્યાપ્રસંગે *'વ્યંજનપર્યાય જે ઘટ-કુંભાદિશબ્દવાચ્યતા'* એવા કથન દ્વારા ઘટ-કુંભાદિશબ્દવાચ્યતાને વ્યંજનપર્યાય તરીકે કહેલ છે. તથા **નયોપદેશ**માં પણ *'પદવાચ્યતા એ વ્યંજનપર્યાય છે'* એમ કહેલ છે, એનો અધિકાર આગળ (પૃ. ૪૪) આપેલો છે.

આ 'ઘટાદિ'પદવાચ્યતારૂપ વ્યંજનપર્યાયોનું પરસ્પર સંમીલન(=મિશ્રણ) થઈ શકતું નથી, માટે વ્યંજનપર્યાય અંગે ત્રીજા વગેરે પ્રકારે ભંગ મળતા નથી. તેથી વ્યંજનપર્યાયમાં બે જ ભંગ મળવા કહ્યા છે. આ વાતને મેં **સપ્તભંગીવિંશિકા** ગ્રન્થમાં આ રીતે શંકાપૂર્વક કહેલી છે - *"**શંકા** - બધે સાત જ ભંગ મળે છે આવો નિયમ અસંગત છે, કારણ કે સમ્મતિતર્કપ્રકરણમાં વ્યંજનપર્યાયમાં બે જ ભંગ કહેલ છે. ॥૧૬॥* **સમાધાન**

*आधिक्यासम्भवात्तत्र तदुक्तमिति मन्यताम् ।*

*सप्तत्वनियमस्तत्र प्रोक्तोऽर्थपर्ययेषु हि ॥१७॥*

*पदेन वाच्यता या स्यात् सैव व्यञ्जनमुच्यते ।*

*सम्मीलनं यतोऽशक्यमिति नाधिक्यसम्भवः ॥१८॥*

*अर्थस्य व्यञ्जनस्यापि दूरमत्यन्तमन्तरम् ।*

*स्वरूपांशत्वमर्थस्य नान्यस्येति विचिन्त्यताम् ॥१९॥* इति । निःशङ्कसुलभबोधार्थं तद्विषयो विस्तरो तद्वृत्तित एव ज्ञातव्य इति ।

अत्र सप्रसङ्गं मेऽन्तस्तोषं व्यक्तीकरोमि –

**सम्मतितर्क**प्रकरणस्य **एवं सत्तविअप्पो...** त्तिगाथाया व्याख्या तद्वृत्तौ त्वस्त्येव, न्यायविशारदानां श्रीमतां **यशोविजयवाचकानां** 'अनेकान्तव्यवस्थाप्रकरण'-'नयोपदेशा'-दिग्रन्थेष्वप्यस्त्येव। सर्वत्र अत्थपज्जाए=अर्थनये, वंजणपज्जाए=व्यञ्जननये=शब्दनये इत्येवं कृतोऽर्थ उपलभ्यत एव । एवंप्रकारया व्याख्यया यथाऽन्तःकरणं निःशङ्कं स्यात्तथाऽर्थसङ्गतिः

---

*-તત્ર=વ્યંજનપર્યાયમાં અધિકભંગનો અસંભવ હોવાથી એ પ્રમાણે કહેલું છે, એમ માનવું જોઈએ. સાત ભંગ હોવાનો જે નિયમ છે તે અર્થપર્યાય અંગે જ કહેલો છે. ॥૧૭॥ પદાર્થમાં રહેલ પદની વાચ્યતા એ જ વ્યંજનપર્યાય છે. આ વ્યંજનપર્યાયોનું સંમીલન અશક્ય હોય છે, માટે એમાં અધિકભંગનો સંભવ નથી. ॥૧૮॥ અર્થપર્યાય અને વ્યંજનપર્યાય વચ્ચે ખાસ્સો ફરક છે. અર્થપર્યાયો વસ્તુસ્વરૂપના અંશભૂત હોય છે, વ્યંજનપર્યાયો એવા હોતા નથી, આ વાતને સૂક્ષ્મતાથી વિચારવી. ॥૧૯॥* આ વાતોનો નિઃશંક સરળ બોધ થાય એ માટે આ અંગેનો વિસ્તાર **સપ્તભંગીવિંશિકાની સ્વોપજ્ઞવૃત્તિમાંથી** જ જાણી લેવો.

અહીં સપ્રસંગ મારા મનના એક સંતોષને-આનંદને જણાવવાની રજા લઉં છું-સમ્મતિતર્કપ્રકરણની 'એવં સત્તવિઅપ્પો...' ગાથાની વ્યાખ્યા એની વૃત્તિમાં છે જ. ન્યાયવિશારદ શ્રીમદ્યશોવિજયજી વાચકના 'અનેકાન્તવ્યવસ્થાપ્રકરણ' 'નયોપદેશ'વગેરે ગ્રન્થોમાં પણ એની વ્યાખ્યા કરેલી જોવા મળે છે. બધે અર્થપર્યાય = અર્થનય, વ્યંજનપર્યાય = શબ્દનય આવો કરેલો અર્થ તો મળે જ છે. આવો અર્થ લઈએ તો, જેનાથી અંતઃકરણ નિઃશંક થાય એવી અર્થસંગતિ શી રીતે કરવી ? એની અનુપ્રેક્ષા દરમ્યાન મને 'વ્યંજનપર્યાય' શબ્દનો અર્થ શબ્દનય ન લેતાં વ્યંજનપર્યાય જ લેવો એવી સ્ફુરણા

कथं कार्या ? इत्यनुप्रेक्षायां मेऽन्तःकरणे 'वंजणपज्जाए' इत्यस्य व्यञ्जनपर्याय एवार्थो ग्राह्यो न तु शब्दनय इति स्फुरितम् । स चेद् व्यञ्जनपर्याय एव ग्राह्यस्तर्हि 'अत्थपज्जाए'- इत्यस्यापि 'अर्थपर्यायः' इत्येवार्थो ग्राह्य इति तु स्पष्टमेव । किञ्च 'अर्थ-व्यञ्जनपर्याय'- शब्दयोरपि शास्त्रेषु विविधेषु प्रस्तावेषु विविधा अर्था उपलभ्यन्ते । परन्तु मे मनसि 'अर्थक्रियाकारिपर्यायोऽर्थपर्यायः' 'अर्थनिष्ठा शब्दवाच्यता व्यञ्जनपर्यायः' इति स्फुरितम् । एतत्स्फुरणानुसारेण प्रवृत्तायामनुप्रेक्षायां 'अर्थपर्याये सप्तभङ्ग्याः सप्तापि भङ्गाः प्राप्यन्ते, व्यञ्जनपर्याये च द्वावेव भङ्गौ' इति सम्मतितर्कप्रकरणोक्तस्यार्थस्य निःशङ्कोपपत्तिः प्रतीता । यदि कश्चिच्छास्त्रपाठः प्राप्येत तदा वरमिति भावनायाः प्रभावेण **'द्रव्य-गुण-पर्यायनो रास'** ग्रन्थे 'अत्थपज्जाए'त्तिअस्य 'अर्थपर्यायः' इत्येवार्थः कृतः, 'वंजणपज्जाए'त्ति अस्य च 'व्यञ्जनपर्यायः' इत्येव, न तु क्रमतोऽर्थनयः पर्यायनय इति दृष्टं, तथा तत्र 'व्यंजनपर्याय जे घटकुम्भादिपदवाच्यता' इति पाठः प्राप्तोऽन्तःकरणञ्च प्रमुदितम् । ततश्च तदनुसारेणैव **'द्रव्य-गुण-पर्यायनो रास'** ग्रन्थस्य गूर्जरभाषाबद्धविवेचने **सप्तभङ्गीविंशिका**ग्रन्थस्य स्वोपज्ञायां वृत्तौ च 'व्यञ्जनपर्याये द्वयोरेव भङ्गयोः सम्भवः' इत्यस्यार्थविस्तरो विस्तारितः ।

---

થઈ. વળી એ વ્યંજનપર્યાય જ લેવાનો હોય તો 'અર્થપર્યાય' શબ્દનો અર્થ પણ 'અર્થપર્યાય' જ લેવો જોઈએ એ સ્પષ્ટ છે. વળી 'અર્થપર્યાય' અને 'વ્યંજનપર્યાય' શબ્દોના શાસ્ત્રોમાં જુદા-જુદા અધિકારોમાં જુદા જુદા અર્થ કરેલા જોવા મળે છે. પણ મને 'અર્થક્રિયાકારી પર્યાય એ અર્થપર્યાય' અને 'અર્થમાં રહેલી શબ્દવાચ્યતા એ વ્યંજનપર્યાય' એવી સ્ફુરણા થઈ. આ સ્ફુરણાને અનુસારે ચાલેલી અનુપ્રેક્ષામાં 'અર્થપર્યાયમાં સપ્તભંગીના સાતે ભંગ મળે છે, અને વ્યંજનપર્યાયમાં બે જ ભંગ મળે છે' આ સમ્મતિતર્કપ્રકરણમાં કહેલ વાતની નિઃશંક સંગતિ ભાસી. 'જો કોઈ શાસ્ત્રપાઠ મળી જાય તો સારું' આવી ભાવનાના પ્રભાવે 'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ' ગ્રન્થમાં 'અત્થપજ્જાએ' શબ્દનો 'અર્થપર્યાય' એવો જ અર્થ જોવા મળ્યો, નહીં કે 'અર્થનય', એમ 'વંજણપજ્જાએ' શબ્દનો 'વ્યંજનપર્યાય' એવો જ અર્થ કરેલો જોવા મળ્યો, નહીં કે 'શબ્દનય'. તથા 'વ્યંજનપર્યાય એટલે ઘટકુંભાદિપદવાચ્યતા' એવો અર્થ કરેલો પણ જોવા મળ્યો, જેથી મન ખુશ થઈ ગયું. પછી એને અનુસરીને જ **'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ'** ગ્રન્થના ગુજરાતી વિવેચનમાં તથા **સપ્તભંગીવિંશિકા** ગ્રન્થની સ્વોપજ્ઞવૃત્તિમાં વ્યંજનપર્યાયમાં બે જ ભંગનો સંભવ છે એનો અર્થવિસ્તાર કર્યો.

अधुना नयविंशिकार्थं **नयोपदेश**ग्रन्थस्य केचिदधिकारविशेषा द्विस्त्रिर्वाऽवलोकिताः । तदवलोकने च पञ्चमगाथाया वृत्तौ **सम्मतितर्कप्रकरणस्य** *'वंजणपज्जायस्स उ पुरुसो पुरुसो त्ति निच्चमविअप्पो । बालाइविगप्पं पुण पासइ से अत्थपज्जाओ'* ॥१-३४॥ त्ति गाथोद्धृता प्राप्ता । तद्व्याख्या चैवं कृता तत्र प्राप्ता-*व्याख्या-व्यञ्जयति व्यनक्ति चार्थानिति व्यञ्जनं शब्दः, न पुनः शब्दनयस्तस्यर्जुसूत्रसमानपर्यायविषयत्वात् । तस्य पर्यायो वाच्यता...* इति । दृष्ट्वा चैतद्वचनमुच्छलितोऽपूर्वः कोऽप्यानन्दो हृदये, यतोऽत्र 'शब्दनय'इत्यस्यार्थस्य सहेतुर्निषेधः, 'वाच्यता' इत्यस्यार्थस्य ग्रहणं च व्यक्तरूपेण कृतम् ।

सप्तभङ्ग्यास्तृतीयभङ्गो युगपदर्पणया 'स्यादवाच्य एव' । अत्र भङ्गे वस्त्ववस्त्वेवेति मे कल्पना । एतद्विस्तरः **सप्तभङ्गीविंशिकायां** मया प्रपञ्चितः । एतद्विषयिणी काचिच्चर्चाऽपि कैश्चिद्विद्वद्भिः सह सञ्जाता । तथाप्यत्र विषये मम त्ववस्तुत्वमेव प्रतिभाति । **श्री अनुयोगद्वारसूत्रे** आगमतो द्रव्यनिक्षेपप्रतिपादनावसरे नयविचारणा कृता । तत्र शब्दादीनामागमतो द्रव्यनिक्षेपासंमतिरेवमुक्ता-*'तिण्हं सद्दनयाणं जाणए अणुवउत्ते अवत्थु, कम्हा ?*

---

હાલ નયવિંશિકા-પ્રસ્તુત ગ્રન્થ માટે **'નયોપદેશ'** ગ્રન્થના કેટલાક અધિકારો બે ત્રણ વાર જોયા. એ જોવામાં પાંચમી ગાથાની વૃત્તિમાં સમ્મતિતર્કપ્રકરણની (૧-૩૪) વંજણપજ્જાયસ્સ ઉ... ગાથા ઉદ્ધૃત જોવા મળી. ત્યાં ઉપાધ્યાયજી મહારાજે કરેલી એની આવી વ્યાખ્યા જોવા મળી - *"જે અર્થોને વ્યક્ત કરે તે શબ્દ એ વ્યંજન છે, નહીં કે શબ્દનય, કારણ કે એનો તો ઋજુસૂત્રને સમાન પર્યાય એ વિષય છે. આવા વ્યંજનનો પર્યાય (એ વ્યંજનપર્યાય) = વાચ્યતા."* આ વચન જોઈને દિલમાં એક અપૂર્વ આનંદ ઉછળ્યો, કારણ કે અહીં 'શબ્દનય' એવો અર્થ લેવાનો સહેતુ નિષેધ કરેલો છે અને વ્યંજનપર્યાય એટલે 'વાચ્યતા' એવો અર્થ સ્પષ્ટ અક્ષરોમાં કરેલો છે.

મારી સ્ફુરણા અંગે આવી જ બીજી વાત જણાવું - સપ્તભંગીનો ત્રીજો ભંગ યુગપદ્ અર્પણાથી 'સ્યાદવાચ્ય એવ' એવો મળે છે. આ ભંગમાં વસ્તુ 'અવસ્તુ' જ દેખાય છે એવી મારી કલ્પના છે. એનો વિસ્તાર મેં સપ્તભંગીવિંશિકામાં કરેલો છે. આ અંગેની કેટલીક ચર્ચા પણ કેટલાક વિદ્વાનો સાથે થયેલી છે. છતાં મને તો 'અવસ્તુત્વ' જ ભાસે છે. **શ્રી અનુયોગદ્વારસૂત્રમાં** આગમથી દ્રવ્યનિક્ષેપનું પ્રતિપાદન કરતી વેળા નયવિચારણા કરેલી છે. ત્યાં શબ્દાદિનયોને આગમથી દ્રવ્યનિક્ષેપ માન્ય નથી, એ વાત આ રીતે કરેલી છે-*"ત્રણ શબ્દનયોને જ્ઞાતા અનુપયુક્ત એ અવસ્તુ છે. શા માટે ? જો જ્ઞાતા છે, તો અનુપયુક્ત ન હોય, જો અનુપયુક્ત છે, તો જ્ઞાતા ન હોય. તેથી*

*जइ जाणए अणुवउत्ते न भवति, जइ अणुवउत्ते जाणए ण भवति, तम्हा णत्थि आगमओ दव्वावस्सयं'* ति (सू. १५) । **तद्वृत्तिलेशश्च**-इदमत्र हृदयं - आवश्यकशास्त्रज्ञस्तत्र चानुपयुक्त आगमतो द्रव्यावश्यकमिति प्राग्निर्णीतं, एतच्चामी न प्रतिपद्यन्ते, यतो यद्यावश्यकशास्त्रं जानाति, कथमनुपयुक्तः ? अनुपयुक्तश्चेत् ? कथं जानाति ? ज्ञानस्योपयोग-रूपत्वादिति । एतेनाधिकारेणैतदवसीयते यद् ज्ञातृत्वानुपयुक्तत्वे स्व-परधर्माविति । इदमुक्तं भवति-यत्र ज्ञातृत्वं (= यस्य ज्ञातृत्वं स्वधर्मः) तत्र नानुपयुक्तत्वं (= तस्यानुपयुक्तत्वं परधर्मः) । अतो ज्ञातृत्वानुपयुक्तत्वे स्व-परधर्माविति स्पष्टम् । ततश्च तयोर्युगपदर्पणया सप्तभङ्ग्यास्तृतीयो भङ्गः प्राप्यत इत्यपि स्पष्टम् । तदर्थं च मूलसूत्र एव *'तिण्हं सद्दनयाणं जाणए अणुवउत्ते अवत्थु'* त्ति 'अवस्तुत्वं' कथितमेवेति तृतीयभङ्गे घटादयोऽवस्त्वेवेति सूत्रवचनैरपि सिद्धम्। (व्यवहारनयेन तु यत्र ज्ञातृत्वं तत्रानुपयुक्तत्वस्यापि सम्भवाद् द्वयोरपि स्वधर्मत्वसम्भव इति ध्येयम्) ।

प्रस्थकदृष्टान्तविचारणायां नैगमस्य किं नैकगमत्वं ? वनगमनप्रयोजनीभूतदार्वादिकं

---

*આગમથી દ્રવ્યાવશ્યક નથી."* (સૂ૦ ૧૫). એની વૃત્તિનો અંશ આવો છે-*"અહીં આ રહસ્ય છે-આવશ્યકશાસ્ત્રનો જ્ઞાતા અને તેમાં અનુપયુક્ત એ આગમથી દ્રવ્ય આવશ્યક છે એવો પૂર્વે નિર્ણય કરેલો છે. પણ આ વાતને શબ્દાદિનયો સ્વીકારતા નથી, કારણ કે જો આવશ્યકશાસ્ત્રને જાણે છે, તો અનુપયુક્ત શી રીતે ? જો અનુપયુક્ત છે તો જાણે એમ શી રીતે કહેવાય ? કારણ કે જ્ઞાન તો ઉપયોગરૂપ હોય છે."* આ અધિકારથી એ જણાય છે કે જ્ઞાતૃત્વ અને અનુપયુક્તત્વ એ સ્વ-પર ધર્મો છે. કહેવાનો ભાવ એ છે કે-જ્યાં જ્ઞાતૃત્વ છે(=જ્ઞાતૃત્વ એ જેનો સ્વધર્મ છે) ત્યાં (શબ્દાદિનયે) અનુપયુક્તત્વ હોતું નથી.(=અનુપયુક્તત્વ એ એનો પરધર્મ છે). માટે જ્ઞાતૃત્વ-અનુપયુક્તત્વ એ સ્વ-પરધર્મો છે એ સ્પષ્ટ છે. તેથી એ બન્નેની યુગપદ્ અર્પણાથી સપ્તભંગીનો ત્રીજો ભંગ મળે છે, એ પણ સ્પષ્ટ છે. અને એ ભંગ માટે મૂળસૂત્રમાં જ 'ત્રણ શબ્દનયોને જ્ઞાતા-અનુપયુક્ત એ અવસ્તુ છે' એમ 'અવસ્તુ' તરીકે કહેલ જ છે. આમ ત્રીજા ભંગમાં ઘટ વગેરે અવસ્તુ-એ સૂત્રવચનોથી જ સિદ્ધ થઈ જાય છે. (વ્યવહારનયે તો જ્યાં જ્ઞાતૃત્વ હોય ત્યાં અનુપયુક્તત્વ પણ સંભવિત હોવાથી બન્ને પણ સ્વધર્મ બની શકે એ જાણવું.)

સ્ફુરણા અંગેની આવી જ ત્રીજી વાત-પ્રસ્થકદૃષ્ટાન્તની વિચારણા નૈગમનું નૈગમત્વ (= વસ્તુને જોવાની અનેક દૃષ્ટિઓ) શું છે ? વનગમનના પ્રયોજનભૂત કાષ્ઠ વગેરે

तस्य मुख्यं प्रस्थकमुपचरितं वा ? इत्यादयोऽनेके प्रश्नाः समुत्थिताः। तदुत्तरे च नैगमस्योर्ध्वतासामान्यं विषय इति स्फुरितम् । ततश्चात्र तत्रोक्तानामनेकेषां शास्त्रवचनानामुपपत्तिरपि निःशङ्कं प्रतीता । नमस्कारनिर्युक्तौ या नमस्कारस्यानुत्पन्नत्वोक्तिस्तस्यास्तु तस्य तद्विषयत्वं सुतरां सिध्यत्येवेति हृदयमानन्देनापूर्वेण कथं न भ्रियेत ? एषा सिद्धिस्तद्विषयिणः समुत्तिष्ठन्तः प्रश्नाश्च यथास्थानं प्रपञ्चिता एवेति ध्येयम् ।

एवमेवान्येष्वपि मे स्फुरितेषु ज्ञेयमिति विदुषां चरणे विज्ञप्तिः । केचित्प्रचलिताः शास्त्राधिकाराः साक्षात् शब्दतो मत्स्फुरितादन्यत्प्रकारं किञ्चिन्निरूपयन्ति, तथाप्यन्यः कोऽपि शास्त्राधिकारः सूक्ष्मेक्षिकया पर्यालोच्यमानः सन् मत्स्फुरितं समर्थयतीति मया भूयो भूयः प्रतीतमिति । अतोऽपूर्वतया प्रतीयमानमपि मन्निरूपणं प्रायो न शास्त्रतात्पर्यातीतमिति श्रद्धातुमर्हन्ति सुजनाः ।

अथ **नयोपदेश**गतोऽधिकारः पुनरनुसन्धीयते - तत्र पूर्वोक्ताधिकारानन्तरमेवमुपसंहारा-

---

નૈગમને જે પ્રસ્થક તરીકે માન્ય છે તે મુખ્ય પ્રસ્થક તરીકે કે ઉપચરિત પ્રસ્થક તરીકે ? વગેરે અનેક પ્રશ્નો ઉદ્ભવ્યા. એના જવાબ શોધવાની અનુપ્રેક્ષામાં એવી સ્ફુરણા થઈ કે નૈગમનયનો વિષય ઊર્ધ્વતાસામાન્ય હોવો જોઈએ. પછી તો આ સ્ફુરણાને અનુસારે નૈગમનય અંગે મળતા અનેક શાસ્ત્રવચનોની નિઃશંક સંગતિ પણ થતી ભાસી. તથા, યોગાનુયોગ નમસ્કારનિર્યુક્તિમાં 'નમસ્કાર અનુત્પન્ન છે' એવું જે વચન મળ્યું, તેના પરથી તેનું=નૈગમનયનું તદ્વિષયત્વ=ઊર્ધ્વતાસામાન્યવિષયત્વ નિર્વિવાદ સિદ્ધ થાય જ છે, પછી હૃદય અપૂર્વ આનંદથી કેમ ભરાઈ ન જાય ? આ કઈ રીતે સિદ્ધ થાય છે તે તથા એ અંગે ઊઠતા પ્રશ્નો વગેરે પણ યોગ્યસ્થાને આગળ વિચારેલા છે, એ ખ્યાલમાં લેવું. 'આ જ રીતે મારી બીજી સ્ફુરણાઓ અંગે પણ જાણવું' એવી વિદ્વદ્ચરણોમાં વિનંતી છે. કેટલાક પ્રચલિત શાસ્ત્રવચનો સાક્ષાત્ શબ્દો દ્વારા, મારી સ્ફુરણા કરતાં કંઈક અલગ પ્રકારનું નિરૂપણ કરતા હોય છે, છતાં પણ બીજો કોઈ શાસ્ત્રાધિકાર જ્યારે સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવામાં આવે છે ત્યારે મારી સ્ફુરણાનું સમર્થન કરતા હોય છે એવું મેં વારંવાર અનુભવ્યું છે. તેથી અપૂર્વરૂપે પ્રતીત થતું પણ મારું નિરૂપણ પ્રાયઃ શાસ્ત્રતાત્પર્યથી પર હોતું નથી એવી શ્રદ્ધા કરવી એ સજ્જનોને યોગ્ય છે.

હવે, નયોપદેશનો પૂર્વે જે અધિકાર કહેલો છે એને ફરીથી યાદ કરીએ. ત્યાં પૂર્વોક્ત અધિકાર પછી તરત જ ઉપસંહાર વગેરે આ પ્રમાણે જોવા મળે છે-*"આમ,*

दिर्क दृश्यते- *तदेवं प्रतिपर्यायं सप्तप्रकारबोधजनकतापर्याप्तिमद्वाक्यं प्रमाणवाक्यमिति लक्षणं सिद्धम्। इत्थञ्च तदन्तर्भूतस्य तद्बहिर्भूतस्य वाऽन्यतरभङ्गस्य प्रदेशपरमाणुदृष्टान्तेन नयवाक्यत्व-मेवेत्यर्थतो लभ्यते । इतरप्रतिक्षेपी तु नयो नयाभासो दुर्नयो वेत्युच्यते ।* **मलयगिरिचरणास्तु** - *"नयो दुर्नयः सुनयश्चेति दिगम्बरी व्यवस्था, न त्वस्माकं, नयदुर्नययोरर्थाविशेषात् । स्याच्छब्देन विवक्षितधर्मोपरागेण कालादिभिरभेदवृत्त्याऽभेदोपचाराद्वाऽनन्तधर्मात्मकवस्तुप्रतिपादने प्रमाणवाक्यस्यैव व्यवस्थितेः, अत एव स्याच्छब्दलाञ्छिततयैव सर्वत्र साधूनां भाषाविनयो विहितः, अवधारणीभाषा च निषिद्धा, तस्या नयरूपत्वाद् नयानां च सर्वेषां मिथ्यादृष्टित्वात् । तथा चानुस्मरन्ति - 'सव्वे णया मिच्छावायिणो' त्ति । न च सप्तभङ्गात्मकं प्रमाणवाक्यं, एकभङ्गात्मकं च नयवाक्यमित्यपि नियन्तुं शक्यं, सप्तभङ्गाः सप्तविधजिज्ञासोपाधिनिमित्तत्वात्,*

---

*આ રીતે પ્રતિપર્યાય સાત પ્રકારના બોધની કારણતાની પર્યાપ્તિવાળું વાક્ય એ પ્રમાણવાક્ય છે-એવું લક્ષણ સિદ્ધ થયું. એટલે જ એ સાત ભંગાત્મક વાક્યની અન્તર્ભૂત કે બહિર્ભૂત જે એકાદભંગનું વાક્ય હોય તે પ્રદેશ-પરમાણુ દૃષ્ટાન્ત મુજબ નયવાક્ય જ છે એમ અર્થાપત્તિથી જણાય છે. જેમ સ્કન્ધમાં અન્તર્ગત હોય તો પ્રદેશ કહેવાય, એનાથી જુદો પડી ગયો હોય તો પરમાણુ કહેવાય... પણ એ સ્કંધ તો નથી જ કહેવાતો, એમ એકાદભંગનું વાક્ય સપ્તભંગીમાં અન્તર્ભૂત હોય કે એકલું સ્વતંત્ર કહેવાયેલું હોય, એ પ્રમાણવાક્ય બની શકતું નથી. ને તેથી પારિશેષન્યાયે એને નયવાક્ય જ માનવું પડે છે. વળી એ વાક્ય જો ઈતરાંશનો પ્રતિક્ષેપ કરનાર હોય તો પછી એ નય, નયાભાસ કે દુર્નય કહેવાય છે."* (આ નયોપદેશમાં કહેલો ઉપા૦ મહારાજનો અભિપ્રાય છે. હવે ત્યાં જ શ્રીમલયગિરિ મહારાજનો જે અભિપ્રાય દર્શાવ્યો છે તે જોઈએ.) પૂજ્યપાદ **શ્રીમલયગિરિમહારાજ** તો આ પ્રમાણે કહે છે - *નય, દુર્નય અને સુનય... આ બધી દિગંબરની પ્રક્રિયા છે, આપણી-શ્વેતાંબરોની નહીં, કારણ કે નય અને દુર્નયના અર્થમાં કોઈ ફરક નથી. સ્યાત્ શબ્દપૂર્વક વિવક્ષિત ધર્મના ઉપરાગથી કાળાદિ આઠ સાથેના અભેદસંબંધથી કે અભેદઉપચારથી અનંતધર્માત્મકવસ્તુનું પ્રતિપાદન કરવામાં એ પ્રમાણવાક્ય જ બની રહે છે-એવી વ્યવસ્થા છે. એટલે જ સાધુઓએ સ્યાત્કારપૂર્વક જ બોલવું એ ભાષાવિનય કહેવાયેલો છે, તથા અવધારણીભાષા (=જકારવાળી ભાષા) સાધુઓને નિષિદ્ધ છે, કારણ કે એ નયરૂપ છે, અને નયો તો બધા મિથ્યાદૃષ્ટિ છે એટલે જ પૂર્વાચાર્યો કહે છે - બધા નયો મિથ્યાવાદી છે. વળી 'સપ્તભંગાત્મક વાક્ય એ પ્રમાણ*

*न च तासां सार्वत्रिकत्वं, 'को जीवः ?' इति प्रश्ने लक्षणमात्रजिज्ञासया 'स्याद् ज्ञानादिलक्षणो जीवः' इति प्रमाणवाक्यरूपस्योत्तरस्य सिद्धान्तसिद्धत्वात्, स्यात्पदस्य चात्रानन्तधर्मात्मकत्व-द्योतकत्वेन प्रामाण्याङ्गत्वं, द्योतकत्वं चात्रोपसम्पदानकी शक्तिर्लक्षणा वेत्यन्यदेतत्, तत्र च श्रुतपदप्रतिपाद्यधर्मांशे लौकिकी विषयता, स्यात्पदद्योत्यानन्तधर्मात्मकत्वांशे च लोकोत्तरेति विशेषः'' इत्यभिसन्दधते ।*

ततश्च महोपाध्यायानां मते सप्तभङ्गात्मकं वाक्यं प्रमाणं अन्यतरभङ्गात्मकमितराप्रतिक्षेपि नयः, इतरप्रतिक्षेपि च दुर्नयः । सुनयाख्यो न कश्चित्तृतीयो भेदः नय एव दुर्नयप्रतिपक्षित्वा-त्सुनय इत्यर्थः ।

---

*વાક્ય અને એકભંગાત્મક તે નય'વાક્ય' એવો નિયમ બનાવવો પણ શક્ય નથી, કારણ કે સાત ભંગ સાત પ્રકારની જિજ્ઞાસાના કારણે હોય છે, પણ આ સાત પ્રકારની જિજ્ઞાસા સર્વત્ર જાગે જ એવો નિયમ નથી. જેમકે 'જીવ કોણ છે ?' એવા પ્રશ્નમાં લક્ષણમાત્રની જિજ્ઞાસાથી 'સ્યાદ્ જ્ઞાનાદિ લક્ષણવાળો જીવ' જે કહેવાય છે તે પ્રમાણવાક્યરૂપ ઉત્તર છે એમ સિદ્ધાન્તમાં કહેલું છે. અહીં 'સ્યાત્'પદ એ વસ્તુ અનન્તધર્માત્મક છે એ વાતનું દ્યોતક હોવાથી પ્રમાણનું અંગ છે [અને એ પ્રમાણનું અંગ છે એટલે તદ્દ્ઘટિત વાક્ય (= અંગી) પ્રમાણવાક્ય જ હોય એ સ્પષ્ટ છે] તથા દ્યોતકત્વ એ અહીં ઉપસંપદાનકી શક્તિ છે કે લક્ષણા ? એ એક અલગ વાત છે. (અહીં વિચારવાની જરૂર નથી.) વળી આ સ્યાત્પદઘટિત વાક્યમાં (=સ્યાદસ્ત્યેવ ઘટઃ વગેરે વાક્યમાં) શ્રુતપદથી (= સંભળાયેલા 'અસ્તિ' વગેરે પદથી) પ્રતિપાદ્ય જે ધર્મ હોય, (અનંતધર્માત્મક વસ્તુના) તે ધર્મરૂપ અંશમાં લૌકિકી વિષયતા જાણવી.(અર્થાત્ એ વાક્યથી એ ધર્મ જે જણાય છે તે લૌકિકી વિષયતાથી જણાય છે.) અને 'સ્યાત્' પદથી જાણવા યોગ્ય જે અનંતધર્માત્મક અંશ, તે અંશમાં લોકોત્તર વિષયતા જાણવી. (અર્થાત્ એ અનંતધર્મો જે જણાય છે તે લોકોત્તર વિષયતાથી જણાય છે). (પણ આ રીતે 'સ્યાત્' પદઘટિત એ વાક્યથી પણ પૂર્ણબોધ થાય છે, માટે એ પણ પ્રમાણવાક્ય છે.) (આવો શ્રીમલયગિરિસૂરિ મહારાજનો મત છે.)*

આમ, **મહોપાધ્યાયના** મતે સાત ભંગાત્મક વાક્ય એ પ્રમાણ છે. અન્યતર ભંગાત્મક-ઇતરઅપ્રતિક્ષેપીવાક્ય એ નય છે, અને ઇતરપ્રતિક્ષેપીવાક્ય એ દુર્નય છે. 'સુનય' નામે કોઈ ત્રીજો ભેદ નથી. નય પોતે જ દુર્નયનો પ્રતિપક્ષી હોવાથી સુનય છે એમ અર્થ જાણવો.

मलयगिरिचरणानां मते सुनयस्तु नास्त्येव स्वतन्त्रः, दुर्नयोऽपि स्वतन्त्रो नास्त्येव, नय-दुर्नययोरर्थाविशेषात् । स्यात्पदलाञ्छितं त्वन्यतरभङ्गात्मकमपि वाक्यं प्रमाणमेव । तद्रहितं तु नयवाक्यत्वाद् मिथ्यैव ।

*'सदेव सत्स्यात्सदिति त्रिधाऽर्थो मीयेत दुर्नीतिनयप्रमाणैः'* इति वचनानुसारेण कलिकालसर्वज्ञानां मते 'घटः सन्नेव' इति वाक्यं दुर्नयः, 'घटः सन्' इति वाक्यं नयः, 'घटः स्यात् सन्' इति वाक्यं प्रमाणमिति ज्ञायते ।

एवं च नय-दुर्नययोर्विषये कलिकालसर्वज्ञमहोपाध्यायानां मतं समानं, प्रमाणविषये च मलयगिरि-हेमसूरीणां मतं समानमिति निश्चीयते । तत्र 'जीवो नित्यो न वा ?' इति प्रश्नेऽनित्यत्वमपि जिज्ञासितमेव, तथापि साक्षात्शब्दतः स्यात्पदेन वा यत्र वाक्ये तदुल्लेखो नास्ति, 'तत्र गौणतयाऽनित्यत्वमप्यभिप्रेतमेव' इत्यत्र नास्माकमास्थेति 'जीवो नित्यः' इत्यादिनयवाक्यानां मिथ्यात्वमेव, सावधारणतयाऽनित्यत्वलक्षणस्येतरांशस्य प्रतिक्षेपित्वात्

---

**શ્રીમલયગિરિસૂરિના** મતે સ્વતંત્ર સુનય તો કોઈ નથી જ, સ્વતંત્ર દુર્નય પણ કોઈ નથી, કારણ કે નય-દુર્નયમાં કોઈ ફરક નથી, સ્યાત્ પદથી યુક્ત અન્યતર ભંગાત્મક વાક્ય પણ પ્રમાણ જ છે. એ પદથી રહિત વાક્ય નયવાક્ય રૂપ હોવાથી મિથ્યા જ છે.

*"દુર્નીતિ (= દુર્નય), નય અને પ્રમાણ દ્વારા પદાર્થ ક્રમશઃ 'સદેવ', 'સત્' અને 'સ્યાત્સત્' એમ ત્રણ રીતે જણાય છે"* આવા વચન મુજબ **કલિકાળ સર્વજ્ઞના** મતે 'ઘટઃ સન્નેવ' એ વાક્ય દુર્નય છે, 'ઘટઃ સન્' એ વાક્ય નય છે અને 'ઘટઃ સ્યાત્ સન્' એ વાક્ય પ્રમાણ છે, એમ જણાય છે.

આમ, નય-દુર્નયના વિષયમાં કલિકાળસર્વજ્ઞ અને મહોપાધ્યાયનો મત સમાન છે, તથા પ્રમાણના વિષયમાં શ્રીમલયગિરિસૂરિ અને હેમાચાર્યનો મત સમાન છે એમ નિશ્ચિત થાય છે. એમાં, 'જીવ નિત્ય છે કે નહીં ?' એવા પ્રશ્નમાં અનિત્યત્વ પણ જિજ્ઞાસિત છે જ, તો પણ સાક્ષાત્ શબ્દથી કે સ્યાત્પદથી જે વાક્યમાં એનો ઉલ્લેખ ન હોય 'ત્યાં ગૌણરૂપે અનિત્યત્વ પણ અભિપ્રેત છે જ' એવી વાતમાં અમને શ્રદ્ધા નથી. માટે, 'જીવ નિત્ય છે' વગેરે નયવાક્યો મિથ્યા જ છે, કારણ કે 'સર્વં વાક્યં સાવધારણં ભવતિ' ન્યાયે આ વાક્ય પણ સાવધારણ હોવાથી અનિત્યત્વાત્મક ઇતરાંશનું પ્રતિક્ષેપી છે. જેમકે સાંખ્યને માન્ય તેવું વાક્ય. તેથી 'જીવ નિત્ય છે' 'જીવ નિત્ય જ છે' વગેરે

साङ्ख्याभिमततादृग्वाक्यवत् । ततश्च 'जीवो नित्य:' 'जीवो नित्य एव' इत्यादिकस्य साङ्ख्याभिमतस्य वाक्यस्य मिथ्यात्वे तेनाक्षरशस्तुल्यस्य द्रव्यार्थिकनयाभिमतस्य वाक्यस्यापि मिथ्यात्वमेव । नेयं स्वमनीषिकैव, *'सव्वे णया मिच्छावायिणो'* त्तिशास्त्रवचनस्योपलभ्यमानत्वात् । **भाष्यकृतापि** - *तिन्नि वि सामइयाइं इच्छंता मोक्खमग्गमाइल्ला । किं मिच्छद्दिट्ठीया वयंति ज़मसमुइयाइंपि ॥२६२४॥* इत्यत्र नैगमादीनां नयानामविशेषेण मिथ्यादृष्टित्वमुक्तमेव । तथाऽस्यैव वाक्यस्य स्यात्पदलाञ्छितत्वे स्यात्कारस्येतरांशाक्षेपकतया 'जीव: स्यान्नित्य:' इत्यादिकस्य वाक्यस्य जिज्ञासितसमस्तवस्तुस्वरूपबोधकत्वेन प्रामाण्यमेव । यद्वा स्यात्कारस्य यथेतरांशाक्षेपकत्वं, तथैवेतरभङ्गाक्षेपकत्वमपि सम्भवति । ततश्च कथं नान्यतरभङ्गात्मकस्यापि वाक्यस्य प्रामाण्यम् ? इति मलयगिरिसूरीणामाशय: प्रतिभासते ।

'घट: स्यात् सन्' इति वाक्यस्य प्रामाण्यस्वीकारे श्रीमतां **हेमाचार्याणाम**प्येवमेवाशय: प्रतिभासते । 'घट: सन्नेव' इतिवाक्यस्य सावधारणतयेतरांशप्रतिक्षेपित्वेन दुर्नयत्वम् ।

---

સાંખ્યમાન્ય વાક્ય જો મિથ્યા છે, તો તેને અક્ષરશઃ તુલ્ય દ્રવ્યાર્થિકનયને માન્ય વાક્ય પણ મિથ્યા જ હોય. આ માત્ર અમારી જ કલ્પના નથી, કારણ કે *'સર્વ નયો મિથ્યાવાદી છે'* એવું શાસ્ત્રવચન મળે જ છે. **ભાષ્યકારે** પણ *"ત્રણે સામાયિકને મોક્ષમાર્ગ માનતા પ્રથમ ત્રણ નયો કેમ મિથ્યાદૃષ્ટિ છે ? એટલા માટે કે અસમુદિત સામાયિકને (સમ્યક્ત્વસામાયિકાદિને) પણ મોક્ષમાર્ગ તરીકે સ્વીકારે છે."* આ પ્રમાણે (૨૬૨૮મી ગાથામાં) કહેવા દ્વારા નૈગમાદિ નયોને અવિશેષપણે મિથ્યાદૃષ્ટિ કહ્યા જ છે. માટે અમારી વાત શાસ્ત્રસંમત છે. તથા આ જ વાક્ય જ્યારે સ્યાત્પદલાંછિત બને છે ત્યારે સ્યાત્કાર ઇતરાંશને ખેંચી લાવનાર હોવાથી 'जीव: स्यान्नित्य:' વગેરે વાક્ય જિજ્ઞાસિત સમસ્ત વસ્તુસ્વરૂપનું બોધક હોવાથી પ્રમાણ જ છે. અથવા સ્યાત્કાર જેમ ઇતરાંશનો આક્ષેપક (= ખેંચી લાવનાર) છે તેમ ઇતરભંગોનો આક્ષેપક હોવો પણ સંભવે છે. તેથી અન્યતરભાંગાત્મક વાક્ય પણ કેમ 'પ્રમાણ' ન હોય ? આવો શ્રીમલયગિરિસૂરિ મહારાજનો આશય જણાય છે.

શ્રીમદ્ હેમચન્દ્રાચાર્યનો પણ 'घट: स्यात् सन्' એવા વાક્યને પ્રમાણ તરીકે સ્વીકારવામાં આવો જ આશય જણાય છે. **'घट: सन्नेव'** એવું વાક્ય સાવધારણ હોવાથી ઇતરાંશપ્રતિક્ષેપી હોવાના કારણે દુર્નય છે. 'घट: सन्' એવું વાક્ય નિરવધારણ હોવાથી ઇતરાંશનું અપ્રતિક્ષેપી હોવાના કારણે નય છે. આ વાક્યમાં 'સર્વં વાક્યં સાવધારણં

'घट: सन्' इतिवाक्यस्य निरवधारणतयेतरांशाप्रतिक्षेपित्वेन नयत्वम् । 'सर्वं वाक्यं सावधारणं भवति' इति न्यायेनैवकारस्याध्याहर्तव्ये स्वपर्यायापेक्षाऽपि तत्राभ्युपगन्तव्यैव, तदपेक्षयाऽसत्त्व-लक्षणस्येतरांशस्य प्रतिक्षेपेऽपि न दुर्नयत्वमिति तु स्पष्टमेव ।

सप्तभङ्गात्मकं महावाक्यमेव प्रमाणमिति तु महोपाध्यायाः । ततश्च तन्मते 'स्याद् ज्ञानादिलक्षणो जीव:' इत्यपि सुनयवाक्यमेव, न तु प्रमाणवाक्यं, एकभङ्गरूपत्वात् । प्रमाणवाक्यता तत्राप्युत्थाप्याकाङ्क्षाक्रमेण भङ्गषट्कसंयोजनयैव । लक्ष्यलक्षणादिव्यवहारोऽपि नयवाक्यैरेव सिध्यतीत्यभ्युपगमः । तथा वाक्यस्य सावधारणत्वमात्रेण नैकान्तवादात्मकत्वमेव, न वा निषिद्धत्वमेव, न वा दुर्नयत्वमेव, प्रमाणापेक्षत्वेनैकान्तवादात्मकत्वादेर्निषेधेन नयत्वसम्भवादिति ।

इत्थञ्च महोपाध्यायानां मते सप्तभङ्गात्मकं वाक्यं प्रमाणं, तदन्तर्भूतं तद्बहिर्भूतं वा

---

ભવતિ' એ ન્યાયે જો જકારનો અધ્યાહાર કરવાનો હોય તો સ્વપર્યાયની અપેક્ષા પણ ત્યાં માનવી જ પડે છે. અને એ સ્વપર્યાયની અપેક્ષાએ અસત્ત્વાત્મક ઇતરાંશનો પ્રતિક્ષેપ થાય તો પણ દુર્નયપણું નથી એ તો સ્પષ્ટ છે જ. (તે પણ એટલા માટે કે સ્વપર્યાયની અપેક્ષાએ તો સત્ત્વ જ છે, અસત્ત્વ નથી જ.)

'સપ્તભંગાત્મક મહાવાક્ય જ પ્રમાણ છે' એવો મહોપાધ્યાયજીનો મત છે. એટલે એમના મતે 'સ્યાદ્ જ્ઞાનાદિલક્ષણો જીવ:' એવું વાક્ય પણ સુનયવાક્ય જ છે, પ્રમાણવાક્ય નથી, કારણ કે એકભંગરૂપ છે. એ પ્રમાણવાક્ય તો જ બને જો બાકીના છ ભંગોની આકાંક્ષાઓ ઊઠાવી ઊઠાવી એ છ ભંગોને જોડવામાં આવે.

(**શંકા** - પણ તો પછી 'સ્યાદ્ જ્ઞાનાદિ લક્ષણો જીવ:' એવા વાક્યને લક્ષણવાક્ય નહીં કહી શકાય, કારણ કે એ પ્રમાણવાક્ય નથી.)

**સમાધાન** - લક્ષ્ય-લક્ષણ વગેરેનો વ્યવહાર પણ નયવાક્યોથી જ પ્રવર્તે છે એવું અમે માનતા હોવાથી આ કોઈ પ્રશ્ન નથી. તથા વાક્ય સાવધારણ હોવા માત્રથી એકાન્તવાદરૂપ જ બની જાય એવું નથી, કે એ નિષિદ્ધ જ બની જાય કે એ દુર્નય જ બની જાય એવું પણ નથી, કારણ કે સાવધારણ હોવા છતાં એ જો પ્રમાણને સાપેક્ષ હોય તો એકાન્તવાદનો નિષેધ હોવાથી નય બની શકે છે.

આમ મહોપાધ્યાયજીના મતે સપ્તભંગાત્મક વાક્ય પ્રમાણ છે. તેમાં અન્તર્ભૂત કે બહિર્ભૂત અન્યતરભંગવાક્ય નય છે, અને એ જો પ્રમાણનિરપેક્ષ હોય તો દુર્નય છે.

ऽन्यतरभङ्गात्मकं वाक्यं नयः, प्रमाणनिरपेक्षं च तद् दुर्नयः । मलयगिरिचरणानां मतेऽन्यतर-भङ्गात्मकमपि स्यात्कारलाञ्छितं सत्प्रमाणवाक्यमेव, तदलाञ्छितमेव नयवाक्यं, तत्तु मिथ्यैव। अत्र सप्रसङ्ग**माप्तमीमांसा**(श्लोक-१०८)**भाष्या**धिकारः - *तथाहि निरपेक्षत्वं प्रत्यनीकधर्मस्य निराकृतिः । सापेक्षत्वमुपेक्षा, अन्यथा प्रमाणनयाविशेषप्रसङ्गात् । धर्मान्तरादानोपेक्षाहानिलक्षण-त्वात्प्रमाणनयदुर्नयानां, प्रकारान्तरासम्भवाच्च । प्रमाणात्तदतत्स्वभावप्रतिपत्तेर्नयात्तत्प्रतिपत्तेर्दुर्नया-दन्यनिराकृतेश्चेति विश्वोपसंहृतिः* ॥४॥ तदेवं नय-प्रमाणवाक्ययोर्भेदो व्युत्पादितः, अथ के ते सप्त नयाः ? इति जिज्ञासायां नयसप्तप्रकारान् समुत्कीर्तयति -

**नैगमः सङ्ग्रहश्चैव व्यवहारर्जुसूत्रकौ ।**
**शब्दसमभिरूढैवम्भूताः सप्त नया मताः ॥५॥**

---

શ્રી મલયગિરિજીના મતે અન્યતરભંગવાક્ય પણ જો સ્યાત્પદલાંછિત હોય તો પ્રમાણવાક્ય જ છે, જો અલાંછિત હોય તો એ નયવાક્ય છે, અને એ તો મિથ્યા જ છે.

અહીં સપ્રસંગ **આપ્તમીમાંસા(શ્લોક ૧૦૮)ભાષ્ય**નો અધિકાર પણ જોઈ લઈએ- *"પ્રત્યનીકધર્મનું (=પ્રતિપક્ષીધર્મનું=ઈતરાંશનું) નિરાકરણ એ નિરપેક્ષત્વ છે. એની ઉપેક્ષા એ સાપેક્ષત્વ છે. અન્યથા = ઈતરાંશનું ઉપાદાન એ જ જો સાપેક્ષત્વ તરીકે લેવાનું હોય તો પ્રમાણ અને નય વચ્ચે ભેદ જ ન રહે, કારણ કે ઈતરાંશધર્મનું આદાન-ઉપેક્ષા અને હાનિ (=નિષેધ-નિરાકરણ) એ જ ક્રમશઃ પ્રમાણ-નય અને દુર્નયનું લક્ષણ છે, અને આ સિવાય ચોથો કોઈ પ્રકાર સંભવતો નથી. આમાં કારણ એ છે કે પ્રમાણથી વસ્તુ તે=તત્ (=સત્ત્વાદિ) સ્વભાવવાળી છે અને અતત્(=અસત્ત્વાદિ) સ્વભાવવાળી પણ છે એ જણાય છે, નયથી વસ્તુ તે સ્વભાવવાળી છે એમ જણાય છે. (એટલે કે આમાં અતત્સ્વભાવ-અસત્ત્વાદિ અંગે ઉપેક્ષા-ઉદાસીનતા છે). અને દુર્નયથી અતત્સ્વભાવનું નિરાકરણ થાય છે. આ પ્રમાણે બધો ઉપસંહાર જાણવો." ॥૪॥* આમ નયવાક્ય અને પ્રમાણવાક્યનો ભેદ સ્પષ્ટ કર્યો. હવે 'એ સાત નયો કયા છે ?' એવી જિજ્ઞાસાને સંતોષવા માટે નયના સાત પ્રકારોનું સમુત્કીર્તન કરે છે -

**ગાથાર્થ** - નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એમ સાત નયો કહેવાયેલા છે.

અન્વય અને અર્થ બન્ને સુગમ છે. ॥૫॥ સાત નયમાં પ્રથમ નૈગમનયને જણાવે છે -

सुगमान्वया सुगमार्था च ॥५॥ तत्राद्यं नैगमनयं लक्षयति -

**निगमेषु भवो बोधो नैगमस्तत्र कीर्तितः ।**

**यद्वा नैके गमास्तस्य यतस्ततोऽपि नैगमः ॥६॥**

गाथान्वयः सुगमः । लोकार्थनिबोधा निगमा भण्यन्ते । लोकस्य जीवाद्यर्थेषु नितरामनेकप्रकारा बोधा निगमा इत्यर्थः । तेषु भवः कुशलो वाऽयमिति नैगमः । यद्वा गम्यतेऽनेनेति गमः पन्था बोधमार्ग इत्यर्थः, ततश्च नैके गमाः पन्थानो यस्यासौ नैकगमः, निरुक्तविधिना ककारलोपाद् नैगमः । यथा को ग्रामः ? इत्यत्र प्रस्तावे सीमापर्यन्तो ग्रामः, प्रजासमध्यासितगृहाऽऽराम-वापी-देवकुलादिरूपो वा ग्रामः, केवला प्रजा वा ग्रामः, प्रधानपुरुषो वा ग्राम इत्यादीन् सर्वानपि प्रकारान् मन्यतेऽसावित्येवं नैकगमत्वाद् नैगमोऽसौ । तथा क्व वसति भवान् ? इति प्रश्ने 'लोके वसामि' 'तिर्यग्लोके वसामि' तथा मनुष्यक्षेत्रे, जम्बूद्वीपे, भरतक्षेत्रे, मध्यखण्डे, पाटलीपुत्रे, वसतौ, संस्तारके, आकाशप्रदेशेषु वसामि...

---

**ગાથાર્થ** - આ સાત નયોમાં, નિગમોમાં થયેલો બોધ એ નૈગમ કહેવાય છે અથવા એના અનેક ગમ=બોધ કરવાના માર્ગો છે, માટે પણ એ નૈગમ કહેવાય છે.

**વિવેચન** - ગાથાનો અન્વય સુગમ છે. લોકાર્થ નિબોધ એ નિગમ કહેવાય છે. લોક જીવાદિ પદાર્થોનો જે ચોક્કસ અનેક પ્રકારનો બોધ કરે છે તે નિગમ છે એવો અર્થ જાણવો. પ્રથમ નય આવા નિગમોમાં ઉત્પન્ન થયેલો છે અથવા એમાં કુશળ છે, માટે નૈગમ કહેવાય છે. અથવા, જેનાથી (વસ્તુ) જણાય તે ગમ=પંથ=બોધ કરવાનો માર્ગ. તેથી ન એક=અનેક છે ગમ-પંથ જેના તે નૈકગમ, નિરુક્ત=વ્યુત્પત્તિના નિયમાનુસાર કકારનો લોપ થવાથી 'નૈગમ' શબ્દ બને છે. જેમકે ગામ કોને કહેવાય ? એ પ્રસ્તાવમાં, 'સીમા સુધી ગામ કહેવાય', 'પ્રજા જ્યાં રહેતી હોય તેવા ઘર-બગીચા-વાવડી-દેવકુલ વગેરે રૂપ ગામ છે,' અથવા 'માત્ર પ્રજા એ જ ગામ', અથવા 'મુખ્ય પુરુષ એ જ ગામ', વગેરે બધા પ્રકારને આ નૈગમનય સ્વીકારે છે. એટલે નૈકગમ હોવાથી એ નૈગમ છે.

તથા વસતિદૃષ્ટાન્તમાં 'તમે ક્યાં રહો છો ?' આવા પ્રશ્નના ઉત્તરમાં 'લોકમાં વસુ છું', 'તિર્ચ્છાલોકમાં વસુ છું', 'મનુષ્યક્ષેત્રમાં વસુ છું', એમ જંબૂદ્વીપમાં-ભરતક્ષેત્રમાં-મધ્ય ખંડમાં-પાટલીપુત્રમાં-વસતિમાં-સંથારામાં-આકાશપ્રદેશોમાં વસુ છું' એ પ્રમાણે 'મારા આત્મામાં વસુ છું' આવા ઉત્તર સુધીના દરેક ઉત્તરો નૈગમને માન્ય છે, માટે એ અનેકબોધમાર્ગવાળો

इत्येवं यावत् 'स्वात्मनि वसामि' पर्यन्तानि सर्वाण्युत्तराणि नैगमस्य यतः संमतान्यतो नैकमार्गत्वात् स नैगमः । प्रस्थकदृष्टान्ते च नैकगमत्वमेवं ज्ञेयम् । मगधदेशप्रसिद्धः काष्ठघटितो धान्यमानविशेषः प्रस्थकः । तदर्थ**मोघनिर्युक्तिवृत्ता**वेवमुक्तं - *दो असइओ पसई, दोपसतिओ सेतिया, चउसेइयाहिं माहओ पत्थो* [७१५ वृत्तौ] । तत्र तद्योग्यं काष्ठमानेतुमटवीं गच्छन् तक्षा पृष्टः सन् 'प्रस्थकमानेतुं गच्छामि' इति प्राह । ततश्च वनगमनप्रयोजनीभूतं प्रस्थकोपादानकारणं वनस्थं काष्ठमपि प्रस्थकतयाऽभिप्रेतम् । तथा काष्ठं छिन्दानस्तक्षा 'किं करोषि ?' इति पृष्टः सन् प्राह-'प्रस्थकं छिनद्मि' । मार्गे चागच्छन् पृष्टः 'किमिदं स्कन्धे त्वयाऽऽरोपितम् ?' अत आह- 'प्रस्थकः' । एवमाकुट्टयन्, घटयन्, उत्किरन्, श्लक्ष्णीकुर्वन्, नाम च तत्राकुट्टयन् यावद् धान्यमाने च तं व्यापारयन् 'किमिदम् ?' इति पृष्टः सन्नाह- 'प्रस्थकोऽयम्' । एवमेतासु सर्वास्वप्यवस्थासु नैगमः प्रस्थकव्यपदेशं मन्यत इति ।

---

હોવાથી નૈગમ છે.

પ્રસ્થકદૃષ્ટાન્તમાં નૈકગમત્વ આ પ્રમાણે જાણવું - મગધદેશમાં પ્રસિદ્ધ કાષ્ઠઘટિત અનાજને માપવાનું એક ચોક્કસ સાધન એ પ્રસ્થક છે. *હાથનો ખોબો એ અસલી કહેવાય છે, બે અસલીની એક પસલી થાય છે, બે પસલીની એક સેતિકા થાય છે, અને ચાર સેતિકાનો એક મગધદેશ પ્રસિદ્ધ પ્રસ્થક થાય છે.* આમ **ઓઘનિર્યુક્તિની વૃત્તિમાં** કહ્યું છે. એમાં પ્રસ્થકયોગ્ય કાષ્ઠ લેવા માટે જંગલમાં જતા સુથારને પૂછતાં એણે જવાબ આપ્યો કે 'હું પ્રસ્થક લેવા જાઉં છું.' એટલે વનમાં જવાના પ્રયોજનરૂપ અને પ્રસ્થકનું ઉપાદાનકારણ એવું વનસ્થ કાષ્ઠ પણ પ્રસ્થક તરીકે અભિપ્રેત છે. તથા વૃક્ષપરથી એ કાષ્ઠને છેદી રહેલા એને 'શું કરે છે ?' એવું પૂછતાં 'પ્રસ્થક છેદું છું' એવો જવાબ આપ્યો. વળી માર્ગમાં પાછા ફરતા એને પૂછવામાં આવ્યું કે 'તેં આ ખભા પર શું ઊંચક્યું છે ?' તો કહ્યું કે 'પ્રસ્થક.' એમ એ કાષ્ઠને કૂટતા-ઘડતા-કોરતા-ઘસીને સૂક્ષ્મ-સ્નિગ્ધ કરતા-એના પર 'પ્રસ્થક' એવું નામ કોતરતાં... યાવત્ ધાન્યને માપવામાં એનો ઉપયોગ કરતી વેળા 'આ શું છે' એવું પૂછવામાં આવતાં દરેક વખતે 'આ પ્રસ્થક છે' એમ એણે કહ્યું. આમ આ બધી અવસ્થાઓમાં નૈગમનય એને પ્રસ્થક તરીકે સ્વીકારે છે.

અથવા, અનેક માનો વડે = પ્રમાણો વડે વસ્તુને માપે અથવા જાણે તે નૈગમ એવી પણ વ્યુત્પત્તિ અહીં જાણવી. આમાં નૈક + મા ધાતુ છે... તેથી નૈકમ શબ્દ બનવો

यद्वा 'नेकैर्मानैर्मिनोति मिमीते वा निरुक्तविधिना वर्णविपर्यायान्नैगमः' इत्यपि व्युत्पत्तिरत्र ज्ञेया । अयमर्थः - समानानां भावः सामान्यं सत्तालक्षणं, नित्यद्रव्यवृत्तयोऽन्त्यस्वरूपा व्यावृत्त्याकारबुद्धिहेतवः विशेषाः, सामान्यविशेषोभयरूपं वृक्षत्व-गोत्व-गजत्वादिकमपान्तराल-सामान्यमुभयम् । एषां सामान्य-उभय-विशेषाणां ग्राहकाणि यानि सामान्योभयविशेषज्ञानानि तैर्यस्माद् मिनोति मिमीते वा ततो नैगमः, अत एव नैकमानः = नैकपरिच्छेदः किन्तु विचित्रपरिच्छेद इति । अस्य मतेन सामान्यं विशेषाश्च द्रव्याद् मिथश्च सर्वथा भिन्ना एव । अत्र यत् सामान्यं तद् द्रव्यं ये तु विशेषास्ते पर्यायाः, ततश्च द्रव्य-पर्यायास्तिकनयद्वयमताव-लम्ब्ययं नैगमः । तथापि स मिथ्यादृष्टिरेव, सामान्य-विशेषयोः स्वाधारात् परस्परं च कथञ्चिद्भेदेऽभ्युपगत एव सम्यग्दृष्टित्वसम्भवात् । तदुक्तं **विशेषावश्यकभाष्ये** -

*जं सामन्नविसेसे परोप्परं वत्थुओ य सो भिन्ने ।*
*मन्नइ अच्चंतमओ मिच्छद्दिट्ठी कणादोव्व ॥२१९४॥*

---

જોઈએ. પણ વ્યુત્પત્તિના નિયમ અનુસાર વર્ણ બદલાવાથી 'નૈગમ' શબ્દ બને છે એ જાણવું. આનો ભાવાર્થ આવો છે. સમાન પદાર્થોનો ભાવ(=સમાનતા) એ સત્તારૂપ 'સામાન્ય' છે. નિત્યદ્રવ્યમાં રહેલા અન્ત્યસ્વરૂપવાળા અને વ્યાવૃત્તિ આકારવાળી બુદ્ધિના કારણભૂત 'વિશેષ' હોય છે. તથા, વૃક્ષત્વ-ગોત્વ-ગજત્વાદિરૂપ અવાંતરસામાન્ય એ સામાન્ય-વિશેષોભયરૂપ 'ઉભય' છે. આ સામાન્ય-ઉભય અને વિશેષના ગ્રાહક જે સામાન્યજ્ઞાન-ઉભયજ્ઞાન અને વિશેષજ્ઞાન તેનાથી વસ્તુને જાણનાર હોવાથી 'નૈગમ' છે. એટલે જ એ એકમાન=એક પ્રકારના બોધવાળો નથી, પણ વિચિત્ર પ્રકારના (અનેક) પરિચ્છેદ=બોધવાળો છે. આ નૈગમનયના મતે સામાન્ય અને વિશેષ... એ બન્ને વસ્તુથી પણ સર્વથા ભિન્ન છે અને પરસ્પર પણ સર્વથા ભિન્ન છે. આમાં જે સામાન્ય છે તે દ્રવ્ય છે અને જે વિશેષ છે તે પર્યાયો છે. તેથી સામાન્ય-વિશેષ બન્નેને જોનારો આ નૈગમનય દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક બન્ને નયનું અવલંબન કરનાર છે. છતાં પણ એ મિથ્યાદૃષ્ટિ જ છે, સમ્યગ્દૃષ્ટિ નથી, કારણ કે સામાન્ય અને વિશેષનો પોતાના આધારથી અને પરસ્પર કથંચિદ્ ભેદ (અને કથંચિદ્ અભેદ) માનવામાં જ સમ્યગ્દૃષ્ટિત્વ સંભવે છે. **શ્રી વિશેષાવશ્યકભાષ્ય**માં કહ્યું છે કે - *સામાન્ય અને વિશેષને પરસ્પર તથા વસ્તુથી જે અત્યંત ભિન્ન માને છે, માટે નૈગમનય કણાદની જેમ મિથ્યાદૃષ્ટિ છે. ષડુલૂકે (વૈશેષિક દર્શને) બન્ને નય(=દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક નય)ને અનુસરીને પોતાનું શાસ્ત્ર રચ્યું છે, છતાં*

*दोहिं वि नएहिं नीयं सत्थमुलूएण तह वि मिच्छत्तं ।*

*जं सविसयप्पहाणत्तणेण अन्नोन्ननिरवेक्खा ॥२१९५॥*

**अथा**नेन स्वतन्त्रसामान्यविशेषोभयाभ्युपगमे **कणाद**वद्दुर्नयत्वं, शबलतदभ्युपगमे च प्रमाणत्वमेव, यथास्थानं प्रत्येकं गौणमुख्यभावेन तदुपगमे च सङ्ग्रहव्यवहारान्यतरप्रवेशः स्यादिति **चेत् ? न,** तृतीयपक्षाश्रयणे दोषाभावात्, न चैवमतिरिक्तनैगमनयकल्पनानैरर्थक्यापत्तिः, क्वचित्सङ्ग्रह-व्यवहारसमानविषयत्वेऽपि क्वचिदेकस्य सत उभयग्रहणोपयोग-व्यावृत्तत्वेन तदतिरेकात्, अत एव न संयोगेनान्यथासिद्धिः, प्रत्येकविषयताद्वयातिरिक्तस्वतन्त्र-विषयताकत्वादिति सम्प्रदायः ॥६॥ सङ्ग्रहं लक्षयति -

---

*એ મિથ્યા જ છે, કારણ કે સ્વવિષયની પ્રધાનતાના કારણે બન્ને અન્યોન્ય નિરપેક્ષ છે. ॥૨૧૯૪-૯૫॥*

**શંકા** - નૈગમનય જો બિલકુલ સ્વતંત્ર એવા સામાન્ય-વિશેષ બન્ને માનતો હોય તો કણાદની જેમ દુર્નય બની જશે, શબલ=પરસ્પર સંવલિત એવા તે બે માનતો હોય તો પ્રમાણ બની જશે, યથાયોગ્ય પ્રત્યેકને ગૌણ-મુખ્યભાવે માનતો હશે તો સંગ્રહ-વ્યવહારનયમાં જ અન્તર્ભૂત થઈ જશે. અર્થાત્ જ્યાં મુખ્યભાવે સામાન્યને માનતો હશે ત્યાં સંગ્રહનયમાં અને જ્યાં મુખ્યભાવે વિશેષને માનતો હશે ત્યાં વ્યવહારનયમાં એનો અન્તર્ભાવ થઈ જશે... એટલે સ્વતંત્ર સુનયરૂપ (અથવા નયરૂપ) નૈગમનય તો કોઈ રહેશે જ નહીં.

**સમાધાન** - ત્રીજો વિકલ્પ સ્વીકારવામાં કોઈ દોષ નથી.

**શંકા** - પણ તો પછી સ્વતંત્ર નૈગમનય માનવાની કોઈ જરૂર નહીં રહે, કારણ કે બેમાં જ એનો અન્તર્ભાવ થઈ જાય છે.

**સમાધાન** - કેટલીક બાબતોમાં નૈગમનય સંગ્રહ-વ્યવહારનયને સમાન વિષયક હોવાથી એમાં અન્તર્ભૂત થતો હોવા છતાં કેટલીક બાબતોમાં બન્નેના ગ્રહણરૂપ ઉપયોગના કારણે વ્યાવૃત્ત હોવાથી એ બેથી ભિન્ન છે. એટલે જ 'એ બેને ભેગા કરી દેવાથી નૈગમ નિરર્થક બની જશે' એમ પણ કહી શકાતું નથી, કારણ કે બન્નેની એક-એકની વિષયતા... એમ બે વિષયતાથી ભિન્ન સ્વતંત્રવિષયતાવાળો નૈગમનય છે... આ પ્રમાણે સંપ્રદાય છે = પૂર્વાચાર્યોથી ચાલી આવેલી વાત છે. ॥૬॥ હવે સંગ્રહનયને જણાવે છે -

**लोकसिद्धान्विशेषान्यः सङ्गृह्णाति स सङ्ग्रहः ।**
**परापरौ हि तद्भेदौ शुद्ध्यशुद्धिसमाश्रयौ ॥७॥**

योऽध्यवसायविशेषो लोकसिद्धानाम्रादीन् वृक्षत्वेन सङ्गृह्णाति स सङ्ग्रहो नयः । तस्य हि शुद्ध्यशुद्ध्योः समाश्रयभूतौ परसङ्ग्रहोऽपरसङ्ग्रहश्चेत्येवं द्वौ भेदौ ज्ञेयौ ।

अयम्भावः- *'संगहिय पिण्डिअत्थं संगहवयणं समासओ बिंति'* इति सूत्रे सङ्गृहीतमिति परा-सर्वव्यापिका जातिः = सत्ताख्यमहासामान्यमित्यर्थः, पिण्डितमिति = अपरा-देशव्यापिका जातिः=द्रव्यत्व-जीवत्वादिसामान्यमित्यर्थः । ततश्च सङ्गृहीतमेवार्थः = महासामान्यमेवार्थो यस्य वचनस्य तत् सङ्ग्रहवचनम् । तथा पिण्डितमेवार्थः = अपरसामान्यमेवार्थो यस्य वचनस्य तत्सङ्ग्रहवचनम् । एवञ्च सामान्यमात्राभ्युपगमप्रवणैकदेशबोधत्वं संग्रहनयत्वमिति लक्षणं प्राप्यते । यस्मात् 'सत्' इत्येवं भणिते भुवनत्रयान्तर्गते द्रव्य-गुण-कर्मलक्षणे धर्माधर्मास्तिकायादिनि वा सर्वत्र वस्तुनि बुद्धिरनुप्रवर्तते । न हि तत् किमपि वस्त्वस्ति यत् 'सत्' इत्युक्ते झगिति बुद्धौ न प्रतिभासते । तस्मात् सर्वं सत्तामात्रमेव । किञ्च घटः

---

**ગાથાર્થ** - લોકસિદ્ધ વિશેષોનો જે સંગ્રહ કરે છે તે સંગ્રહનય છે. શુદ્ધિ-અશુદ્ધિના આશ્રયભૂત પર-અપરસંગ્રહ એ એના બે ભેદ છે.

જે ચોક્કસ અધ્યવસાય લોકપ્રસિદ્ધ આંબા વગેરેનો વૃક્ષ તરીકે સંગ્રહ કરે છે તે સંગ્રહનય છે. તેના બે ભેદ છે. શુદ્ધિવાળો એવો પરસંગ્રહનય અને અશુદ્ધિનો આશ્રય એવો અપરસંગ્રહનય.

અહીં આવો આશય છે - *'સંગૃહીત અને પિંડિત એ જ છે અર્થ જેનો એવું વચન એ સંક્ષેપમાં સંગ્રહ વચન છે'* આવા સૂત્રમાં સંગૃહીત=પરા જાતિ=સત્તા નામનું મહાસામાન્ય. પિંડિત=અપરા જાતિ=દેશવ્યાપિકા જાતિ=દ્રવ્યત્વ-જીવત્વ વગેરે સામાન્ય. એટલે, સંગૃહીત= મહાસામાન્ય એ જ છે અર્થ જેનો તે સંગ્રહવચન... એમ પિંડિત=અપરસામાન્ય... એ જ છે અર્થ જે વચનનો તે સંગ્રહવચન... આમ, સામાન્ય માત્રનું ગ્રહણ કરવામાં કુશળ એવો વસ્તુના એકદેશનો બોધ એ સંગ્રહનય... આવું લક્ષણ મળે છે.

જ્યારે 'સત્' એમ કહેવામાં આવે છે ત્યારે ત્રણે ભુવનમાં રહેલ દ્રવ્ય-ગુણ-કર્મ સ્વરૂપ કે ધર્મ-અધર્માસ્તિકાયાદિસ્વરૂપ બધી વસ્તુ બુદ્ધિનો વિષય બને છે. એવી કોઈ વસ્તુ છે નહીં કે જે 'સત્' એવું કહે છતે તૂર્ત બુદ્ધિમાં ઉપસ્થિત ન થાય. તેથી વિશ્વની સર્વ ચીજો સત્તામાત્ર રૂપ જ છે. વળી 'ઘટ' આ સત્તા કરતાં ભિન્ન છે કે અભિન્ન ?

सत्तातो भिन्नोऽभिन्नो वा ? यद्यभिन्नस्तर्हि सत्तामात्रमेवासौ, अथ भिन्नस्तर्हि नास्त्येवासौ, सत्तातोऽन्यत्वात्, खरविषाणवदिति । एवं पटादयोऽपि प्रत्येकं वाच्याः । अतः सर्वमेव घट-पटादिकं वस्तु सत्तामात्रमेव । अतोऽयं नयो घट-पटादिकं सर्वं सत्त्वेनैवाध्यवस्यति । अयं परः सङ्ग्रहो ज्ञेयः, सत्तालक्षणमहासामान्यग्राहित्वात् ।

तथा, वनस्पतिरित्युक्ते चूतगुल्मादिके सर्वत्राविशेषेण बुद्धिरुपजायते। अत आम्रगुल्मादयः सर्वे वनस्पतिसामान्यमेव, न वनस्पतिविशेषाः । एवमेव 'गौः' इत्युक्ते शाबलेय-धावलेयादिके सर्वत्र गवि प्रत्ययो जायते, अतः शाबलेयादयो गोसामान्यमेव, न तु गोविशेषाः । अयम्भावः - वनस्पतिविशेषत्वेनाभिप्रेत आम्रादिर्वनस्पतिसामान्याद् भिन्नो वाऽभिन्नो वा ? भिन्नश्चेद् ? नास्त्येवासौ, सामान्यबहिर्भूतत्वात्, खपुष्पवत् । अथाभिन्नस्तर्हि वनस्पतिसामान्यमेवासौ । एतच्चापरसामान्यम् । एवमेव गोत्व-घटत्वादयो द्रव्यत्व-जीवत्वादयश्चापरसामान्यम्। ततश्च सर्वाणि द्रव्याणि द्रव्यत्वेनाध्यवस्यन् सङ्ग्रहोऽपरसङ्ग्रहः । एवमेव सर्वान् घटान् घटत्वेनाध्यवस्यन् सङ्ग्रहोऽपरसङ्ग्रहः । इत्थञ्च सङ्ग्रहस्य द्वौ भेदौ कथितौ- महासामान्य-

---

જો અભિન્ન છે તો એ સત્તામાત્રરૂપ જ છે. જો ભિન્ન છે, તો છે જ નહીં, કારણ કે સત્તાથી ભિન્ન છે, જેમકે ગધેડાનું શિંગડું. આ જ રીતે પટ વગેરે પણ બધા પદાર્થો જાણવા. આમ ઘટ-પટાદિ બધી વસ્તુ સત્તામાત્ર જ છે. તેથી આ નય ઘટ-પટાદિ સર્વને 'સત્' રૂપે જ જાણે છે. આ પરસંગ્રહ છે, કારણ કે સત્તાત્મક મહાસામાન્યનો ગ્રાહક છે.

તથા, 'વનસ્પતિ' એમ બોલતાં આંબો-ગુલ્મ વગેરે બધા જ સમાન રીતે બુદ્ધિના વિષય બને છે. માટે આંબો-ગુલ્મ વગેરે બધા વનસ્પતિસામાન્યરૂપ જ છે, નહીં કે વનસ્પતિવિશેષરૂપ. એ જ રીતે 'ગાય' એમ કહેવાથી શાબલેય-ધાવલેય વગેરે બધી ગાયોમાં બુદ્ધિ પ્રવર્તે છે. માટે શાબલેય વગેરે ગોસામાન્ય જ છે, નહીં કે ગોવિશેષ. કહેવાનો ભાવ એ છે કે - વનસ્પતિવિશેષ તરીકે અભિપ્રેત આંબા વગેરે વૃક્ષો વનસ્પતિસામાન્યથી ભિન્ન છે કે અભિન્ન ? જો ભિન્ન છે તો એ અસત્ જ છે, કારણ કે સામાન્યરહિત છે, જેમકે ખપુષ્પ. જો અભિન્ન છે, તો એ વનસ્પતિસામાન્ય જ છે. આ અપરસામાન્ય છે. આ જ રીતે ગોત્વ-ઘટત્વ વગેરે કે દ્રવ્યત્વ-જીવત્વ વગેરે પણ અપરસામાન્ય છે. તેથી બધા દ્રવ્યોનો 'દ્રવ્ય' તરીકે સંગ્રહ કરનાર સંગ્રહ નય એ અપરસંગ્રહ છે. એ જ રીતે બધા ઘટોનો 'ઘટ' તરીકે સંગ્રહ કરનાર સંગ્રહ એ

(=परसामान्य)ग्राही परः सङ्ग्रहः, अवान्तरसामान्य(=अपरसामान्य)ग्राही चापरः सङ्ग्रहः । सिद्धान्ते जीवश्चेतनत्वेनैकः, त्रस-स्थावरत्वाभ्यां द्विविधः, पुंवेदादिवेदैस्त्रिविधः, देवादिगति-भेदैश्चतुर्विधः, एकेन्द्रियादिजातिभेदैः पञ्चविधः, पृथ्वीकायादिकायभेदैः षड्विधः, इत्येवं जीवगोचरा ये सङ्ग्रहप्रकारा उदीरितास्तेऽस्यापरसङ्ग्रहनयस्यावान्तरभेदैरवगन्तव्याः ।

अत्र परः सङ्ग्रहः शुद्धः, अपरश्चाशुद्धः । तथा व्यवहारसंमतानुपचारानसौ नैव मन्यते, एवं विशेषांश्च नैव मन्यते । अत एव च व्यवहारविषयापेक्षया स्वविषयं शुद्धं मन्यमानः स व्यवहारापेक्षया शुद्धः कथ्यते । तथा यतोऽसावुपचारान् न मन्यतेऽतः कारणे कार्यमुपचर्य व्यवहारेण वनगमनप्रयोजनीभूतदार्वादावपि यथा प्रस्थकत्वं मन्यते न तथाऽनेन

---

અપરસંગ્રહ છે. આમ સંગ્રહનયના બે ભેદ કહ્યા-મહાસામાન્ય (=પરસામાન્ય) ગ્રાહી પરસંગ્રહનય છે. અવાન્તરસામાન્યગ્રાહી (=અપરસામાન્યગ્રાહી) અપરસંગ્રહનય કહેલો છે. સિદ્ધાન્તમાં 'જીવ ચેતનરૂપે એક જ છે, ત્રસ-સ્થાવરરૂપે દ્વિવિધ છે, પુરુષવેદ વગેરે વેદોના કારણે ત્રિવિધ છે, દેવાદિગતિભેદે ચતુર્વિધ છે, એકેન્દ્રિયાદિ જાતિભેદે પંચવિધ છે. પૃથ્વીકાયાદિ કાયભેદે' ષડ્વિધ છે... આવા બધા જીવ અંગે જે જુદા-જુદા સંગ્રહો દર્શાવેલા છે તે બધા આ અપરસંગ્રહના અવાન્તરભેદરૂપે જાણવા.

આમાં પરસંગ્રહ શુદ્ધ છે અને અપરસંગ્રહ અશુદ્ધ છે. વળી, વ્યવહારનયને માન્ય ઉપચારોને આ સ્વીકારતો નથી. [સંગ્રહનયને સિંહ તરીકે બધા સિંહ એક જ છે. મનુષ્ય તરીકે બધા મનુષ્ય એક જ છે. હવે, જો આ માણવક નામના માણસને એના સિંહસદૃશ સ્વભાવના કારણે સિંહ તરીકે સ્વીકારે તો સિંહ અને માણસનો અભેદ થઈ જવાથી બધા જ માણસોને સિંહ કહેવા પડે, જે કોઈને માન્ય નથી, કારણ કે માણસો તો ઘણા બકરી જેવા સાવ કાયર-બીકણ અને નમાલા પણ સંભવે છે. પરંતુ વ્યવહારનયને તો બધા મનુષ્યો મનુષ્યવિશેષરૂપે અલગ-અલગ જ છે એટલે માણવકને સદૃશસ્વભાવના કારણે સિંહ કહેવામાં બીજા માનવો કાંઈ સિંહ બની જતા નથી... માટે એ ઉપચારને સ્વીકારે છે.]

વળી, સંગ્રહનય વિશેષોને પણ માનતો નથી. આમ ઉપચાર અને વિશેષને ન માનતો હોવાથી સંગ્રહનય, વ્યવહારનયના વિષય કરતાં પોતાના વિષયને શુદ્ધ માને છે અને તેથી એ વ્યવહારનયની અપેક્ષાએ શુદ્ધ કહેવાય છે. તથા, એ ઉપચારને માનતો ન હોવાથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને વ્યવહારનય વનગમનપ્રયોજનીભૂત કાષ્ઠ વગેરેને પણ જેમ પ્રસ્થક તરીકે સ્વીકારે છે, તેમ આ સંગ્રહનય સ્વીકારતો નથી. આના

मन्यते । अस्य मतेन तु चितो मितस्तथा मेयारूढ एव प्रस्थकः । अत्र चितः=आसादित-प्रस्थकपर्यायः, मितः = आकुट्टितनामा, मेयारूढः = धान्यविशेषं मेयमारूढः । अत्र दृष्टान्तेऽसौ कार्याकरणकाले प्रस्थकं नाङ्गीकुरुतेऽतो मेयारूढमेव प्रस्थकं स्वीकुरुते । तथा वसतिदृष्टान्ते 'संस्तारकारूढ एव वसति' इत्ययं ब्रूते, अन्यत्र वासार्थस्यैवाघटमानत्वात् ॥७॥

उक्तः सामान्यग्राही सङ्ग्रहः, अधुना सामान्यप्रतिपक्षभूतानां विशेषाणां ग्राहको व्यवहारनयः कथ्यते -

**लौकिकं व्यवहारं योऽनुसरति विशेषवित् ।**
**स उपचारप्रायो विस्तृतार्थो व्यवहारकः ॥८॥**

विशेषवित् उपचारप्रायः = उपचारबहुलो विस्तृतार्थो यो लौकिकं व्यवहारमनुसरति स व्यवहारकः = व्यवहारनयो ज्ञेय इत्यर्थः । *'वच्चइ विणिच्छिअत्थं ववहारो सव्वदव्वेसु'*

---

મતે તો જે ચિત-મિત અને મેયારૂઢ હોય એ જ પ્રસ્થક છે. એમાં ચિત એટલે જે પ્રસ્થકરૂપે નિષ્પન્ન થઈ ગયેલ હોય તે. મિત એટલે જેના પર 'પ્રસ્થક એવા અક્ષરો નામ તરીકે કોતરાઈ ગયેલા હોય તે અને મેયારૂઢ એટલે જે ધાન્ય માપવાનું હોય તે માપવા માટે ભરેલું હોય તે. આ પ્રસ્થકના દૃષ્ટાન્તમાં આ સંગ્રહનય કાર્ય જ્યારે ન કરાતું હોય એ કાળે 'પ્રસ્થક' માનતો નથી, તેથી મેયારૂઢ પ્રસ્થકને જ એ પ્રસ્થક તરીકે સ્વીકારે છે. (આમાં આવું કારણ પણ વિચારી શકાય છે કે - લોકમાં જેમ કાષ્ઠઘટિત માપવાનું સાધન 'પ્રસ્થક' કહેવાય છે એમ એનાથી મપાયેલ ધાન્ય પણ 'પ્રસ્થક' કહેવાય છે... 'આ એક પ્રસ્થક છે' વગેરે ઉલ્લેખ લોકમાં થાય જ છે. આ બન્નેને સ્વતંત્ર પ્રસ્થક માનવામાં બે પ્રસ્થકવિશેષ થઈ જાય જે સંગ્રહને માન્ય નથી. એટલે બન્નેનો એક જ પ્રસ્થક તરીકે સંગ્રહ કરવા માટે એ મેયારૂઢ માનને જ પ્રસ્થક તરીકે સ્વીકારે છે.) તથા વસતિના દૃષ્ટાન્તમાં દેવદત્તાદિ સંથારામાં આરૂઢ થયા હોય ત્યારે 'એ વસે છે' એમ કહે છે, કારણ કે આ સિવાય ઘર-ઓરડા વગેરેમાં 'વસવું' અર્થ ઘટી શકતો નથી. ॥૭॥ આમ સામાન્યનો ગ્રાહક સંગ્રહનય કહ્યો. હવે સામાન્યના પ્રતિપક્ષભૂત વિશેષોનો ગ્રાહક એવો વ્યવહારનય કહેવાય છે.

**ગાથાર્થ** - જે લૌકિક વ્યવહારને અનુસરે છે, વિશેષને જાણે છે, ઉપચારબહુલ છે અને વિસ્તૃતાર્થ છે તે વ્યવહારનય જાણવો.

**વિવેચન** - *'વચ્ચઈ વિણિચ્છિઅત્થં વવહારો સવ્વદવ્વેસુ'* એવા **આવશ્યકનિર્યુક્તિના**

त्तिनिर्युक्तिवचनाद् 'व्यवहारनयो विशेषान् वेत्ति, न तु सामान्य'मित्यर्थः प्राप्यते। अयम्भावः -व्यवहारनयः सर्वद्रव्येषु विनिश्चितार्थं = विचार्य निश्चितो योऽर्थस्तं मन्यते । स च विचार एवं प्रवर्तते - 'सत्' इति भणितं घट-पटादिविशेषा एव प्रतीयन्ते, अर्थक्रियाकारिणामेव सत्त्वात्, घटपटादिविशेषाणामेव चार्थक्रियाकारित्वात् । जलाहरणादौ घटादिविशेष एवोपयुज्यते, न तु घटत्वादिसामान्यम् । व्रणपिण्डीप्रदानादयो निम्बपत्रादिवनस्पतिविशेषैरेव क्रियन्ते, न तु वनस्पतिसामान्येनेति । किञ्च 'गां बधान' इत्युक्ते न हि कश्चिद्गोत्वं बद्धुमध्यवस्यति, अपि तु गोविशेषमेव । अतो विशेषा एव सन्ति । सामान्यं तु नास्त्येव, उपलब्धिलक्षण-प्राप्तत्वेऽप्यनुलब्धेः, खपुष्पवत् । तथा सामान्यं विशेषेभ्योऽन्यत् ? अनन्यद्वा ? यद्यनन्यत् तर्हि विशेषमात्रमेव, अथान्यत्, तर्हि नास्त्येव, निर्विशेषत्वात्, खपुष्पवत् । अत एवाम्र-निम्ब-जम्बूप्रभृतिविशेषेभ्योऽन्यः कोऽपि वनस्पतिर्नास्त्येव यः सामान्यत्वेन गीयेत । यस्त्वाम्र-निम्बादियावद्विशेषेभ्यो भिन्नः सोऽवनस्पतिरेव, घटादिवद् ।

---

વચનપરથી 'વ્યવહારનય વિશેષોને જાણે છે, નહીં કે સામાન્યને' એવો અર્થ મળે છે. તે આ રીતે - વ્યવહારનય સર્વવસ્તુઓ અંગે વિનિશ્ચિતાર્થને = વિચારીને નિશ્ચિત થયેલો જે અર્થ હોય તેને માને છે. એમાં વિચાર આ રીતે ચાલે છે - 'સત્' આ રીતે જ્યારે બોલાય છે ત્યારે એના અર્થ તરીકે ઘટ-પટ વગેરે રૂપ વિશેષ જ જણાય છે, કારણ કે જે અર્થક્રિયાકારી હોય તે જ 'સત્' હોય છે અને અર્થક્રિયાકારિત્વ તો ઘટ-પટાદિરૂપવિશેષમાં જ હોય છે. તે પણ એટલા માટે કે જળાહરણાદિમાં ઘટવગેરેરૂપ વિશેષ જ વપરાય છે, નહીં કે ઘટત્વાદિરૂપસામાન્ય. એમ ઘા રૂઝવવા માટે દવા ભરવાની હોય તો નિમ્બપત્ર વગેરે રૂપ વનસ્પતિવિશેષનો જ લેપ કરાય છે, નહીં કે વનસ્પતિસામાન્યનો. તથા, 'ગાયને બાંધ' આ પ્રમાણે કહેવા પર કોઈપણ સેવક ગોત્વને બાંધવાનું સમજતો નથી, પણ ગાયવિશેષને જ બાંધવાનું સમજે છે. માટે વિશેષો જ છે, સામાન્ય તો છે જ નહીં, કારણ કે 'અહીં સામાન્ય છે' એવો નિશ્ચય કરવાની સામગ્રી હોવા છતાં એનો નિશ્ચય ક્યારેય થતો નથી, જેમકે ખપુષ્પનો. તથા, સામાન્ય વિશેષ કરતાં ભિન્ન છે કે અભિન્ન ? જો અભિન્ન છે, તો વિશેષરૂપ જ છે. જો ભિન્ન છે, તો નથી જ, કારણ કે વિશેષશૂન્ય છે, જેમકે ખપુષ્પ. એટલે જ આંબો-લીમડો-જાંબુ વગેરે રૂપ વિશેષોથી ભિન્ન કોઈપણ વનસ્પતિ છે જ નહીં જેને સામાન્ય તરીકે કહી શકાય. જે આમ્ર-નિમ્બાદિ જેટલા વિશેષો છે તે બધાથી ભિન્ન હોય તે અવનસ્પતિ જ હોય, જેમકે ઘડો.

**न च** सामान्यानभ्युपगमेऽनुगतत्वव्यवहारानुपपत्तिरिति **शङ्कनीयं**, शब्दानुगमादेव तद्व्यवहारस्योपपत्तिसम्भवात्, कारणत्वादावित्थमेवाभ्युपगमात् ।

इत्थञ्च सामान्यानभ्युपगमाद् 'विशेषेणावह्रियते = निराक्रियते सामान्यमनेनेति व्यवहार:' इत्येवं 'व्यवहार'पदनिरुक्तिरप्युपपद्यते ।

तथा 'असौ गिरिर्दह्यते' 'असावध्वा याति' 'कुण्डिका श्रवति' इत्यादय उपचारा यतोऽस्मिन्नये बाहुल्येनोपलभ्यन्तेऽतोऽसौ व्यवहारनय उपचारबहुल: । ननु 'गङ्गायां घोष:' इत्यस्मिँल्लाक्षणिके प्रयोगे यथा गङ्गापदस्य गङ्गातीरे लक्षणा शैत्यपावनत्वादिप्रतीतिश्च प्रयोजनं, तथैतेषु लाक्षणिकेषु प्रयोगेषु कस्य पदस्य कस्मिँल्लक्षणा किञ्च प्रयोजनम् ? शृणु - 'असौ गिरिर्दह्यते' इत्यत्र 'गिरि'पदस्य गिरिस्थतृणादौ लक्षणा, भूयो दग्धत्वप्रतीति: प्रयोजनम् ।

---

''સામાન્યને જો નહીં માનશો તો અનુગતવ્યવહાર શી રીતે કરશો ?'' આવી શંકા ન કરવી, શબ્દની સમાનતાથી જ એ વ્યવહાર થઈ શકવાની સંભાવના છે. (અર્થાત્ જેમ એક ઘડાને જણાવવા માટે ઘ્અટ્અ... આ વર્ણાવલીઘટિત 'ઘટ' શબ્દ બોલાય છે એ જ રીતે અન્ય ઘડાને જણાવવા માટે પણ એ જ વર્ણાવલીઘટિત 'ઘટ' શબ્દ વપરાય છે. માટે એ બન્ને અંગે એક સમાન 'આ ઘડો છે' એવી બુદ્ધિ અને વ્યવહાર થાય છે. એટલે આવી અનુગત (= એકસમાન) બુદ્ધિ અને વ્યવહારને ઘટાવવા માટે પણ સામાન્ય માનવાની જરૂર નથી.) ('આવું અન્યત્ર ક્યાંય થાય છે ?' આવા સંભવિત પ્રશ્નનો ઉત્તર આપવા-) કારણતા વગેરેમાં આવું જ મનાયેલું છે. અર્થાત્ કારણતા એ જાતિ તરીકે માન્ય ન હોવા છતાં 'આ કારણ છે' 'આ કારણ છે' એવો અનુગતવ્યવહાર શબ્દાનુગમથી થાય છે - એમ મનાયેલું જ છે. આમ, સામાન્યનો અનભ્યુપગમ = અસ્વીકાર હોવાથી, ''વિ + અવહરણ = વિશેષ માનવા દ્વારા સામાન્યનું અવહરણ = નિરાકરણ જેનાથી થાય છે તે વ્યવહાર'' આવી 'વ્યવહાર' પદની વ્યુત્પત્તિ પણ સંગત ઠરે છે.

તથા, 'આ પર્વત બળે છે' 'આ માર્ગ જાય છે' 'કૂંડું ઝરે છે' આવા બધા ઉપચાર પણ આ નય બહુલતાએ = પ્રચુરતાએ માને છે, માટે એ ઉપચારબહુલ છે.

**પ્રશ્ન** - 'ગંગાયાં ઘોષ:' એવા આ લાક્ષણિક પ્રયોગમાં જેમ ગંગા પદની 'ગંગાતીરમાં' લક્ષણા છે અને ઘોષમાં ગંગાનદી જેવી શીતલતા-પાવનતાની પ્રતીતિ એ પ્રયોજન છે, તેમ આ લાક્ષણિકપ્રયોગોમાં કયા પદની શામાં લક્ષણા છે ? અને શું પ્રયોજન છે ?

**ઉત્તર** - સાંભળો. 'આ પર્વત બળે છે' આવા ઉપચારમાં 'ગિરિ' શબ્દની પર્વત

'असावध्वा याति' इत्यत्राध्वपदस्याध्वनि गच्छति पुरुषसमुदाये लक्षणा, नैरन्तर्यप्रतीतिः प्रयोजनम् । 'कुण्डिका श्रवति' इत्यत्र कुण्डिकापदस्य कुण्डिकास्थजले लक्षणा, अनिबिडत्वप्रतीतिः प्रयोजनम् ।

यतश्चासौ नय उपचारबहुलो विशेषग्राही चातः स विस्तृतार्थः, गङ्गाप्रवाहवद् गङ्गातीरस्याप्यस्य नयस्य गङ्गापदार्थत्वेन संमतत्वात्, विशेषाणामनेकत्वाच्च ।

तथा, लोकव्यवहारानुसारित्वाच्चास्य 'व्यवहारनयः' इति नामोपपद्यते । लोकव्यवहारानुसारित्वश्चैवं ज्ञेयम् । वस्तुतः पञ्चवर्णावयवारब्धशरीरत्वेन यः पञ्चवर्णवांस्तस्मिन् भ्रमरे 'कृष्णो भ्रमरः' इत्येवं श्यामत्वादेरेव विनिश्चयादेष लौकिकः । यथा हि लोको निश्चयतः पञ्चवर्णेऽपि भ्रमरे कृष्णावर्णत्वमेवाङ्गीकरोति तथाऽयमपीत्यस्य लौकिकसमत्वम् । अत एव **तत्त्वार्थभाष्ये** *'लौकिकसम उपचारप्रायो विस्तृतार्थो व्यवहारः'* इत्येवमुक्तम् । **न च**

---

પર રહેલ તૃણ વગેરેમાં લક્ષણા છે, અને 'પુષ્કળ બળી ગયું છે' એવી પ્રતીતિ કરાવવી એ પ્રયોજન છે. ('ઘાસ બળે છે' એમ જ બોલવામાં આવે તો એકભાગનું થોડું ઘાસ બળ્યું છે એવો જ સાંભળનારને ભાસ થવાની સંભાવના છે.) 'આ માર્ગ જાય છે' આવા પ્રયોગમાં અધ્વા=માર્ગપદની માર્ગ પર જનારા મુસાફરોમાં લક્ષણા છે. નિરંતરતાની પ્રતીતિ એ પ્રયોજન છે. ('મુસાફરો જાય છે' એમ જ બોલવામાં ક્યારેક અધવચ્ચે પ્રવાસ અટકી જાય... કે ટૂકડે-ટૂકડે પ્રવાસ થાય એવું પણ ભાસી શકે. 'માર્ગ જાય છે' એવું સાંભળવાથી નિરંતર પ્રવાસ જણાય છે.) તથા, 'કૂંડું ઝરે છે' માં 'કૂંડું' પદની કૂંડાંમાં રહેલા જળમાં લક્ષણા છે, અને કૂંડું નિબિડ નથી, (છિદ્રાળુ છે) એવી પ્રતીતિ કરાવવી એ પ્રયોજન છે.

વળી આ નય ઉપચારબહુલ હોવાના કારણે તથા વિશેષગ્રાહી હોવાના કારણે વિસ્તૃતાર્થ છે. ગંગાપ્રવાહની જેમ ગંગાતીર પણ આ નયને 'ગંગા'પદના અર્થ તરીકે સંમત છે, તેમજ વિશેષો અનેક હોય છે. માટે આ નય વિસ્તૃતાર્થ છે.

તથા, લોકવ્યવહારને અનુસરનારો હોવાથી આ નયનું 'વ્યવહારનય' એવું નામ સંગત છે. લોકવ્યવહારનું અનુસરણ આ રીતે જાણવું - જે વસ્તુતઃ પાંચે વર્ણના અવયવોથી બનેલા શરીરવાળો હોવાના કારણે પાંચે વર્ણવાળો છે તે ભમરા અંગે આ વ્યવહારનય 'કૃષ્ણો ભ્રમરઃ' એ પ્રમાણે કાળાશનો જ વિનિશ્ચય કરે છે, માટે એ લૌકિક છે. લોક પણ નિશ્ચયથી પાંચવર્ણ ધરાવનાર ભમરાને કાળો જ માને છે. એ જ રીતે આ પણ માનતો હોવાથી એ લૌકિકસમ છે. એટલે જ **તત્ત્વાર્થભાષ્ય**માં *'લૌકિકસમ,*

'कृष्णो भ्रमरः' इत्यत्र विद्यमानेतरशुक्लादिवर्णप्रतिषेधाद् भ्रान्तत्वं, तत्प्रतिषेधेऽतात्पर्यात् । **ननु** यदि शुक्लादिप्रतिषेधतात्पर्यं नास्ति, तर्हि कृष्णवत् कुतस्तस्य नोल्लेख इति **चेत्** ? अनुद्भूतत्वेनाविवक्षणादिति गृहाण । **ननु** तत्र शुक्लादिप्रतिषेध एव तात्पर्यं, नत्वविवक्षामात्रमेव, 'भ्रमरः शुक्लो न वा ?' इति प्रश्ने 'नैव शुक्लः' इत्यस्यैवोत्तरस्य लोकेन दीयमानत्वात्, अन्यथा 'एकविशेषविधानस्यान्यविशेषनिषेधपरत्वं' इति न्यायभङ्गापत्तेश्चेति **चेत् ? सत्यं,** लोकविषयीभूतेष्वेव वर्णादिषु लोकस्य जिज्ञासा-व्यवहारश्च भवति । लोकविषयीभूतत्वञ्च यत उद्भूतवर्णादीनामेवातो लोकव्यवहारे यौ विधिनिषेधौ प्रवर्तेते तावुद्भूतवर्णादिविषयावैवेति

---

*ઉપચારપ્રાય અને વિસ્તૃતાર્થ એ વ્યવહારનય છે,'* એમ કહ્યું છે.

**શંકા** - 'કૃષ્ણો ભ્રમરઃ' માં વિદ્યમાન એવા ઇતરશુક્લાદિવર્ણનો નિષેધ થતો હોવાથી એ ભ્રાન્ત બની જશે. (ભમરાને કાળો કહો એટલે 'એ સફેદ નથી' વગેરે પ્રતીતિ થઈ જાય છે. - તે પણ 'સર્વં વાક્યં સાવધારણં ભવતિ' ન્યાયે... માટે આ જ્ઞાન ભ્રમાત્મક છે.)

**સમાધાન** - 'કૃષ્ણો ભ્રમરઃ' આવું જે કહેવાય છે એમાં શુક્લાદિવર્ણનો નિષેધ કરવાનું તાત્પર્ય ન હોવાથી એ ભ્રમાત્મક નથી.

**શંકા** - જો શુક્લાદિનો નિષેધ કરવાનું તાત્પર્ય નથી તો કૃષ્ણવર્ણની જેમ એનો પણ કેમ ઉલ્લેખ થતો નથી ?

**સમાધાન** - કૃષ્ણવર્ણ ઉદ્ભૂત હોય છે. શુક્લાદિવર્ણો અનુદ્ભૂત હોય છે. અનુદ્ભૂત હોવાથી એની અવિવક્ષા હોવાના કારણે એનો ઉલ્લેખ થતો નથી.

**શંકા** - ત્યાં શુક્લાદિનો નિષેધ કરવાનું જ તાત્પર્ય છે, નહીં કે માત્ર અવિવક્ષા. એટલે જ 'ભમરો શુક્લ હોય છે કે નહીં ?' એવા પ્રશ્નના જવાબમાં 'શુક્લ ન જ હોય' એવો જ જવાબ લોકદ્વારા અપાય છે. વળી કૃષ્ણવર્ણ કે જે એક વર્ણવિશેષ છે, તેનું વિધાન હોવા છતાં શુક્લાદિ અન્ય વર્ણવિશેષનો નિષેધ નહીં માનો તો 'એક વિશેષનું વિધાન બીજા વિશેષના નિષેધને જણાવવામાં તત્પર હોય છે' એવા નિયમનો ભંગ થઈ જશે.

**સમાધાન** - તમારી વાત બરાબર છે. લોકનો વિષય બનનાર વર્ણ વગેરે અંગે જ લોકને જિજ્ઞાસા અને વ્યવહાર હોય છે. જે વર્ણાદિ લોકના વિષય બનતા નથી એના લોકને જિજ્ઞાસા-વ્યવહાર વગેરે સંભવે જ શી રીતે ? અને લોકનો વિષય તો ઉદ્ભૂતવર્ણ વગેરે જ બને છે. માટે લોકવ્યવહારમાં જે વિધાન કે નિષેધ થાય છે તે ઉદ્ભૂતવર્ણાદિના

'कृष्णो भ्रमरः' इति वचनेनोद्भूतकृष्णस्यैव विधानं, उद्भूतशुक्लादीनामेव च निषेधः, 'भ्रमरो नैव शुक्लः' इति वचनेन चोद्भूतशुक्लवर्णस्यैव निषेधः, ततश्च काऽनुपपत्तिः? का वोक्त-नियमभङ्गापत्तिः ?

**ननु** 'भ्रमरो बादरस्कन्धतया पञ्चवर्णो भवति' इति जानान आगमज्ञो यदि 'कृष्णो भ्रमरः' इति वक्ति, तदा तस्य तद्वाक्यस्यासत्यत्वापत्तिरिति **चेत् ? न,** लोकव्यवहारानुकूल-विवक्षाप्रयुक्तत्वेन भावसत्यत्वात् । आगमानुसन्धानवेलायां तु स 'पञ्चवर्णो भ्रमरः' इत्येव वक्ति, तदपि वाक्यं सत्यमेव, केवलं निश्चयतः, न तु व्यवहारतः, लोकव्यवहारानुकूलत्वात् । परंतु यदि कश्चित् 'पीतो भ्रमरः' इत्येवं वक्ति, तदा तद्वाक्यं न व्यवहारतो भावसत्यं, भ्रमर उद्भूतपीतवर्णाभावेन लोकव्यवहाराननुकूलत्वात्, नापि निश्चयतः, विद्यमानानामपि शुक्ल-वर्णादीनां *एकविशेषविधिनिषेधौ*...इत्यादिन्यायेन निषेधकत्वादित्यसत्यमेव तद् ज्ञेयम् ।

---

જ. તેથી 'કૃષ્ણોભ્રમરઃ' એવા વચનથી ઉદ્ભૂતકૃષ્ણનું જ વિધાન થાય છે, અને ઉદ્ભૂતશુક્લાદિનો જ નિષેધ થાય છે. એમ, 'ભમરો સફેદ નથી જ હોતો' એવા વચનથી ઉદ્ભૂતશુક્લનો જ નિષેધ થાય છે. પછી શું અસંગતિ છે ? કે શું કહેલા નિયમનો ભંગ થવાની આપત્તિ છે ?

**શંકા** - 'ભમરો બાદરસ્કંધરૂપ હોવાથી પાંચેવર્ણવાળો હોય છે' આ વાત આગમનો જાણકાર જાણતો હોય છે. એટલે એ જો 'કૃષ્ણો ભ્રમરઃ' એમ બોલે તો એનું એ વાક્ય અસત્ય બની જશે.

**સમાધાન** - ના, કારણ કે લોકવ્યવહારને અનુકૂળ વિવક્ષાથી બોલાયેલ હોવાથી આ વાક્ય ભાવસત્યરૂપ છે અને જ્યારે આગમનું અનુસન્ધાન હોય છે ત્યારે તો એ પણ 'પંચવર્ણો ભ્રમરઃ' એમ જ કહે છે. એ વાક્ય પણ સત્ય જ છે, હા, નિશ્ચયથી, નહીં કે વ્યવહારથી, કારણ કે લોકવ્યવહારને અનુસરનાર નથી. પરંતુ જો કોઈ 'પીતો ભ્રમરઃ' એમ કહે તો એ વાક્ય વ્યવહારથી ભાવસત્ય નથી, કારણ કે ભમરામાં ઉદ્ભૂત પીળો વર્ણ ન હોવાથી આવો વાક્યપ્રયોગ લોકવ્યવહારને અનુકૂળ નથી (અર્થાત્ એ લોકને નજરમાં રાખીને બોલાયેલ નથી). વળી એ નિશ્ચયથી પણ ભાવસત્ય નથી, કારણ કે વિદ્યમાન એવા પણ શુક્લાદિ વર્ણનો, એ 'એકવિશેષના વિધિ-નિષેધ તદન્યના નિષેધવિધિમાં પરિણમે છે' એ ન્યાયે નિષેધ કરનાર હોવાથી આગમને નજરમાં રાખીને પણ બોલાયેલ નથી. માટે એ અસત્ય જ જાણવો.

**अथ** 'कृष्णो भ्रमर:' इति वाक्यवत् 'पञ्चवर्णो भ्रमर:' इति वाक्यमपि कथं न व्यवहारनयानुरोधि ? तस्यापि लोकव्यवहारानुकूलत्वात्, व्युत्पन्नलोकानामागमबोधितार्थेऽपि व्यवहारदर्शनादिति **चेत् ? न,** तस्य लोकबाधितार्थबोधकतया लोकव्यवहाराननुकूलत्वात् । **नन्वेवं** तु 'आत्मा न रूपवान्' इत्यादि वाक्यस्याप्यव्यवहारकत्वापत्ति:, आत्मगौरत्वादिबोधक-लोकप्रमाणबाधितार्थबोधकत्वात् । **न च** 'आत्मा गौर:' 'आत्मा काल:' इत्यादि प्रतीतेर्लोकस्य कदाचिदप्यसम्भवाल्लोकप्रमाणबाधितार्थबोधकत्वमसिद्धमिति **शङ्कनीयं,** तदसम्भवेऽपि 'अहं गौर:' 'अहं काल:' इत्यादिप्रतीते: सम्भवात्, तत्र च 'अहं'पदेनात्मन एवोल्लिख्यमानत्वाद्, अन्यथा 'अहं सुखी' इत्यादिप्रतीते: शरीरे सुखाधारत्वापत्ते: । **न च** प्रत्यक्षनियतैव लोकव्यवहारविषयता, न त्वागमादिनियताऽपीति 'आत्मा न रूपवान्' इत्यादेरव्यवहारकत्वमिष्ट-मेवेति **वाच्यं,** एकं चार्वाकं मुक्त्वा शेषलोकानामात्मनोऽपि व्यवहारविषयत्वादिति **चेत् ?**

---

**શંકા** - 'કૃષ્ણો ભ્રમર:' ની જેમ 'પંચવર્ણો ભ્રમર:' વાક્ય પણ વ્યવહારને અનુસરનાર કેમ ન માનવું ? કારણ કે આગમજ્ઞાતા લોકોનો આગમબોધિત અર્થ અંગે પણ વ્યવહાર જોવા મળતો હોવાથી આ વાક્ય પણ લોકવ્યવહારને અનુકૂળ જ છે.

**સમાધાન** - ના, એ વાક્ય લોકબાધિતઅર્થનું બોધક હોવાથી = લોક જેનો નિષેધ કરે છે એવા અર્થને જણાવનાર હોવાથી લોકવ્યવહારને અનનુકૂળ છે.

**પૂર્વપક્ષ** - આમ તો 'આત્મા રૂપવાન નથી' વગેરે વાક્ય પણ અવ્યવહારુ = લોકવ્યવહારને અનનુકૂળ બની જશે, કારણ કે આત્માના ગૌરત્વનું બોધક જે લોકપ્રમાણ, તેનાથી બાધિત અર્થનું બોધક છે. ''આત્મા ગોરો છે' 'આત્મા કાળો છે' આવી પ્રતીતિ લોકને ક્યારેય થતી નથી. તેથી લોકપ્રમાણથી બાધિતાર્થનું એ વાક્ય બોધક હોવાની વાત અસિદ્ધ છે'' - આવી શંકા નહીં કરવી, કારણ કે એવી પ્રતીતિ થતી ન હોવા છતાં 'હું ગોરો છું' 'હું કાળો છું' વગેરે પ્રતીતિ તો લોકને થાય જ છે. આવી પ્રતીતિમાં 'હું' શબ્દ આત્માને જ જણાવે છે, નહીં કે શરીરને, નહીંતર તો 'હું સુખી' વગેરે પ્રતીતિથી ભાસતા સુખનો આધાર પણ શરીરને માનવું પડે.

**શંકા** - લોકવ્યવહાર પ્રત્યક્ષને જ અનુસરે છે, આગમને નહીં, આવો નિયમ હોવાથી 'આત્મા ન રૂપવાન્' વગેરે અવ્યવહારુ બની જાય એ ઇષ્ટ જ છે. આત્મા પ્રત્યક્ષ ન હોવાથી આગમને અનુસર્યા વગર આવો વાક્યપ્રયોગ સંભવિત નથી.

**સમાધાન (= પૂર્વપક્ષ)** - આ શંકા બરાબર નથી, કારણ કે એક ચાર્વાકને છોડી દો... બાકી તો બધા લોકોના વ્યવહારમાં આત્મા પણ અવતરે જ છે. માટે એ

**मैवं**, 'आत्मा न रूपवान्' इत्यादेर्लोकबाधितार्थबोधकत्वाभावात् । **न चा**त्मगौरत्वबोधकं 'अहं गौर:' इत्यादिरूपं लोकसिद्धं यत्प्रमाणं, तेन बाधितो यो रूपाभाववदात्मरूपोऽर्थस्तस्य बोधकत्वं तत्राबाधितमेवेति **शङ्कनीयं**, 'अहं गौर:' इत्यादिना 'अहं'पदवाच्येऽर्थ एव गौरत्वबोधनाद् । एतदुक्तं भवति–सामान्यतः 'अहं'इति यः शब्दो लोकव्यवहारे समवतरति, न केवलं शरीरं, न वा केवल आत्मा तस्य वाच्यार्थः, किन्तु शरीरानुविद्ध आत्मैव तस्य वाच्यार्थः, 'अहं जड:' इति संवेदनस्य कदाचिदप्यसम्भवात् केवलस्य शरीरस्य तद्वाच्यार्थत्वाभावात्, 'अहं न रूपवान्' इत्यस्यापि संवेदनस्य सामान्यतोऽसम्भवात् केवलस्यात्मनोऽपि तद्वाच्यार्थत्वाभावात्। उक्तमप्यन्यत्र–*'श्रुतिगम्यात्मतत्त्वं तु नाहंबुद्ध्याऽवगम्यते'* इति । अत एव स्त्रीणा'महं गौरी 'अहं रागिणी' इत्यादिसंवेदनं भवति, न तु 'अहं गौर:' 'अहं रागी' इत्यादिपुल्लिङ्गसमभिव्याहृतं संवेदनम् । तथा 'अहं' इति पदसमभिव्याहारे क्रियापद

---

લોકવ્યવહારાનુસારી છે જ.

**ઉત્તરપક્ષ** - તમારો પૂર્વપક્ષ બરાબર નથી, કારણ કે 'આત્મા ન રૂપવાન્' વગેરે વાક્ય લોકબાધિતાર્થનું બોધક છે જ નહીં. (અને તેથી એ વ્યવહારુ હોવામાં કોઈ બાધક નથી.)

**પૂર્વપક્ષ** - આત્માને ગોરો જણાવનાર 'अहं गौर:' વગેરે રૂપ જે લોકસિદ્ધ પ્રમાણ, તેનાથી 'આત્મા રૂપાભાવવાન્ છે' આ વાત બાધિત છે જ, અને આવી બાધિત વાતનું 'આત્મા ન રૂપવાન્' એ વાક્ય બોધક છે એ સ્પષ્ટ જ છે.

**ઉત્તરપક્ષ** - આવો પૂર્વપક્ષ ન કરવો, કારણ કે 'अहं गौर:' વગેરે લોકસિદ્ધ પ્રતીતિ આત્માને ગોરો જણાવતી નથી, પણ 'अहं' પદનો જે વાચ્યાર્થ હોય એને જ ગોરો જણાવે છે. કહેવાનો ભાવ આવો છે - સામાન્ય રીતે 'અહં (હું)' આવો જે શબ્દ લોકવ્યવહારમાં આવે છે તેનો વાચ્યાર્થ એકલું શરીર પણ નથી, કે એકલો આત્મા પણ નથી. પરંતુ શરીરથી સંકળાયેલ આત્મા જ એનો વાચ્યાર્થ છે, અર્થાત્ એ શબ્દથી શરીર સાથે એકમેક થયેલા આત્માનો ઉલ્લેખ થાય છે. આમાં કારણ એ છે કે 'હું જડ છું' આવું સંવેદન ક્યારેય સંભવતું ન હોવાથી કેવળ શરીર એનો વાચ્યાર્થ નથી અને 'હું રૂપવાન્ નથી' આવું સંવેદન પણ સામાન્યથી સંભવતું ન હોવાથી કેવળ આત્મા પણ એનો વાચ્યાર્થ નથી. અન્યત્ર કહ્યું પણ છે કે-*વેદોની શ્રુતિરૂપ શાસ્ત્રથી ગમ્ય આત્મતત્ત્વ 'अहं' 'હું' એવી બુદ્ધિથી જણાતું નથી.* એટલે જ સ્ત્રીઓને 'હું ગોરી છું' 'હું રાગિણી છું' વગેરે સંવેદન થાય છે, પણ 'હું ગોરો છું' 'હું રાગી છું' એવું પુલ્લિંગતા પ્રયોગવાળું

उत्तमपुरुषप्रयोगो भवति, यथा 'अहं जानामि' इत्यादौ, परंतु 'आत्म'इतिपदसमभिव्याहारे क्रियापदे प्रथमपुरुषप्रयोगो भवति, यथा 'आत्मा जानाति' इत्यादौ, न कदाचिदपि 'आत्मा जानामि' इत्येवं कश्चिदपि शिष्टः प्रयुङ्क्ते । अत एव च 'अहं सुखी' 'अहं ज्ञानी' इत्याद्यात्मधर्मोल्लेखिसंवेदनवद् 'अहं गौरः' 'अहं रोगी' इत्यादिशरीरधर्मोल्लेखिसंवेदनान्यपि भवन्त्येव । किञ्च यथा 'मम शरीरं' इति प्रतीयते, 'ममात्मा' इत्यपि यथा प्रतीयते, न तथा 'ममाहं' इति कदाचिदपि प्रतीयते । एतदपि सूचयति यद् 'अहं' इति यः शब्दः स न 'शरीर'शब्दसमानार्थको न वा 'आत्म'शब्दसमानार्थक इति ।

ततश्च 'अहं गौरः' इत्यादिना 'अहं'पदवाच्येऽर्थ एव गौरत्वबोधनाद् न तेन 'आत्मा न रूपवान्' इत्यादिवाक्यजन्यस्यात्मनि रूपाभावख्यापकस्य बोधस्य बाध इति तस्य वाक्यस्य

---

સંવેદન થતું નથી.

તથા 'अहं' શબ્દ વપરાયો હોય ત્યારે ક્રિયાપદમાં ઉત્તમ પુરુષના રૂપનો ઉપયોગ થાય છે, જેમકે अहं जानामि 'હું જાણું છું' વગેરેમાં. પણ જ્યારે 'आत्मा' શબ્દ વપરાયો હોય છે ત્યારે ક્રિયાપદમાં પ્રથમ પુરુષના રૂપનો પ્રયોગ થાય છે, કેમકે आत्मा जानाति 'આત્મા જાણે છે' વગેરેમાં, ક્યારેય પણ કોઈપણ શિષ્ટ પુરુષ 'आत्मा जानामि' 'આત્મા જાણું છું' આત્મકર્તૃક આવો પ્રયોગ કરતો નથી. આમ 'अहँ' 'હું' શબ્દ શરીરાનુવિદ્ધ આત્માને જણાવનાર હોવાથી જ 'अहं सुखी' 'अहं ज्ञानी' 'હું સુખી' 'હું જ્ઞાની' વગેરે, સુખ-જ્ઞાનાદિરૂપ આત્મધર્મના ઉલ્લેખવાળા સંવેદન અને વાક્યપ્રયોગની જેમ 'હું ગોરો' 'હું રોગી' વગેરે ગૌરત્વ-રોગાદિરૂપ શરીરધર્મના ઉલ્લેખવાળા સંવેદન અને વાક્યપ્રયોગો પણ થાય જ છે. વળી, જેમ 'મારું શરીર' એવી પ્રતીતિ થાય છે, 'મારો આત્મા' એવી પણ પ્રતીતિ થાય છે, એમ 'મારો હું' એવી પ્રતીતિ ક્યારેય થતી નથી. આ પણ એ જ સૂચન કરે છે કે 'હું' એવો જે શબ્દ છે તે નથી શરીરશબ્દસમાનાર્થક કે નથી આત્મશબ્દસમાનાર્થક.

તેથી 'હું ગોરો છું' એવું વાક્ય 'હું' શબ્દના વાચ્યાર્થમાં (શરીરાનુવિદ્ધ આત્મામાં) ગોરાપણાનો બોધ કરાવે છે, પણ કેવળ આત્મામાં નહીં, અને તેથી એ 'આત્મા રૂપવાન નથી' એવા વાક્યથી કેવળ આત્મામાં રૂપાભાવને જણાવનાર જે બોધ થાય છે તેનું બાધક બની શકતું નથી. આમ, 'આત્મા રૂપવાન્ નથી' એવું વાક્ય લોકથી = 'હું ગોરો છું' વગેરે રૂપ લોકપ્રતીતિથી અબાધિત અર્થનું બોધક હોવું નિરાબાધ હોવાથી એ વ્યવહારનયાનુસારી કેમ ન કહેવાય ?

लोकाबाधितार्थबोधकत्वस्याक्षततया कथं न व्यवहारनयानुरोधित्वम् ?

ननु तथापि 'अहं न रूपवान्' इत्यादिकस्य तु व्यवहारनयाननुरोधित्वं स्यादेव, 'अहं गौरः' इत्यादि लोकप्रतीतिबाधितार्थबोधकत्वादिति **चेत्** ? कः किमाह ? अस्माकमपि तस्येष्टत्वात्। अयम्भावः - 'अहं देहभिन्न आत्मा, अतोऽहं न रूपवान्' इत्यादिभावनायाः पुनः पुनरभ्यासानन्तरमेव कस्यचिद् देहात्मभेदं संवेदयितुकामस्य साधकस्य 'अहं न रूपवान्' इत्यादि संवेदनं समुत्तिष्ठति । ततश्च यतोऽत्र पुनः पुनर्भावनाया आवश्यकत्वं, अतस्तस्य व्यवहारनयाननुरोधित्वं, लोकसिद्धार्थसंवेदनार्थं पुनः पुनर्भावनाया अनावश्यकत्वात् ।

**ननु** 'अहं न रूपवान्' इत्यत्र 'अहं'शब्देन केवलस्यात्मन एवोपस्थितिः, न तु शरीरानुविद्धस्यात्मनः, तस्य गौरादितया रूपाभावस्य बाधितत्वात् । ततश्च 'आत्मा न रूपवान्' इत्यस्य व्यवहारानुरोधित्वे 'अहं न रूपवान्' इत्यस्य कथं न व्यवहारानुरोधित्वमिति **चेत् ? शृणु** - भ्रमरस्य भ्रमरत्वेनोपस्थितौ झटिति तत्र लोकप्रसिद्धं कृष्णवर्णवत्त्वमेवोप-तिष्ठते, उपतिष्ठमानस्यैतस्य कृष्णवर्णवत्त्वस्य यावद् ज्ञानाद् विषयतया न व्यवच्छेदो न

---

**શંકા** - છતાં પણ, 'હું રૂપવાન નથી' વગેરે વાક્ય વ્યવહારનયાનુસારી નહીં જ બને, કારણ કે 'હું ગોરો છું' વગેરે લોકપ્રતીતિથી બાધિત જે 'રૂપાભાવવાન્ હું છું' એવો અર્થ, તેનું બોધક છે.

**સમાધાન** - આમાં ક્યાં વાંધો છે ? અમને પણ એ માન્ય જ છે. આશય એ છે કે - 'હું દેહભિન્ન આત્મા છું, માટે હું રૂપવાન્ નથી' આવી ભાવનાને વારંવાર ભાવિત કર્યા બાદ જ દેહ અને આત્માના ભેદને સંવેદવાને ચાહતા કોઈક સાધકને 'હું રૂપવાન્ નથી (પણ અરૂપી છું)' વગેરે સંવેદન સંવેદાય છે. એટલે આ માટે વારંવારની ભાવના જે આવશ્યક છે તેથી જણાય છે કે એ વ્યવહારનયાનુસારી નથી, કારણ કે લોકસિદ્ધ બાબતના સંવેદન માટે ફરી ફરી ભાવના જરૂરી હોતી નથી. (એ તો સહજ સંવેદનવાળી હોય છે.)

**શંકા** - 'હું રૂપવાન્ નથી' આમાં 'હું' શબ્દથી કેવળ આત્માની ઉપસ્થિતિ થાય છે, નહીં કે શરીરાનુવિદ્ધ આત્માની, કારણ કે શરીરાનુવિદ્ધ આત્મા તો ગોરો વગેરે હોવાથી ત્યાં રૂપાભાવ હોવો બાધિત છે. એટલે કેવળ આત્માનો જ ઉલ્લેખ કરી એમાં રૂપાભાવને જણાવનાર 'આત્મા રૂપવાન્ નથી' એવું વાક્ય જો વ્યવહારનયાનુસારી છે, તો 'હું રૂપવાન્ નથી' એવું વાક્ય પણ શા માટે વ્યવહારનયાનુસારી ન કહેવાય ? એ પણ કેવળ આત્મામાં રૂપાભાવનું બોધક જ છે ને !

तावत्तत्र पञ्चवर्णवत्त्वस्य प्रवेशः । तद्व्यवच्छेद-प्रवेशार्थं च भ्रमरस्य बादरस्कन्धत्वेनोपस्थितिरपेक्षिता । सा चोपस्थितिरागमज्ञस्यापि तद्विषयकागमवचनानुसन्धानेनैव यतो भवति, अतः 'पञ्चवर्णो भ्रमरः' इति बोधस्यागमानुसारित्वमेव, न तु लोकव्यवहारानुसारित्वम् । एवमेवात्मनोऽहंत्वेनोपस्थितौ झटिति तत्र लोकप्रसिद्धं गौरत्वमेवोपतिष्ठते, अहंत्वेनोपस्थितेः शरीरानुविद्धत्वविशिष्टात्मत्वेनोपस्थितिरूपत्वात् । तत्र रूपाभावस्योपस्थित्यर्थमुपतिष्ठमानस्यैतस्य गौरत्वस्य ज्ञानाद् व्यवच्छेद आवश्यकः । तद्व्यवच्छेदार्थं च 'अहं'पदवाच्यतावच्छेदकात् शरीरानुविद्धत्वस्य व्यवच्छेद आवश्यकः । तद्व्यवच्छेदार्थं च 'अहं देहभिन्न आत्मा' इत्यादिभावनाऽपेक्षिता । सा च भावना देहात्मभेदख्यापकागमवचनानुसन्धानेनैव यतो भवति, अतः 'अहं न रूपवान्' इति बोधस्यागमानुसारित्वमेव, न तु लोकव्यवहारानुसारित्वम्, परन्तु 'आत्म'पदादात्मन उपस्थितिर्यतः केवलात्मत्वेनैव भवति, न तु शरीरानुविद्धत्व-विशिष्टात्मत्वेनेति शरीरानुविद्धत्वस्याप्रविष्टत्वादेव तद् व्यवच्छेदार्थमपेक्षितायाः 'अहं देहभिन्न

**સમાધાન** - સાંભળો, ભમરો જ્યારે ભમરારૂપે ઉપસ્થિત થાય છે ત્યારે તરત જ એમાં લોકપ્રસિદ્ધ કાળાપણું જ ઉપસ્થિત થઈ જાય છે. ઉપસ્થિત થતી આ કાળાશ જ્યાં સુધી જ્ઞાનમાંથી દૂર ખસતી નથી (= જ્ઞાનના વિષયમાંથી બાદ થતી નથી = જ્ઞાનના વિષયરૂપે મટી જતી નથી) ત્યાં સુધી જ્ઞાનમાં પાંચ વર્ણનો પ્રવેશ થઈ શકતો નથી (= પાંચવર્ણવાળાપણું જ્ઞાનનો વિષય બની શકતું નથી). જ્ઞાનમાંથી વિષયરૂપે કાળાશની બાદબાકી થાય અને પાંચવર્ણનો પ્રવેશ થાય એ માટે ભમરાની બાદરસ્કંધ તરીકે ઉપસ્થિતિ અપેક્ષિત હોય છે. આવી ઉપસ્થિતિ આગમના જાણકારને પણ, એ અંગેના આગમવચનના અનુસંધાનથી જ થાય છે, માટે 'પંચવર્ણો ભ્રમરઃ' એવું વચન અને બોધ આગમાનુસારી જ છે, નહીં કે લોકવ્યવહારાનુસારી... એ જ રીતે આત્માની અહં-હું રૂપે ઉપસ્થિતિ થવામાં તરત જ એમાં લોકપ્રસિદ્ધ ગૌરવગેરેપણું ઉપસ્થિત થઈ જાય છે, કારણ કે અહં તરીકેની ઉપસ્થિતિ એ શરીરાનુવિદ્ધત્વવિશિષ્ટઆત્માની ઉપસ્થિતિરૂપ છે. એમાં જો રૂપાભાવની ઉપસ્થિતિ કરવી હોય તો ઉપસ્થિત થતા આ ગૌરપણાની જ્ઞાનમાંથી બાદબાકી થવી જોઈએ. એ બાદબાકી થવા માટે 'અહં'પદની વાચ્યતાના અવચ્છેદકમાંથી શરીરાનુવિદ્ધત્વ એવું વિશેષણ ખસી જવું જોઈએ. એ ખસી જાય એ માટે 'હું દેહભિન્ન આત્મા છું' વગેરે ભાવના અપેક્ષિત છે. આ ભાવના શરીર અને આત્માના ભેદને જણાવનાર આગમવચનના અનુસંધાનથી જ શક્ય બને છે. તેથી 'હું રૂપવાન્ નથી' એવું વાક્ય તથા બોધ આગમાનુસારી જ છે, નહીં કે લોકવ્યવહારાનુસારી. {આ 'અહં'

आत्मा' इत्यादिभावनाया अनपेक्षणादागमानुसन्धानमप्यनावश्यकमेव । तस्माद् 'आत्मा न रूपवान्' इति बोधस्य व्यवहारानुरोधित्वमेव ।

इत्थञ्च लोकव्यवहारं योऽनुसरति, यश्च वस्तु विशेषरूपं जानाति, यश्चोपचारबहुलः सोऽध्यवसायो व्यवहारनय इति स्थितम् ॥८॥ तदेवं निरूपितो व्यवहारनयः, अथ क्रमप्राप्तं ऋजुसूत्रं निरूपयितुकाम आह–

**स्वकीयं वर्तमानं चाभ्युपगच्छति यो नयः ।**
**ऋजुसूत्र इति ख्यातोऽकुटिलं सूत्रणात्स हि ॥९॥**

अत्र चकार एवकारार्थः । ततश्चैवमन्वयो ज्ञेयः - यो नयः स्वकीयं वर्तमानमेव (वस्तु) अभ्युपगच्छति स ह्यकुटिलं सूत्रणाद् ऋजुसूत्र इति ख्यातः ।

अत्र *'पच्चुप्पण्णगाही उज्जुसुओ णयविही मुणेयव्वो'* त्ति **आवश्यकनिर्युक्ति**वचनं, *'सतां साम्प्रतानामर्थानामभिधानपरिज्ञानमृजुसूत्रः'* इति **तत्त्वार्थभाष्य**वचनं ज्ञेयम् । उभयत्र

---

પદથી થનારી આત્માની ઉપસ્થિતિ અંગે કહ્યું.) પરંતુ 'આત્મા' પદથી જ જ્યારે આત્માની ઉપસ્થિતિ થાય છે, ત્યારે એ કેવળ આત્મારૂપે જ થાય છે. નહીં કે શરીરાનુવિદ્ધ આત્મારૂપે. એટલે શરીરાનુવિદ્ધત્વ એમાં પ્રવિષ્ટ જ ન હોવાથી એને ખસેડવા માટે 'હું દેહભિન્ન આત્મા છું' વગેરે ભાવના અપેક્ષિત રહેતી નથી. ને તેથી એવું જણાવનાર આગમવચનનું અનુસંધાન પણ જરૂરી ન રહેવાથી 'આત્મા રૂપવાન્ નથી' એવું વાક્ય અને એવો બોધ વ્યવહારાનુસારી જ છે.

આમ, જે લોકવ્યવહારને અનુસરે છે, જે વસ્તુને વિશેષરૂપે જુએ છે અને જે ઉપચારબહુલ છે તે અધ્યવસાય વ્યવહારનય છે, એ વાત નિશ્ચિત થઈ. ॥૮॥. આમ વ્યવહારનયનું નિરૂપણ કર્યું. હવે ક્રમપ્રાપ્ત ઋજુસૂત્રનું નિરૂપણ કરવાની ઇચ્છાથી કહે છે -

**ગાથાર્થ** - જે નય સ્વકીય અને વર્તમાન વસ્તુને જ માને છે તે ઋજુ = અકુટિલ (સરળ) સૂત્રણ કરતો હોવાથી ઋજુસૂત્ર નામે પ્રસિદ્ધ થયેલ છે.

ગાથામાં 'ચ'કાર 'જ'કારના અર્થમાં છે. તેથી ઉપર મુજબનો ગાથાર્થ મળે છે.

આ ઋજુસૂત્રનય અંગે, *'પ્રત્યુત્પન્ન (= વર્તમાન) ગ્રાહી નયવિધિ એ ઋજુસૂત્ર જાણવો'* આવું **આવશ્યકનિર્યુક્તિ**નું વચન છે. *'વિદ્યમાન પદાર્થોને જણાવનાર વાક્ય તથા જ્ઞાન એ ઋજુસૂત્રનય છે'* આવું **તત્ત્વાર્થભાષ્ય**નું વચન છે. બન્ને સ્થળે 'સ્વકીય'

स्वकीयत्वमुपलक्षणाद् ज्ञेयम् । अस्य ह्ययमभिप्रायः, यदतीतं तन्नास्ति, विनष्टत्वात्, यदनागतं तदपि नास्ति, अनुत्पन्नत्वात् । तथा यत्परकीयं तदपि नास्ति, स्वकार्यासाधकत्वात्, परकीयधनवद् । यद्वा अतीतं-अनागतं-परकीयं च वस्तु नास्ति, अर्थक्रियाकारित्वाभावात्, खपुष्पवत् । ततश्च परकीयं मङ्गलादिकं यतोऽस्य मतेनावस्तु, अतः स एकमेव मङ्गलादिकमिच्छति, तदुक्त**मनुयोगद्वारसूत्रे**-*पुहुत्तं नेच्छइत्ति* ।

तथा निजं वर्तमानं च वस्तु लिङ्ग-वचनभिन्नमपि प्रतिपद्यते । तत्रैकमपि त्रिलिङ्गं यथा तटः-तटी-तटमित्यादि । तथैकमप्येकेवचन-बहुवचनाभ्यां, यथा गुरुर्गुरवः, आपो जलं, दाराः कलत्रमित्यादि। तथा नाम-स्थापना-द्रव्य-भावरूपांश्चतुरोऽपि निक्षेपानसौ मन्यते ।

किञ्चास्य मतेन निष्पन्नस्वरूपोऽर्थक्रियाहेतुः प्रस्थकः, तत्परिच्छिन्नं धान्यमपि प्रस्थकः,

---

એ ઉપલક્ષણથી જાણી લેવું. આ ઋજુસૂત્રનયનો આવો અભિપ્રાય છે -

જે વસ્તુ અતીત છે, તે નથી જ, કારણ કે વિનષ્ટ છે. જે અનાગત છે, તે પણ નથી જ, કારણ કે અનુત્પન્ન છે. જે પરકીય છે, તે પણ નથી જ, કારણ કે સ્વકાર્યની અસાધક છે, જેમકે પરકીય ધન. (પરધન પથ્થર માનીએ... વગેરે વચનોમાં ઋજુસૂત્રનયની છાંટ છે.) અથવા, અતીત-અનાગત કે પરકીય વસ્તુ નથી, કારણ કે અર્થક્રિયાકારી નથી, જેમકે ખપુષ્પ. એટલે આ નયના મતે પરકીય મંગળ વગેરે અવસ્તુ છે, માત્ર એક સ્વકીય મંગળ જ મંગળ છે. તેથી એ એક જ મંગળ વગેરેને વસ્તુ તરીકે સ્વીકારે છે. **અનુયોગદ્વારસૂત્ર**માં કહ્યું જ છે - *'(ઋજુસૂત્રનય) પૃથક્ત્વ = બહુત્વને સ્વીકારતો નથી.'*

તથા ઋજુસૂત્રનય સ્વકીય-વર્તમાન વસ્તુને લિંગ-વચનભિન્ન હોય તો પણ સ્વીકારે છે. અર્થાત્ લિંગ-વચનભેદે વસ્તુભેદ માનતો નથી. એટલે એક જ વસ્તુને ત્રણે લિંગથી આલિંગિત પણ માને છે. જેમકે તટઃ, તટી, તટં... એમ એક જ વસ્તુને એકવચનાન્ત પદથી વાચ્ય પણ માને છે અને બહુવચનાન્ત પદથી વાચ્ય પણ માને છે, જેમકે गुरुः गुरवः, आपो जलं, दाराः कलत्रं... તથા નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચારે નિક્ષેપાઓને ઋજુસૂત્રનય સ્વીકારે છે.

તથા, એના મતે જે સંપૂર્ણ રીતે તૈયાર થઈ ગયેલો હોય અને તેથી અર્થક્રિયામાં કારણભૂત છે એવો પ્રસ્થક એ 'પ્રસ્થક' છે, તેમ પ્રસ્થકથી મપાયેલ પ્રસ્થકપ્રમાણ ધાન્ય એ પણ 'પ્રસ્થક' છે. કહેવાનો ભાવ એ છે કે - પ્રસ્થક માપ ન હોય અથવા જેને માપવાનું છે તે મેય ધાન્ય ન હોય તો 'આ પ્રસ્થક પ્રમાણ છે' એવો નિશ્ચય અસંભવિત

ततश्चोभयं 'प्रस्थक'शब्दवाच्यम् । अयम्भावः – मानमेययोरेकतराभावे तत्परिच्छेदस्यासम्भव एव, अतो द्वयोरपि प्रस्थकत्वं मन्तव्यम् । किञ्च सङ्ग्रहनयमते मेयारूढं मानं प्रस्थकत्वेन यदुक्तं तत्र वस्तुतो मेयारूढं मानं प्रस्थकः, यद्वा मानारूढं मेयं प्रस्थक इत्यत्र विनिगमकाभावादुभयत्रैव प्रस्थकत्वं ज्ञेयम् । ततश्च पुष्पदन्तादिशब्दवत् 'प्रस्थक'शब्दस्य नानार्थकत्वं ज्ञेयमिति । **ननु** कथं तर्हि 'प्रस्थकेन धान्यं मीयते' इति प्रयोगः? एकत्रोभय-वाचकपदेनैकस्यानुपस्थापनादिति **चेत् ? सत्यं,** व्यवहारनयेनैवायं प्रयोगः, न तु ऋजुसूत्रनयेनापि, न हि सर्वेऽपि वचनप्रयोगाः सर्वैरेव नयैरुपपादनीया इति नियमोऽस्ति, प्रदेशदृष्टान्ते 'पञ्चानामेव प्रदेशः' इतिवाक्यस्य सङ्ग्रहेणैवोपपत्तिर्ग्रन्थेषु दर्शिता, न तु व्यवहारनयादिनापीति ।

तथाऽस्य मते, येष्वाकाशप्रदेशेषु देवदत्तोऽवगाढस्तेष्वेव तस्य वासः। तेष्वपि विवक्षित-वर्तमानकाल एव तद्वसतिः, न समयान्तरेऽपि, चलोपकरणतयाऽन्यान्यक्षेत्रावगाहनात् । संस्तारके

---

જ રહે છે. એટલે આ નિશ્ચય માટે જેમ માપરૂપ કાષ્ઠ ઘટિત પ્રસ્થક એ હેતુ હોવાથી 'પ્રસ્થક' છે, એમ ધાન્ય પણ હેતુ હોવાથી 'પ્રસ્થક' છે. પણ સંગ્રહનયમતે મેયારૂઢમાનને જે પ્રસ્થક તરીકે કહેલ છે તેમાં વસ્તુતઃ મેયારૂઢ માન એ પ્રસ્થક છે ? કે માનારૂઢ મેય એ પ્રસ્થક છે ? આનો નિશ્ચય કરાવનાર કોઈ વિનિગમક (નિશ્ચય કરાવી આપે એવી યુક્તિ) ન હોવાથી માન અને મેય બન્નેને સ્વતંત્ર પ્રસ્થકરૂપે માનવા જોઈએ. એટલે 'પ્રસ્થક' શબ્દને 'પુષ્પદંત' વગેરે શબ્દોની જેમ નાનાર્થક માનવો જોઈએ.

**શંકા** - તો પછી 'પ્રસ્થકથી ધાન્ય મપાય છે' આવો પ્રયોગ શી રીતે થશે ? કારણ કે તૃતીયાન્ત પ્રસ્થક પદથી અહીં 'માન' ઉપસ્થિત થાય છે, પણ 'મેય' ઉપસ્થિત થતું નથી. 'પુષ્પદંત'શબ્દ તો એવો છે કે એનાથી હમેશા સૂર્ય અને ચન્દ્ર બન્ને ઉપસ્થિત થાય જ. બેમાંથી એક ઉપસ્થિત ન થાય એવું ન બને...

**સમાધાન** - તમારી વાત બરાબર છે. આવો વચનપ્રયોગ વ્યવહારનયે જ થાય છે, નહીં કે ઋજુસૂત્રનયે પણ. બધા જ વચનપ્રયોગોની બધા જ નયે સંગતિ કરવી એવો નિયમ કાંઈ છે નહીં. એટલે જ પ્રદેશદૃષ્ટાન્તમાં 'પાંચનો જ પ્રદેશ' એવા વાક્યની સંગ્રહનયે જ સંગતિ દર્શાવી છે, નહીં કે વ્યવહારનયે પણ.

તથા, આ ઋજુસૂત્રનયના મતે, દેવદત્ત જે આકાશપ્રદેશોને અવગાહીને રહ્યો હોય એમાં જ એનો વાસ હોય છે. એ આકાશપ્રદેશોમાં પણ વિવક્ષિત વર્તમાનકાળે જ એની વસતિ એ માને છે, નહીં કે અન્ય સમયે પણ. કારણ કે ચલોપકરણ હોવાથી (=

तद्वसत्यभ्युपगमे तु गृहकोणादावपि तदुपगमप्रसङ्गः, संस्तारकावच्छिन्नव्योमप्रदेशेषु संस्तारक एवावगाढो न तु देवदत्तोऽपीति न तेष्वपि तद्वसतिभणनमुपपद्यते । संस्तारकगृहकोणादौ देवदत्तवसतिव्यवहारस्तु प्रत्यासत्तिदोषोद्भ्रान्तिमूलक एवेत्येतदभिप्रायः ।

ननु 'ऋजु=अकुटिलं सूत्रणाद् ऋजुसूत्रः' इति व्युत्पत्तौ सूत्रणेऽकुटिलत्वं किम् ? शृणु-'कूटस्य रूप्यकस्य रूप्यत्वेन व्यवहारे न ऋजुता, अपि तु वक्रता' इति यत्सर्वैरङ्गीक्रियते तत्र किं कारणमिति प्रश्ने इदमेवोत्तरं दातव्यं भवति यत् कूटं रूप्यकं कार्यसाधकं न भवति, यत्तु परमार्थतो रूप्यकं तत्तु कार्यसाधकं भवत्येव । तथा चेयं व्याप्तिः पर्यवस्यति- कार्यासाधकस्य कार्यसाधकत्वेन व्यवहारे वक्रता, न तु ऋजुता । अतीतस्य, अनागतस्य परकीयस्य वा वस्तुनः स्वकार्यासाधकत्वं तु स्पष्टमेव । तथापि तस्य तत्तद्वस्तुत्वेन व्यवहारे वक्रतैतद्व्याप्तिसिद्धा । ततश्च तस्या वक्रतायाः परिहारेण स्वकार्यसाधकस्य स्वकीयस्य वर्तमानस्य वस्तुन एव तत्तद्वस्तुत्वेन यो व्यवहारस्तस्मिन्नकुटिलत्वं सुगममेव ॥९॥

---

આત્મપ્રદેશો સતત સ્પંદનશીલ હોવાથી) ત્યારે અન્ય-અન્ય ક્ષેત્ર અવગાહીને એ રહે છે. દેવદત્તની વસતિ જો સંથારામાં માનવામાં આવે તો પછી ઘરના ખૂણામાં પણ તે માનવી પડે. કારણ કે, અવગાહના આપનાર આકાશથી ભિન્ન તો સંથારાની જેમ એ ખૂણો પણ છે જ. વળી, સંથારાની અવગાહનાભૂત જે આકાશપ્રદેશો છે એમાં તો સંથારો જ રહ્યો છે, નહીં કે દેવદત્ત પણ. એટલે સંથારાના આકાશપ્રદેશો, એની પ્રત્યાસત્તિ હોવાથી થયેલી ભ્રમણાના કારણે જ દેવદત્તની વસતિ તરીકે કહેવાય છે. આવો ઋજુસૂત્રનયનો અભિપ્રાય છે.

'ઋજુ = અકુટિલ સૂત્રણ કરે તે ઋજુસૂત્ર' આવી વ્યુત્પત્તિમાં અકુટિલ સૂત્રણ એ શું છે ?' આવા પ્રશ્નનો જવાબ - ખોટા રૂપિયાનો રૂપિયા તરીકે વ્યવહાર કરવામાં ઋજુતા નથી પણ વક્રતા છે, આ તો બધાને માન્ય છે. પણ એમાં કારણ શું ? એ વિચારતાં જણાય છે કે ખોટો રૂપિયો કાર્યસાધક હોતો નથી, સાચો રૂપિયો જ કાર્યસાધક હોય છે. એટલે આવી વ્યાપ્તિ મળે છે કે કાર્યઅસાધકનો કાર્યસાધક તરીકે વ્યવહાર કરવામાં વક્રતા = કુટિલતા છે, ઋજુતા નથી. અતીત, અનાગત અને પરકીયવસ્તુ કાર્યસાધક હોતી નથી એ વાત સ્પષ્ટ છે. છતાં એનો તે તે વસ્તુરૂપે (= તે તે અર્થક્રિયાકારી વસ્તુરૂપે) વ્યવહાર કરવો એ વક્રતા છે, એવું આ વ્યાપ્તિથી સિદ્ધ થાય છે. એટલે, આવી વક્રતાનો પરિહાર કરીને સ્વકાર્યસાધક સ્વકીય વર્તમાનવસ્તુનો જ તે તે વસ્તુરૂપે વ્યવહાર કરવામાં અકુટિલતા સ્પષ્ટ છે જ. આ જ અકુટિલ સૂત્રણ છે. ॥૯॥

अथ ऋजुसूत्रानन्तरं शब्दनयं लक्षयति-

**कालकारकलिङ्गादेर्भेदोऽर्थभेदकृन्मतः ।**
**विशेषिततरः पूर्वाद् यन्नयेन स शब्दकः ॥१०॥**

कालकारकलिङ्गादेर्भेदो यन्नयेनार्थभेदकृन्मतः स पूर्वाद् = ऋजुसूत्राद् विशेषिततरः शब्दकः=शब्दनय इत्यत्रान्वयो ज्ञेयः ।

शपनमाह्वानं, ततश्च शप्यते=आहूयते वस्त्वनेनेति शब्दः । शब्दमेव प्रधानं यो मन्यते, न त्वर्थं, स शब्दप्रधानो नयः शब्दनयः । सोऽपि ऋजुसूत्रवत् स्वकीयं वर्तमानमेव वस्तु स्वीकरोति । तथापि तद्वस्तु ऋजुसूत्रविषयाद् विशेषिततरं मन्यते । विशेषिततरत्वं च कालादेर्भेदादर्थभेदतः । अयम्भावः बभूव सुमेरुः, भवति सुमेरुः, भविष्यति सुमेरुरित्यत्रातीतसुमेरोर्वर्तमानसुमेरुर्भिन्न एव, तस्माच्चानागतः सुमेरुर्भिन्न एवेत्येवं कालभेदाद्वस्तुभेदं मन्यते शब्दनयः । तत्र द्रव्यरूपतया योऽभेदस्तं स उपेक्षते, अन्यथा दुर्नयत्वप्रसक्तेरिति । कालभेदेऽप्यर्थस्य यद्यभेदस्तदा रावणशङ्खचक्रवर्तिनोरप्यतीतानागतयोरेकत्वापत्तेः । 'आसीद्रावणो

---

હવે ઋજુસૂત્ર બાદ શબ્દનયને જણાવે છે -

**ગાથાર્થ** - જે નય કાળ-કારક-લિંગાદિના ભેદને અર્થભેદ કરનાર માને છે તે પૂર્વના ઋજુસૂત્રનયથી વિશેષિતતર એવો શબ્દનય છે.

ગાથાનો અન્વયાર્થ સરળ છે.

'શબ્દ' શબ્દમાં શપ્ ધાતુ છે. શપ્ધાતુ આહ્વાન અર્થમાં વપરાય છે. તેથી, 'જેનાથી વસ્તુનું આહ્વાન = કથન થાય તે શબ્દ' આવી વ્યુત્પત્તિ મળે છે. આવા શબ્દને જ જે મુખ્ય કરે છે, નહીં કે અર્થને, તે નય એ શબ્દનય. એ પણ ઋજુસૂત્રનયની જેમ સ્વકીય વર્તમાન વસ્તુને જ સ્વીકારે છે. છતાં તે વસ્તુને ઋજુસૂત્રે માનેલી વસ્તુ કરતાં કંઈક વિશેષ રીતે માને છે. આ વિશેષિતતરત્વ કાળાદિના ભેદે વસ્તુભેદ માનવાથી આવે છે. કહેવાનો ભાવ આ છે - સુમેરુ હતો, સુમેરુ છે, સુમેરુ હશે... આમાં અતીત સુમેરુ કરતાં વર્તમાન સુમેરુ જુદો છે, વર્તમાન સુમેરુ કરતાં ભાવી સુમેરુ જુદો છે. આમ કાળભેદે વસ્તુભેદ માને છે શબ્દનય. આ ત્રણેમાં દ્રવ્યરૂપે જે અભેદ છે તેની એ ઉપેક્ષા કરે છે (પણ, ખંડન કરતો નથી), કારણ કે નહીંતર એ દુર્નય બની જાય. કાળભેદ હોવા છતાં જો વસ્તુનો અભેદ હોય તો અતીત રાવણ અને અનાગત શંખચક્રવર્તી એ બન્ને એક બની જવાની આપત્તિ આવે.

राजा, शङ्खचक्रवर्ती भविष्यति' इत्यत्र शब्दयोर्भिन्नविषयत्वान्नैकार्थतेति **चेत्** ? तर्हि बभूव-भवति सुमेरुरित्यत्राप्येकार्थता मा भूद्, भिन्नविषयत्वादेव । **ननु** रावण-शङ्खचक्रवर्तिनोस्तु भिन्नार्थकशब्दवाच्यार्थरूपत्वाद् भेदः स्पष्ट एव, सुमेरोस्तु न तथेति **चेत्** ? तत्रापि भिन्नार्थकाख्यातसमभिव्यहारदर्शनाद् भेदः स्पष्ट एवेति । एवं 'विश्वदृश्वाऽस्य पुत्रो जनिता' इत्यपि कालभेदेनार्थभेदे शब्दनयस्योदाहरणं ज्ञेयम् । अत्र विश्वं दृष्टवानिति विश्वदृश्वेत्येवं विश्वदृश्वेत्यनेन तनयस्यातीतकालता ख्याप्यते, जनितेत्यनेन तु भविष्यत्कालतेति सुव्यक्तः कालभेदादस्य भेदः ।

तथा कारकभेदादर्थभेदं मन्यते शब्दनयः । यथा, घटः करोति क्रियते इत्यत्र । अत्र कारकयोः कर्तृकर्मणोर्भेदाद् घटस्य भेदं शब्दनयः स्वीकुरुते । करोतीत्यनेन हि घटस्य जलाहरणाद्यर्थक्रियां प्रति कर्तृत्वं द्योत्यते । क्रियत इत्यनेन तु करणक्रियां प्रति कर्मत्वम् । न च यः कर्ता स कर्म भवति, अतिप्रसक्तेः । तस्मात् कर्तृस्वभावात् कुम्भात् कर्मस्वभावः कुम्भो भिन्न एव । 'स एव करोति किञ्चित्, स एव च क्रियते केनचित्' इति प्रतीतेर्ये

---

**શંકા** - 'રાવણ રાજા હતો, શંખચક્રવર્તી થશે' આવા સ્થળે શબ્દો ભિન્ન વિષયવાળા હોવાથી બન્ને એક બની જવાની આપત્તિ નથી.

**સમાધાન** - તો પછી बभूव અને भवति આ શબ્દો ભિન્ન વિષયને જણાવનાર હોવાથી બન્ને એક નહીં જ બની જાય.

**શંકા** - રાવણ અને શંખચક્રવર્તી તો ભિન્ન-ભિન્ન અર્થવાળા શબ્દોથી વાચ્ય અર્થ રૂપ હોવાથી એ બે વચ્ચેનો ભેદ સ્પષ્ટ જ છે, સુમેરુ માટે એવું નથી.

**સમાધાન** - ના, ત્યાં પણ ભિન્ન ભિન્ન અર્થવાળા આખ્યાતનો ઉલ્લેખ થયો હોવાથી ભેદ સ્પષ્ટ છે જ. 'વિશ્વને જોઈ ચૂકેલો આનો પુત્ર થશે' આ વચનમાં પણ કાળભેદે અર્થભેદ એ શબ્દનયનું ઉદાહરણ જાણવું. જેણે વિશ્વને જોઈ લીધેલું છે તે વિશ્વદશ્વા... માટે એ અતીતઅર્થ છે. જ્યારે જનિતા એ પુત્રને ભાવીઅર્થ તરીકે જણાવે છે. તેથી કાળભેદે એ બન્નેનો ભેદ હોવો સ્પષ્ટ જ છે.

તથા શબ્દનય કારકભેદે અર્થભેદ માને છે. જેમકે 'ઘડો કરે છે' અને 'ઘડો કરાય છે' આ બન્નેમાં વસ્તુ (= ઘડો) જુદી છે. કારણ કે કર્તાકારક અને કર્મકારકનો ભેદ છે. આમાં 'કરે છે' આ શબ્દો દ્વારા ઘડો જળાહરણાદિ અર્થક્રિયા પ્રત્યે કર્તા છે એ જણાય છે જ્યારે 'કરાય છે' આ શબ્દો દ્વારા 'ઘડો કરવાની ક્રિયાનું કર્મ છે' એ જણાય છે. જે 'કર્તા' હોય તે 'કર્મ' હોતું નથી, કારણ કે તેવું હોવામાં અતિપ્રસંગ થાય છે.

कर्तृकर्मणोर्भेदेऽप्यभिन्नमेव कुम्भलक्षणमर्थमत्राद्रियन्ते न ते नीतिनिपुणाः, 'देवदत्तः कटं करोति' इत्यत्रापि कर्तृकर्मणोर्देवदत्तकटयोरभेदप्रसङ्गादिति । **न चात्र** देवदत्त-कटलक्षण-प्रकृतिपदभेदादेवार्थभेदः स्पष्ट एवेति **वाच्यं,** अन्यत्रापि कर्तृ-कर्मलक्षणकारकभेदादर्थभेदस्य स्पष्टत्वात्, अन्यथा 'घटः क्रियते' इत्यस्य स्थाने 'घटं क्रियते' इत्यस्यापि यद्वा 'घटं करोति' इत्यस्य स्थाने 'घटः करोति' इत्यस्यापि साधुत्वप्रसङ्गात् ।

तथा लिङ्गभेदात् 'पुष्यस्तारका' इत्यत्र पुंस्त्रीलिङ्गयोर्भेदादर्थभेदमभिप्रैति शब्दनयः । ये त्वत्र लिङ्गभेदेऽपि नक्षत्रलक्षणमेकमेवार्थमभिमन्यन्ते न ते तत्त्ववेदिनः, 'पटः कुटिः' इत्यत्रापि पटकुट्योरेकत्वप्रसङ्गात्, तल्लिङ्गभेदाविशेषादिति । 'पटकुट्योः प्रकृतिपदभेदादेवार्थ-

---

તેથી કર્તાસ્વભાવવાળા ઘડાથી કર્મસ્વભાવવાળો ઘડો જુદો જ છે. 'તે પોતે જ કંઈક કરે છે અને તે પોતે જ કોઈકના દ્વારા કરાય છે' આવી પ્રતીતિના કારણે કર્તા-કર્મકારકનો ભેદ હોવા છતાં જેઓ ઘડાને એક જ માને છે તેઓ નીતિકુશળ નથી. કારણ કે એમ તો 'દેવદત્ત સાદડી કરે છે' આવા વાક્યમાં પણ કર્તા-કર્મભૂત દેવદત્ત અને સાદડીનો અભેદ થઈ જવારૂપ અતિપ્રસંગ આવશે.

**શંકા** - એમાં તો દેવદત્ત અને કટ એવા બે જે પ્રકૃતિપદ છે એ જ જુદા હોવાથી એના વાચ્ય અર્થનો ભેદ સ્પષ્ટ જ છે.

**સમાધાન** - જેમ પ્રકૃતિપદના ભેદે અર્થભેદ હોય છે, એમ પ્રત્યયપદના ભેદે પણ અર્થભેદ હોય જ છે. એટલે કર્તા-કર્મરૂપ કારકભેદે અર્થભેદ થાય જ. જો પ્રત્યયભેદ હોવા છતાં અર્થભેદ માનવાનો ન હોય તો (અર્થાત્ પ્રત્યય બદલાયા છતાં અર્થ બદલાતો ન હોય તો ઘટઃ क्रियते ના સ્થાને ઘટં क्रियते નો પ્રયોગ કે ઘટં करोति ના સ્થાને ઘટઃ करोति નો પ્રયોગ પણ સાધુપ્રયોગ બની જાય, કારણ કે વિભક્તિ પ્રથમા હો યા દ્વિતીયા... અર્થ એક જ રહેવાનો છે.

તથા લિંગભેદે શબ્દનય જે અર્થભેદ માને છે એમાં पुष्यस्तारका વગેરે ઉદાહરણ છે. આમાં पुष्यः એ પુલ્લિંગશબ્દ છે, तारका એ સ્ત્રીલિંગ શબ્દ છે. માટે એ બન્નેનો અર્થ એક ન હોઈ શકે. અહીં લિંગભેદ હોવા છતાં નક્ષત્રરૂપ એક જ અર્થ જેઓ માને છે તેઓ તત્ત્વના જાણકાર નથી, કારણ કે તો પછી તો पटः અને कुटि એ બન્નેનો અર્થ પણ એક જ માનવો પડે, કારણ કે લિંગભેદ તો સમાન રીતે છે જ. ''અહીં તો पट અને कुटि એ પ્રકૃતિપદો ભિન્ન હોવાથી જ અર્થભેદ છે'' એવી શંકા આગળની

भेद:' इत्यादिशङ्का तु पूर्ववदेव निरसनीया । एवमेवोत्तरत्रापि । तथा तट:, तटी, तटं... इत्यादयोऽप्यत्र दृष्टान्ता अनुसन्धेयाः ।

तथा संख्याभेदाद् 'आपोऽम्भ' इत्यत्र बहुत्वैकत्वसंख्ययोर्भेदादर्थभेदं शब्दनयः प्रतिजानीते । ये पुनरिहैवं वदन्ति यद् 'अत्र संख्याभेदेऽप्येक एव जलाख्योऽर्थः, संख्याभेदस्याभेदकत्वाद्,

---

જેમ નિર્મૂળ કરવી. આ જ રીતે આગળ સંખ્યાભેદ વગેરેમાં પણ જાણવું. તથા તટઃ, તટી, તટં વગેરે દૃષ્ટાન્તો પણ અહીં જાણવા.

શબ્દનય, ઋજુસૂત્રનયની અપેક્ષાએ શુદ્ધતર વસ્તુને પોતાના વ્યવહારના વિષય તરીકે માને છે. અહીં 'શુદ્ધતર' એટલે - ઋજુસૂત્રનયની દૃષ્ટિ ક્ષણભેદ સુધી જ સીમિત છે, જ્યારે શબ્દનય લિંગભેદ વગેરે પણ જુએ છે. જેમ ગુજરાતી ભાષામાં છરો અને છરી... આ બન્ને સામાન્યથી છેદ કરવાના સાધન છે. તો પણ લિંગભેદ તો છે, કંઈક અર્થભેદ પણ છે જ. એ જ રીતે સંસ્કૃતભાષામાં નદીકિનારાને જણાવવા માટે સામાન્યથી 'તટ' એવા પુલ્લિંગ અને નપુંસકલિંગ શબ્દનો પ્રયોગ થાય છે, તથા 'તટી' એવા સ્ત્રીલિંગશબ્દનો પ્રયોગ થાય છે. શબ્દનય આવા પ્રયોગસ્થળે લિંગભેદે અર્થભેદ માને છે... પણ ઋજુસૂત્રની દૃષ્ટિ ત્યાં સુધી પહોંચી શકતી નથી. શબ્દનય કહે છે કે 'તટી' એટલે નાની નદીનો કોમળ કિનારો... તટઃ એટલે મોટી નદીનો રેતાળ કિનારો... તટં એટલે ખાબડ-ખુબડ પથરાળ કિનારો... આવો કંઈક ધર્મભેદ નજરમાં હોય તો જ ભિન્નલિંગક શબ્દોનો પ્રયોગ થાય છે. વળી બીજી રીતે કહીએ તો ત્રણે લિંગ પરસ્પર વિરુદ્ધ છે. એટલે વિરુદ્ધધર્માધ્યાસ સ્પષ્ટ છે જ. એટલે જેમ વર્તમાનત્વ અતીતત્વ વગેરે વિરુદ્ધધર્માધ્યાસ હોવાથી વસ્તુભેદ છે તેમ લિંગભેદે પણ વિરુદ્ધધર્માધ્યાસ છે જ, પછી વસ્તુભેદ શા માટે નહીં ? વિરુદ્ધધર્માધ્યાસ એ જ તો ભેદનું લક્ષણ છે. એટલે વિરુદ્ધધર્માધ્યાસ હોવા છતાં જો અભેદ માનવાનો હોય તો વિરુદ્ધ ધર્માધ્યાસને છોડીને, ભેદનું બીજું તો કોઈ જ લક્ષણ ન હોવાથી-અર્થાત્ એને છોડીને, વસ્તુઓમાં ભેદ કરનાર અન્ય તો કોઈ ભેદક તત્ત્વ ન હોવાથી, જગતમાં કોઈ વસ્તુ કોઈનાથી જુદી રહેશે જ નહીં, તેથી ભેદનું અસ્તિત્વ જ ન રહેવાથી વિશ્વમાંથી ભેદકથાનો જ લોપ થઈ જશે.

તથા 'आपोऽम्भः' અહીં વચનભેદે વસ્તુભેદ છે. આપઃ બહુવચનાન્ત છે. अम्भः એકવચનાન્ત છે. તેથી બહુત્વ-એકત્વ સંખ્યાનો ભેદ હોવાથી વસ્તુભેદ છે એમ શબ્દનય કહે છે. "गुरुः-गुरवः અહીંની જેમ સંખ્યાભેદ એ વસ્તુનો ભેદક ન હોવાથી આપઃ-

यथा 'गुरुर्गुरव' इत्यत्र' इति, न ते न्यायविशारदाः, 'पटः तन्तव' इत्यत्राप्येकत्वप्रसक्तेः, संख्याभेदाविशेषादिति । ततश्च 'गुरुर्गुरव'इत्यत्रापि वचनभेदादर्थभेदो मन्तव्य एव ।

तथा पुरुषभेदात् 'त्वं यास्यसि' 'भवान् यास्यति' इत्यत्र त्वद्-भवदाख्ययोः मध्यम-प्रथमपुरुषयोर्भेदादर्थस्य भेदः शब्दनयः स्वीकुरुते । ये त्वत्र पुरुषभेदेऽपि पदार्थमभिन्नमेव ब्रुवते न ते परीक्षकाः 'अहं पचामि, त्वं पचसि' इत्यत्रापि पुरुषभेदेऽप्येकार्थत्वप्रसङ्गादिति ।

एवमुपसर्गभेदादर्थभेदे शब्दनयस्योदाहरणं 'संतिष्ठते-अवतिष्ठते' इति । अत्र ह्युपसर्गभेदा-दर्थभेदं शब्दनयोऽङ्गीकुरुते, 'विहरति-आहरति' इत्यादाविव ये तूपसर्गभेदेऽप्यभिन्नमेवार्थ-मादृताः, उपसर्गस्य धात्वर्थमात्रद्योतकत्वाद्, इति न ते विचारकाः, 'तिष्ठति, प्रतिष्ठत'

---

अम्भः માં પણ સંખ્યાભેદ હોવા છતાં વસ્તુ 'જળ' એક જ છે'' આવું કહેનારાઓ ન્યાયવિશારદ નથી, કારણ કે આવું માનવામાં તો पटः-तन्तवः માં પણ અભેદ થઈ જશે, કારણ કે સંખ્યાભેદ સમાન છે. જળનો એક પરમાણુ કે જે એકત્વસંખ્યાથી આક્રાન્ત છે, તે બહુત્વસંખ્યાથી આક્રાન્ત થઈ શકતો નથી. તેથી એને જણાવવા માટે आपः એવો, બહુત્વને જણાવનાર બહુવચનાન્ત પ્રયોગ ઉચિત નથી, પણ એકત્વસંખ્યાને જણાવનાર એકવચનાન્ત પ્રયોગ જ ઉચિત છે. એટલે, गुरुर्गुरवः અહીં પણ વચનભેદ હોવાથી અર્થભેદ માનવો જ જોઈએ.

એમ, શબ્દનય પુરુષભેદે અર્થભેદ જે માને છે એમાં ઉદાહરણ છે 'त्वं यास्यसि', 'भवान् यास्यति' પ્રયોગો. સંસ્કૃતભાષામાં 'તું' ને જણાવવા માટે त्वं અને भवान् એમ બન્ને શબ્દો વપરાય છે. એમાં 'त्वं' શબ્દ બીજો (મધ્યમ) પુરુષ મનાય છે ને भवान् શબ્દ ત્રીજો (પ્રથમ) પુરુષ મનાય છે. તેથી પુરુષભેદ છે. માટે બન્નેના વાચ્યાર્થ જુદા-જુદા છે એમ શબ્દનય સ્વીકારે છે. જેઓ અહીં પુરુષભેદ હોવા છતાં પદાર્થનો ભેદ માનતા નથી તેઓ પરીક્ષક નથી... નહીંતર 'હું પકાવું છું' 'તું પકાવે છે' આ બન્નેમાં પણ પુરુષભેદ હોવા છતાં હું અને તું નો વાચ્યાર્થ એક બની જશે.

એમ, ધાતુને લાગતા ઉપસર્ગના ભેદે પણ શબ્દનય જે અર્થભેદ કહે છે તેમાં संतिष्ठते-अवतिष्ठते ઉદાહરણ છે. विहरति = વિહરવું... आहरति = કહેવું... જેમ આમાં ઉપસર્ગભેદે અર્થભેદ છે એમ સર્વત્ર ઉપસર્ગભેદે અર્થભેદ માનવો જોઈએ. ઉપસર્ગ તો ધાત્વર્થનું માત્ર દ્યોતન = સ્પષ્ટતા કરે છે, અર્થભેદ કરનાર નથી એવું કહીને જેઓ છતે ઉપસર્ગભેદે અર્થભેદ માનતા નથી, તેઓ વિચારક નથી, નહીંતર तिष्ठति (= ઊભો

इत्यत्रापि स्थितिगतिक्रिययोरभेदप्रसङ्गात् । ततः कालादिभेदादर्थभेदः शब्दानामिति शब्दनयः प्रकाशयतीति ।

इत्थञ्च काल-कारक-लिङ्ग-वचन-पुरुष-उपसर्गभेदादर्थभेदं शब्दनयो मन्यत इति स्थितम् । ऋजुसूत्रस्तु नैवमर्थभेदं प्रतिजानीत इति सिद्धं ऋजुसूत्राभिमतवस्तुनः शब्दनयाभि-मतवस्तुनो विशेषिततरत्वम् । यद्वा *'इच्छइ विसेसियतरं पच्चुप्पन्नो नओ सद्दो' ॥२१८४॥* त्ति **निर्युक्तिदलं,** तत्र **भाष्यं** *तं चिय रिउसुत्तमयं पच्चुप्पन्नं विसेसियतरं सो । इच्छइ भावघडं चिय, जं न उ नामादिए तिन्नि ॥२२२८॥'* अस्यार्थः-असौ=शब्दनयः तदेव ऋजुसूत्राभिमतं प्रत्युत्पन्नं वस्तु विशेषिततरमिच्छति, कुत इदं ज्ञायते ? यद् = यस्मात् पृथुबुध्नोदराद्याकारकलितं मृन्मयं जलाहरणादिक्रियाक्षमं प्रसिद्धघटरूपं भावघटमेवेच्छत्यसौ, न तु नाम-स्थापना-द्रव्यरूपांस्त्रीन् घटानिति, शब्दार्थप्रधानो ह्येष नयः, शब्दार्थश्च प्रकृते 'घट चेष्टायां' इति धात्वर्थलक्षणो भावघट एव युज्यते, न नामादिष्विति निक्षेपचतुष्टयाभ्युपगम-परादृजुसूत्राद्विशेषिततरं वस्त्विच्छत्यसौ, भावघटस्यैवानेनोपगमात् । नामादिघटनिराकरणे प्रमाणमाह- *नामादओ न कुम्भा, तक्कज्जाकरणओ पडाइ व्व। पच्चक्खविरोहाओ, तल्लिंगाभावओ*

---

રહે છે), અને प्रतिष्ठते (પ્રસ્થાન = પ્રયાણ કરે છે) આ બન્નેનો પણ અર્થ એક બની જાય... એટલે કે 'સ્થિતિ' અને 'ગતિ' એ બન્ને અર્થ એક થઈ જાય.

આમ શબ્દનય કાળ-કારક-લિંગ-વચન-પુરુષ અને ઉપસર્ગભેદે અર્થભેદ માને છે એ નિશ્ચિત થયું. ઋજુસૂત્રનય તો આ રીતે અર્થભેદ માનતો નથી, માટે સિદ્ધ થયું કે -ઋજુસૂત્રને માન્ય વસ્તુ કરતાં શબ્દનયને માન્ય વસ્તુ અધિક વિશિષ્ટ હોય છે. **અથવા,** इच्छइ *विसेसियतरं पच्चुप्पन्नो नओ सद्दो ॥२१८४॥* આવા નિર્યુક્તિવચનના ભાષ્યમાં *तं चिय० ॥२२२८॥* વગેરે જે કહ્યું છે એનો અર્થ: *આ શબ્દનય તે જ વસ્તુને=ઋજુસૂત્રને માન્ય વસ્તુને વિશેષિતતર માને છે, કારણ કે પૃથુબુધ્નઉદર આદિ આકાર યુક્ત, મૃન્મય, જળાહરણાદિ ક્રિયા કરવામાં સમર્થ પ્રસિદ્ધ ઘટરૂપ ભાવઘટને જ એ માને છે, નહીં કે નામ-સ્થાપના કે દ્રવ્યઘટ રૂપ ત્રણ ઘટને. એમાં કારણ એ છે કે આ શબ્દાર્થને મુખ્ય કરનારો છે. પ્રસ્તુતમાં 'ઘટ્' ધાતુ 'ચેષ્ટા' અર્થમાં હોવાથી, જળાહરણાદિરૂપ ચોક્કસ ચેષ્ટા જેમાં છે તેવા ભાવઘટમાં જ ધાત્વર્થરૂપ શબ્દાર્થ ઘટે છે. નામાદિ ત્રણ ઘટમાં નહીં, માટે ભાવઘટ એ જ ઘડો છે, શેષ ત્રણ નહીં. આમ ચારે નિક્ષેપ માનનારા ઋજુસૂત્રનય કરતાં આ શબ્દનય વિશેષિતતર વસ્તુને માનનારો છે, કારણ કે માત્ર ભાવનિક્ષેપને જ માને*

*वा वि ॥२२२१॥* नामस्थापनाद्रव्यरूपाः कुम्भा न भवन्ति, (१) जलाहरणादितत्कार्याकरणात्, पटादिवत् । तथा (२) प्रत्यक्षविरोधात्, अघटरूपास्ते प्रत्यक्षेणैव दृश्यन्त इति प्रत्यक्षविरोधः । तथा (३)घटलिङ्गादर्शनाच्च, जलाहरणादि घटलिङ्गं च तेषु न दृश्यते, ततोऽनुमानविरोधोऽपीति कथं ते नामादिघटा घटव्यपदेशभाजो भवेयुः ? **न च** घटपदान्नामादिघटोपस्थितेरस्खलिताया दर्शनात् स्वारसिकघटपदप्रयोगलक्षणो व्यपदेशस्तेषु न विरुध्यत इति **वाच्यं,** नयेनानेन भावातिरिक्तविषयांशे सङ्केतग्रहस्याऽप्रमाणत्वेन गृहीततया नामादिषु तत्पदप्रयोगस्यास्वारसिकत्वाद् । लोकस्तु कदाचिद् 'बुध'पदेनापि मूर्खोल्लेखं करोति, श्रोतुश्च मूर्खोपस्थितिर्भवत्यपि, न चैतावतैव स्वारसिकबुधपदप्रयोगलक्षणो व्यपदेशो मूर्खे न विरुद्ध इति वक्तुं पार्यते ।

---

*છે. નામાદિઘટને શબ્દનય જે નકારે છે તેમાં કારણ આ રીતે આપે છે - नामादओ न कुम्भा० ॥२२२१॥ નામ-સ્થાપના-દ્રવ્યરૂપ ઘડા એ ઘડા નથી, કારણ કે (૧) જળાહરણાદિરૂપ ઘટકાર્ય કરતા નથી, જેમકે પટ. (૨) પ્રત્યક્ષથી વિરોધ છે. કારણ કે પ્રત્યક્ષથી જ તે નામઘટાદિ અઘટરૂપે દેખાય છે અને (૩) ઘટનું જ્ઞાપક જે જળાહરણાદિ લિંગ, તે નામઘટાદિમાં જોવા મળતું નથી, તેથી અનુમાનવિરોધ પણ છે. તેથી એ નામઘટ વગેરે 'ઘડો' શી રીતે કહેવાય ?*

***શંકા*** *- 'ઘટ' પદ સાંભળવાથી નામાદિ ઘટ પણ અસ્ખલિત રીતે ઉપસ્થિત થાય જ છે, તેથી નામાદિ ઘટ માટે 'ઘટ' પદનો સ્વારસિક પ્રયોગ વિરુદ્ધ નથી.*

***સમાધાન*** *- આમ ન કહેવું, કારણ કે આ નય ભાવનિક્ષેપ સિવાયના વિષયોમાં (=નામાદિ નિક્ષેપાઓમાં) 'ઘટ' પદના સંકેતગ્રહને અપ્રમાણ માને છે... અર્થાત્ ગોપાળદારક અંગે 'આને 'ઘટ' કહેવો' વગેરે રૂપ જે સંકેતનું જ્ઞાન, તે પ્રમાણભૂત નથી એવું આ નય કહે છે. માટે નામઘટાદિ માટે 'ઘટ'પદના પ્રયોગને આ નય અસ્વારસિક માને છે.*

[**શંકા** - પણ લોકો તો ઘટનામક ગોપાળદારકને જણાવવા માટે 'ઘટ'પદનો સ્વારસિક પ્રયોગ કરે જ છે, ને શ્રોતાને પણ એનાથી સ્વારસિક ગોપાળદારકની ઉપસ્થિતિ થાય જ છે ને !]

**સમાધાન** - લોકો તો ક્યારેક 'બુધ' પદથી મૂરખ માણસનો ઉલ્લેખ કરે છે અને શ્રોતાને પણ 'મૂરખ' ની ઉપસ્થિતિ થાય જ છે. પણ એટલા માત્રથી 'બુધ' શબ્દનો મૂર્ખાને જણાવવા માટે સ્વારસિક પ્રયોગ કરવો એ અવિરુદ્ધ છે એમ કહી શકાતું નથી. એ જ રીતે નામાદિઘટ માટે જાણવું.

**ननु** शब्दनयोऽपि भूत-भविष्यत्कालीनं वस्तु नैव मन्यते, ततश्च कालभेदादर्थभेदस्य कोऽर्थः ? अतीतस्य सुमेरोर्विनष्टत्वादेव वर्तमानेऽभाव एवेति कस्तत्सम्बन्धी विचारः? इति भावः। **अत्रोच्यते**-वर्तमाने तदभावेऽपि विवक्षितेऽतीते काले तस्य सत्त्वात् तत्कालीनात् सुमेरोर्वर्तमानकालीनः सुमेरुर्भिन्नो वाऽभिन्नो वेति कथं न विचारः ? तत्र च विचारे 'विनष्टत्वेनासताऽतीतसुमेरुणा सह वर्तमानत्वेन सतः सुमेरोर्भेदो निःशङ्क एव' इति शब्दनयाभिप्रायः ।

**ननु** ऋजुसूत्रोऽपि शब्दनयवद् भूत-भविष्यत्कालीनं वस्तु नैव स्वीकुरुते। ततश्च तन्मतेऽपि कालभेदादर्थभेदो मन्तव्य एवेति कथं तमाश्रित्य विशेषिततरत्वमिति **चेत् ? सत्यं**, कारकाद्यपेक्ष्यैव तद् विशेषिततरत्वं बोध्यम् । अत एव *'वत्थुमविसेसओ वा जं भिन्नाभिन्नलिङ्गवयणंपि । इच्छइ रिउसुत्तनओ विसेसियतरं नयो सद्दो ॥२२३३॥'* तथा *'तो भावो च्चिय वत्थुं विसेसियमभिन्नलिंगवयणं व। बहुपज्जायं पि मयं सद्दत्थवसेण*

---

**શંકા** - શબ્દનય પણ ભૂત-ભાવી વસ્તુને માનતો નથી જ. જો વસ્તુ જ નથી તો કાળભેદે અર્થભેદનો શું અર્થ ? અતીત સુમેરુ વિનષ્ટ જ હોવાથી વર્તમાનમાં એનો અભાવ જ છે, પછી એનો વિચાર જ શું ?

**સમાધાન** - વર્તમાનમાં એનો અભાવ હોવા છતાં વિવક્ષિત અતીતકાળમાં તો એ વસ્તુ વિદ્યમાન હતી જ. એટલે તત્કાલીન સુમેરુથી વર્તમાનકાલીન સુમેરુ ભિન્ન છે કે અભિન્ન ? એ વિચાર કેમ ન કરી શકાય ? અને એ વિચાર કરીએ એટલે, "વિનષ્ટ હોવાથી અસત્ એવા અતીતસુમેરુની સાથે, વર્તમાન હોવાના કારણે સત્ એવા સુમેરુનો ભેદ હોવો નિઃશંક જ છે" એવો શબ્દનયનો અભિપ્રાય છે.

**શંકા** - ઋજુસૂત્રનય પણ શબ્દનયની જેમ ભૂતકાલીન તથા ભવિષ્યકાલીન વસ્તુને સ્વીકારતો નથી જ. એટલે એના મતે પણ કાળભેદે વસ્તુભેદ માનવાનો રહે જ. તો આ બાબતમાં બન્ને સમાન થઈ ગયા. શબ્દનયનો વિષય વિશેષિતતર શી રીતે થયો ?

**સમાધાન** - સાચી વાત, કારક વગેરેની અપેક્ષાએ જ એને વિશેષિતતર માનવાનો નહીં કે કાળની અપેક્ષાએ પણ. એટલે જ, વિ.આ.ભા.ની ૨૨૩૩ મી ગાથામાં આ પ્રમાણે કહ્યું છે કે-*"ઋજુસૂત્રનય ભિન્નલિંગ-વચનવાળી વસ્તુ કે અભિન્નલિંગ-વચનવાળી વસ્તુને અવિશેષપણે સ્વીકારે છે. શબ્દનય એને વિશેષપણે = ભિન્ન સ્વીકારે છે, માટે શબ્દનય વિશેષિતતર વસ્તુને સ્વીકારે છે."* તથા *"તેથી, ભાવનિક્ષેપ એ જ વસ્તુ છે તે પણ સમાન લિંગ-વચનવાળા શબ્દથી જ વાચ્ય માને છે. ઈન્દ્ર-શક્ર-પુરંદર વગેરે*

*सद्दस्स ॥२२३५॥'* त्ति । अत्र लिङ्गवचने साक्षादुक्ते । तदुपलक्षणात् कारकादेरेव ग्रहणं **महोपाध्यायैरनेकान्तव्यवस्थाप्रकरणे** कृतं, न तु कालस्य । तमपेक्ष्य तु समानत्वमेवोक्तम् । तथाहि - *अत्राभिन्नलिङ्गवचनमिति यदुक्तं तदभिन्नकारकाद्युपलक्षणं, कारकादिभेदेनाप्यनेनार्थभेदाभ्युपगमात्। तथाहि-यथा ऋजुसूत्रनयमत एव 'अग्निष्टोमयाजी पुत्रोऽस्य जनिता' इत्ययुक्तं, अतीतानागतयोः सम्बन्धाभावात्, तथा शब्दनयमतेऽन्यकारकयुक्तं यत्तदेवान्यकारकसम्बन्धं नानुभवतीति 'अधिकरणं चेद् ग्रामः ? अधिकरणाभिधानविभक्तिवाच्य एव, न कर्माभिधानविभक्त्यभिधेयः' इति 'ग्राममधिशेते' इति प्रयोगोऽनुपपन्नः, तथा 'पुरुषभेदेऽपि नैकं वस्तु' इति 'एहि मन्ये रथेन यास्यसि, न हि यास्यसि, यातस्ते पिता' इति च*

---

*અનેક પર્યાયવાચી શબ્દોથી વાચ્ય એક વસ્તુ પણ શબ્દનય સ્વીકારે છે, કારણ કે એક જ ઈન્દ્રમાં ઈન્દન-શકન-પૂર્દારણ વગેરે અર્થો ઘટે છે."॥૨૨૩૫॥* અહીં લિંગ અને વચન સાક્ષાત્ કહ્યા છે. મહોપાધ્યાય **શ્રીયશોવિજયજી** મહારાજે **અનેકાન્તવ્યવસ્થા પ્રકરણ**માં એના ઉપલક્ષણથી કારકાદિનું જ ગ્રહણ કર્યું છે, પણ કાળનું નહીં. કાળની અપેક્ષાએ તો સમાનતા જ કહી છે. તે આ રીતે-*અહીં 'અભિન્નલિંગ-વચન' એમ જે કહ્યું છે તે અભિન્નકારકાદિના ઉપલક્ષણ તરીકે જાણવું, કારણ કે કારકાદિભેદે પણ આ શબ્દનય અર્થભેદ માને છે. તથાહિ-જેમ ઋજુસૂત્રનયને કાળભેદે અર્થભેદ સંમત છે જ, એમ શબ્દનયને કારકાદિભેદે પણ અર્થભેદ માન્ય છે. એટલે વૈયાકરણીઓએ 'अग्निष्टोमयाजी पुत्रोऽस्य जनिता' (=જેણે અગ્નિષ્ટોમ યજ્ઞ કરેલો છે તેવો પુત્ર આને થશે.)* આવો જે *પ્રયોગ કહેલો છે તેને ઋજુસૂત્ર પણ અયોગ્ય માને છે, ને શબ્દનય પણ અયોગ્ય માને છે, કારણ કે અતીત-અનાગતનો સંબંધ હોતો નથી. આશય એ છે કે 'અગ્નિષ્ટોમયાજી' આમાં યજ્ધાતુને ભૂતકાળઅર્થમાં ઈન્ પ્રત્યય લાગ્યો છે. જ્યારે 'જનિતા'માં ભવિષ્યકાળસૂચક પ્રત્યય છે. પરંતુ વાસ્તવમાં અતીત-અનાગત કાળનો સંબંધ થઈ શકતો નથી. એટલે જો એ પુત્ર ભૂતકાલીન છે, તો ભવિષ્યકાલીન નથી, જો ભવિષ્યકાલીન છે, તો ભૂતકાલીન નથી. એક જ પુત્ર ભૂત-ભવિષ્ય ઉભયકાલીન બની શકતો નથી.*

*જેમ, એકકાળયુક્ત પદાર્થ અન્ય કાળયુક્ત બની શકતો નથી, એમ શબ્દનયે તો એક કારકયુક્ત પદાર્થ અન્યકારકયુક્ત પણ બની શકતો નથી, એટલે ગામ જો અધિશયનનું અધિકરણ છે તો એ એનું કર્મ ન બની શકે. આશય એ છે કે વ્યાકરણકારોને 'અધિ' ઉપસર્ગ સાથે શી(શીઙ્)ધાતુનો પ્રયોગ હોય તો અધિકરણકારકયુક્ત(=અધિકરણભૂત) ગ્રામરૂપ વસ્તુના વાચક ગ્રામશબ્દને 'ગ્રામમધિશેતે' એ પ્રમાણે બીજી વિભક્તિ કરવા*

प्रयोगो न युक्तः, अपि तु 'एहि मन्यसे यथाहं रथेन यास्यामि' इत्येवं परभावेनैतन्निर्देष्टव्यम्। एवमुपग्रहणभेदेऽपि विरमतीत्यादिर्न युक्तः, आत्मार्थतया हि विरमत इत्यस्यैव

---

માટે ગ્રામની ત્યાં કર્મસંજ્ઞા કહેલી છે. 'अधेः शीङ्-स्थासः आधारः' (સિદ્ધહેમ૦ ૨-૨-૨૦) 'अधिशीङ्स्थासां कर्म' (પાણિની ૧-૪-૪૬) એમ વ્યાકરણના સૂત્રો જાણવા. શબ્દનય આ વાત સ્વીકારતો નથી. 'ગામ એ અધિકરણ છે' એવું સૂચિત કરવા માટે અધિકરણવાચક સપ્તમી વિભક્તિ જ વાપરવી જોઈએ. કારણ કે અધિકરણ અને કર્મરૂપ ભિન્નભિન્ન કારક 'ગામ' રૂપ એક વસ્તુમાં સમાવિષ્ટ થઈ શકતા નથી. એટલે ગામ જો ગ્રામમ્ એમ દ્વિતીયાકારકસૂચિત 'કર્મ'રૂપ હોય તો અધિકરણરૂપે મળી શકે જ નહીં. જો એ અધિકરણ તરીકે અભિપ્રેત છે, તો એ અધિકરણવાચક સપ્તમી વિભક્ત્યન્ત શબ્દથી જ વાચ્ય હોઈ શકે, નહીં કે કર્મવાચક દ્વિતીયાવિભક્ત્યન્ત શબ્દથી વાચ્ય. માટે 'ગ્રામમધિશેતે' આવો પ્રયોગ અયોગ્ય જ છે.

એમ શબ્દનયે પુરુષભેદે પણ વસ્તુભેદ માનેલો છે, પુરુષભેદ રહેવા પર વસ્તુ એક ન હોય શકે. આશય એ છે કે પાણિનીઋષિએ 'प्रहासे मन्योपपदे मन्यतेरुत्तम एकवच्च' (૧-૪-૧૦૬) આવું સૂત્ર પાણિનીવ્યાકરણમાં કહેલ છે. આ સૂત્ર એમ જણાવે છે કે જો 'મન્ય'નો પ્રયોગ થયેલો હોય તો 'યાસ્યામિ' ના સ્થાને 'યાસ્યસિ' એમ બીજા પુરુષનો પ્રત્યય લગાડવો, અને મન્યને મધ્યમપુરુષના (બીજા પુરુષના) સ્થાને ઉત્તમ પુરુષ(= પ્રથમ પુરુષ)નો પ્રત્યય લગાડવો. વાક્ય પ્રયોગ આવો છે - एहि, मन्ये रथेन यास्यसि, न हि यास्यसि, यातस्ते पिता [આવો, તમે માનો છો કે 'હું રથથી જઈશ', પણ નહીં જઈ શકો. કારણ કે રથ લઈને તમારા પિતા ચાલ્યા ગયા છે. (માટે તમે અમારી સાથે જ આવી જાઓ.)] શબ્દનય કહે છે કે આ પ્રયોગ બરાબર નથી. मन्यसे 'यथाऽहं रथेन यास्यामि' એવો પ્રયોગ જ જોઈએ. (તું માને છે કે 'હું રથથી જઈશ') આમ પરભાવથી નિર્દેશ કરવો જોઈએ. અર્થાત્ 'मन्ये' એવા ઉત્તમ પુરુષવાળો પ્રયોગ નહીં, પણ એ ઉત્તમ પુરુષથી પરભાવનો = અન્ય પુરુષનો જ ઉલ્લેખ કરવો જોઈએ. તેથી 'मन्ये'ના સ્થાને मन्यसेનો પ્રયોગ કરવો જોઈએ તથા यास्यसिના સ્થાને यास्यामिનો પ્રયોગ કરવો જોઈએ. (પાણિનીએ प्रहासे मन्योपपदे... ઇત્યાદિ જેમ સ્વતન્ત્રસૂત્ર બનાવ્યું છે તેમ સિદ્ધહેમશબ્દાનુશાસનમાં સ્વતંત્રસૂત્ર બનાવ્યું નથી. પણ त्रीणि त्रीणि अन्ययुष्मदस्मदि (૩-૩-૧૭) સૂત્રની બૃહદ્વૃત્તિમાં એનો નિર્દેશ કર્યો છે, એ જાણવું.)

प्रयोगस्य सङ्गतेः, न चैवं लोक-शास्त्रविलोपः, सर्वत्रैव नयमते तद्विलोपस्य समानत्वादिति **सम्मतिवृत्तौ** व्यवस्थितम् । वस्तुतो 'ग्राममधिशेते' इत्यादौ ग्रामोत्तरद्वितीयादिपदादधिकरण-

---

એમ ઉપગ્રહણભેદ હોવા છતાં विरमति વગેરે પ્રયોગ યોગ્ય નથી, કારણ કે આત્માર્થતા હોવાથી विरमते એવો પ્રયોગ જ સંગત છે. આશય એ છે કે रम् ધાતુ ઈદિત (=આત્મનેપદી) હોવાથી એને આત્મનેપદના પ્રત્યય લાગે છે. પણ 'व्याङ्परे रमः' (૩-૩-૧૦૫) આ સિદ્ધહેમ૦સૂત્ર वि-आ-परि આ ત્રણ ઉપસર્ગો સાથે रम् ધાતુને પરસ્મૈપદના પ્રત્યયો લગાવવાનું જણાવે છે ને તેથી विरमति-आरमति-परिरमति એવા પ્રયોગો થાય છે. શબ્દનયને આ માન્ય નથી, કારણ કે ઉપગ્રહભેદ અંગે પણ આત્માર્થક વિરમણ વગેરે ક્રિયાને સૂચિત કરવા માટે આત્મનેપદનો પ્રયોગ જ ઉચિત છે. એટલે विरमते વગેરે રૂપ જ સંગત છે. આત્મનેપદ અને પરસ્મૈપદથી વ્યક્ત થનાર આત્માર્થતા અને પરાર્થતા એ ઉપગ્રહ કહેવાય છે.

**શંકા** - જો આ રીતે ग्रामे अधिशेते, मन्यसे, यास्यामि, विरमते વગેરે પ્રયોગ કરવામાં આવશે તો (ને એ રીતે શબ્દનયને અનુસરવામાં આવશે તો) લોક અને શાસ્ત્રનો = વ્યાકરણ શાસ્ત્રનો વિલોપ જ થઈ જશે. આશય એ છે કે - શિષ્ટલોકમાં જેવો વ્યવહાર થતો હોય છે એને અનુસરીને વ્યાકરણશાસ્ત્ર રચાયેલું હોય છે. એટલે એ બન્ને તો પરસ્પર અનુસરનારા હોય છે, પણ એને અનુસરીને તો ग्राममधिशेते, मन्ये, यास्यसि, विरमति વગેરે પ્રયોગ જ સંગત છે. એટલે ग्रामे अधिशेते વગેરે પ્રયોગ કરવામાં લોકવ્યવહાર અને શબ્દાનુશાસનનું ઉલ્લંઘન છે જ.

**સમાધાન** - હા છે જ. પણ એમાં કોઈ દોષ નથી. કારણ કે એવું ઉલ્લંઘન તો બધા જ નયમતોમાં સમાન છે. આશય એ છે કે લોકવ્યવહારને વ્યવહારનય અનુસરે છે. એટલે એમાં લોકવ્યવહારનું અને એને અનુસરનાર શાસ્ત્રનું ઉલ્લંઘન ન હોય એવું મળે. શેષ નયો તો આ વ્યવહારનયથી અલગ પડનાર હોવાથી એનું ઉલ્લંઘન મળે જ. આમાં કાંઈ આશ્ચર્ય નથી કે અજુગતું નથી. નહીંતર તો શેષનયો વ્યવહારનયથી અલગ રહી જ નહીં શકે. એટલે જ તે તે ઘડાને જુદા માનવાનો લોકવ્યવહાર હોવા છતાં સંગ્રહનય એ બધાનો અભેદ માને છે. એમ લોકવ્યવહાર ઘટ-પટાદિને સ્થાયી માનવાનો હોવા છતાં ઋજુસૂત્રાદિનય એને ક્ષણિક માને છે. આ વાત સમ્મતિતર્કપ્રકરણની વૃત્તિમાં કહેલી છે.

(અથવા, ગ્રામ અધિકરણ હોવા છતાં દ્વિતીયાવિભક્તિ લગાડવામાં કોઈ દોષ નથી

*त्वादिप्रकारकप्रतीत्यर्थमधिकरणत्वादिविशिष्टे लक्षणैव स्वीकार्या, तन्निरूढत्वज्ञापनार्थमेव विशेषानुशासनमिति न कोऽपि दोषः'* (पृ. ५८) इति । अत्र यतो न कालस्योपलक्षणादपि ग्रहणमतो न कालमपेक्ष्य विशेषिततरत्वमिति निश्चीयते । तदुक्तं **सम्मतितर्कप्रकरण ( का. १/३ ) वृत्तौ**-*कालभेदाद् वस्तुभेद ऋजुसूत्रेणाभ्युपगत एवे'ति।* ततश्च कालमपेक्ष्य यद्विशेषिततरत्वं तद्व्यवहाराभिमतवस्त्वपेक्षयैव नेयं, तदन्यत्तु ऋजुसूत्राभिमतवस्त्वपेक्षयापि ।

अथ 'शब्दप्रधानो नयः शब्दनयः' इति भवता यदुक्तं तत्र शब्दप्रधानत्वं किम् ? शृणु-अर्थः शब्दमनुसरति न तु शब्दोऽर्थमिति मननं शब्दप्रधानत्वं ज्ञेयम् । शब्दस्य

---

એની સંગતિ કરવા પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ કહે છે -) *વસ્તુતઃ ग्राममधिशेते વગેરે પ્રયોગસ્થળે ગ્રામ શબ્દને લાગેલી દ્વિતીયા વિભક્તિથી પણ અધિકરણત્વની પ્રતીતિ થાય એ માટે ग्रामं શબ્દની અધિકરણત્વવિશિષ્ટગ્રામમાં લક્ષણા જ સ્વીકારી લેવી. અર્થાત્ એ અર્થ લક્ષણાથી મળે છે, એમ સમજવું.*

***શંકા*** *- गंगायां घोषः... વગેરે લાક્ષણિક સ્થળે 'ગંગા' પદનો ગંગાતીર એવો લક્ષ્યાર્થ મેળવવા જેમ કોશ વગેરેમાં કશું વિશેષ જણાવેલું હોતું નથી, એમ પ્રસ્તુતમાં પણ જો લક્ષ્યાર્થ જ લેવાનો છે, તો વ્યાકરણમાં વિશેષ સૂત્રની શી જરૂર છે ? એની વિશેષ શક્તિ જણાવવા માટે જ એ સૂત્ર નથી ?)*

***સમાધાન*** *- ના, ग्राममधिशेते વગેરે પ્રયોગમાં નિરૂઢલક્ષણા છે (= અનાદિકાલીન લક્ષણા છે... જ્યારે જ્યારે આવો પ્રયોગ થયો હોય ત્યારે ત્યારે લાક્ષણિક અર્થ જ લેવાનો હોય) આવું જણાવવા માટે વ્યાકરણનું એ વિશેષસૂત્ર છે. માટે આમાં કોઈ દોષ નથી.*

અનેકાન્તવ્યવસ્થાપ્રકરણના આ અધિકારમાં ઉપલક્ષણથી પણ કાળનું ગ્રહણ નથી, માટે શબ્દનયમાં કાળની અપેક્ષાએ વિશેષિતતરત્વ નથી એ જણાય છે. સમ્મતિતર્કપ્રકરણ (૧-૩) ની વૃત્તિમાં જણાવ્યું જ છે કે - *"કાળભેદે વસ્તુભેદ ઋજુસૂત્રનયે (પણ) માન્યો જ છે."* એટલે શબ્દનયને અભિમત વસ્તુમાં કાળની અપેક્ષાએ પણ જે વિશેષિતતરત્વ જણાવ્યું છે તે વ્યવહારનયને માન્ય વસ્તુની અપેક્ષાએ જ જાણવું અને એ સિવાય લિંગ-વચનાદિની અપેક્ષાએ જે વિશેષિતતરત્વ કહ્યું છે તે ઋજુસૂત્રને માન્ય વસ્તુની અપેક્ષાએ પણ જાણવું.

**પ્રશ્ન** - 'શબ્દપ્રધાનો નયઃ (= શબ્દને પ્રધાન કરનારો નય) એ શબ્દનય' એવું તમે જે કહેલું તેમાં શબ્દપ્રધાનત્વ શું છે ?

पुल्लिङ्गत्वात्- 'तटः' इतिशब्दवाच्येऽर्थेऽयं नयो पुंलिङ्गत्वमेव मन्यते । परन्तु 'तटी' इतिशब्दवाच्येऽर्थेऽयं नयः स्त्रीलिङ्गत्वमेव स्वीकुरुते । एवञ्चार्थस्य शब्दानुसारित्वमननमेवास्य शब्दप्रधानत्वं ज्ञेयम् । एवञ्च 'तटः'-'तटी' पदवाच्यार्थयोर्भेदः स्पष्ट एव, भिन्नलिङ्गत्वाद् । ऋजुसूत्रनयः कारकादेर्भेदाद्वस्तुभेदं नाङ्गीकुरुते, एष शब्दनयस्तमङ्गीकुरुते । एतदेव शब्दनयस्य ऋजुसूत्राद्विशेषिततरत्वं बोध्यम् ।

अस्य मते प्रस्थकाधिकारज्ञगतः प्रस्थककर्तृगतो वा प्रस्थकोपयोग एव प्रस्थकः, न तदतिरिक्तं काष्ठादिमयं किमपि वस्तु प्रस्थकः, निश्चयमानात्मकप्रस्थकस्य जडवृत्तित्वायोगात्, बाह्यप्रस्थकस्याप्यनुपलम्भकालेऽसत्त्वेनोपयोगानतिरेकाश्रयणात् । **ननु** यथाऽऽयुःकारणत्वाद्

---

**ઉત્તર** - 'અર્થ શબ્દને અનુસરે છે, નહીં કે શબ્દ અર્થને...' આવું માનવું એ શબ્દપ્રધાનત્વ છે. तटः એવો શબ્દ પુલ્લિંગ હોવાથી એનો વાચ્યાર્થ પણ પુંલિંગ જ છે એવું આ નય માને છે. પણ तटी એવા શબ્દના વાચ્યાર્થને આ નય સ્ત્રીલિંગ જ માને છે. આમ અર્થને શબ્દાનુસારી માનવો એ જ એનું શબ્દપ્રધાનત્વ છે. એટલે, ભિન્નલિંગ હોવાથી तटः ના વાચ્યાર્થનો तटी ના વાચ્યાર્થ કરતાં ભેદ હોવો સ્પષ્ટ જ છે. ઋજુસૂત્રનય કારકાદિભેદે વસ્તુનો ભેદ માનતો નથી, આ શબ્દનય માને છે. આ જ શબ્દનયનું ઋજુસૂત્રનય કરતાં વિશેષિતતરત્વ છે.

આ શબ્દનયના મતે પ્રસ્થકના અધિકારના જાણકારનો અથવા પ્રસ્થકના કરનારનો પ્રસ્થકવિષયક ઉપયોગ જ પ્રસ્થક છે, તેના સિવાયની કાષ્ઠાદિમય કોઈપણ વસ્તુ પ્રસ્થક નથી, કારણ કે 'આ ધાન્ય પ્રસ્થક પ્રમાણ છે' આવા નિશ્ચયાત્મક પ્રસ્થક, કોઈ જડવસ્તુરૂપ શી રીતે હોય શકે ? જ્યારે આવા નિશ્ચયાત્મક ઉપયોગ ન હોય ત્યારે બાહ્યપ્રસ્થક પણ આ નય માનતો જ નથી, કારણ કે એ તો 'પ્રસ્થક'ને ઉપયોગથી અભિન્ન માને છે. એટલે ઉપયોગ જ નથી તો પ્રસ્થક શી રીતે હોય ? અથવા, 'માનાધીના મેયસિદ્ધિઃ' કોઈપણ મેયનું = વિષયનું અસ્તિત્વ પ્રત્યક્ષાદિજ્ઞાનાત્મક માનને આધીન હોય છે = એવું જ્ઞાન થાય તો જ એનું અસ્તિત્વ મનાય છે. એટલે જ્યારે પ્રસ્થકજ્ઞાન નથી ત્યારે એના વિષયભૂત બાહ્ય પ્રસ્થકને પણ શી રીતે માની શકાય ? અને જ્યારે જ્ઞાન છે ત્યારે તો જ્ઞાનાત્મક પ્રસ્થક જ હાજર હોવાથી બાહ્યપ્રસ્થકની શી જરૂર ?

**શંકા** - જેમ આયુષ્યનું (= જીવનનું) કારણ હોવાથી ઘીને આયુષ્ય (घृतमायुः) કહે છે, એમ 'આ ધાન્ય પ્રસ્થકપ્રમાણ છે' આવા પ્રસ્થકજ્ઞાનનું કારણ હોવાથી કાષ્ઠમય પ્રસ્થક પણ પ્રસ્થક કહેવાવું જોઈએ ને !

घृतमायुरुच्यते, तया प्रस्थकज्ञानकारणत्वात् काष्ठमयः प्रस्थको प्रस्थक उच्यतामिति **चेत्** ? **न,** अनैकान्तिकत्वात् कारणत्वाभावात्। इदमुक्तं भवति-प्रस्थकेऽसत्यपि कस्यापि धान्यराश्यवलोकनमात्रेणापि कलनशक्तिसंपन्नस्यातिशयज्ञानिनो वा प्रस्थकपरिच्छेदबुद्धिरुपजायते । कस्यापि पुनर्नालिकेरद्वीपाद्यायातस्य सत्यपि तस्मिन् प्रस्थकपरिच्छेदबुद्धिर्न संपद्यते, इत्यनैकान्तिक एव काष्ठमयप्रस्थकः प्रस्थकज्ञानजनने । यदि वा भवतु स तत्कारणं, तथापि न स प्रस्थकः, अतिप्रसङ्गात्, दधिभक्षणादीनामपि परम्परया तत्कारणत्वेन प्रस्थकत्वप्रसङ्गादिति प्रस्थकज्ञानमेव प्रस्थकप्रमाणम् ।

तथाऽयं नयः स्वस्मिन्नेव स्ववसतिं वक्ति, स्वप्रदेशेष्वेव स्वस्य मुख्याया वसतेः सम्भवात्, आकाशप्रदेशानामपि परद्रव्यत्वेन तत्र स्वसम्बन्धस्य विचार्यमाणस्याघटनाद् ।

---

**સમાધાન** - કાષ્ઠમય પ્રસ્થક અનૈકાન્તિક હોવાથી પ્રસ્થકજ્ઞાનનું કારણ નથી, માટે એને પ્રસ્થક કહેવું ઉચિત નથી. કહેવાનો ભાવ એ છે કે - પ્રસ્થક ન હોય ત્યારે પણ કોઈકને ધાન્યનો રાશિ જોવામાત્રથી એનું માપ જાણી લેવાની શક્તિ હોવાથી અથવા અતિશય જ્ઞાન હોવાથી પ્રસ્થકજ્ઞાન થઈ જ જાય છે. અને નાલિકેરદ્વીપમાંથી આવેલા માનવને પ્રસ્થક હાજર હોવા છતાં (કશી જ જાણકારી ન હોવાથી) પ્રસ્થકજ્ઞાન થતું નથી. માટે કાષ્ઠમય પ્રસ્થક તો પ્રસ્થકજ્ઞાનના જનનમાં અનૈકાન્તિક(= વ્યભિચારી) જ છે... અથવા તો ભલે એ પ્રસ્થકજ્ઞાનનું કારણ બનો, તો પણ એ પ્રસ્થક તો નથી જ, કારણ કે એમાં તો અતિપ્રસંગ થાય છે (= એટલે કે તમને પણ જે પ્રસ્થક તરીકે માન્ય નથી, એને પણ પ્રસ્થક માનવું પડશે.) તે આ રીતે - દહીંભક્ષણ વગેરે પણ પરંપરાએ તો પ્રસ્થકજ્ઞાનના કારણ બને જ છે. માટે એને પણ તમારે પ્રસ્થક માનવા પડશે. એટલે એ કોઈને પ્રસ્થક ન માનતા પ્રસ્થકજ્ઞાનને જ પ્રસ્થક પ્રમાણરૂપે માનવું યોગ્ય છે.

તથા, વસતિદૃષ્ટાન્તમાં આ નય પોતાનામાં જ પોતાનો વાસ હોવો કહે છે, કારણ કે પોતાના પ્રદેશોમાં જ પોતાનો મુખ્ય(= નિરુપચરિત)વાસ સંભવે છે, તે પણ એટલા માટે કે આકાશપ્રદેશો પણ પરદ્રવ્યરૂપ હોવાથી એમાં સ્વસંબંધને વિચારતાં એ ઘટી શકતો નથી. (આશય એ છે કે એ સંબંધ ભેદ સંબંધ હોય કે અભેદસંબંધ ? જો ભેદ સંબંધ હોય તો દેવદત્ત જે આકાશપ્રદેશોને અવગાહીને રહ્યો હોય, તેની સાથે જેમ દેવદત્તનો ભેદ સંબંધ છે એમ તદન્ય આકાશપ્રદેશો સાથે પણ એ સમાન રીતે છે જ, તેથી એ અન્ય આકાશપ્રદેશોમાં પણ એનો વાસ માનવો પડે. અને અભેદસંબંધ તો માની શકાય એમ છે જ નહીં, કારણ કે દેવદત્ત અને આકાશપ્રદેશોનો અભેદ નથી.)

अत एव दानं हरणादिकं तत्फलमपि चैष नयः स्वात्मनिष्ठमेव स्वीकरोतीति दिक् ॥१०॥
अथ क्रमप्राप्तं समभिरूढनयमाह -

**समभिरूढनीत्या हि शब्दाः कुम्भघटादयः ।**
**शब्दभेदान्न तुल्यार्था घटपटादिशब्दवत् ॥११॥**

(व्यवहारनयेन ये) कुम्भघटादयः शब्दास्तुल्यार्थाः (तेऽपि) समभिरूढनीत्या= समभिरूढनयेन न हि=नैव तुल्यार्थाः, शब्दभेदाद्=भिन्नशब्दत्वाद्, घटपटादिशब्दवद् इति गाथार्थः ।

'भाषमाणां घटादिलक्षणां संज्ञामेव समभिरोहणात् समभिरूढः' इत्यत्र व्युत्पत्तिर्ज्ञेया ।

---

આમ કોઈપણ એક વસ્તુનો તદન્યમાં સંબંધ સંભવતો ન હોવાથી જ ધન વગેરેનું દાન કે હરણ = ચોરી સંભવતા નથી એમ આ નય માને છે. તે પણ એટલા માટે કે ધન વગેરે ચીજ, દેનાર અને લેનાર બન્નેથી ભિન્ન હોવાથી બેમાંથી એકે સાથે એનો સંબંધ સંભવતો નથી. એટલે કે એ દેનારનું છે જ નહીં તો દેનાર એનું દાન શી રીતે કરે ? અને એ લેનારનું પણ બની શકતું જ નથી તો, 'ધનનું દાન કર્યું' એમ શી રીતે કહી શકાય ? આવું જ હરણ અંગે પણ જાણવું. હા, જેની સાથે અભેદ હોય એના દાન-હરણાદિ સંભવી શકે છે. દાતા પોતાના આત્માને શુભ ભાવનું દાન કરી શકે છે, અને ચોર ચોરી કરવા દ્વારા પોતાના જ શુભભાવનું હરણ કરે છે અને એટલે જ આ બન્નેનું ફળ પોતાને જ મળે છે, પણ જેને દાન આપવામાં આવ્યું છે કે જેને ત્યાં ચોરી થઈ છે એને આ દાન-ચોરીનું કોઈ ફળ મળતું નથી, એમ આ નય માને છે. (કારણ કે દાન લેવાથી નથી પોતાનું કાંઈ વધતું કે ચોરાઈ જવાથી નથી પોતાનું કાંઈ ઘટતું). ॥૧૦॥ હવે ક્રમપ્રાપ્ત સમભિરૂઢનું નિરૂપણ ગ્રન્થકાર કરે છે -

**ગાથાર્થ** - સમભિરૂઢનયે 'કુંભ'-'ઘટ' વગેરે શબ્દો સમાનાર્થક હોતા નથી, કારણ કે શબ્દભેદ છે, જેમકે 'ઘટ'-'પટ' વગેરે શબ્દો.

**વિવેચના** - વ્યવહારનયે જે 'કુંભ'-'ઘટ' વગેરે શબ્દો સમાનાર્થક છે તે પણ સમભિરૂઢનયે સમાનાર્થક નથી, કારણ કે જુદા-જુદા શબ્દરૂપ છે, જેમકે 'ઘટ'-'પટ' વગેરે જુદા જુદા શબ્દો.

'આ નય, બોલાતી 'ઘટ' વગેરે સ્વરૂપ સંજ્ઞા પર જ સમભિરોહણ કરે છે, માટે એ સમભિરૂઢ છે' આવી 'સમભિરૂઢ' શબ્દની વ્યુત્પત્તિ જાણવી. આશય આ છે કે

अयम्भावः-भाषमाणाया घटादिलक्षणायाः संज्ञाया घटादिलक्षणो यो वाच्यार्थः स घटपदवाच्य एव, न तु कुटकुम्भादिपदवाच्योऽपीति समभिरूढो नयो मन्यते । ततश्च यतोऽयं नयस्तत्तद्वाच्यार्थविषयत्वेन भाषमाणां घटादिलक्षणां संज्ञामेव समभिरोहति=प्रमाणीकरोति, अतः स समभिरूढः । **आवश्यकनिर्युक्तौ** *'वत्थुओ संकमणं होइ अवत्थु नए समभिरूढे'* इत्युक्तं, **तत्त्वार्थभाष्ये** च *'सत्स्वर्थेष्वसङ्क्रमः'* इति । एकशब्दवाच्यं वस्तु शब्दान्तरवाच्यतां नैति, तथावाच्यतायामवस्तुत्वमेवेत्यर्थः । अन्यथा घटादौ पटाद्यर्थसंक्रमे = घटपदवाच्येऽर्थे पटादिपदवाच्यार्थसंक्रमे किमयं घटः पटादिर्वा ? इति संशयः स्यात्, घटादौ पटादिनिश्चयाद्वा विपर्ययः स्यात्, पटादौ वा घटाद्यध्यवसायादेकत्वं घटपटाद्यर्थानां प्राप्नुयात्, मेचकमणिवत् संकीर्णरूपता वा घटपटाद्यर्थानां भवेदिति । इयमत्र भावना-समभिरूढनयो घट-कुट-कुम्भादिशब्दान् पट-स्तम्भादिशब्दानिव भिन्नव्युत्पत्तिनिमित्तत्वाद् भिन्नार्थगोचरानेव मन्यते ।

---

બોલાતી ઘટાદિ શબ્દરૂપ સંજ્ઞાનો 'ઘટ' વગેરે રૂપ જે વાચ્યાર્થ હોય છે તે 'ઘટ'પદવાચ્ય જ હોય છે, નહીં કે 'કુટ'-'કુંભ'વગેરેશબ્દવાચ્ય પણ, એવું સમભિરૂઢનય માને છે. એટલે, આ નય તે-તે વાચ્યાર્થના વિષય તરીકે=સંબંધી તરીકે=વાચક તરીકે, 'ઘટ' વગેરે શબ્દરૂપ સંજ્ઞા પર જ સમભિરોહણ કરે છે=વાચક તરીકે તે તે શબ્દને જ પ્રમાણભૂત માને છે, માટે એ 'સમભિરૂઢ' નય કહેવાય છે. આ નય માટે, **આવશ્યક નિર્યુક્તિ**માં *'સમભિરૂઢનયના અધિકારમાં વસ્તુથી સંક્રમણ થવામાં અવસ્તુ બની જાય છે'* એ પ્રમાણે કહ્યું છે અને **તત્ત્વાર્થભાષ્ય**માં *'સત્-વિદ્યમાન અર્થોમાં અસંક્રમ'* એમ કહ્યું છે. આનો અર્થ આવો છે-*એકશબ્દવાચ્ય વસ્તુ અન્યશબ્દવાચ્ય બની શકતી નથી. તે તે વસ્તુમાં અન્યશબ્દવાચ્યતા માનવામાં તો એ અવસ્તુ જ બની જાય. અન્યથા=નહીંતર તો... એટલે કે ઘટાદિમાં પટાદિ અર્થનો સંક્રમ થતો હોય તો, અર્થાત્ 'ઘટ' પદવાચ્યઅર્થમાં પટાદિપદવાચ્યાર્થ(તાદાત્મ્યસંબંધથી) સંક્રમિત થઈ શકતો હોય તો 'શું આ ઘડો છે કે પટાદિ છે ?' એવો સંશય પડે... અથવા ઘડા અંગે 'આ પટ છે' એવો નિશ્ચય થવાથી વિપર્યય થાય(= વિપરીત બુદ્ધિ થાય), અથવા પટ અંગે 'આ ઘટ છે' એવી પણ બુદ્ધિ થવાથી ઘટ-પટ વગેરે બધા પદાર્થો એક જ થઈ જશે. અથવા મેચકમણિની જેમ ઘટ-પટ વગેરે પદાર્થો સંકીર્ણસ્વરૂપવાળા બની જશે.*

આની ભાવના આવી જાણવી-સમભિરૂઢનયનું કહેવું એવું છે કે વ્યુત્પત્તિનિમિત્ત અલગ-અલગ હોવાથી પટ-સ્તંભ વગેરે શબ્દો જેમ અલગ-અલગ અર્થને જણાવે છે એમ ઘટ-કુટ-

तथाहि-घटनाद् घट इति विशिष्टचेष्टावानर्थो घट इति गम्यते । तथा 'कुट कौटिल्ये' कुटनात् = कौटिल्ययोगात् कुटः, तथा 'उभ उंभ पूरणे' कूम्भनात् = कु-उम्भनात् = कुत्सितपूरणात् कुम्भ इति भिन्नाः सर्वेऽपि घट-कुटाद्यर्थाः । ततश्च यदा घटादिपदवाच्ये घटाद्यर्थे कुटादिशब्दः प्रयुज्यते, तदा कुटादिपदवाच्यस्य कुटादेर्वस्तुनस्तत्र संक्रान्तिः कृता भवति, तथा च सति यथोक्ताः संशयादिदोषा इति । एवञ्च, घट-कुट-कुम्भादिपदवाच्याना-मर्थानां मिथो भेद एव, वाचकशब्दभेदाद्, घटपटपदवाच्यार्थवत् ।

ततश्च 'विश्वदृश्वा-सर्वदृश्वा, क्रियते-विधीयते, करोति-विदधाति, पुष्यः-तिष्यः, आपः-वारः' इत्यादिषु पर्यायभेदेऽपि शब्दनयोऽभिन्नमर्थं प्रतिजानीते, कालादिभेदादेव तेनार्थभेद-प्रतिज्ञानात् । समभिरूढस्तु पर्यायभेदेनैषु भिन्नानर्थानभिप्रैति । अभेदं त्वर्थगतं पर्यायशब्दा-नामुपेक्षते ।

इन्द्रशब्दो हि परमैश्वर्यशालित्वलक्षणं निमित्तमपेक्ष्य प्रवृत्तः, शक्रशब्दस्तु सामर्थ्यलक्षणं

---

કુંભ વગેરે શબ્દો પણ વ્યુત્પત્તિનિમિત્ત જુદા જુદા હોવાથી જુદા-જુદા અર્થને જ જણાવે છે. એમાં ઘટનાદ્ ઘટઃ આ ઘટશબ્દની વ્યુત્પત્તિ છે. એટલે કે ઘટનના= જળાહરણાદિરૂપ વિશિષ્ટ ચેષ્ટાના કારણે ઘડો 'ઘટ' કહેવાય છે. 'कुट कौटिल्ये' ધાતુપાઠના આ ધાતુપરથી 'कुटनात् कुटः' આ 'કુટ' શબ્દની વ્યુત્પત્તિ છે. માટે કુટનનો=કૌટિલ્યનો યોગ હોવાથી 'કુટ' કુટ કહેવાય છે. कुम्भनात्कुम्भः એ 'કુંભ' શબ્દની વ્યુત્પત્તિ છે. તેથી, કુત્સિત પૂરણના કારણે કુંભ એ 'કુંભ' કહેવાય છે. એટલે જો ઘટાદિપદવાચ્ય ઘડા વગેરેને જણાવવા માટે કુટ શબ્દ પણ વપરાય તો, ઘડો, ઘડો તો છે જ, વળી એને કૂટ પણ માનવો પડે... એટલે કે ઘડામાં કુટનો સંક્રમ થયો એમ માનવું પડે અને તો પછી પૂર્વોક્ત સંશય વગેરે દોષો ઊભા થાય જ.

એટલે આ ફલિત થાય છે કે - ઘટ-કુટ-કુંભાદિ શબ્દોના વાચ્યાર્થ અલગ-અલગ જ હોય છે, કારણ કે વાચકશબ્દ અલગ-અલગ છે, જેમકે ઘટ-પટ શબ્દના વાચ્યાર્થ.

તેથી, विश्वदृश्वा-सर्वदृश्वा, क्रियते-विधीयते, करोति-विदधति, पुष्यः-तिष्यः, आपः-वारः આ બધામાં, કાળાદિભેદે જ અર્થભેદ માનનાર શબ્દનય, પર્યાયભેદ હોવા છતાં અર્થભેદ માનતો નથી. જ્યારે સમભિરૂઢનય આ બધામાં પર્યાયભેદ હોવાથી ભિન્ન-ભિન્ન અર્થ માને છે. આ બધાના વાચ્યાર્થમાં જે અભેદ હોય છે એની ઉપેક્ષા કરે છે.

પરમૈશ્વર્ય હોવું... આ નિમિત્તને નજરમાં રાખીને इन्द्र શબ્દ વપરાય છે. સામર્થ્યરૂપ નિમિત્તને ધ્યાનમાં લઈને શક્રશબ્દનો પ્રયોગ થાય છે. પુર્ નામના દાનવને દારણ કરવું =ફાડી નાખવો... આવી બાબતને આગળ કરીને પુરંદર શબ્દ બોલાય છે. એથી,

तदपेक्ष्य प्रवृत्तः, पुरन्दरशब्दः पुनरसुरपूर्दारणलक्षणं तदपेक्ष्य प्रवृत्त इति सुस्पष्टमत्र पर्यायशब्देषु निरुक्तिभेदेन भिन्नार्थतेति समभिरूढनयाभिप्रायः ।

प्रस्थक-वसतिदृष्टान्तयोस्त्वस्यापि शब्दनयसमान एवाभिप्रायो ज्ञेयः ॥११॥ तदेवं समभिरूढनयः प्रोक्तः । अथ चरममेवंभूतनयं निरूपयति -

**क्रियान्वितं यदा वस्तु तदैव तन्मतं मम ।**
**एवम्भूतस्तु वक्त्येवं व्यञ्जनार्थविशेषणः ॥१२॥**

यदा वस्तु क्रियान्वितं (भवति) तदैव तत् (तद्वस्तुतया) मम मतमेवं व्यञ्जनार्थविशेषण एवम्भूतस्तु वक्ति-इत्यत्रान्वयः । तुर्विशेषणार्थः, समभिरूढनयादेवम्भूतनयं विशेषयति । समभिरूढो हि क्रियाऽनन्वयकालेऽपि वस्त्वङ्गीकरोति, एवम्भूतस्तु जलाहरणं कुर्वन्तं योषिन्मस्तकारूढमेव घटमङ्गीकुरुते, न पूर्वं पश्चाद्वा, जलाहरणलक्षणघटनाभावात् । ततश्च व्युत्पत्तिनिमित्तभूतया क्रिययाऽन्वितमेव वस्त्वङ्गीकुरुतेऽयमिति स्थितम् । अत एव स व्यञ्जनार्थविशेषणः । कोऽर्थः ? व्यञ्जनं = शब्दस्तेनार्थं विशेषयतीत्यर्थः । *वंजण अत्थ*

---

પર્યાયવાચી શબ્દોમાં નિમિત્તભેદ હોવાથી વાચ્યાર્થ ભિન્ન હોય છે - આવો સમભિરૂઢનયનો અભિપ્રાય છે.

પ્રસ્થક અને વસતિદૃષ્ટાન્તમાં તો આનો પણ શબ્દનય જેવો જ અભિપ્રાય છે. ॥૧૧॥ આમ, સમભિરૂઢ નય કહ્યો. હવે એવંભૂતનયને જણાવે છે -

**ગાથાર્થ** - 'જ્યારે વસ્તુ ક્રિયાયુક્ત હોય ત્યારે જ તે મને માન્ય છે' આવું વ્યંજનાર્થ વિશેષણ એવો એવંભૂતનય કહે છે.

ગાથાનો અન્વય અને અન્વયાર્થ સરળ છે. ગાથામાં જે તુ શબ્દ રહેલો છે તે કંઈક વિશેષતા દર્શાવવા માટે છે. એટલે કે સમભિરૂઢનય કરતાં એવંભૂતનયમાં જે વિશેષતા છે - જે ફરક છે તેને જણાવવા માટે છે. તે વિશેષતા આવી જાણવી - સમભિરૂઢનય, વસ્તુ જ્યારે વાચકશબ્દના વ્યુત્પત્તિનિમિત્તભૂત ક્રિયાથી યુક્ત નથી હોતી ત્યારે પણ એ વસ્તુને એ શબ્દપ્રતિપાદ્ય તરીકે સ્વીકારે છે. જ્યારે એવંભૂતનય તો સ્ત્રીના મસ્તકે આરૂઢ થઈને જળાહરણ કરી રહેલા ઘડાને જ 'ઘટ' માને છે, એ પૂર્વે કે એ પછી નહીં, કારણ કે ત્યારે એમાં જળાહરણરૂપ 'ઘટન' હોતું નથી. એટલે કે વ્યુત્પત્તિનિમિત્તભૂત ક્રિયાથી યુક્ત પદાર્થને જ તે વસ્તુ તરીકે આ એવંભૂતનય સ્વીકારે છે એ વાત નિશ્ચિત થાય છે. માટે જ એ વ્યંજનાર્થવિશેષણ છે. એનો શું અર્થ છે ?

*तदुभयं एवंभूओ विसेसेइ* इति **निर्युक्तिकारः**, *'व्यञ्जनार्थयोरेवम्भूतः'* इति **तत्त्वार्थभाष्यम्** । एवञ्च व्युत्पत्त्यर्थान्वयनियतार्थबोधकत्वाभ्युपगन्तृत्वमेवम्भूतत्वमिति लक्षणं प्राप्यते, तत्र नियमः कालतो देशतश्च ज्ञेयस्तेन न समभिरूढेऽतिव्याप्तिः, तेन कालतो नियमस्यानभ्युपगतत्वात्, यत्र व्युत्पत्त्यर्थान्वयस्तत्र तदनन्वयकालेऽपि वस्त्वभ्युपगमात्, अपवरककोणस्थितस्यापि घटत्वेन स्वीकारात् । ततश्च व्युत्पत्त्यर्थान्वयनियतार्थबोधकत्वाभ्युपगन्तृत्वं समभिरूढत्वं, नियमश्च देशमात्रतो न तु कालतोऽपीति समभिरूढलक्षणं प्राप्तम् ।

अत एव समभिरूढनय इन्दनादिक्रियायां सत्यामसत्यां च देवराजादेरर्थस्येन्द्रादिपदव्यपदेशमभिप्रैति, पशुविशेषस्य गमनक्रियायां सत्यामसत्यां च गोव्यपदेशवत्, तथारूढेः सद्भावात् । एवम्भूतः पुनरिन्दनादिक्रियापरिणतमर्थं तत्क्रियाकाल एवेन्द्रादिपदव्यपदेश-

---

આ-વ્યંજન એટલે શબ્દ. શબ્દથી અર્થને વિશેષિત કરે તે વ્યંજનાર્થવિશેષણ. આ વાત નિર્યુક્તિકારે वंजण-अत्थ-तदुभयं एवंभूओ विसेसइ આ રીતે કહી છે અને તત્ત્વાર્થભાષ્યકારે व्यञ्जनार्थयोरेवम्भूतः એ પ્રમાણે કહી છે. એટલે 'શબ્દ વ્યુત્પત્તિઅર્થના અન્વય સાથે નિયમ ધરાવનાર અર્થનો બોધક હોય છે' આવો અભ્યુપગમ એ એવંભૂતનય છે - એવું લક્ષણ મળે છે. આમાં નિયમ કાળથી અને દેશથી જાણવો. [એટલે કે જ્યારે અને જ્યાં (જે પદાર્થમાં) વ્યુત્પત્તિઅર્થ રહેલો હોય ત્યારે અને ત્યાં જ તે તે શબ્દની વાચ્યાર્થતા રહેલી છે એવો નિયમ જાણવો.] તેથી સમભિરૂઢનયમાં આ લક્ષણની અતિવ્યાપ્તિ થતી નથી, કારણ કે એણે કાળથી નિયમ માન્યો નથી. તે પણ એટલા માટે કે જે પદાર્થમાં વ્યુત્પત્તિઅર્થ રહેલો હોય તે પદાર્થને, જ્યારે એ વ્યુત્પત્તિઅર્થ ન રહેલો હોય ત્યારે પણ તે શબ્દના વાચ્યાર્થ તરીકે એ સ્વીકારે છે. ઓરડાના ખૂણામાં અધોમુખ રહેલા ઘડાને પણ એ 'ઘટ' તરીકે સ્વીકારે જ છે. એટલે સમભિરૂઢનયનું લક્ષણ આવું જાણવું. - 'શબ્દ વ્યુત્પત્તિઅર્થના અન્વયસાથે માત્ર દેશથી જ નિયમ ધરાવનાર અર્થનો બોધક હોય છે' આવી માન્યતા એ સમભિરૂઢ નય છે.

એટલે જ સમભિરૂઢનય ઇન્દનાદિક્રિયા હોય કે ન હોય, દેવરાજાદિ પદાર્થનો 'ઇન્દ્ર' તરીકે ઉલ્લેખ સ્વીકારે છે, કારણ કે એવી રૂઢિ છે... જેમકે ગમન ક્રિયા હોય કે ન હોય, એક ચોક્કસ પશુનો ગો = ગાય તરીકે ઉલ્લેખ થાય છે. [योगाद्रूढेर्बलीयस्त्वं... એટલે વ્યુત્પત્તિઅર્થનો યોગ ન હોય ત્યારે પણ રૂઢિ જો છે તો તે તે વ્યપદેશ થાય જ છે.] એવંભૂતનય તો ઇન્દનાદિ ક્રિયાથી પરિણત અર્થને એ ક્રિયાકાળે જ ઇન્દ્રાદિવ્ય-

भाजमभिमन्यते । एवं सभायामुपविष्टश्छत्रचामरादिचिह्नैः शोभमान एवास्य मतेन राजा, न तु छत्रचामरादिशोभाविरहकाले, तदा राजपदव्युत्पत्तिनिमित्ताभावाद् राजपदवाच्यत्वाभावात् । अयम्भावः समभिरूढनयो हि व्युत्पत्तिनिमित्तोपलक्षितं सामान्यं शब्दानां प्रवृत्तिनिमित्ततया वक्ति । ततश्च यत्र यदा कदाचिदपि व्युत्पत्तिनिमित्तभूतेन्दनादिक्रिया वर्तते, तत्र वर्तमानं वासवत्वादिलक्षणं यत् सामान्यं तस्यैवेन्द्रादिशब्दप्रवृत्तौ निमित्तत्वं, तस्य चेन्दनादिक्रिया-शून्यकालेऽपि वासवादौ सत्त्वादिन्द्रादिव्यपदेशः सम्मतः । एवम्भूतस्तु न व्युत्पत्तिनिमित्तोप-लक्षितं सामान्यं शब्दानां प्रवृत्तिनिमित्ततया कथयति, अपि तु व्युत्पत्तिनिमित्तमेव, अत इन्दनादिक्रियापरिणतमर्थं तत्क्रियाकाल एवेन्द्रादिव्यपदेशभाजमभिमन्यते । तथैव च छत्रचामरादिभी राजनकाल एव राजशब्दवाच्यत्वमभिदधति।

**नन्वे**तन्मते व्युत्पत्तिनिमित्तमेव प्रवृत्तिनिमित्तमिति केनचिद्रूपेण तदनतिप्रसक्तं **वाच्यं**; अन्यथा 'गच्छतीति गौः' इति व्युत्पत्त्या गच्छन्नश्वादिरपि गौः स्यात् । तथा च छत्रचामरादि-विरहकाले तत्प्रयुक्तराजनाभावेऽपीतरातिशायिपुण्यादिप्रयुक्तराजनस्यानतिप्रसक्तस्याव्याहतत्वात्

---

પદેશવાળો માને છે. એમ રાજસભામાં જે બેસેલ હોય-છત્ર-ચામરાદિ ચિહ્નોથી શોભતા હોય એ જ આના મતે રાજા છે, નહીં કે છત્ર-ચામરાદિશોભા ન હોય ત્યારે પણ. કારણ કે એ વખતે 'રાજા' શબ્દના વ્યુત્પત્તિનિમિત્તનો(રાજનનો=શોભાનો) અભાવ હોવાથી એનામાં 'રાજા' પદની વાચ્યતા હોતી નથી. આશય એ છે કે સમભિરૂઢ નય વ્યુત્પત્તિનિમિત્તને જ નહીં, પણ એનાથી ઉપલક્ષિત સામાન્યને શબ્દોના પ્રવૃત્તિનિમિત્ત તરીકે કહે છે. એટલે જે પદાર્થમાં ક્યારેક પણ વ્યુત્પત્તિનિમિત્તભૂત ઇન્દનાદિ ક્રિયા રહેલી હોય તે પદાર્થમાં રહેલ વાસવત્વાદિરૂપ જે સામાન્ય તે જ ઇન્દ્રાદિ શબ્દનું પ્રવૃત્તિનિમિત્ત છે ને એ તો ઇન્દનાદિથી શૂન્યકાળે પણ વાસવાદિમાં રહેલ હોવાથી 'ઇન્દ્ર' એવો ઉલ્લેખ સમભિરૂઢનયને માન્ય છે. પણ એવંભૂતનય કાંઈ આ રીતે વ્યુત્પત્તિનિમિત્તથી ઉપલક્ષિત સામાન્યને પ્રવૃત્તિનિમિત્ત માનતો નથી, કિન્તુ વ્યુત્પત્તિનિમિત્તને જ પ્રવૃત્તિનિમિત્ત માને છે. એટલે, ઇન્દનાદિક્રિયાથી પરિણત વસ્તુને એ ક્રિયાકાળે જ 'ઇન્દ્ર'વ્યપદેશવાળી માને છે. એમ છત્ર-ચામરાદિથી રાજન(= શોભા)હોય ત્યારે જ 'રાજ'શબ્દની વાચ્યતા સ્વીકારે છે.

**શંકા** - આ નયના મતે વ્યુત્પત્તિનિમિત્ત એ જ પ્રવૃત્તિનિમિત્ત છે. એટલે વ્યુત્પત્તિનિમિત્તને એવા કોઈક સ્વરૂપે પ્રવૃત્તિનિમિત્ત માનવું જોઈએ કે જેથી અતિપ્રસંગ ન થાય. નહીંતર તો 'ગમન કરે તે ગાય' એવી વ્યુત્પત્તિથી ગમન કરનાર અશ્વ પણ

कथं न राजशब्दवाच्यत्वमिति **चेत् ? सत्यं,** प्रसिद्धार्थपुरस्कारेण प्रवृत्तस्यैवम्भूतनयस्य स्वार्थातिप्रसङ्गो न दूषणं, किन्तु तन्निवारकनयान्तरोपायकत्वेन भूषणमेव । एतदुपजीवी व्यवहारस्तु न व्युत्पत्तिनिमित्तमेव प्रवृत्तिनिमित्ततया कथयति, न वा तदुपलक्षितसामान्यमेव प्रवृत्तिनिमित्ततया वक्ति, अपि तु तल्लक्षित सामान्यमेव, अतो न गच्छत्यश्वे गोपदप्रवृत्तिः व्युत्पत्तिनिमित्तभूतगमनलक्षणस्य लक्षणस्य सत्त्वेऽपि गोत्वसामान्यस्याभावाद्, न वाऽगच्छति

---

ગાય બની જાય. અને આવું માનીએ તો 'રાજનયુક્ત હોય તે રાજા' એવી વ્યુત્પત્તિમાં પણ અન્યજન કરતાં અતિશાયી પુણ્યથી પ્રયુક્ત રાજનને પ્રવૃત્તિનિમિત્ત માનવું યોગ્ય છે, છત્ર-ચામરાદિને નહીં, કારણ કે નહીંતર તો છત્ર-ચામરાદિથી યુક્ત શ્રેષ્ઠી આદિ પણ રાજા બની જતા હોવાથી અતિપ્રસંગ થાય. જ્યારે અતિશાયી પુણ્ય માત્ર રાજાનું જ હોવાથી તત્પ્રયુક્ત રાજન અતિપ્રસક્ત થતું નથી. પણ આવું રાજન તો છત્ર-ચામરાદિ ન હોય ત્યારે પણ અબાધિત હોવાથી રાજશબ્દવાચ્યતા પણ શા માટે ન હોય?

**સમાધાન** - તમારી વાત સાચી છે. ગમન-રાજનાદિ વ્યુત્પત્તિનિમિત્ત અતિપ્રસક્ત થાય જ છે. પણ પ્રસિદ્ધ અર્થને મુખ્ય કરનાર એવંભૂતનયને પોતાના અર્થનો આવો અતિપ્રસંગ એ દૂષણ નથી, પણ ભૂષણ છે. આશય એ છે કે 'ગમન કરે તે ગાય' આ વ્યુત્પત્તિ પ્રસિદ્ધ છે. એમાં પણ 'ગમન' તરીકે સામાન્ય ગમન જ પ્રસિદ્ધ છે, કોઈ વિશેષ પ્રકારનું ગમન કે જે અતિપ્રસક્ત ન હોય તે કાંઈ વ્યુત્પત્તિનિમિત્ત તરીકે પ્રસિદ્ધ નથી. એટલે ભલે ને ગમન કરતા અશ્વાદિમાં અતિપ્રસક્ત હોય, તો પણ ગમન તરીકે પ્રસિદ્ધ એવું સામાન્ય ગમન જ ગાયના વ્યુત્પત્તિનિમિત્ત તરીકે એવંભૂતનય સ્વીકારે છે. એ જ રીતે છત્ર ચામરાદિની શોભા જ રાજન તરીકે પ્રસિદ્ધ હોવાથી એને જ રાજન તરીકે એવંભૂતનયનો એ પ્રકાર સ્વીકારે છે. એટલે ગમન કરનાર અશ્વ એ એવંભૂતનયના આ પ્રકારના મતે ગાય છે જ. છત્રચામરાદિશોભાયુક્ત શ્રેષ્ઠી આદિ રાજા છે જ. આ નયના મતે આમાં અતિપ્રસંગ દોષ જેવું છે જ નહીં. ઊલટું, જે અન્ય નય ગમન કરતા અશ્વને ગાય તરીકે નકારે છે તેનું નિરાકરણ કરવાના ઉપાયરૂપ આ બાબત છે, માટે એ ભૂષણરૂપ છે. 'હાજર સો હથિયાર...' આને આ નયનું વાક્ય માની શકાય... એટલે છત્ર-ચામરાદિશૂન્ય હોય ત્યારે રાજા આ નયે રાજશબ્દવાચ્ય નથી જ.

પણ આ એવંભૂતનયની છાયાવાળો વ્યવહારનય નથી માત્ર વ્યુત્પત્તિનિમિત્તને પ્રવૃત્તિનિમિત્ત કહેતો કે નથી વ્યુત્પત્તિનિમિત્તથી ઉપલક્ષિત સામાન્યને પ્રવૃત્તિનિમિત્ત કહેતો. એટલે નથી ગમનકર્તૃ અશ્વને ગાય માનવાની આપત્તિ કે નથી છત્રચામરાદિરહિત

गवि तत्प्रवृत्तिः, गोत्वलक्षणस्य सामान्यस्य सत्त्वेऽपि तदा तस्य गमनलक्षणेन लक्षणेन लक्षितत्वाभावादिति कुतोऽतिप्रसङ्गः ?

**न च** प्रसिद्धार्थपुरस्कर्तुरेवम्भूतनयस्य मते घटादिपदान्निर्विकल्पकापत्तिः, घटत्वस्य प्रवृत्तिनिमित्तत्वाभावात् तदुपरागेण विनैव घटोपस्थितेरिति **वाच्यं**, क्रियाशब्दमात्रवादिन एतस्य मते क्रियोपरागेणैव पदार्थोपस्थितिनियमात् तद्दोषाभावात् । अयमाशयः-न हि कश्चिदक्रिया-

---

રાજાને 'રાજ'શબ્દ વાચ્ય માનવાની આપત્તિ. આ નય તો વ્યુત્પત્તિનિમિત્તથી લક્ષિત સામાન્યને જ પ્રવૃત્તિનિમિત્ત તરીકે સ્વીકારે છે. એટલે કે ગમનવિશિષ્ટગોત્વ જ એના મતે પ્રવૃત્તિનિમિત્ત છે. તેથી ગમનકર્તૃ અશ્વને જણાવવા 'ગાય' શબ્દ બોલાશે નહીં, કારણ કે વ્યુત્પત્તિનિમિત્તભૂત ગમનાત્મક લક્ષણ હોવા છતાં ગોત્વસામાન્ય નથી. એમ ગમન નહીં કરતી ગાયને જણાવવા માટે પણ 'ગાય' શબ્દ વપરાશે નહીં, કારણ કે ગોત્વાત્મક સામાન્ય હોવા છતાં ત્યારે એ ગમનાત્મક લક્ષણથી લક્ષિત નથી. પછી અતિપ્રસંગ દોષ શી રીતે આવે ? (ટૂંકમાં વ્યવહારનય ગોત્વને, એવંભૂતનય ગમનને અને એવંભૂતનયની છાયાવાળો વ્યવહારનય ગોત્વવિશિષ્ટગમનને પ્રવૃત્તિનિમિત્ત માને છે.)

**શંકા** - પ્રસિદ્ધ અર્થને આગળ કરનાર એવંભૂતનયે ઘટાદિપદ સાંભળવાથી ઘટની જે ઉપસ્થિતિ થશે તે નિર્વિકલ્પજ્ઞાનરૂપ થશે, કારણ કે ઘટત્વ એ પ્રવૃત્તિનિમિત્ત નથી. પદજન્યપદાર્થઉપસ્થિતિમાં પ્રવૃત્તિનિમિત્ત પ્રકારતરીકે ભાસે એવો નિયમ છે. પણ હવે ઘટત્વ એ જો પ્રવૃત્તિનિમિત્ત નથી, તો એ પ્રકાર તરીકે નહીં જ ભાસે... અને નિષ્પ્રકારકજ્ઞાન એ જ તો નિર્વિકલ્પકજ્ઞાન છે. માટે, ઘટત્વને આગળ કર્યા વિના થનાર એ ઉપસ્થિતિ નિર્વિકલ્પક જ હશે.

**સમાધાન** - જે કોઈ શબ્દ બોલાય છે તે બધા ક્રિયાપ્રવૃત્તિનિમિત્તક જ હોય છે, આવું માનનાર આ નયના મતે 'ક્રિયાને આગળ કરીને પદજન્યપદાર્થોપસ્થિતિ થાય છે' એવો નિયમ છે. એટલે કે ઘટની ઉપસ્થિતિમાં પ્રકારરૂપે ઘટત્વસામાન્ય ભલે નથી ભાસતું, ઘટનક્રિયા તો ભાસે જ છે. પછી એ ઉપસ્થિતિરૂપ જ્ઞાન નિર્વિકલ્પક હોવાનો દોષ ક્યાંથી ? આશય આવો જાણવો- આ નય મતે એવો કોઈ શબ્દ છે નહીં જેનું પ્રવૃત્તિનિમિત્ત 'ક્રિયા' ન હોય. જેના પ્રવૃત્તિનિમિત્ત તરીકે જાતિ અભિપ્રેત છે એવા ગો-અશ્વ વગેરે પણ ક્રિયાશબ્દ (= ક્રિયા છે પ્રવૃત્તિનિમિત્ત જેની એવો શબ્દ) જ છે, જેમકે

शब्दोऽस्यास्ति । गौरश्व इत्यादिजातिशब्दाभिमतानामपि क्रियाशब्दत्वात्, गच्छतीति गौः, आशुगामित्वादश्व इति । एवं शुक्लो नील इति गुणशब्दाभिमता अपि क्रियाशब्दा एव, शुचीभवनाच्छुक्लः, नीलनान्नील इति । तथा देवदत्तो यज्ञदत्त इति यदृच्छाशब्दाभिमता अपि क्रियाशब्दा एव, देव एनं देयाद्, यज्ञ एनं देयादिति । संयोगिद्रव्यशब्दाः समवायिद्रव्य-शब्दाश्चाभिमताः क्रियाशब्दा एव, दण्डोऽस्यास्तीति दण्डी, विषाणमस्यास्तीति विषाणीत्यस्ति-क्रियाप्रधानत्वात् । पञ्चतयी तु शब्दानां व्यवहारमात्राद्, न तु निश्चयादित्ययं नयः स्वीकुरुते । ततश्च घटादिपदाद् घटनादिक्रियापुरस्कारेणैव घटादेरुपस्थितिर्यतोऽस्य संमता, न कदाचिदपि घटत्वादिपुरस्कारेण, अतो घटत्वादिपुरस्काराभावमात्रेण न निर्विकल्पकत्वापत्तिरिति ।

अत एवेन्दनाद्यनुभवकाल एव देवराजादेः प्रवृत्तिनिमित्तभूतेन्दनादिक्रियाविष्टतयेन्द्रादिशब्द-वाच्यत्वम् । ततश्चेन्दनमनुभवन्नेवेन्द्रः, शकनक्रियापरिणत एव शक्रः, पूर्दारणप्रवृत्त एव

---

ગમન કરે તે ગાય... આશુગમન (= શીઘ્રગમન) કરે તે અશ્વ. એમ ગુણપ્રવૃત્તિનિમિત્તક શુક્લ-નીલ વગેરે શબ્દો પણ ક્રિયાશબ્દ જ છે. જેમકે શુચીભવન (પવિત્ર થવું - ઉજ્જ્વલ થવું)ના કારણે શુક્લ, નીલન(કાળાશ) કરનાર હોવાથી નીલ કહેવાય છે. તથા દેવદત્ત-યજ્ઞદત્ત વગેરે યાદચ્છિક શબ્દો પણ ક્રિયાશબ્દ છે, જેમકે દેવનો દીધેલ છે માટે દેવદત્ત. યજ્ઞે દીધેલો છે માટે યજ્ઞદત્ત... એમ દ્રવ્યપ્રવૃત્તિનિમિત્તક શબ્દો પણ ક્રિયાશબ્દ જ છે. એટલે દંડના સંયોગથી બનેલ દંડી વગેરે સંયોગિદ્રવ્યશબ્દો, અને વિષાણાદિના સમવાયથી બનેલ વિષાણી વગેરે સમવાયિદ્રવ્યશબ્દો પણ दण्डोऽस्यास्तीति दण्डी... विषाणमस्यास्तीति विषाणी આવી વ્યુત્પત્તિ હોવાથી अस्ति ક્રિયાની પ્રધાનતાવાળા હોવાના કારણે ક્રિયાશબ્દ જ છે. (તથા, પાચક વગેરે ક્રિયાપ્રવૃત્તિ નિમિત્તક શબ્દો તો ક્રિયાશબ્દ છે જ એ સ્પષ્ટ છે.) એટલે શબ્દોની પંચતયી (= જાતિ-ગુણ-દ્રવ્ય-ક્રિયાપ્રવૃત્તિનિમિત્તક શબ્દો તથા યાદચ્છિક શબ્દો... એમ પાંચે પ્રકારના શબ્દો) જે કહેવાય છે તે, તેવો વ્યવહારમાત્ર જાણવો. પરમાર્થ નહીં, પરમાર્થથી તો બધા જ શબ્દો એક જ પ્રકારના છે - ક્રિયાશબ્દ. આવું આ નય માને છે. તેથી ઘટ વગેરે શબ્દો સાંભળવાથી ઘટનાદિ ક્રિયાને આગળ કરીને જ ઘટાદિની ઉપસ્થિતિ થાય છે, નહીં કે ઘટત્વાદિ સામાન્યને આગળ કરીને, આવું આ નયને માન્ય હોવાથી, ઘટત્વાદિ પ્રકારરૂપે ન ભાસે એટલા માત્રથી એ ઉપસ્થિતિ નિર્વિકલ્પક બની જતી નથી.

अत एव... આમ, આ નયમતે વ્યુત્પત્તિનિમિત્ત એ જ પ્રવૃત્તિનિમિત્ત હોવાથી,

पुरन्दरः । क्रियाऽनाविष्टं त्वर्थं शब्दानां वाच्यत्वेनासावुपेक्षते ।

*'वंजण-अत्थ-तदुभए एवंभूओ विसेसेइ' इति* **निर्युक्तिगाथा**दलव्याख्या चैवं ज्ञेया- *व्यज्यतेऽर्थोऽनेनेति व्यञ्जनं वाचकः शब्दो घटादिस्तं चेष्टावता एतद्वाच्येनार्थेन विशिनष्टि-स एव घटशब्दो यश्चेष्टावन्तमर्थं प्रतिपादयति, नान्यं, इत्येवं शब्दमर्थेन नैयत्ये व्यवस्थापयतीत्यर्थः। तथा, अर्थमपि व्यञ्जनेन विशेषयति- चेष्टाऽपि सैव या घटशब्दवाच्यत्वेन प्रसिद्धा योषिन्मस्तकारूढस्य घटस्य जलाहरणादिक्रियारूपा, न तु स्थान-भरणक्रियात्मिका, इत्येवमर्थं शब्दे नैयत्ये स्थापयतीत्यर्थः । एवमुभयं विशेषयति = शब्दमर्थेन, अर्थस्तु शब्देन नैयत्ये स्थापयतीत्यर्थः । ततश्च शब्दवशादभिधेयं प्रतिपत्तव्यं, अभिधेयवशाच्च शब्दो वक्तव्य इति मन्यते ' इदमुक्तं भवति-प्रदीपशब्देन प्रकाशवानेवार्थोऽभिधीयते, अन्यथा संशयादयः प्रसज्येरन् । तथाहि - यदि दीपनक्रियाविकलोऽपि दीपस्तर्हि दीपशब्दे समुच्चारिते, 'किमनेन*

---

ઇન્દનાદિના અનુભવકાળે જ દેવોનો રાજા પ્રવૃત્તિનિમિત્તભૂત ઇન્દનાદિ ક્રિયાથી યુક્ત હોવાના કારણે 'ઇન્દ્ર'શબ્દવાચ્ય છે. તેથી ઇન્દનને અનુભવતો જ ઇન્દ્ર હોય છે, શકનક્રિયાપરિણત જ શક્ર છે, પૂર્દારણમાં પ્રવૃત્ત જ પુરંદર છે. આ નય ક્રિયાશૂન્ય અર્થની શબ્દવાચ્ય તરીકે ઉપેક્ષા કરે છે.

वंजणअत्थ तदुभए एवंभूओ विसेसेइ... નિર્યુક્તિગાથાના આ અંશની વ્યાખ્યા આવી જાણવી - *વ્યંજન એટલે જેનાથી અર્થ વ્યક્ત થાય તેવો વાચક 'ઘટ' વગેરે શબ્દ. આ ઘટાદિશબ્દને તેના વાચ્ય ચેષ્ટાવાન્ અર્થથી વિશિષ્ટ કરે છે એવંભૂતનય. એટલે કે 'ઘટ' શબ્દ તે જ છે જે ચેષ્ટાવાન્ અર્થને જણાવે છે, અન્યને નહીં. આમ, એવંભૂતનય શબ્દની અર્થદ્વારા નિયત=નિયમવાળી ચોક્કસ વ્યવસ્થા કરે છે. એ જ રીતે આ નય અર્થને પણ શબ્દથી વિશિષ્ટ કરે છે. એટલે કે ચેષ્ટા પણ ખરેખર તો એ જ છે જે ઘટશબ્દવાચ્ય તરીકે પ્રસિદ્ધ એવી, સ્ત્રીમસ્તકારૂઢ ઘડાની જળાહરણાદિ ક્રિયારૂપ હોય, નહીં કે સ્થાન-ભરણાદિ ક્રિયા... આમ અર્થની શબ્દથી નિયત વ્યવસ્થા કરે છે. એટલે કે શબ્દ-અર્થ... બન્નેને વિશેષિત કરે છે, એટલે કે શબ્દની અર્થદ્વારા અને અર્થની શબ્દદ્વારા નિયત વ્યવસ્થા કરે છે. તેથી શબ્દવશાદ્ અભિધેય માનવાનું અને અભિધેયવશાત્ શબ્દ માનવાનો. એટલે આવું રહસ્ય જાણવું - 'પ્રદીપ' શબ્દ દ્વારા પ્રકાશવાન્ પદાર્થ જ કહેવાય છે, નહીંતર સંશય વગેરે પડે. તે આ રીતે - જો દીપનક્રિયા ન હોવા છતાં પણ 'દીપ' સંભવે, તો 'દીપ'શબ્દ બોલવા પર 'આના વડે દીપન=પ્રકાશવાન્ અર્થ*

*दीपनः प्रकाशवानर्थोऽभिहितः, किं वाऽप्रकाशकोऽप्यन्धोपलादिः?' इति संशयः। 'अन्धोपलादिरेव तेनाभिहितो न दीपः' इति विपर्ययः । तथा दीप इत्युक्तेऽप्यन्धोपलादौ, अन्धोपलादौ चोक्ते दीपे प्रत्ययात् पदार्थानामेकत्वं सांकर्यं वा स्यात् । तस्माच्छब्दवशादेवाभिधेयं, अभिधेयवशाच्च शब्द इति ।*

अयमपि भावनिक्षेपमेव स्वीकुरुते । तथा प्रस्थक-वसति दृष्टान्तयोरस्यापि शब्दनयतुल्य एवाभिप्रायो ज्ञेयः ॥१२॥ तदेवं निरूपिता नैगमादयः सप्तापि नयाः । कः पुनरत्र बहुविषयः कश्चाल्पविषय इत्यादि विवेचयितुमाह-

**पूर्वः पूर्वो विशालार्थः परः परोऽल्पगोचरः ।**
**चत्वारोऽर्थनया आद्याः शब्दनयास्त्रयः परे ॥१३॥**

सुगमान्वया सुगमार्था च। अत्र **प्रमाणनयतत्त्वालोकालङ्कारस्य** सप्तमे परिच्छेदेऽयमधिकारः । *पूर्वः पूर्वो नयः प्रचुरगोचरः परः परस्तु परिमितविषय इति ॥४६॥*

---

*કહેવાયો કે અપ્રકાશક પથ્થરવગેરે?' એવો સંશય પડે. અથવા 'એણે પથ્થરને જ જણાવ્યો છે, નહીં કે દીવાને' એવો વિપર્યય થઈ શકે. તથા 'દીપ'શબ્દથી પથ્થર અને 'પથ્થર' શબ્દથી દીવો જણાય એવું પણ બનવાથી દીવો-પથ્થર વગેરે બધા પદાર્થો એક થઈ જાય કે એ બધાનું સાંકર્ય થાય. આવા બધા દોષ નિવારવા માટે, શબ્દવશ અભિધેય હોય છે ને અભિધેયવશ શબ્દ હોય છે એવું માનવું જ જોઈએ.*

આ એવંભૂતનય પણ ભાવનિક્ષેપને જ માન્ય કરે છે. તથા, પ્રસ્થક અને વસતિ દૃષ્ટાન્તમાં આનો પણ શબ્દનય જેવો જ અભિપ્રાય છે. ॥૧૨॥ આ રીતે નૈગમ વગેરે સાતેય નય જણાવ્યા. આમાં કયો નય બહુવિષયવાળો છે અને કયો નય અલ્પવિષયવાળો છે ? વગેરેનું વિવેચન કરવા માટે કહે છે -

**ગાથાર્થ** - નૈગમાદિ સાત નયોમાં પૂર્વ-પૂર્વનો નય વિશાળ અર્થવાળો છે, અને એની અપેક્ષાએ પછી પછીનો નય અલ્પવિષયવાળો છે. પ્રથમ ચાર નયો (= નૈગમ, સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્રનય) અર્થનય છે અને પછીના ત્રણ નયો (= શબ્દ, સમભિરૂઢ અને એવંભૂતનય) શબ્દનય છે.

**વિવેચન** - આનો અન્વય અને અર્થ સુગમ છે. આ બાબતમાં **પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર** ગ્રન્થના સાતમા પરિચ્છેદમાં આવો અધિકાર છે-*પૂર્વ-પૂર્વનય પ્રચુર વિષયવાળો છે, જ્યારે પછી-પછીનો નય પરિમિત વિષયવાળો છે. ॥૪૬॥ સંગ્રહનયનો વિષય માત્ર*

*सन्मात्रगोचरात्संग्रहान्नैगमो भावाभावभूमिकत्वाद्भूमविषय इति ॥४७॥ सद्विशेषप्रकाशकाद् व्यवहारतः सङ्ग्रहः समस्तसत्समूहोपदर्शकत्वाद् बहुविषय इति ॥४८॥ वर्तमानविषयादृजुसूत्राद् व्यवहारस्त्रिकालविषयावलम्बित्वादनल्पार्थ इति ॥४९॥ कालादिभेदेन भिन्नार्थोपदेशिनः शब्दादृजुसूत्रस्तद्विपरीतवेदकत्वान्महार्थ इति ॥५०॥ प्रतिपर्यायशब्दमर्थभेदमभीप्सतः समभिरूढा-च्छब्दस्तद्विपर्ययानुयायित्वात्प्रभूतविषय इति ॥५१॥ प्रतिक्रियं विभिन्नमर्थं प्रतिजानानादेवंभूता-त्समभिरूढस्तदन्यार्थस्थापकत्वान्महागोचर इति ॥५२॥* व्यक्तार्थान्येतानि सूत्राणि ।

नन्वाद्याश्चत्वारो नैगमादिनया अर्थनयाः, शब्दादयस्तु त्रयः शब्दनया इति यदुक्तमत्र, तत्र किमर्थनयत्वं किं च शब्दनयत्वमिति ? **विशेषावश्यकभाष्य** एतदर्थे यदुक्तं तच्छृणु – *अत्थप्पवरं सद्दोवसज्जणं वत्थुमुज्जुसुत्तंता । सद्दप्पहाणमत्थोवसज्जणं सेसया बिंति ॥२२६२॥* त्ति॥ **प्रमाणनयतत्त्वालोकालङ्कारे**ऽपि *"एतेषु चत्वारः प्रथमेऽर्थनिरूपणप्रवणत्वादर्थनयाः*

---

*સત્ પદાર્થ છે. જ્યારે નૈગમનયનો વિષય ભાવ અને અભાવ બન્ને છે... માટે નૈગમનય સંગ્રહનય કરતાં અધિક વિષયવાળો છે. ॥૪૭॥ વ્યવહારનય 'સત્'ના 'વિશેષ'નો પ્રકાશક છે, જ્યારે સંગ્રહ સમસ્ત'સત્'સમૂહનો ઉપદર્શક છે. તેથી વ્યવહાર કરતાં સંગ્રહ બહુવિષયવાળો છે. ॥૪૮॥ ઋજુસૂત્ર માત્ર વર્તમાન વસ્તુને જુએ છે, જ્યારે વ્યવહારનય ત્રિકાળભાવીવસ્તુને જુએ છે. તેથી ઋજુસૂત્ર કરતાં વ્યવહારનય અનલ્પવિષયવાળો છે. ॥૪૯॥ શબ્દનય કાળાદિભેદે (કારકાદિભેદે) ભિન્ન અર્થ જણાવે છે. જ્યારે ઋજુસૂત્ર તેનાથી વિપરીત (= અભિન્ન) અર્થ જણાવે છે. તેથી શબ્દ કરતાં ઋજુસૂત્ર નય મહાર્થ છે. ॥૫૦॥ પર્યાયવાચી શબ્દભેદે અર્થભેદ માનનાર સમભિરૂઢનય કરતાં એના કરતાં વિપરીત માન્યતાવાળો શબ્દનય પ્રભૂતવિષયવાળો છે. ॥૫૧॥ 'ક્રિયાએ ક્રિયાએ અર્થ જુદો હોય છે' એવું માનનાર એવંભૂતનય કરતાં સમભિરૂઢ તદન્યઅર્થનો પણ સ્થાપક હોવાથી મહાન્ વિષયવાળો છે. ॥૫૨॥* આ બધા સૂત્રોનો અર્થ સુગમ છે.

**પ્રશ્ન** - આ ગાથાના ઉત્તરાર્ધમાં, નૈગમાદિ ચાર નયો અર્થનય છે, શબ્દાદિ ત્રણ નયો શબ્દનય છે, આમ જે કહ્યું છે તેમાં અર્થનય એટલે શું ? અને શબ્દનય એટલે શું ?

**ઉત્તર - શ્રી વિશેષાવશ્યકભાષ્ય**માં આ અંગે આ પ્રમાણે કહ્યું છે - *ઋજુસૂત્ર સુધીના નયો વસ્તુને અર્થની પ્રધાનતાવાળા અને શબ્દની ગૌણતાવાળા માને છે. શેષ નયો વસ્તુને અર્થની ગૌણતા કરી શબ્દની પ્રધાનતાવાળા કહે છે.* (એટલે કે અર્થને પ્રધાન કરનાર નય એ અર્થનય, શબ્દને પ્રધાન કરનાર નય એ શબ્દનય.) **પ્રમાણનય**

*॥४४॥ शेषास्तु त्रयः शब्दवाच्यार्थगोचरतया शब्दनया इति ॥४५॥''* इत्युक्तमत्रार्थे सप्तमपरिच्छेदे । **अनेकान्तव्यवस्थाप्रकरणे** च *''यो ह्यर्थमाश्रित्य वक्तृस्थः सङ्ग्रहव्यवहार-र्जुसूत्राख्यः प्रत्ययः प्रादुर्भवति सोऽर्थनयः, अर्थवशेन तदुत्पत्तेरर्थं प्रधानतयाऽसौ व्यवस्थापय-तीति कृत्वा, शब्दं तु स्वप्रभवमुपसर्जनतया व्यवस्थापयति, तत्प्रयोगस्य परार्थत्वात् । यस्तु श्रोतरि शब्दश्रवणादुद्गच्छति शब्दसमभिरूढैवम्भूताख्यः) प्रत्ययस्तस्य शब्दः प्रधानं, तद्वशेन तदुत्पत्तेः, अर्थस्तूपसर्जनं, तदुत्पत्तावनिमित्तत्वात् स शब्दनय उच्यते''* इत्युक्तमिति ध्येयम् ।

अथ नयेषु शुद्ध्यशुद्धी विचार्येते । तत्र प्रतिपक्षनयदृष्टेरंशतोऽपि संमिश्रणं यथा न स्यात्तथा केवलया स्वकीययैव दृष्ट्या यद्दर्शनं तत्र तस्य नयस्य विशुद्धतमत्वं व्यवह्रियते ।

---

**तत्त्वालोकालंकार**માં પણ સાતમા પરિચ્છેદમાં આ પ્રમાણે જણાવ્યું છે કે - *આ સાતમાં પ્રથમ ચાર નયો અર્થનિરૂપણ કરવામાં કુશળ હોવાથી અર્થનયો છે. ॥૪૪॥ શેષ ત્રણ નયો શબ્દવાચ્યઅર્થને વિષય બનાવનાર હોવાથી શબ્દનયો છે. ॥૪૫॥* **અનેકાન્તવ્યવસ્થા પ્રકરણ**માં આ પ્રમાણે કહ્યું છે-[વક્તા પ્રથમ અર્થ પરથી બોધ કરે છે ને પછી એ બોધને અનુસરીને શબ્દો બોલે છે. શ્રોતા શબ્દો સાંભળે છે ને પછી શબ્દો પરથી અર્થબોધ કરે છે. આ હકીકતને નજરમાં રાખવી.] *અર્થને આશ્રીને વક્તાને સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્રનયનામે જે પ્રત્યય (= બોધ) પ્રાદુર્ભાવ પામે છે તે અર્થનય છે, કારણ કે એ અર્થને અનુસરીને ઉત્પન્ન થયો હોવાથી અર્થની પ્રધાનરૂપે વ્યવસ્થા કરે છે, અને સ્વ(= જન્ય)શબ્દની તો એ ગૌણરૂપે વ્યવસ્થા કરે છે, કારણ કે શબ્દપ્રયોગ બીજા માટે કરવાનો હોય છે. વક્તાએ બોલેલા શબ્દને સાંભળવાથી શ્રોતાને શબ્દ-સમભિરૂઢ-એવંભૂત નામે જે બોધ પેદા થાય છે તે શબ્દનય કહેવાય છે, કારણ કે શબ્દને અનુસરીને એ બોધ ઉત્પન્ન થયો હોવાથી એમાં શબ્દપ્રધાન હોય છે. જ્યારે અર્થ તો એમાં ગૌણ હોય છે, કારણ કે એ બોધની ઉત્પત્તિમાં અર્થ નિમિત્ત બન્યો હોતો નથી.*

હવે, નયોમાં શુદ્ધિ અને અશુદ્ધિનો વિચાર કરાય છે - જેમાં પ્રતિપક્ષનયદૃષ્ટિનું આંશિક પણ મિશ્રણ ન થયું હોય એ રીતે માત્ર પોતાની જ દૃષ્ટિથી જે જોવું, તે નયની વિશુદ્ધતમતા કહેવાય છે. તથા જેમ જેમ પ્રતિપક્ષનયદૃષ્ટિના અંશો ભળતા જાય છે તેમ તેમ તે નયની વિશુદ્ધિ ઘટે છે અને અશુદ્ધિ વધે છે, એમ કહેવાય છે. સંગ્રહનય સામાન્યગ્રાહી છે, એટલે વિશેષગ્રાહી નયદૃષ્ટિ એના માટે પ્રતિપક્ષનયદૃષ્ટિ છે. તેથી,

तथा यथा यथा प्रतिपक्षनयदृष्टेरंशाः संमिश्रीभवन्ति, तथा तथा तस्य नयस्य विशुद्धिर्हीयते, अशुद्धिश्च वर्धत इति व्यवह्रियते । सङ्ग्रहश्च यतः सामान्यग्राही, अतो विशेषग्राहिनयदृष्टेः प्रतिपक्षत्वं स्पष्टमेवेति सत्तामहासामान्येन सर्वेषां सङ्ग्राहिकायाः सदद्वैतवादिन्याः परसङ्ग्रहदृष्टेर्विशुद्धतमत्वं, विशेषस्य लेशतोऽपि ग्राहकत्वाभावात् । तदपेक्षया जीवत्वेन सर्वेषां जीवानां सङ्ग्राहिकाया अपरसङ्ग्रहनयदृष्टेरशुद्धत्वमेव, पुद्गलादेर्व्यावर्तकस्य विशेषस्यार्थतो ग्राहकत्वात् ।

**ननु** 'वनगमनोद्देश्यभूतदार्वपेक्षया छिद्यमानदार्वादेः प्रस्थकं प्रति कारणताभावस्य किञ्चिदासन्नत्वात् तदभ्युपगन्तुर्नैगमस्य किञ्चिद्विशुद्धत्वं, तदपेक्षया वनगमनोद्देश्यभूतं दारु प्रस्थकत्वेन पश्यतो नैगमस्यातिव्यवहितत्वाद् मलीमसत्वं, एवं पूर्वपूर्वापेक्षयोत्तरोत्तरस्य विशुद्धता भावनीया' इत्यर्थक**मनुयोगद्वारसूत्रवृत्तौ** यदुक्तं तत्कथमुपपद्येत ? सर्वासामपि दृष्टीनां नैगमस्य स्वकीयदृष्टितया प्रतिपक्षनयदृष्टेस्तत्संमिश्रणस्य चासम्भवादशुद्धेः सम्भवाभावात् । अपरञ्च तस्य न काऽप्येका नियता दृष्टिर्या विशुद्धतमत्वेन व्यपदेष्टुं शक्या । ततश्चाशुद्ध-शुद्ध-शुद्धतरत्वादिकं यदुक्तं तत्र तत्कथमुपपद्येत ?

शृण्वत्रास्मत्परिशीलितमुत्तरम्-यतो नैगमस्य न कापि नियता दृष्टिर्यामपेक्ष्य विशुद्धे-

---

સત્તામહાસામાન્યદ્વારા સર્વવસ્તુઓનો સંગ્રહ કરનાર સદ્અદ્વૈતવાદી પરસંગ્રહનયદૃષ્ટિ વિશુદ્ધતમ છે, કારણ કે એમાં વિશેષનું લેશ પણ ગ્રહણ નથી. એ દૃષ્ટિની અપેક્ષાએ જીવરૂપે સર્વ જીવોનો સંગ્રહ કરનાર અપરસંગ્રહનયદૃષ્ટિ અશુદ્ધ જ છે, કારણ કે એ પુદ્ગલાદિની બાદબાકી કરનાર વિશેષની અર્થતઃ ગ્રાહિકા છે.

**શંકા** - વનગમનના ઉદ્દેશ્યભૂત કાષ્ઠની અપેક્ષાએ છેદાતા કાષ્ઠની પ્રસ્થક પ્રત્યે જે કારણતા (હોય) છે તે કંઈક વધારે નજીકની હોવાથી તેને જોનાર નૈગમનય કંઈક વિશુદ્ધ છે. તેની અપેક્ષાએ વનગમનના ઉદ્દેશ્યભૂતકાષ્ઠને પ્રસ્થક તરીકે જોનાર નૈગમનય વધારે વ્યવહિત હોવાના કારણે મલિન(અવિશુદ્ધ) છે. એ જ રીતે પૂર્વ-પૂર્વ અવસ્થામાં પ્રસ્થકપણું જોનાર નૈગમનયની અપેક્ષાએ ઉત્તર-ઉત્તર અવસ્થામાં પ્રસ્થકપણું જોનાર નૈગમનયની વિશુદ્ધતા જાણવી. શ્રી અનુયોગદ્વારસૂત્રની વૃત્તિમાં આવો ભાવ જે જણાવ્યો છે તે શી રીતે સંગત થશે ? કારણ કે બધી જ દૃષ્ટિઓ નૈગમનયની પોતાની દૃષ્ટિરૂપ હોવાથી કોઈ પ્રતિપક્ષદૃષ્ટિ કે એનું સંમિશ્રણ થવું સંભવિત નથી. વળી નૈગમનયની કોઈ એક નિયત દૃષ્ટિ છે નહીં જેને વિશુદ્ધતમ દૃષ્ટિ તરીકે કહી શકાય. એટલે અશુદ્ધ-શુદ્ધ-શુદ્ધતર વગેરે જે કહ્યું છે તે શી રીતે સંગત થશે ?

**સમાધાન** - આ બાબતમાં મે વિચારેલું સમાધાન સાંભળો - નૈગમનયની કોઈ

र्व्यवहारः सम्भवेत्, एवं न क्वापि प्रतिपक्षभूता दृष्टिर्यामपेक्ष्याशुद्धेर्व्यवहारः सम्भवेदित्यतः कस्यचिदप्यन्यस्यैव नयस्यापेक्षया शुद्ध्यशुद्धिव्यवहारः कर्तव्यः स्यात् । अन्येषु च नयेषु सामान्यतया व्यवहारनय एव यतः शुद्ध्यशुद्ध्यादेर्व्यवहर्ता, अतस्तमपेक्ष्यैव तद्व्यवहारः कर्तव्य इत्यभिप्रायेणात्रानुयोगद्वारसूत्रवृत्त्यधिकारे स व्यवहारनयमपेक्ष्य कृत इति प्रतिभाति । अत एव व्यवहारनयस्याकुट्टितनामानं प्रस्थकं प्रस्थकत्वेन स्वीकुर्वन् योऽभिप्रायस्तस्यैवाभ्युपगन्ता नैगमोऽत्र विशुद्धतमत्वेन प्रतिपादितः । यस्तु तस्माद् दूर-दूरतराद्यवस्थाया ग्राहकः स अशुद्ध-अशुद्धतरादित्वेन कथितः ।

**ननु नयोपदेशे** नयानां शुद्ध्यशुद्धी न प्रतिपक्षदृष्टेरमिश्रणमिश्रणापेक्षया कथिते, अपि तु सूक्ष्मस्थूलार्थतया । तथाहि -

*शुद्धा ह्येतेषु सूक्ष्मार्था अशुद्धाः स्थूलगोचराः । फलतः शुद्धतां त्वाहुर्व्यवहारे न निश्चये ॥७४॥* ये नया यतः सूक्ष्मार्थास्ते ततः शुद्धाः, ये च स्थूलगोचरास्ते ततोऽशुद्धा इत्यर्थः। न च सूक्ष्मत्वं स्थूलत्वं चार्थानामत्र बह्वल्पविषयभावेन, तथासत्युत्तरोत्तरेभ्यः

---

એક નિયત દૃષ્ટિ નથી કે જેની અપેક્ષાએ વિશુદ્ધિનો વ્યવહાર થઈ શકે. એમ એની કોઈ પ્રતિપક્ષદૃષ્ટિ પણ નથી કે જેની અપેક્ષાએ અશુદ્ધિનો વ્યવહાર સંભવે. એટલે કોઈ અન્યનયની અપેક્ષાએ જ શુદ્ધિ-અશુદ્ધિનો વ્યવહાર કરવાનો રહે. અન્ય નયોમાં તો સામાન્ય રીતે વ્યવહારનય જ શુદ્ધિ-અશુદ્ધિનો વ્યવહાર કરનારો છે, એટલે તેની અપેક્ષાએ જ એ વ્યવહાર કરવો જોઈએ એવા અભિપ્રાયથી અહીં અનુયોગદ્વારસૂત્રની વૃત્તિના અધિકારમાં તે વ્યવહાર વ્યવહારનયની અપેક્ષાએ કરેલો છે એવું લાગે છે. એટલે જ વ્યવહારનયનો આકુટ્ટિત નામવાળા પ્રસ્થકને પ્રસ્થક તરીકે સ્વીકારતો જે અભિપ્રાય છે તેને જ સ્વીકારનાર નૈગમભેદને આ અધિકારમાં વિશુદ્ધતમ નૈગમનય તરીકે કહેલો છે. જે નૈગમભેદ તેનાથી દૂર-દૂરતર વગેરે અવસ્થાને જુએ છે તેને અશુદ્ધ-અશુદ્ધતર વગેરે રૂપ કહેલ છે.

**શંકા-નયોપદેશગ્રન્થ**માં નયોની શુદ્ધિ-અશુદ્ધિ પ્રતિપક્ષદૃષ્ટિનું અમિશ્રણ-મિશ્રણ થવાની અપેક્ષાએ નથી કહી, પરંતુ સૂક્ષ્મ-સ્થૂલ અર્થની અપેક્ષાએ કહેલ છે. તે આ રીતે - *આ ૭ નયોમાં સૂક્ષ્મ અર્થવાળા નયો શુદ્ધ છે, સ્થૂલ વિષયવાળા નયો અશુદ્ધ છે. ફળની અપેક્ષાએ શુદ્ધતા તો વ્યવહારનયમાં હોવી જ કહેલી છે, નહીં કે નિશ્ચયનયમાં. ॥૭૪॥* એટલે, જે નયો, જે નયની અપેક્ષાએ સૂક્ષ્મઅર્થને જોનારા છે તે નયો તે નયની અપેક્ષાએ શુદ્ધ છે અને જેઓ સ્થૂલ અર્થને જોનારા છે તે નયો અશુદ્ધ છે, એવો અર્થ

पूर्वपूर्वेषां सूक्ष्मार्थत्वप्राप्तेः, *'पूर्वः पूर्वो नयः प्रचुरगोचरः, परः परस्तु परिमितविषयः'* इति **प्रमाणनयतत्त्वालोकालङ्कार**(७-४६)वचनात् । परंतु सूक्ष्मतर्कसहत्वं सूक्ष्मार्थत्वं, तदसहत्वं च स्थूलार्थत्वमिति परिभाषणीयमिति न ऋजुसूत्रादेर्व्यवहारस्य सूक्ष्मार्थत्वापत्तिः, 'परकीयस्यावर्तमानस्य चाकार्यकारितयाऽसत्त्वमेव' इत्यस्य ऋजुसूत्रदत्तस्य तर्कस्य तेनाबोधनात्। इत्थञ्च निश्चयनया एवैतेषु शुद्धाः, व्यवहारनयाश्चाशुद्धा इति पर्यवस्यति । किञ्च व्यवहार-तदुपजीविनयान्यनयत्वमत्र निश्चयत्वं, व्यवहार-तदुपजीविनयान्यतरत्वं च व्यवहारत्वमत्रेति विवेकः । अत्र निश्चयस्य शुद्धत्वं, व्यवहारस्य चाशुद्धत्वं यदुक्तं तत्स्वरूपतो ज्ञेयम् । फलतस्त्वभियुक्ता व्यवहारे शुद्धत्वं निश्चये चाशुद्धत्वमाहुः । तथाहि -

*क्रियाऽक्रियाफलौचित्यं गुरुशिष्यादिसङ्गतिः ।*
*यत्र सम्यक्त्वहेतुः सा व्यवहारस्य देशना ॥७५॥*

---

મળે છે. તથા અહીં વિષયભૂત અર્થનું સૂક્ષ્મત્વ કે સ્થૂલત્વ વિષયની પ્રચુરતા કે અલ્પતાના આધારે નથી લેવાનું, કારણ કે એમાં તો ઉત્તરોત્તર નયોની અપેક્ષાએ પૂર્વપૂર્વનયનો વિષય સૂક્ષ્મ બની જાય, તે પણ એટલા માટે કે પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર ગ્રન્થમાં (૭-૪૬) આ પ્રમાણે કહેલ છે કે 'પૂર્વ-પૂર્વનય પ્રચુર વિષયવાળો છે, અને પર-પરનય પરિમિત વિષયવાળો છે.' એટલે એ રીતે અર્થ ન લેતાં, જે સૂક્ષ્મતર્કસહ (= સૂક્ષ્મતર્કથી પણ જે સંગત ઠરે-અસંગત ન ઠરી જાય) હોય તે સૂક્ષ્મઅર્થવાળો કહેવાય અને જે સૂક્ષ્મતર્કને અસહ હોય(=સહી ન શકે, અસંગત ઠરી જાય) તે સ્થૂલઅર્થવાળો જાણવો. આવી પરિભાષા અહીં લેવી. તેથી ઋજુસૂત્રાદિથી વ્યવહારનય સૂક્ષ્માર્થક બની જવાની આપત્તિ નહીં આવે, કારણ કે 'જે પરકીય છે કે અવર્તમાન છે તે સ્વકીયકાર્ય કરનાર ન હોવાથી અસત્ જ છે' આવો ઋજુસૂત્ર જે તર્ક આપે છે તેને વ્યવહારનય જાણી શકતો નથી. આવી પરિભાષા હોવાથી આ સાત નયોમાં જે નિશ્ચયનયો છે તે શુદ્ધ છે અને જે વ્યવહારનયો છે તે અશુદ્ધ છે એમ પર્યવસિત થાય છે. આમાં વ્યવહારનયથી અને એને આશ્રિતનયોથી જે અન્ય હોય તે નિશ્ચયનય અને વ્યવહારનય કે તેને આશ્રિતનયમાંનો કોઈપણ નય એ વ્યવહારનય એવો વિવેક જાણવો.

અહીં નિશ્ચયનયને શુદ્ધ અને વ્યવહારનયને અશુદ્ધ જે કહેલ છે તે સ્વરૂપને આશ્રીને જાણવા. ફળને આશ્રીને તો જ્ઞાનીપુરુષો વ્યવહારનયને શુદ્ધ અને નિશ્ચયનયને અશુદ્ધ કહે છે. તે આ રીતે - *ક્રિયાનું ફળ મળે છે, અક્રિયાનું નથી મળતું... આવું*

*भुङ्क्तेऽन्यः कुरुते चान्यो गुरुः शिष्यश्च यत्र न ।*
*देशना निश्चयस्यास्य पुंसां मिथ्यात्वकारणम् ॥७६॥*
*परिणामे नयाः सूक्ष्मा हिता नापरिणामिके ।*
*न वातिपरिणामे च चक्रिणो भोजनं यथा ॥७७॥*
*आमे घटे यथा न्यस्तं जलं स्व-घटनाशकृत् ।*
*तथाऽपरिणते शिष्ये रहस्यं नयगोचरम् ॥७८॥*
*पृथक्त्वे नाधिकारस्तन्नयानां कालिकश्रुते ।*
*अधिकारस्त्रिभिः प्रायो नये व्युत्पत्तिमिच्छताम् ॥७९॥*
*तेनादौ निश्चयोद्ग्राहो नग्नानामपहस्तितः ।*
*रसायनीकृतविषप्रायः सो न जगद्धितः ॥८०॥*
*उन्मार्गकारणं पापा परस्थाने हि देशना ।*
*बालादेर्नान्यियोग्यं च वचो भेषजवद्धितम् ॥८१॥* इति । अत एव यत्र प्रणिधानादीनां

---

ઔચિત્ય... આ ગુરુ છે - આ શિષ્ય છે... વગેરે વાતની સંગતિ જેમાં સમ્યક્ત્વનું કારણ બને છે (અર્થાત્ સત્યતાનું કારણ બને છે) તે વ્યવહારનયની દેશના છે. ॥૭૫॥ કરે છે અન્ય અને ભોગવે છે અન્ય... કોઈ ગુરુ નથી... કોઈ શિષ્ય નથી... આવી બધી વાતો જેમાં છે એ નિશ્ચયનયની દેશના છે, એ જીવોને મિથ્યાત્વનું કારણ બને છે. ॥૭૬॥ એટલે જ સૂક્ષ્મનયો (= નિશ્ચયનયો) પરિણામી જીવને જ હિતકર બને છે, અપરિણામક કે અતિપરિણામક જીવોને હિતકર બનતા નથી, જેમકે ચક્રવર્તીનું ભોજન. ॥૭૭॥ કાચા ઘડામાં નાખેલું પાણી જેમ પોતાનો અને ઘડાનો નાશ કરનાર બને છે તેમ અપરિણત શિષ્યને આપેલું નય અંગેનું રહસ્ય પોતાનો અને એ શિષ્યનો નાશ કરનાર બને છે. ॥૭૮॥ એટલા માટે જ જ્યારથી અનુયોગ પૃથક્ થયો ત્યારથી કાલિકશ્રુતમાં નયોનો અધિકાર નથી. છતાં જેમણે નયનો બોધ પામવો હોય તેમને પણ પ્રાયઃ પ્રથમ ત્રણનયોનો (= વ્યવહારનયોનો) જ અધિકાર છે. ॥૭૯॥ તેથી પ્રારંભે જ (= શ્રોતા હજુ પરિણત નથી બન્યો ત્યારે પણ) દિગંબરો નિશ્ચયનયનો બોધ આપવા જે પ્રયાસ કરે છે તે ગલત છે એમ સિદ્ધ થયું. એ બોધ તો રસાયણરૂપે કરાયેલ ઝેર જેવો છે. (જે એને પચાવવાની ક્ષમતાવાળા બન્યા હોય એમને જ લાભ કરે.) આખા જગત્‌ને એ લાભ કરે એવું છે નહીં. ॥૮૦॥ (યોગ્ય જીવને યોગ્ય દેશના આપવી એ સ્વસ્થાન દેશના છે. એનાથી વિપરીત એ પરસ્થાન દેશના છે. અપરિણત શિષ્યો માટે

शुभाशयानां प्राधान्यमुपवर्ण्यते तेषां योगग्रन्थानामधिकारितया कुल-प्रवृत्तचक्रयोगिन एव कथिताः, न त्वन्येषामाचारादिप्रतिपादकानां ग्रन्थानामिव बालाः। अत एव च निशिभोजनत्याग-सामायिक-प्रतिक्रमणादिव्यवहारधर्मेऽसुस्थितानामपि शुभाशयप्राधान्यपराया विषानुष्ठानादि-विषयिण्या निश्चयदेशनाया यद्दानं तद् भवगहने दारुणविपाकमुन्मार्गनयनमेव । तदुक्तं **नयोपदेशवृत्तौ महोपाध्यायैः** *अव्युत्पादितव्यवहारो दुष्प्राप्यव्युत्पत्तिकनिश्चयश्च शिष्यः फलसन्देहदोलाधिरोपणेन संसार एव भ्रामितः स्यादिति ।*

इत्थञ्च नयोपदेशे सूक्ष्म-स्थूलार्थतया नयानां शुद्ध्यशुद्धी कथिते, न तु प्रतिपक्षदृष्टेर-मिश्रणमिश्रणापेक्षयेति **चेत् ? सत्यं,** नैगमापेक्षया सङ्ग्रहस्य शुद्धिरशुद्धिर्वा ? इत्येवं

---

*નિશ્ચયનયની દેશના એ પરસ્થાનદેશના છે.) આ પરસ્થાનદેશના ઉન્માર્ગનું કારણ બને છે ને તેથી પાપા છે = અત્યંત અયોગ્ય છે = ભારે નુકશાનકારક છે. જેમ એક દર્દીનું ઔષધ અન્ય દર્દીને હિતકર બનતું નથી એવી રીતે અન્ય યોગ્ય ગુરુવચન અન્ય બાળાદિ જીવને હિતકર બનતું નથી. ॥૮૧॥*

એટલે જ જ્યાં (નિશ્ચયવિષયભૂત) પ્રણિધાનાદિ શુભાશયોની મહત્તા ખૂબ ગાઈ હોય - ગાવાની હોય તે યોગગ્રન્થોના અધિકારી તરીકે કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગીને જ કહેલા છે, નહીં કે અન્ય આચારાદિપ્રતિપાદક આચારાંગાદિગ્રન્થોમાં કહેલ બાલાદિ જીવો. એટલે જ રાત્રીભોજન ત્યાગ-સામાયિક-પ્રતિક્રમણ વગેરે રૂપ વ્યવહાર ધર્મમાં જેઓ સારી રીતે સ્થિર નથી તેઓને પણ શુભાશયની પ્રધાનતાવાળી વિષાનુષ્ઠાનાદિ સંબંધી નિશ્ચયનયદેશના આપવી, તે ગહન ભવવનમાં દારુણવિપાકવાળું ઉન્માર્ગનયન જ છે, એ જાણવું. નયોપદેશની વૃત્તિમાં મહોપાધ્યાય **શ્રીયશોવિજયજીમહારાજે** કહ્યું છે-જે *શિષ્યને વ્યવહારમાં વ્યુત્પન્ન બનાવેલો નથી (અને તેથી જે શિષ્યને) નિશ્ચયનયની વ્યુત્પત્તિ પણ દુષ્પ્રાપ્ય છે એવા શિષ્યને નિશ્ચયનયની દેશના આપવી એ 'ફળ મને મળશે કે કેમ ?' એવો સંદેહરૂપી હિંચકા પર બેસાડવા જેવું હોવાથી પરિણામે એને સંસારમાં ભમાવવાનો જ થાય છે.*

આમ નયોપદેશગ્રન્થમાં, જે સૂક્ષ્માર્થક હોય તે શુદ્ધનય, અને જે સ્થૂલાર્થક હોય તે અશુદ્ધનય એમ કહેલ છે, પણ જેમાં પ્રતિપક્ષનયદૃષ્ટિ ભળેલી ન હોય તે શુદ્ધ, અને ભળેલી હોય તે અશુદ્ધ... એમ કહેલ નથી.

**સમાધાન** - તમારી વાત સાચી છે. નૈગમનયની અપેક્ષાએ સંગ્રહનય શુદ્ધ છે કે અશુદ્ધ ? આ પ્રમાણે નૈગમ વગેરે નયોની પરસ્પર શુદ્ધિ કે અશુદ્ધિ જ્યારે વિચારવાની

नैगमादीनां नयानां मिथः शुद्ध्यशुद्धिविचारणायां 'यः सूक्ष्मार्थः स शुद्धः, इतरस्त्वशुद्धः' इति परिभाषाऽऽदरणीयेति सूचितं नयोपदेशे, परन्तु यदैकस्यैव नैगमादेर्नयस्यावान्तरप्रकारा विचार्यन्ते तदा 'यत्र प्रतिपक्षनयदृष्टेरंशतोऽप्यमिश्रणं स शुद्धः प्रकारः, यत्र तन्मिश्रणं सोऽशुद्धः, यथा यथा च मिश्रणं वर्धते तथा तथाऽशुद्धत्वमपि वर्धते' इति परिभाषाया आदरणीयत्वमुक्तमत्रेति न किञ्चिदनुपपन्नम् ।

**न च** स्वमनीषिकाशिल्पनिर्मितेयं परिभाषेत्याशङ्कनीयं, **महोपाध्यायैर्गूर्जरभाषा-निबद्धस्य 'द्रव्य-गुण-पर्यायनो रास'** इतिग्रन्थस्य द्वितीयस्या ढालिकायाश्चतुर्थ्या गाथायाः स्तबके *'शुद्धसंग्रहनयनइं मतइं तो सदद्वैतवादइं एक ज द्रव्य आवइं'* इति कथयद्भिरेतस्याः परिभाषायाः सूचितत्वात्, विशेषलक्षणस्य प्रतिपक्षनयविषयस्यांशतोऽप्यग्राहकतयैवात्र शुद्धत्वस्य संग्रहे कथितस्योपपद्यमानत्वात् । तथा **देवसेना**चार्यप्रदर्शितानां द्रव्यार्थिकदशप्रकाराणामने**कान्त-व्यवस्थाप्रकरण** एवं प्रकार उल्लेखो दृश्यते- *तत्र द्रव्यार्थिको दशधा, आद्यः कर्मोपाधिनिरपेक्षः*

---

હોય ત્યારે 'જે સૂક્ષ્માર્થક હોય તે શુદ્ધ અને તદન્ય અશુદ્ધ' આવી પરિભાષા રાખવી - એવું નયોપદેશગ્રન્થમાં સૂચવ્યું છે. પરંતુ જ્યારે નૈગમ વગેરે કોઈપણ એક જ નયના અવાંતર ભેદોની પરસ્પર શુદ્ધિ-અશુદ્ધિ વિચારવાની હોય ત્યારે "જે ભેદમાં પ્રતિપક્ષનયદૃષ્ટિનું અંશતઃ પણ મિશ્રણ ન હોય તે શુદ્ધ ભેદ, અને જેમાં તેનું મિશ્રણ હોય તે અશુદ્ધ, એમાં પણ જેમ જેમ મિશ્રણ વધતું જાય તેમ તેમ અશુદ્ધિ પણ વધતી જાય" આવી પરિભાષા આદરવી - એવું અહીં = અનુયોગદ્વારસૂત્ર-વૃત્તિમાં સૂચવ્યું છે, એટલે કોઈ અસંગતિ નથી.

'તમે જણાવેલી આ પરિભાષા માત્ર તમારી પોતાની બુદ્ધિનો વિલાસ છે' આવી શંકા ન કરવી, કારણ કે મહોપાધ્યાય શ્રીયશોવિજયમહારાજે પોતાના ગુજરાતી **'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ'** ગ્રન્થની બીજી ઢાળની ચોથી ગાથાના ટબામાં *'શુદ્ધ સંગ્રહનયને મતે તો સદદ્વૈતવાદે એક જ દ્રવ્ય આવે'* એવું કહેવા દ્વારા આ પરિભાષાને સૂચિત કરી છે, કારણ કે અહીં સંગ્રહનયને શુદ્ધ જે કહેલ છે તેની સંગતિ, પ્રતિપક્ષનયના વિષયભૂત વિશેષની લેશમાત્ર પણ ગ્રાહકતા નથી એના કારણે જ શક્ય બને છે.

તથા દિગંબર **શ્રી દેવસેનાચાર્યે** દ્રવ્યાર્થિકનયના જે ૧૦ પ્રકારો દર્શાવેલા છે તેનો **અનેકાન્તવ્યવસ્થાપ્રકરણ**માં આ રીતે ઉલ્લેખ મળે છે - *તેમાં દ્રવ્યાર્થિક દશ પ્રકારે છે. પ્રથમ કર્મોપાધિનિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિક,* જેમકે *'સંસારી જીવ પણ સિદ્ધાત્મા જેવો શુદ્ધાત્મા*

*शुद्धद्रव्यार्थिकः, यथा संसारिजीवः सिद्धसदृशशुद्धात्मा ॥१॥ द्वितीय उत्पादव्ययगौणत्वेन सत्ताग्राहकः शुद्धद्रव्यार्थिकः, यथा द्रव्यं नित्यम् ॥२॥ तृतीयो भेदकल्पनानिरपेक्षः शुद्धद्रव्यार्थिकः, यथा निजगुणपर्यायस्वभावाद् द्रव्यमभिन्नम् ॥३॥ चतुर्थः कर्मोपाधिसापेक्षोऽशुद्धद्रव्यार्थिकः, यथा क्रोधादिकर्मजभाव आत्मा ॥४॥* इत्यादि । अत्र हि कर्मोपाधिजन्यावस्थालक्षणेन, उत्पाद-व्ययप्रयुज्यावस्थालक्षणेन वा पर्यायात्मकेन भेदात्मकेन च प्रतिपक्षनयविषयेणांशतोऽप्यमिश्रिततयैवाद्येषु त्रिषु प्रकारेषु द्रव्यार्थिकस्य शुद्धत्वं, चतुर्थे च प्रकारे कर्मोपाधिजन्यावस्थालक्षणेन पर्यायात्मकेन प्रतिपक्षनयविषयेण मिश्रिततयैवाशुद्धत्वं यत्कथितं तेनाप्यस्याः परिभाषायाः सूचितत्वात् ।

**नन्वनुयोगद्वारसूत्र-वृत्त्योर्**वनगमनप्रयोजनीभूतदार्वादिकास्वाकुट्टितनामान्तासु सर्वास्ववस्थासु प्रस्थकत्वं नैगमस्य संमतमिति कथितं, तत्र चाकुट्टितनामानं प्रस्थकमभ्युपगन्ता यो नैगमाभिप्रायः स एव सर्वविशुद्धतया कथितः, स एव च सर्वेष्वभिप्रायेषु सूक्ष्मतमार्थग्राही, अतः सर्वत्र सूक्ष्म-स्थूलार्थापेक्षे एव शुद्ध्यशुद्धी मन्तव्ये, न तु प्रतिपक्षनयदृष्टेर्मिश्रणाद्यपेक्षे

---

*છે.' ॥૧॥ ઉત્પાદ-વ્યયને ગૌણ કરીને સત્તાનો ગ્રાહક નય એ બીજો શુદ્ધ દ્રવ્યાર્થિકનય છે. જેમકે 'દ્રવ્ય નિત્ય છે' ॥૨॥ ભેદકલ્પનાથી નિરપેક્ષ એવો શુદ્ધ દ્રવ્યાર્થિકનય એ ત્રીજો પ્રકાર છે, જેમકે પોતાના ગુણ-પર્યાયસ્વભાવથી દ્રવ્ય અભિન્ન છે. ॥૩॥ કર્મોપાધિને સાપેક્ષ દ્રવ્ય જોનાર અશુદ્ધ દ્રવ્યાર્થિકનય એ ચોથો પ્રકાર છે, જેમકે ક્રોધાદિકર્મજન્ય ભાવ-આત્મા છે ॥૪॥ વગેરે.* અહીં, કર્મોપાધિજન્યઅવસ્થારૂપ કે ઉત્પાદ-વ્યયપ્રયુજ્ય અવસ્થારૂપ પર્યાયાત્મક અને ભેદાત્મક જે પ્રતિપક્ષનયનો વિષય, તેની અંશતઃ પણ મિશ્રતા ન હોવાથી જ આદ્ય ત્રણ ભેદોમાં દ્રવ્યાર્થિકનયની શુદ્ધતા કહેલી છે, અને ચોથા પ્રકારમાં કર્મોપાધિજન્ય અવસ્થારૂપ પર્યાયાત્મક પ્રતિપક્ષનયવિષયની મિશ્રતા હોવાથી જ અશુદ્ધતા કહેલી છે. એટલે આ અધિકાર પણ પ્રતિપક્ષનયદૃષ્ટિની મિશ્રતા-અમિશ્રતા દ્વારા અશુદ્ધિ-શુદ્ધિ ગણવાની પરિભાષાનું સૂચન કરે જ છે.

**શંકા** - અનુયોગદ્વારસૂત્ર અને તેની વૃત્તિમાં પ્રસ્થક દૃષ્ટાન્તનિરૂપણમાં, વનગમન પ્રયોજનીભૂતકાષ્ઠઆદિ અવસ્થાથી લઈને આકુટ્ટિતનામસુધીની દરેક અવસ્થામાં પ્રસ્થક માનેલું છે. વળી એમાં આકુટ્ટિત નામવાળા પ્રસ્થકને માનનાર જે નૈગમભેદ, એ જ સર્વવિશુદ્ધ હોવારૂપે કહેલ છે. વળી ત્યાં સુધીના સર્વભેદોમાં એ જ સૂક્ષ્મતમ્ અર્થનો ગ્રાહક છે. માટે સર્વત્ર સૂક્ષ્મ-સ્થૂલઅર્થની અપેક્ષાએ જ શુદ્ધિ-અશુદ્ધિ માનવા જોઈએ; નહીં કે પ્રતિપક્ષનયદૃષ્ટિના મિશ્રણાદિની અપેક્ષાએ પણ.

अपीति **चेत्** ? तर्हि सदद्वैतवादिसङ्ग्रहापेक्षया धर्माधर्मादिग्राहिण: सङ्ग्रहस्य शुद्ध्यापत्ति: । *यावद् धान्यमाने च तं व्यापारयन् 'किमिदम्?' इति पृष्ट: सन्नाह-'प्रस्थकोऽयम्'* इत्यादि **विशेषावश्यकभाष्यवृत्ति**वचनेन प्रस्थकत्वेन ज्ञायमाने धान्यमाने व्यापृते प्रस्थक एव सर्वविशुद्धे: कथनीयत्वापत्तिश्च, तद्ग्राहिणो नैगमस्याकुट्टितनामानं प्रस्थकत्वेन ग्राहिण: नैगमस्यापेक्षया सूक्ष्मार्थग्राहित्वात् ।

वस्तुतस्तु नयानां शुद्ध्यशुद्धिविचारे न कापि नियतैका परिभाषा दृश्यते, अपि तु विविधा एव। तथाहि - **नयरहस्ये** *'ते च प्रदेश-प्रस्थक-वसतिदृष्टान्तैर्यथाक्रमं विशुद्धिभाज:'* इत्युक्त्वा प्रदेशदृष्टान्ते सङ्ग्रहापेक्षया व्यवहारस्य शुद्धत्वमुक्तं, *'पञ्चानामेव प्रदेश:'* इति सङ्ग्रहाभिप्रायप्रदर्शनान्तरं *'व्यवहारस्त्वाह-पञ्चानां प्रदेशस्तदा स्याद्यदि साधारण: स्यात्, यथा पञ्चानां गोष्ठिकानां हिरण्यमिति। प्रकृते तु प्रत्येकवृत्ति: प्रदेश इति 'पञ्चविध: प्रदेश:' इति भणितव्यम्'* इत्येवं व्यवहाराभिप्रायस्य प्रदर्शितत्वात्। परंतु प्रस्थकदृष्टान्ते व्यवहारापेक्षया सङ्ग्रहस्य शुद्धत्वमुक्तं, नैगममतमुक्त्वा *'व्यवहारेऽप्ययमेव पन्था:'* इति व्यवहारातिदेशानन्तरं *'सङ्ग्रहस्तु विशुद्धत्वात् कारणे कार्योपचारं कार्याकरणकाले च प्रस्थकं*

---

**સમાધાન**-તો પછી, સદદ્વૈતવાદીસંગ્રહનયની અપેક્ષાએ ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયાદિ દ્રવ્યગ્રાહી સંગ્રહનય શુદ્ધ બની જશે. (કારણ કે એનો વિષય સૂક્ષ્મ છે.) તથા વિશેષાવશ્યક ભાષ્યની વૃત્તિના *'ધાન્ય માપવામાં તેનો ઉપયોગ કરતી વેળા - આ શું છે એવું પૂછવા પર 'આ પ્રસ્થક છે' એમ કહે છે...* આ વચનપરથી, આવા વપરાશમાં આવેલ પ્રસ્થક પણ નૈગમને પ્રસ્થક તરીકે માન્ય છે...ને એ જ સૂક્ષ્મતમ વિષયરૂપ છે. માટે આકુટ્ટિતનામા પ્રસ્થકને નહીં, પણ આ પ્રસ્થકને જ જોનાર નૈગમભેદને સર્વવિશુદ્ધ કહેવો પડે.

વસ્તુતઃ નયોની શુદ્ધિ-અશુદ્ધિના વિચારમાં કોઈ એક ચોક્કસ પરિભાષા છે નહીં, પણ વિવિધ પરિભાષાઓ જ છે. તે આ રીતે-**નયરહસ્ય**માં *"તે ચ=નૈગમાદિનયો પ્રદેશ-પ્રસ્થક અને વસતિદૃષ્ટાન્તદ્વારા યથાક્રમ વિશુદ્ધિવાળા જાણવા."* એમ કહીને પ્રદેશદૃષ્ટાન્તમાં સંગ્રહનયની અપેક્ષાએ વ્યવહારનયને વિશુદ્ધ કહ્યો છે, કારણ કે पञ्चानामेव प्रदेशः એ પ્રમાણે સંગ્રહનયનો અભિપ્રાય દર્શાવ્યા બાદ व्यवहारस्त्वाह-पञ्चानां प्रदेशस्तदा स्याद्यदि... ઇત્યાદિરૂપે વ્યવહારનયનો અભિપ્રાય દર્શાવ્યો છે. (એટલે કે આ દૃષ્ટાન્તમાં સંગ્રહ કરતાં વ્યવહારનય શુદ્ધ હોવો જણાય છે.) પરંતુ પ્રસ્થક દૃષ્ટાન્તમાં વ્યવહારની અપેક્ષાએ સંગ્રહનયને શુદ્ધ જણાવ્યો છે, કારણ કે નૈગમમત કહીને व्यवहारेऽप्ययमेव पन्थाः એ

*नाङ्गीकुरुते'* इत्यादिरूपेण सङ्ग्रहमतस्योक्तत्वात्। वसतिदृष्टान्तेऽप्येवमेव सङ्ग्रहस्य शुद्धत्वमुक्तम् । अत्र च सर्वत्र यथायथा तर्कसहत्वं तथा तथा सूक्ष्मार्थतया शुद्धत्वं कथितमिति ज्ञायते ।

तथा, नैगम-व्यवहारसम्मतोपचारविशेषानवलम्बित्वात् सङ्ग्रहस्य शुद्धत्वं **नयोपदेशे** कथितं, तथाहि -

*उपचारा विशेषाश्च नैगमव्यवहारयोः । इष्टा ह्यनेन नेष्यन्ते शुद्धार्थपक्षपातिना ॥२४॥*

तथा तत्रैव सूक्ष्मार्थतया स्वरूपतः शुद्धत्वं निश्चयनयेषु कथयित्वा फलतस्तद् व्यवहारनयेषु कथितं, तच्चैवं-

*शुद्धा ह्येतेषु सूक्ष्मार्था अशुद्धाः स्थूलगोचराः। फलतः शुद्धतां त्वाहुर्व्यवहारे न निश्चये ॥७४॥*

तथा तत्रैव दर्शननययोजनावसरे *"जातं द्रव्यार्थिकाच्छुद्धाद्दर्शनं ब्रह्मवादिनाम् ।"* (११०) *'अशुद्धाद् व्यवहाराख्याद्'* (१११) इत्यादि यदुक्तं, तेन सङ्ग्रहस्य शुद्धद्रव्यार्थिकत्वं,

---

રીતે વ્યવહારનયનો અતિદેશ કર્યો છે, અને ત્યાર બાદ सङ्ग्रहस्तु विशुद्धत्वात् ઇત્યાદિ રૂપે સંગ્રહનયનો અભિપ્રાય કહ્યો છે. વસતિ દૃષ્ટાન્તમાં પણ આ જ રીતે વ્યવહારનયની અપેક્ષાએ સંગ્રહનયને શુદ્ધ કહ્યો છે. આ બધામાં જેમ જેમ તર્કસહત્વ અધિક છે તેમ તેમ સૂક્ષ્માર્થતા હોવાથી શુદ્ધિ કહી છે એ જણાય છે.

તથા, નૈગમ અને વ્યવહારનયને સંમત ઉપચારો અને વિશેષોને સંગ્રહનય જે માનતો નથી તેથી એ શુદ્ધ છે એમ **નયોપદેશ**માં કહ્યું છે. તે આ રીતે - *નૈગમ અને વ્યવહારનયને ઇષ્ટ ઉપચારો અને વિશેષો શુદ્ધ અર્થના પક્ષપાતી એવા આ સંગ્રહનયને ઇષ્ટ નથી. ॥૨૪॥*

તથા, એ જ **નયોપદેશ**ગ્રન્થમાં સૂક્ષ્માર્થક હોવાના કારણે સ્વરૂપને આશ્રીને નિશ્ચયનયોને શુદ્ધ કહીને ફળને આશ્રીને વ્યવહારનયોને શુદ્ધ કહ્યા છે. તે આ રીતે - *આ નયોમાં સૂક્ષ્માર્થક નિશ્ચયનયો શુદ્ધ છે અને સ્થૂલવિષયક વ્યવહારનયો અશુદ્ધ છે. પણ ફળને આશ્રીને વ્યવહારનયો શુદ્ધ છે, નહીં કે નિશ્ચયનયો... એમ પૂર્વાચાર્યો કહે છે. ॥૭૪॥*

તથા એ જ ગ્રન્થમાં વિભિન્ન દર્શનો અને નયોની પરસ્પર યોજના કરવાના અવસરે *'શુદ્ધ દ્રવ્યાર્થિકનયમાંથી બ્રહ્માદ્વૈતવાદીઓનું દર્શન નીકળ્યું છે' ॥૧૧૦॥ તથા 'વ્યવહારનામના અશુદ્ધ દ્રવ્યાર્થિકનયથી...' ॥૧૧૧॥* ઇત્યાદિ જે કહ્યું છે તેનાથી સંગ્રહનય એ શુદ્ધદ્રવ્યાર્થિક છે અને વ્યવહારનય એ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય છે એ જણાય છે. સંગ્રહ-

व्यवहारस्य चाशुद्धद्रव्यार्थिकत्वमुक्तम्। एते च सङ्ग्रह-व्यवहारनयगते शुद्धाशुद्धत्वे किं प्रयुक्ते? इति यदा विचार्यते तदैतद् ज्ञायते-*परिगमणं पज्जाओ अणेगकरणं गुणत्ति एगट्ठत्ति* **सम्मति**(३-१२)वचनादनेककरणत्वं गुण-पर्यायलक्षणतया प्राप्यते । ततश्चैककरणत्वं द्रव्यलक्षणतयाऽर्थतः प्राप्यते । अत एव 'यत् सामान्यं तद् द्रव्यं, विशेषास्तु पर्यायाः' इत्यादिकं **विशेषावश्यकभाष्यवृत्त्यादौ** दृश्यते । ततश्च यतः सदद्वैतवादी सङ्ग्रहनयः सत्तामहासामान्यमेव गृह्णाति, न कञ्चिदपि विशेषं, अतः स शुद्धो द्रव्यार्थिकः । व्यवहारस्तु द्रव्यार्थिकत्वेऽपि विशेषान् गृह्णातीति सोऽशुद्धो द्रव्यार्थिकः । एवञ्च प्रतिपक्षनयदृष्टेरमिश्रण-मिश्रणापेक्षे एते शुद्धाशुद्धत्वे इति स्पष्टम् ।

तथाऽ**नुयोगद्वारवृत्तावे**वमधिकारो वर्तते – *'पुनर्द्रव्यास्तिकोऽपि सामान्यतोऽपि द्विविधः- अविशुद्धो विशुद्धश्च । तत्र नैगम-व्यवहाररूपोऽविशुद्धः, सङ्ग्रहरूपस्तु विशुद्धः । कथम् ? यतो नैगम-व्यवहारावनन्तपरमाण्वनन्तद्व्यणुकाद्यनेकव्यक्त्यात्मकं कृष्णाद्यनेकगुणाधारं त्रिकालविषयं चाविशुद्धं द्रव्यमिच्छतः, सङ्ग्रहश्च परमाण्वादिकं परमाणुत्वसाम्यादेकं तिरोभूत-गुणकलापमविद्यमानपूर्वापरविभागं नित्यं सामान्यमेव द्रव्यमिच्छति, एतच्च किलानेकताद्यभ्यु-*

---

વ્યવહારનયમાં રહેલ આ શુદ્ધાશુદ્ધત્વ શાના પ્રભાવે છે ? એ વિચારતાં જણાય છે કે -*'પરિગમન એ પર્યાય છે અને અનેકકરણ એ ગુણ છે. આ બન્ને એકાર્થક છે...'* આવા **શ્રીસમ્મતિતર્કપ્રકરણના** વચન પરથી અનેકકરણત્વ એ ગુણ-પર્યાયનું લક્ષણ છે એ જણાતું હોવાથી એકકરણત્વ એ દ્રવ્યના લક્ષણ તરીકે મળે છે. એટલે જ જે સામાન્ય છે તે દ્રવ્ય છે અને જે વિશેષો છે તે પર્યાય છે' વગેરે વાતો વિશેષાવશ્યકભાષ્યની વૃત્તિ વગેરેમાં જોવા મળે છે. અને તેથી, સદ્અદ્વૈતવાદી સંગ્રહનય જો સત્તામહાસામાન્યને જ જુએ છે, કોઈપણ વિશેષને સ્વીકારતો નથી, તો એ શુદ્ધદ્રવ્યાર્થિક છે જ. વ્યવહારનય તો દ્રવ્યાર્થિક હોવા છતાં વિશેષોને સ્વીકારે છે, માટે એ અશુદ્ધ દ્રવ્યાર્થિક છે. આમ, પ્રતિપક્ષનયદૃષ્ટિના અમિશ્રણ-મિશ્રણના કારણે આ શુદ્ધત્વ-અશુદ્ધત્વ આવ્યા છે એ સ્પષ્ટ છે.

તથા **શ્રી અનુયોગદ્વારની વૃત્તિ**માં આવો અધિકાર છે - *વળી દ્રવ્યાસ્તિકનય પણ સામાન્યથી દ્વિવિધ છે - અવિશુદ્ધ અને વિશુદ્ધ. એમાં, નૈગમ-વ્યવહારરૂપ દ્રવ્યાસ્તિક નય અવિશુદ્ધ છે અને સંગ્રહરૂપ દ્રવ્યાસ્તિકનય વિશુદ્ધ છે. શા માટે ? એટલા માટે કે નૈગમ અને વ્યવહારનય અનંત પરમાણુ, અનંત દ્વ્યણુકવગેરેરૂપ અનેકવ્યક્તિઆત્મક દ્રવ્ય માને છે. એમ, કૃષ્ણવગેરે અનેકગુણના આધારભૂત અને ત્રિકાળવિષયવાળું દ્રવ્ય માને છે. આ દ્રવ્ય અનેકાત્મકવગેરે છે, માટે અશુદ્ધ છે જ્યારે સંગ્રહનય તો અનંતાપરમાણુને*

*पगमकलङ्केनाकलङ्कितत्वाच्छुद्धम् । ततश्च शुद्धद्रव्याभ्युपगमपरत्वादयमेव शुद्धः ।' इति [सू० ९७ वृत्तौ]* । अत्राप्यनेकत्वस्य पर्यायार्थिकनयविषयतया तदभ्युपगमो द्रव्यार्थिकस्य कलङ्कतयाऽशुद्धितया चोक्त इति स्पष्टमेव । ततश्च प्रतिपक्षनयदृष्टेरमिश्रणमिश्रणापेक्षे एते शुद्धाशुद्धत्वे इत्यपि स्पष्टमेव ।

किञ्च विशेषग्राहिणो व्यवहारस्य सामान्यग्राहिणी नयदृष्टिः प्रतिपक्षनयदृष्टिरिति स यथा यथा विशेषानर्पयति, सामान्यं चानर्पयति, तथा तथा तस्य शुद्धिर्भवति । अथ घट-शरावादीन् मृत्त्वेन गृह्णन्नेको व्यवहारनयाभिप्रायः, घट-शरावत्वादिना गृह्णंश्च द्वितीयो व्यवहारनयाभिप्रायः, अनयोर्मध्ये कः शुद्धः? कश्चाशुद्धः? इति विचार्यमाणे द्वावपि शुद्धतया-ऽशुद्धतया च प्राप्येते । इदमत्र रहस्यं-मृदपेक्षया घटशरावादयो विशेषाः, मृत्त्वं तदपेक्षया

---

*પરમાણુત્વની સમાનતાના કારણે એક જ માને છે. વળી કૃષ્ણવર્ણાદિ ગુણસમૂહને નજરમાં લેતો નથી. (તેથી વર્ણાદિભેદે પણ પરમાણુઓનો ભેદ કહેતો નથી.) આ નજીકનો પરમાણુ છે, આ દૂરનો છે... આવો વિભાગ પણ માનતો નથી. (તેથી એના કારણે પણ પરમાણુના ભેદ થઈ જતા નથી. આમ ભેદ વિનાનું નિત્યસામાન્યરૂપ દ્રવ્ય જ એ માને છે. આ દ્રવ્ય અનેકતાવગેરેરૂપ કલંકથી અકલંકિત હોવાથી શુદ્ધ છે. આમ, શુદ્ધદ્રવ્યને માનનારો હોવાથી સંગ્રહનય શુદ્ધ છે. [સૂ. ૯૭ની વૃત્તિ].* આ અધિકારમાં પણ, અનેકત્વ એ પર્યાયનયનો વિષય હોવાથી દ્રવ્યાર્થિક નયે એને માનવું એ કલંકરૂપે અને અશુદ્ધિરૂપે કહેલ છે જ. તેથી, પ્રતિપક્ષનયદૃષ્ટિના અમિશ્રણ-મિશ્રણની અપેક્ષાએ આ શુદ્ધાશુદ્ધત્વ છે એ સ્પષ્ટ છે.

વળી, વ્યવહારનય વિશેષગ્રાહી છે. તેથી સામાન્યગ્રાહિણી નયદૃષ્ટિ એ એના માટે પ્રતિપક્ષનયદૃષ્ટિ છે. એટલે વ્યવહારનય જેમ જેમ વિશેષોની અર્પણા કરે અને સામાન્યની અનર્પણા કરે તેમ તેમ એ શુદ્ધ બને છે.

હવે આપણે એ વિચારવું છે કે ઘટ-શરાવ વગેરેનો માટી તરીકે બોધ કરનાર વ્યવહારનય અને ઘટ-શરાવ વગેરે તરીકે બોધ કરનાર વ્યવહારનય... વ્યવહારનયના આ બે ભેદમાં કોણ શુદ્ધ છે ? અને કોણ અશુદ્ધ છે ? તો બન્ને શુદ્ધ પણ છે ને બન્ને અશુદ્ધ પણ છે એમ નિશ્ચિત થાય છે. અહીં રહસ્ય આવું છે-માટીની અપેક્ષાએ ઘટ-શરાવ વગેરે 'વિશેષ' છે અને માટી 'સામાન્ય' છે. એટલે વ્યવહારનયને જ્યારે દ્રવ્યાર્થિક તરીકે ગણવામાં આવે ત્યારે, માટીસ્વરૂપ સામાન્યનો અર્પક અને ઘટ-શરાવાદિરૂપ વિશેષનો અનર્પક એવો 'આ માટી છે' એવો વ્યવહારનયાભિપ્રાય, માટીસ્વરૂપ-સામાન્યનો

सामान्यम् । ततश्च व्यवहारनयो यदा द्रव्यार्थिकत्वेन विचार्यते, तदा 'इयं मृद्' इत्येवं मृल्लक्षणसामान्यार्पकस्य घटादिलक्षणविशेषानर्पकस्य व्यवहाराभिप्रायस्य 'अयं घटः' इत्येवं मृल्लक्षणसामान्यानर्पकाद् घटादिलक्षणविशेषार्पकाद् व्यवहाराभिप्रायात् शुद्धत्वं, 'अयं घटः' इत्यभिप्रायस्य न तदन्यापेक्षयाऽशुद्धत्वं, द्रव्यस्य सामान्यलक्षणतया यथा यथा सामान्यमर्प्यते, विशेषाश्चानर्प्यन्ते तथा तथा द्रव्यार्थिकस्य शुद्धत्वनियमात् । **न च** 'इयं मृद्' इत्येवं सामान्यार्पकस्याभिप्रायस्य सङ्ग्रहनयत्वमेव, न व्यवहारनयत्वं, सामान्यग्राहित्वादित्या**शङ्कनीयं,** सति मृद्द्रव्यसाध्ये प्रयोजने घट-दण्डादिद्रव्यसमूहाद् घटं गृह्णतः 'इयं मृद्' इत्यभिप्रायस्य व्यवहारनयत्वनियमाद्, दण्डादेर्व्यवच्छेदकतया प्रवृत्तत्वात् ।

परन्तु व्यवहारनयो यदा विशेषग्राहितया विचार्यते, तदा 'इयं मृद्' इत्यस्यापेक्षया 'अयं घटः' इत्यस्यैव शुद्धत्वं, मृदपेक्षया घटस्य विशेषरूपत्वात् । अत एव प्रस्थकदृष्टान्ते वनगमनप्रयोजनीभूतदार्वादिकं प्रस्थकत्वेन गृह्णदभिप्रायापेक्षयाऽऽकुट्टितनामानं प्रस्थकत्वेन गृह्णदभिप्रायस्यैव शुद्धत्वं कथितम् ।

---

અનર્પક અને ઘટવગેરે વિશેષનો અર્પક એવો 'આ ઘડો છે' વગેરે રૂપ જે વ્યવહારનયાભિપ્રાય, તેના કરતાં શુદ્ધ છે, અને 'આ ઘડો છે' એવો વ્યવહારનયાભિપ્રાય 'આ માટી છે' એવા અભિપ્રાય કરતાં અશુદ્ધ છે, કારણ કે દ્રવ્ય સામાન્યાત્મક હોવાથી જેમ જેમ સામાન્યની અર્પણા થાય-વિશેષની અનર્પણા થાય એમ એમ દ્રવ્યાર્થિકનય શુદ્ધ બને છે.

**શંકા** - 'આ માટી છે' એમ સામાન્યને પ્રધાન કરનાર અભિપ્રાય તો સંગ્રહનય જ છે, વ્યવહારનય નહીં, કારણ કે સામાન્યગ્રાહી છે.

**સમાધાન**-- જ્યારે માટીદ્રવ્યથી સાધ્ય પ્રયોજન હોય ત્યારે ઘટ-દંડ વગેરે દ્રવ્યોના ઢગલામાંથી ઘટને વિષય બનાવતો 'આ માટી છે' એવો અભિપ્રાય એ વ્યવહારનય છે, કારણ કે દંડાદિની બાદબાકી કરવારૂપે પ્રવર્ત્યો છે. (નહીં કે ઘટ-શરાવાદિનો સંગ્રહ કરવારૂપે.)

પણ વ્યવહારનયને જ્યારે વિશેષગ્રાહી તરીકે વિચારવામાં આવે છે, ત્યારે 'આ માટી છે' એવા બોધ કરતાં 'આ ઘડો છે' એવો બોધ જ શુદ્ધ છે, કારણ કે માટીની અપેક્ષાએ ઘડો વિશેષરૂપ છે. એટલે જ પ્રસ્થકદૃષ્ટાન્તમાં વનગમનપ્રયોજનીભૂત કાષ્ઠાદિને પ્રસ્થક તરીકે જોનાર અભિપ્રાયની અપેક્ષાએ આકુટ્ટિતનામવાળા પ્રસ્થકને 'પ્રસ્થક' તરીકે જોનાર વ્યવહારનયાભિપ્રાયને શુદ્ધ કહેલો છે.

नैगमनयेऽपि तमेव प्रस्थकत्वेन गृह्णदभिप्रायस्य शुद्धत्वमनुयोगद्वारसूत्रे कथितम् । **अनेकान्तव्यवस्थाप्रकरणे** च *'नैकैः=प्रभूतैःमानैः=महासामान्य-अवान्तरसामान्य-विशेषज्ञान-लक्षणैः मिनोति मिमीते वा निरुक्तविधिना वर्णविपर्ययान्नैगमः'* इति व्युत्पत्तिमुक्त्वा *'अयं च महासामान्यादिषु त्रिषु क्रमेण सर्वाविशुद्धो विशुद्धाविशुद्धो विशुद्धश्च ज्ञातव्यः'* इत्येवं शुद्ध्यशुद्धी कथिते । ततश्च नैगमो यथा यथा विशेषपरस्तथा तथा विशुद्ध इत्यभिप्रायः पर्यवस्यति ।

तथा व्यवहारनयवन्नैगमनयस्यापि द्रव्यार्थिकनयतया यथा यथा ध्रौव्यपरत्वं, तथा तथा विशुद्धिः, यथा यथा चोत्पाद-व्ययपरत्वं तथा तथाऽशुद्धिः । ततश्च प्रस्थकदृष्टान्ते वनगमनप्रयोजनीभूतं काष्ठं प्रस्थकं मन्यमानस्य नैगमाभिप्रायस्य छिद्यमानाद्यवस्थं तं प्रस्थकं मन्यमाननैगमाभिप्रायापेक्षया विशुद्धिरेव कथनीया स्याद्, न त्वशुद्धिरिति । अत एव **नमस्कारनिर्युक्तौ** नमस्कारमनुत्पन्नं मन्यमानो नैगमः सर्वसंग्राहितयाऽऽद्यनैगमत्वेनोक्तः, ध्रौव्यमात्रग्राहित्वात् तस्य विशुद्धतमत्वं तु स्पष्टमेव ।

---

નૈગમનયમાં પણ તેનો જ પ્રસ્થક તરીકે ગ્રહણ કરનાર અભિપ્રાયને 'શુદ્ધ' તરીકે શ્રી **અનુયોગદ્વાર**માં કહેલ છે અને **અનેકાન્તવ્યવસ્થાપ્રકરણ**માં આ પ્રમાણે કહેલ છે - *મહાસામાન્ય-અવાન્તરસામાન્ય અને વિશેષના જ્ઞાનરૂપ 'અનેક પ્રમાણોથી વસ્તુને જુએ તે નૈગમનય (શબ્દમાં નૈક+મા શબ્દ છે. વ્યુત્પત્તિવિધિથી 'ક' વર્ણનો 'ગ' વર્ણ થઈ ગયો તેથી 'નૈગમ' શબ્દ બન્યો.) આમાંથી મહાસામાન્યને ગ્રહણ કરનારો નૈગમ સર્વઅવિશુદ્ધ છે, અવાંતરસામાન્યને ગ્રહણ કરનારો શુદ્ધાશુદ્ધ છે અને વિશષને ગ્રહણ કરનારો વિશુદ્ધ છે.* એટલે નૈગમ જેમ-જેમ વિશેષગ્રાહી હોય તેમ તેમ વિશુદ્ધ હોય છે એવો અભિપ્રાય પર્યવસિત થાય છે.

વળી, વ્યવહારનયની જેમ નૈગમનય પણ દ્રવ્યાર્થિક તો છે જ. તેથી, એ જેમ જેમ ધ્રૌવ્યગ્રાહી હોય એમ એમ વિશુદ્ધ છે અને જેમ-જેમ ઉત્પાદ-વ્યયગ્રાહી હોય છે એમ એમ અવિશુદ્ધ છે. એટલે પ્રસ્થક દૃષ્ટાન્તમાં વનગમનપ્રયોજનીભૂત કાષ્ઠને પ્રસ્થક તરીકે જોનાર નૈગમપ્રકારને છિદ્યમાનાદિ અવસ્થામાં રહેલ કાષ્ઠને પ્રસ્થક તરીકે જોનાર નૈગમપ્રકારની અપેક્ષાએ શુદ્ધ જ કહેવાનો રહે છે, નહીં કે અશુદ્ધ. એટલે જ નમસ્કારનિર્યુક્તિમાં નમસ્કારને અનુત્પન્ન માનનાર નૈગમપ્રકારને સર્વસંગ્રાહી હોવાના કારણે આદ્યનૈગમ તરીકે કહેલ છે અને એ માત્ર ધ્રુવતાનું જ ગ્રહણ કરે છે, તેથી વિશુદ્ધતમ તો છે જ.

**नयरहस्ये** निक्षेपविचारणायां-*'अविशुद्धानां नैगमभेदानां नामाद्यभ्युपगमप्रवणत्वेऽपि विशुद्धनैगमभेदस्य द्रव्यविशेषणतया पर्यायाभ्युपगमान्न तत्र भावनिक्षेपानुपपत्तिः'* इति यदुक्तं तत्र नामादिनिक्षेपत्रयाभ्युपगन्तृत्वमशुद्धिः, भावनिक्षेपाभ्युपगन्तृत्वं च विशुद्धिरिति विवक्षा निश्चीयते । अत एव तत्र *'शब्दादीनां पर्यायार्थिकनयानां तु नैगमवदविशुद्ध्यभावान्न नामाद्यभ्युपगन्तृत्व'* मित्यप्युक्तम् ।

तथा **नयोपदेशे** नयानां शुद्ध्यशुद्धी न बह्वल्पविषयभावेन, किन्तु तर्कसहासहत्वभावेन कथिता । **अध्यात्ममतपरीक्षायां** तु (श्लोक-६७ वृत्तौ) - *स्यादेतत्-ऋजुसूत्रशब्दनयाश्च शुद्धा इतरे त्वशुद्धा इति नियमः कथं मुख्यामुख्यार्थकत्वं विना ? इति, मैवं, व्यापकाव्यापक-विषयत्वादिनैव शुद्धाशुद्धभेदव्यवस्थानाद्, अन्यथाऽतिप्रसङ्गादिति ॥* इत्येवं व्यापकाव्यापक-विषयभावेनैव ते कथिते इति ।

तथा दिगंबराचार्यश्री**देवसेन**कृताया**मालापपद्धतौ** - *'शुद्धसद्भूतव्यवहारो यथा शुद्ध-गुणशुद्धगुणिनोः शुद्धपर्यायशुद्धपर्यायिणोर्भेदकथनम् । अशुद्धसद्भूतव्यवहारो यथाऽशुद्धगुणाशुद्ध-*

---

**નયરહસ્યગ્રન્થ**માં નિક્ષેપની વિચારણા દરમ્યાન *"નૈગમનયના અવિશુદ્ધ પ્રકારો નામાદિ નિક્ષેપાઓને સ્વીકારતા હોવા છતાં વિશુદ્ધપ્રકાર તો દ્રવ્યના વિશેષણ તરીકે પર્યાયને જોનારો હોવાથી ભાવનિક્ષેપસ્વીકાર અસંગત નથી"* આવું જે કહ્યું છે તેના પરથી નામાદિ ત્રણ નિક્ષેપાઓ માનવા એ અશુદ્ધિ છે અને ભાવનિક્ષેપ માનવો એ શુદ્ધિ છે એવી વિવક્ષા નિશ્ચિત થાય છે. એટલે જ એ અધિકારમાં *'શબ્દાદિ પર્યાયાર્થિક નયો નૈગમની જેમ અવિશુદ્ધ હોવા સંભવતા ન હોવાના કારણે નામાદિનિક્ષેપાઓને સ્વીકારતા નથી'* એમ કહ્યું છે.

તથા, **નયોપદેશ**ગ્રન્થમાં નયોમાં શુદ્ધિ-અશુદ્ધિ વિષયની બહુતા કે અલ્પતાના આધારે નહીં, પણ તર્કસહત્વ-અસહત્વના આધારે કહેલ છે એ આપણે જોઈ ગયા છીએ. જ્યારે **અધ્યાત્મમતપરીક્ષામાં** (૬૭મા શ્લોકની વૃત્તિમાં) વ્યાપક-અવ્યાપક વિષયના આધારે જ તે કહેલ છે. તે આ રીતે - ***શંકા*** - *'ઋજુસૂત્ર અને શબ્દનયો શુદ્ધ છે અને અન્ય નયો અશુદ્ધ છે' આ નિયમ મુખ્ય-અમુખ્ય (= ઉપચરિત) અર્થ વિના શી રીતે ઘટશે ?* **સમાધાન** - *આવી શંકા ન કરવી, કારણ કે વ્યાપક-અવ્યાપક વિષયના આધારે જ શુદ્ધ-અશુદ્ધનયની વ્યવસ્થા સંભવે છે, નહીંતર અતિપ્રસંગ થશે.*

તથા, દિગંબરાચાર્ય **શ્રી દેવસેને** રચેલા **આલાપપદ્ધતિગ્રન્થ**માં આ પ્રમાણે કહ્યું છે - *શુદ્ધગુણ-શુદ્ધગુણી વચ્ચે ભેદકથન કરવું... એમ શુદ્ધ પર્યાય-શુદ્ધપર્યાયવાન્ વચ્ચે*

*गुणिनोरशुद्धपर्यायाशुद्धपर्यायिणोर्भेदकथनम् ।'* इत्युक्तम् । अत्र 'आत्मनः केवलज्ञानं' इति शुद्धसद्भूतव्यवहारस्य 'आत्मनो मतिज्ञानं' इति चाशुद्धसद्भूतव्यवहारस्योदाहरणं ज्ञेयम् । विषयभूतगुणशुद्ध्यशुद्ध्यपेक्षे च शुद्ध्यशुद्धी ज्ञेये ।

तथा तत्कृते **नयचक्रे** 'जीवः केवलज्ञानादिरूपः' इत्यस्य निरुपाधिकशुद्धविषयत्वेन शुद्धनिश्चयत्वं 'जीवो मतिज्ञानादिरूपः' इत्यस्य च सोपाधिकाशुद्धगुणविषयत्वेनाशुद्धनिश्चयत्वं कथितमिति ध्येयम् । तदेवं नयशुद्धाशुद्धत्वविचारणायां विविधा विविक्षाः शास्त्रेषु प्राप्यन्त इति ॥१३॥ अथ नैगमादिनयानामेवं क्रमेणोपन्यासे हेतोश्चिन्तनार्थमाह –

**द्रव्यस्य हि प्रधानत्वं पर्यायाणां तु गौणता ।**
**इति द्रव्यार्थिका न्यस्ताः पूर्वं पश्चात्ततोऽपरे ॥१४॥**

हिरेवकारार्थे। ततश्चैवमर्थः प्राप्यते–यस्माद् द्रव्यस्यैव प्रधानत्वं, पर्यायाणां तु गौणतेति (हेतोः) द्रव्यार्थिका नयाः पूर्वं न्यस्ताः, पश्चात्ततोऽपरे=पर्यायार्थिकाः । तुर्विशेषणार्थः,

---

*ભેદકથન કરવું એ શુદ્ધસદ્ભૂતવ્યવહારનય છે અને અશુદ્ધગુણ-અશુદ્ધગુણી વચ્ચે તથા અશુદ્ધપર્યાય-અશુદ્ધપર્યાયવાન્ વચ્ચે ભેદકથન કરવું એ અશુદ્ધ સદ્ભૂતવ્યવહારનય છે. આમાં 'આત્માનું કેવલજ્ઞાન' એ શુદ્ધસદ્ભૂતવ્યવહારનું તથા 'આત્માનું મતિજ્ઞાન' એ અશુદ્ધ સદ્ભૂતવ્યવહારનું ઉદાહરણ જાણવું.* એટલે વિષયભૂત ગુણની શુદ્ધિ-અશુદ્ધિના આધારે નયની શુદ્ધિ-અશુદ્ધિ જાણવાની રહી.

તથા એ જ આચાર્યે રચેલા **નયચક્રગ્રન્થ**માં - *'જીવ કેવલજ્ઞાનાદિરૂપ છે' આવો બોધ એ શુદ્ધનિશ્ચયનય છે કારણ કે નિરુપાધિકશુદ્ધવિષયવાળો છે, અને 'જીવ મતિજ્ઞાનાદિરૂપ છે' એવો બોધ એ અશુદ્ધનિશ્ચયનય છે, કારણ. કે સોપાધિકઅશુદ્ધ ગુણવાળો છે.* એમ કહ્યું છે એ જાણવું.

આમ નયોમાં શુદ્ધિ-અશુદ્ધિની વિચારણામાં અનેક જુદી-જુદી વિવક્ષાઓ શાસ્ત્રોમાં જોવા મળે છે, એ જાણવું. ॥૧૩॥ હવે નૈગમાદિનયોને આ (= નૈગમ, સંગ્રહ... વગેરે રૂપ) ક્રમમાં શા માટે કહ્યા છે ? એનું કારણ વિચારવા માટે કહે છે -

**ગાથાર્થ** - દ્રવ્ય જ પ્રધાન છે, પર્યાયો તો ગૌણ છે. તેથી દ્રવ્યાર્થિકનયો પહેલાં કહ્યાં છે અને પર્યાયાર્થિકનયો પછી કહ્યાં છે.

ગાથામાં 'હિ' જકાર અર્થમાં છે. અન્વયાર્થ સુગમ છે. તુ એક વિશેષતાને જણાવે છે. તે આ કે પર્યાયો ગૌણ જે છે તે, તેઓ આધેય છે... વગેરે રૂપે જ, નહીં કે વસ્તુના અંશરૂપે. આ સંક્ષેપાર્થ છે. વિસ્તરાર્થ આવો જાણવો -

पर्यायाणां वक्ष्यमाणाधेयत्वादिनैव गौणत्वं, न तु वस्त्वंशतयेति विशेषयतीति समासार्थः । विस्तरार्थस्त्वयं -

सतोऽर्थस्य द्रव्यपर्यायमयत्वं प्रसिद्धम् । तत्रापि द्रव्यस्य पर्यायाधारतया, पर्यायोपादान-कारणतया, त्रैकालिकतयैकतया च प्राधान्यं, पर्यायाणां तु द्रव्याधेयतया, द्रव्यकार्यतया, अनित्यतयाऽनेकतया च न तथात्वम् । अत एव द्रव्यस्य पर्यायापेक्षयाऽभ्यर्हिततया द्रव्य-गुण-पर्याया इत्यत्रेतरेतरद्वन्द्वसमासे द्रव्यपदस्य पूर्वनिपातः । अत एव च द्रव्य-गुण-पर्यायप्रतिपादनप्रधानस्यानुयोगस्य द्रव्यानुयोग इति संज्ञा शास्त्रेषु प्रसिद्धा, न तु गुणानुयोग इति पर्यायानुयोग इति वा ।

**ननु** *'उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्'* (तत्त्वार्थसूत्र-५-२९) इत्यत्र सतोऽर्थस्य द्रव्यांशं ध्रौव्यशब्दः प्रतिपादयति, पर्यायांशं चोत्पाद-व्ययशब्दौ प्रतिपादयतः । तदुक्तमु**त्तराध्ययन-निर्युक्ति-( ३० )बृहद्वृत्तौ** वादिवेतालैः **श्रीशान्त्याचार्यैः** *उत्पत्तिविगमावत्र मतं पर्यायवादिनः । द्रव्यार्थिकस्य तु ध्रौव्यं, मातृकाख्यपदत्रये ॥६॥* इति, ततश्च भवदुक्तरीत्या यदि द्रव्यस्यैव पर्यायापेक्षया प्राधान्यं, तर्हि उत्पाद-व्यय-ध्रौव्येष्वपि ध्रौव्यस्यैव प्राधान्येनाभ्यर्हिततया सूत्रकारैः

---

કોઈપણ સદ્‌વસ્તુ દ્રવ્ય-પર્યાયમય હોય છે એ વાત શ્રી જૈનશાસનમાં પ્રસિદ્ધ છે. એટલે કે વસ્તુના બે અંશ છે - દ્રવ્ય અને પર્યાય... આમાં પણ દ્રવ્ય એ પ્રધાન છે, કારણ કે એ પર્યાયોનો આધાર છે, પર્યાયોનું ઉપાદાનકારણ છે, ત્રૈકાલિક છે અને એક છે. પર્યાયો તો ગૌણ છે, કારણ કે દ્રવ્યમાં આધેય છે, દ્રવ્યના કાર્ય છે, અનિત્ય છે અને અનેક છે. એટલે દ્રવ્ય પર્યાયની અપેક્ષાએ અભ્યર્હિત હોવાથી द्रव्य-गुण-पर्यायाः આવા ઇતરેતરદ્વન્દ્વસમાસમાં દ્રવ્યપદનો પૂર્વનિપાત છે. વળી એટલે જ, દ્રવ્ય-ગુણ-પર્યાયનું જેમાં પ્રધાનતયા પ્રતિપાદન છે એ અનુયોગની 'દ્રવ્યાનુયોગ' એવી સંજ્ઞા શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે, નહીં કે ગુણાનુયોગ અથવા પર્યાયાનુયોગ એવી...

**શંકા** - उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत् આ સૂત્રમાં વસ્તુના દ્રવ્યાંશને ધ્રૌવ્ય શબ્દ જણાવે છે અને પર્યાયાંશને उत्पाद-व्यय શબ્દો જણાવે છે. **उत्तराध्ययननिर्युक्ति**(૩૦) ની બૃહદ્‌વૃત્તિમાં વાદીવેતાલ**શ્રીશાન્તિસૂરિમહારાજે** કહ્યું છે કે - *અહીં માતૃકાખ્ય ત્રિપદીમાં પર્યાયવાદીઓને ઉત્પત્તિ અને વિગમ માન્ય છે. દ્રવ્યાર્થિકને ધ્રૌવ્ય માન્ય છે. ॥૬॥* એટલે તમારા કથન મુજબ જો દ્રવ્ય જ પર્યાયની અપેક્ષાએ પ્રધાન હોય તો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં પણ ધ્રૌવ્ય જ પ્રધાન બનવાથી અભ્યર્હિત હોવાના કારણે સૂત્રકારે ध्रौव्योत्पादव्ययुक्तं सत् એવું જ સૂત્ર કેમ ન બનાવ્યું ?

'ध्रौव्योत्पाद-व्यययुक्तं सत्' इत्येवं किं न सूत्रितमिति चेत्? सत्यं, तथापि उत्पाद-व्यय-ध्रौव्येषु उत्पादस्य प्रथमत्वादितरेतरद्वन्द्वे प्रथमोपन्यासः । ननूत्पादस्य प्रथमत्वमित्यस्य कोऽर्थः? अयमर्थः-पूर्वमुत्पाद एव भवति । तदनन्तरमेव तत्र ध्रौव्यचिन्ता शोभते । यस्त्वनुत्पन्नस्तत्र का ध्रौव्याध्रौव्यचिन्ता ? न हि खपुष्पं ध्रुवमध्रुवं वेति चिन्त्यमानं क्वचिदपि कदाचिदपि शोभते । **न च** सत्येव द्रव्ये पर्यायाणामुत्पत्तिः सम्भवति, न हि मृद्द्रव्येऽसति घटाद्युत्पद्यन्ते । किञ्चाधारतयाऽपि द्रव्यस्यैव प्राथम्यं, अन्यैरभ्युपगता 'इह तन्तुषु पटः' इति बुद्धिरप्येतदेव सूचयति । ततश्च पूर्वं द्रव्यलक्षणं ध्रौव्यमेव भवति, तदनन्तरमेव पर्यायाणामुत्पाद इति क्रमानुसरणेऽपि ध्रौव्यपदस्यैव पूर्वनिपात इतरेतरद्वन्द्वे समुचित इति **वाच्यं,** अनादिनिधनस्य द्रव्यस्यार्वाग्दृशामस्माकमव्यवहार्यत्वात्। अयम्भावः-जलं यदा वयं पश्यामस्तदाऽऽधारानुसारि-त्रिकोण-चतुष्कोणाद्याकारवदेव तद् दृश्यते, तत्तदाकारवच्च तदुत्पादविनाशशाल्येव, न तु ध्रुवं, आकारस्य ध्रुवत्वाभावात् । तत्तदाकारवत्त्वेन परिणमद् जलद्रव्यं स्वरूपतः कीदृग्

---

**સમાધાન** - તમારી વાત સાચી છે. છતાં, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય... આ ત્રણમાં ઉત્પાદનો ક્રમ પ્રથમ હોવાથી એનો પ્રથમ ઉલ્લેખ છે. 'ઉત્પાદ પ્રથમ છે' એનો શું મતલબ ? એનો એ મતલબ છે કે પહેલાં ઉત્પાદ જ થાય છે. વસ્તુનો ઉત્પાદ થયા બાદ જ એમાં ધ્રૌવ્યનો વિચાર કરવો એ શોભે છે. જે અનુત્પન્ન જ છે તેના અંગે 'એ ધ્રુવ છે કે અધ્રુવ ?' એવો શું વિચાર હોય ? આકાશકુસુમ ધ્રુવ હોય કે અધ્રુવ ? એ વિચાર ક્યારેય પણ ક્યાંય પણ શોભતો નથી જ.

**શંકા** - દ્રવ્ય હોય તો જ પર્યાયોની ઉત્પત્તિ સંભવે છે. માટી જ ન હોય તો શું ઘટ વગેરે ઉત્પન્ન થાય ? વળી આધારરૂપે પણ દ્રવ્ય જ પ્રથમ હોવું સંભવે છે. અન્ય દર્શનકારોએ इह तन्तुषु पटः એવી માનેલી બુદ્ધિ પણ આવું જ સૂચન કરે છે. એટલે પ્રથમ દ્રવ્યના લક્ષણભૂત ધ્રૌવ્ય જ છે, એ પછી જ પર્યાયોનો ઉત્પાદ છે. માટે ક્રમને અનુસરીએ તો પણ ધ્રૌવ્યપદનો જ પૂર્વનિપાત ઇતરેતરદ્વન્દ્વસમાસમાં ઉચિત છે.

**સમાધાન** - આવી શંકા ન કરવી, કારણ કે અનાદિનિધન દ્રવ્ય છદ્મસ્થ એવા આપણા વ્યવહારનો વિષય નથી. આશય એ છે કે - પાણીને આપણે જ્યારે જોઈએ છીએ ત્યારે એ પોતાના આધારને અનુરૂપ ત્રિકોણ-ચતુષ્કોણ વગેરે આકારવાળું જ દેખાય છે. તેવા તેવા આકારવાળું એ તો ઉત્પાદ-વિનાશશાળી જ હોય છે, નહીં કે ધ્રુવ, કારણ કે આકાર ધ્રુવ હોતો નથી. તે તે આકારને ધારણ કરતું જળ દ્રવ્ય સ્વરૂપે કેવું હશે

भवितुमर्हति? इति क्रियमाणायां कल्पनायां किञ्चिदाकारवदेव तदवतरति, केनचिदप्याकारेणा-परिणतं ततश्चाकारशून्यं जलद्रव्यमस्मदीयकल्पनाया अविषय एव । एवमेव जीवादिद्रव्यमपि मनुष्यादिरूपं कञ्चित्पर्यायं पुरस्कृत्यैवास्मद्गोचरीभवति । तत्तत्पर्यायरूपेण परिणमद् मूलभूतं जीवद्रव्यं कीदृग्भवितुमर्हति ? इति तु न कदाचिदप्यस्मदीयकल्पनायामवतरति । क्रियमाणायां तत्कल्पनायां यत्समवतरति तत्कश्चित् पर्याय एव । तथैव च पुद्गलद्रव्येऽपि पिण्ड-स्थासादयः परमाणु-द्व्यणुकादयो वा पर्याया एवास्मद्ज्ञानगोचरीभवन्ति, न कदाचिदपि पर्यायविमुक्तं पुद्गलद्रव्यस्वरूपम्। अत एव गूर्जरभाषानिबद्धस्य **'द्रव्य-गुण-पर्यायनो रास'** आख्यस्य ग्रन्थस्य द्वितीयस्या ढालिकायाः प्रथमगाथायाः स्तबके *"कोइ कहस्यइं जे - 'इम द्रव्यत्व स्वाभाविक न थयुं. आपेक्षिक थयुं' तो कहिइं जे 'सबल वस्तुनो अपेक्षाइं ज व्यवहार होंई, इहां दोष नथी'* इत्युक्तम् । अयम्भावः-तत्र द्रव्यनिरूपणे श्रीमद्भि-**र्यशोविजयवाचकैः** पुद्गलद्रव्यापेक्षया पर्यायरूपेऽपि पुद्गलस्कंधे घटाद्यपेक्षया द्रव्यत्वमुक्तम् । एवं संसारिजीवलक्षणद्रव्यापेक्षया पर्यायरूपेऽपि मनुष्ये बालाद्यवस्थापेक्षया द्रव्यत्वमुक्तम् ।

---

? એ વિચાર જ્યારે કરવામાં આવે છે ત્યારે આપણી કલ્પનામાં કંઈક ને કંઈક આકારવાળું જ જળદ્રવ્ય અવતરે છે... કોઈપણ આકારને ધારણ ન કરેલ હોય... એટલે કે આકારશૂન્ય એવું જળદ્રવ્ય આપણી કલ્પનાનો અવિષય જ બની રહે છે. એ જ રીતે જીવાદિદ્રવ્ય પણ મનુષ્યાદિરૂપ કોઈક ને કોઈક પર્યાયને આગળ કરીને જ આપણો વિષય બને છે. તે તે પર્યાયરૂપે પરિણમતું મૂળભૂત જીવદ્રવ્ય કેવું હોય ? એ આપણી કલ્પનામાં ક્યારેય અવતરતું નથી. જ્યારે આ કલ્પના કરવામાં આવે ત્યારે એમાં જે અવતરે છે તે કોઈક પર્યાય જ હોય છે. એ જ રીતે પુદ્ગલદ્રવ્ય અંગે પણ પિંડ-સ્થાસ વગેરે પર્યાયો કે પરમાણુ-દ્વ્યણુક વગેરે પર્યાયો જ આપણા જ્ઞાનનો વિષય બને છે, નહીં કે ક્યારેય પણ પર્યાયવિમુખ કેવળ પુદ્ગલદ્રવ્યનું સ્વરૂપ. એટલે જ ગુજરાતી ગ્રન્થ **'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ'** ની બીજી ઢાળની પ્રથમ ગાથાના ટબામાં મહોપાધ્યાયજીએ આ પ્રમાણે કહ્યું છે - *"કોઈ પ્રશ્ન ઊઠાવશે કે - આ રીતે તો દ્રવ્યત્વ સ્વાભાવિક ન થયું, આપેક્ષિક થયું... તો જવાબ આપવો કે શબલવસ્તુનો અપેક્ષાએ જ વ્યવહાર થાય છે, એમાં દોષ નથી."*

આ અધિકારમાં આવો અભિપ્રાય છે - એ ગ્રન્થમાં ત્યાં દ્રવ્યનું નિરૂપણ ચાલી રહ્યું છે. એમાં ગ્રન્થકારે પુદ્ગલદ્રવ્યની અપેક્ષાએ જે પર્યાયરૂપ છે એવા પણ પુદ્ગલસ્કંધને ઘટાદિની અપેક્ષાએ દ્રવ્યરૂપે કહ્યું છે એમ, સંસારી જીવરૂપ દ્રવ્યની અપેક્ષાએ જે

एतद् द्रव्यत्वमापेक्षिकमुक्तमिति कश्चित्पृच्छति-**नन्वेवं** द्रव्यत्वमापेक्षिकमेव प्राप्तं, न तु स्वाभाविकमिति **चेत्** ? प्रत्यवस्थाने च श्रीमद्भिः 'शबलस्य वस्तुनोऽपेक्षयैव व्यवहारो भवति, न तत्र कश्चिद्दोषः' इत्येवं द्रव्यत्वस्यापेक्षिकत्वं स्वीकृतमेव । स्वीयाः पूर्वोत्तरकाल-भाविनीर्नूतनत्व-पुराणत्वादीर्विविधा अवस्था अपेक्ष्य द्रव्यत्वेनादिष्टा अपि ये घटादयः स्वोपादानकारणीभूतमृदादिद्रव्याणामवस्थाविशेषरूपतया पर्यायरूपा अपि ते 'आदिष्टद्रव्याणि' उच्यन्ते, येषु द्रव्येषु किञ्चिदपेक्ष्य पर्यायत्वमपि वर्तते तान्यादिष्टानि द्रव्याणीत्यर्थः । एतेषामादिष्टद्रव्याणां घटादीनां मनुष्यादीनां च द्रव्यत्वं यतो नूतनत्वादीर्बालादीर्वाऽवस्था अपेक्ष्यैव, अत आपेक्षिकमेव भवति। परन्त्वनादिनिधनस्य पुद्गलद्रव्यस्य-जीवद्रव्यस्य च द्रव्यत्वं स्वाभाविकमेव भवति, न त्वापेक्षिकं, पर्यायत्वाभावात् केवलस्य द्रव्यत्वस्यैव सत्त्वात् । एतत्स्वाभाविकं द्रव्यत्वं पुरस्कृत्य श्रीमद्भिः प्रश्नकारेण द्रव्यत्वे आशङ्कितमापेक्षिकत्वं

---

પર્યાયરૂપ છે એવા પણ મનુષ્યને બાળ આદિ અવસ્થાની અપેક્ષાએ દ્રવ્ય તરીકે કહેલ છે. આમ આ બન્ને તે તે અવાન્તર અવસ્થાની અપેક્ષાએ જ 'દ્રવ્ય' રૂપ છે. એટલે કોઈક પ્રશ્ન પૂછે છે - આ રીતે તો દ્રવ્યત્વ આપેક્ષિક જ થયું, નહીં કે સ્વાભાવિક... આ પ્રશ્નના જવાબમાં ગ્રન્થકાર શ્રીમદ્ યશોવિજયજી મહારાજે *'શબલ વસ્તુનો અપેક્ષાએ જ વ્યવહાર થાય છે, એમાં કોઈ દોષ નથી...'* આવું કહેવા દ્વારા દ્રવ્યત્વ આપેક્ષિક હોવું સ્વીકારી લીધું છે. પોતાની પૂર્વોત્તરકાળભાવી નૂતનત્વ-પુરાણત્વાદિ વિવિધ અવસ્થાઓની અપેક્ષાએ द्रव्यत्वेन आदिष्ट જે ઘટાદિ = દ્રવ્ય તરીકે કહેવાયેલા જે ઘટાદિ, પોતાના ઉપાદાનકારણભૂત માટી વગેરે દ્રવ્યની ચોક્કસ અવસ્થારૂપ હોવાથી પર્યાયરૂપ પણ હોય છે તે આદિષ્ટદ્રવ્ય કહેવાય છે. 'જે દ્રવ્યો કશાકની અપેક્ષાએ પર્યાય પણ છે તે આદિષ્ટદ્રવ્ય' એવો અર્થ જાણવો. આ આદિષ્ટદ્રવ્યરૂપ ઘટાદિ કે મનુષ્યાદિ જે દ્રવ્યરૂપ છે તે નૂતનત્વાદિ કે બાળાદિ અવસ્થાની અપેક્ષાએ જ, એટલે એનું દ્રવ્યત્વ આપેક્ષિક જ હોય છે. પરંતુ અનાદિનિધન પુદ્ગલદ્રવ્ય કે જીવદ્રવ્યનું દ્રવ્યત્વ સ્વાભાવિક જ હોય છે, નહીં કે આપેક્ષિક, કારણ કે એ કશાની અપેક્ષાએ પર્યાયરૂપ ન હોવાથી માત્ર દ્રવ્યરૂપ જ હોય છે. એટલે પ્રશ્ન નિર્માણ થાય છે કે પ્રશ્નકારે દ્રવ્યમાં આપેક્ષિકત્વની જે શંકા કરી હતી એનું, આ સ્વાભાવિક (અનપેક્ષિક) દ્રવ્યને નજરમાં રાખીને નિરાકરણ કેમ ન કર્યું ? દ્રવ્યનું નિરૂપણ કરવાના અવસરે આ દ્રવ્યનો અંશમાત્ર પણ ઉલ્લેખ કેમ ન કર્યો ? આ પ્રશ્નનો ઉત્તર જ્યારે વિચારીએ ત્યારે, ગ્રન્થકારે આવું ન કર્યું એમાં

किं न निराकृतम् ? एतस्य द्रव्यत्वस्योल्लेखलेशोऽपि किमर्थं न कृतः ? इति विचार्यमाण एतस्यानादिनिधनस्य द्रव्यस्यास्मदीयज्ञानविषयत्वाभावोऽस्मदीयव्यवहारविषयत्वाभावश्चैव कारणतया ज्ञायते ।

किञ्च पिण्डादिकाः कपालपर्यन्ता विविधाः सर्वा अवस्थाः, तास्वनुस्यूतं मृद्द्रव्यं चास्मद्ज्ञानविषयो भवति । परन्तु पुद्गलद्रव्यस्य त्रिकालभाविनीः सर्वा अवस्था न कदाचिदपि छद्मस्थानां ज्ञानस्य विषयो भवितुमर्हन्ति। ततश्च तास्वनुस्यूतं द्रव्यमपि पुद्गलद्रव्यतया कथं निश्चीयेत?

इत्थञ्चानादिनिधनं पुद्गलादिद्रव्यमस्माकमसंवेद्यमिति स्थितम् । अत एव च मृदादि मनुष्यादि वाऽऽदिष्टद्रव्यमेवास्माकं व्यवहारे समवतरतीति च स्थितम् । तच्चोत्पद्यत एव, उत्पादानन्तरमेव च स्वीयासु विविधास्ववस्थासु ध्रौव्यमनुभवति । यद्वोत्पाद-व्यययोर्निर्णयः क्षणमात्रेण भवितुंमर्हति, ध्रौव्यस्य तु चिरेणेति । यद्वा *भयवं किं तत्तं ?* इति प्रश्ने भगवतोत्पादादिक्रमेणैवोत्तरं दत्तमिति । एतां वस्तुस्थितिमाश्रित्य सूत्रकारैः *'उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्'* इत्येवं उत्पादपदस्य पूर्वनिपातवत्सूत्रं सूत्रितमिति सम्भाव्यते । ततश्चास्मिन् सूत्रे क्रममनुसृत्योत्पादपदस्य पूर्वनिपातेऽपि द्रव्य-गुण-पर्यायेषु द्रव्यस्यैव प्राधान्यमिति स्थितम् ।

---

આ (પુદ્ગલ-જીવદ્રવ્યરૂપ) 'અનાદિનિધન દ્રવ્ય આપણા જ્ઞાનનો જે વિષય બનતા નથી અને આપણા વ્યવહારનો જે વિષય બનતા નથી એ જ કારણ તરીકે જણાય છે.

વળી પિંડથી લઈને કપાલ સુધીની બધી વિવિધ અવસ્થાઓ અને એમાં સંકળાયેલું માટી દ્રવ્ય... આ બન્ને આપણા જ્ઞાનનો વિષય બને છે. પરંતુ પુદ્ગલદ્રવ્યની ત્રણે કાળમાં સંભવિત બધી અવસ્થાઓ ક્યારેય પણ છદ્મસ્થના જ્ઞાનનો વિષય બની શકતી નથી. એટલે પછી એ બધામાં સંકળાયેલ દ્રવ્ય પુદ્ગલદ્રવ્યરૂપે શી રીતે નિશ્ચિત થાય ?

આમ, અનાદિનિધન પુદ્ગલાદિદ્રવ્ય આપણી સંવેદનાનો વિષય નથી એ વાત નિશ્ચિત થઈ. એટલે જ આપણા વ્યવહારમાં માટી વગેરે કે મનુષ્ય વગેરે આદિષ્ટ દ્રવ્ય જ આવે છે એ પણ નિશ્ચિત થયું. અને એ તો ઉત્પન્ન થાય જ છે. ઉત્પન્ન થયા પછી જ પોતાની વિવિધ અવસ્થાઓમાં ધ્રુવતાને અનુભવે છે. અથવા, ઉત્પાદ-વ્યયનો નિર્ણય ક્ષણમાત્રમાં થઈ શકે છે, ધ્રૌવ્યનો તો ચિરકાળે. અથવા, भयवं किं तत्तं ? એવા પ્રશ્નનો ભગવાને ઉત્પાદ વગેરે ક્રમે જ જવાબ આપ્યો છે. આવી બધી જે વાસ્તવિકતા છે એને નજરમાં રાખીને સૂત્રકારે 'उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्' એમ ઉત્પાદ પદના પૂર્વનિપાતવાળું સૂત્ર રચ્યું હોય એવું લાગે છે. એટલે આ સૂત્રમાં ક્રમને અનુસરીને ઉત્પાદપદનો પૂર્વનિપાત હોવા છતાં, દ્રવ્ય-ગુણ-પર્યાયમાં તો દ્રવ્ય જ પ્રધાન છે એ નિશ્ચિત થયું.

इत्थञ्च द्रव्य-पर्याययोर्द्रव्यस्य प्रधानतयाऽऽदौ द्रव्यार्थिका उपन्यस्ताः, तदनन्तरं च पर्यायार्थिकाः।

**अथ** द्रव्यार्थिकेष्वपि नैगम आदौ, तदनन्तरं सङ्ग्रहः, तदनन्तरं च व्यवहार इत्येवं क्रमे को हेतुरिति **चेत्** ? शृणु -

यथा नित्यानित्यात्मके वस्तुनि नित्यांशं द्रव्यार्थिका गृह्णन्ति, अनित्यांशं च पर्यायार्थिकाः, यथा वा द्रव्यपर्यायात्मके वस्तुनि द्रव्यांशं द्रव्यार्थिकाः, पर्यायांशं च पर्यायार्थिका गृह्णन्ति । तथा सामान्यविशेषात्मके वस्तुनि सामान्यांशं को गृह्णाति ? विशेषांशं च कः? इति विचारणीयम्। तत्र पर्यायार्थिका विशेषांशमेव गृह्णन्ति, गुण-पर्यायाणामनेकतया विशेषात्मकत्वाद् । द्रव्यार्थिकेष्वपि व्यवहारो विशेषमेव गृह्णाति, लोकव्यवहारस्य प्रायो विशेषपरत्वात् । अत्र च ये आदिष्टद्रव्यात्मका विशेषास्तान् व्यवहारो गृह्णाति, ये तु गुण-पर्यायात्मकास्तान् पर्यायार्थिकाः ।

सामान्यं द्विविधम् । तिर्यक्सामान्यं, ऊर्ध्वतासामान्यं च । तत्र तिर्यक्सामान्यं

---

આમ દ્રવ્ય અને પર્યાયમાં દ્રવ્ય પ્રધાન છે, માટે એને જોનાર દ્રવ્યાર્થિકનયો પ્રથમ કહ્યા છે, અને પછી પર્યાયાર્થિકનયો કહ્યા છે.

હવે, દ્રવ્યાર્થિકનયોમાં પણ પ્રથમ નૈગમનય, પછી સંગ્રહનય અને પછી વ્યવહારનય જે કહ્યો છે તેમાં શું હેતુ છે ? એ સાંભળો.

જેમ નિત્યાનિત્યાત્મક વસ્તુના નિત્યઅંશને દ્રવ્યાર્થિકનયો જુએ છે અને અનિત્ય અંશને પર્યાયાર્થિકનયો જુએ છે... અથવા જેમ દ્રવ્ય-પર્યાયાત્મક વસ્તુના દ્રવ્યાંશને દ્રવ્યાર્થિકનયો અને પર્યાયાશંને પર્યાયાર્થિકનયો જુએ છે, એમ સામાન્ય-વિશેષાત્મક વસ્તુના સામાન્ય અંશને કોણ જુએ છે ? અને વિશેષાંશને કોણ જુએ છે ? એ વિચારવું જોઈએ. (કારણ કે દ્રવ્ય-પર્યાયની જેમ સામાન્ય-વિશેષ પણ વસ્તુના અંશરૂપ છે જ.) એમાં પર્યાયાર્થિકનયો વિશેષાંશને જ જુએ છે, કારણ કે ગુણ-પર્યાય અનેક હોવાથી વિશેષાત્મક જ છે. દ્રવ્યાર્થિકનયોમાં પણ વ્યવહારનય વિશેષને જ જુએ છે, કારણ કે લોકવ્યવહાર લગભગ વિશેષપરક હોય છે, આમાં જે આદિષ્ટદ્રવ્યાત્મક વિશેષો છે એને વ્યવહારનય જુએ છે, અને જે ગુણ-પર્યાયાત્મક વિશેષો છે તેને પર્યાયાર્થિકનયો જુએ છે.

સામાન્ય દ્વિવિધ છે. તિર્યક્સામાન્ય અને ઊર્ધ્વતાસામાન્ય. એમાં તિર્યક્સામાન્ય એ સંગ્રહનયનો વિષય છે. ઊર્ધ્વતાસામાન્ય કોનો વિષય છે ? એ નૈગમનયનો વિષય છે- એવી મારી ધારણા છે.

सङ्ग्रहस्य विषयः। ऊर्ध्वतासामान्यं कस्य विषयः ? नैगमनयस्येति मे मतिः। ननु 'द्रव्याद् मिथश्च सर्वथा भिन्नाः सामान्यं विशेषाश्च नैगमस्य विषयः' इति **श्रीविशेषावश्यकभाष्यादिषु** ग्रन्थेषु प्रसिद्धम् । अत्र सामान्यमपि तिर्यक्सामान्यं, न तूर्ध्वतासामान्यं, नैगमतुल्यमतस्य षडूलुकस्य सत्ता-द्रव्यत्वाद्याख्यतिर्यक्सामान्यस्यैव संमतत्वात्, सामान्यग्राहिणो नैगमनयस्य तिर्यक्सामान्यग्राहिणि सङ्ग्रहेऽन्तर्भावस्यास्माकं नैकेषु शास्त्रेषु कथितत्वाच्च। ततश्चोर्ध्वतासामान्यं नैगमनयस्य विषय इत्युच्यमानं कथं शोभेतेति **चेत् ? सत्यं**, एतदस्मच्छास्त्रेषूक्तमिति तु मयाऽपि स्वीक्रियत एव, अत एव च पूर्वं मयाप्येतदुक्तमेव । तथापि 'ऊर्ध्वतासामान्यं कस्य विषयः ?' इति प्रश्नस्य त्वमेवोत्तरं वद । न कस्यापीति चेत् ? तत्किमूर्ध्वतासामान्यं न वस्त्वंशो येन तद्ग्राहिणो नयस्यासम्भवः ? ततश्च यथा तिर्यक्सामान्यस्य वस्त्वंशतया तद्ग्राहिण्याः सङ्ग्रहनयदृष्टेः प्रसिद्धिस्तथोर्ध्वतासामान्यस्यापि वस्त्वंशतया तद्ग्राहिण्यापि कयाचिन्नयदृष्ट्या भवितव्यमेव, न ह्यूर्ध्वतासामान्यलक्षणं वस्त्वंशं ग्रहीतुं यदि कश्चिदभिलषति प्रयतते च तदा तं निषेद्धुं प्रतिबध्नातुं वा शक्रोऽप्युत्सहते । ततश्चोर्ध्वतासामान्यग्राहिणा

---

**શંકા** - દ્રવ્યથી સર્વથા ભિન્ન અને પરસ્પર પણ સર્વથા ભિન્ન એવા સામાન્ય અને વિશેષો નૈગમનયના વિષય છે એવું **શ્રી વિશેષાવશ્યકભાષ્ય** વગેરે ઘણા ગ્રન્થોમાં પ્રસિદ્ધ છે. એમાં સામાન્ય પણ તિર્યક્સામાન્ય, નહીં કે ઊર્ધ્વતાસામાન્ય, કારણ કે (૧) નૈગમને તુલ્ય મત ધરાવનારા ષડૂલુકને સત્તા-દ્રવ્યત્વ વગેરે તિર્યક્સામાન્ય જ સંમત છે. (૨) સામાન્યગ્રાહી નૈગમનયનો તિર્યક્સામાન્યગ્રાહી સંગ્રહનયમાં અન્તર્ભાવ થાય છે એવું આપણા અનેક ગ્રન્થોમાં કહેલું છે. તો પછી 'ઊર્ધ્વતાસામાન્ય એ નૈગમનયનો વિષય છે' એવું કહેવું એ શી રીતે શોભે ?

**સમાધાન** - સાચી વાત. આ વાત આપણા શાસ્ત્રોમાં કહી છે એ મને પણ સ્વીકાર્ય છે જ. એટલે જ પૂર્વે મેં એ કહેલ છે જ. છતાં પણ ઊર્ધ્વતાસામાન્ય કોનો વિષય છે ? એ તમે જ કહો.

**શંકા** - એ કોઈ પણ નયનો વિષય ન હોય તો શું વાંધો છે ?

**સમાધાન** - તો શું ઊર્ધ્વતાસામાન્ય વસ્તુના અંશરૂપ નથી ? કે જેથી એને ગ્રહણ કરનાર નયનો સંભવ નથી ? એટલે જેમ તિર્યક્સામાન્ય વસ્તુના અંશરૂપ હોવાથી તેને ગ્રહણ કરનાર સંગ્રહનયદૃષ્ટિ પ્રસિદ્ધ છે તેમ ઊર્ધ્વતાસામાન્ય પણ વસ્તુના અંશરૂપ હોવાથી તેને ગ્રહણ કરનારી કોઈ નયદૃષ્ટિ હોવી જ જોઈએ. આ ઊર્ધ્વતાસામાન્યરૂપ

केनचिन्नयेन भवितव्यमेवेति स्थितम् ।

नैगमादिभ्यः सप्तभ्यो नयेभ्यः कः स नय इत्यधुना विचार्यते -

तत्र न शब्दादयो नयास्तद्ग्राहिणः, पर्यायार्थिकानां तेषामूर्ध्वतासामान्यलक्षणस्य द्रव्यस्याविषयत्वात् । नापि ऋजुसूत्रस्तद्ग्रहीतुमध्यवस्यति, वर्तमानक्षणमात्रग्राहिणस्तस्य क्षणिकग्राहित्वात्, ऊर्ध्वतासामान्यस्य चाक्षणिकत्वात् । व्यवहारोऽपि नैव तद्ग्रहणशीलः, विशेषग्राहित्वात् । सङ्ग्रहोऽपि तज्ज्ञातुं न विभुः, तिर्यक्सामान्यग्राहित्वात्तस्येति पारिशेष्यान्नैगम एव तद्ग्राहकतया सिध्यति। **न चेदं** स्वमनीषिकाविजृम्भितमेव, कुत्रचिदपि शास्त्र एतदर्थ-प्रतिपादकानामक्षराणामनुपलभ्यमानत्वादिति **शङ्कनीयं,** साक्षादक्षराणामनुपलभ्यमानत्वेऽप्येत-स्यार्थस्यार्थतः सूचकानामक्षराणां प्राप्यमाणत्वात् । तथाहि -

*से किं तं पत्थगदिट्ठंतेणं ? पत्थगदिट्ठंतेणं से जहानामए केइ पुरिसे परसुं गहाय अडविहुत्ते गच्छेज्जा, तं च केइ पासित्ता वदेज्जा - कत्थ भवं गच्छसि ? अविसुद्धो*

---

વસ્તુઅંશને ગ્રહણ કરવાને કોઈક ઇચ્છે ને એ મુજબ પ્રયત્ન કરે તો તેને ના પાડવાને કે રોકવાને શક્ર પણ ઉત્સાહિત થતો નથી. એટલે ઊર્ધ્વતાસામાન્યનું ગ્રહણ કરનાર કોઈક નય હોવો જ જોઈએ એ વાત નિશ્ચિત થઈ.

નૈગમ વગેરે સાત નયોમાંથી આ કયો નય હોઈ શકે ? એ હવે વિચારીએ - શબ્દાદિનયો તો સંભવતા નથી, કારણ કે પર્યાયાર્થિકનય એવા તેઓનો ઊર્ધ્વતાસામાન્યરૂપ દ્રવ્ય એ વિષય નથી. ઋજુસૂત્રનય પણ એનું ગ્રહણ કરવા માટે વ્યાપૃત થતો નથી, કારણ કે વર્તમાનક્ષણમાત્રનો ગ્રાહક એ ક્ષણિકગ્રાહી હોય છે. જ્યારે ઊર્ધ્વતાસામાન્ય તો અક્ષણિક હોય છે. વ્યવહારનય પણ એનું ગ્રહણ કરવાના સ્વભાવવાળો નથી, કારણ કે એ તો વિશેષગ્રાહી છે. સંગ્રહનય પણ એનો બોધ કરી શકતો નથી, કારણ કે એ તો તિર્યક્સામાન્યને જોનાર છે. એટલે પારિશેષન્યાયથી નૈગમનય જ તેના ગ્રાહક તરીકે સિદ્ધ થાય છે.

**શંકા** - આ બધો તમારી બુદ્ધિનો વિલાસમાત્ર છે, કારણ કે કોઈપણ શાસ્ત્રમાં આવી વાત જણાવનારા શબ્દો જોવા મળતા નથી.

**સમાધાન** - આવી શંકા ન કરવી, કારણ કે સાક્ષાત્ અક્ષરો મળતા ન હોવા છતાં આ વાતનું અર્થથી સૂચન કરનારા (અર્થાપત્તિથી જણાવનારા) અક્ષરો શાસ્ત્રોમાં જોવા મળે છે. તે આ રીતે -

*नेगमो भणति-पत्थगस्स गच्छामि। तं च केइ छिंदमाणं पासित्ता वइज्जा-किं भवं छिंदसि ? विसुद्धतराओ णेगमो भणति पत्थयं छिंदामि । तं च केइ तच्छेमाणं पासित्ता वदेज्जा किं भवं तच्छेसि? विशुद्धतराओ णेगमो पत्थयं तच्छेमि। तं च केइ उक्किरमाणं पासित्ता वदेज्जा-किं भवं उक्किरसि? विसुद्धतराओ णेगमो भणति-पत्थयं उक्किरामि। तं च केइ (वि)लिहमाणं पासेत्ता वदेज्जा-किं भवं (वि)लिहसि? विसुद्धतराओ णेगमो भणति-पत्थयं (वि)लिहामि । एवं विसुद्धतरागस्स णेगमस्स नामाउडितओ पत्थओ। एवमेव ववहारस्स वित्ति* अनुयोगद्वारसूत्र [सू. ४७५] उक्तम् ।

अत्र हि वने गमनप्रयोजनीभूतदार्ववस्थायां प्रस्थकत्वेन दर्शनमुक्तम्। एवमेव छिद्यमान-तक्ष्यमाणादिष्वस्थास्वपि प्रस्थकत्वेन दर्शनं कथितम् । ततश्च 'पूर्वापरीभूतासु विविधास्ववस्थासु

---

અનુયોગદ્વારસૂત્ર (સૂ. ૪૭૫) માં પ્રસ્થકદષ્ટાન્ત અંગે આ પ્રમાણે કહ્યું છે - *'પ્રસ્થકદષ્ટાન્ત શું છે ? પ્રસ્થકદષ્ટાન્ત આ છે - કોઈક પુરુષ હાથમાં કુહાડી લઈને જંગલમાં જઈ રહ્યો છે. તેને જોઈને કોઈ પૂછે છે : શા માટે જાઓ છો ? એ વખતે અવિશુદ્ધનૈગમ કહે છે (એ પુરુષ અવિશુદ્ધનૈગમનયની દષ્ટિને અપનાવીને કહે છે) - પ્રસ્થક માટે જાઉં છું. (કાષ્ઠને) છેદતા તેને જોઈને કોઈ પૂછે છે - તમે શું છેદો છો ? કંઈક વિશુદ્ધનૈગમનય કહે છે-પ્રસ્થક છેદું છું. તેને છોલતા જોઈને કોઈક પૂછે છે-તમે શું છોલો છો ? કંઈક વધારે વિશુદ્ધનૈગમનય કહે છે-પ્રસ્થકને છોલું છું. પછી (કાષ્ઠને) ઉકેરતા તેને જોઈને કોઈક પૂછે છે-તમે શું કોરો છો ? વધારે વિશુદ્ધનૈગમનય કહે છે -પ્રસ્થકને કોરું છું. પછી વિલેખન કરતા તેને જોઈને કોઈએ પૂછ્યું-તમે શાનું વિલેખન કરો છો ? ઘણા વિશુદ્ધ એવા નૈગમનયે કહ્યું કે પ્રસ્થકનું વિલેખન કરું છું.-એમ એના કરતાં પણ વધારે વિશુદ્ધ એવા નૈગમનયને 'પ્રસ્થક' એવું નામ જેના પર કોતરી દીધેલ હોય, એ જ પ્રસ્થક તરીકે માન્ય છે. વ્યવહારનયનો પણ આવો જ અભિપ્રાય જાણવો.*

અનુયોગદ્વારના આ અધિકારમાં પ્રસ્થક બનાવવા માટેનું કાષ્ઠ લેવા વનમાં જઈ રહેલ વ્યક્તિ વનગમનપ્રયોજનીભૂત આ કાષ્ઠને પ્રસ્થક તરીકે જુએ છે અને કહે છે. એ જ રીતે વૃક્ષ પરથી એ કાષ્ઠને છેદવાની અવસ્થામાં... પછી છોલવાની અવસ્થામાં... આ બધી અવસ્થામાં પણ એને પ્રસ્થક દેખાય છે. એટલે આ પૂર્વાપર વિવિધ અવસ્થાઓમાં પ્રસ્થકદ્રવ્ય સંકળાયેલું છે એ નિશ્ચિત થાય છે એ જ તો ઊર્ધ્વતાસામાન્ય છે. (આશય એ છે કે વ્યવહારનય આ કાષ્ઠાદિમાં પ્રસ્થકત્વ નહીં, પણ પ્રસ્થકયોગ્યતા

प्रस्थकद्रव्यमन्वयि' इति निश्चीयते । एतदेव ह्यूर्ध्वतासामान्यम् । **अथ** वनगमनप्रयोजनीभूतदार्वाद्यवस्थायां नैगमो प्रस्थकत्वं यन्मन्यते तत्कारणे कार्योपचारादेव, न तु मुख्यं, तदुक्त**मनुयोगद्वारसूत्रवृत्तौ**- *यद्यप्यत्र प्रस्थककारणभूतकाष्ठनिमित्तमेव गमनं, न तु प्रस्थकनिमित्तं, तथाप्यनेकप्रकारवस्त्वभ्युपगमपरत्वात् कारणे कार्योपचारात् तथाव्यवहारदर्शनादेवमप्यभिधत्तेऽसौ 'प्रस्थकस्य गच्छामी'ति* - इति । लोकोऽपि तद्दार्वादौ प्रस्थककारणत्वमेव व्यवहरति, न तु प्रस्थकत्वम् । ततश्च पिंड-स्थासादिष्ववस्थास्वन्वयितयोच्यमानं मृद्द्रव्यमेव यथा शोभते, न तु घटद्रव्यं, कारणे कार्योपचारात्तत्र घटत्वदर्शनेऽपि, तथा प्रस्तुतेऽपि तद्दार्वादावन्वयितयोच्यमानं काष्ठद्रव्यमेव शोभते, न तु प्रस्थकद्रव्यमिति **चेत् ? न,** तत्र

---

જુએ છે ને પછી યોગ્યતામાં = ઉપાદાનકારણતામાં ઉપચાર કરીને પ્રસ્થક તરીકે ઉલ્લેખ કરે છે. પણ આ યોગ્યતા એ જ દ્રવ્ય છે... એ જ ઊર્ધ્વતાસામાન્ય છે. તે આ રીતે - દ્રવ્ય = દ્રવણયોગ્ય = તે તે રીતે ઢળવાને યોગ્ય = તે તે પરિણામરૂપે પરિણમવાને યોગ્ય... નૈગમનય આ યોગ્યતાને જુએ છે. એટલે કે પ્રસ્થકયોગ્યતા એ જ એના મતે પ્રસ્થકત્વ છે ને પ્રસ્થકયોગ્યતા તો વનગમનપ્રયોજનીભૂત કાષ્ઠાદિમાં રહેલ છે જ. માટે એ બધી અવસ્થામાં નૈગમનય પ્રસ્થકને જુએ છે.

**શંકા** - વનગમનના પ્રયોજનભૂત કાષ્ઠાદિ અવસ્થામાં નૈગમનય પ્રસ્થકત્વ જે જુએ છે તે કારણમાં કાર્યના ઉપચારથી જ, નહીં કે મુખ્ય (= અનુપચરિત), **અનુયોગદ્વારસૂત્ર**ની વૃત્તિમાં કહ્યું છે કે - *"જો કે અહીં પ્રસ્થકના કારણભૂત કાષ્ઠનિમિત્તે જ ગમન છે, નહીં કે પ્રસ્થકનિમિત્તે, તો પણ અનેક પ્રકારની વસ્તુને સ્વીકારવામાં તત્પર હોવાથી, કારણમાં કાર્યનો ઉપચાર કરીને તેવો વ્યવહાર થતો દેખાતો હોવાથી આવું પણ એ કહે છે કે 'પ્રસ્થક માટે જાઉં છું.'* લોક પણ એ કાષ્ઠ વગેરેમાં પ્રસ્થકની કારણતાનો જ વ્યવહાર કરે છે, નહીં કે પ્રસ્થકત્વનો. એટલે પિંડ-સ્થાસાદિ અવસ્થાઓમાં સંકળાયેલ દ્રવ્ય તરીકે માટીદ્રવ્ય કહેવું જેમ ઉચિત છે, નહીં કે ઘટદ્રવ્ય, પછી ભલે ને કારણમાં કાર્યોપચાર કરીને એ અવસ્થાઓને 'ઘટ' કહી શકાતી પણ હોય. એમ પ્રસ્તુતમાં પણ તે વિવિધ અવસ્થાઓમાં સંકળાયેલ દ્રવ્ય તરીકે કાષ્ઠદ્રવ્ય કહેવું જ ઉચિત છે, નહીં કે પ્રસ્થકદ્રવ્ય...

**સમાધાન** - આવી શંકા બરાબર નથી. કારણ કે એ વિવિધ અવસ્થાઓને નૈગમનય ઉપચાર વિના જ મુખ્ય પ્રસ્થક તરીકે જુએ છે. આશય એ છે કે - લોક તો તે કાષ્ઠાદિમાં પ્રસ્થકની કારણતાનો જ મુખ્યતયા વ્યવહાર કરે છે... પ્રસ્થક તરીકેનો

दार्वादौ नैगमेनोपचारेण विनैव मुख्यप्रस्थक-त्वदर्शनात् । अयम्भावः - लोकस्तु तत्र दार्वादौ प्रस्थककारणत्वमेव मुख्यतया व्यवहरति, प्रस्थकत्वं तूपचारेण क्वचिदेव कदाचिदेव प्रयोजनविशेषे सति । परन्तु लोकव्यवहारानुसारी नयस्तु व्यवहार एव, न तु नैगमः । यदि सोऽपि तत्र प्रस्थकत्वमुपचरितमेव मन्येत, तदा तस्य नैकगमत्वानुपपत्तिरेव । सा चैवं-यद्यत्र न दृश्यते तत्तत्रैवोपचर्यते । न हि यत्राग्नित्वं साक्षादुपलभ्यते एव तत्र वह्नौ तत्कदाचिदप्युपचर्यते, किन्तु यत्र तन्नोपलभ्यते तत्रैव माणवकादौ तदुपचर्यते । ततश्चैतत्पर्यवस्यति यद्-यत्र यदुपचरितं मन्यते तत्र तन्नैव दृष्टमिति । तस्माद् वनगमनप्रयोजनीभूतदार्ववस्थादौ यदि प्रस्थकत्वमुपचरितं मन्येत नैगमः, केवल आकुट्टितनामनि प्रस्थक एव च तदनुपचरितं मन्येत, तदाऽऽ'कुट्टितनामनि प्रस्थक एव तस्य प्रस्थकत्वदर्शनं, नान्यत्र वनगमनप्रयोजनीभूतदार्ववस्थादौ कुत्रचिदपि' इत्यनिच्छताऽपि मन्तव्यमेवेत्यनेके गमा दर्शनप्रकारा यस्य स नैगम इति व्युत्पत्तिलभ्यस्य नैकगमत्वास्यानुपपत्तिः स्पष्टैव ।

तद्वारणार्थं वनगमनप्रयोजनीभूतदार्ववस्थादौ सर्वत्र स प्रस्थकत्वं पश्यत्येवेति मन्तव्यमेव ।

---

તો ક્યારેક જ ક્યાંક જ એવું કોઈ પ્રયોજન હોય તો ઉપચારથી વ્યવહાર કરે છે. પરંતુ લોકના આવા વ્યવહારને અનુસરનારો નય તો વ્યવહારનય છે, નહીં કે નૈગમનય. જો એ પણ એને ઉપચારથી જ પ્રસ્થક માને તો એનું નૈકગમત્વ જ અસંગત થઈ જાય. તે આ રીતે - જે જ્યાં જોવા ન મળે તેનો ત્યાં જ ઉપચાર થાય છે. જ્યાં સાક્ષાત્ અગ્નિપણું દેખાય છે તે અગ્નિમાં કાંઈ તેનો ક્યારેય ઉપચાર થતો નથી. પરંતુ જ્યાં તે જોવા મળતું નથી તે માણવકાદિમાં જ તેનો ઉપચાર કરાય છે. એટલે આ નિશ્ચિત થાય છે કે જ્યાં જે ઉપચરિત મનાય છે ત્યાં તે જોવા મળ્યું નથી જ. તેથી વનગમનપ્રયોજનીભૂત કાષ્ઠાદિઅવસ્થામાં નૈગમનય પ્રસ્થકપણું જો ઉપચરિત માનતો હોય, અને માત્ર આકુટ્ટિતનામવાળા પ્રસ્થકમાં જ જો એને અનુપચરિત માનતો હોય તો એનો મતલબ એ જ થાય કે એ આકુટ્ટિતનામવાળા પ્રસ્થકને જ પ્રસ્થક તરીકે જુએ છે, વનગમનપ્રયોજનીભૂતકાષ્ઠ વગેરે કશાને નહીં... અને તો પછી અનેક ગમ છે = વસ્તુને જોવાના માર્ગો છે જેના તે નૈગમ... આવી વ્યુત્પત્તિથી મળતું નૈકગમત્વ એમાં અસંગત થઈ જ જશે.

આ અસંગતિને વારવી હોય તો, વનગમનપ્રયોજનીભૂત કાષ્ઠાદિ બધી અવસ્થામાં તે પ્રસ્થકત્વ જુએ જ છે એમ માનવું જ જોઈએ અને તેથી જો એ જોવાયેલું જ છે, તો એ ઉપચરિત નથી એ પણ સ્પષ્ટ છે જ. એટલે નૈગમનયાભિપ્રાયે તે કાષ્ઠાદિ

ततश्च यदि तद् दृष्टमेव तत्र, तदा नोपचरितमित्यपि स्पष्टमेवेति वनगमनप्रयोजनीभूतदार्वादिर्न प्रस्थककारणं न वोपचरितं प्रस्थकमपि तु मुख्यं प्रस्थकमेव । **अनुयोगद्वारसूत्रवृत्तौ** – *'तथाप्यनेकप्रकारवस्त्वभ्युपगमपरत्वात् कारणे कार्योपचारात् तथाव्यवहारदर्शनाद्'* इत्यादि यदुक्तं, तत्र 'कारणे कार्योपचारात् तथाव्यवहारदर्शनाद्' इत्यंशो 'व्यवहारनयाभिप्रायोऽयं' इत्यभिव्यनक्त्येव, व्यवहारस्य व्यवहारनयाभिप्रायेण प्रवर्तमानत्वात् । तथा *'अनेकप्रकारवस्त्वभ्युपगमपरत्वात्'* इत्यंशो नैगमनयाभिप्रायं स्पष्टं व्यनक्त्येव, 'अनुपचारेणाभ्युपगतानि वस्तून्येव वस्तुनः प्रकारत्वार्हाणी'तिनियमाद्। इदमुक्तं भवति-यस्य कस्यचिदपि वस्तुनो विभागप्रदर्शन-वाक्य उपचारप्राप्तानि वस्तूनि नैव प्रोच्यन्ते । तृणजन्यः, अरणिजन्यः, मणिजन्यश्चेत्येवमग्नौ त्रिविधे प्राप्यमाणे तद्विभागप्रदर्शनवाक्यं 'अग्निश्चतुर्विधः – तृणजन्यो, अरणिजन्यो, मणिजन्यो, माणवकश्चे'त्येवं न कदाचिदप्युच्यते, माणवकस्योपचारेणैवाग्नित्वात्। ननूपचारप्राप्तानि वस्तून्यपि प्रकारतया गण्यतां, को दोषः ? प्रकारेयत्ताया अनैयत्यापत्तिरेव तत्र दोषः, उपचाराणां कारणे कार्यस्य-कार्ये कारणस्य-आधार आधेयस्य-आधेय आधारस्येत्यादिरूपेणानियतत्वात् ।

---

પ્રસ્થકના કારણરૂપ કે ઉપચરિત પ્રસ્થકરૂપ નથી, પણ મુખ્ય પ્રસ્થકરૂપ જ છે. અનુયોગદ્વારસૂત્રની વૃત્તિમાં - *"છતાં પણ અનેક પ્રકારની વસ્તુને સ્વીકારવામાં તત્પર હોવાથી, કારણમાં કાર્યનો ઉપચાર કરીને તેવો વ્યવહાર થતો દેખાતો હોવાથી"* વગેરે જે કહ્યું છે તેમાં "કારણમાં કાર્યનો ઉપચાર..." વગેરે જે અંશ છે તે 'આ વ્યવહારનયનો અભિપ્રાય છે' એવું સૂચવે જ છે. કારણ કે લોકવ્યવહાર વ્યવહારનયને અનુસરનારો હોય છે. તથા 'અનેક પ્રકારની વસ્તુને...' વગેરે જે અંશ છે તે નૈગમનયના અભિપ્રાયને સ્પષ્ટપણે વ્યક્ત કરે જ છે, કારણ કે ઉપચાર વિના મનાયેલી વસ્તુઓ જ વિવક્ષિત વસ્તુનો પ્રકાર બની શકતી હોય છે. કહેવાનો અભિપ્રાય એ છે કે - કોઈપણ વસ્તુના વિભાગોને (પ્રકારોને) જણાવનાર વાક્યમાં ઉપચારથી પ્રાપ્ત વસ્તુઓ કહેવાતી નથી. જેમકે અગ્નિ તૃણજન્ય, અરણિજન્ય અને મણિજન્ય... એમ ત્રણ પ્રકારે મળે છે તો એના પ્રકારોને જણાવનાર વાક્ય તરીકે 'અગ્નિ ચાર પ્રકારે છે - તૃણજન્ય, અરણિજન્ય, મણિજન્ય અને માણવક' આવું વાક્ય ક્યારેય કહેવાતું નથી, કારણ કે માણવક ઉપચારથી જ અગ્નિ છે.

**શંકા** - ઉપચાર પ્રાપ્ત વસ્તુઓને પણ પ્રકારરૂપે ગણો ને, શું વાંધો છે ?

**સમાધાન** - પછી તે તે વસ્તુના કેટલા પ્રકાર છે ? એની સંખ્યા જ નિયત ન રહેવી એ દોષ છે. ઉપચાર તો કારણમાં કાર્યનો... કાર્યમાં કારણનો... આધારમાં

ततश्च नैगमाभ्युपगतवस्तुनोऽनेके प्रकारा ये मन्तव्यास्तेऽनुपचरिता एव ग्राह्या इति स्थितम् । अत एवोपचारबहुलत्वं व्यवहारनय एवोक्तं, न तु नैगमेऽपि । तस्मात् *'कारणे कार्योपचारात्, तथाव्यवहारदर्शनादित्यादि* यदुक्तं तद्व्यवहारनयेनैवेत्यपि स्थितम् । नन्वेवं सति नैगमस्यानेकप्रकारवस्त्वभ्युपगमपरत्वप्रदर्शने व्यवहारनयाभिप्रेतस्य कथनं किमर्थम् ? शृणु- *जावइया वयणपहा तावइया चेव हुंति णयवाया । जावइया नयवाया तावइया चेव परसमया ॥* (सम्मतितर्क० ३/४७) त्ति वचनाद् नयवादानां वचनपथात्मकत्वं निश्चीयते । वचनपथाश्च लोके विविधेषु प्रस्तावेषु ये वचनप्रयोगा भवन्ति तद्रूपा एव । लोके भवन्तो वचनप्रयोगा एव च व्यवहार उच्यते । ततश्च लोके यस्य यस्य वचनव्यवहारस्य दर्शनं स एवाभिप्रायानुसारेण तत्तन्नयत्वेनोच्यते । अत एव विशेषग्राहिणो व्यवहारनयस्य प्रतिपक्ष-भूतस्य सामान्यग्राहिणः सङ्ग्रहनयस्याभिप्रेतत्वेनाभिप्रेता ये *'एगे आया'* (स्थानाङ्ग) इत्यादिवचनप्रयोगास्तेऽपि प्रस्तावशाद् लोकव्यवहारे ये प्रयुज्यमानास्त एव ज्ञेयाः । तस्मात्प्रस्तुते नैगमनयनिरूपणेऽपि व्यवहाराभिप्रेतस्य कथनमिति ज्ञेयम् ।

---

આધેયનો... આધેયમાં આધારનો... વગેરે રૂપ અનિયત હોવાથી પછી પ્રકારની સંખ્યા પણ અનિયત થઈ જ જાય ને !

એટલે નૈગમનયને માન્ય વસ્તુના અનેક પ્રકાર જે માનવાના છે તે અનુપચરિત જ લેવાના છે, એ નક્કી થયું. એટલે જ ઉપચારબહુલતા વ્યવહારનયમાં જ કહેલ છે, નહીં કે નૈગમનયમાં પણ. તેથી, कारणे कार्योपचारात् तथाव्यवहारदर्शनाद् ઇત્યાદિ જે કહ્યું છે તે વ્યવહારનયને અનુસરીને છે એ પણ નિશ્ચિત થયું.

**શંકા** - નૈગમનય અનેક પ્રકારની વસ્તુ માનનારો છે એ વાતના નિરૂપણમાં વ્યવહારનયને અભિપ્રેત વાત વચ્ચે કરવાની શી જરૂર છે ?

**સમાધાન** - સમ્મતિતર્કપ્રકરણના (૩-૪૭) *"જેટલા વચનપથો છે એટલા નયવાદ છે, જેટલા નયવાદ છે એટલા પરસમય છે"* આવા વચનથી નયવાદો વચનપથાત્મક છે એ જણાય છે. વચનમાર્ગો તો એ જ છે જે લોકમાં વિવિધ પ્રસ્તાવોમાં વચનપ્રયોગ થતા હોય, લોકમાં થતા વચનપ્રયોગો જ વ્યવહાર કહેવાય છે. એટલે લોકમાં જે-જે વચનવ્યવહાર જોવા મળે છે તે જ, અભિપ્રાયને અનુસરીને તે તે નયરૂપે કહેવાય છે. તેથી જ, વિશેષગ્રાહી વ્યવહારનયના પ્રતિપક્ષભૂત સામાન્યગ્રાહી સંગ્રહનયને અભિપ્રેત તરીકે કહેવાતા જે एगे आया (ઠાણાંગજી) વગેરે વચનપ્રયોગો છે તે પણ પ્રસ્તાવને અનુસરીને લોકવ્યવહારમાં જે બોલાય છે તે જ જાણવા. તેથી પ્રસ્તુતમાં નૈગમનિરૂપણમાં પણ વ્યવહારનયને અભિપ્રેત વાત કરી છે એમ જાણવું.

**नन्वेवं** तु 'निगमेषु भवो नैगम:' इति नैगमनयलक्षणं व्यवहारेऽतिव्याप्नुयादिति **चेत् ? न,** लोके यत्र विषये मुख्यतया यो व्यवहार: प्रवर्तते तस्यैव व्यवहारेण मुख्यतयाऽभ्युपगतत्वात्। अत्रेयं व्यवस्था-लोके यो यो वचनप्रयोग: प्रवर्तते तत्रैक: कश्चित्कस्यचिदेकस्य नयस्य मुख्यतया = अनुपचरिततयाऽभिप्रेत:, अन्य: कश्चिदन्यस्य नयस्य, अपरश्च कश्चित्तदपरस्य नयस्य । तत्र यो बहुलतया प्रयुज्यते यथा 'मञ्चस्था जना: क्रोशन्ति' स व्यवहारस्य मुख्यतयाऽभिप्रेत:, तद्भिन्नाश्च क्वचित्कदाचित् प्रयोजनविशेषात्प्रयुज्यमाना: प्रयोगास्तस्योपचारेणाभिप्रेता:, यथा 'मञ्चा: क्रोशन्ति' इति । अत एव *'लौकिकसम उपचारप्रायो विस्तृतार्थो व्यवहार:'* इति **तत्त्वार्थभाष्य**वचनम्। अत्र 'लौकिकसम:' इत्यनेन व्यवहारस्य मुख्यतयाऽभिप्रेतोऽर्थ उक्त:, 'उपचारप्राय:' इत्यनेन तूपचारेणाभिप्रेतोऽर्थ:, तयो: सम्मीलनेन स विस्तृतार्थो जायत इति 'विस्तृतार्थ:' इत्यनेन सूचितमिति ज्ञेयम्। व्यवहारस्योपचारेण संमतास्ते हि वचनप्रयोगा अन्यान्यनयस्य मुख्यतया संमता:। यथाऽऽत्मत्वजातौ

---

**શંકા** - આમ તો निगमेषु भवो नैगमः એવું નૈગમનયનું લક્ષણ વ્યવહારનયમાં અતિવ્યાપ્ત થશે.

**સમાધાન** - નહીં થાય, કારણ કે જે વિષયમાં લોકમાં જે વ્યવહાર મુખ્યરૂપે-પ્રધાનતાએ થતો હોય તેને જ વ્યવહારનય અનુપચરિતપણે માને છે. આ વિષયમાં આવી વ્યવસ્થા જાણવી - લોકમાં જે જે વચનપ્રયોગ થાય છે તેમાંનો કોઈક એક પ્રયોગ અમુક નયને અનુપચરિતપણે સંમત હોય છે, બીજો વચનપ્રયોગ બીજા કોઈક નયને માન્ય હોય છે. તો વળી ત્રીજો કોઈક પ્રયોગ ત્રીજા નયને... એમાં જે વારંવાર થતો હોય, જેમકે 'માંચડા પર રહેલા લોકો બૂમ પાડે છે' તે પ્રયોગ વ્યવહારનયને મુખ્યરૂપે માન્ય હોય છે, આ સિવાયના ક્યાંક-ક્યારેક ચોક્કસ પ્રયોજનવશાત્ થતા વચનપ્રયોગો વ્યવહારનયને ઉપચારથી જ માન્ય હોય છે, જેમકે 'માંચડા અવાજ કરે છે' એવો વચનપ્રયોગ. એટલે જ लौकिकसम उपचारप्रायो विस्तृतार्थो व्यवहारः એવું **तत्त्वार्थभाष्यમાં** વચન છે. આમાં, 'લૌકિકસમ = લોકવ્યવહારને સમાન...' આના દ્વારા વ્યવહારનયને મુખ્યરૂપે અભિપ્રેત અર્થ કહ્યો છે. उपचारप्रायः આના દ્વારા ઉપચારથી અભિપ્રેત અર્થ કહ્યો છે. આ બન્ને ભેગા થવાથી વ્યવહારનય વિસ્તૃતાર્થ બને છે, એ વાત विस्तृतार्थ દ્વારા બતાવી છે. વ્યવહારનયને ઉપચારથી માન્ય તે જ વચનપ્રયોગો અન્ય કોઈક નયને મુખ્યરૂપે માન્ય હોય છે. જેમકે આત્મત્વજાતિમાં રહેલ એકત્વને જાતિમાન્ એવા

स्थितमेकत्वं जातिमत्यात्मन्युपचर्य कथ्यमानः *'एगे आया'* इति वचनप्रयोगो व्यवहारस्योपचारेण संमतः, सङ्ग्रहस्य तु मुख्यतया । तथा, अत्र *'आत्मत्वजातौ स्थितमेकत्वं जातिमत्यात्मन्युपचर्य'* इति यदुक्तं तद् यथा व्यवहारनयाभिप्रायेणैव, न तु सङ्ग्रहाभिप्रायेण, तेनात्मन्येकत्वस्य मुख्यस्यैव दर्शनादुपचाराभावात्, तथैवानुयोगद्वारवृत्तौ *'कारणे कार्योपचारात् तथाव्यवहारदर्शनाद्'* इति यदुक्तं तद्व्यवहाराभिप्रायेणैव, न तु नैगमाभिप्रायेणेति सिध्यत्येव।

प्रस्थकविषये च यतो लोके बहुलतयाऽऽकुट्टितनामा प्रस्थको हि प्रस्थकत्वेन व्यवह्रियते, अतः स एव व्यवहारस्य मुख्यतया संमतः, वनगमनप्रयोजनीभूतदार्वादिस्तूपचारे-णैव । परन्तु नैगमस्तु तानपि मुख्यतयैव प्रस्थकत्वेन स्वीकरोति । मुख्यतया स्वीकार एव नैकगमत्वेन निगमेषु भवत्वेन वोच्यते, न तूपचारेण स्वीकारोऽपि, अतो न व्यवहारे नैगमनयलक्षणातिव्याप्तिरिति ।

अत एव, **अनुयोगद्वारसूत्रे** *'एवमेव ववहारस्सवि'* त्ति, **तद्वृत्तौ** *'एवमेव व्यवहारस्यापी'* ति, **नयरहस्यादौ** च *'व्यवहारेऽप्ययमेव पन्थाः'* इति यदतिदिष्टं तेन व्यवहारस्यापि

---

આત્મામાં ઉપચરીને કહેવાતો एगे आया એવો વચનપ્રયોગ વ્યવહારનયને ઉપચારથી માન્ય છે, જ્યારે સંગ્રહનયને મુખ્યરૂપે માન્ય છે. તથા, અહીં 'આત્મત્વજાતિમાં રહેલા એકત્વને જાતિમાન્ એવા આત્મામાં ઉપચરીને... એવું જે કહ્યું છે તે જેમ વ્યવહારનયના અભિપ્રાયે જ, નહીં કે સંગ્રહનયાભિપ્રાયે, કારણ કે સંગ્રહનય તો આત્મામાં મુખ્ય એકત્વ જ જોતો હોવાથી ઉપચાર હોતો નથી, એમ અનુયોગદ્વારસૂત્રની વૃત્તિમાં कारणे कार्योपचारात् तथाव्यवहारदर्शनात् એવું જે કહ્યું છે તે વ્યવહારનયના અભિપ્રાયે જ, નહીં કે નૈગમનયના અભિપ્રાયે - એ વાત સિદ્ધ થાય છે જ.

પ્રસ્થક અંગે, લોકમાં આકુટ્ટિત નામવાળું પ્રસ્થક જ બહુલતયા પ્રસ્થકરૂપે કહેવાય છે, માટે એ જ વ્યવહારને મુખ્યરૂપે માન્ય છે, એ સિવાયના વનગમનપ્રયોજનીભૂતકાષ્ઠાદિ તો એને ઉપચારથી જ માન્ય છે, પણ નૈગમનય તો એ કાષ્ઠાદિને પણ મુખ્ય પ્રસ્થકરૂપે જ સ્વીકારે છે. કારણ કે મુખ્યરૂપે સ્વીકાર એ જ नैकगमत्वेन કે निगमेषु भवत्वेन કહેવાય છે, નહીં કે ઉપચારથી કરેલો સ્વીકાર પણ. તેથી વ્યવહારનયમાં નૈગમનયના લક્ષણની અતિવ્યાપ્તિ નથી.

એટલે જ **અનુયોગદ્વારસૂત્રમાં** एवमेव ववहारस्सवित्ति, એની **વૃત્તિમાં** एवमेव व्यवहारस्यापीति અને **નયરહસ્યાદિમાં** व्यवहारेऽप्ययमेव पन्थाः એવો જે અતિદેશ કર્યો

वनगमनप्रयोजनीभूतदार्वक्स्थादौ सर्वत्र प्रस्थकत्वं संमतमेवेति यद्यपि ज्ञायते तथाप्यत्र विषयविभागो ज्ञेयः । स चैवं-आकुट्टितनामनि प्रस्थकेऽनुपचारेण तदन्यत्र तूपचारेण स तत्स्वीकरोतीति । यद्येवम्प्रकारो विषयविभागो न मन्येत, तदा (१) व्यवहारनयस्य लोकव्यवहारप्रधानत्वहानिः, लोके प्रयोजन-प्रकरणविशेषाद्यपेक्षाया अभावे सामान्यतयाऽऽकुट्टित नामन्येव प्रस्थकत्वव्यवहारदर्शनात्, तथा (२) नैगमवद् व्यवहारनयेऽपि नैकगमत्वापत्तिश्च ।

अत एव चागमबोधितार्थानुसन्धानदशायां व्युत्पन्नलोकस्य 'पञ्चवर्णो भ्रमरः' इति व्यवहारदर्शनेऽपि लोके सामान्यतया तद्व्यवहारस्यादर्शनात् 'पञ्चवर्णो भ्रमरः' इति वाक्यस्य व्यवहारनयाननुरोधित्वमिति प्रपञ्चितं **नयरहस्ये** न्यायविशारदैः श्रीम**द्यशोविजय**वाचकैः ।

**ननु** लोको वनगमनोद्देश्यभूते काष्ठे काष्ठत्वमेव पश्यति, न तु प्रस्थकत्वं, तथापि तत्कारणतया कारणे कार्योपचारात् प्रस्थकत्वं व्यवहरति । नैगमनयस्तु तत्र प्रस्थकत्वमेव पश्यति वक्ति चेति कथं वक्तुं पार्यते ? प्रस्थकादतिदूरेऽतिव्यवहिते काष्ठादौ प्रस्थकत्वदर्शनस्य

---

છે તેનાથી જો કે વનગમનપ્રયોજનીભૂત કાષ્ઠાદિ દરેક અવસ્થામાં વ્યવહારનયને પણ પ્રસ્થક માન્ય છે એવો અર્થ મળે છે, તો પણ આવો વિષય-વિભાગ જાણવો - આકુટ્ટિત નામવાળા પ્રસ્થકને તે મુખ્યરૂપે સ્વીકારે છે અને એ સિવાયનાને ઉપચારથી સ્વીકારે છે. જો આવા પ્રકારનો વિષયવિભાગ ન માનીએ તો (૧) વ્યવહારનય લોકવ્યવહારને મુખ્ય કરનારો છે એ વાત ઊડી જશે, કારણ કે લોક તો, પ્રયોજન-વિશેષપ્રકારનું પ્રકરણ વગેરે રૂપ અપેક્ષા ન હોય તો-સામાન્ય રૂપે આકુટ્ટિતનામવાળા પ્રસ્થકનો જ પ્રસ્થક તરીકે વ્યવહાર કરે છે, તદન્યનો નહીં. તથા (૨) નૈગમનયની જેમ વ્યવહારનય પણ નૈકગમ બની જવાની આપત્તિ આવે.

એટલે જ, આગમથી જણાતી વાતનું જ્યારે અનુસંધાન(= સ્મરણ) હોય છે ત્યારે વ્યુત્પન્નલોક = આગમના જાણકાર લોક पञ्चवर्णो भ्रमरः (= ભમરો પાંચવર્ણવાળો હોય છે) એવો વ્યવહાર કરે છે, છતાં પણ લોકમાં સામાન્ય રીતે એવો વ્યવહાર થતો નથી, માટે **पञ्चवर्णो भ्रमरः** એવો પ્રયોગ એ વ્યવહારનયને અનુસારી નથી એ વાત **નયરહસ્ય**માં ન્યાયવિશારદ વાચકપુંગવ **શ્રી યશોવિજયજી મહારાજે** કરેલી છે.

**શંકા** - વનગમનના ઉદ્દેશ્યરૂપ કાષ્ઠને લોક કાષ્ઠ તરીકે જ જુએ છે, નહીં કે પ્રસ્થક તરીકે. છતાં પણ એ કાષ્ઠ પ્રસ્થકનું કારણ હોવાથી, કારણમાં કાર્યનો ઉપચાર કરીને પ્રસ્થકનો વ્યવહાર કરે છે, તો નૈગમનય એને પ્રસ્થક તરીકે જ જુએ છે અને 'પ્રસ્થક' જ કહે છે' એવું શી રીતે કહી શકાય ? કારણ કે પ્રસ્થકથી અતિદૂરની અને

स्वप्नेऽप्यसम्भवादिति **चेत् ? सत्यं,** तथापि प्रस्थकाभिलाषायाः प्राबल्ये तद्दर्शनस्य सम्भवात्। एतदुक्तं भवति-मृद्द्रव्यादन्तराऽन्तरोत्पद्यमानासु मृत्पिण्ड-शिवक-स्थास-कोशादिकासु कार्यकोटिषु निरपेक्षतया घटाभिलाषयुक्ततया च कुम्भकारो मृत्पिण्ड-शिवकादिविधान-कालेऽपि'मृत्पिंडं करोमी'त्यादिकं तु नैव संवेदयति, किन्तर्हि ? 'घटं करोमी'त्येव संवेदयति, मृत्पिंडादिकमपि घटतयैव संवेदयतीत्यर्थः । शिल्पकारोऽपि पाषाणे मूर्तिमेव साक्षात्करोति पूज्यभावं च प्रदर्शयति। तथैव प्रस्तुतेऽपि ज्ञेयम्। प्रस्थकाभिलाषायाः प्राबल्ये तत्र काष्ठत्वस्य प्रस्थककारणत्वस्य च संवेदनं विनैव साक्षात्प्रस्थकत्वसंवेदनं सम्भवतीत्यर्थः ।

अथ 'एगे आया' इति संग्रहनयस्यैव संमतं, 'क्षणिक आत्मा' इति ऋजुसूत्रस्यैव संमतं, नात्र मुख्यतया व्यवहारनयसंमतत्वमपि, तर्हि आकुट्टितनामनि प्रस्थके 'अयं प्रस्थकः' इति नैगमसंमते बोधे व्यवहारनयसंमतत्वमपि कथमिति **चेत् ? सत्यं,** अत एवैतद्विषयसाङ्कर्य-

---

અતિવ્યવહિત અવસ્થારૂપ એ કાષ્ઠાદિને 'પ્રસ્થક' તરીકે જોવા એ સ્વપ્નમાં પણ સંભવિત નથી.

**સમાધાન** - સાચી વાત. છતાં જ્યારે પ્રસ્થકની પ્રબળ અભિલાષા હોય છે ત્યારે એ રીતે જોવું સંભવિત છે. કહેવાનો ભાવ એ છે કે માટીદ્રવ્યમાંથી વચ્ચે વચ્ચે ઉત્પન્ન થનાર પિંડ-શિવક-સ્થાસ-કોશાદિ કાર્યશ્રેણિની કુંભારને કોઈ અપેક્ષા હોતી નથી, એને તો ઘટની જ અભિલાષા હોય છે. માટે પિંડ-શિવક વગેરે બની રહ્યા હોય ત્યારે પણ 'હું પિંડ બનાવું છું' એવું સંવેદન કરતો નથી, પણ 'હું ઘડો બનાવું છું' એવું જ સંવેદન કરે છે, અર્થાત્ પિંડ વગેરેને પણ 'ઘડા' તરીકે જ એ સંવેદે છે. શિલ્પી પણ પાષાણમાં સાક્ષાત્ મૂર્તિને જ જુએ છે ને તદનુરૂપ પૂજ્યભાવ વ્યક્ત કરે છે. પ્રસ્તુતમાં પણ આવું જ જાણવું. પ્રસ્થકની અભિલાષા પ્રબળ હોય ત્યારે એ કાષ્ઠાદિને કાષ્ઠાદિ તરીકે કે પ્રસ્થકના કારણ તરીકે સંવેદ્યા વિના જ સાક્ષાત્ પ્રસ્થક તરીકે સંવેદન સંભવિત છે.

**શંકા** - एगे आया આ સંગ્રહનયને જ માન્ય છે. क्षणिक आत्मा આ ઋજુસૂત્રનયને જ માન્ય છે. આ બન્ને બોધ વ્યવહારનયને મુખ્યરૂપે માન્ય નથી. તો પછી નામાંકિત પ્રસ્થક અંગે 'આ પ્રસ્થક છે' એવો નૈગમનયમાન્ય બોધ વ્યવહારને પણ મુખ્યરૂપે માન્ય છે. એ શી રીતે ?

**સમાધાન** - સાચી વાત છે. એટલે જ આ એક જ બોધમાં બે નયની માન્યતાના સાંકર્યને વારવું... વગેરે રૂપ કોઈક પ્રયોજનથી **સ્યાદ્વાદરત્નાકરમાં** નૈગમનયનું અન્ય લક્ષણ પણ આપ્યું છે. તે આ રીતે - *અથવા નૈગમનયનું આવું લક્ષણ જાણવું. જ્યાં*

वारणादिलक्षणेन केनचित्प्रयोजनविशेषेण **स्याद्वादरत्नाकरे** नैगमनयस्यान्यलक्षणमपि दत्तं, तथाहि-*अथवेदं नैगमस्य लक्षणं द्रष्टव्यम् । अनिष्पन्नार्थसङ्कल्पमात्रग्राही नैगमः । निगमो हि सङ्कल्पः, तत्र भवस्तत्प्रयोजनो वा नैगमः । यथा कश्चित् पुरुषो गृहीतकुठारः पथि गच्छन्किमर्थं भवान् गच्छतीति केनचित्पृष्टः प्रतिवक्ति प्रस्थमानेतुमिति ।* एधोदकाद्याहरणे *वा कश्चित् पुमान् व्याप्रियमाणः किं करोति भवानिति केनापि पर्यनुयुक्तः प्राह-ओदनं पचामीति। न च प्रस्थपर्याय ओदनो वा निष्पन्नः, तन्निष्पत्तये सङ्कल्पमात्रे प्रस्थादिव्यवहारात् । यथोक्तं - सङ्कल्पो निगमस्तत्र भवोऽयं तत्प्रयोजनः । तथा प्रस्थादिसङ्कल्पस्तदभिप्राय इष्यते ॥ तत्त्वार्थश्लोकवार्तिक-१८ ॥* इति। एतदनुसारेणाकुट्टितनामा प्रस्थकस्तु व्यवहारनयेनैव प्रस्थकः, न तु नैगमेन, तेन तु तत्पूर्वावस्थायामेव स प्रस्थकः, तदा च न स व्यवहारनयेन मुख्यः प्रस्थक इति न विषयसाङ्कर्यम् ।

यद्यप्येतल्लक्षणान्तरं नान्यस्मिन्नेकस्मिन्नपि ग्रन्थे दृष्टमिति नैगमनयस्याकुट्टितनामा प्रस्थकोऽपि प्रस्थकतया संमत एव तथापि नैगम-व्यवहारनयविषययोर्यथा न साङ्कर्यं तथाऽग्रे (पृ. ३३३) प्रकटीकरिष्यते ।

---

*સુધી પદાર્થ નિષ્પન્ન થયો ન હોય ત્યાં સુધીના સંકલ્પમાત્ર દ્વારા તે તે પદાર્થરૂપે ગ્રહણ કરનાર નય એ નૈગમનય છે. નિગમ એટલે સંકલ્પ. એમાં જે થયેલ હોય તે નૈગમ અથવા તેના પ્રયોજનવાળો હોય તે નૈગમ. જેમકે - કુહાડી લઈને માર્ગે જતા કોઈક પુરુષને કોઈકે પૂછ્યું : 'તું શા માટે જાય છે ?' તો એણે જવાબ આપ્યો - પ્રસ્થક લેવા જાઉં છું. અથવા તો બળતણ-પાણી વગેરે લાવવા માટે જઈ રહેલા પુરુષને 'તમે શું કરો છો ?' પૂછવા પર 'ભાત રાંધું છું' એવો જવાબ આપ્યો. આ વખતે પ્રસ્થકપર્યાય કે ભાત તૈયાર થઈ ગયા નથી. માત્ર એને તૈયાર કરવાનો સંકલ્પ છે. આ સંકલ્પ માત્ર હોવા પર પ્રસ્થકાદિનો વ્યવહાર થાય છે. (તત્ત્વાર્થશ્લોકવાર્તિકમાં) કહ્યું છે - સંકલ્પ એ જ નિગમ. તે હોતે જે થાય અથવા તેના પ્રયોજનભૂત જે હોય તે નૈગમ. એટલે પ્રસ્થકાદિનો સંકલ્પ પ્રસ્થકના અભિપ્રાયરૂપે કહેવાય છે. (અર્થાત્ એ પ્રસ્થક કહેવાય છે.)*

આ વ્યાખ્યા મુજબ તો આકુટ્ટિતનામવાળું પ્રસ્થક વ્યવહારનયને જ માન્ય છે, નહીં કે નૈગમને પણ, એના મતે તો એ પૂર્વની અવસ્થામાં જ એ પ્રસ્થક છે અને ત્યારે તો એ વ્યવહારનયે મુખ્ય પ્રસ્થક નથી. માટે બે નયના વિષયનું સાંકર્ય નથી.

જો કે આ અન્ય લક્ષણ બીજા કોઈ ગ્રન્થમાં જોવા મળ્યું નથી, માટે નામાંકિત પ્રસ્થક પણ નૈગમને પ્રસ્થક તરીકે માન્ય છે જ. તો પણ નૈગમ-વ્યવહારનયના વિષયનું સાંકર્ય

यथा प्रस्थकदृष्टान्तस्तथा घटदृष्टान्तोऽपि नैगमनयानुसारेण भावयामः । घटकारणभूत-मृत्खननाय कुद्दालव्यग्रहस्तं कुलालादिपुरुषमटवीं गच्छन्तं दृष्ट्वा कश्चिदन्यः पृच्छति-क्व भवान् गच्छति ? तत्र नैगमनयमतानुसारी सन्नसौ 'घटस्य गच्छामि' इति प्रत्युत्तरयति । तं च कश्चिद् मृदं खनन्तं पृच्छति-किं भवान् खनति ? तत्रापि स 'घटं खनामि' इति भणति। तं च कश्चित् पिण्डं कुर्वन्तं दृष्ट्वा वदति-किं भवान् करोति ? तत्रापि नैगमानुसारी सन्नसौ 'घटं करोमि' इति कथयति । एवं शिवक-स्थास-कोश-कुशूल-घटादिकं कुर्वन्तं यदि कश्चित्प्रश्नयति किं भवान् करोति ? तदापि नैगमानुसारी सन्नसौ सर्वत्र 'घटं करोमि' इत्येव वक्ति । व्यवहारनयस्याप्येवमेव । परन्तु कम्बुग्रीवादिमन्तं घटं यदा स घटतया व्यपदिशति तदा तस्य स मुख्यतयैव संमतः, तत्पूर्वावस्थासु तूपचारेणैव, न तु मुख्यतया, मृद्द्रव्य-मृत्पिण्डादिषु लोके प्रधानतया घटव्यवहाराभावात् । नैगमनयस्त्वासु सर्वास्ववस्थासु तं मुख्यं घटमेव मन्यते, न तूपचरितमिति विशेषः ।

अथ नैगम आसु सर्वास्ववस्थासु मुख्यं घटं मन्यतयिति स्वीकृतं, तथापि तस्यानेक-

---

નથી, બન્નેનો વિષય અલગ-અલગ જ છે એ વાત આગળ (પૃ. ૩૩૩) સ્પષ્ટ થશે.

જેમ પ્રસ્થકદષ્ટાન્ત છે એમ ઘટદષ્ટાન્તની પણ નૈગમનયે ભાવના કરીએ. ઘડો બનાવવાની માટી ખોદવા માટે હાથમાં કોદાળી લઈને જંગલ તરફ જઈ રહેલા કુંભારાદિને કોઈક પૂછે છે - શા માટે જાઓ છો ? ત્યારે નૈગમનયને અનુસરીને એ કુંભાર ઉત્તર આપે છે કે 'ઘડા માટે જાઉં છું.' પછી માટી ખોદતાં એને કોઈ પૂછે છે... તમે શું ખોદો છો ? ત્યારે પણ એ 'ઘડો ખોદું છું' એમ જવાબ આપે છે. પછી એ માટીનો પિંડ બનાવતા એને કોઈ પૂછે છે-'શું કરો છો ?' ત્યારે પણ નૈગમનયને અનુસરીને એ કહે છે-'ઘડો કરું છું'. એ જ રીતે ક્રમશઃ શિવક-સ્થાસ-કોશ-કુશૂલ-ઘટાદિને કરતી વેળા કોઈક પૂછે કે 'શું કરો છો ?' ત્યારે પણ નૈગમનયાનુસારી બનીને એ બધે એ જ જવાબ આપે છે કે 'ઘડો બનાવું છું.' વ્યવહારનયના પણ આવા જ જવાબો જાણવા. પણ કમ્બુગ્રીવાદિમાન્ ઘડાનો જ્યારે એ ઘડા તરીકે ઉલ્લેખ કરે ત્યારે એ એને મુખ્યરૂપે માન્ય છે, અને એ પૂર્વેની અવસ્થાઓમાં તો ઉપચારથી જ ઘડો માન્ય છે, નહીં કે મુખ્યરૂપે, કારણ કે માટીદ્રવ્ય-પિંડ વગેરેને લોક પ્રધાનરૂપે ઘડા તરીકે સ્વીકારતો નથી. નૈગમનય તો આ દરેક અવસ્થાઓમાં તેને મુખ્ય ઘડા તરીકે જ જુએ છે, નહીં કે ઉપચરિત ઘડા તરીકે... વ્યવહારનય કરતાં નૈગમનયની આટલી વિશેષતા છે.

**શંકા** - ચાલો, નૈગમનય આ બધી અવસ્થાઓમાં મુખ્ય ઘડો માને છે એ વાત

प्रकारवस्त्वभ्युपगमपरत्वं कथं सिद्धम् ? इत्थमिति गृहाण-व्यवहारनयस्य कम्बुग्रीवादिमानेव मुख्यो घटः, शेषास्तूपचारेणैवेति स एकवस्त्वभ्युपगमपर एव । नैगमस्य तु यथा कम्बुग्रीवादिमान् मुख्यो घटस्तथैव खन्यमाना मृदपि मुख्यो घट एव, एवं मृद्यमाना मृदपि मुख्यो घट एव, एवमेव मृत्पिण्ड-शिवक-स्थासादयश्च सर्वेऽपि मुख्यो घट एवेति सिद्धं तस्यानेकप्रकारवस्त्वभ्युपगमपरत्वम् । ननु कोऽत्र समासविग्रहविधिर्भवताऽऽश्रितः ? अनेके प्रकारा येषां तान्यनेकप्रकाराणि वस्तूनि, तेषामनेकप्रकाराणां वस्तूनां घटतयाऽभ्युपगमो यस्तस्मिन् परः अनेकप्रकारवस्त्वभ्युपगमपरस्तस्य भावस्तत्त्वमिति समासविग्रहविधिरत्राहतो मयेति । भवतु भवताऽऽहतः, न तूचितः, नैकगमत्वस्यैवमसिद्धेः। नैके गमाः=बोधप्रकारा यस्य स नैकगमः, तस्य भावो नैकगमत्वम्, अस्य नैकगमस्यासिद्धिरत्र स्पष्टैव, मृद्-मृत्पिण्ड-स्थासादिषु सर्वत्र 'अयं घटः' 'अयं घटः' इत्येवमेकप्रकारस्य बोधस्यैवाभ्युपगतत्वादिति

---

સ્વીકારી લીધી... તો પણ એ અનેક પ્રકારની વસ્તુનો અભ્યુપગમ કરે છે એ શી રીતે સિદ્ધ થશે ?

**સમાધાન** - આ રીતે, વ્યવહારનયને કમ્બુગ્રીવાદિમાન એ જ મુખ્ય ઘટ છે, બાકીના તો ઉપચારથી જ ઘટ છે, એટલે એ એકવસ્તુને જ સ્વીકારે છે. પણ નૈગમનયને તો જેમ કમ્બુગ્રીવાદિમાન્ એ મુખ્ય ઘટ છે એમ ખોદાતી માટી પણ મુખ્ય ઘટ જ છે. એ જ રીતે ખુંદાતી માટી પણ મુખ્ય ઘડો જ છે ને એ જ રીતે પિંડ-શિવક-સ્થાસાદિ બધું જ મુખ્ય ઘડો છે. એટલે એ અનેક પ્રકારની વસ્તુને માનવામાં તત્પર છે એ સિદ્ધ થઈ જ જાય છે.

**શંકા** - નૈગમ 'અનેકપ્રકારવસ્ત્વભ્યુપગમપર' છે. આમાં તમે કવી રીતે સમાસવિગ્રહ કરો છો ?

**સમાધાન** - અનેક છે પ્રકારો જેના તે અનેક પ્રકારની વસ્તુઓ. આ અનેક પ્રકારની વસ્તુઓનો ઘડારૂપે જે અભ્યુપગમ તે અનેકપ્રકારવસ્તુઅભ્યુપગમ... આવો અભ્યુપગમ કરવામાં તત્પર હોવું તે અનેકપ્રકારવસ્તુઅભ્યુપગમપર, એનો ભાવ એ તત્ત્વ. આવો સમાસવિગ્રહ મેં સ્વીકારેલો છે.

**શંકા** - તમે ભલે સ્વીકારેલો હોય... પણ એ ઉચિત નથી, કારણ કે આ રીતે વિગ્રહ કરવામાં નૈકગમત્વ સિદ્ધ થતું નથી. જેના અનેકગમ = અનેકબોધ પ્રકારો છે તે નૈકગમ. તેનો ભાવ એ નૈકગમત્વ. આવું નૈકગમત્વ અહીં સિદ્ધ થતું નથી એ સ્પષ્ટ

चेत् ? न, तस्यैव समासविग्रहविधेरुचितत्वात्, नैकगमत्वसिद्धिस्त्वेवं ज्ञेया-मृद्द्रव्याद् मर्दनादिद्वारा मृत्पिण्डकरणवेलायां नैगमनयो (नैगमानुसारी सन् कुलालः) घटाभिलाषप्राबल्ये 'घटं करोमि' इति वक्ति, कुशूलाभिलाषप्राबल्ये च 'कुशूलं करोमि' इति वदति, एवं कोशाद्यभिलाषप्राबल्ये तु 'कोशादिकं करोमि' इति कथयति । शरावोद्देश्यकप्रवृत्तौ शरावाभिलाषप्राबल्यं भवति, ततश्च स तदा 'शरावं करोमि' इति व्यपदिशति । एवञ्च मृत्पिण्डलक्षण एकस्मिन्नेव पुरःस्थिते वस्तुनि नैगमस्य प्रबलाभिलाषविषयानुसारेण घट-कुशूल-कोशादि-शरावादिलक्षणानामनेकप्रकाराणां वस्तूनां यतोऽभ्युपगमः, अतस्तस्यानेकप्रकार-वस्त्वभ्युपगमपरत्वेन नैकगमत्वसिद्धिरपि नासिद्धेति स्पष्टम् ।

**न चैवं** मृत्पिण्डलक्षण एकस्मिन् वस्तुनि नैगमस्य 'अयं घटः' 'अयं कुशूलः' इत्यादयोऽनेके बोधप्रकाराः सिद्धाः, तथापि 'नैगमस्योर्ध्वतासामान्यलक्षणो वस्त्वंशो विषयः' इति त्वया यदुक्तं तत्तु नैव सिद्धं, नैगमसंमतबोधविषयाणां घट-कुशूलादीनामूर्ध्वतासामान्यत्वा-भावात् । पिण्ड-शिवकादिषु घट-कपालान्तासु विविधास्ववस्थासु घट-कुशूलादीनामन्वयिद्रव्य-

---

જ છે, કેમકે માટી-પિંડ-શિવક વગેરે બધી અવસ્થાઓમાં अयं घटः-अयं घटः એવો એક જ પ્રકારનો બોધ માનેલો છે.

**સમાધાન** - આ શંકા બરાબર નથી, કારણ કે સમાસવિગ્રહ તો એ રીતે કરવો જ ઉચિત છે. નૈકગમત્વની સિદ્ધિ આ પ્રમાણે જાણવી. માટીમાંથી મર્દનાદિ દ્વારા પિંડ બનાવતી વેળા નૈગમનય (નૈગમાનુસારી બનેલો કુંભાર) જો ઘટાભિલાષા પ્રબળ હોય તો 'ઘડો બનાવું છું' એમ કહે છે, જો કુશૂલાભિલાષા પ્રબળ હોય તો 'કુશૂલ બનાવું છું' એમ બોલે છે. એ જ રીતે કોશાદિની અભિલાષા પ્રબળ હોય તો 'કોશાદિ બનાવું છું' એમ જણાવે છે. શરાવ (કોડિયું) બનાવવાનો ઉદ્દેશ હોય ત્યારે શરાવની અભિલાષા પ્રબળ હોવાથી 'શરાવ બનાવું છું' એવો ઉલ્લેખ કરે છે. આમ માટીના પિંડા રૂપ એક જ વસ્તુ અંગે પ્રબળ અભિલાષાને અનુસરીને ઘટ-કુશૂલ-કોશ-શરાવ વગેરે રૂપ અનેક વસ્તુઓનો બોધ માનેલો છે. આમ નૈગમનયની અનેક પ્રકારની વસ્તુ માનવાની તત્પરતાના કારણે નૈકગમત્વસિદ્ધિ થવી અસિદ્ધ નથી એ સ્પષ્ટ છે.

**પૂર્વપક્ષ** - આ રીતે માટીના પિંડામાં નૈગમના अयं घटः, अयं कुशूलः વગેરે અનેક પ્રકારનો બોધ સિદ્ધ થયો... પણ "નૈગમનો ઊર્ધ્વતાસામાન્યરૂપ વસ્તુઅંશ વિષય છે" એ વાત ક્યાં સિદ્ધ થઈ ? કારણ કે નૈગમને માન્ય બોધના વિષયરૂપ ઘટ-કુશૂલ વગેરે ઊર્ધ્વતાસામાન્યરૂપ નથી, તે પણ એટલા માટે કે પિંડ-શિવકથી લઈને ઘટ-કપાલ

त्वाभावात्, यस्यान्वयिद्रव्यत्वं तस्य तत्त्वस्यैव वोर्ध्वतासामान्यत्वनियमान् मृद्द्रव्यस्य मृत्त्वस्यैव वाऽत्रोर्ध्वतासामान्यत्वसिद्धेश्च ।

**अथ** पिण्ड-शिवकादिष्ववस्थासु 'इयं मृद्'[१] 'इयं मृद्' इत्यनुगताकारा बुद्धिर्यतो भवति, अतस्तत्र मृद्द्रव्यस्यान्वयित्वमूर्ध्वतासामान्यत्वं च यथा मन्यते तथा नैगमनयानुसारेण

---

સુધીની વિવિધ અવસ્થાઓમાં ઘટ-કુશૂલ વગેરે કાંઈ અન્વયી દ્રવ્યરૂપ નથી. જે અન્વયી દ્રવ્ય હોય તે જ કે તેપણું (તત્ત્વ) જ ઊર્ધ્વતાસામાન્યરૂપ હોવાનો નિયમ હોવાથી અહીં મૃદ્દ્રવ્ય કે મૃત્ત્વ જ ઊર્ધ્વતાસામાન્યરૂપ છે.

**શંકા** - પિંડ-શિવક વગેરે અવસ્થાઓમાં 'આ માટી છે'[૧] 'આ માટી છે' એવી અનુગતઆકારવાળી બુદ્ધિ થાય છે. એટલે એમાં માટીદ્રવ્યને અન્વયી અને ઊર્ધ્વતાસામાન્યરૂપ જેમ મનાય છે તેમ નૈગમનયાનુસારે તે બધી અવસ્થાઓમાં ઘટાભિલાષા પ્રબળ હોય ત્યારે अयं घट: अयं घट: એવી અનુગત આકારવાળી બુદ્ધિ સંભવિત હોવાથી એમાં ઘટને અન્વયી અને ઊર્ધ્વતાસામાન્યરૂપ માનવો જ જોઈએ.

**સમાધાન (પૂર્વપક્ષ)** : જ્યારે ઘટાભિલાષા પ્રબળ હોય ત્યારે નૈગમનયાનુસારે

---

[१. यद्यपि कुलालादेरभिसंधिजवीर्यसम्पन्नेषु पिण्डादिषु सामान्यतया 'अयं पिण्ड:' इत्यादिबुद्धेरेवोदयोऽनुभूयते, न तु 'इयं मृद्' इति। यस्तु पिण्डादीन् पिण्डादितया न जानाति तस्यापि 'इदं मृन्निष्पन्नं किञ्चिद्' इति बुद्धिरुदेति, न तु 'इयं मृद्' इति । तथा, यदा पिण्डादीनां समानरूपेण ग्रहणाभिप्रायस्तदापि 'अयं मृन्मय:' 'अयं मृन्मय:' इत्येव ज्ञानं प्रादुर्भवति, न तु 'इयं मृद्' इति । 'इयं मृद्' इति ज्ञानं तु, खननादिद्वारा प्राप्तायां कुलालप्रयत्नजन्यात् प्रथमकार्यरूपात् पिण्डात्पूर्वावस्थायामवस्थितायां मृद्येवानुभूयते । तथापि पृथिवीविकारेष्वपि घटादिषु 'इयं पृथिवी' 'इयं पृथिवी' इति बुद्धिर्नैयायिकादीनां या सम्मता तामनुसृत्य पिण्डादिषु 'इयं मृद्' 'इयं मृद्' इति बुद्धिरपि संमता स्यादपीत्यभिप्रायेणात्र तदुल्लेख इति ध्येयम् ।]

[૧. જો કે કુંભાર વગેરેના અભિસંધિજ વીર્યથી બનેલા પિંડ વગેરે અંગે સામાન્યથી अयं पिण्ड: (આ પિંડો) વગેરે બુદ્ધિ જ અનુભવાય છે, નહીં કે 'આ માટી છે' એવી બુદ્ધિ. જે પિંડ વગેરેને પિંડ વગેરે રૂપે જાણતો નથી એને પણ 'આ માટીની કોઈક વસ્તુ છે' એવી બુદ્ધિ જાગે છે, નહીં કે 'આ માટી' એવી બુદ્ધિ. તથા જ્યારે પિંડ-શિવક વગેરેનું સમાનરૂપે જ્ઞાન કરવાનો અભિપ્રાય હોય ત્યારે પણ 'આ મૃન્મય છે' (અથવા 'આ માટીનું છે') 'આ મૃન્મય છે' એવું જ જ્ઞાન થાય છે. નહીં કે 'આ માટી છે' એવું. 'આ માટી છે' એવું જ્ઞાન તો જે ખોદવા દ્વારા મળેલી છે, અને કુંભારે એમાંથી પિંડ વગેરે કશું પણ હજું બનાવ્યું નથી એવી અવસ્થામાં રહેલી માટી અંગે જ થાય છે. તો પણ, પૃથ્વીદ્રવ્યના વિકારરૂપ ઘટાદિમાં 'આ પૃથ્વી' 'આ પૃથ્વી' એવી બુદ્ધિ નૈયાયિક વગેરેએ જે સ્વીકારેલી છે તેને અનુસરીને પિંડ વગેરેમાં 'આ માટી' 'આ માટી' એવી બુદ્ધિ પણ સંમત બની શકે એવા અભિપ્રાયથી આ ઉલ્લેખ છે એ ધ્યાનમાં રાખવું.]

तासु सर्वास्ववस्थासु घटाभिलाषप्राबल्ये 'अयं घट:' 'अयं घट:' इत्यनुगताकारा बुद्धिर्यतः सम्भवति, अतस्तत्र घटस्यान्वयित्वमूर्ध्वतासामान्यत्वं च मन्तव्यमेवेति **चेत् ? न,** घटाभिलाषप्राबल्ये नैगमनयानुसारेण पिण्ड-शिवकादिः सर्वोऽपि घट एवेति नानात्वस्यैवाभावात् कुतो घटस्यान्वयित्वमूर्ध्वतासामान्यत्वं वा ? **स्यादेवं** - घटाभिलाषप्राबल्ये सर्वोऽपि घट एव, कुशूलाभिलाषप्राबल्ये सर्वोऽपि कुशूल एव, एवं कोशाद्यभिलाषप्राबल्ये सर्वोऽपि कोशादिरेवेति कुतो नानात्वस्यासिद्धिः? घट-कुशूल-कोशादीनां भिन्नतया नानात्वप्रसिद्धेरिति। **तत्तुच्छं**, एकत्र सन्धित्सतोऽन्यत्र प्रच्यवात्, नानात्व एवं रीत्या साध्यमानेऽन्वयित्वाभाव-प्रसङ्गात् । यदा (= घटाभिलाषप्राबल्ये) पिण्डादिर्घटस्तदा न तत्र कुशूलद्रव्यं, यदा (= कुशूलाभिलाषप्राबल्ये) तु कुशूलस्तदा न तत्र घटद्रव्यमित्येवं घटकुशूलादेरेकस्याप्यन्वयित्वा-भावादूर्ध्वतासामान्यत्वासिद्धिर्वज्रलेपायितैव । **ननु** पिण्ड-शिवक-स्थासादयो व्यवहारनयेन नानैव, तेषु च नैगमनयेन 'अयं घट:' 'अयं घट:' इत्यनुगताकारबुद्धेर्जायमानत्वाद् घटद्रव्यस्यैवान्वयित्वमूर्ध्वतासामान्यत्वञ्चाबाधितमेवेति **चेत्? न,** नानात्वं व्यवहारनयेनान्वयित्वञ्च

---

પિંડ-શિવક વગેરે બધું ઘટ જ છે, એટલે નાનાત્વ જ ન હોવાથી ઘટ અન્વયી શી રીતે કહેવાય ? ઊર્ધ્વતાસામાન્યં શી રીતે કહેવાય ?

**શંકા** - ઘટાભિલાષા પ્રબળ હોય ત્યારે બધું ઘટ જ જણાય છે એમ કુશૂલની અભિલાષા પ્રબળ હોય ત્યારે બધુ કુશૂલ જ જણાય છે. એમ કોશાદિની અભિલાષા પ્રબળ હોય ત્યારે બધુ કોશાદિરૂપે ભાસે છે. તો પછી નાનાત્વ અસિદ્ધ ક્યાં રહ્યું ? કારણ કે ઘટ-કુશૂલ-કોશ વગેરે જુદા-જુદા હોવાથી નાનાત્વ પ્રસિદ્ધ થઈ શકે છે.

**સમાધાન (પૂર્વપક્ષ)** - આવી શંકા તુચ્છ છે, કારણ કે ત્રણ સાંધતા તેર તૂટે એવું થયેલું છે. તે પણ એટલા માટે કે નાનાત્વ સિદ્ધ કરવા જતાં અન્વયિત્વ ઊડી જાય છે. તે આ રીતે - ઘટની અભિલાષા પ્રબળ હોય ત્યારે પિંડાદિ ઘટરૂપ હોય છે, પણ એ વખતે ત્યાં કુશૂલદ્રવ્ય હોતું નથી. જ્યારે કુશૂલની અભિલાષા પ્રબળ હોય છે ત્યારે પિંડાદિ બધુ કુશૂલરૂપ હોય છે, પણ એ વખતે ઘટદ્રવ્ય હોતું નથી. આમ, ઘટ-કુશૂલ વગેરેમાંથી એક પણ અન્વયી ન બનવાના કારણે ઊર્ધ્વતાસામાન્યરૂપ ન બનવાની આપત્તિ વજ્રલેપ જેવી દૃઢ છે જ.

**શંકા** - પિંડ-શિવક-સ્થાસ વગેરે વ્યવહારનયે નાના (= જુદા-જુદા) છે જ. અને એ બધામાં નૈગમનયે अयं घटः-अयं घटः એવી અનુગતાકારવાળી બુદ્ધિ થાય છે. એટલે ઘટદ્રવ્ય જ અન્વયી હોવું અને ઊર્ધ્વતાસામાન્યરૂપ હોવું અબાધિત છે.

नैगमनयेनेत्यर्द्धजरतीयन्यायापातादिति **वाच्यं,** अर्द्धजरतीयन्यायापाताभावाद्, अन्यथा सङ्ग्रहेऽपि तव का गतिः ? अयमाशयः - सङ्ग्रहनयस्य तिर्यक्सामान्यं विषयः, सामान्यग्राहित्वात्तस्य । तथा *'एगे आया'* इति सङ्ग्रहनयदृष्टिः । ततश्च तन्नयेनात्मन एकतया नानात्वस्यानुपपत्तेः 'अयमात्मा' 'अयमात्मा' इत्यनुगताकाराया बुद्धेरात्मद्रव्यस्यान्वयित्वस्य चासम्भवात् तिर्यक्-सामान्यस्याप्यसम्भव एव, अनेकत्वस्यैवाभावाद् नित्यत्वे सत्यनेकसमवेतत्वस्यापि सुतरामभावात् । तथापि शास्त्रेषु सङ्ग्रहनयविषयतया तिर्यक्सामान्यं कथितमेव । तदुपपादनार्थं 'व्यवहारनयेन नानात्वं, सङ्ग्रहनयेन चान्वयित्वं' इति सङ्गतिं विहाय कोऽन्यः पन्थाः ? एवमेव घटविषयेऽपि ज्ञेयम् । व्यवहारनयेन ये नाना घटाः, तेषु सर्वेषु सत्यपि देशादिभेदेन भेदे 'अयं घटः' 'अयं घटः' इति बुद्धेरुदयाद् घटद्रव्यस्यान्वयित्वं तिर्यक्सामान्यत्वञ्च । **ननु** नानाघटेषु 'अयं घटः' 'अयं घटः' इति बुद्धिर्व्यवहारनयेनापि सम्भवत्येवेति नानात्वमपि व्यवहारनयेनान्वयित्वमपि च तेनैवेति **चेत् ? सत्यं,** परन्तु व्यवहारनयसंमतया तयाऽनुगतबुद्ध्या

---

**સમાધાન (પૂર્વપક્ષ)** : પિંડાદિમાં નાનાત્વ વ્યવહારનયે માનવું અને એ બધામાં ઘટનું અન્વયિત્વ નૈગમનયે માનવું... આ તો અર્ધજરતીયન્યાય થયો. માટે નૈગમનયના વિષયભૂત ઘટાદિ ઊર્ધ્વતાસામાન્ય તરીકે સિદ્ધ થતા નથી.'

**ઉત્તરપક્ષ** - તમારી વાત બરાબર નથી, કારણ કે આમાં કોઈ અર્ધજરતીયન્યાય છે નહીં. નહીંતર તો સંગ્રહનયમાં પણ તમારી શું ગતિ થશે ? આશય એ છે કે - સંગ્રહનયનો તિર્યક્સામાન્ય એ વિષય છે, કારણ કે એ સામાન્યગ્રાહી છે. તથા एगे आया (આત્મા એક છે) આ સંગ્રહનયની દૃષ્ટિ છે. એટલે સંગ્રહનયે આત્મા એક જ હોવાથી નાનાત્વ અસંગત હોવાના કારણે अयमात्मा-अयमात्मा આવી અનુગતાકારવાળી બુદ્ધિ અને આત્મદ્રવ્યનું અન્વયિત્વ અસંભવિત રહેવાથી તિર્યક્સામાન્ય પણ અસંભવિત જ બની જશે, કારણ કે (નૈયાયિકને અનુસરીએ તો) અનેકત્વનો જ અભાવ હોવાથી नित्यत्वे सति अनेकसमवेतत्व નો પણ સુતરાં અભાવ છે જ. છતાં શાસ્ત્રોમાં સંગ્રહનયના વિષય તરીકે તિર્યક્સામાન્ય કહેલું જ છે. તેને સંગત કરવા માટે વ્યવહારનયે નાનાત્વ અને સંગ્રહનયે અન્વયિત્વ... આવી સંગતિ છોડીને બીજો કયો માર્ગ છે ? એ જ રીતે ઘટ અંગે પણ જાણવું. વ્યવહારનયે જે નાના ઘટ છે તે બધામાં દેશાદિભેદે ભેદ હોવા છતાં अयं घटः-अयं घटः એવી બુદ્ધિ થતી હોવાથી ઘટદ્રવ્ય અન્વયી છે અને તિર્યક્સામાન્યરૂપ છે.

घटत्वस्यान्वयित्वं तिर्यक्सामान्यत्वञ्च सिध्यति, न तु घटद्रव्यस्य। **ननु** सङ्ग्रहोऽपि घटत्वेनैव सर्वान् घटान् सङ्गृह्णातीति तस्यापि घटत्वमेव तिर्यक्सामान्यतयाऽभिप्रेतं, न तु घटद्रव्यमिति **चेत्? न,** सङ्ग्रहनयकल्पनाया अन्तर्गडुत्वापत्तेः, तद्विषयस्य घटत्व-आत्मत्वादिलक्षणस्य तिर्यक्सामान्यस्य बुद्धेर्व्यवहारेणैवोपपत्तेः, सङ्ग्रहनयसम्मतस्य *'एगे आया'* इति सूत्रस्यानुपपत्तेश्च, आत्मत्वस्य तिर्यक्सामान्यत्वे 'एकमात्मत्वं' इति सूत्रणस्यावश्यकत्वात्, तिर्यक्सामान्यतयाऽभिप्रेत एवैकत्वस्य सम्मतत्वात्, न तु तदाश्रयेऽपि । **अथ** सङ्ग्रहनयस्य द्रव्यार्थिकत्वादभेदसम्बन्धः सम्मतः । अत आत्मत्व-आत्मनोरभिन्नतयाऽऽत्मत्वगतमेकत्वमात्मन्यपि वर्तत एवेति तदपेक्ष्य *'एगे आया'* इत्येतत् सूत्रं सूत्रितमिति **चेत् ? न,** सङ्ग्रहनयस्यान्तर्गडुत्वापत्तेस्तदवस्थत्वात्, *'एगे आया'* 'एको घटः' इत्यादीनां व्यवहारेणैव साङ्गत्यसम्भवात्, द्रव्यार्थिकस्य तस्याप्यभेदसम्बन्धस्य सम्मततयाऽऽत्मत्वाभिन्न आत्मन्यात्मत्व-

---

**શંકા** - નાના ઘટમાં अयं घटः-अयं घटः એવી બુદ્ધિ તો વ્યવહારનયે પણ સંભવે છે. એટલે નાનાત્વ પણ વ્યવહારનયે અને અન્વયિત્વ પણ એ જ નયે એમ લેવું જોઈએ, (જેથી અર્ધજરતીયન્યાય પણ ન થાય.)

**સમાધાન** - સાચી વાત. પણ વ્યવહારનયને માન્ય તે અનુગતબુદ્ધિથી અન્વયિરૂપે અને તિર્યક્સામાન્યરૂપે ઘટત્વ સિદ્ધ થશે, નહીં કે ઘટદ્રવ્ય.

**શંકા** - સંગ્રહનય પણ ઘટત્વ વડે જ સર્વ ઘડાઓનો સંગ્રહ કરે છે, એટલે તેના મતે પણ ઘટત્વ જ તિર્યક્સામાન્ય તરીકે અભિપ્રેત છે, નહીં કે ઘટદ્રવ્ય.

**સમાધાન** - તો પછી (૧) સંગ્રહનય વ્યર્થ બની જશે, કારણ કે એના વિષયભૂત ઘટત્વ-આત્મત્વ વગેરે રૂપ તિર્યક્સામાન્યની બુદ્ધિ તો વ્યવહારનયે જ સંગત થઈ જાય છે. (૨) સંગ્રહનયસંમત एगे आया સૂત્ર અસંગત થઈ જશે, કારણ કે આત્મત્વ જો તિર્યક્સામાન્ય હોય તો 'એક આત્મા' નહીં, પણ 'એક આત્મત્વ' એવું સૂત્ર બનાવવું પડત, તે પણ એટલા માટે કે તિર્યક્સામાન્ય તરીકે જે અભિપ્રેત હોય એમાં જ એકત્વ માન્ય છે, નહીં કે એના આશ્રયમાં પણ.

**શંકા** - સંગ્રહનય દ્રવ્યાર્થિક હોવાથી અભેદ સંબંધ માનનારો છે. તેથી આત્મત્વ અને આત્મા અભિન્ન હોવાથી આત્મત્વમાં રહેલ એકત્વ આત્મામાં પણ રહ્યું જ છે, ને માટે એની અપેક્ષાએ एगे आया એવું સૂત્ર બનાવેલું છે.

**સમાધાન** - આવી શંકા બરાબર નથી, કારણ કે તો સંગ્રહનય નિરર્થક બની જવાની આપત્તિ એવી ને એવી જ ઊભી રહે છે. તે પણ એટલા માટે કે एगे आया, एको घटः વગેરેની સંગતિ વ્યવહારનયથી જ શક્ય બની જાય છે. વ્યવહારનય પણ

गतस्यैकत्वस्य वर्तमानत्वात् । ततश्च सङ्ग्रहनयकल्पनाया अन्तर्गडुत्ववारणार्थमात्मन्येवैकत्वं मन्तव्यम् । इत्थञ्च यथा मृत्पिण्डे व्यवहारनयः कारणे कार्योपचारादुपचरितो घटो मन्यते, नैगमस्तु मुख्य एव, तथैवात्मत्वगतमेकत्वमुपचर्य व्यवहारनय आत्मन्युपचरितमेकत्वं मन्यते, सङ्ग्रहस्तु तत्र मुख्यमेकत्वमेव मन्यते । एवमेव 'सम्पन्नो व्रीहिः' 'यदौषधं त्वया गृहीतं तदेव मया गृहीतं' इत्यादिकान् लोकप्रसिद्धान् वाक्प्रयोगान् व्यवहारनयो व्रीहित्वौषधत्वादि-गतमेकत्वं व्रीह्यौषधादिषूपचर्य सङ्गमयति, सङ्ग्रहस्तूपचारेण विनैव तत्र मुख्यमेकत्वं गृहीत्वा सङ्गमयतीति ध्येयम् ।

ततश्च व्यवहारनयेन ये नानाऽऽत्मानस्तेषु सर्वेषु सङ्ग्रहनय एकमेवात्मद्रव्यमभ्युपगच्छति, एवं व्यवहारनयेन ये बहवो घटास्तान् सर्वान् सङ्ग्रहनय एकघटतयैव गृह्णातीति स्थितम् । अतो नानात्वं व्यवहारनयेन, अन्वयश्च सङ्ग्रहनयेनेति स्थितम्, न तत्रार्द्धजरतीयन्यायदोषापत्तिः, अस्मादृतेऽन्यस्य समाधानप्रकारस्यासम्भवात् । एवमेव व्यवहारनयेन पिण्ड-शिवक-स्थासादयो या नानाऽवस्थास्ताः सर्वा नैगमनयो घटाभिलाषप्राबल्ये घटतयैव गृह्णातीति नानात्वं व्यवहारनयेन, अन्वयो नैगमनयेनेत्येवमुपपादने नार्द्धजरतीयन्यायदोषापत्तिः, अनेन विनाऽन्यस्यो-

---

દ્રવ્યાર્થિક છે, અભેદ સંબંધ માનનારો છે. એટલે આત્મત્વમાં રહેલ એકત્વ આત્મત્વથી અભિન્ન એવા આત્મામાં રહેલું માની જ શકે છે. તેથી સંગ્રહનય માનવાની જરૂર રહેતી નથી. આ આપત્તિને અટકાવવી હોય તો આત્મામાં સાક્ષાત્-નિરુપચરિત એકત્વ રહેલું છે એમ માનવું પડે. જે વ્યવહારનો વિષય ન હોવાથી, સંગ્રહનયનો વિષય છે એમ માનવું જરૂરી બનવાથી સંગ્રહનય સાર્થક બને.

એટલે પિંડમાં જેમ વ્યવહારનય કારણમાં કાર્યોપચાર કરીને ઘટ માને છે, પણ નૈગમનય તો મુખ્ય ઘટ જ માને છે. એમ, આત્મત્વમાં રહેલ એકત્વનો ઉપચાર કરીને વ્યવહારનય આત્મામાં એકત્વ માને છે, પણ સંગ્રહનય તો એમાં મુખ્ય એકત્વ જ માને છે. એ જ રીતે, **सम्पन्नो व्रीहिः**, જે દવા તમે લીધી એ જ મેં લીધી... વગેરે લોકપ્રસિદ્ધ વચનપ્રયોગોને, વ્યવહારનય વ્રીહિત્વ-ઔષધત્વ... વગેરેમાં રહેલા એકત્વનો વ્રીહિ-ઔષધ વગેરેમાં ઉપચાર કરીને ઘટાવે છે, સંગ્રહનય તો ઉપચાર વિના જ એમાં મુખ્ય એકત્વ માનીને ઘટાવે છે એ ધ્યાનમાં રાખવું.

તેથી, વ્યવહારનયે જે વિવિધ આત્માઓ છે તે બધામાં સંગ્રહનય એક જ આત્મદ્રવ્ય જુએ છે. એમ વ્યવહારનયે જે ઘણા ઘડાઓ છે તે બધાને સંગ્રહનય એક જ ઘડા તરીકે જુએ છે, એ નક્કી થયું. એટલે નાનાત્વ વ્યવહારનયે અને અન્વય સંગ્રહનયે, એમાં

पपादनप्रकारस्यासम्भवात् । वस्तुतस्तु सङ्ग्रहनयवाक्येऽत्र च 'योऽन्वयः' इति शब्दः प्रयुक्तः सोऽपि व्यवहारनयेनैव, सङ्ग्रह-नैगमनययोस्तु नानात्वस्यैवाभावात् काऽनुगताकारा बुद्धिः ? को वाऽन्वयः? इत्थञ्च 'व्यवहारनयेन ये नाना घटास्तेषु सर्वेषु सङ्ग्रहनयेनैकमेव घटद्रव्यमन्वेति' इत्यस्मिन् वाक्ये 'एकमेव घटद्रव्यम्' इत्यंश एव सङ्ग्रहसम्मतः, शेषस्तु सर्वोऽप्यंशो व्यवहारेणैव । परन्तु 'व्यवहारनयेन ये नाना घटास्तेषु सर्वेष्वेकमेव घटत्वमन्वेति' इत्येतत्तु संपूर्णं वाक्यं व्यवहारनयेनैव । एवमेव 'व्यवहारनयेन या नाना पिण्डादिका अवस्थास्तासु सर्वासु नैगमनयेन घटद्रव्यमेवान्वयि' इत्यस्मिन् वाक्ये 'घटद्रव्यम्' इत्यंश एव नैगमाभिमतः, शेषस्तु सर्वोऽप्यंशो व्यवहाराभिमत एव । परन्तु 'व्यवहारनयेन या नाना पिण्डादिका अवस्थास्तासु सर्वासु मृद्द्रव्यमन्वयि' इत्येतत्तु संपूर्णं वाक्यं व्यवहारनयेनैव ।

एवमेव ऋजुसूत्रनयेऽपि व्यवहारनयांशो ज्ञेयः । तद्यथा-'पूर्वक्षणीयो घटो नास्ति'

---

કોઈ અર્ધજરતીયન્યાયનો દોષ લાગતો નથી, કારણ કે આના સિવાય બીજો કોઈ સમાધાનનો માર્ગ સંભવતો નથી. એ જ રીતે વ્યવહારનયે પિંડ-શિવક-સ્થાસ વગેરે જે નાના અવસ્થાઓ છે તે સર્વને નૈગમનય ઘટાભિલાષા પ્રબળ હોય ત્યારે ઘડારૂપે જુએ છે. તેથી નાનાત્વ વ્યવહારનયે અને અન્વય નૈગમનયે... આ રીતે સંગતિ કરવામાં કોઈ અર્ધજરતીય ન્યાય વગેરે દોષ નથી, કારણ કે આ સિવાય બીજો કોઈ ઉપાય જ નથી.

વસ્તુતઃ સંગ્રહનયના વાક્યમાં અને અહીં (= નૈગમનયના વાક્યમાં) જે 'અન્વય' શબ્દ વપરાયેલો છે તે પણ વ્યવહારનયે જ છે, સંગ્રહ-નૈગમનયને તો નાનાત્વ જ ન હોવાથી અનુગતઆકારવાળીબુદ્ધિ શું ? કે અન્વય શું ? એટલે, 'વ્યવહારનયે જે નાના ઘડાઓ છે તે બધામાં સંગ્રહનયે એક જ ઘટદ્રવ્યનો અન્વય છે' આવા વાક્યમાં 'એક જ ઘટદ્રવ્ય' આટલો અંશ જ સંગ્રહનયનો છે, બાકીનો બધો વ્યવહારનયનો જ છે. પરંતુ 'વ્યવહારનયે જે નાના ઘડાઓ છે તે બધામાં એક જ ઘટત્વનો અન્વય છે' આ તો આખું વાક્ય વ્યવહારનયનું જ છે. એ જ રીતે, 'વ્યવહારનયે જે પિંડ વગેર વિવિધ અવસ્થાઓ છે તે બધીમાં નૈગમનયે ઘટદ્રવ્યનો જ અન્વય છે' એવા વાક્યમાં 'ઘટદ્રવ્ય' આટલો અંશ જ નૈગમનયનો છે, બાકીનો બધો વ્યવહારનયનો છે. પરંતુ 'વ્યવહારનયે જે પિંડ વગેરે નાના અવસ્થાઓ છે તે બધીમાં માટીદ્રવ્યનો અન્વય છે' આ તો આખું વાક્ય વ્યવહારનયનું જ છે.

આ જ રીતે ઋજુસૂત્રનયના વાક્યમાં પણ વ્યવહારનયનો અંશ જાણવો. જેમકે ઋજુસૂત્રને અભિમત 'પૂર્વક્ષણીય ઘડો છે નહીં' એવા વાક્યમાં 'પૂર્વક્ષણીય ઘડો' એટલો

इति ऋजुसूत्रनयाभिमते वाक्ये 'पूर्वक्षणीयो घटः' इत्यंशो व्यवहारनयाभिप्रायेणैव, अन्यथा ऋजुसूत्राभिप्रायेण तस्यासत्तयोद्देश्यत्वासम्भवात् कमुद्दिश्यात्रास्तित्वं निषिध्यते ? इति प्रश्ने मौनमेवाश्रयणीयं स्यात् । परन्तु, 'अध्वस्ततया व्यवहारनयेन यः पूर्वक्षणीयो घटोऽधुनाऽपि विद्यते तमुद्दिश्यात्र ऋजुसूत्रनयेनास्तित्वं निषिध्यते' इत्याश्रयणे न कोऽपि प्रश्न इति स्पष्टमेव । एवमेवान्यनयवाक्येष्वपि व्यवहारनयांशो निश्चेयः ।

नैगम-सङ्ग्रहविषये चेदमपि ध्येयम् । पूर्वं मृत्पिण्डं नैगमनयदृष्ट्या घटतया दृष्ट्वा पश्चाद् घटीभूतं तं दृष्ट्वा 'सोऽयं घटः' इति प्रत्यभिज्ञा प्रादुरस्ति । 'तदेवौषधं मया गृहीतं' इत्यादौ च सङ्ग्रहनयानुसारिणी प्रत्यभिज्ञाऽस्ति । तत्र नैगमानुसारिण्याः प्रत्यभिज्ञाया-स्तादात्म्यरूपोऽभेदो विषयः, मृत्पिण्डस्यैव घटीभूतत्वात्। परन्तु सङ्ग्रहानुसारिण्याः प्रत्यभिज्ञाया न तादात्म्यरूपोऽभेदो विषयः, अपि तु सादृश्यरूपोऽभेद एव, 'तत्'पदपरामृष्टौषधेन सह गृहीतस्यौषधस्य तादात्म्याभावात्, सादृश्यस्यैव सद्भावात् ।

---

અંશ વ્યવહારનયના અભિપ્રાયે જ છે, નહીંતર ઋજુસૂત્રનયના અભિપ્રાયે તો એ અસત્ હોવાથી ઉદ્દેશ્ય બની શકતો નથી. તેથી કોને ઉદ્દેશીને અહીં અસ્તિત્વનો નિષેધ કરાઈ રહ્યો છે ? એવા પ્રશ્નમાં મૌન જ લઈ લેવું પડે. પરંતુ વ્યવહારનયાનુસારે ધ્વસ્ત નહીં થયેલ હોવાથી વર્તમાનક્ષણે પણ જે ઘડો વિદ્યમાન છે તેને ઉદ્દેશીને આ વાક્યમાં ઋજુસૂત્રનયે અસ્તિત્વનો નિષેધ કરાઈ રહ્યો છે એવું તાત્પર્ય સમજવામાં કોઈ પ્રશ્ન રહેતો નથી. એ જ રીતે અન્ય નય વાક્યોમાં પણ વ્યવહારનયનો અંશ જાણવો. (આખું જ વાક્ય ઋજુસૂત્રનયનું માનવું હોય તો વ્યવહારનયમાન્ય પૂર્વક્ષણીયઘડાનો અભ્યુપગમ ન્યાયે સ્વીકાર કરીને ઋજુસૂત્ર નિષેધ કરી રહ્યો છે એવો અર્થ લેવો... પણ એમાં પણ અભ્યુપગમઅંશમાં વ્યવહારની વાત આવે જ છે.)

નૈગમ અને સંગ્રહનયના વિષયમાં આ વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે - પહેલાં મૃત્પિંડને નૈગમનયની દૃષ્ટિથી ઘડા તરીકે જોયો... પછી ઘડો બની ગયેલા તેને જોઈને 'આ એ જ ઘડો છે' એવી પ્રત્યભિજ્ઞા થાય છે. વળી 'મેં પણ એ જ દવા લીધી' વગેરેમાં સંગ્રહનયને અનુસરનારી પ્રત્યભિજ્ઞા છે. આ બેમાં નૈગમનયાનુસારિણી પ્રત્યભિજ્ઞાનો તાદાત્મ્યરૂપ અભેદ વિષય છે, કારણ કે પિંડો જ ઘડો બની ગયો છે. જ્યારે સંગ્રહનયાનુસારિણી પ્રત્યભિજ્ઞાનો તાદાત્મ્યરૂપ અભેદ એ વિષય નથી, કિન્તુ સાદૃશ્યરૂપ અભેદ એ વિષય છે. કારણ કે 'તત્' પદથી જે ઔષધની વાત છે એની સાથે પોતે લીધેલી દવાનું તાદાત્મ્ય નથી, પણ સાદૃશ્ય જ છે.

**अथ** तादात्म्यलक्षणोऽभेदः पूर्वं श्रुत एव, साद्दश्यलक्षणस्त्वपूर्वो भातीति **चेत्?** तत्किं पटे विवक्षितस्य घटस्य घटत्वावच्छिन्नप्रतियोगिताकं घटभेदं यथा त्वं मन्यसे तथाऽन्यघटेऽपि तं घटभेदं मन्यसे ? नैव मन्य इति **चेत् ? तर्हि** सिद्धस्तत्र साद्दश्यलक्षणोऽभेदः । अयम्भावः - अन्यस्मिन् घटे विवक्षितस्य घटस्य घटत्वावच्छिन्नप्रतियोगिताकघटभेदो यन्नास्ति तेन तत्र तदभेदो वर्तत इति ज्ञायते । परन्तु तत्र तत्तादात्म्यं तु नास्त्येव, घटत्वेन साद्दश्यमेवास्ति। एतत्साद्दश्यमेवाभेदतया प्रतीयते । न चेयमपि काचिदपूर्वा वार्ता, नैयायिकानामपि संमतत्वात् । तथाहि - पटे घटत्वावच्छिन्नघटभेदो वर्तते, परन्तु द्रव्यत्वावच्छिन्नघटभेदस्तु नैव वर्तते, तत्र द्रव्यत्वस्य सद्भावात् । ततश्च पटे द्रव्यत्वावच्छिन्नघटभेदाभावलक्षणो घटाभेदो मन्तव्यः । किञ्च भेदाभावः प्रतियोगितावच्छेदकरूपो भवतीति **व्याप्तिपञ्चकादौ** प्रसिद्धम् । तस्मात् पटे वर्तमानो द्रव्यत्वावच्छिन्नप्रतियोगिताकघटभेदाभावरूपो घटाभेदो द्रव्यत्वरूप इति सिद्धम् । तथा पटे घटसाद्दश्यमपि द्रव्यत्वरूपमेव, नैयायिकमते साद्दश्यस्य

---

**શંકા** - તાદાત્મ્યસ્વરૂપ અભેદ તો સાંભળેલો છે, સાદૃશ્યસ્વરૂપ અભેદની વાત અપૂર્વ લાગે છે.

**સમાધાન** - વિવક્ષિત ઘડાનો ઘટત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાક ઘટભેદ (= ઘડારૂપે ઘડાનો ભેદ) પટમાં જેમ તું માને છે એમ શું અન્ય ઘડામાં પણ માને છે ?

**શંકા** - નથી જ માનતો.

**સમાધાન** - તો સાદૃશ્યસ્વરૂપ અભેદ સિદ્ધ થઈ જ ગયો. આશય એ છે કે - બીજા ઘડામાં વિવક્ષિત ઘડાનો ઘટત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાક ઘટભેદ જે નથી એનાથી એમાં એનો અભેદ છે એ જણાય જ છે. પરંતુ એ બીજા ઘડામાં વિવક્ષિત ઘડાનું તાદાત્મ્ય તો છે નહીં. ઘડારૂપે સાદૃશ્ય જ છે. આ સાદૃશ્ય જ અભેદરૂપે જણાય છે. વળી આ પણ કોઈ નવી જ વાત છે એવું નથી, કારણ કે નૈયાયિકોને પણ આ વાત પ્રસિદ્ધ જ છે - માન્ય જ છે. તે આ રીતે - પટમાં ઘટત્વાવચ્છિન્ન ઘટભેદ છે, પરંતુ દ્રવ્યત્વાવચ્છિન્ન ઘટભેદ નથી, કારણ કે એમાં દ્રવ્યત્વ સાક્ષાદ્ હાજર છે. એટલે કે પટમાં દ્રવ્યત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાક ઘટભેદના અભાવરૂપ ઘટઅભેદ માનવો પડે છે. વળી ભેદનો અભાવ પ્રતિયોગિતાવચ્છેદકરૂપ હોય છે એ વાત **વ્યાપ્તિપંચકાદિ** ગ્રન્થોમાં પ્રસિદ્ધ છે. એટલે પટમાં રહેલો, દ્રવ્યત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાક ઘટભેદના અભાવરૂપ ઘટનો અભેદ દ્રવ્યત્વરૂપ છે એ નક્કી થયું. વળી પટમાં રહેલું ઘટસાદૃશ્ય પણ દ્રવ્યત્વરૂપ જ છે, કારણ કે નૈયાયિકના મતે 'જે તેનાથી ભિન્ન હોય અને તેમાં રહેલ ઘણા ધર્મો

तद्भिन्नत्वे सति तद्गतभूयोधर्मरूपत्वात्, अत्र तद्गतभूयोधर्मरूपतया द्रव्यत्वस्यैव प्राप्यमाणत्वात् । तद्भिन्नत्वञ्चात्र तादात्म्यलक्षणमभेदं निषेधयति, तद्गतभूयोधर्मरूपं द्रव्यत्वञ्च सादृश्यलक्षणमभेदं सूचयति । ततश्च सादृश्यलक्षणोऽभेदो नैयायिकानामपि प्रसिद्ध इति स्थितम् । स्थिते च तस्मिन् संग्रहाभिमतायाः प्रत्यभिज्ञायाः सादृश्यलक्षणोऽभेदो विषय इति न तत्कल्पनाऽपूर्वेत्यपि स्थितम् । रूपकालङ्कारेणापि सादृश्यलक्षणोऽभेदः किं न सूच्यते ?

तदेवं मृत्पिण्ड-शिवकादिषु घटद्रव्यस्यैवान्वयितयोर्ध्वतासामान्यत्वम् । तदेव च यतो नैगमस्य विषयः, अतो नैगमस्योर्ध्वतासामान्यं विषय इत्यनु**योगद्वारसूत्रा**दिगतप्रस्थकविषय-निरूपणेन सिद्धम् ।

एवं वसतिदृष्टान्तेनापि तत्सिध्यति । तथाहि - *से किं तं वसहिदिट्ठंतेणं? वसहि-दिट्ठंतेणं से जहानामए केइ पुरिसे कंचि पुरिसं वदिज्जा-कहिं भवं वससि ? तत्थ अविसुद्धो णेगमो भणइ लोगे वसामित्ति ।* तथाऽस्मिन्नेव सूत्रे नैगमानुसारेणैव *तिरियलोए वसामि... जंबुद्दीवे वसामि... भरहे वसामि... दाहिणड्ढभरहे वसामि... पाडलिपुत्ते वसामि... देवदत्तस्स घरे वसामि... गब्भधरे वसामि... एवं विसुद्धस्स णेगमस्स वसमाणो वसति ।*

---

કે મુખ્ય ધર્મ ધરાવનાર હોય તે તેને સદૃશ' એમ માનેલું છે. અહીં તેમાં રહેલ મુખ્યધર્મ તરીકે દ્રવ્યત્વ જ મળે છે. આમાં 'તેનાથી ભિન્ન હોય' એવું જે કહેલ છે એ તાદાત્મ્યરૂપ અભેદને નિષેધે છે અને તેમાં રહેલ મુખ્ય ધર્મરૂપ દ્રવ્યત્વ સાદૃશ્યરૂપ અભેદને સૂચવે છે. આમ સાદૃશ્યરૂપ અભેદ નૈયાયિકોને પણ પ્રસિદ્ધ છે જ. અને એટલે 'સંગ્રહનયને અભિમત પ્રત્યભિજ્ઞાનો સાદૃશ્યરૂપ અભેદ એ વિષય છે' એવી કલ્પના પણ અપૂર્વ (નવી) રહેતી નથી.

આમ મૃત્પિંડ - શિવક વગેરેમાં ઘટદ્રવ્ય જ અન્વયી હોવાથી ઊર્ધ્વતાસામાન્યરૂપ છે, અને એ જ નૈગમનયનો વિષય છે. માટે નૈગમનયનો ઊર્ધ્વતાસામાન્ય એ વિષય છે એવી વાત અનુયોગદ્વારસૂત્ર વગેરેમાં કહેલ પ્રસ્થકદૃષ્ટાન્તથી સિદ્ધ થઈ.

એમ, વસતિદૃષ્ટાન્તથી પણ એ સિદ્ધ થાય છે. તે આ રીતે - *વસતિદૃષ્ટાન્ત દ્વારા નયનું નિરૂપણ શું છે ? આ - એક માણસ બીજા માણસને પૂછે છે - તમો ક્યાં રહો છો ? ત્યારે અવિશુદ્ધ નૈગમનય કહે છે - લોકમાં વસુ છું. તથા આ જ સૂત્રમાં આગળ નૈગમનયાનુસારે જ ક્રમશઃ તિર્છાલોકમાં રહું છું... જંબૂદ્વીપમાં વસુ છું... ભરતક્ષેત્રમાં વસુ છું... દક્ષિણાર્ધ ભરતમાં વસુ છું, પાટલીપુત્રમાં વસુ છું. દેવદત્તના મકાનમાં રહું છું... એ મકાનના અંદરના ઓરડામાં રહું છું... જ્યારે વિશુદ્ધનૈગમનય*

*एवमेव ववहारस्सविति* उक्तम् (सू० ४७५) । पूर्वमेतत्सूत्रं विचारयामः ।

**ननु** यथा प्रस्थकदृष्टान्ते 'एवमेव ववहारस्सवि'त्ति अतिदिष्टं, तथैवात्रापीति यथा तत्र 'प्रस्थकोऽय'मित्येवं नामाङ्कितो निष्पन्नः प्रस्थक एव व्यवहारस्य मुख्यतया प्रस्थकः, तदन्ये तु सर्वेऽप्युपचारत एव, तथैवात्रापि किमुत्तरं व्यवहारस्य मुख्यतया संमतमित्युच्यताम् । **शृणु**-प्रस्थकदृष्टान्ताद् विलक्षणं वसतिदृष्टान्तमिति व्यवहारनयाभिप्रायोऽप्यत्र भिन्न एव। तत्रैक एव मुख्यतया व्यवहारविषयः, अत्र तु प्रायः सर्वाण्यपि मुख्यतया व्यवहारविषया-र्हाणीति । 'क्व वसति भवान् ?' इति प्रश्नकाले पृच्छ्यमानो जनो यत्र क्षेत्रेऽवस्थितस्तत्क्षेत्रं मनसिकृत्य व्यवहारनयः प्रत्युत्तरं ददाति । तद्यथा-मित्रदेवादिसहायेनोर्ध्वलोकं गतवान् यदि केनचित् पृष्टः स्यात्तदा 'तिर्यग्लोके वसामि' इत्युत्तरं व्यवहारस्य मुख्यतयैव संमतं, न तत्र कोऽप्युपचारः । प्रश्नकर्ता 'अहं तिर्यग्लोके वसामी'ति तु कथमपि जानात्येव, परन्तु 'तिर्यग्लोके जम्बूद्वीपादौ कुत्र वसामि ?' इति तु न जानातीति तज्जिज्ञासया प्रश्नं पृच्छतीति

---

*તો જ્યારે એ ત્યાં વસતો હોય ત્યારે જ હું વસું છું - એવો ઉલ્લેખ કરે છે. આ જ રીતે વ્યવહારનયનો ઉલ્લેખ પણ જાણવો...* આ પ્રમાણે અનુયોગદ્વાર (સૂ. ૪૭૫) માં કહ્યું છે. સૌ પ્રથમ આ સૂત્રને જ વિચારીએ.

**પ્રશ્ન** - જેમ પ્રસ્થકદૃષ્ટાન્તમાં 'આ જ પ્રમાણે વ્યવહારનયનો પણ ઉલ્લેખ જાણવો' એવું સૂચન છે એવું જ આ વસતિદૃષ્ટાન્તમાં પણ છે. એટલે જેમ પ્રસ્થકદૃષ્ટાન્તમાં 'પ્રસ્થક' નામાંકિત પ્રસ્થક જ વ્યવહારનયને મુખ્ય પ્રસ્થકરૂપે માન્ય છે, બાકીના બધા ઉપચારથી જ માન્ય છે, એમ પ્રસ્તુત વસતિદૃષ્ટાન્તમાં કયો ઉત્તર વ્યવહારનયને મુખ્યતયા માન્ય છે ? એ કહો.

**ઉત્તર** - વસતિદૃષ્ટાન્ત સ્વતન્ત્રરૂપે કહેલ છે એટલે જણાય છે કે એ પ્રસ્થકદૃષ્ટાન્ત કરતાં વિલક્ષણ છે અને તેથી વ્યવહારનયનો અભિપ્રાય પણ આ દૃષ્ટાન્તમાં વિલક્ષણ છે. પ્રસ્થકદૃષ્ટાન્તમાં મુખ્ય વિષયરૂપે વ્યવહારનયને એક જ નામાંકિત પ્રસ્થક માન્ય હતું. જ્યારે વસતિદૃષ્ટાન્તમાં લગભગ બધા ઉત્તરો મુખ્યરૂપે એને માન્ય છે. 'તમે ક્યાં વસો છો ?' એવા પ્રશ્નકાળે પૂછાનાર માણસ જે ક્ષેત્રમાં રહેલો હોય એ ક્ષેત્રને ધ્યાનમાં રાખીને વ્યવહારનય જવાબ આપે છે. જેમકે - મિત્રદેવાદિની સહાયથી ઊર્ધ્વલોકમાં ગયેલો હોય ને કોઈ પૂછે તો 'તિર્ચ્છાલોકમાં વસુ છું' એવો જવાબ વ્યવહારનયને મુખ્યરૂપે જ માન્ય છે, એમાં કોઈ ઉપચાર નથી. 'હું તિર્ચ્છાલોકમાં વસુ છું એવું પ્રશ્નકર્તા કોઈપણ રીતે જાણી ગયેલ છે, પણ તિર્ચ્છાલોકમાં જંબૂદ્વીપાદિમાં ક્યાં વસુ છું ? એ

पृच्छ्यमानेन यदि प्रतीयते तदा 'जम्बूद्वीपे वसामी'त्युत्तरमेव व्यवहारस्य मुख्यतया संमतम् । एवमेव पृष्टो जनो यदि नन्दीश्वरद्वीपादिकं गतवान् तत्र च पृष्टः, तदा 'जम्बूद्वीपे वसामी'ति, यदि महाविदेहक्षेत्रे पृष्टस्तदा 'भरतक्षेत्रे वसामी'ति, एवं यद्युत्तरार्धभरतक्षेत्रे पृष्टस्तदा 'दक्षिणार्द्धभरते वसामी'ति, एवंक्रमेण पाटलिपुत्रात्, स्वपाटकात्, स्वगृहाद्, स्वापवरकाद्वा बहिर्यदि पृष्टस्तदा यथाक्रमं 'पाटलिपुत्रे, अमुकस्मिन् पाटके, देवदत्तगृहे, गर्भगृहे वा वसामी'त्युत्तरं यद्दीयते तद्व्यवहारस्य मुख्यतया संमतमिति ध्येयम् । तथा च 'प्रश्नकाले पृच्छ्यमानस्यावस्थानक्षेत्रं प्रष्टुर्जिज्ञासां वाऽनुसृत्य दीयमानं यत्किमप्युत्तरं तत्सर्वं व्यवहारनयस्य मुख्यतयाऽभिप्रेतं, न तत्र कोऽप्युपचार इति पर्यवसितम् ।

**ननु** नैगमेन यद्यदुत्तरं दीयते तत्सर्वमपि यदि व्यवहारस्यापि मुख्यतयैव संमतं स्यात्तदा तयोर्विशेषाभावापत्तिरिति **चेत् ? न,** व्यवहारस्य सर्वस्योत्तरस्य मुख्यतया संमतत्वाभावात् । प्रश्नकाले पाटलिपुत्र एवावस्थितः पृच्छ्यमानो जनः 'क्व वसति भवान् ?' इति पृष्टे प्रयोजनविशेषो यदि न स्यात्तदा 'पाटलिपुत्रे वसामी'त्यादिकं तूत्तरं नैव ददाति, प्रष्टुर्जिज्ञासायास्तेनोत्तरेणानुपशमनात्, तस्य पाटलिपुत्रे वसनस्योत्तरश्रवणात्पूर्वमेव

---

જાણતો ન હોવાથી એ જાણવાની જિજ્ઞાસાથી પ્રશ્ન પૂછી રહ્યો છે.' એવી જો પૂછાનારને પ્રતીતિ થઈ હોય તો 'જંબૂદ્વીપમાં વસુ છું' એવો ઉત્તર વ્યવહારનયને મુખ્યરૂપે માન્ય છે. એમ, એ જ્યારે નંદીશ્વરદ્વીપાદિમાં ગયેલ હોય ને પૂછાય ત્યારે 'જંબૂદ્વીપમાં વસુ છું' એવો જવાબ, મહાવિદેહમાં ગયેલો હોય ને પૂછાય ત્યારે 'ભરતક્ષેત્રમાં વસુ છું' એવો ઉત્તર વ્યવહારને મુખ્યરૂપે માન્ય છે. એ જ રીતે, જો ઉત્તરાર્ધ ભરતક્ષેત્રમાં પૂછાય તો 'દક્ષિણાર્દ્ધભરતમાં વસુ છું.' એવો ઉત્તર, એ જ રીતે ક્રમશઃ એ પાટલિપુત્રથી, સ્વપાટકથી, સ્વગૃહથી, સ્વઓરડાથી બહાર ગયેલો હોય ને પૂછાય તો ક્રમશઃ પાટલિપુત્રમાં અમુક પાડામાં, દેવદત્તના મકાનમાં, અંદરના ઓરડામાં હું વસુ છું' એવો જે ઉત્તર એના દ્વારા અપાય છે તે બધો વ્યવહારને મુખ્યતયા સંમત છે, એમાં ઉપચાર નથી.

**શંકા** - નૈગમનય જે જે જવાબ આપે છે એ બધા જ જો વ્યવહારને પણ મુખ્યરૂપે માન્ય છે તો એ બે નયમાં ભેદ શું રહેશે ?

**સમાધાન** - તમારી શંકા બરાબર નથી, કારણ કે વ્યવહારને બધા ઉત્તરો મુખ્યરૂપે માન્ય નથી. પ્રશ્નકાળે પાટલિપુત્રમાં જ રહેલ વ્યક્તિ 'તમે ક્યાં વસો છો ?' એ પ્રશ્નના ઉત્તરમાં જો કોઈ વિશેષ પ્રકારનું પ્રયોજન ન હોય તો 'પાટલિપુત્રમાં વસુ છું' એવો ઉત્તર ન જ આપે, કારણ કે (૧) આવા ઉત્તરથી, પૂછનારની જિજ્ઞાસા દૂર થતી નથી.

प्रष्टा ज्ञातत्वात्। यद्वा 'कस्मिन्नगरे स वसती'त्यस्याजिज्ञासितत्वात्, 'कस्मिन् पाटके स वसती'त्यस्यैव सामान्यतयाऽत्र जिज्ञासितत्वात् । ततश्चैतादृशे प्रस्तावे सामान्यतया 'अमुकस्मिन् पाटके वसामी'ति प्रत्युत्तरमेव दीयते, तदेव च व्यवहारस्य मुख्यतया संमतम्। तथापि यद्यत्र 'पाटलिपुत्रे वसामी'त्युत्तरं दीयते, तदा तत्र केनचित्प्रयोजनविशेषेण भवितव्यमेवेति नैगमस्य मुख्यतया संमतत्वेऽपि व्यवहारस्य तु तदुत्तरं मुख्यतयाऽसंमतमेव । अतो व्यवहारस्य तदुपचारेणैव संमतमिति निःशङ्कमेवेति नैगमव्यवहारयोर्विशेषाभावाऽऽशङ्कागन्धोऽपि कुतः ?

**अथ** पृच्छ्यमाने पाटलिपुत्रस्थेऽपि 'पाटलिपुत्रे वसामि' इत्युत्तरं व्यवहारस्य मुख्यतया संमतं स्यादपि। कथम्? इत्थं–'अन्यनगरवास्तव्योऽहं प्रयोजनवशात् पाटलिपुत्रमागतोऽस्मि' इति शङ्कया पृच्छन् जनः 'किंनगरवास्तव्योऽहं' इति जिज्ञासया मां 'क्व वसति भवान् ?' इति पृच्छति-इत्यादिकायां प्रतीतौ पृच्छ्यमानो जनस्तां जिज्ञासामुपशमयितुं 'पाटलिपुत्रे वसामी'त्युत्तरं वदेदपीति **चेत्? मैवं,** तदा सामान्यतया 'अत्रैव नगरे वसाम्यहम्' इत्युत्तरस्य लोकेन दीयमानत्वात् 'पाटलिपुत्रे वसामी'त्युत्तरस्य प्रयोजनादिविशेषेणैव सम्भवात् । अन्यथा

---

(૨) વળી 'એ પાટલિપુત્રમાં રહ્યો છે' આ વાતની તો શ્રવણ કર્યા પૂર્વે જ જાણકારી મળી ગઈ છે. અથવા (૩) કયા નગરમાં વાસ છે ? એ પ્રસ્તુતમાં જિજ્ઞાસિત નથી, પણ કયા પાડામાં વાસ છે ? એ જ જિજ્ઞાસિત છે. એટલે આવા પ્રસ્તાવમાં સામાન્ય રીતે 'અમુક પાડામાં હું વસુ છું' એવો જ ઉત્તર અપાતો હોય છે, અને એ જ વ્યવહારનયને મુખ્યરૂપે માન્ય છે. છતાં જો પ્રસ્તુતમાં 'હું પાટલિપુત્રમાં વસુ છું' એવો ઉત્તર અપાઈ રહ્યો છે, તો કોઈ ચોક્કસ પ્રયોજન એમાં હોવું જ જોઈએ. માટે આ જવાબ નૈગમનયને મુખ્યરૂપે માન્ય હોવા છતાં વ્યવહારનયને મુખ્યરૂપે માન્ય નથી, પણ ઉપચારથી જ માન્ય છે, એ વાત નિઃશંક હોવાથી નૈગમ અને વ્યવહારમાં કોઈ ભેદ ન રહેવાની શંકાની ગંધ પણ ક્યાં ?

**શંકા** - પાટલિપુત્રમાં જ જ્યારે હોય ને ત્યારે પણ 'હું પાટલિપુત્રમાં વસુ છું' એવો જવાબ વ્યવહારનયને પણ મુખ્યરૂપે માન્ય હોવો સંભવે છે. શી રીતે ? આ રીતે - 'હું અન્ય નગરનો વાસી હોઈશ, પણ પ્રયોજનવશાત્ પાટલિપુત્રમાં આવેલો છું' આવી શંકાથી મને સામો માણસ 'હું કયા નગરનો નિવાસી છું' એવી જિજ્ઞાસાથી તમે ક્યાં વસો છો ? એમ પૂછી રહ્યો છે. જો આવી પ્રતીતિ થઈ હોય તો, એ, આ જિજ્ઞાસાને સંતોષવા માટે 'પાટલિપુત્રમાં વસુ છું' એમ જવાબ આપે પણ ખરો.

**સમાધાન** - આવા અવસરે 'હું આ જ નગરમાં વસુ છું' એવો ઉત્તર સામાન્યથી

जम्बूद्वीपस्थादिना दीयमानस्य 'जम्बूद्वीपादौ वसामी'त्युत्तरस्य व्यवहारस्यापि मुख्यतया संमतत्वसम्भवान् नैगमाद्विशेषो न स्यात् ।

**ननु** जम्बूद्वीपस्थेनैव दीयमानं 'जम्बूद्वीपेऽहं वसामी'त्युत्तरं नैगमस्य मुख्यतया संमतं कथं **स्यात् ? शृणवत्र** मया परिशीलितमुत्तरं-'शरीरानुविद्ध आत्मा 'अहं'पदवाच्यः' इति निर्णीतमत्रैव ग्रन्थेऽन्यत्रेति सामान्यतया लोको वर्तमानभवीयशरीरानुविद्धमात्मान'महं'पदवाच्यतया स्वीकुरुते । ततश्चैतद्भवीयनिवासस्थानं मनसिकृत्योत्तरं ददाति 'पाटलिपुत्रे वसामी'त्यादिकम् । परन्तूर्ध्वतासामान्यग्राही नैगमो यथा मृत्पिण्डादिकमपि घटतया गृह्णाति, तथा पूर्व-पूर्वतरादिभवीयमात्मानमप्यहंतया गृह्णाति। ततश्च कश्चिज्जीवो यदि पूर्वभवे महाविदेह आसीत्, तत्पूर्वभवे चैरावतक्षेत्रेऽवसत्... इत्येवं जम्बूद्वीपभाविनीं भवपरम्परां मनसिकृत्य यदि स वदति तदा 'अहं जम्बूद्वीपे वसामि' इति कथयेत् । एवमेव यदा कश्चित्तिर्यलोकभाविनीं भवपरम्परां मनसि करोति, तदा 'तिर्यग्लोके वसामी'ति वक्ति । यदा च स आकालभाविन-

---

અપાય છે. એટલે 'પાટલિપુત્રમાં વસુ છું' એવો ઉત્તર તો કોઈક એવું પ્રયોજન હોય તો જ અપાતો હોવાથી મુખ્યરૂપે માન્ય નથી. નહીંતર તો જંબૂદ્વીપમાં રહેલ વ્યક્તિ પણ 'જંબૂદ્વીપમાં રહુ છું' એવું જે કહે તે મુખ્ય બની શકવાથી નૈગમ-વ્યવહારનો કોઈ ભેદ જ ન રહે.

**પ્રશ્ન** - જંબૂદ્વીપમાં જ રહેલી વ્યક્તિ 'હું જંબૂદ્વીપમાં વસુ છું' એવો જે ઉત્તર આપે તે નૈગમનયને મુખ્યરૂપે માન્ય છે, આવું તમે જે કહો છો તે શી રીતે ?

**ઉત્તર** - આનો જવાબ મેં આવો વિચારેલો છે - 'અહં' (હું) શબ્દનો વાચ્યાર્થ 'શરીરાનુવિદ્ધ આત્મા' છે એ વાત આ જ ગ્રન્થમાં અન્યત્ર વિચારેલી છે. એટલે સામાન્ય રીતે લોક આ ભવના શરીરથી અનુવિદ્ધ આત્માને 'હું' શબ્દથી ઉલ્લેખે છે અને તેથી આ ભવના નિવાસસ્થાનને મનમાં રાખીને 'હું' પાટલિપુત્રમાં વસુ છું' વગેરે જવાબ આપે છે. પણ ઊર્ધ્વતાસામાન્યગ્રાહી નૈગમનય જેમ મૃત્પિંડ વગેરેને પણ ઘડારૂપે જુએ છે એમ એ પૂર્વ-પૂર્વતરાદિભવીય આત્માને પણ 'અહં' તરીકે (હું રૂપે) જુએ છે. એટલે કોઈક જીવ જો પૂર્વભવમાં મહાવિદેહમાં હતો, એની પૂર્વના ભવમાં ઐરાવતક્ષેત્રમાં વસેલો હતો... આ પ્રમાણે જમ્બૂદ્વીપમાં થયેલી ભવપરંપરાને ધ્યાનમાં રાખીને જો એ જવાબ આપે તો એ 'જમ્બૂદ્વીપમાં વસુ છું' એવું કહે પણ ખરો. એમ ક્યારેક તિર્યક્લોકભાવિની ભવપરંપરાને મનમાં રાખીને 'તિર્યગ્લોકમાં રહુ છું' એમ કહે પણ ખરો.

मनुत्पन्नमात्मानिमहंतयाऽभिप्रैति, तदा 'लोके वसामी'ति प्रत्युत्तरयति । एषोऽभिप्राय एव सर्वविशुद्धो नैगमो मन्तव्यः ।

**ननु** किमित्येतदत्यसमञ्जसमुच्यते 'लोके वसामी'ति प्रत्युत्तरं सर्वविशुद्धनैगम इति, यावदनुयोगद्वारसूत्रप्रमुखेषु ग्रन्थेषु तस्य सर्वाविशुद्धनैगमनयत्वेन कथितत्वादिति **चेत्** ? धीरो भव ! मा त्वरिष्ठाः, अग्रे (पृ. १८७) स्पष्टीकरिष्यमाणत्वात् ।

**नन्वे**तावता 'लोके वसामी'त्युत्तरस्य सर्वविशुद्धनैगमाभिप्रेतत्वं सिद्धं, परन्तु 'नैगमस्योर्ध्वतासामान्यं विषयः' इति तु न ततः सिद्धमिति **चेत् ? मैवं,** साक्षादक्षरतस्तस्यासिद्धत्वेऽप्यर्थतस्तस्य सिद्धत्वात् । तथाहि- पाटलिपुत्राद् बहिर्गतो यदि 'पाटलिपुत्रे वसामी'ति प्रत्युत्तरयति तदा व्यवहारस्य मुख्यतया संमतं, अन्तर्गत एव यदि वक्ति तदोपचारेणेति निश्चितमस्माभिः । ततश्च 'निवासत्वेनोच्यमानस्य क्षेत्रस्यान्तर्गतश्चेद् वक्ता तदोपचारः' इति

---

અને જ્યારે એ આકાલભાવિની ભવપરંપરાને 'અહં' પદના વાચ્યાર્થ તરીકે વિવક્ષે ત્યારે 'હું લોકમાં વસુ છું' એવો ઉત્તર આપે છે. આવો અભિપ્રાય-જવાબ જ સર્વવિશુદ્ધનૈગમનય જાણવો.

**શંકા** - આવું અત્યંત અસમંજસ-ઢંગધડા વગરનું કેમ કહો છો ? કારણ કે અનુયોગદ્વારસૂત્ર વગેરે ગ્રન્થોમાં આવા અભિપ્રાયને સર્વઅવિશુદ્ધ નૈગમનય તરીકે કહેલ છે.

**સમાધાન** - ધીરો પડ, ઉતાવળ ન કર... આગળ (પૃ. ૨૫૭) આ વાત સ્પષ્ટ કરવાની જ છે.

**શંકા** - આ રીતે 'હું લોકમાં વસુ છું' એવો ઉત્તર એ સર્વવિશુદ્ધનૈગમનયનો અભિપ્રાય છે, એ તો ચાલો માની લઈએ, પણ એનાથી 'નૈગમનયનો ઊર્ધ્વતાસામાન્ય એ વિષય છે' એવું ક્યાં સાબિત થયું ?

**સમાધાન** - સાક્ષાત્ શાસ્ત્રવચનોથી એ સિદ્ધ ન હોવા છતાં તાત્પર્યાર્થરૂપે એ સિદ્ધ થતું હોવાથી તમારી શંકા બરાબર નથી. પાટલિપુત્રની બહાર ગયેલો હોય અને જો 'પાટલિપુત્રમાં વસુ છું' એમ કહે તો એ વ્યવહારનયને મુખ્યરૂપે સંમત છે, પણ પાટલિપુત્રમાં જ હોય અને છતાં એમ કહે તો ઉપચારથી સંમત છે, એ વાત આપણે જોઈ ગયા છીએ. એટલે 'નિવાસસ્થાન તરીકે જણાવાતા ક્ષેત્રમાં જ જો વક્તા હોય તો એ વખતે ઉપચાર જાણવો' એવો નિયમ ફલિત થયો. 'હું' લોકમાં વસુ છું' એવો જવાબ તો લોકમાં અન્તર્ગત વક્તા જ બોલે છે, કારણ કે લોકની બહાર ગમન અસંભવિત છે. એટલે એ જવાબ વ્યવહારનયને તો ઉપચારથી જ માન્ય બને એમ

नियमः पर्यवस्यति । 'लोके वसामी'ति प्रत्युत्तरं त्वन्तर्गत एव वक्ता वक्ति, लोकाद् बहिर्गमनस्यासम्भवादिति व्यवहारस्योपचारेणैव तत्संमतमिति ज्ञायते । परंतु नैगमस्य तु मुख्यतयैव तत्साधनीयं, उपचारबहुलत्वस्य व्यवहारस्यैव विशेषणत्वात् । तत्साधनार्थं नियमान्तरमाश्रीयते । पृच्छ्यमानो जनो देवदत्तगृहस्य गर्भगृह एव वसतीति यद्यनियमः, कदाचिच्चरमेऽपवरके वसति, कदाचित्तु प्रथमे... कदाचिन्मध्येऽपवरके वसति कदाचित्तु मालोपरि वसति । एवमनियते वासे सति स 'गर्भगृहे वसामि' इति न प्रत्युत्तरयति, अपि तु 'देवदत्तगृहे वसामी'त्येव वदति, तद्वासव्याप्तस्य सम्पूर्णदेशस्यानेनैवोत्तरेणोल्लेखसम्भवात् । एवमेव कश्चिज्जीवो यदा नैगमनयदृष्ट्या 'अहं'पदवाच्यार्थरूपेण स्वस्य त्रिकालभाविनीं भव-शिवपरम्परां संवेदयति तदा तेन 'लोके वसामि'त्युत्तरमेव दातव्यं भवति, तेनैव तद्वासव्याप्तस्य सम्पूर्णदेशस्योल्लेखसम्भवात् । **न च** 'देवदत्तगृहे वसामी'त्युत्तरवदेतदुत्तरमपि व्यवहारस्य मुख्यतया संमतं स्यादिति **शङ्कनीयं**, व्यवहारनयेन 'अहं'पदवाच्यतया वर्तमानभवीयशरीरानु-

---

જણાય છે. પણ નૈગમનયને તો એ મુખ્યરૂપે જ માન્ય હોવું સાબિત કરવું જોઈએ, કારણ કે ઉપચારબહુલતા વ્યવહારનયમાં જ કહી છે. એટલે એને સાધવા માટે બીજો કોઈ નિયમ માનવો જોઈએ. તે આ રીતે - જ્યારે રહેનાર માનવી દેવદત્તના મકાનના માત્ર અંદરના ઓરડામાં જ રહે છે એવો નિયમ ન હોય, ક્યારેક છેલ્લા ઓરડામાં... ક્યારેક પ્રથમ કમરામાં, ક્યારેક વચલા રૂમમાં... તો ક્યારેક ઉપરના માળે... આમ સ્થાન નિયત ન હોય ત્યારે એ 'હું અંદરના ઓરડામાં રહું છું' એવો જવાબ નથી આપતો, પણ 'દેવદત્તના મકાનમાં રહું છું' એવો જવાબ આપે છે. કારણ કે એના વસવાટથી વ્યાપ્ત સંપૂર્ણ ક્ષેત્રનો ઉલ્લેખ આવા જવાબથી જ સંભવિત બને છે. એ જ રીતે કોઈક-જીવ જ્યારે નૈગમનયની દૃષ્ટિથી 'અહં-હું' પદના વાચ્યાર્થરૂપે પોતાની ત્રિકાળભાવિની સંસાર-મોક્ષપરંપરાને સંવેદે છે ત્યારે એણે 'હું લોકમાં વસુ છું' એવો જ ઉત્તર આપવાનો રહે છે, કારણ કે તો જ એના વસવાટથી વ્યાપ્ત બધા ક્ષેત્રનો ઉલ્લેખ સંભવે છે.

**શંકા** - તો પછી 'દેવદત્તના મકાનમાં રહું છું' એવા ઉત્તરની જેમ આ ઉત્તર પણ વ્યવહારનયને મુખ્ય રીતે સંમત બની જશે.

**સમાધાન** - ના, નહીં બને, કારણ કે વ્યવહારનય 'હું' પદના વાચ્યાર્થરૂપે મુખ્યતયા વર્તમાનભવીયશરીરથી અનુવિદ્ધ આત્માને જ સંવેદે છે. આ બધી વિચારણા

विद्धस्यात्मन एव मुख्यतया संवेदनात्। ततश्च 'नैगमस्योर्ध्वतासामान्यं विषयः' इति सिद्धं, त्रिकालभाविनीषु सर्वास्ववस्थास्वन्वयिनोऽहंपदवाच्यस्य तद्विषयस्योर्ध्वतासामान्यरूपत्वात् ।

तदेवमनुयोगद्वारसूत्रादिगतवसतिदृष्टान्तादपि 'नैगमस्योर्ध्वतासामान्यं विषयः' इति सिद्धम् । अथ तदेव **नमस्कारनिर्युक्ति**वचनबलेन साध्यते । तदर्थं प्रथमं तदधिकारः -

*अथ **निर्युक्तिकार** एवोत्पत्तिद्वारं विस्तरेणाह -*

*उप्पन्नानुप्पण्णो इत्थ नया णेगमस्सणुप्पण्णो ।*
*सेसाणं उप्पण्णो जइ कत्तो ? तिविह सामित्ता ॥२८०६॥*

*व्याख्या - उत्पन्नश्चासावनुत्पन्नश्चेत्युत्पन्नानुत्पन्नो नमस्कारो मन्तव्यः । आह-कथमेक एवोत्पन्नोऽनुत्पन्नश्च भवति ? विरोधात्, इत्याह-इत्थेत्यादि, अत्र नयाः प्रवर्तन्ते । ते च नैगमादयः सप्त। नैगमो द्विविधः-सर्वसङ्ग्राही, देशसङ्ग्राही च। तत्रादिनैगमस्य सामान्यमात्रावलम्बित्वात्, तस्य चोत्पाद-व्ययरहितत्वाद् नमस्कारस्यापि तदन्तर्गतत्वादनुत्पन्नः । 'सेसाणं उप्पण्णो'त्ति शेषा विशेषग्राहिणस्तेषां शेषाणां विशेषग्राहित्वात्, तस्य चोत्पाद-व्ययवत्त्वात्, उत्पादव्ययशून्यस्य वान्ध्येयादिवदवस्तुत्वात्, नमस्कारस्य तु वस्तुत्वादुत्पन्न इति । जइ*

---

પરથી 'નૈગમનયનો ઊર્ધ્વતાસામાન્ય એ વિષય છે' એ સિદ્ધ થયું. કારણ કે ત્રિકાળભાવિની બધી અવસ્થાઓમાં અન્વયી 'હું'પદવાચ્ય એવો એનો વિષય ઊર્ધ્વતાસામાન્યરૂપ છે.

આમ, અનુયોગદ્વારસૂત્ર વગેરેમાં કહેલા વસતિદૃષ્ટાન્તથી પણ નૈગમનયનો વિષય ઊર્ધ્વતાસામાન્ય છે એ સિદ્ધ થયું. હવે આ જ વાત નમસ્કારનિર્યુક્તિના વચનથી પણ સિદ્ધ કરવામાં આવે છે. એ માટે પહેલાં એનો અધિકાર જોઈ લઈએ.

*હવે નિર્યુક્તિકાર પોતે જ ઉત્પત્તિદ્વારને વિસ્તારથી કહે છે -*

*ગાથાર્થ-વ્યાખ્યાર્થ-નમસ્કાર ઉત્પન્ન પણ છે અને અનુત્પન્ન પણ છે, એટલે કે એ ઉત્પન્નાનુત્પન્ન છે. **શંકા**-એકનો એક નમસ્કાર ઉત્પન્ન અને અનુત્પન્ન એમ બન્ને રૂપે હોવો શી રીતે સંભવે ? કારણ કે એમાં વિરોધ સ્પષ્ટ છે. **સમાધાન**-આ બાબતમાં નયો પ્રવૃત્ત થાય છે=પોતપોતાનો દૃષ્ટિકોણ રજુ કરે છે. આ નયો નૈગમ વગેરે સાત છે એમાં નૈગમ બે પ્રકારે છે-સર્વસંગ્રાહી અને દેશસંગ્રાહી. એમાં પ્રથમ (= સર્વસંગ્રાહી) નૈગમનય સામાન્યમાત્રને વિષય બનાવે છે. આ સામાન્ય ઉત્પાદવ્યય રહિત છે અને નમસ્કાર પણ તેમાં અંતર્ગત છે. માટે નમસ્કાર પણ અનુત્પન્ન છે. શેષ = વિશેષગ્રાહી નયો. વિશેષ ઉત્પન્ન પણ થાય છે ને નાશ પણ પામે છે. જે ઉત્પાદ-વ્યયશૂન્ય હોય તે વંધ્યાપુત્રની જેમ અવસ્તુ હોય છે. જ્યારે નમસ્કાર તો વસ્તુરૂપ છે. માટે એ ઉત્પાદશીલ હોવાથી*

*कत्तोत्ति यद्युत्पन्नः कुतः? इत्याह-तिविहसामित्ता=त्रिविधं च तत् स्वामित्वं (दर्शयति) चेति समासस्तस्मात् त्रिविधस्वामित्वात्=त्रिविधस्वामिभावात् त्रिविधकारणादित्यर्थः ।*

अथैषोऽधिकारश्चिन्त्यते - *'तत्रादिनैगमस्य सामान्यमात्रावलम्बित्वात् तस्य चोत्पादव्यय-रहितत्वाद्'* इति यदुक्तं तेनैतत्स्पष्टमेव यद् आदिनैगमः=सर्वसङ्ग्राहीनैगमः=सर्वविशुद्धो नैगमः सामान्यमात्रावलम्बी=ऊर्ध्वतासामान्यमात्रविषयी भवति, अत्र प्रक्रमेऽवलम्बिशब्दस्य विषयि-शब्दसमानार्थकत्वादिति ।

**नन्वत्र** सामान्यमात्रावलम्बित्वमुक्तं, न तूर्ध्वतासामान्यमात्रावलम्बित्वमिति तिर्यक्-सामान्यविषयित्वमेव ग्राह्यं येन तस्य सङ्ग्रहनयेऽन्तर्भावसम्भवाच्छास्त्रेष्वनेकश उक्तस्य तदन्त-र्भावस्य सङ्गतिरपि स्यादिति **चेत् ? न,** नैकैर्हेतुभिस्तद्विषयित्वस्यात्र निराक्रियमाणत्वात् । तथाहि-निर्युक्तिगाथायां 'णेगमस्स' इत्येवं नैगममात्रस्योल्लेखस्योपलभ्यमानत्वात् । **न च** नैगमस्योपलक्षणात् सङ्ग्रहग्रहणमपि सम्भवतीति **वाच्यं,** उपलक्षणव्याख्यानात् कृतस्य तद्ग्रहणस्य भाष्ये वृत्तौ चानुपलभ्यमानत्वात् । **न चात्र** भाष्यमेवं प्राप्यते । *'उप्पण्णाणुपन्नो'*

---

*ઉત્પન્ન છે એમ વિશેષગ્રાહી નયો કહે છે. નમસ્કાર જો ઉત્પન્ન થાય છે તો શાનાથી ઉત્પન્ન થાય છે ? એ હવે જણાવે છે - ત્રણ પ્રકારના કારણોથી નમસ્કાર ઉત્પન્ન થાય છે.* (આ કારણોની વાત આગળ કરશું.)

નમસ્કારનિર્યુક્તિના આ અધિકારનો હવે વિચાર કરીએ - ત્યાં આદિનૈગમનય *સામાન્યમાત્ર અવલંબી હોવાથી...* અને *એ ઉત્પાદ-વ્યયરહિત હોવાથી...* આવું અહીં જે કહ્યું છે તેનાથી આ સ્પષ્ટ છે કે આદિનૈગમનો=સર્વસંગ્રાહી નૈગમનો=સર્વ વિશુદ્ધ નૈગમનો વિષય સામાન્યમાત્ર=ઊર્ધ્વતાસામાન્યમાત્ર છે, કારણ કે આ અધિકારમાં અવલંબીશબ્દનો અર્થ વિષયી(=વિષયવાળો) છે.

**શંકા** - અહીં 'સામાન્યમાત્રઅવલંબી' એમ કહ્યું છે, નહીં કે ઊર્ધ્વતાસામાન્યમાત્ર. અવલંબી. એટલે આદિનૈગમના વિષય તરીકે જે સામાન્ય કહેલ છે તે તિર્યક્સામાન્ય જ લેવું જોઈએ જેથી એનો સંગ્રહનયમાં સમાવેશ સંભવિત બનવાથી શાસ્ત્રોમાં અનેક સ્થળે એનો સંગ્રહનયમાં કહેલો અન્તર્ભાવ સંગત પણ થઈ જાય...

**સમાધાન** - આવી શંકા બરાબર નથી, કારણ કે 'નૈગમનયનો તિર્યક્સામાન્ય એ વિષય છે.' આવી તમારી શંકાનું અનેક હેતુથી નિરાકરણ થઈ જાય છે. તે આ રીતે - પ્રથમ હેતુ - નિર્યુક્તિની ગાથામાં णेगमस्स એમ માત્ર નૈગમનો જ ઉલ્લેખ જોવા મળે છે. ''નૈગમનયના ઉપલક્ષણથી સંગ્રહનયનું ગ્રહણ પણ સંભવે ને !' એવું ન કહેવું,

इत्यत्र **भाष्यम्** - *सत्तामेत्तग्गाही जेणाइमनेगमो तओ तस्स । उप्पज्जइ नाभूयं भूयं न य नासए वत्थुं ॥२८०८॥ तो तस्स नमोक्कारो वत्थुत्तणओ नहं व सो निच्चो । संतं पि न तं सव्वो मुणइ सरूवं व वरणाओ ॥२८०९॥* त्ति। अत्र *'सत्तामात्रग्राही'*ति यदुक्तं तेनैव 'अत्र सङ्ग्रहनयेऽन्तर्भवन् सत्तालक्षणतिर्यक्सामान्यविषयी नैगमोऽभिप्रेत' इति निश्चीयत एवेति **वाच्यं**, एतत् 'सत्ता'शब्दस्यास्तित्वार्थकतया सत्तामहासामान्यलक्षणतिर्यक्सामान्यार्थकत्वाभावात् । **नन्वेतत्** स्वकल्पनाशिल्पनिर्मितमेव प्रतीयते, 'सत्ता'शब्दस्य सत्तामहासामान्यार्थकतया प्रसिद्धेः । तत्किमस्तित्वार्थकः सत्ताशब्दस्तवाप्रसिद्धः ? प्रसिद्ध एव, परन्तु नात्र स प्रयुक्त इति **चेद्** ? अहो ! तर्कचातुरी यद्विनैव हेतुना स्वाभिप्रेतमर्थं शपथमात्रेण साधयितुमभिलषति । **ननु** नायं सत्तामहासामान्यार्थकः सत्ताशब्द इत्यत्र स्वाभिप्रेतार्थसिद्धौ

---

કારણ કે આ નિર્યુક્તિગાથાના ભાષ્યમાં કે વૃત્તિમાં ઉપલક્ષણવ્યાખ્યાદ્વારા પણ એનું ગ્રહણ કર્યું હોય એવું જોવા મળતું નથી.

**પૂર્વપક્ષ** - આ અધિકારમાં ભાષ્યગ્રન્થ આવો છે - *ઉપ્પણ્ણાણુપ્પન્નો આ નિર્યુક્તિ ગાથા પર ભાષ્ય-આદિનૈગમ સત્તામાત્રને જુએ છે. તેથી તેના મતે અસત્ વસ્તુ ઉત્પન્ન થતી નથી, અને સત્ વસ્તુ ક્યારેય નાશ પામતી નથી. ॥૨૮૦૮॥ તેથી એના મતે, નવકાર પણ વસ્તુ હોવાના કારણે આકાશની જેમ નિત્ય છે. એ વિદ્યમાન હોવા છતાં તેને બધા, કર્માત્મક આવરણના કારણે સ્વરૂપની જેમ (આત્માના સ્વરૂપની જેમ) જાણી શકતા નથી. ॥૨૮૦૯॥* આમાં સત્તામાત્રગ્રાહી એવું જે કહ્યું છે એનાથી જ એ જણાય છે કે અહીં સંગ્રહનયમાં અન્તર્ભાવ પામતો અને 'સત્તા'રૂપ તિર્યક્સામાન્યને ગ્રહણ કરતો એવો નૈગમનય અભિપ્રેત છે.

**ઉત્તરપક્ષ** - અહીં જે સત્તા શબ્દ રહેલો છે તેનો અર્થ 'અસ્તિત્વ' જ છે, નહીં કે સત્તામહાસામાન્યરૂપ તિર્યક્સામાન્ય. માટે તમારી વાત બરાબર નથી.

**પૂર્વપક્ષ** - આ તમારી કલ્પના માત્ર છે, કારણ કે સત્તા શબ્દ સત્તામહાસામાન્યના અર્થમાં પ્રસિદ્ધ છે.

**શંકા** - તો શું અસ્તિત્વ અર્થમાં 'સત્તા' શબ્દ તને અપ્રસિદ્ધ છે ?

**પૂર્વપક્ષ** - પ્રસિદ્ધ જ છે, પણ એ અહીં વપરાયો નથી.

**શંકા** - અહો ! તર્કચાતુરી ! જે હેતુ વિના જ સ્વાભિપ્રેત વાતની સિદ્ધિ કરવા તું ચાહે છે.

भवतापि कोऽपि हेतुर्नैव दत्त इति **चेत् ? सत्यं,** किन्तु न तत्र मम दोषः, प्रत्युत तवैव यद्धेतुदानार्थं ममावकाशमेव धीरो भूत्वा न ददासि । भवामि धीरः, ददाम्यवकाशं, देहि हेतुम् । शृणु - *"तत्रादिनैगमस्य सामान्यमात्रावलम्बित्वात्, तस्य चोत्पाद-व्ययरहितत्वाद् नमस्कारस्यापि तदन्तर्गतत्वादनुत्पन्नः"* इति प्रस्तुत**निर्युक्तिगाथावृत्ता**वुक्तम् । अत्र सामान्यमात्रावलम्बित्वकथनेन प्राप्यमाणो निषेध उत्पादव्यययोरुक्तः, न तु विशेषस्येति यत्सामान्यमुत्पाद-व्ययविरोधि तस्यात्र वार्तेति निश्चीयते । तत्तु सामान्यमूर्ध्वतासामान्यमेव, न तु तिर्यक्सामान्यं, तस्य विशेषविरोधित्वाद् । अत एव, यत्र यत्र सङ्ग्रहनयस्य प्रतिपादनावसरतया तिर्यक्सामान्यरूपस्य सत्ताख्यमहासामान्यस्य कथनं शास्त्रेषूपलभ्यते, तत्र तत्र निषेधो विशेषस्यैवोपलभ्यते, न तूत्पादस्य व्ययस्य वा । यथा **विशेषावश्यकभाष्य**२२०६-गाथावृत्तौ-*एकं सामान्यं, सर्वत्र तस्यैव भावात् विशेषाणां चाभावादिति* । तथा तत्रैव

---

**પૂર્વપક્ષ** - તો 'પ્રસ્તુતમાં સત્તામહાસામાન્ય અર્થવાળો સત્તા શબ્દ નથી' આવું સ્વાભિપ્રેત સિદ્ધ કરવા માટે તમે પણ ક્યાં હેતુ આપ્યો છે ?

**ઉત્તરપક્ષ** - સાચી વાત. પણ એમાં વાંક મારો નહીં, તારો છે... કે જે તું ધીર બનીને મને હેતુ જણાવવાનો અવકાશ જ નથી આપતો.

**પૂર્વપક્ષ** - લ્યો... ધીર બનુ છું... અવકાશ આપું છું... હેતુ જણાવો.

**ઉત્તરપક્ષ** - સાંભળ... પ્રસ્તુત નિર્યુક્તિગાથાની વૃત્તિમાં આ પ્રમાણે કહ્યું છે - *"એમાં આદિનૈગમ સામાન્યમાત્રાવલંબી છે, અને સામાન્ય ઉત્પાદ-વ્યયરહિત હોય છે. એટલે નમસ્કાર પણ સામાન્યમાં અન્તર્ગત હોવાથી અનુત્પન્ન છે."* આમાં સામાન્યમાત્ર-અવલંબી એવું કહેવા દ્વારા મળતો નિષેધ ઉત્પાદ-વ્યયનો કહ્યો છે, પણ વિશેષનો નથી કહ્યો. એટલે જણાય છે કે અહીં, જે સામાન્ય ઉત્પાદ-વ્યયવિરોધી હોય એ સામાન્યની વાત છે અને એ સામાન્ય તો ઊર્ધ્વતાસામાન્ય જ છે, નહીં કે તિર્યક્સામાન્ય. કારણ કે તિર્યક્સામાન્ય તો વિશેષનું વિરોધી છે. એટલે જ્યાં જ્યાં સંગ્રહનયના પ્રતિપાદનનો અવસર હોવાના કારણે તિર્યક્સામાન્યરૂપ સત્તામહાસામાન્યની વાત શાસ્ત્રોમાં જોવા મળે છે ત્યાં ત્યાં નિષેધ વિશેષનો જ જોવા મળે છે, નહીં કે ઉત્પાદનો કે વ્યયનો. જેમકે **વિશેષાવશ્યકભાષ્યની** ૨૨૦૬મી ગાથાની વૃત્તિમાં કહ્યું છે કે-*એક સામાન્ય જ છે, કારણ કે સર્વત્ર એ જ હાજર હોય છે અને વિશેષોનો અભાવ હોય છે.* તથા એ જ ગ્રન્થની ૨૨૦૭ મી ગાથાની વૃત્તિમાં કહ્યું છે કે - *તેથી બધું સત્તામાત્રસ્વરૂપ છે, એનાથી અલગ કશું નથી કે જેને 'વિશેષ' તરીકે કહી શકાય.*

२२०७ गाथावृत्तौ- *ततः=तस्मात् सर्वं तन्मात्रमेव=सत्तामात्रमेव, न पुनस्तदर्थान्तरं किञ्चिदस्ति यद्विशेषतया कल्प्येतेति* । **ननु** तिर्यक्सामान्यरूपस्य सत्तामहासामान्यस्यापि नित्यतयोत्पादव्यय-विरोधित्वमेवेति **चेत् ? सत्यं,** तथापि यदा यदा 'अयं सन्' 'अयं सन्' इत्येवं सङ्ग्रहनयदृष्टिः प्रवर्तते तदा तदा घट-पटादिलक्षणस्य विशेषस्यैव निषेधः प्रतीयते, न तूत्पाद-व्यययोरिति तवाप्यनुभवसिद्धमेवातो यस्याः सत्ताया ग्रहणाद् विशेषस्य निषेधो न प्रतीयते, किन्तूत्पादव्यययोरेव निषेधः प्रतीयते, सा न तिर्यक्सामान्यरूपा सत्ता, अपि तूर्ध्वतासामान्यरूपैवेति मन्तव्यमेव ।

**अथ** तस्या एव **निर्युक्तिगाथायाः** *'सेसाणं उप्पण्णो'* त्ति अंशस्य व्याख्याने *'शेषाः =विशेषग्राहिणस्तेषां शेषाणां विशेषग्राहित्वाद्'* इति यदुक्तं तेन नैगमनयप्रतिपादने यत्सामान्यमुक्तं तद्विशेषविरोधीत्ति प्रतीयत एवेति **चेत्** ? कः किमाह ? तत् तद्विरोध्येव। **नन्वयं** स्वयं स्वपादे कुठारप्रहारः, एवं सति नैगमनयस्य तिर्यक्सामान्यं विषयः' इत्यस्यानाया-

---

**શંકા** - તિર્યક્સામાન્યરૂપ સત્તા મહાસામાન્ય પણ નિત્ય હોવાથી ઉત્પાદ-વ્યયનું વિરોધી જ હોય છે.

**સમાધાન** - સાચી વાત છે. છતાં જ્યારે જ્યારે अयं सन् अयं सन् એ રીતે સંગ્રહનયની દૃષ્ટિ પ્રવર્તે છે ત્યારે ત્યારે ઘટ-પટ વગેરે વિશેષનો જ નિષેધ પ્રતીત થાય છે, નહીં કે ઉત્પાદ-વ્યયનો, આ વાત તને પણ અનુભવસિદ્ધ છે જ. એટલે જે સત્તાનું ગ્રહણ કરવાથી વિશેષનો નિષેધ હોવો પ્રતીત ન થાય, પણ ઉત્પાદ-વ્યયનો નિષેધ પ્રતીત થાય એ સત્તા તિર્યક્સામાન્યરૂપ સત્તા ન હોય, પણ ઊર્ધ્વતાસામાન્યરૂપ સત્તા જ હોય - એમ માનવું જ પડે.

**શંકા** - એ જ નિર્યુક્તિગાથાના सेसाणं उप्पण्णो અંશની વ્યાખ્યામાં *'શેષ= વિશેષગ્રાહી નયો... તે શેષનયો વિશેષગ્રાહી હોવાથી...'* એવું જે કહ્યું છે તેનાથી પ્રતીત થાય છે કે નૈગમનયનું પ્રતિપાદન કરતી વખતે જે સામાન્ય કહ્યું છે તે વિશેષનું વિરોધી છે. (તો જ નૈગમ સિવાયના શેષનયોને વિશેષગ્રાહી કહી શકાય.)

**સમાધાન** - આમાં કોને શું વાંધો છે ? એનું વિરોધી છે જ.

**શંકા** - આ તમે સ્વયં તમારા પગ પર કુહાડીનો ઘા કરી રહ્યા છો. કારણ કે તો પછી નૈગમનયનો વિષય તિર્યક્સામાન્ય છે એ વાત અનાયાસે જ સિદ્ધ થઈ જશે. તે પણ એટલા માટે તિર્યક્સામાન્ય જ વિશેષનું વિરોધી હોય છે એવી વાત તમે જ કરેલી છે. એટલે મારે તો ઇચ્છિતની સિદ્ધિ થઈ જ ગઈ.

ससिद्धत्वात्, तिर्यक्सामान्यस्यैव विशेषविरोधित्वमिति भवतैवोक्तत्वादिति सिद्धं ममाभीष्टमिति **चेत् ? मोत्सहस्व,** एवमपि तवाभीष्टसिद्ध्यभावात् । अयम्भावः-यथा सामान्यं द्विविधं, तथा विशेषोऽपि द्विविध एव। तिर्यक्सामान्यप्रतिपक्षी विशेषः, ऊर्ध्वतासामान्यप्रतिपक्षी विशेषश्चेति । अत्र मृत्पिण्ड-शिवक-स्थासादय ऊर्ध्वतासामान्यप्रतिपक्षिणो विशेषाः, भूस्थो घटः-फलकस्थो घटः-मद्घटः-त्वद्घट इत्यादयश्च तिर्यक्सामान्यप्रतिपक्षिणो विशेषा ज्ञेयाः । प्रस्तुत ऊर्ध्वतासामान्यप्रतिपक्षिणो विशेषस्याधिकारः, न तु तिर्यक्सामान्यप्रतिपक्षिविशेषस्येति कुतो भवदभीष्टसिद्धिः । नन्वत्रोर्ध्वतासामान्यप्रतिपक्षिणो विशेषस्यैवाधिकार इति कोशपानमात्र-ग्राह्यं, हेतुग्राह्यं वा? हेतुग्राह्यमेव, तर्कपुरस्सरायां विचारणायां कोशपानग्राह्यताया अनवकाशात् । तर्हि दीयतां हेतुः। नैक एव, द्वौ हेतू दीयेते, उत्कर्णो भूत्वा शृणु-अत्र वृत्तौ *'शेषाः= विशेषग्राहिणः'* इति यदुक्तं तत्र शेषान्तर्गततया सङ्ग्रहस्यापि ग्रहः कृत एव । तथाहि- *उप्पत्तिमओऽवस्सं निमित्तमस्सउ* **नयत्तियं** *तिविहं । इच्छइ निमित्तमेत्तो जमणणहा नत्थि संभूई ॥* त्ति **भाष्यगाथा**(२८२७) । *'तथा च सत्यस्य नमस्कारस्योत्पत्तिमत्त्वादविशुद्धनैगम*

**સમાધાન** - એમ રાજી ન થઈ જા... કારણ કે આ રીતે પણ તારા ઇચ્છિતની સિદ્ધિ થતી નથી, કહેવાનો ભાવ એ છે કે - જેમ સામાન્ય બે પ્રકારે છે એમ વિશેષો પણ બે પ્રકારે છે. તિર્યક્સામાન્યના પ્રતિપક્ષભૂત વિશેષ અને ઊર્ધ્વતાસામાન્યના પ્રતિપક્ષભૂત વિશેષ. એમાં મૃત્પિંડ-શિવક-સ્થાસ વગેરે ઊર્ધ્વતાસામાન્યના પ્રતિપક્ષી વિશેષો છે જ્યારે ભોંય પર રહેલો ઘડો, ફલક પર રહેલો ઘડો, મારો ઘડો-તારો ઘડો... વગેરે તિર્યક્સામાન્યના પ્રતિપક્ષી વિશેષો છે. પ્રસ્તુતમાં ઊર્ધ્વતાસામાન્યપ્રતિપક્ષી વિશેષોનો અધિકાર છે, નહીં કે તિર્યક્સામાન્યપ્રતિપક્ષી વિશેષોનો... પછી તારા ઇચ્છિતની સિદ્ધિ શી રીતે ?

**પ્રશ્ન** - અહીં ઊર્ધ્વતાસામાન્યપ્રતિપક્ષી વિશેષોનો જ અધિકાર છે એ વાત માત્ર તમારા કહેવાથી માની લેવાની કે કોઈ હેતુ દ્વારા માનવાની ?

**ઉત્તર** - હેતુ દ્વારા જ માનવાની. તર્કપ્રધાન વિચારણામાં બાબા વાક્યં પ્રમાણંને અવકાશ હોતો નથી.

**પ્રશ્ન** - તો પછી હેતુ દર્શાવો...

**ઉત્તર** - એક નહીં, બે હેતુ આપીશ, સાવધાન બનીને સાંભળ. (૧) અહીં વૃત્તિમાં શેષ=વિશેષગ્રાહી એવો જે અર્થ કહ્યો છે તેમાં શેષ તરીકે સંગ્રહનયનો પણ સમાવેશ કર્યો છે. તે આ રીતે-(આ નિર્યુક્તિગાથાની વ્યાખ્યારૂપ ૨૮૨૭ મી ભાષ્યગાથામાં આ પ્રમાણે કહ્યું છે-) *"જે ઉત્પત્તિમાન્ હોય એના અવશ્ય નિમિત્ત (=કારણ) હોય જ. આ*

*-संग्रहव्यवहारनयलक्षणं प्रथमनयत्रिकं समुत्थान-वाचना-लब्धिस्वरूपं त्रिविधं निमित्त-मिच्छति'* इति च **तद्वृत्ति**लेशः। नमस्कारमुत्पन्नं मन्यमानेषु शेषनयेषु सङ्ग्रहस्य ग्रहणमत्र भाष्यगाथा-वृत्त्योः स्पष्टमेव । तिर्यक्सामान्यग्राहिणः-सङ्ग्रहनयस्य तिर्यक्सामान्यप्रतिपक्षि-विशेषग्राहित्वं त्वसम्भव्येव, तत्त्वहानिप्रसङ्गादिति **निर्युक्ति**गाथावृत्तौ *'शेषाः = विशेषग्राहिणः'* इति यद्व्याख्यातं तत्र विशेषतयोर्ध्वतासामान्यप्रतिपक्षी विशेषोऽभिप्रेत इति सिद्धम् । ननु सुहृद्भावेन पृच्छामि-अत्र शेषतया यथा सङ्ग्रहस्य ग्रहणं कृतं, तथा नैगमस्यापि कृतमेवेति सङ्ग्रहस्य ग्रहणाद्यथा तिर्यक्सामान्यप्रतिपक्षी विशेषोऽत्र नाभिप्रेतः, तथा भवदभिप्रायेण नैगमस्योर्ध्वतासामान्यग्राहितया तद्ग्रहणादूर्ध्वतासामान्यप्रतिपक्षी विशेषोऽप्यत्र नाभिप्रेत इत्यनिच्छतापि मन्तव्यमेवेत्यत्रोक्तविशेषतया भवता विशेषस्य कस्तृतीयः प्रकारः कल्पनीयः ? अलमनया चिन्तया बन्धो! स्वस्थीभव, ऊर्ध्वतासामान्यप्रतिपक्षिणो विशेषस्यैवात्र ग्राह्यतया

---

*નમસ્કારનું પ્રથમ ત્રણ નયો ત્રિવિધ કારણ માને છે, કારણ કે એના વિના આની= નમસ્કારની ઉત્પત્તિ નથી."* આ ભાષ્યગાથાની વૃત્તિનો આવશ્યક અંશ આવો છે-*"આવું હોવાથી આ નમસ્કાર ઉત્પત્તિમાન હોવાના કારણે, અવિશુદ્ધનૈગમ-સંગ્રહ અને વ્યવહારરૂપ પહેલાં ત્રણ નયો સમુત્થાન-વાચના અને લબ્ધિસ્વરૂપ ત્રણ પ્રકારનું એનું કારણ માને છે."* નમસ્કારને ઉત્પન્ન માનનારા નયોમાં=શેષનયોમાં સંગ્રહનયનું ગ્રહણ આ ભાષ્ય ગાથામાં અને એની વૃત્તિમાં સ્પષ્ટ રીતે જણાય જ છે. (વળી આ શેષનયોને વિશેષગ્રાહી રૂપે પણ જણાવ્યા છે.) અને તિર્યક્સામાન્યગ્રાહી એવો સંગ્રહનય તિર્યક્સામાન્યના જ પ્રતિપક્ષી એવા વિશેષનો ગ્રાહક હોય એ તો સંભવતું જ નથી, કારણ કે તો પછી એ તિર્યક્સામાન્યગ્રાહી રહી જ ન શકવાથી સંગ્રહનયરૂપે પણ ન જ રહે. તેથી નિર્યુક્તિગાથાની વૃત્તિમાં શેષનય તરીકે વિશેષગ્રાહીનયો એમ જે વ્યાખ્યા કરી છે એમાં વિશેષરૂપે ઊર્ધ્વતાસામાન્યપ્રતિપક્ષીવિશેષ જ અભિપ્રેત છે એ સિદ્ધ થાય જ છે.

**પ્રશ્ન** - મિત્રભાવે એક પ્રશ્ન પૂછું છું - અહીં 'શેષ' તરીકે જેમ સંગ્રહનયનો સમાવેશ છે એમ નૈગમનયનો પણ સમાવેશ છે જ. એટલે સંગ્રહનયનું ગ્રહણ હોવાથી જેમ તિર્યક્સામાન્યપ્રતિપક્ષી વિશેષ અહીં અભિપ્રેત નથી, તેમ તમારા અભિપ્રાય મુજબ નૈગમનય ઊર્ધ્વતાસામાન્યગ્રાહી હોવાથી, તેનું ગ્રહણ હોવાના કારણે ઊર્ધ્વતા-સામાન્યપ્રતિપક્ષી વિશેષ પણ અહીં અભિપ્રેત નથી એવું અનિચ્છાએ પણ માનવું જ પડશે. તેથી અહીં જે વિશેષ કહેલ છે એ વિશેષ તરીકે તમે વિશેષનો કયો ત્રીજો પ્રકાર

तृतीयस्य प्रकारस्य कल्पनाया अनावश्यकत्वात् । अयम्भावः *'नैगमो द्विविधः-सर्वसङ्ग्राही, देशसङ्ग्राही च । तत्रादिनैगमस्य सामान्यमात्रावलम्बित्वात् ।'* इत्यत्रैव **निर्युक्तिगाथावृत्ता**-वुक्तम् । ततश्चादिनैगमानुसारेणैवात्र नमस्कारस्यानुत्पन्नत्वं यदुक्तं तेन द्वितीयस्य नैगमनयस्य शेषनयेष्वन्तर्भावो नमस्कारोत्पादवादित्वञ्च प्रतीयत एव । तथाऽत्र *'तत्रादिनैगमस्य सामान्यमात्रावलम्बित्वादि'*ति यदुक्तं तेन द्वितीयो नैगमः सामान्यविशेषोभयवादी'त्यपि प्रतीयत एव। ततश्चादिनैगमस्योर्ध्वतासामान्यमात्रवादितया द्वितीयनैगमस्योर्ध्वतासामान्यतत्प्रतिपक्षिविशेषो-भयवादित्वेन ग्राह्यतया विशेषोऽत्रोर्ध्वतासामान्यप्रतिपक्षीति सिध्यत्येवेति कुतस्तृतीयस्य प्रकारस्य कल्पनाया आवश्यकत्वम् ?

**स्यादियं कल्पना**-अत्रादिनैगमविषयतया सत्तामहासामान्यं ग्राह्यं, द्वितीयनैगमविषयतया च सामान्यविशेषरूपं गोत्वादिकमवान्तरसामान्यं ग्राह्यमिति । **नेयं साधीयसी,** नैगमस्य सङ्ग्रहादविशेषापत्तेः, तस्यापि परापरलक्षणद्वैविध्येन द्विविधस्य सत्ता-गोत्वादिविषयत्वात् । वृत्तौ

---

માનશો ?

**ઉત્તર** - દોસ્ત ! આ ચિંતાથી સર્યું. ચિંતા છોડીને સ્વસ્થ બની જા, કારણ કે ઊર્ધ્વતાસામાન્ય પ્રતિપક્ષી વિશેષ જ અહીં ગ્રાહ્ય હોવાથી ત્રીજા પ્રકારની કલ્પના જરૂરી નથી. આશય એ છે કે નૈગમ બે પ્રકારે છે - સર્વસંગ્રાહી અને દેશસંગ્રાહી. એમાં 'આદિનૈગમ સામાન્યમાત્રાવલમ્બી હોવાથી (એના મતે નમસ્કાર અનુત્પન્ન છે)' આવું આ નિર્યુક્તિગાથાની વૃત્તિમાં જ કહેલું છે. આમ, આદિનૈગમનયાનુસારે જ નમસ્કારને અનુત્પન્ન જે કહ્યો છે તેનાથી એ પ્રતીત થાય જ છે કે બીજો નૈગમ શેષનયોમાં સમાવેશ પામનારો છે અને નમસ્કારનો ઉત્પાદ માનનારો છે. તથા અહીં 'આદિનૈગમને સામાન્યમાત્રાવલમ્બી' જે કહ્યો છે. તેનાથી એ પણ જણાય છે કે બીજો નૈગમ સામાન્ય-વિશેષઉભયવાદી છે. એટલે, આદિનૈગમ જો માત્ર ઊર્ધ્વતાસામાન્યને જોનારો છે તો બીજો નૈગમ ઊર્ધ્વતાસામાન્ય અને એનો પ્રતિપક્ષી વિશેષ... એ બન્નેનો ગ્રાહક છે એવું માનવાનું હોવાથી વિશેષ તરીકે અહીં ઊર્ધ્વતાસામાન્યપ્રતિપક્ષી વિશેષ હોવો સિદ્ધ થઈ જ જાય છે, પછી વિશેષનો ત્રીજો પ્રકાર માનવાની જરૂર જ ક્યાં છે ?

કદાચ આવો વિચાર આવે કે - 'અહીં આદિનૈગમનો વિષય સત્તામહાસામાન્ય છે અને બીજા નૈગમનો વિષય સામાન્યવિશેષરૂપ ગોત્વાદિ અવાન્તરસામાન્ય છે...' પણ આ વિચાર ઉચિત નથી, કારણ કે તો પછી નૈગમ-સંગ્રહમાં કોઈ તફાવત જ નહીં રહે.

द्वितीयनैगमविषयभूतस्य विशेषस्य कथितयोरुत्पाद-व्यययोरनुपपत्त्यापत्तेश्च, गोत्वादिवत् प्रस्तुते ग्राह्यस्य नमस्कारत्वलक्षणावान्तरसामान्यस्य नित्यत्वात् । सत्तामहासामान्यग्राहिणो नयस्याविषयतयैव नमस्कारस्योत्पन्नानुत्पन्नत्वकथाविलोपापत्तेश्च । एतच्चाग्रे (पृ. १६४) व्यक्तीकरिष्यते।

तदेवमत्रोर्ध्वतासामान्यप्रतिपक्षिणो विशेषस्याधिकार इति साधन एको हेतुर्दत्तः । अथ द्वितीयो हेतुर्दीयते, सावधानो भूत्वा शृणु -

प्रस्तुताधिकारे *'सत्तामेत्तग्गाही'*(२८०८)त्तिभाष्यगाथावृत्तावेवमधिकारः प्राप्यते-*'येन =यस्मात्कारणादाद्यनैगमः सत्तामात्रग्राही, ततस्तस्याद्यनैगमस्य मतेन सर्वं वस्तु नाभूतं= नाविद्यमानं, किन्तु सर्वदैव सर्वं सदेवेति ।'* अत्र सर्वदा सत्त्वं यदुक्तं तेनोर्ध्वतासामान्यस्यात्राधिकारः सिध्यति, सङ्ग्रहनयविषयभूतस्य तिर्यक्सामान्यस्य यत्र यत्राधिकारस्तत्र तत्र न सर्वदा सत्त्वस्य, अपि तु सर्वत्र सत्त्वस्यैवोक्तेः श्रूयमाणत्वात् । तथाहि-*सदिति भणियम्मि जम्हा सव्वत्थाणुप्पवत्तए बुद्धी* त्ति**विशेषावश्यक( २२०७ )भाष्यगाथा**पूर्वार्धे सव्वत्थ=सर्वत्र

---

તે પણ એટલા માટે કે સંગ્રહનય પરસંગ્રહ-અપરસંગ્રહ એવા ભેદે બે પ્રકારનો હોવાથી સત્તા-ગોત્વ વગેરે બન્ને વિષયવાળો છે. વળી આવો વિચાર માન્ય રાખવામાં, વૃત્તિમાં બીજા નૈગમના વિષયરૂપ વિશેષના જે ઉત્પાદ-વ્યય કહ્યા છે એ અસંગત બની જશે, કારણ કે પ્રસ્તુતમાં ગ્રાહ્ય વિશેષ એ નમસ્કારત્વરૂપ અવાન્તર સામાન્યાત્મક હોવાના કારણે ગોત્વાદિની જેમ નિત્ય છે. તથા સત્તામહાસામાન્યગ્રાહી નયનો તો નમસ્કાર વિષય જ બનતો ન હોવાથી એ ઉત્પન્ન છે કે અનુત્પન્ન ? એની વિચારણા જ ઊડી જાય. આ વાત આગળ (પૃ. ૧૬૪) વ્યક્ત થશે. માટે આદિનૈગમનો વિષય સત્તામહાસામાન્ય છે વગેરે વિચાર ઉચિત નથી.

આમ, પ્રસ્તુતમાં ઊર્ધ્વતાસામાન્યપ્રતિપક્ષી વિશેષનો અધિકાર છે એ સાબિત કરવામાં એક હેતુ આપ્યો. (છે.) હવે બીજો હેતુ અપાય છે, સાવધાન બનીને સાંભળ. પ્રસ્તુત અધિકારમાં સત્તામેત્તગ્ગાહી આ **ભાષ્યગાથા**(૨૮૦૮)ની **વૃત્તિમાં** આવો અધિકાર છે-*'જે કારણે આદ્યનૈગમ સત્તામાત્રનો ગ્રાહક છે, તેથી તે આદ્યનૈગમના મતે બધી વસ્તુ (ક્યારેય પણ) અવિદ્યમાન હોતી નથી, પણ હંમેશા બધી વસ્તુ સત્ = વિદ્યમાન જ હોય છે.'* અહીં સર્વદા સત્ત્વ (= હંમેશા વિદ્યમાનતા) જે કહેલ છે તેનાથી ઊર્ધ્વતાસામાન્યનો પ્રસ્તુતમાં અધિકાર છે એમ સિદ્ધ થાય છે, કારણ કે સંગ્રહનયના વિષયભૂત તિર્યક્સામાન્યનો જ્યાં જ્યાં અધિકાર શાસ્ત્રોમાં મળે છે, ત્યાં ત્યાં 'સર્વદા

इत्युक्तम्। **तद्वृत्तावपि**-*यस्मात् 'सत्' इत्येवं भणिते* **सर्वत्र**=*भुवनत्रयान्तर्गते वस्तुनि बुद्धिरनुप्रवर्तते=प्रधावति'* इत्युक्तम्। ततश्च, *'सत्तामेत्तग्गाही'*त्ति अनेनादिनैगमविषयभूता सत्ता योक्ता सा यतो न सङ्ग्रहनयविषयभूततिर्यक्सामान्यरूपाऽत ऊर्ध्वतासामान्यरूपेति निश्चीयते । तन्निश्चितौ च *'शेषाः=विशेषग्राहिणः'* इत्यत्र विशेषतयोर्ध्वतासामान्यप्रतिपक्षिण एव विशेषस्याधिकार इत्यपि निश्चीयत एव। ततश्च द्वितीयेन हेतुनाऽप्येतत्सिद्धम् ।

तथा, *'सत्तामेत्तग्गाही'* त्ति यदुक्तं तत्र सत्ता न सङ्ग्रहनयविषयभूता तिर्यक्सामान्यरूपेति यन्निश्चितं तेनायं 'सत्ता'शब्दो न सत्तामहासामान्यार्थक इति सिध्यत्येव । तत्सिद्धौ चानन्यगत्या 'स अस्तित्वार्थकः' इत्यपि सिध्यत्येव । अत एव **भाष्यगाथावृत्तौ** 'यत आद्यनैगमः सत्तामात्रग्राही, अतस्तन्मतेन **सर्वं** नाविद्यमानं, किन्तु सर्वदा सदेव' इत्यर्थकं विवृतम् । किञ्च दिक्पटाचार्य**देवसेनकृत**द्रव्यार्थिकनयदशभेदेषु द्वितीयो भेद एवमुक्तः-द्वितीय उत्पादव्यय-

---

सत्त्व' नહीं पण 'सर्वत्र सत्त्व' કહેલું (હોય એ) જ જોવા મળે છે. જેમકે **વિશેષાવશ્યક ભાષ્યની** ૨૨૦૭મી ગાથાના પૂર્વાર્ધમાં આ પ્રમાણે કહ્યું છે કે - *'સત્' એમ કહેવામાં આવે ત્યારે બુદ્ધિ સર્વત્ર પહોંચી જાય છે.* એની **વૃત્તિમાં** પણ કહ્યું છે કે - *'સત્' એમ બોલવામાં આવે ત્યારે સર્વત્ર = ત્રણે ભુવનમાં રહેલ બધી વસ્તુઓમાં બુદ્ધિ દોડી જાય છે (બધી વસ્તુઓ બુદ્ધિનો વિષય બની જાય છે.)* એટલે सत्तामेत्तगाही આવા શબ્દો દ્વારા આદિનૈગમના વિષય તરીકે જે સત્તા કહેલી છે તે સંગ્રહનયના વિષયભૂત તિર્યક્સામાન્યરૂપ નથી, ને તેથી એ ઊર્ધ્વતાસામાન્યરૂપ છે એ નિશ્ચિત થાય છે. અને એ નિશ્ચિત થયું એટલે 'શેષ = વિશેષગ્રાહી' એમ જે કહેલ છે તેમાં વિશેષ તરીકે ઊર્ધ્વતાસામાન્યપ્રતિપક્ષી વિશેષનો જ અધિકાર છે એ પણ નિશ્ચિત થાય છે જ. આમ બીજા હેતુ દ્વારા પણ આ વાત સિદ્ધ થઈ.

તથા सत्तामेत्तगाही એમ જે કહ્યું છે તેમાં સત્તા તરીકે સંગ્રહનયના વિષયભૂત તિર્યક્સામાન્ય નથી એવું જે ઉપર નિશ્ચિત થયું છે તેનાથી એ પણ સિદ્ધ થાય છે કે આ 'સત્તા'શબ્દનો અર્થ સત્તામહાસામાન્ય નથી. ને એ સિદ્ધ થયું એટલે હવે બીજો કોઈ માર્ગ ન રહેવાથી(=બીજો કોઈ અર્થ સંભવિત ન રહેવાથી) એ શબ્દનો અર્થ અસ્તિત્વ છે એ પણ સિદ્ધ થાય છે જ. એટલે જ પ્રસ્તુતભાષ્યગાથાની વૃત્તિમાં 'આદ્યનૈગમ સત્તામાત્રનો ગ્રાહક છે. તેથી તેના મતે સર્વ (ક્યારેય પણ) અવિદ્યમાન હોતું જ નથી, પણ હંમેશા સત્ = વિદ્યમાન જ હોય છે. એ પ્રમાણે વિવરણ કરેલું છે. વળી, દિગંબરઆચાર્ય**દેવસેને** કરેલા દ્રવ્યાર્થિકનયના દશ ભેદોમાં બીજો ભેદ આ પ્રમાણે કહેલો

गौणत्वेन सत्ताग्राहकः शुद्धद्रव्यार्थिकः, यथा द्रव्यं नित्यम् इति । अत्र हि 'सत्ता'इत्यस्य नित्यमस्तित्वमेवार्थः, न तु सत्तामहासामान्यलक्षणं तिर्यक्सामान्यं, 'उत्पादव्ययगौणत्वेन' इत्युक्तेः, यथा द्रव्यं नित्यं इत्यस्योदाहरणस्य चानुपपत्तेः ।

**नन्वे**वमप्याद्यनैगमस्य विषयतया 'अस्तित्वं' सिध्यति, न तूर्ध्वतासामान्यमिति **चेत् ?** न, रहस्यानभिज्ञानात्। इदमत्र रहस्यं-नमस्कार उत्पन्नोऽनुत्पन्नो वा? इति विचारणायामादि-नैगमस्यानुत्पन्न इति कथितम् । तत्साधनार्थं चादिनैगमः सत्तामात्रग्राहीत्युक्तम् । ततश्च यत आदिनैगमो नमस्कारस्य सर्वदाऽस्तित्वमेव गृह्णाति, न कदाचिदपि तस्याभावः = नास्तित्वं, अतस्तन्मतेन नमस्कारोऽनुत्पन्न इत्यर्थः प्राप्यते । अर्थात्तन्मतेनासंव्यवहारराश्यवस्थायामपि विवक्षितो जीवो नमस्कारः, शेषस्थावरकायावस्थायामपि नमस्कारः, विकलेन्द्रियावस्थायामपि नमस्कारः, एवमेव देव-नरकादिगतिषु मिथ्यात्वाद्यवस्थायामपि नमस्कार एव । एवञ्च

---

છે - *બીજો ઉત્પાદવ્યયને ગૌણ કરીને સત્તાનું ગ્રહણ કરનાર શુદ્ધદ્રવ્યાર્થિકનય છે, જેમકે દ્રવ્ય નિત્ય છે.* અહીં 'સત્તા'નો અર્થ નિત્ય અસ્તિત્વ જ છે, નહીં કે સત્તામહાસામાન્યરૂપ તિર્યક્સામાન્ય, કારણ કે ઉત્પાદ-વ્યયને ગૌણ કરવાનું જણાવ્યું છે. (જો તિર્યક્સામાન્ય લેવાનો અભિપ્રાય હોત તો વિશેષોને ગૌણ કરવાનું જણાવત.) અને (૨) જેમકે 'દ્રવ્ય નિત્ય છે' આવું ઉદાહરણ જે આપેલું છે તે પણ અસંગત ઠરી જાય. (જો સત્તામહાસામાન્યનો અભિપ્રાય હોત તો જેમકે जीवः सन् આવું કાંઈક ઉદાહરણ આપત.)

**શંકા** - છતાં, આ રીતે તો આદ્યનૈગમના વિષય તરીકે અસ્તિત્વ સિદ્ધ થયું, ઊર્ધ્વતાસામાન્ય ક્યાં સિદ્ધ થયું ?

**સમાધાન** - રહસ્યને ન જાણી શકવાથી તમે આવી શંકા કરો છો. અહીં આ રહસ્ય છે-નમસ્કાર ઉત્પન્ન છે કે અનુત્પન્ન? એની વિચારણામાં આદિનૈગમને અનુત્પન્ન છે, એમ કહ્યું છે અને એ સાબિત કરવા માટે 'આદિનૈગમ સત્તામાત્રગ્રાહી છે' એમ કહ્યું છે. એટલે, આદિનૈગમ નમસ્કારના સર્વદા અસ્તિત્વને જ જુએ છે, ક્યારેય પણ તેના અભાવને=નાસ્તિત્વને જોતો નથી, માટે એના મતે 'નમસ્કાર અનુત્પન્ન છે' એવો અર્થ મળે છે. અર્થાત્ એના મતે અવ્યવહારરાશિઅવસ્થામાં પણ વિવક્ષિત જીવ નમસ્કાર છે, શેષસ્થાવરઅવસ્થામાં પણ નમસ્કાર છે, વિકલેન્દ્રિય અવસ્થામાં પણ નમસ્કાર છે... એ જ રીતે દેવ-નરકાદિગતિમાં પણ મિથ્યાત્વાદિ અવસ્થામાં પણ એ નમસ્કાર છે જ. આમ બધી જ અવસ્થાઓમાં એ નમસ્કાર જ છે, ક્યારેય પણ અનમસ્કાર નથી, કારણ કે જો એ ક્યારેય પણ અનમસ્કાર હોય તો એ વખતે નમસ્કાર નાસ્તિ બની જાય.

सर्वास्ववस्थासु स नमस्कार एव, न कदाचिदप्यनमस्कारः, नमस्कारस्य नास्तित्वप्रसङ्गात् । एतदेव च नमस्कारोर्ध्वतासामान्यं, सर्वास्ववस्थास्वन्वयित्वादिति सिद्धं नैगमस्योर्ध्वतासामान्यं विषयः ।

किञ्च सत्तामात्रग्राहिणोऽनुत्पन्नत्ववादिन आद्यनैगमस्य विषयभूता सत्ता न सङ्ग्रहाभिमता तिर्यक्सामान्यरूपेति साधयितुमन्योऽप्येको हेतुः प्रदर्श्यते । सङ्ग्रहो द्विविधः परोऽपरश्च । तत्र परसङ्ग्रहनयमतेन 'अयं सन्' 'अयं सन्' इति बुद्धेर्घटपटादयः सर्वेऽपि पदार्थाः 'सन्' एव, न कोऽपि घटः पटो वा, विशेषग्राहित्वापत्तेः । ततश्च नमस्कारतया परिणतो जीवोऽपि तन्मतेन 'सन्' एव, न तु नमस्कारः। एवञ्च नमस्कारस्यैवाभावाल्लुप्तैव तस्योत्पन्न-त्वानुत्पन्नत्वकथा । अपरसङ्ग्रहमतेन सर्वेऽपि घटा 'घटः' एव, सर्वेऽपि पटाः 'पटः' एव । एवमेव नमस्कारपरिणताः सर्वेऽपि जीवाः 'नमस्कारः' एव । परन्त्वस्य मतेन सर्वेऽपि मृत्पिण्डा न 'घटः' एव, अपि तु 'मृत्पिण्डः' एव । पश्चात्तेषां घटतयोत्पत्त्यनन्तरमेव ते 'घटः' । एवमेव तन्मतेन, नमस्कारतयाऽपरिणता मिथ्यात्विजीवा न 'नमस्कारः', अपि तु नमस्कारतयोत्पत्त्यनन्तरमेव ते नमस्कारः। ततश्चापरसङ्ग्रहनयमतेन नमस्कार उत्पन्न एव,

---

આમ વિવક્ષિત જીવ બધી અવસ્થામાં 'નમસ્કાર' છે. માટે સર્વ અવસ્થાઓમાં અન્વયી એવો આ જ નમસ્કાર ઊર્ધ્વતાસામાન્ય છે. એટલે નૈગમનયનો વિષય ઊર્ધ્વતાસામાન્ય છે એ સિદ્ધ થયું.

વળી, નમસ્કારની સત્તામાત્રને જોનાર અને અનુત્પન્નતાને કહેનાર આદ્યનૈગમની વિષયભૂત સત્તા એ સંગ્રહનયના વિષયભૂત તિર્યક્સામાન્યરૂપ સત્તા નથી એ સાબિત કરવા માટે બીજો પણ એક હેતુ અપાય છે - સંગ્રહનય બે પ્રકારે છે - પર અને અપર. એમાં પરસંગ્રહનયમતે अयं सन्-अयं सन् એવી બુદ્ધિના કારણે ઘટ-પટ વગેરે બધા પદાર્થો સત્(=સત્તાવાન્) જ છે, કોઈ જ પદાર્થ ઘટ કે પટ નથી, કારણ કે પરસંગ્રહની દૃષ્ટિથી જો કોઈ ઘટ કે પટ હોય તો પરસંગ્રહ નય વિશેષગ્રાહી બની જાય. (તે પણ એટલા માટે કે ઘટ કે પટ વગેરે વિશેષરૂપ છે.) એટલે નમસ્કારરૂપે પરિણમેલો જીવ પણ પરસંગ્રહની દૃષ્ટિએ તો 'સત્' જ છે, નહીં કે 'નમસ્કાર'. આમ, એની દૃષ્ટિએ નમસ્કાર જેવી કોઈ ચીજ જ ન હોવાથી એ ઉત્પન્ન છે કે અનુત્પન્ન ? આ વિચાર જ શો ? અપરસંગ્રહની દૃષ્ટિએ બધા ઘડાઓ 'ઘટ' જ છે, બધા પટો 'પટ' જ છે. એ જ રીતે નમસ્કારરૂપે પરિણમેલા બધા જીવો 'નમસ્કાર' જ છે. પરંતુ એની દૃષ્ટિએ બધા મૃત્પિંડો 'ઘટ' નથી, પણ 'મૃત્પિંડ' જ છે. પછી એ બધા ઘડારૂપે ઉત્પન્ન થયા

न त्वनुत्पन्नः। अत एव नमस्कारस्योत्पन्नत्ववादिनां शेषनयानां मध्ये सङ्ग्रहस्यापि समावेशः कृत एव। एतेनापि सङ्ग्रहनयस्य नमस्कार एव विषयः, न तु नमस्कारत्वमिति सिध्यत्येव, नमस्कारत्वजातेरुत्पत्त्यभावात् । ततश्च सङ्ग्रहाभिमतं तिर्यक्सामान्यं नमस्काररूपमेव, न तु नमस्कारत्वरूपमित्यपि सिद्धम् । ननु यथाऽविशुद्धनैगमस्यैवोत्पन्नस्य नमस्कारस्याभिमततया शेषनयेषु नैगमस्याविशुद्धनैगमतया समावेशस्तथा सङ्ग्रहस्याप्यपरसङ्ग्रहतयैव कुतो न कृतः ? शृणु-नैगम आदिनैगमस्य तु नमस्कारोऽनुत्पन्नतयैव संमतः, अतस्तद्व्यवच्छेदार्थमविशुद्धत्व-विशेषणमुपात्तम्। सङ्ग्रहे तु परसङ्ग्रहस्योत्पन्नोऽनुत्पन्नो वा न कोऽपि नमस्कारः संमतः, न केवलो नमस्कार एव, घट-पटादिः कोऽपि पदार्थस्तस्य नैव संमतः, सन्मात्रग्राहित्वात्तस्य । अत एव पञ्चस्वपि गतिषु येषां जीव इष्टस्तेषु नयेषु सर्वसङ्ग्रहो यन्न सङ्गृहीतस्तद्विषये **नयोपदेश( ४५ )वृत्तौ** *'सर्वसङ्ग्रहस्य सन्मात्रार्थत्वात् तत्त्यागः'* इत्युक्तम् । तथा

---

બાદ જ 'ઘટ' છે. એ જ રીતે આ અપરસંગ્રહની દૃષ્ટિએ નમસ્કારરૂપે જેઓ પરિણમેલા નથી એવા મિથ્યાત્વી જીવો 'નમસ્કાર' નથી જ. પણ નમસ્કારરૂપે ઉત્પન્ન થયા બાદ જ તેઓ 'નમસ્કાર' છે. એટલે અપરસંગ્રહનયે નમસ્કાર ઉત્પન્ન જ છે, અનુત્પન્ન નથી. એટલે જ નમસ્કારને ઉત્પન્ન કહેનારા શેષનયોમાં સંગ્રહનયનો સમાવેશ કરેલો જ છે. આ વિચારણાથી પણ એ નિશ્ચિત થાય છે કે સંગ્રહનયનો 'નમસ્કાર' એ જ વિષય છે, નહીં કે નમસ્કારત્વ, કારણ કે નમસ્કારત્વ જાતિ તો ઉત્પન્ન હોતી નથી, (જ્યારે સંગ્રહનયનો વિષય તો અહીં ઉત્પન્ન કહેલો છે) એટલે જ સંગ્રહમાન્ય તિર્યક્સામાન્ય પણ નમસ્કારરૂપ જ છે, નહીં કે નમસ્કારત્વરૂપ એ પણ સિદ્ધ થયું.

**શંકા** - જેમ અવિશુદ્ધનૈગમને જ ઉત્પન્ન નમસ્કાર માન્ય હોવાથી શેષનયોમાં નૈગમનયનો સમાવેશ અવિશુદ્ધનૈગમ તરીકે છે, એમ સંગ્રહનયનો સમાવેશ અપરસંગ્રહ તરીકે કેમ ન કર્યો ?

**સમાધાન** - આદિનૈગમને નમસ્કાર માન્ય તો છે જ, માત્ર અનુત્પન્ન તરીકે. એટલે એની બાદબાકી કરવા માટે 'અવિશુદ્ધનૈગમ' એમ કહ્યું. પણ સંગ્રહનયમાં પરસંગ્રહ ને તો 'નમસ્કાર' જેવી કોઈ ચીજ જ નથી... અરે ! 'નમસ્કાર' જ શું ? ઘટ-પટ વગેરે જેવી પણ કોઈ ચીજ જ નથી, કારણ કે એ તો 'સત્' માત્રને જોનાર છે. એટલે જ જે નયોને પાંચે ગતિઓમાં 'જીવ' માન્ય છે તે નયોમાં સર્વસંગ્રહનો સંગ્રહ જે નથી કર્યો એ અંગે **નયોપદેશ(૪૫)ની વૃત્તિમાં** ''સર્વસંગ્રહ નય 'સત્'માત્રને

हिंसाविचारणायाम**ओघनिर्युक्ति( ७५६ )वृत्तौ** *'सङ्ग्रहव्यवहारयोः षट्सु जीवनिकायेषु हिंसा, सङ्ग्रहश्चात्र देशग्राही द्रष्टव्यः'* इत्युक्तम् । अतः प्रस्तुते घट-नमस्कारादिपदार्थविशेषविचारणायां तस्य सम्भवाभावादेव न तद्व्यवच्छेदार्थं विशेषणोपादानं कृतम् ।

यद्वा सङ्ग्रहस्य विशेषणशून्येऽप्युल्लेखे यथाऽत्रौघनिर्युक्तिवृत्तौ देशग्राही सङ्ग्रह एव गृहीतस्तथैव प्रस्तुतेऽप्यपरसङ्ग्रह एव ग्राह्यः, व्याख्यानतो विशेषप्रतिपत्तिन्यायात् ।

**न च विशेषावश्यकभाष्ये** यत्रादिनैगममताधिकारस्तत्र(गाथा-२८०८-२८०९) **वृत्तावेवमुक्तं**-इदमुक्तं *भवति-मिथ्यादृष्ट्यवस्थायामपि द्रव्यरूपतया नमस्कारोऽस्ति, सर्वथाऽसतः खरविषाणस्येव पश्चादप्युत्पादायोगादिति।* ततश्च नमस्कारत्वेन नमस्कारस्योत्पन्नत्वमेवादिनैगमस्याभिमतमित्यापतितं, अन्यथा *'द्रव्यरूपतया' 'पश्चादप्युत्पादायोगाद्'* इत्युक्त्योरनुपपत्त्यापत्तिरित्या**शङ्कनीयं,** वृत्तिगततत्कथनस्य व्यवहारनयानुसारित्वात्। अयम्भावः-एतद्वृत्ति-

---

જોનારો હોવાથી એનો ત્યાગ કર્યો છે' એમ જણાવ્યું છે. એમ **ઓઘનિર્યુક્તિ (૭૫૬)ની વૃત્તિમાં** હિંસાની વિચારણા દરમ્યાન 'સંગ્રહ અને વ્યવહારનયને છ જીવનિકાય અંગે હિંસા માન્ય છે, અને આમાં સંગ્રહ તરીકે દેશગ્રાહી સંગ્રહ જાણવો' એમ કહ્યું છે. એટલે પ્રસ્તુતમાં ઘટ-નમસ્કાર વગેરે રૂપ વિશેષ પદાર્થની વિચારણામાં પરસંગ્રહનયનો સંભવ જ ન હોવાથી એની બાદબાકી કરવાની રહેતી નથી. માટે 'સંગ્રહ'ના વિશેષણ તરીકે 'અપર' એવું વિશેષણ લગાડ્યું નથી. અથવા તો ઉલ્લેખમાં ભલે વિશેષણ નથી, છતાં જેમ આ ઓઘનિર્યુક્તિની વૃત્તિમાં દેશગ્રાહી સંગ્રહ જ લીધો છે તે જ રીતે પ્રસ્તુતમાં પણ 'વ્યાખ્યાનતો વિશેષપ્રતિપત્તિ' ન્યાયે અપરસંગ્રહ જ લેવો.

**પૂર્વપક્ષ - વિશેષાવશ્યકભાષ્યમાં** જ્યાં (ગાથા ૨૮૦૮-૨૮૦૯) આદિ નૈગમમતનો અધિકાર છે ત્યાં વૃત્તિમાં આ પ્રમાણે કહ્યું છે - *કહેવાનો ભાવ આ છે - મિથ્યાદષ્ટિ અવસ્થામાં પણ દ્રવ્યરૂપે નમસ્કાર વિદ્યમાન હોય છે, કારણ કે સર્વથા અસત્નો તો ખરવિષાણની જેમ પાછળથી પણ ઉત્પાદ થઈ શકતો નથી.* એટલે 'નમસ્કારરૂપે નમસ્કાર ઉત્પન્ન હોવો જ આદિનૈગમને અભિમત છે' એવું માનવું જ પડશે, અન્યથા 'દ્રવ્યરૂપે' અને 'પાછળથી પણ ઉત્પાદ અસંભવિત છે' આવું જે કહ્યું છે તે અસંગત ઠરી જશે. (જો મિથ્યાદષ્ટિ અવસ્થામાં પણ નમસ્કાર 'નમસ્કાર'રૂપે જ હાજર હોય તો 'દ્રવ્ય'રૂપે એમ શી રીતે કહી શકાય ? માટે એ અસંગત બની જાય તથા 'પાછળથી પણ ઉત્પાદ ન થઈ શકે' આ વાતને અનિષ્ટરૂપે જણાવેલી છે. જો ખરેખર ઉત્પાદ ન જ હોય તો આ વાત અનિષ્ટ ન હોય શકે, માટે એ અસંગત બની જાય.)

वचनात्पूर्वं तत्रैवमधिकारः- *आह-* **ननु** *यदि नमस्कारः सर्वदैव सन् तदा मिथ्यादृष्ट्यवस्थायां किमित्यसौ न लक्ष्यते ? इत्याह संतंपीत्यादि, सर्वावस्थासु सन्तमपि नमस्कारमतिशयज्ञानिनं विहाय न सर्वोऽपि मुणति=जानातीति प्रतिज्ञा, 'वरणाउ' त्ति=आवरणकर्मसद्भावादिति हेतुः, आत्मनः स्वरूपवदिति दृष्टान्तः ।* अत्र *'असौ न लक्ष्यते'* इति यदुक्तं तेनैतत्कथनं व्यवहारमतेनेति सिध्यति, व्यवहार एव तं न लक्षयति, नैगमस्तु पिण्डावस्थायां घटमिव मिथ्यादृष्ट्यवस्थायां नमस्कारं लक्षयत्येव । तथाऽतिशयज्ञानी तु तं नमस्कारतया सन्तमपि जानात्येव, अनतिशयज्ञान्येवावरणकर्मसद्भावान्न जानातीति यदुक्तं तेन 'मिथ्यादृष्ट्यवस्थायामपि नमस्कारः सन्नेवेति सिध्यति तथाऽत एव च सम्यग्दृष्ट्यवस्थायामपि स नोत्पद्यतेऽपि त्वनुत्पन्न एव वर्तते इत्यपि सिध्यति । **ननु** तत्र वृत्तावग्र एवमधिकारो दृश्यते - *केवलं ज्ञानावरणेनावृतत्वाच्छंद्मस्थजन्तवस्तद्रूपतया सन्तमपि तं नमस्कारं न लक्षयन्ति, यथाऽऽत्मनः*

---

**ઉત્તરપક્ષ** - તમારી શંકા બરાબર નથી, કારણ કે વૃત્તિમાં આ જે વાત કરેલી છે તે તો વ્યવહારનયાનુસારે કરેલ છે. કહેવાનો ભાવ આ છે - આ વૃત્તિવચનની પૂર્વે ત્યાં આવો અધિકાર છે. *શંકા - નમસ્કાર જો હંમેશા સત્ છે તો મિથ્યાત્વી અવસ્થામાં એ જણાતો કેમ નથી ? આવી શંકાને દૂર કરવા જણાવે છે - સર્વ અવસ્થાઓમાં વિદ્યમાન એવા પણ નમસ્કારને અતિશયજ્ઞાનીને છોડીને શેષ સર્વજન જાણતો નથી, (આ અનુમાનપ્રયોગની પ્રતિજ્ઞા છે.) કારણ કે આવરણકર્મો હાજર હોય છે (આ હેતુ છે.) જેમકે આત્માનું સ્વરૂપ. (આ દૃષ્ટાન્ત છે.)"* આ અધિકારમાં 'આ (= નમસ્કાર) જણાતો નથી' આવું જે કહ્યું છે તેનાથી જણાય છે કે આ કથન વ્યવહારનયમતે છે, કારણ કે એ અવસ્થામાં વ્યવહારનય જ એને જોતો નથી. નૈગમનય તો પિંડ અવસ્થામાં પણ જેમ ઘડો જુએ છે એમ મિથ્યાત્વી અવસ્થામાં નમસ્કારને જુએ જ છે. વળી 'અતિશયજ્ઞાની તો તેને નમસ્કારરૂપે વિદ્યમાન પણ જાણે જ છે, અનતિશયજ્ઞાની આવરણકર્મ હોવાથી જાણતા નથી.' આવું અહીં જે કહ્યું છે તેનાથી મિથ્યાદૃષ્ટિઅવસ્થામાં પણ નમસ્કાર વિદ્યમાન હોવો જ સિદ્ધ થાય છે. તથા એટલે જ 'સમ્યગ્દૃષ્ટિ અવસ્થામાં પણ એને નવું ઉત્પન્ન થવાનું હોતું નથી, પણ અનુત્પન્ન એવો જ એ પૂર્વાવસ્થાથી વર્તતો હોય છે' એ પણ સિદ્ધ થાય છે.

**શંકા** - એ વૃત્તિમાં આગળ આવો અધિકાર છે - *ફક્ત જ્ઞાનાવરણ કર્મથી આવૃત હોવાથી છદ્મસ્થ જીવો તે રૂપે વિદ્યમાન એવા પણ તે નમસ્કારને જાણી શકતા નથી, જેમકે આત્માના સ્વરૂપને. આત્માનું સ્વરૂપ વિદ્યમાન નથી એવું તો નથી જ, માત્ર*

*स्वरूपम् । न ह्यात्मनः स्वरूपं नास्ति, केवलममूर्तत्वात् सर्वदा सदपि तत्केवलिनं विहाय न कोऽपि लक्षयति। एवं नमस्कारोऽपि । इत्यतः सर्वदैव सत्त्वादसावादिनैगमाभिप्रायेणानुत्पन्न उच्यत इति ॥२८०८-२८०९॥* अत्र *'तद्रूपतया'* इत्यस्य 'द्रव्यरूपतया' इत्यर्थः, तत्रैव पङ्क्तौ पूर्वं *'द्रव्यरूपतया नमस्कारोऽस्ती'*त्यस्योक्तत्वादिति मिथ्यादृष्ट्यवस्थायां स द्रव्यरूपतयैवास्ति, न तु नमस्काररूपतयेति **चेत् ? न,** तद्रूपतया तु छद्मस्थस्यापि विषयत्वात्। अयं भावः-'द्रव्यरूपतया' इत्यस्य 'योग्यतया' इत्यर्थः। मृत्पिण्डे योग्यतया तु घटं न केवलः केवल्येव, छद्मस्थोऽपि कुलालो जानात्येव, अन्यथा वालुकायामिव तत्रापि घटोद्देश्यक-प्रवृत्त्यभावापत्तेः। शिल्पी पाषाणे योग्यतया तु मूर्तिं पश्यत्येव। केवलं तत्तदभिलाषप्राबल्या-भावकाले नैगमनयदृष्ट्यभावाद् व्यवहारनयेन तौ तत्र घट-मूर्ती न पश्यतः, केवली तु सर्वदैव ते पश्यति। तत्तदभिलाषप्राबल्ये तु तावपि नैगमनयदृष्टिसद्भावात् ते पश्यत एव । अत एवात्मस्वरूपलक्षणदृष्टान्ते छाद्मस्थिकज्ञानविषयत्वस्य योऽभाव उक्तस्तत्रामूर्तत्वं हेतुतयोक्तं,

---

*અમૂર્ત હોવાથી સર્વદા વિદ્યમાન એવા પણ તેને, કેવલીને છોડીને અન્ય કોઈ જાણતું નથી. એ જ રીતે નમસ્કાર અંગે પણ જાણવું. આમ સર્વદા સત્ હોવાથી આ નમસ્કાર આદિનૈગમના* અભિપ્રાયે અનુત્પન્ન કહેવાય છે. ॥૨૮૦૮-૨૮૦૯॥ અહીં 'તદ્રૂપતા'નો (તે રૂપેનો) અર્થ દ્રવ્યરૂપતા (= દ્રવ્યરૂપે) છે, કારણ કે એ જ પંક્તિમાં પૂર્વે 'દ્રવ્યરૂપે નમસ્કાર છે' એમ કહેલું છે. માટે મિથ્યાત્વી અવસ્થામાં એ દ્રવ્યરૂપે જ છે, નહીં કે નમસ્કારરૂપે...

**સમાધાન** - આવી શંકા બરાબર નથી, કારણ કે દ્રવ્યરૂપે તો એ છદ્મસ્થનો પણ વિષય છે. કહેવાનો ભાવ એ છે કે - દ્રવ્યરૂપે = યોગ્યતારૂપે આવો અર્થ છે. માટીના પિંડામાં યોગ્યતારૂપે ઘડાને માત્ર કેવલી જ નહીં, છદ્મસ્થ એવો કુંભાર પણ જાણે જ છે, નહીંતર તો (જો એ જાણતો ન હોય તો) રેતીની જેમ માટી અંગે પણ ઘડા માટે પ્રયત્ન કરે જ નહીં. શિલ્પી પાષાણમાં યોગ્યતારૂપે તો મૂર્તિને જુએ જ છે. માત્ર જ્યારે એવી પ્રબળ અભિલાષા ન હોય ત્યારે નૈગમનયની દૃષ્ટિનો અભાવ હોવાથી વ્યવહારનયે તે બે જણ (કુંભાર અને શિલ્પી) માટી-પાષાણમાં ઘડો અને મૂર્તિને જોતા નથી. કેવલી તો તે બન્નેને હંમેશા જુએ છે અને જ્યારે તે તેની પ્રબળ અભિલાષા હોય છે ત્યારે તો તે બે પણ નૈગમનયદૃષ્ટિ હાજર હોવાથી તે બેને જુએ જ છે. એટલે જ આત્માના સ્વરૂપાત્મક દૃષ્ટાન્તમાં, છદ્મસ્થ એને જે જાણી શકતો નથી એમાં કારણ તરીકે અમૂર્તતાને

न तु योग्यतया (=द्रव्यतया) अवस्थानम् । ततश्च केवलिना सर्वदा दृश्यमानमात्मस्वरूपं छद्मस्थेनादृश्यमानमपि सदात्मनि यथा सर्वदाऽस्ति तथा नमस्कारोऽपि छद्मस्थेनालक्ष्यमाणोऽपि केवलिना सर्वदा लक्ष्यमाणतयाऽऽत्मनि मिथ्यादृष्ट्यादिकासु सर्वास्ववस्थास्वस्तीति मन्तव्यमेव । केवलं ज्ञानावरणकर्मसद्भावाच्छद्मस्थः सामान्यतया तं न जानाति, नैगमनयदृष्टिप्रभावात्तु जानाति । तस्मादादिनैगमस्य नमस्कारः सर्वास्ववस्थास्ववस्थितत्वादनुत्पन्न इति सिद्धम् ।

इत्थञ्च, आत्मनो या अवस्था अतीताः, या च वर्तमाने वर्तते, याश्च भविष्यत्काले भविष्यन्त्यः, तासु सर्वास्वन्वयितया नमस्कार ऊर्ध्वतासामान्यमेव, स एव चादिनैगमस्य विषय इति नैगमस्योर्ध्वतासामान्यं विषय इति नमस्कारनिर्युक्त्याधिकारबलेनापि सिद्धम् ।

अथाधिकारेऽत्र 'नैगमो द्विविधः-सर्वसङ्ग्राही, देशसङ्ग्राही च' इति पूर्वमुक्तं (पृ. १५३), तत्र नैगमे किं सर्वसङ्ग्राहित्वम् ? किं वा देशसङ्ग्राहित्वम् ? शृणु-सङ्ग्रहनयस्य तिर्यक् सामान्यं विषयः । ततश्च 'सत्' इति तिर्यक्सामान्येन यः सङ्ग्रहनयः विश्वविश्ववर्तीनि सर्वाणि द्रव्याणि सङ्गृह्णाति स यथा सर्वसङ्ग्रहनय उच्यते, यश्च जीव-पुद्गल-घटादिलक्षणेन

---

કહી છે, નહીં કે યોગ્યતારૂપે અવસ્થાનને. (અર્થાત્ આત્માનું સ્વરૂપ માત્ર યોગ્યતારૂપે હાજર હોવાથી છદ્મસ્થને જણાતું નથી એવું નથી, પણ એ અમૂર્ત હોવાથી છદ્મસ્થને જણાતું નથી એમ જણાવ્યું છે). એટલે કેવલી જેને હંમેશા જુએ છે એવું આત્મસ્વરૂપ છદ્મસ્થને ન જણાતું હોવા છતાં આત્મામાં જેમ હમેશાં હાજર હોય છે. એમ નમસ્કાર પણ છદ્મસ્થને ન જણાતો હોવા છતાં કેવલીને હંમેશા જણાતો હોવાથી આત્મામાં મિથ્યાત્વી વગેરે બધી અવસ્થાઓમાં વિદ્યમાન હોય છે એમ માનવું જ જોઈએ. માત્ર જ્ઞાનાવરણકર્મ હાજર હોવાથી છદ્મસ્થ સામાન્ય રીતે એને જાણતો નથી, છતાં નૈગમનયની દૃષ્ટિના પ્રભાવે એને જાણે છે. તેથી આદિનૈગમમતે નમસ્કાર સર્વ અવસ્થાઓમાં અવસ્થિત હોવાથી 'અનુત્પન્ન' છે એ વાત સિદ્ધ થઈ.

આમ, આત્માની જે અવસ્થાઓ અતીતકાળમાં વીતી ગઈ, જે વર્તમાનમાં હાજર છે, અને જે ભવિષ્યકાળમાં થવાની છે એ બધી અવસ્થાઓમાં અન્વયી હોવાથી નમસ્કાર ઊર્ધ્વતાસામાન્ય જ છે, અને એ જ આદિનૈગમનો વિષય છે. માટે નૈગમનયનો વિષય ઊર્ધ્વતાસામાન્ય છે એ વાત નમસ્કાર નિર્યુક્તિના આ અધિકારથી પણ સિદ્ધ થઈ.

**પ્રશ્ન** - આ અધિકારમાં નૈગમ બે પ્રકારે છે- સર્વસંગ્રાહી અને દેશસંગ્રાહી... એવું પૂર્વે જે કહ્યું છે તેમાં નૈગમમાં સર્વસંગ્રાહીપણું શું છે? અને દેશસંગ્રાહીપણું શું છે?

**ઉત્તર** - સાંભળ, સંગ્રહનયનો તિર્યક્સામાન્ય વિષય છે. તેથી, જે સંગ્રહનય 'સત્'

तिर्यक्सामान्येन तदेकदेशभूतानि जीव-पुद्गल-घटादिलक्षणानि द्रव्याणि सङ्गृह्णाति, स यथा देशसङ्ग्रहनय उच्यते । तथैव नैगमेऽपि ज्ञेयम् । नमस्कारलक्षणेनोर्ध्वतासामान्येन यो नैगमनयो नमस्कारतया परिणतस्य विवक्षितस्य जीवस्य कालत्रयभाविनीषु सर्वास्ववस्थासु नमस्कारतया नमस्कारं गृह्णाति, अर्थात् ताः सर्वा अवस्था नमस्कारलक्षणेनोर्ध्वतासामान्येन सङ्गृह्णाति, स सर्वसङ्ग्राहीनैगमनयः । यस्तु ताभ्यः सर्वाभ्य अवस्थाभ्यः कासुचिदेव नमस्कारमन्वयितया गृह्णाति, अर्थात् तासां सर्वासामवस्थानामेकदेशभूताः काश्चिदवस्था एव नमस्कारलक्षणेनोर्ध्वतासामान्येन सङ्गृह्णाति स देशसङ्ग्राहीनैगमः ।

**ननु** यथा परसङ्ग्रहस्य सल्लक्षणं तिर्यक्सामान्यं विषयः, अपरसङ्ग्रहस्य च जीव-पुद्गल-देव-घटादिलक्षणं तिर्यक्सामान्यं विषयस्तथा सर्वसङ्ग्राहिणो नैगमस्य को विषयः ? कश्च देशसङ्ग्राहिणः ? इत्युच्यताम्। **शृणु**-नमस्कार एव सर्वसङ्ग्राहिणो नैगमस्य विषयः स एव च देशसङ्ग्राहिणोऽपि विषयः । अत एव यो नैगमभेदो वनगमनप्रयोजनीभूतं दारु प्रस्थकतया गृह्णाति तस्य यथा प्रस्थको विषयः, 'अयं प्रस्थकः' इति बोधोदयात्, तथैव

---

એવા તિર્યક્સામાન્ય દ્વારા આખા વિશ્વમાં રહેલા સર્વ દ્રવ્યોનો સંગ્રહ કરે છે, તે જેમ સર્વસંગ્રહનય કહેવાય છે, અને જે સંગ્રહનય જીવ-પુદ્ગલ-ઘટ વગેરે રૂપ તિર્યક્ સામાન્યથી તે સર્વદ્રવ્યોના એકદેશભૂત જીવ-પુદ્ગલ-ઘટ વગેરે દ્રવ્યોનો સંગ્રહ કરે છે તે જેમ દેશસંગ્રહનય કહેવાય છે એ જ રીતે નૈગમનયમાં પણ જાણવું. જે નૈગમનય નમસ્કારાત્મક ઊર્ધ્વતાસામાન્યથી, નમસ્કારરૂપે પરિણત થયેલા વિવક્ષિત જીવની ત્રિકાળભાવિની સર્વ અવસ્થાઓમાં નમસ્કારરૂપે નમસ્કારને જુએ છે, અર્થાત્ તે સર્વ અવસ્થાઓનો નમસ્કારાત્મક ઊર્ધ્વતાસામાન્યથી સંગ્રહ કરે છે તે **સર્વસંગ્રાહી નૈગમનય** છે અને જે નૈગમનય, તે સર્વ અવસ્થાઓમાંથી કેટલીક અવસ્થાઓમાં જ નમસ્કારને અન્વયી તરીકે જુએ છે, અર્થાત્ તે સર્વ અવસ્થાઓમાંથી કેટલીક અવસ્થાઓનો જ નમસ્કારાત્મક ઊર્ધ્વતાસામાન્યથી સંગ્રહ કરે છે તે **દેશસંગ્રાહીનૈગમનય.**

**પ્રશ્ન**-જેમ પરસંગ્રહનો 'સત્' એવું તિર્યક્સામાન્ય એ વિષય છે, અને 'અપરસંગ્રહનો જીવ-પુદ્ગલ-દેવ-ઘટાદિ રૂપ તિર્યક્ સામાન્ય વિષય છે. તેમ સર્વસંગ્રાહી નૈગમનો વિષય શું છે ? અને દેશસંગ્રાહીનૈગમનો વિષય શું છે ?

**ઉત્તર** - નમસ્કાર એ જ સર્વસંગ્રાહીનૈગમનો વિષય છે અને એ જ દેશસંગ્રાહી નૈગમનો પણ વિષય છે. એટલે જ જે નૈગમભેદ વનગમનપ્રયોજનીભૂત કાષ્ઠને પ્રસ્થક

यो नैगमभेदश्छिद्यमानं दारुं प्रस्थकतया गृह्णाति तस्यापि प्रस्थक एव विषयः, 'अयं प्रस्थकः' इत्येव बोधोदयात् । एवमेव मृत्पिण्डं घटं मन्यमानस्य नैगमस्येव शिवकादिकं घटं मन्यमानस्य नैगमस्यापि घट एव विषयः, द्वयोरपि 'अयं घटः' इत्येव बोधोदयात् ।

**नन्वेवं** तूर्ध्वतासामान्ये परापरत्वाभावापत्तिः, घटस्यैवोर्ध्वतासामान्यत्वात् । तद्वारणार्थमेवं मन्तव्यं - यो नैगमभेदो मृद्द्रव्य-पिण्ड-शिवकादिष्ववस्थास्वन्वयितया मृद्द्रव्यं पश्यति स परो नैगमः, मृद्द्रव्यलक्षणपरोर्ध्वतासामान्यविषयकत्वात्, यश्च तास्ववस्थास्वन्वयितया घटं पश्यति, स अपरो नैगमः, तद्विषयस्य घटलक्षणोर्ध्वतासामान्यस्य मृल्लक्षणोर्ध्वतासामान्यापेक्षयाल्पविशेषेष्वन्वयित्वादिति **चेन्न,** व्यवहारनयेन तस्याल्पविशेषेषु विश्रान्तत्वेऽपि नैगमनयेन तथात्वाभावात्। इदमुक्तं भवति-व्यवहारनयेनात्र मृत्त्वं घटत्वञ्चोर्ध्वतासामान्ये। तत्र मृत्त्वं मृद्द्रव्यादिकेषु कपालान्तेषु विशेषेष्वन्वयि, घटत्वं तु घटस्य नूतनत्व-पुराणत्वाद्यवस्थालक्षणेषु विशेषेष्वेवेति तस्यापरत्वं तदपेक्षया मृत्त्वस्य च परत्वम्। परन्तु नैगमस्य न तथा।

---

તરીકે જુએ છે તેનો જેમ 'પ્રસ્થક' એ વિષય છે, કારણ કે 'આ પ્રસ્થક છે' એવો બોધ એને થાય છે, એમ જે નૈગમભેદ છેદાતા કાષ્ઠને પ્રસ્થક તરીકે જુએ છે તેનો પણ પ્રસ્થક જ વિષય છે, કારણ કે એને પણ 'આ પ્રસ્થક છે' એવો જ બોધ થાય છે. એ જ રીતે માટીના પિંડાને ઘડો માનનાર નૈગમની જેમ શિવકાદિને ઘડો માનનાર નૈગમનો પણ ઘડો જ વિષય હોય છે, કારણ કે બન્નેને 'આ ઘડો છે' એવો જ બોધ થાય છે.

**શંકા** - આ રીતે તો ઊર્ધ્વતાસામાન્યના પર-અપર એવા બે ભેદ અસંગત બની જશે, કારણ કે ઘડો જ ઊર્ધ્વતાસામાન્ય છે. એટલે, આવી આપત્તિ ન આવે એ માટે આ પ્રમાણે માનવું જોઈએ - જે નૈગમભેદ મૃદ્દ્રવ્ય-પિંડ-શિવકાદિ અવસ્થાઓમાં અન્વયી તરીકે મૃદ્દ્રવ્યને જુએ છે તે પરનૈગમ છે. કારણ કે મૃદ્દ્રવ્યરૂપ પરઊર્ધ્વતાસામાન્યને જુએ છે અને જે તે અવસ્થાઓમાં અન્વયી તરીકે ઘડાને જુએ છે તે અપરનૈગમ છે, કારણ કે એના વિષયભૂત ઘટાત્મક ઊર્ધ્વતાસામાન્ય એ, મૃદ્દ્રવ્યાત્મક ઊર્ધ્વતાસામાન્યની અપેક્ષાએ અલ્પ વિશેષોમાં અન્વયી છે.

**સમાધાન** - તમારી શંકા બરાબર નથી, કારણ કે ઘડો અલ્પવિશેષોમાં અન્વયી જે ભાસે છે તે વ્યવહારનયે જ, નહીં કે નૈગમનયે પણ. આશય એ છે કે વ્યવહારનયમતે પ્રસ્તુતમાં મૃત્ત્વ અને ઘટત્વ એ ઊર્ધ્વતાસામાન્ય છે (મૃદ્દ્રવ્ય અને ઘટ નહીં.) એમાં મૃત્ત્વ માટીદ્રવ્યથી લઈને કપાલસુધીના વિશેષોમાં અન્વયી છે. જ્યારે ઘટત્વ ઘડાની નૂતનત્વ-પુરાણત્વ વગેરે અવસ્થાઓરૂપ વિશેષોમાં જ અન્વયી છે, માટે ઘટત્વ અપર

तस्य मृद्द्रव्यं घटश्चात्रोर्ध्वतासामान्ये । तत्र घटावयवभूतानां परमाणूनां या औदारिकवर्गणा-मृद्द्रव्यं-पिण्ड-शिवक-स्थास-कोश-कुशूल-घट-कपालादिका विविधा अवस्थास्तासु सर्वासु यथा मृद्द्रव्यमन्वेति तथैव घटद्रव्यमपि, अभिलाषप्राबल्यादिलक्षणे तथाविधकारणे सति नैगमनयदृष्ट्यां प्रवृत्तायामासु सर्वास्ववस्थासु यथा 'इयं मृद्' इतिबोधोदयसम्भवस्तथैव 'अयं घटः' इति बोधोदयस्याप्यन्यूनातिरिक्ततया सम्भवात् । न केवलमास्वेव, तत्पुद्गलद्रव्यस्याना-दिकालत आरभ्याननन्तं कालं यावत् प्रवर्तमानायां परम्परायां सम्भवन्तीषु पूर्वोत्तरीभूतासु सर्वास्ववस्थासु नैगमगोचरयोग्यासु तयोर्द्वयोरपि समानतया सम्भवः । न केवलं तयोर्द्वयोरेव बोधयोः, अपि तु येषां बोधानां कारणीभूतानां नैगमदृष्टीनां तथाविधाभिलाषप्राबल्यादि-कारणसम्भूतानां सम्भवस्ते सर्वेऽपि बोधा आसु सर्वास्ववस्थासु समानतया सम्भवन्त्येव । तथाहि - मृत्-पिण्ड-शिवक-स्थास-कोश-कुशूल-घट-कपाल-लक्षणास्ववस्थासूदाहरणतया गृहीतासु सर्वासु दृष्टौ मृद्द्रव्याभिलाषप्राबल्योपरक्तायां सत्यां 'इयं मृद्' 'इयं मृद्' इति बोधोदयः, तथैव पिण्डाभिलाषप्राबल्योपरक्तायां सत्यां तासु सर्वासु 'अयं पिण्डः' इति

---

છે જ્યારે મૃત્ત્વ એની અપેક્ષાએ પર છે. પરંતુ નૈગમનયના મતે આવું નથી. એના મતે તો મૃદ્દ્રવ્ય અને ઘટ... એ બે જ અહીં ઊર્ધ્વતાસામાન્ય છે. એમાં ઘટના અવયવભૂત પરમાણુઓની જે ઔદારિકવર્ગણા-માટીદ્રવ્ય-પિંડ-શિવક-સ્થાસ-કોશ-કુશૂલ-ઘટ-કપાલ વગેરે વિવિધ અવસ્થાઓ હોય છે તે સર્વ અવસ્થાઓમાં જેમ મૃદ્દ્રવ્ય અન્વયી હોય છે એમ ઘટદ્રવ્ય પણ અન્વયી હોય જ છે, કારણ કે તેવા પ્રકારની પ્રબળ અભિલાષા વગેરે રૂપ ચોક્કસ કારણ હોય ત્યારે નૈગમનયદૃષ્ટિ પ્રવર્તે છે, અને તેથી આ સર્વ અવસ્થાઓમાં જેમ 'આ માટી' એવો બોધ થાય છે એમ અન્યૂનાતિરિક્તપણે 'આ ઘડો છે' એવો બોધ પણ સંભવે જ છે. માત્ર આ અવસ્થાઓમાં જ નહીં, એ પુદ્ગલદ્રવ્યની અનાદિકાળથી માંડીને અનંતકાળ સુધી પ્રવર્તમાન પરંપરામાં સંભવતી પૂર્વોત્તરીભૂત અને નૈગમનયનો વિષય બનતી બધી અવસ્થાઓમાં આ બન્ને બોધનો સમાન રીતે સંભવ હોય છે. માત્ર આ બે બોધનો જ નહીં, પરંતુ જે જે બોધ થવા માટે કારણ બનનાર નૈગમદૃષ્ટિઓનો, તેવા પ્રકારની પ્રબળ અભિલાષાવગેરેરૂપ કારણાદિના પ્રભાવે સંભવ હોય, તે બધા પ્રકારનો બોધ આ બધી અવસ્થાઓમાં સમાન રીતે સંભવે જ છે. જેમકે - માટી-પિંડ-શિવક-સ્થાસ-કોશ-કુશૂલ-ઘટ-કપાલ રૂપ અવસ્થાઓ ઉદાહરણ તરીકે લીધી હોય તો આ બધી અવસ્થાઓમાં, જ્યારે દૃષ્ટિ મૃદ્દ્રવ્યની પ્રબળ અભિલાષાથી રંગાયેલી હોય ત્યારે 'આ માટી...' 'આ માટી...' એવો બોધ થાય છે. એ જ રીતે પિંડની પ્રબળ અભિલાષાથી

बोधोदय:। एवमेव शिवक-स्थासादीनामभिलाषप्राबल्योपरक्तायां दृष्टौ 'अयं शिवक:' 'अयं शिवक:' 'अयं स्थास:' 'अयं स्थास:' इत्यादीनां बोधानामासु सर्वास्ववस्थासु समानतयोदय: सम्भवत्येव ।

इदमत्र रहस्यम्-*एगदविअम्मि जे अत्थपज्जवा, वयणपज्जवा वा वि । तीयाणागयभूया, तावइयं तं हवइ दव्वं॥* त्ति**सम्मतितर्कप्रकरणे** यदुक्तं तेन 'एकस्मिन् द्रव्येऽतीता: साम्प्रता अनागताश्च ये पर्यायास्तेषां समाहार एव द्रव्यम्' इति ज्ञायते । **तत्त्वार्थसूत्र( २-१ ) वृत्तौ** पारिणामिकभावनिरूपणे *'पारिणामिकोऽनादिप्रसिद्ध: सकलपर्यायराशे: प्रह्वतां=अभिमुखतां प्रतिपद्यमानोऽशेषभावाधारतां बिभर्तीति नामुना विना कस्यचिद्भावस्य निष्पत्ति:, अतश्च प्राधान्यमस्यैव भावानां मध्ययिति ।'* इति यदुक्तं तेन तत्तद्द्रव्यस्य कालत्रयसम्भविनो यावन्त: पर्यायास्तेषां सर्वेषां तस्मिन् द्रव्ये या योग्यता: सन्ति तासां समूहमयो य एको

---

રંગાયેલી હોય ત્યારે 'આ પિંડ' 'આ પિંડ' એવો બોધ થાય છે. એ જ રીતે શિવક-સ્થાસ વગેરેની પ્રબળ અભિલાષાથી દૃષ્ટિ રંગાયેલી હોય ત્યારે 'આ શિવક' 'આ શિવક'... એવો તથા 'આ સ્થાસ' 'આ સ્થાસ' વગેરે બોધ આ બધી અવસ્થાઓમાં સમાન રીતે સંભવે જ છે.

અહીં આ **રહસ્ય** છે - *એક દ્રવ્યમાં અતીત-અનાગત અને સામ્પ્રત જે અર્થપર્યાયો અને વ્યંજનપર્યાયો હોય છે એ બધાનો સરવાળો એ તે દ્રવ્ય હોય છે.* આવું **સમ્મતિતર્ક પ્રકરણ**માં જે કહ્યું છે તેનાથી 'એક દ્રવ્યમાં સંભવતા ત્રણે કાળના પર્યાયોનો સમુદાય એ જ દ્રવ્ય' એવું જણાય છે. **તત્ત્વાર્થસૂત્ર**(૨-૧)ની વૃત્તિમાં પારિણામિકભાવનું નિરૂપણ કરતી વખતે *''પારિણામિકભાવ એ છે જે અનાદિપ્રસિદ્ધ હોય છે - અર્થાત્ અનાદિકાળથી એ સિદ્ધ જ છે, નવો ઉત્પન્ન થતો નથી, તથા એ દ્રવ્યના ત્રણે કાળના સકલ પર્યાયરાશિની અભિમુખતાને=તે તે પર્યાયરૂપે પરિણમવાની તત્પરતાને=યોગ્યતાને ધારણ કરનારો=તે તે યોગ્યતાઓના સમુદાયરૂપ હોય છે, ને તેથી બધા ભાવોની=ઔદયિક વગેરે ભાવોની આધારતાને ધારણ કરનારો હોય છે. એટલે જ આ પારિણામિકભાવ વિના શેષ કોઈ ભાવ દ્રવ્યમાં પેદા થઈ શકતો નથી, અને તેથી જ બધા ભાવોમાં આ પારિણામિક ભાવ જ પ્રધાન હોય છે.''* આવું જે કહ્યું છે તેનાથી નિશ્ચિત થાય છે કે તે તે દ્રવ્યના ત્રણે કાળમાં સંભવિત જેટલા પર્યાયો હોય તે બધાની તે દ્રવ્યમાં જે યોગ્યતાઓ હોય છે, તે યોગ્યતાઓના સમૂહમય જે એકભાવ તે પારિણામિક ભાવ છે. સમ્મતિતર્કપ્રકરણ અને તત્ત્વાર્થસૂત્રવૃત્તિ... આ બેના આ વચનોથી એ જણાય છે કે

भावः स पारिणामिको भावः इति निश्चीयते । एताभ्यां वचनाभ्यामेतन्निश्चीयते यत् 'पुरःस्थिते वस्तुनि तत्सम्बन्धिनः सर्वे पर्यायाः सन्त्येव' इति । तेभ्यश्च सर्वपर्यायेभ्यो व्यवहारनयो साम्प्रतकालीनान् पर्यायान् व्यक्तरूपेण गृह्णाति, शेषानतीतानागतांस्तु पर्यायान् योग्यतारूपेण । केवलज्ञानी तु सर्वद्रव्यपर्यायविषयेण केवलज्ञानेन तान् सर्वान् पर्यायान् साक्षात् पश्यति । नैगमनयस्त्वभिलाषप्राबल्यादिवशतो या नैगमदृष्टिः प्रवर्तते तदनुसृत्यैकमेव पर्यायं पश्यति । अत एव यथा दृष्टिस्तथा सृष्टिरिति न्यायस्य प्रसिद्धिः ।

अयम्भावः - पुरःस्थितं स्थासं केवलज्ञानी यथा स्थासतया साक्षात्पश्यति, तथैव शिवकतयाऽपि साक्षात्पश्यति, पिण्डतयाऽपि साक्षात्पश्यति, कोशतयाऽपि साक्षात्पश्यति, कुशूलतयाऽपि साक्षात्पश्यति, घटतयाऽपि साक्षात्पश्यति, कपालतयाऽपि साक्षात्पश्यति । एवमेव पुरःस्थितस्य वस्तुनो ये केचन कालत्रयभाविनः पर्यायास्तान् सर्वान् केवलज्ञानी साक्षादेव=स्थासवद् व्यक्तरूपेणैव पश्यति, सर्वपर्यायविषयत्वात् कालातिक्रान्तत्त्वाच्च केवल-ज्ञानस्य। व्यवहारनयस्तु तं स्थासतया साक्षात् = व्यक्तरूपेणैव पश्यति, शिवक-पिण्डादितया कोश-कुशूल-घटादितया वा योग्यतारूपेणैव पश्यति, तेषां पर्यायाणां तस्मिन् साम्प्रतकाले योग्यतयैवावस्थानात्। अत एव स तस्योपचरितशिवकादितया कार्ये कारणोपचारेण कारणे

---

'સન્મુખ રહેલી વસ્તુમાં તેના સંબંધી બધા પર્યાયો હોય જ છે.' આ બધા પર્યાયોમાંથી વ્યવહારનય વર્તમાન પર્યાયોને વ્યક્તરૂપે જુએ છે, બાકીના અતીત-અનાગત પર્યાયોને યોગ્યતારૂપે જુએ છે. કેવલજ્ઞાની તો સર્વ દ્રવ્ય-પર્યાય જેનો વિષય છે એવા કેવલજ્ઞાનથી તે સર્વ પર્યાયોને સાક્ષાત્ જુએ છે. નૈગમનય તો પ્રબળ અભિલાષા વગેરેના પ્રભાવે જે નૈગમદૃષ્ટિ પ્રવર્તે તેને અનુસરીને એક જ પર્યાયને જુએ છે. માટે જ 'જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ' એવી કહેવત પ્રચલિત થઈ છે.

ભાવ આવો છે - સામે રહેલા સ્થાસને કેવલજ્ઞાની જેમ સ્થાસરૂપે સાક્ષાત્ જુએ છે, એમ શિવકરૂપે પણ સાક્ષાત્ જુએ જ છે. પિંડરૂપે પણ સાક્ષાત્ જુએ જ છે, કોશરૂપે પણ સાક્ષાત્ જુએ જ છે, કુશૂલરૂપે પણ સાક્ષાત્ જુએ જ છે. ઘડારૂપે પણ સાક્ષાત્ જુએ જ છે, કપાલરૂપે પણ સાક્ષાત્ જુએ જ છે. એ જ રીતે સામે રહેલી વસ્તુના જે કોઈ ત્રણે કાળભાવી પર્યાયો હોય તે સર્વને કેવલજ્ઞાની સાક્ષાત્ જ = સ્થાસની જેમ વ્યક્તરૂપે જ જુએ છે, કારણ કે કેવલજ્ઞાન સર્વપર્યાયવિષયવાળું હોય છે અને કાળાતિક્રાન્ત હોય છે. વ્યવહારનય તો એ સ્થાસને સ્થાસ તરીકે સાક્ષાત્ = વ્યક્તરૂપે જ જુએ છે, પણ શિવક-પિંડ વગેરે તરીકે કે કોશ-કુશૂલ-ઘટાદિ તરીકે યોગ્યતારૂપે જ જુએ છે, કારણ કે

वा कार्योपचारेण द्रव्यकोशादितया वा व्यवहारं करोति। केवलज्ञानविषया अपि ये पर्याया व्यवहारनयविषयानर्हास्तांस्तु व्यवहारनयः साक्षाद् योग्यतया वा नैव गृह्णाति व्यवहरति वा, अविषयत्वादेव। नैगमनयस्त्वभिलाषप्राबल्यादिरूपेण कारणेन दृष्टेर्यत्पर्यायोपरक्तत्वं तत्पर्यायमेव गृह्णाति । ततश्च स्थासपर्यायोपरक्तायां दृष्टौ नैगमस्तं स्थासतयैव गृह्णाति, योग्यतयाऽपि कोशादिकं स तत्र नैव पश्यति । एवमेव शिवकादि-कोशाद्युपरक्तायां दृष्टौ स तं स्थासं शिवकादि-कोशादितयैव गृह्णाति, योग्यतयाऽपि स्थास-कुशूलादिकं स तत्र नैव पश्यति ।

ततश्च-त्रिकालभाविन्यः सर्वा अवस्थाः केवलज्ञानविषयतया तत्तद्द्रव्ये सर्वदा सन्त्येव, केवली च ता गृह्णात्येव, ताभ्यो वर्तमानैकैवावस्था व्यक्तरूपेणास्ति, शेषास्तु योग्यतयैवेति व्यवहारनयः, ताभ्योऽभिलाषप्राबल्याद्यनुसारिण्येकैवावस्था विद्यते, शेषाणां न कोऽपि विचार इति तु नैगमनय इति पर्यवसितम् ।

---

આ પર્યાયો વર્તમાનમાં યોગ્યતારૂપે જ રહ્યા છે. એટલે જ એ, તે સ્થાસનો, કાર્યમાં કારણનો ઉપચાર કરીને ઉપચરિત શિવકાદિ તરીકે કે કારણમાં કાર્યનો ઉપચાર કરીને દ્રવ્યકોશાદિ તરીકે વ્યવહાર કરે છે. કેવલજ્ઞાનનો વિષય એવા પણ જે પર્યાયો વ્યવહારનયનો વિષય બનવાને અયોગ્ય હોય છે તે પર્યાયોને વ્યવહારનય વ્યક્તરૂપે કે યોગ્યતારૂપે જોતો નથી જ, કે વ્યવહાર પણ કરતો નથી જ, કારણ કે એ વિષયરૂપ નથી. નૈગમનય તો પ્રબળ અભિલાષા વગેરે રૂપ કારણે દૃષ્ટિ જ્યારે જે પર્યાયથી ઉપરક્ત થયેલી હોય ત્યારે તે પર્યાયને જ જુએ છે. એટલે જ્યારે દૃષ્ટિ સ્થાસપર્યાયથી ઉપરક્ત હોય ત્યારે તે સ્થાસને સ્થાસ તરીકે જ જુએ છે, યોગ્યતારૂપે પણ કોશાદિ તરીકે જોતો નથી જ. એ જ રીતે દૃષ્ટિ જ્યારે શિવકાદિ-કોશાદિથી ઉપરક્ત હોય ત્યારે તે સ્થાસને શિવકાદિ કે કોશાદિ તરીકે જ જુએ છે, યોગ્યતારૂપે પણ સ્થાસ-કુશૂલાદિ તરીકે જોતો નથી.

એટલે ત્રિકાળભાવી સર્વ અવસ્થાઓ કેવલજ્ઞાનનો વિષય બનતી હોવાથી તે તે દ્રવ્યમાં હંમેશા રહેલી જ હોય છે, અને કેવળજ્ઞાની તો એ બધીને જાણે પણ છે જ. 'આ બધી અવસ્થાઓમાંથી વર્તમાન એક અવસ્થા વ્યક્તરૂપે હોય છે બાકીની યોગ્યતારૂપે જ હોય છે' એમ વ્યવહારનય કહે છે. એ બધી અવસ્થાઓમાંથી પ્રબળ અભિલાષા વગેરેને અનુસરીને એક અવસ્થા જ એ દ્રવ્યની વિદ્યમાન હોય છે, બાકીની અવસ્થાઓનો કોઈ જ વિચાર હોતો નથી એ નૈગમનયનો અભિપ્રાય છે.' આમ ફલિત થયું.

ततश्च मृत्त्वं परोर्ध्वतासामान्यं, घटत्वञ्चापरोर्ध्वतासामान्यमिति व्यवहारनयेनैव । नैगमनयसंमतयोर्मृद्द्रव्य-घटलक्षणयोरूर्ध्वतासामान्ययोस्तद्द्रव्यसम्बन्धिनीषु सर्वास्ववस्थासु समानतयाऽन्वयित्वान्न परापरत्वम् । तथापि घटमनुत्पन्नं मन्यमानस्यादिनैगमस्य स परोर्ध्वता-सामान्यमेव । देशसङ्ग्राहिणो नैगमस्य स एव परोर्ध्वतासामान्यं, स एव चापरोर्ध्वतासामान्यं तच्चैवं-प्रभूतास्ववस्थास्वन्वयिनं तं मन्यमानस्य यदा स विषयस्तदा परोर्ध्वतासामान्यं, तदपेक्षयाऽल्पासु तासु तमन्वयिनं मन्यमानस्य नैगमस्य यदा स विषयस्तदाऽपरोर्ध्वतासामान्यम्।

इत्थञ्च **प्रभुवीरेण शालिभद्रं** महामुनिं 'अद्य तव माता भिक्षां दास्यति' इति यदुक्तं तद् नैगमस्योपचारेण विनैव संमतं, नैगमनयमतेन शालिभद्रस्यापि सङ्गमतया सङ्गममातुः शालिभद्रमातृत्वात् । परंतु विशेषवादिनो व्यवहारनयस्य मतेन घटलक्षणविशेषात् पिण्डरूप-विशेषस्य भिन्नत्वाद् घटस्योपचारेणैव यथा पिण्डात्मकत्वं तथैव शालिभद्रलक्षणविशेषात् सङ्गमरूपविशेषस्य भिन्नत्वात् शालिभद्रस्योपचारेणैव सङ्गमतया सङ्गममातुरप्युपचारेणैव शालिभद्रमातृत्वम् ।

---

એટલે મૃત્ત્વ પરઊર્ધ્વતાસામાન્ય છે અને ઘટત્વ અપરઊર્ધ્વતાસામાન્ય છે એ વ્યવહારનયે જ જાણવું. નૈગમનયને માન્ય મૃદ્દ્રવ્ય અને ઘટદ્રવ્યરૂપ ઊર્ધ્વતાસામાન્ય તે દ્રવ્યસમ્બન્ધી બધી અવસ્થાઓમાં સમાન રીતે અન્વયી હોવાથી એ બે વચ્ચે પર-અપરભાવ હોતો નથી. તેમ છતાં, ઘટને અનુત્પન્ન માનનાર આદિનૈગમને મતે ઘટ એ પરઊર્ધ્વતાસામાન્ય જ છે. દેશસંગ્રાહી નૈગમનયને મતે એ જ પરઊર્ધ્વતાસામાન્ય છે અને એ જ અપરઊર્ધ્વતાસામાન્ય છે. તે આ રીતે-પૂર્વાપર ઘણી અવસ્થાઓમાં તેને અન્વયી માનનાર નૈગમભેદનો જ્યારે વિષય હોય ત્યારે એ પરઊર્ધ્વતાસામાન્ય છે અને એની અપેક્ષાએ ઓછી અવસ્થાઓમાં તેને અન્વયી માનનાર નૈગમભેદનો જ્યારે વિષય હોય ત્યારે એ અપરઊર્ધ્વતાસામાન્ય છે.

નૈગમનયની દૃષ્ટિ આવી હોવાથી, **પ્રભુવીરે શાલિભદ્ર** મહામુનિને 'આજે તારી માતા ભિક્ષા વહોરાવશે' એવું જે કહ્યું હતું તે નૈગમનયને ઉપચાર વિના જ માન્ય છે, કારણ કે એના અભિપ્રાયે શાલિભદ્ર પણ સંગમ હોવાથી સંગમની માતા એ શાલિભદ્રની માતા જ છે. પરંતુ વિશેષવાદી વ્યવહારનયમતે ઘટાત્મક વિશેષ કરતાં પિંડાત્મક વિશેષ ભિન્ન હોવાના કારણે ઘડો જેમ ઉપચારથી જ પિંડ છે, એમ શાલિભદ્રરૂપ વિશેષ કરતાં સંગમરૂપ વિશેષ ભિન્ન હોવાના કારણે શાલિભદ્ર ઉપચારથી જ સંગમ હોવાથી સંગમની માતા પણ ઉપચારથી જ શાલિભદ્રની માતા છે.

तथा **भरत**चक्रवर्तिना त्रिदंडिकवेशोऽपि **मरीचिर्यद**वन्द्यत तत्रापि नैगमनयमतेन भावजिन एव व्रन्दितः, नैगमनयदृष्ट्या मरीचेर्महावीरत्वात् । परन्तु व्यवहारनयमतेन तु द्रव्यजिन एव वन्दितः, मरीचेरमहावीरतया भावजिनत्वाभावात् । **तदुक्तमावश्यकनिर्युक्तौ**- *ण वि ते पारिवज्जं वंदामि अहं ण ते इह जम्मं। जं होहिसि तित्थयरो अपच्छिमो तेण वंदामि ॥४२८॥* तथा **त्रिषष्टिशलाकापुरुषचरित्रे** दशमे पर्वणि प्रथमे सर्गेऽपि प्रोक्तं- *पारिव्राज्यं न ते वन्द्यं भाव्यर्हन्निति वन्द्यसे ॥५४॥* अत्र 'यतस्त्वं भाव्यर्हन्, अतो वन्द्यसे' इत्यर्थस्य प्राप्यमाणत्वाद् मरीचेर्द्रव्यजिनत्वेन वन्द्यता ज्ञायत एव। तदुक्तं **प्रतिमाशतकस्य** द्वितीयस्य काव्यस्य वृत्तौ- *पुरश्चकारश्च वंदननिमित्तं द्रव्यजिनपर्यायं, न त्वौदयिकभावम् ।*

अथानु**योगद्वारादौ** द्रव्यस्य एकभविक-बद्धायुष्क-अभिमुखनामगोत्रलक्षणं त्रैविध्यमुक्तम्। तत्रानुभविष्यमाणेन्द्रपर्यायो यः साधुजीवः स अबद्धायुष्कोऽपि जन्मदिनादारभ्य '**एकभविक इन्द्रः**' उच्यते, यत्र भवे वर्तते स एवैको भव इन्द्रतयोत्पत्तेरन्तरेऽस्तीति कृत्वा ।

---

તથા ભરતચક્રવર્તીએ ત્રિદંડિકવેશમાં રહેલા પણ મરીચિને જે વાંદ્યા, તેમાં પણ નૈગમનયમતે ભાવજિનને જ વાંદ્યા છે, કારણ કે નૈગમનયની દૃષ્ટિએ મરીચિ એ મહાવીર જ છે. પણ વ્યવહારનયમતે તો દ્રવ્યજિનને જ વાંદ્યા છે, કારણ કે એ નયાનુસારે મરીચિ મહાવીરરૂપ ન હોવાથી ભાવજિન નથી. **આવશ્યકનિર્યુક્તિ** (૪૨૮)માં કહ્યું છે - *"હું તારા પરિવ્રાજકપણાંને વંદતો નથી, કે તારા આ જન્મને વંદતો નથી. પણ તું જે ચરમતીર્થંકર થવાનો છે, માટે વંદન કરું છું."* **ત્રિષષ્ટિશલકાપુરુષચરિત્રમાં** દશમા પર્વના પ્રથમ સર્ગમાં પણ કહ્યું છે કે-*તારું પરિવ્રાજકપણું વંદનીય નથી, પણ તું ભાવી તીર્થંકર છે, માટે વાંદું છું.॥૫૪॥* અહીં 'તું ભાવી જિન છે, માટે વંદાય છે' આવો અર્થ મળતો હોવાથી મરીચિની દ્રવ્યજિન તરીકેની વંદનીયતા જણાય જ છે. **પ્રતિમાશતકના** બીજા કાવ્યની વૃત્તિમાં કહ્યું છે-*વંદન કરવાના નિમિત્ત તરીકે દ્રવ્યજિનપર્યાયને આગળ કર્યો, પણ ઔદયિકભાવને નહીં.*

**શંકા** - અનુયોગદ્વાર વગેરેમાં દ્રવ્યના એકભવિક, બદ્ધાયુષ્ક અને અભિમુખનામગોત્ર એમ ત્રણ ભેદ કહ્યા છે. એમાં જે આગામી ભવમાં ઇન્દ્ર થનાર છે તે સાધુજીવ આગામી ભવનું એ આયુષ્ય હજુ બાંધ્યું નથી તો પણ જન્મદિવસથી જ લઈને **એકભવિકઇન્દ્ર** કહેવાય છે, કારણ કે જે ભવમાં રહ્યો છે એ એક જ ભવ હવે ઇન્દ્ર તરીકે ઉત્પન્ન થવામાં વચ્ચે રહેલો છે. પછી ઇન્દ્ર તરીકેનું આયુષ્ય જ્યારથી બંધાઈ જાય, તે પછી

एवमिन्द्रप्रायोग्यं बद्धमायुष्कं येन स '**बद्धायुष्क इन्द्रः**' उच्यते। तथेन्द्रभवप्राप्तस्य जन्तोर्ये अवश्यमुदयमागच्छतस्ते देवगत्यादिनाम-उच्चैर्गोत्राख्ये अभिमुखे=जघन्यतः समयेनोत्कृष्टतोऽन्त-मुहूर्तमात्रेणैव व्यवधानादुदयाभिमुखत्वप्राप्ते नाम-गोत्रे कर्मणी यस्य सोऽ'**भिमुखनामगोत्र इन्द्रः**' उच्यते । ततश्च यथेन्द्रः पूर्वभव एव द्रव्येन्द्रः, न तत्पूर्वं, तथा जिनोऽपि पूर्वभव एव द्रव्यजिनः, न तत्पूर्वमिति मरीचिरपि कथं द्रव्यजिनः ? इति **चेत् ? मैवं,** अनुयोगद्वारा-धिकारे नियमप्रतिपादनाभिप्रायाभावात् । इदमुक्तं भवति-बहुलतया लोकः पूर्वभव एवागामि-भवभाविपर्यायं ज्ञातुं व्यवहर्तुं च यदर्हति, तत्प्रकाशयितुमनुयोगद्वार एवं त्रैविध्यमुक्तं, न तु नियमनार्थम् । अत एव **चैत्यवंदनभाष्ये** *'दव्वजिणा जिणजीवा'* इत्यनेन जिनजीवद्रव्यस्य द्रव्यनिक्षेपत्वं स्फुटरूपेणोक्तम् । **न चा**नुयोगद्वारगतं प्रस्तुतमधिकारं *'दव्वजिणा जिणजीव'*त्ति **चैत्यवंदनभाष्य**वचनं चानुसन्धाय 'द्विचरमभवे वर्तमानो जिनजीवो द्रव्यजिनः' इत्यर्थो मन्तव्य इति **वाच्यं,** *'दव्वजिणा जिणजीवा' इत्यविशिष्टोक्तेरर्हज्जीवरूपाया भावार्हत्त्वोपादान-*

---

એ **બદ્ધાયુષ્ક ઈન્દ્ર** કહેવાય છે. તથા ઈન્દ્રભવને પામેલા જીવને જે અવશ્ય ઉદયમાં આવે તે દેવગતિ વગેરે નામકર્મ તથા ઉચ્ચગોત્રકર્મ જેને અભિમુખ= ઉદયાભિમુખ થયા છે તે **અભિમુખનામગોત્ર ઈન્દ્ર** કહેવાય છે. આમાં જઘન્યથી એકસમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત માત્રના અંતરે જ્યારે આ બે કર્મ ઉદયમાં આવવાના હોય ત્યારથી અભિમુખ કહેવાય એ જાણવું. એટલે જેમ ઈન્દ્ર પૂર્વભવમાં જ દ્રવ્યેન્દ્ર છે, એ પહેલાં નહીં, એમ જિન પણ પૂર્વભવમાં જ દ્રવ્યજિન છે, એ પૂર્વે નહીં. તો મરીચિ દ્રવ્યજિન શી રીતે ?

**સમાધાન** - આવી શંકા ન કરવી, કારણ કે અનુયોગદ્વારના આ અધિકારમાં નિયમ દર્શાવવાનો અભિપ્રાય નથી. આશય એ છે કે લોકો મુખ્યતયા પૂર્વભવમાં જ આગામી ભવમાં થનાર પર્યાયને જાણવાને અને વ્યવહરવાને જે સમર્થ હોય છે તેને જણાવવા માટે અનુયોગદ્વારમાં આ ત્રણ પ્રકાર દર્શાવ્યા છે, નહીં કે 'દ્રવ્યના આ ત્રણ પ્રકાર જ હોય' એવો નિયમ દર્શાવવા માટે. એટલે જ **ચૈત્યવંદનભાષ્યમાં** *'જિનેશ્વરભગવાનના જીવો એ દ્રવ્યજિન છે'* એમ સ્પષ્ટરૂપે કહેલ છે.

**શંકા** - અનુયોગદ્વારનો પ્રસ્તુત અધિકાર અને ચૈત્યવંદનભાષ્યનું दव्वजिणा जिणजीवा એવું વચન... આ બન્નેનું અનુસંધાન કરીને 'દ્વિચરમભવમાં રહેલ જિનજીવ એ દ્રવ્યજિન છે' આવો અર્થ માનવો જોઈએ.

**સમાધાન** - આવી શંકા બરાબર નથી, કારણ કે **અધ્યાત્મમતપરીક્ષાના** વચનથી

*योग्यताया आकालमेकरूपतयैवाकलनादि'*त्य**ध्यात्ममतपरीक्षा**वचनादाकालमेव जिनजीवस्य द्रव्यजिनत्वेन ज्ञायमानत्वात् । *तथाहि, आकालमेते परार्थव्यसनिन उपसर्जनीकृतस्वार्था उचितक्रियावन्तोऽदीनभावाः सफलारम्भिणोऽदृढानुशयाः कृतज्ञतापतयोऽनुपहतचित्ता देवगुरुबहुमानिनस्तथा गम्भीराशया इतीति* **ललितविस्तरायां** 'पुरिसुत्तमाणं'विशेषणविवरणे यदुक्तं तेनापि जिनजीव आकालं योग्यताविशेषोऽस्तीति निश्चीयत एव । ततश्च द्रव्यजिनत्वमप्याकालं वर्तत एव। अत एवासङ्ख्येयभवपूर्वमपि मरीचिर्द्रव्यजिनतया भरतचक्रवर्तिना वन्दितः। **नन्वेवं** तर्ह्यसंव्यवहारराशिस्थोऽपि जिनजीवो द्रव्यजिनतया वन्दनीय इति **चेद्? मैवं** शङ्किष्ठाः, यत्र कार्यकारणभावः केनाप्युपायेनानुसन्धीयते तत्रैव द्रव्यनिक्षेपव्यवहारात् । तदुक्तं **प्रतिमाशतकवृत्तौ**- *एतेन 'द्रव्यजिनस्याराध्यत्वे करतलपरिकलितजलचुलुकवर्तिजीवानामप्याराध्यत्वापत्तिः,*

---

જિનજીવ આકાળ=સંપૂર્ણકાળ દરમ્યાન દ્રવ્યજિન તરીકે જણાય છે. તે વચનનો અર્થ આવો છે-*दव्वजिणा जिणजीवा આ વાત કોઈપણ વિશેષણ લગાડ્યા વિના કહી હોવાથી અરિહંતના જીવસ્વરૂપ ભાવઅરિહંતની ઉપાદાનયોગ્યતા સંપૂર્ણકાળ દરમ્યાન એક સરખી જણાય છે.*

તથા **નમુત્થુણંસૂત્રમાં** રહેલા પુરિસુત્તમાણં વિશેષણનું વિવરણ કરતી વખતે **લલિતવિસ્તરામાં** જે કહ્યું છે તેનાથી પણ જિનેશ્વરદેવના જીવમાં સંપૂર્ણકાળ દરમ્યાન કોઈક વિશેષ પ્રકારની યોગ્યતા હોવી નિશ્ચિત થાય જ છે. એટલે દ્રવ્યજિનપણું પણ સંપૂર્ણકાળ દરમ્યાન રહેલું જ છે. લલિતવિસ્તરામાં ત્યાં આ પ્રમાણે કહ્યું છે-*"આ=શ્રી તીર્થંકરના આત્માઓ આકાલં=સંપૂર્ણ કાળ દરમ્યાન પરાર્થવ્યસની, સ્વાર્થને ગૌણ કરનારા, ઉચિતક્રિયાવાન્, અદીનભાવવાળા, સફળારંભી, અદઢઅનુશયવાળા, કૃતજ્ઞતાના સ્વામી, નહીં હણાયેલા ચિત્તવાળા, દેવ-ગુરુપર બહુમાનવાળા તથા ગંભીર આશયવાળા હોય છે."*

આમ તેઓ આકાલ દ્રવ્યજિન હોય છે, તેથી જ અસંખ્યભવ પૂર્વે પણ મરીચિને ભરતચક્રીએ દ્રવ્યજિન તરીકે વંદન કર્યું.

**શંકા** - આમ તો અવ્યવહાર રાશિમાં રહેલા જિનજીવને પણ દ્રવ્યજિનરૂપે વાંદવા પડશે.

**સમાધાન** - આવી શંકા ન કરવી, કારણ કે કાર્ય-કારણભાવનું અનુસંધાન જ્યાં કોઈ પણ ઉપાયથી થાય ત્યાં જ દ્રવ્યનિક્ષેપનો વ્યવહાર થાય છે. **પ્રતિમાશતકની વૃત્તિમાં** કહ્યું જ છે કે - *"દ્રવ્યજિન જો આરાધ્ય છે, તો હથેલીમાં રહેલ પાણીમાં રહેલા જીવો પણ આરાધ્ય બની જશે, કારણ કે તેઓ પણ ક્યારેક 'જિન' બનવા સંભવે છે."*

*तेषामपि कदाचिज्जिनपदवीप्राप्तिसम्भवादि'ति शासनविडम्बकस्य लुम्पकस्योपहासो निरस्तः, द्रव्यजिनत्वनियामकपर्यायस्य तत्रापरिज्ञानादि'* ति । ततश्च जिनजीव आकालं भावजिनयोग्यताऽस्त्येव, केवलं यत्र तदनुसन्धानं तत्रैव द्रव्यजिनव्यवहारः । केवलज्ञानी त्वाकालं तत्र समवसरणस्थार्हल्लक्षणं भावजिनं साक्षात्पश्यत्येव ।

**न चैवं** सति नैगमनयस्य द्रव्यनिक्षेपाभावापत्तिः, आकालं तत्र योग्यतायाः सत्त्वादाकालं तत्र भावजिनत्वस्यैव सत्त्वात् । यथा घटयोग्यताशाली पिण्डो व्यवहारेणैव द्रव्यघटः, नैगमेन तु भावघट एव तथैव प्रस्तुतेऽपीति **शङ्कनीयं**, इष्टापत्तेः, वनगमनप्रयोजनीभूतदार्वादिकं प्रस्थकतया पश्यता नैगमेन तस्य भावप्रस्थकतयैव ग्रहणात् । एतद्विस्तरार्थं विलोकनीया मन्**निक्षेपविंशिका** ।

**अथ** नैगमनयस्य द्रव्यनिक्षेपाभावापत्तेः कथमिष्टापत्तित्वम् ? *'भावं चिय सद्दणया सेसा इच्छंति सव्वणिक्खेवे'*(वि.आ.भा. २८४७)त्ति**भाष्यवचन**विरोधादिति **चेत् ? न,** तद्वचनस्य देशसङ्ग्राहिनैगमनयानुसारित्वात् । अयं भावः - सर्वसङ्ग्रहनयमतेन यथा घटः

---

*શાસનની વિડંબણા કરનારો મૂર્તિલોપક આવો જે ઉપહાસ કરે છે તે પણ નિરસ્ત જાણવો, કારણ કે 'આ જીવ દ્રવ્યજિન છે' આવું નિયમન કરી આપનાર પર્યાયની એ જીવોમાં જાણકારી મળી હોતી નથી."* (અર્થાત્ જે જીવોમાં આવો પર્યાય રહેલો હોવો કોઈપણ રીતે જણાય તેનો જ દ્રવ્યજિન તરીકે વન્દ્યતાદિ વ્યવહાર. થાય છે.)

આમ જિનજીવમાં આકાળ ભાવજિનની યોગ્યતા હોય જ છે, માત્ર જ્યાં એનું અનુસંધાન થાય ત્યાં જ દ્રવ્યજિનનો વ્યવહાર થાય છે. કેવલજ્ઞાની તો આકાળ એ જીવને સમવસરણમાં રહેલા અરિહંત સ્વરૂપ ભાવજિન તરીકે સાક્ષાત્ જુએ જ છે.

**શંકા** - આમ તો નૈગમનયમતે દ્રવ્યનિક્ષેપનો અભાવ જ થઈ જશે. કારણ કે આકાળ એ જીવમાં યોગ્યતા રહી હોવાથી આકાળ એ જીવ ભાવજિન જ છે. જેમ ઘડાની યોગ્યતાવાળો પિંડ વ્યવહારથી દ્રવ્યઘટ છે, નૈગમનયે તો ભાવઘટ જ છે, તેમ.

**સમાધાન** - આવી શંકા જરૂરી નથી, કારણ કે એ અમને ઇષ્ટ જ છે. વનગમનપ્રયોજનીભૂતકાષ્ઠ વગેરેને પ્રસ્થક તરીકે જોનાર નૈગમનય એને ભાવપ્રસ્થક તરીકે જ જુએ છે. આની વિસ્તૃત વિચારણા માટે મારી **નિક્ષેપવિંશિકા** જોવી.

**શંકા** - નૈગમનયમતે દ્રવ્યનિક્ષેપનો અભાવ થઈ જવો એ ઇષ્ટાપત્તિ શી રીતે ? કારણ કે એમાં તો *'શબ્દનયો ભાવ નિક્ષેપ જ માને છે, શેષનયો સર્વ નિક્ષેપાઓને'* આવું જણાવનાર ભાષ્યવચનનો વિરોધ થાય છે.

सन् तथा मृत्पिण्डोऽपि सन् एव । एवमेव सर्वं वस्तु 'सद्' एव, न किमपि तद्वस्त्वस्ति यद्-'नेदं सत्, किन्तु सतः कारणं' इत्येवं वक्तुं पार्यते । तथा यो देशसङ्ग्रहो जीव-पुद्गलादिकं गृह्णाति तन्मतेन सर्वे जीवा जीव एव, सर्वे पुद्गलाः पुद्गल एव, न किमपि तद्वस्त्वस्ति यद् जीवपूर्वावस्थारूपतया जीवोपादानकारणत्वेन पुद्गलपूर्वावस्थारूपतया वा पुद्गलोपादानकारणत्वेन व्यवहर्तुं शक्येत । ततो विषयस्य नित्यतया सर्वसङ्ग्रहनयमतेन एतद्देशसङ्ग्रहनयमतेन च द्रव्यनिक्षेपस्याभाव एव। न चैतावतैव *'सेसा इच्छंति सव्वणिक्खेवे'* त्तिभाष्यवचनविरोध उद्भाव्यते, अन्यदेशसङ्ग्रहनयमतेन द्रव्यनिक्षेपस्य प्राप्यमाणत्वात्। तथाहि-यो देशसङ्ग्रहो 'अयं घटः' इत्येवं सर्वान् घटान् घटतया सङ्गृह्णाति तन्नयेन मृत्पिण्डस्य द्रव्यघटत्वं निर्बाधमेव । अथैतद्देशसङ्ग्रहनयमतेनापि द्रव्यनिक्षेपस्याभाव एव, तद्विषयस्य क्रोडीकृतसर्वघटविशेषस्य घटसामान्यस्य नित्यतया कारणाभावात्। तन्नित्यत्वञ्च *'एगं निच्चं निरवयवमक्किय सव्वगं च सामन्नं। निस्सामन्नत्ताओ नत्थि विसेसो खपुप्फं व'॥२२०६॥*

---

**સમાધાન** - આવી શંકા બરાબર નથી, કારણ કે એ ભાષ્યવચન તો દેશસંગ્રાહી-નૈગમનયાનુસારી છે. આશય આ છે કે-સર્વસંગ્રહનયમતે જેમ घटः सन् એમ मृत्पिण्डः सन् માટીનો પિંડો પણ સત્ જ છે. એ જ રીતે બધી જ વસ્તુઓ સત્ છે, એવી કોઈ વસ્તુ છે જ નહીં જેના માટે સર્વસંગ્રહ 'આ સત્ નથી, પણ સત્નું કારણ છે' એમ કહી શકે. તથા જે દેશસંગ્રહ જીવ-પુદ્ગલાદિને જુએ છે તેના મતે બધા જીવો 'જીવ' જ છે, બધા પુદ્ગલો 'પુદ્ગલ' જ છે. એવી કોઈ વસ્તુ છે જ નહીં જે 'જીવ'ની પૂર્વાવસ્થારૂપ હોવાથી જીવના ઉપાદાનકારણરૂપે કહી શકાય, કે પુદ્ગલની પૂર્વાવસ્થારૂપ હોવાથી પુદ્ગલના ઉપાદાનકારણ તરીકે કહી શકાય. તેથી, વિષય નિત્ય હોવાથી સર્વસંગ્રહનયમતે અને આ દેશસંગ્રહનયમતે દ્રવ્યનિક્ષેપનો અભાવ જ છે. પણ એટલામાત્રથી કાંઈ सेसा इच्छंति सव्वणिक्खेवे એવા ભાષ્યવચનનો વિરોધ કહેવાતો નથી. કારણ કે આ સિવાયના અન્ય દેશસંગ્રહનયે દ્રવ્યનિક્ષેપ મળે પણ છે જ. તે આ રીતે - જે દેશસંગ્રહ अयं घटः એ રીતે બધા ઘડાઓનો ઘટ તરીકે સંગ્રહ કરે છે તેના મતે મૃત્પિંડ દ્રવ્યઘટ હોવો નિર્બાધ છે જ.

**શંકા** - આ દેશસંગ્રહનયમતે પણ દ્રવ્યનિક્ષેપનો અભાવ જ થશે, કારણ કે સર્વ વિશેષઘડાઓને પોતાની કુક્ષિમાં સમાવિષ્ટ કરી દેનાર ઘટસામાન્ય કે જે આ દેશસંગ્રહનયનો વિષય છે, તે નિત્ય હોવાથી એનું કોઈ કારણ હોતું નથી જેને દ્રવ્યનિક્ષેપરૂપે કહી શકાય. આ 'સામાન્ય નિત્ય હોય છે' એ વાત *'સામાન્ય એક છે, નિત્ય છે, નિરવયવ છે,*

त्ति**भाष्यवचनेन** सिद्धमेवेति **चेत् ? न,** अस्य सामान्यलक्षणस्य व्यवहारनयानुसारित्वात्। घटत्वमेवैकं नित्यं निरवयवमक्रियं सर्वगं च, न तु घट इत्यावयोरुभयोः सम्मतम् । पुरःस्थितान् बहून् घटान् सङ्ग्रहनयो न 'इदं घटत्वं' इत्येवं गृह्णाति, अपि तु 'अयं घटः' इत्येवमेव। तद्विषयो घटो न नित्यो न निरवयवो नाक्रियो न वा सर्वग इति तु प्रसिद्धमेवेति भाष्योक्तं सामान्यलक्षणं न सङ्ग्रहनयाभिमतस्य सामान्यस्येति स्पष्टम् । परन्तु व्यवहारनयः सर्वेषु घटविशेषेषु 'अयं घटः' इत्याकारा यैकाकारा बुद्धिरुदेति तत्कारणतया तेषु सर्वेषु वर्तमानं घटत्वं सामान्यतया स्वीकुरुते । तत्तु नित्यत्वादिधर्मसमन्वितमेवेति भाष्योक्तं सामान्यलक्षणं व्यवहारनयानुसारीति सिद्धम् । ततश्च सङ्ग्रहनयाभिमतस्य घटलक्षणस्य सामान्यस्य न नित्यत्वं न वा तत्कारणस्याभाव इति कुतो द्रव्यनिक्षेपाभावापत्तिः ?

'सङ्ग्रहनयविषयभूतं सामान्यं घटरूपमेव न तु घटत्वरूप'मिति पूर्वमत्रैव ग्रन्थे यदुक्तं तदित्थं सङ्ग्रहनयसम्मतस्य द्रव्यनिक्षेपस्यान्यथाऽनुपपत्तेरपि निश्चीयत एवेति ध्येयम् । तथा सङ्ग्रहनयस्य यतो विश्वेऽपि विश्व एक एव घटोऽतस्तन्मतेन वस्तुतः किं सामान्यम् ?

---

*અક્રિય છે, અને સર્વગત છે, 'વિશેષ' છે નહીં, કારણ કે નિઃસામાન્ય છે, જેમકે ખપુષ્પ...'* આવા **ભાષ્યવચનથી** સિદ્ધ જ છે.

**સમાધાન** - આવી શંકા ન કરવી. કારણ કે ભાષ્યમાં સામાન્યનું આ જે લક્ષણ દર્શાવ્યું છે તે તો વ્યવહારનયાનુસારી છે. ઘટત્વ જ એક-નિત્ય-નિરવયવ-અક્રિય અને સર્વગત હોય છે, નહીં કે ઘડો... આ વાત તો આપણને બન્નેને માન્ય છે. સામે રહેલા ઘણા ઘડાઓને સંગ્રહનય 'આ ઘટત્વ છે' એ રીતે નહીં, પણ 'આ ઘડો છે' એ રીતે જ ગ્રહણ કરે છે. એટલે એનો વિષય ઘડો છે. એ નિત્ય નથી, નિરવયવ નથી, અક્રિય નથી કે સર્વગત નથી એ વાત તો પ્રસિદ્ધ જ છે. એટલે ભાષ્યમાં કહેલું સામાન્યનું લક્ષણ સંગ્રહને માન્ય સામાન્યનું નથી એ વાત સ્પષ્ટ જ છે. પરંતુ વ્યવહારનય બધા વિશેષ ઘડાઓ અંગે अयं घटः એવી એક આકારવાળી જે બુદ્ધિ થાય છે તેના કારણ તરીકે એ બધા ઘડામાં રહેલ ઘટત્વને સામાન્ય તરીકે સ્વીકારે છે અને એ તો નિત્ય-એક વગેરે હોય જ છે. માટે ભાષ્યમાં કહેલ સામાન્યનું લક્ષણ વ્યવહારનયાનુસારી છે એ વાત સિદ્ધ થઈ. એટલે સંગ્રહનયના વિષયભૂત ઘટાત્મક સામાન્ય નથી નિત્ય કે નથી એના કારણનો અભાવ... પછી એના દ્રવ્યનિક્ષેપનો અભાવ શા માટે થઈ જાય ?

સંગ્રહનયના વિષયભૂત સામાન્ય ઘટાત્મક જ છે, નહીં કે ઘટત્વાત્મક... આવી વાત આ ગ્રન્થમાં પહેલાં જે કરી છે ને અહીં પણ ઉપર જે કરી તે આ રીતે સંગ્રહનયસંમત

को वा विशेषः? न कश्चिदित्यर्थः । यथाऽऽकाशस्यैकतया न किञ्चिदाकाशसामान्यं न वा कश्चिदाकाशविशेषो मन्यते, 'इदमाकाशं' 'इदमाकाश'मित्यनुगताकाराया बुद्धेः 'अस्मादाकाशादिदमाकाशं व्यावृत्तं' इतिव्यावृत्ताकाराया बुद्धेश्चाभावात्, तथैव सङ्ग्रहाभिमते घटे सामान्यस्य विशेषस्य चाभाव एव । ततश्च सङ्ग्रहाभिमतं सामान्यमेव नास्ति तत्कुतस्तदभिमतस्य तल्लक्षणस्य वार्ताऽपि । परन्तु व्यवहारनयः सामान्यं विशेषं च मन्यतयेव, लोकेऽनुगताकाराया व्यावृत्ताकारायाश्च बुद्धेर्व्यवहारस्य च प्रवर्तमानत्वात् । अतो भाष्योक्तं सामान्यलक्षणं व्यवहारनयानुसार्येव, न तु सङ्ग्रहनयानुसारीत्येवमपि मन्तव्यमेव ।

प्रकृतं प्रस्तुमः । *'सेसा इच्छंति सव्वणिक्खेवे'*त्तिवचनबलात्प्राप्तस्य सङ्ग्रहनयसम्मतस्य द्रव्यनिक्षेपस्य सङ्गतिर्यथा देशसङ्ग्रहं पुरस्कृत्यैव शक्या, तथैव नैगमेऽपि ज्ञेयम्। सर्वसङ्ग्राहिनैगमसम्मतस्य नमस्कारादेर्घटादेर्वाऽऽकालभावित्वेनानुत्पन्नतया न किञ्चिदपि कारणं

---

દ્રવ્યનિક્ષેપ અન્યથા અનુપપન્ન થતાં હોવાથી પણ નિશ્ચિત થાય જ છે, એ વાત ધ્યાનમાં લેવી. વળી, સંગ્રહનયને તો આખા વિશ્વમાં એક જ ઘડો છે, તો એના મતે વસ્તુતઃ શું સામાન્ય કે શું વિશેષ ? અર્થાત્ કશું જ નહીં. જેમ આકાશ એક હોવાથી આકાશસામાન્ય જેવું કોઈ સામાન્ય નથી, કારણ કે इदमाकाशं-इदमाकाशं એવી અનુગતાકારવાળી બુદ્ધિ ક્યારેય થતી નથી. વળી, 'આપણા આકાશ કરતાં આ આકાશ જુદું છે' એવી વ્યાવૃત્તિ બુદ્ધિ પણ ક્યારેય થતી નથી, એ જ રીતે સંગ્રહમાન્ય ઘડો એક જ હોવાથી એમાં સામાન્ય અને વિશેષનો અભાવ જ છે. એટલે સંગ્રહમાન્ય સામાન્ય ખરેખર છે જ નહીં તો પછી એને અભિમત એનું લક્ષણ હોય જ શી રીતે ? પરંતુ વ્યવહારનય સામાન્ય અને વિશેષ બન્નેને માને જ છે. કારણ કે લોકમાં અનુગતાકારવાળી બુદ્ધિ અને વ્યાવૃત્તાકારવાળી બુદ્ધિ તથા એનો વ્યવહાર પણ થાય જ છે. એટલે ભાષ્યોક્ત સામાન્ય લક્ષણ વ્યવહારનયને નજરમાં રાખીને જ છે, નહીં કે સંગ્રહનયાનુસારી પણ... આ વાત માનવી જ રહી.

હવે પ્રસ્તુતમાં આવીએ - **सेसा इच्छंति सव्वणिक्खेवे** એવા વચનબળે, સંગ્રહનયને માન્ય જે દ્રવ્યનિક્ષેપ જણાય છે તેની સંગતિ જેમ દેશસંગ્રહને નજરમાં રાખીને જ શક્ય છે, તેમ નૈગમ અંગે પણ જાણવું. એટલે કે સર્વસંગ્રાહીનૈગમસંમત નમસ્કારાદિ કે ઘટાદિ આકાળભાવી હોવાથી અનુત્પન્ન હોવાના કારણે એનું કોઈ કારણ સંભવતું નથી જેને દ્રવ્યનિક્ષેપ તરીકે કહી શકાય. પણ જે દેશસંગ્રાહીનૈગમનય પંચેન્દ્રિયભવ વગેરેના આરંભથી

सम्भवति यद्द्रव्यनिक्षेपतयोच्येत । परन्तु यो देशसङ्ग्राहिनैगमनयः पञ्चेन्द्रियभवादेरारभ्यैव नमस्कारं स्वीकुरुते तस्य तत्पूर्वावस्था तत्कारणतया द्रव्यनमस्कारत्वेन प्राप्यते । एवं या देशसङ्ग्राहिनैगमनयदृष्टिः शिवकादारभ्य कपालपर्यन्तमेव घटं पश्यति तन्मतेन मृत्पिण्डो द्रव्यघट एव, घटकारणत्वात् । ततश्च कुतो भाष्यवचनविरोधगन्धोऽपि ?

ननु तथाप्यनुयोगद्वारसूत्रोक्तस्य निक्षेपचतुष्टयस्य सर्ववस्तुव्यापितानियमस्य तु भङ्ग एव, सर्वसङ्ग्राहिनैगमनयसम्मतस्य घटलक्षणस्य वस्तुनो द्रव्यनिक्षेपासम्भवादिति **चेत् ?** **न,** तत्सम्मतस्य घटस्य वस्तुत्वाभावात् । अयम्भाव :- द्रव्यपर्यायात्मनो वस्तुनो द्रव्यांशो नित्यो भवति, पर्यायांशश्चानित्य इति यो नयो घटादिकं नित्यमनुत्पन्नमेव गृह्णाति, स न सम्पूर्णं वस्तु गृह्णाति, किन्तु तस्य द्रव्यांशमेव । ततश्च सर्वसङ्ग्राहिनैगमनयविषयस्य नित्यस्यानुत्पन्नस्य घटादेर्नमस्कारादेर्वा न वस्तुत्वं, उत्पादव्ययशून्यत्वात्, नापि खपुष्पवदवस्तुत्वं, ध्रौव्ययुक्तत्वात्, किन्तु वस्त्वंशत्वमेव । अत एव नयलक्षणे वस्त्वंशग्राहित्वं कथ्यते, न तु वस्तुग्राहित्वम् । अनुयोगद्वारसूत्रे निक्षेपचतुष्टयस्य सर्वव्यापितानियमो यः कथितः स तु

---

જ નમસ્કાર માને છે તેને તેની પૂર્વ અવસ્થા તેના કારણરૂપે માન્ય હોવાથી એ દ્રવ્ય નમસ્કારરૂપે પ્રાપ્ત થાય છે. એમ જે દેશસંગ્રાહીનૈગમનયદૃષ્ટિ શિવકથી માંડીને કપાલ સુધી ઘડો જુએ છે તેના મતે મૃત્પિંડ એ દ્રવ્યઘટ જ છે, કારણ કે ઘટનું કારણ છે. પછી ભાષ્યવચનનો વિરોધ હોવાની ગંધ પણ ક્યાં ?

**શંકા** - છતાં, અનુયોગદ્વારસૂત્રમાં કહેલ ચાર નિક્ષેપાની સર્વવ્યાપિતાના નિયમનો ભંગ તો થશે જ ને, કારણ કે સર્વસંગ્રાહીનૈગમને માન્ય ઘટાત્મક વસ્તુનો દ્રવ્યનિક્ષેપ સંભવતો નથી.

**સમાધાન** - આ આપત્તિ નથી, કારણ કે એને સંમત ઘડો એ વસ્તુ નથી. કહેવાનો ભાવ એ છે કે - દ્રવ્ય-પર્યાયાત્મક વસ્તુનો દ્રવ્યાંશ નિત્ય હોય છે, પર્યાયાંશ અનિત્ય. એટલે જે નય ઘટાદિને નિત્ય-અનુત્પન્ન માને છે તે નય સંપૂર્ણ વસ્તુને જોતો નથી પણ એના દ્રવ્યાંશને જ જુએ છે. એટલે સર્વસંગ્રાહી નૈગમનયના વિષયભૂત નિત્ય અનુત્પન્ન ઘટ કે નમસ્કારાદિ વસ્તુ નથી, કારણ કે ઉત્પાદ-વ્યયશૂન્ય છે, વળી એ ખપુષ્પની જેમ અવસ્તુ પણ નથી, કારણ કે ધ્રૌવ્યયુક્ત છે. માટે એ વસ્તુઅંશ જ છે. માટે જ નયના લક્ષણમાં વસ્તુઅંશગ્રાહિત્વ કહ્યું છે, વસ્તુગ્રાહિત્વ નહીં. અનુયોગદ્વારસૂત્રમાં ચાર નિક્ષેપની સર્વવ્યાપિતાનો નિયમ જે કહ્યો છે તે વસ્તુઓ અંગે જ, નહીં કે વસ્તુઅંશ અંગે પણ, પછી એનો ભંગ થવાની વાત જ ક્યાં ? નહીંતર તો સર્વસંગ્રહનયના 'સત્'

वस्तुष्वेव, न तु वस्त्वंशेऽपीति कुतस्तद्भङ्गवार्ताऽपि ? अन्यथा सर्वसङ्ग्रहनयस्य 'सद्' इतिविषयेऽपि का गतिः ? सर्वस्यैव भावस्य 'सत्'तया भाव'सत्'त्वेन द्रव्यसतोऽभावात् । ततश्च सदसदात्मकस्य सामान्यविशेषात्मकस्य वा वस्तुनः 'सद्'इतिसामान्यलक्षणस्य सर्व-सङ्ग्रहनयविषयस्य यथा वस्त्वंशतया द्रव्यनिक्षेपासम्भवेऽपि न निक्षेपचतुष्टयव्यापितानियमस्य भङ्गस्तथैव सर्वसङ्ग्राहिनैगमनयविषयेऽपि ज्ञेयम्। एवमेवानादिनिधनस्य जीवस्य द्रव्यनिक्षेपा-सम्भवेऽपि न क्षतिः, तस्य वस्त्वंशतया वस्तुत्वाभावात्। एतद्विस्तरार्थं विलोकनीया **निक्षेप-विंशिका** ।

**ननु** सर्वसङ्ग्राहिनैगमस्य यो विषयः स एव देशसङ्ग्राहिणोऽपि, ततश्च सर्वसङ्ग्राहि-नयविषयस्य घटस्य यदि द्रव्यनिक्षेपस्यासम्भवस्तदा देशसङ्ग्राहिनयविषयस्य तस्यापि तदसम्भव एवेति *'सेसा इच्छंति सव्वणिक्खेवे'*त्ति वचनं कथमुपपादनीयम्? इति **चेत् ? न**, अनुपपत्तेरभावात्। यद्यपि द्वयोरपि घट एव विषयस्तथापि तत्र विशेषोऽप्यस्त्येव, सर्वसङ्ग्राहि-नैगमविषयस्य घटस्यानादिनिधनत्वाद्, देशसङ्ग्राहिनैगमविषयस्य तु तस्य सादिसान्तत्वादिति । ततश्च देशसङ्ग्राहिनैगमनयविषयस्य घटस्यादिष्टद्रव्यत्वमेवेति तत्कारणसम्भवाद् द्रव्यनिक्षेपस्यापि सम्भव इति । **ननु** तथापि यतोऽयं नैगमनयस्ततो ध्रौव्यांशमेव गृह्णातीति **चेत् ? सत्यं,**

---

એવા વિષય અંગે પણ શું કરશો ? કારણ કે બધા જ ભાવપદાર્થો 'સત્' હોવાથી ભાવ'સત્' બની જવાના કારણે દ્રવ્યસત્નો અભાવ થઈ જશે. એટલે, સદ્-અસદ્આત્મક વસ્તુના કે સામાન્ય-વિશેષાત્મક વસ્તુના, સત્ એવો સામાન્યરૂપ સર્વસંગ્રહનયનો વિષય જેમ વસ્તુઅંશ હોવાથી દ્રવ્યનિક્ષેપ ન મળવા છતાં ચારનિક્ષેપની સર્વવ્યાપિતાનો ભંગ નથી એમ સર્વસંગ્રાહીનૈગમનય અંગે પણ જાણવું. એ જ રીતે અનાદિનિધન જીવનો દ્રવ્યનિક્ષેપ ન સંભવવા છતાં દોષ નથી, કારણ કે એ વસ્તુઅંશ હોવાથી વસ્તુરૂપ નથી. આ વાતના વિસ્તાર માટે **નિક્ષેપવિંશિકા** જોવી...

**શંકા** - સર્વસંગ્રાહીનૈગમનો જે વિષય છે એ જ દેશસંગ્રાહીનૈગમનો પણ છે. એટલે સર્વસંગ્રાહીનૈગમનયના વિષય ઘટનો જો દ્રવ્યનિક્ષેપ અસંભવિત છે તો દેશસંગ્રાહીનૈગમના વિષય તેનો = ઘટનો પણ દ્રવ્યનિક્ષેપ અસંભવિત જ રહેશે. એટલે સેસા इच्छंति सव्वणिक्खेवे એ વચનની સંગતિ શી રીતે કરવી ?

**સમાધાન** - આવી શંકા બિનજરૂરી છે, કારણ કે અસંગતિ છે જ નહીં. જો કે બન્ને નૈગમનો વિષય ઘડો જ છે. છતાં પણ એમાં વિશેષતા પણ છે જ, કારણ કે સર્વસંગ્રાહી નૈગમનો વિષય ઘડો અનાદિનિધન છે જ્યારે દેશસંગ્રાહીનૈગમનો વિષય

शिवकादारभ्य कपालपर्यन्तं स ध्रौव्यांशमेव गृहीत्वा तासु सर्वास्ववस्थासु 'अयं घटः' 'अयं घटः' इति जानाति तथापि तत्पूर्वं तत्पश्चाच्च यतोऽयं मृत्पिण्डादिकं घटतया न जानाति, अतोऽर्थापत्त्योत्पादव्ययांशमपि स्वीकरोत्येव। इयमेव च तस्यादिनैगमापेक्षयाऽशुद्धिः । तस्मात् केवलं ध्रौव्यांशं गृह्णतोऽत एव नमस्कारमनुत्पन्नं वदत आदिनैगमस्य सर्वविशुद्धत्वमुक्तं, तदपेक्षया नमस्कारमुत्पन्नं वदतो द्वितीयस्य नैगमस्याशुद्धत्वमुक्तम् ।

इत्थञ्च द्वितीयनैगमविषयस्य घटस्यादिष्टद्रव्यतया द्रव्यपर्यायोभयात्मकत्वेन वस्तुत्वमेवेति तस्य चतुर्णामपि निक्षेपाणां सम्भवः । आदिनैगमविषयस्य घटस्य तु द्रव्यमात्ररूपत्वेन वस्त्वंशतया द्रव्यनिक्षेपासम्भवेऽपि न क्षतिः । वस्तुतस्तु तत्र नैकस्यापि निक्षेपस्य सम्भवः, वस्तुन एव निक्षेपसम्भवात्। एतदर्थं विलोकनीया **निक्षेपविंशिका** । तथैव परसङ्ग्रहविषयस्य सतोऽपि वस्त्वंशतया वस्तुतो नैकस्यापि निक्षेपस्य सम्भव इति ध्येयम् ।

---

એવો તે સાદિસાન્ત છે. એટલે દેશસંગ્રાહીનૈગમનો વિષય ઘટ આદિષ્ટદ્રવ્ય જ છે, માટે એનું કારણ સંભવવાથી દ્રવ્યનિક્ષેપ પણ સંભવે જ છે.

શંકા - છતાં, એ પણ નૈગમનય જ હોવાથી ધ્રૌવ્યાંશને જ ગ્રહણ કરનારો છે ને !

**સમાધાન** - હા, શિવકાદિથી કપાલ સુધીના ધ્રૌવ્યાંશનું જ ગ્રહણ કરીને એ તે સર્વ અવસ્થાઓમાં 'આ ઘડો' 'આ ઘડો' એમ બોધ કરે છે. છતાં તેની પૂર્વે અને પછીની મૃત્પિંડાદિ અવસ્થાઓને એ ઘડા તરીકે જાણતો નથી, એટલે અર્થાપત્તિથી ઉત્પાદ-વ્યયાંશને પણ એ સ્વીકારે જ છે (એટલે તો નમસ્કારને ઉત્પન્ન માનનારો છે). આ જ એની આદિનૈગમની અપેક્ષાએ અશુદ્ધિ છે. એટલે કેવળ ધ્રૌવ્યાંશને ગ્રહણ કરનાર અને એટલે જ નમસ્કારને અનુત્પન્ન કહેનાર આદિનૈગમને સર્વવિશુદ્ધ કહેલ છે અને એની અપેક્ષાએ, નમસ્કારને ઉત્પન્ન કહેનાર દ્વિતીયનૈગમને અશુદ્ધ કહેલ છે.

આમ, દ્વિતીયનૈગમનો વિષય ઘડો આદિષ્ટદ્રવ્ય હોવાથી દ્રવ્ય-પર્યાયઉભયાત્મક હોવાના કારણે 'વસ્તુ' જ છે ને તેથી એના ચારે નિક્ષેપાઓ સંભવે છે. આદિ નૈગમનો વિષય ઘડો તો માત્ર (શુદ્ધ)દ્રવ્યરૂપ હોવાથી 'વસ્તુઅંશ' હોવાના કારણે એનો દ્રવ્યનિક્ષેપ ન સંભવે તો પણ કોઈ દોષ નથી. વસ્તુતઃ તો એના એક પણ નિક્ષેપનો સંભવ નથી, કારણ કે વસ્તુના જ નિક્ષેપ હોય છે. આની સ્પષ્ટતા માટે પણ **નિક્ષેપવિંશિકા** જ જોવી. એ જ રીતે પરસંગ્રહનયના વિષયભૂત 'સત્'નો પણ વસ્તુતઃ એક પણ નિક્ષેપ સંભવતો નથી, કારણ કે એ પણ વસ્તુઅંશ છે, આ વાત ધ્યાનમાં રાખવી.

**न चानुयोगद्वारटिप्पण्यां**(सू० ४७४)**निक्षेपविंशिकावृत्तौ**(श्लोक-१८) च भवता '*अत्रेदमस्मत्परिशीलितमुत्तरं-यतो नैगमस्य न कापि नियता दृष्टिर्यामपेक्ष्य विशुद्धिः शक्यव्यवहारा स्यात्, एवं न कापि प्रतिपक्षभूता दृष्टिर्यामपेक्ष्याशुद्धिः शक्यव्यवहारा स्यादित्यतः कस्यचिदप्यन्यस्यैव नयस्यापेक्षया शुद्ध्यशुद्धिव्यवहारः कर्तव्यः स्यादि*'त्युक्तम्। अत्र च ध्रौव्यांशग्राहिणीं दृष्टिं नैगमस्य नियतदृष्टितया, उत्पादव्ययांशग्राहिणीं च प्रतिपक्षभूतदृष्टितया भवान् कथयति । अत एव चादिनैगमं सर्वविशुद्धतया तदपेक्ष्यैव च देशसङ्ग्राहिणं तमविशुद्धतया कथयतीति कथं न पूर्वापरविरोधः ? इति **वाच्यं,** अनुयोगद्वारसूत्रोपपादनार्थं तस्योत्तरस्य परिशीलितत्वात् । एतदुक्तं भवति **नमस्कारनिर्युक्तौ** केवलं ध्रौव्यांशं जानत आदिनैगमस्य सर्वविशुद्धत्वमुक्तं, तदपेक्ष्योत्पादमपि जानतो देशसङ्ग्राहिणो नैगमस्याविशुद्धत्वमुक्तम् '। अधिकारादस्माद् ध्रौव्यांशग्रहणं नैगमस्य स्वकीया दृष्टिरनित्यत्वांशग्रहणं च प्रतिपक्षभूता दृष्टिरिति निश्चीयते । यथा यथा चास्याः प्रतिपक्षभूताया दृष्टेः सम्मीलनं तथा तथा नैगमस्याशुद्धिरित्यपि निश्चीयते । ततश्च प्रस्थकदृष्टान्ते व्यवहारनयसंमतमाकुट्टितनामानं प्रस्थकमेव प्रस्थकतया स्वीकुर्वतो नैगमभेदस्यापेक्षया वनगमनप्रयोजनीभूतं दारुमपि प्रस्थकतया

---

**શંકા - અનુયોગદ્વારસૂત્ર**૪૭૪ની ટિપ્પણમાં તથા **નિક્ષેપવિંશિકા**(૧૮)ની વૃત્તિમાં તમે આવું કહ્યું છે-*અહીં મારા વડે વિચારાયેલો ઉત્તર આવો છે-"નૈગમનયની કોઈ નિયત દૃષ્ટિ નથી કે જેની અપેક્ષાએ વિશુદ્ધિનો વ્યવહાર કરી શકાય, એમ એની કોઈ પ્રતિપક્ષભૂત દૃષ્ટિ પણ નથી કે જેની અપેક્ષાએ અશુદ્ધિનો વ્યવહાર કરી શકાય. એટલે કોઈક અન્ય નયની અપેક્ષાએ જ શુદ્ધિ-અશુદ્ધિનો વ્યવહાર કરવાનો હોય છે."* અને અહીં તમે કહો છો કે ધ્રૌવ્યાંશગ્રાહિણી દૃષ્ટિ એ નૈગમની પોતાની નિયત દૃષ્ટિ છે અને ઉત્પાદ-વ્યયાંશગ્રાહિણી દૃષ્ટિ એ એની પ્રતિપક્ષભૂતા દૃષ્ટિ છે. અને એટલે જ આદિનૈગમને સર્વવિશુદ્ધ તરીકે અને એની અપેક્ષાએ દેશસંગ્રાહીનૈગમને અશુદ્ધ તરીકે તમે કહો છો. તો પૂર્વાપરવિરોધ કેમ ન કહેવાય ?

**સમાધાન**-આવી શંકા ન કરવી, કારણ કે એ ઉત્તર જે વિચારેલો તે અનુયોગદ્વારસૂત્રને સંગત કરવા માટે વિચારેલો. કહેવાનો ભાવ આ છે કે-નમસ્કારનિર્યુક્તિમાં માત્ર ધ્રૌવ્યાંશને જાણનાર આદિનૈગમને સર્વવિશુદ્ધ કહેલ છે. એની અપેક્ષાએ, ઉત્પાદને પણ જોનાર દેશસંગ્રાહીનૈગમને અશુદ્ધ કહેલ છે. આ અધિકાર પરથી ધ્રૌવ્યાંશને જોવો એ નૈગમની પોતાની દૃષ્ટિ છે ને અનિત્યત્વાંશને જોવો એ એની પ્રતિપક્ષભૂત દૃષ્ટિ છે એ નિશ્ચિત થાય છે. જેમ જેમ આ પ્રતિપક્ષભૂત દૃષ્ટિ ભળે છે તેમ તેમ નૈગમનયની અશુદ્ધિ

स्वीकुर्वतो नैगमभेदस्य विशुद्धत्वं स्पष्टमेव, अधिकस्य ध्रौव्यांशस्य ग्रहणात् । तथाप्यनुयोगद्वारसूत्रेऽस्य नैगमभेदस्याशुद्धत्वमुक्तं, तदपेक्षया छिद्यमानाद्यवस्थं दारु गृह्णतो नैगमभेदस्य शुद्ध-शुद्धतरत्वादिकमुक्तं, आकुट्टितनामानं च प्रस्थकतया गृह्णतो नैगमभेदस्य विशुद्धतमत्वमुक्तम् । ततश्चैतदशुद्धिशुद्ध्यादिकं कथमुपपादनीयमिति प्रश्नः समुद्भवत्येव । नैगमस्य स्वकीयां दृष्टिमपेक्ष्योपपत्तिरत्राशक्यैव, स्पष्टं विरुद्धत्वात् । तस्मात्तां परित्यज्यान्यनयदृष्टिर्ग्राह्या । तत्रापि व्यवहारनयसंमतस्याकुट्टितनाम्नः प्रस्थकस्य ग्राहिणः सर्वविशुद्धत्वकथनं, तथा व्यवहार एव प्रायः सर्वत्राशुद्धिशुद्ध्यादेर्यद् व्यवहर्ता, अतो व्यवहारनयदृष्टिर्मया गृहीता । परन्तु नैगमनयविचारेऽपि नैगमनयदृष्टेर्यः परित्यागस्तत्र कश्चिद्धेतुर्वाच्य एव । तदर्थं नैगमस्य न कापि नियता दृष्टिरित्यादिकं मयोक्तम् । तत्र मृत्पिण्ड-शिवकादयो नैगमस्य सर्वेऽपि यथा मृत्पिण्डस्तथैव शिवकोऽपि, तथैव स्थासादिरपि । तथा यथा सर्वानपि मृत्पिण्डादीन्

---

થાય છે એ પણ જણાય છે. એટલે પ્રસ્થકદૃષ્ટાન્તમાં વ્યવહારનયસંમત નામાંકિત પ્રસ્થકને જ પ્રસ્થક તરીકે જોનાર નૈગમભેદની અપેક્ષાએ વનગમનપ્રયોજનીભૂતકાષ્ઠને પણ પ્રસ્થક તરીકે જોનાર નૈગમભેદ શુદ્ધ હોવો સ્પષ્ટ છે જ, કારણ કે એ અધિક ધ્રૌવ્યાંશને જુએ છે. તેમ છતાં અનુયોગદ્વારસૂત્રમાં આ નૈગમભેદને અશુદ્ધ કહેલ છે, અને એની અપેક્ષાએ છેદન વગેરે અવસ્થામાં રહેલા કાષ્ઠને પ્રસ્થક તરીકે જોનાર નૈગમભેદને શુદ્ધ-શુદ્ધતર વગેરે કહેલ છે અને નામાંકિત પ્રસ્થકને જોનાર નૈગમભેદને વિશુદ્ધતમ કહેલ છે. એટલે અનુયોગદ્વારમાં કહેલ આ અશુદ્ધિ-શુદ્ધિ વગેરેની સંગતિ શી રીતે કરવી ? એ પ્રશ્ન ઊભો થાય જ છે. નૈગમની પોતાની દૃષ્ટિની અપેક્ષાએ આની સંગતિ બિલકુલ અશક્ય જ છે, કારણ કે સ્પષ્ટપણે વિરુદ્ધ જ છે. માટે એની પોતાની દૃષ્ટિને છોડીને અન્ય નયની દૃષ્ટિની અપેક્ષાએ સંગતિ કરવી જરૂરી બને છે. એમાં પણ એક તો વ્યવહારનયસંમત નામાંકિત પ્રસ્થકને જોનાર નૈગમભેદને સર્વવિશુદ્ધ ત્યાં કહેલ છે તથા બીજું પ્રાયઃ વ્યવહારનય જ બધે શુદ્ધિ-અશુદ્ધિ આદિનો વ્યવહાર કરે છે, એટલે મેં પણ આની સંગતિ કરવા વ્યવહારનયની દૃષ્ટિનો આધાર લીધો છે. પરંતુ નૈગમનયના વિચારમાં પણ નૈગમનયની દૃષ્ટિ છોડી દેવામાં કોઈક હેતુ તો આપવો જ પડે. એટલે મેં નૈગમનયની કોઈ નિયતદૃષ્ટિ નથી વગેરે કહેલ છે. એમાં પિંડ-શિવક વગેરે બધા નૈગમનયે જેમ પિંડરૂપ છે તેમ શિવકરૂપ પણ છે જ, એ જ રીતે સ્થાસાદિ રૂપ પણ છે જ. તથા જેમ પિંડ વગેરે બધાને પિંડ તરીકે જોનાર નૈગમભેદ સર્વવિશુદ્ધ હોઈ શકે છે તેમ તે બધાને શિવકાદિ

मृत्पिण्डतया पश्यन् नैगमभेदः सर्वविशुद्धः प्राप्यते, तथैव तान् सर्वान् शिवकादितया पश्यन्नपि स तथा प्राप्यत एव । किञ्चाविशुद्धा अपि नैगमभेदास्तान् मृत्पिण्डादितया पश्येयुः । ततश्च 'अयं मृत्पिण्डः' 'अयं मृत्पिण्डः' इतिवत् 'अयं शिवकः' 'अयं शिवकः' इत्यादयः सर्वा अपि दृष्टयो विशुद्धास्ता एव चाशुद्धा अपीति न कापि नियता दृष्टिरित्यादि मयोक्तमिति ज्ञेयम् । इत्थञ्च नमस्कारनिर्युक्त्यधिकारे कथिताया आदिनैगमस्य विशुद्धेरुपपादनार्थं नैगमस्य या ध्रौव्यांशमात्रग्राहिणी दृष्टिः सा स्वकीया नियता च, तामपेक्ष्यैव च विशुद्धिरितिकल्पनम्, अनुयोगद्वारसूत्राधिकारेऽर्थतः कथितायास्तदशुद्धेरुपपादनार्थं चानन्यगत्या नैगमस्य न कापि नियता दृष्टिर्यामपेक्ष्य विशुद्धिव्यवहारः स्यादिति कल्पनम् । ततश्च कः पूर्वापरविरोधः ?

एवञ्च (१) सर्वसङ्ग्राहिण आदिनैगमस्यानादिनिधनतयाऽनुत्पन्नमूर्ध्वतासामान्यं विषयः, (२) द्रव्यनिक्षेपस्यासम्भवश्च सिद्धः, तथापि (३) न निक्षेपचतुष्टयसर्वव्यापितानियमस्य भङ्गो (४) न वा *'सेसा इच्छंति सव्वणिक्खेवे'*त्ति वचनविरोध इत्यपि स्थितम् । तथा (५)*'एगं निच्चं निरवयव'*मित्यादिभाष्योक्तं सामान्यलक्षणं व्यवहारनयानुसारि, (६) मृत्पिण्डो

---

તરીકે જોનાર તે પણ તેવો સર્વવિશુદ્ધ હોઈ શકે જ છે. વળી અવિશુદ્ધ નૈગમભેદો પણ તે બધાને પિંડ વગેરે રૂપે જોઈ જ શકે છે. એટલે 'આ પિંડ છે' 'આ પિંડ છે' એવી દૃષ્ટિની જેમ 'આ શિવક છે' 'આ શિવક છે' વગેરે બધી જ દૃષ્ટિઓ વિશુદ્ધ પણ સંભવે છે ને અવિશુદ્ધ પણ સંભવે છે. તેથી નૈગમની કોઈ નિયત દૃષ્ટિ નથી એમ મેં કહેલું છે. આમ નમસ્કારનિર્યુક્તિના અધિકારમાં આદિનૈગમની કહેલી વિશુદ્ધિની સંગતિ કરવા માટે નૈગમની જે ધ્રૌવ્યાંશગ્રાહિણી દૃષ્ટિ છે તે સ્વકીય છે અને નિયત છે. અને તેની અપેક્ષાએ જ વિશુદ્ધિ છે એવી કલ્પના છે. તથા અનુયોગદ્વારસૂત્રના અધિકારમાં અર્થથી કહેલી તેની અશુદ્ધિની સંગતિ માટે નિરુપાયપણે નૈગમની કોઈ નિયતદૃષ્ટિ નથી જેની અપેક્ષાએ વિશુદ્ધિનો વ્યવહાર થઈ શકે... વગેરે કલ્પના છે. પછી શું પૂર્વાપરવિરોધ ? આ બધી વિચારણાથી નીચેની બાબતો નિશ્ચિત થઈ. (૧) સર્વસંગ્રાહી આદિનૈગમનો અનાદિનિધન હોવાના કારણે અનુત્પન્ન એવું ઊર્ધ્વતાસામાન્ય એ વિષય છે. (૨) દ્રવ્યનિક્ષેપનો અસંભવ સિદ્ધ થયેલો છે. છતાં (૩) ચાર નિક્ષેપની સર્વવ્યાપિતાના નિયમનો ભંગ નથી કે (૪) નથી सेसा इच्छंति सव्वणिक्खेवे વચનનો વિરોધ... એ પણ નિશ્ચિત થયેલું છે તથા (૫) ભાષ્યમાં एगं निच्चं निरवयवं... વગેરે જે લક્ષણ સામાન્યનું કહેલું

व्यवहारनयेनैव द्रव्यघट उपचरितघटो वा, नैगमनयेन तु भावघट एव, (७) एवमेव सर्वविशुद्धेन नैगमनयेन जिनजीव आकालं जिन एव, नमस्कारवदनुत्पन्नत्वात्, (८) सकलपर्यायराशेर्योग्यतासमूहो द्रव्यं, (९) तान् सर्वान् पर्यायान् केवलज्ञानी व्यक्तरूपेण पश्यति, व्यवहारनयो वर्तमानमेकं पर्यायं व्यक्तरूपेण पश्यति, तदन्यान् स्वविषयान् योग्यतारूपेण, नैगमनयस्तु यथादृष्टि पर्यायमेकं पश्यति, तदन्यांस्तु योग्यतारूपेणापि न पश्यति, (१०) नैगमस्य घट एव परोर्ध्वतासामान्यं, स एव चापरोर्ध्वतासामान्यं, (११) आकालभाविनीः सर्वा अवस्था यो नमस्कार-घटादिलक्षणेनोर्ध्वतासामान्येन सङ्गृह्णाति स सर्वसङ्ग्राहिनैगमः । 'आदिनैगमः' 'विशुद्धनैगमः' इत्यादयस्तस्यैव समानार्थकाः शब्दाः, (१२)तासामवस्थानामेकदेशभूताः काश्चिदवस्था य ऊर्ध्वतासामान्येन क्रोडीकरोति स देश-सङ्ग्राहिनैगमः, 'अशुद्धनैगमः' इति तस्यैव समानार्थकः शब्दः (१३)आदिनैगमस्य नमस्कार-घटादिकं सर्वमाकालमविचलितरूपमनुत्पन्नमेव। (१४)नैगमनयस्य मृद्द्रव्य-घटादिकमेवो-र्ध्वतासामान्यं,न तु मृत्त्व-घटत्वादिकं, तत्तु व्यवहारनयेनैवोर्ध्वतासामान्यम्, (१५)सङ्ग्रहनयोऽपि

---

છે તે વ્યવહાર નયાનુસારે છે. (૬) માટીનો પિંડો દ્રવ્યઘટ કે ઉપચરિતઘટ જે કહેવાય છે તે વ્યવહારનયે જ, નૈગમનયે તો એ ભાવઘટ જ છે. (૭) એમ સર્વવિશુદ્ધનૈગમનયે જિનજીવ આકાળ 'જિન' જ છે, કારણ કે નમસ્કારની જેમ અનુત્પન્ન છે. (૮) સંભવિત બધા પર્યાયોની યોગ્યતાઓનો સમૂહ એ દ્રવ્ય છે. (૯) એ સર્વ પર્યાયોને કેવલજ્ઞાની વ્યક્તરૂપે જુએ છે. વ્યવહારનય એક વર્તમાન પર્યાયને વ્યક્તરૂપે જુએ છે, બાકીના સ્વવિષયભૂત પર્યાયોને યોગ્યતારૂપે જુએ છે. નૈગમનય તો દૃષ્ટિને અનુસારે એક જ પર્યાયને જુએ છે, તે સિવાયના અન્ય પર્યાયોને યોગ્યતારૂપે પણ જોતો નથી. (૧૦) નૈગમનયે ઘડો જ પરઊર્ધ્વતાસામાન્ય છે ને એ જ અપરઊર્ધ્વતાસામાન્ય છે. (૧૧) ત્રણે કાળમાં થનાર સર્વ અવસ્થાઓનો જે, નમસ્કાર-ઘટ વગેરે રૂપ ઊર્ધ્વતાસામાન્યથી સંગ્રહ કરે છે તે સર્વસંગ્રાહી નૈગમ છે. આદિનૈગમ-વિશુદ્ધનૈગમ વગેરે એના જ નામો છે. (૧૨) તે સર્વ અવસ્થાઓના એકદેશભૂત કેટલીક અવસ્થાઓનો ઊર્ધ્વતાસામાન્યથી જે સંગ્રહ કરે છે તે દેશસંગ્રાહીનૈગમનય છે, અશુદ્ધનૈગમ એ એનો જ સમાનાર્થક શબ્દ છે. (૧૩) આદિનૈગમમતે નમસ્કારઘટ વગેરે બધું જ આકાળ અવિચલિતરૂપવાળું હોય છે-અનુત્પન્ન જ હોય છે. (૧૪) નૈગમનયને માટી-દ્રવ્ય-ઘટ વગેરે જ ઊર્ધ્વતાસામાન્ય છે, નહીં કે મૃત્ત્વ-ઘટત્વ વગેરે, એ તો વ્યવહારનયે જ ઊર્ધ્વતાસામાન્ય છે. (૧૫)

द्विविधः - परः सङ्ग्रहोऽपरश्च, तत्र 'सर्वसङ्ग्रहः' 'शुद्धसङ्ग्रहः' इत्यादयः परसङ्ग्रहस्य, 'देशसङ्ग्रहः' 'अशुद्धसङ्ग्रहः' इत्यादयश्चापरसङ्ग्रहस्य पर्यायवाचिनः शब्दाः, (१६)यथा सामान्यं द्विविधं-तिर्यक्सामान्यमूर्ध्वतासामान्यं च तथा विशेषा अपि द्विविधाः-भूस्थो घटः, वेदिकास्थो घटः, नीलो घटः, रक्तो घट इत्यादयस्तिर्यक्सामान्यप्रतिपक्षिणो विशेषाः, मृत्पिण्ड-शिवक-स्थासादयश्चोर्ध्वतासामान्यप्रतिपक्षिणो विशेषाः, (१७) सङ्ग्रहनयस्य सज्-जीव-पुद्गल-घटादिकमेव तिर्यक्सामान्यं, न तु सत्ता-जीवत्व-पुद्गलत्व-घटत्वादिकं, तत्तु व्यवहारनयेनैव तिर्यक्सामान्यम्, (१८)वस्तुतस्तु सङ्ग्रहनयस्य न किञ्चित्सामान्यं न वा कश्चिद्विशेषः, एकस्यैव वस्तुनोऽभ्युपगमादनुवृत्त-व्यावृत्ताकाराया बुद्धेरभावात्, (१९)परस्य सङ्ग्रहनयस्य जीव-पुद्गल-घटादयः सर्वेऽपि 'सन्' एव, न जीव-पुद्गल-घटादयः, (२०)अत एव नमस्कारस्योत्पन्नानुत्पन्नत्वविचारणायां न परसङ्ग्रहस्य विचारः, (२१)अनुयोगद्वाराद्युक्त-प्रस्थक-वसतिदृष्टान्ताभ्यां नमस्कारनिर्युक्तिगतेन च नमस्कारस्योत्पन्नानुत्पन्नत्वाधिकारेण च नैगमनयस्योर्ध्वतासामान्यविषयकत्वं सिध्यति, तत्र (२२) प्रस्थकदृष्टान्ते वनगमनप्रयोजनीभूतदार्वादिकं नैगमस्य मुख्यः प्रस्थक एव, व्यवहारस्य तूपचरित एव, तथा (२३)

---

સંગ્રહનય પણ બે પ્રકારે છે - પરસંગ્રહ અને અપરસંગ્રહ. એમાં સર્વસંગ્રહ, શુદ્ધ સંગ્રહ... આ બધા પરસંગ્રહના અને દેશસંગ્રહ-અશુદ્ધસંગ્રહ આ બધા અપરસંગ્રહના પર્યાયવાચી નામો છે. (૧૬) તિર્યક્ સામાન્ય અને ઊર્ધ્વતાસામાન્યરૂપે જેમ સામાન્ય બે પ્રકારે છે તેમ વિશેષો પણ બે પ્રકારે છે. ભૂમિ પર રહેલો ઘડો, વેદિકા પર રહેલો ઘડો, નીલ ઘટ, રક્તઘટ... આ બધા તિર્યક્સામાન્યના પ્રતિપક્ષી વિશેષો છે. જ્યારે પિંડ-શિવક-સ્થાસવગેરે ઊર્ધ્વતાસામાન્યના પ્રતિપક્ષી વિશેષો છે. (૧૭) સંગ્રહનયને સામાન્ય તરીકે સત્-જીવ-પુદ્ગલ-ઘટ વગેરે જ માન્ય છે, નહીં કે સત્તા-જીવત્વ-પુદ્ગલત્વ-ઘટત્વ વગેરે. એ બધા તો વ્યવહારનયે જ તિર્યક્સામાન્ય છે. (૧૮) વસ્તુતઃ તો સંગ્રહનયને કશું સામાન્ય નથી કે કશું વિશેષ નથી, કારણ કે એક જ વસ્તુ માની હોવાથી અનુવૃત્તાકારવાળી અને વ્યાવૃત્તઆકારવાળી બુદ્ધિ જ નથી. (૧૯) પરસંગ્રહનયમતે જીવ-પુદ્ગલ-ઘટ વગેરે બધું 'સત્' જ છે, નહીં કે જીવ-પુદ્ગલ-ઘટ વગેરે. (૨૦) એટલે જ નમસ્કાર ઉત્પન્ન છે કે અનુત્પન્ન? એ વિચારણામાં પરસંગ્રહનો વિચાર જ નથી. (૨૧)અનુયોગદ્વારસૂત્ર વગેરેમાં કહેલા પ્રસ્થક-વસતિદૃષ્ટાન્ત દ્વારા અને નમસ્કાર નિર્યુક્તિમાં કહેલ નમસ્કાર ઉત્પન્ન છે કે અનુત્પન્ન? એના અધિકારદ્વારા નૈગમનયનો વિષય ઊર્ધ્વતાસામાન્ય છે એ સિદ્ધ થાય છે. એમાં(૨૨) પ્રસ્થકદૃષ્ટાન્તમાં વનગમનપ્રયોજનીભૂત કાષ્ઠાદિ નૈગમમતે

वसतिदृष्टान्ते 'अहं लोके वसामी'त्युत्तरं दत्तवान् नैगमनयः सर्वविशुद्धः, आकालभाविनीनां सर्वासामवस्थानां 'अहं' इत्यनेन क्रोडीकरणात्, अनुयोगद्वारसूत्रे तस्याशुद्धिर्या कथिता सा व्यवहारनयमपेक्ष्य ज्ञेया, अत एव व्यवहारनयस्य सम्मततया यो वासस्तत्र कथितः स एव नैगमस्यापि विशुद्धतमत्वेन कथित इत्यादिकं सर्वमेतावता सिद्धम् ।

तथाऽन्यत्रोर्ध्वतासामान्यं द्विविधं प्रोक्तं - ओघशक्तिरूपं, समुचितशक्तिरूपं च । तृणलक्षणे दूरवर्तिनि कारणे घृतस्य या शक्तिः सौघशक्तिरुच्यते, दुग्ध-दधिलक्षणे निकटवर्तिनि कारणे या शक्तिः सा समुचितशक्तिरिति । अत्र नैकट्यं यदुक्तं तत्स्वरूपकृतनैकट्यं ज्ञेयं, न तु कालकृतनैकट्यम् । यद्यपि यत्र स्वरूपकृतनैकट्यं तत्र प्रायः कालकृतनैकट्यमपि भवत्येवेत्यन्यत्र कालकृतनैकट्यं यद्युक्तं भवेत् तथापि प्राधान्यं स्वरूपकृतनैकट्यस्यैव ज्ञेयम् । विवेचितमिदं मया '**द्रव्य-गुण-पर्यायनो रास**' ग्रन्थस्य गूर्जरभाषानिबद्धे विवेचने । परन्तु 'नैगमनयस्य न किञ्चिदूर्ध्वतासामान्यं न वा कश्चित्तदपेक्षो विशेषः, व्यवहारस्यैव तौ सामान्य-

---

મુખ્ય પ્રસ્થક જ છે, વ્યવહારમતે ઉપચરિત પ્રસ્થક જ છે. તથા (૨૩) વસતિ દૃષ્ટાન્તમાં 'હું લોકમાં વસુ છું' એવો ઉત્તર આપનાર નૈગમભેદ સર્વવિશુદ્ધ છે, કારણ કે अहं પદ દ્વારા ત્રણે કાળભાવી બધી અવસ્થાઓનો સંગ્રહ કરનાર છે, અનુયોગદ્વારસૂત્રમાં એને અશુદ્ધ તરીકે જે જણાવેલ છે તે વ્યવહારનયની અપેક્ષાએ જાણવો. એટલે જ વ્યવહારનયને માન્ય જે વાસ ત્યાં કહ્યો છે તેને જ નૈગમનયના વિશુદ્ધતમભેદ રૂપે કહેલ છે. અત્યાર સુધીની વિચારણાથી આ બધી વાતો સિદ્ધ થયેલી છે.

તથા અન્ય ગ્રન્થમાં ઊર્ધ્વતાસામાન્ય બે પ્રકારે કહેલ છે. ઓઘશક્તિરૂપ અને સમુચિતશક્તિરૂપ. ઘાસરૂપ દૂરવર્તી કારણમાં ઘીની જે શક્તિ (યોગ્યતા) રહેલી છે તે ઓઘશક્તિ કહેવાય છે, અને દૂધ-દહીં વગેરે રૂપ નજીકના કારણમાં જે શક્તિ રહેલી હોય છે તે સમુચિત શક્તિ કહેવાય છે. અહીં નૈકટ્ય = નજીકપણું જે કહેલું છે તે સ્વરૂપની અપેક્ષાએ જાણવું, નહીં કે કાળની અપેક્ષાએ. જો કે જ્યાં સ્વરૂપાપેક્ષનૈકટ્ય હોય છે ત્યાં પ્રાયઃ કાળાપેક્ષનૈકટ્ય પણ હોય જ છે. એટલે અન્ય ગ્રન્થમાં જો કાળાપેક્ષનૈકટ્ય કહેલું હોય તો પણ પ્રાધાન્ય સ્વરૂપાપેક્ષનૈકટ્યનું જ જાણવું. મેં આનું વિવેચન '**દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ**' ગ્રન્થના ગુજરાતી વિવેચનમાં કરેલું છે. પરંતુ ''નૈગમનયને કશું ઊર્ધ્વતાસામાન્યરૂપ નથી કે કશું એના પ્રતિપક્ષીવિશેષરૂપ નથી, વ્યવહારને જ તે સામાન્ય-વિશેષમાન્ય છે'' એવી વાત અહીં પૂર્વે જે કરેલી છે એને અનુસરીને આ ઓઘશક્તિ અને સમુચિતશક્તિ... એ બન્ને વ્યવહારનયને જ માન્ય છે એ જાણવું, નહીં કે નૈગમનયને,

विशेषौ संमतौ' इत्यर्थकं यत्पूर्वमुक्तं, तदनुसारेणेयमोघशक्तिः समुचितशक्तिश्च व्यवहारनयस्यैव संमता ज्ञेया, न तु नैगमनयस्य, तृण-दुग्ध-दध्यादीनां सर्वेषां तेन घृततयैव ग्रहणात् । तथापि व्यवहारनयसंस्कारादशुद्धतरः सन् यो नैगमो नवनीतात्पूर्ववर्तिषु तृण-दुग्ध-दधि-तक्रादिषु घृतत्वं न पश्यति तस्य तृण ओघशक्तिर्दुग्धादिषु च समुचितशक्तिः संमता स्यादपीति ध्येयम्। तथा तन्नैगमाच्छुद्धस्य दुग्धमपि घृततया पश्यतो नैगमस्य तृणे समुचितशक्तिस्तत्पूर्ववर्तिन्यामवस्थायामोघशक्तिरिति ज्ञायते ।

महोपाध्यायैः श्रीमद्**यशोविजयै**र्गुर्जरभाषानिबद्धे **'द्रव्य-गुण-पर्यायनो रास'**ग्रन्थ एतदर्थकोऽधिकारो दृश्यते -

अथ कश्चित् शङ्कते-विभिन्नासु घटव्यक्तिषु यथैकं घटत्वसामान्यं, तथैव पिंड-शिवकादिषु विभिन्नासु व्यक्तिषु मृदादिकमेकं सामान्यं वर्तते, ततश्च तिर्यगूर्ध्वतासामान्ययोः कः प्रतिविशेषः? शृणु-देशभेदेऽपि येनैकाकारा प्रतीतिरुपजायते तत् तिर्यक्सामान्यं, कालभेदेऽपि येनानुगताकारा प्रतीतिरुपजायते तदूर्ध्वतासामान्यमिति ।

एतस्मिन्नधिकार इदं रहस्यं ज्ञेयं-अयमधिकारो व्यवहारनयाभिप्रायेण ज्ञेयः। किमर्थम् ?

---

કારણ કે એ તો ઘાસ-દૂધ-દહીં વગેરે બધાને 'ઘી' તરીકે જ જુએ છે. તેમ છતાં વ્યવહારનયના સંસ્કારથી અશુદ્ધતર બનતો જે નૈગમભેદ માખણના પૂર્વવર્તી ઘાસ-દૂધ-દહીં-છાશ વગેરેને ઘી તરીકે જોતો નથી તેને ઘાસમાં ઓઘશક્તિ અને દૂધ વગેરેમાં સમુચિત શક્તિ માન્ય બને પણ છે જ એ જાણવું. તથા એ નૈગમભેદ કરતાં શુદ્ધ એવો અન્ય નૈગમભેદ કે જે દૂધને પણ ઘી તરીકે જુએ છે તેને ઘાસમાં સમુચિતશક્તિ અને એની પણ પૂર્વઅવસ્થામાં ઓઘશક્તિ માન્ય હોય તે જણાય છે.

મહોપાધ્યાય શ્રીમદ્ **યશોવિજયજી મહારાજે** રચેલા **'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ'** ગ્રન્થમાં આ અંગે આવો અધિકાર જોવા મળે છે.

*અહીં કોઈક **શંકા** કરે છે - વિભિન્ન ઘટવ્યક્તિઓમાં જેમ એક ઘટત્વસામાન્ય છે, તે જ રીતે વિભિન્ન પિંડ-શિવકાદિ વ્યક્તિઓમાં માટી વગેરે એક સામાન્ય રહેલું છે તો તિર્યક્-ઊર્ધ્વસામાન્યમાં શું ભેદ રહેશે ? આ શંકાનું **સમાધાન** - દેશભેદ હોવા છતાં એકાકાર પ્રતીતિ થાય છે તે તિર્યક્સામાન્ય છે અને કાળભેદ હોવા છતાં જેના કારણે અનુગતાકાર બુદ્ધિ થાય છે તે ઊર્ધ્વતાસામાન્ય છે.*

આ અધિકારમાં આવું રહસ્ય જાણવું-આ અધિકાર વ્યવહારનયના અભિપ્રાયે છે. શા માટે? આ માટે ઘણા હેતુઓ છે. તે આ રીતે-(૧) વ્યવહારનય જ તિર્યક્સામાન્ય

अत्र बहवो हेतवः। तद्यथा-(१) व्यवहारनयस्यैव घटत्वं तिर्यक्सामान्यतयाऽभिप्रेतं, सङ्ग्रहस्य तु घट एव । (२) पिण्डादिषु मृद्द्रव्यमेवोर्ध्वतासामान्यमित्यपि व्यवहारनयस्यैवाभिप्रायः, नैगमस्य तु पिण्ड-शिवकादीनि सर्वाण्यूर्ध्वतासामान्यतयेष्टानि (३) एकाकाराऽनुगताकारा च बुद्धिर्व्यवहारस्यैव संमता, नैगम-सङ्ग्रहसंमतस्य वस्तुन एकत्वमेव यतस्ततस्तद्बुद्ध्योः कथमेकाकारत्वस्यानुगताकारत्वस्य वा सम्भवः ?

**ननु** तिर्यक्सामान्येन विभिन्नासु घटव्यक्तिषु 'घटोऽयं' 'घटोऽयं' इत्येवमेकाकारा बुद्धिर्यथा जायते तथैवोर्ध्वतासामान्येनापि पिण्ड-शिवकादिव्यक्तिषु 'इयं मृद्' 'इयं मृद्' इत्येकाकारैव बुद्धिर्जायते । ततश्चात्र 'अनुगताकारा बुद्धि'रिति किमित्युक्तमिति **चेत्** ? **शृणु** - तिर्यक्सामान्यप्रतिपक्षिणः सर्वेऽपि विशेषा एकाकारतया परिणता एकाकारतयैव च भासन्ते। यथा भू-वेदिकादिस्थाः सर्वेऽपि घटा घटाकारतयैव परिणतास्तदाकारतयैव च भासन्ते । परन्तूर्ध्वतासामान्यप्रतिपक्षिणो विशेषा न तथा, तत्रैकः पिण्डाकारतया द्वितीयस्तु

---

તરીકે ઘટત્વને સ્વીકારે છે, સંગ્રહનયને તો ઘટ એ જ તિર્યક્સામાન્ય છે. (૨) પિંડ-શિવકાદિમાં માટી દ્રવ્ય એ જ ઊર્ધ્વતાસામાન્ય છે-આ પણ વ્યવહારનયનો જ અભિપ્રાય છે. નૈગમનયને તો પિંડ-શિવક વગેરે બધું જ ઊર્ધ્વતાસામાન્ય તરીકે માન્ય છે. (૩) એકાકારબુદ્ધિ અને અનુગતાકારબુદ્ધિ વ્યવહારને જ માન્ય છે. નૈગમ-સંગ્રહ સંમત વસ્તુ તો એક જ હોવાથી તેની બુદ્ધિમાં એકાકારતા કે અનુગતાકારતાનો સંભવ શી રીતે હોય ?

**શંકા** - વિભિન્ન ઘટવ્યક્તિઓ અંગે તિર્યક્સામાન્યના કારણે 'આ ઘડો' 'આ ઘડો' એવી એકાકાર બુદ્ધિ જેમ થાય છે એમ પિંડ-શિવકાદિ વ્યક્તિઓમાં ઊર્ધ્વતાસામાન્યના કારણે 'આ માટી' 'આ માટી' એવી એકાકાર બુદ્ધિ જ થાય છે. તો અહીં એને 'અનુગતાકાર બુદ્ધિ' કેમ કહો છો ?

**સમાધાન**-તિર્યક્સામાન્યપ્રતિપક્ષી બધા વિશેષો (ઘટવ્યક્તિઓ) એકાકારરૂપે પરિણમેલા હોય છે અને એકાકારરૂપે ભાસે છે. જેમ ભોંય-વેદિકા વગેરે પર રહેલા બધા ઘડા ઘટાકારરૂપે પરિણમેલા છે ને એ જ રીતે ભાસે છે. પણ ઊર્ધ્વતાસામાન્યપ્રતિપક્ષી વિશેષો માટે એવું નથી. ત્યાં તો એક પિંડરૂપે, બીજો શિવકરૂપે ને અન્ય સ્થાસાકારરૂપે પરિણમેલો છે ને એ જ રૂપે ભાસે છે. આ રીતે બધાનો આકારભેદ હોવા છતાં એક મૃદાકાર પણ બધામાં સંકળાયેલો તો છે જ. પણ સામાન્ય રીતે તો પિંડ-શિવક વગેરે

शिवकाकारतया, अन्यस्तु स्थासाकारतया परिणतो भासते च । एवं सर्वत्राकारभेदेऽप्यनुवर्तमान एको मृदाकारोऽपि वर्तत एव । तत्र सामान्यतया तु पिण्ड-शिवकादय आकारा एव भासन्ते, परन्तु पटुक्षयोपशमेन यदोपयुज्यते तदा सर्वत्रानुगतो मृदाकारो भासतेऽनुगताकारा बुद्धिर्जायते। अत एव तिर्यक्सामान्यज्ञानं यथा सुकरं, न तथोर्ध्वतासामान्यज्ञानमित्यन्यत्रोक्तम्। एतद्विस्तरार्थं **'द्रव्य-गुण-पर्यायनो रास'** ग्रन्थस्य गूर्जरभाषानिबद्धं मद्विवेचनं विलोकनीयम् ।

**अथ** सामान्यग्राहिणो नैगमस्य सङ्ग्रहनयेऽन्तर्भाव इति शास्त्रेषु नैकश उपलभ्यते । नैगमनयस्योर्ध्वतासामान्यविषयकत्वे स कथं सङ्गमनीयः ? सङ्ग्रहनयस्य तिर्यक्सामान्य-विषयकत्वादिति **चेत् ? सत्यं,** तथापि यथा तिर्यक्सामान्यं 'सामान्यं' तथैवोर्ध्वतासामान्यमपि सामान्यमेव यतोऽतः सामान्यग्राहित्वलक्षणं सादृश्यं पुरस्कृत्य तस्य सङ्ग्रहनयेऽन्तर्भाव उक्त इति प्रतिभाति।अथ'विशेषग्राहिणस्तस्य व्यवहारनयेऽन्तर्भावस्तत्र तत्र प्रोक्तः कथं सङ्गमनीयः ? इत्थमिति गृहाण-पिण्डादिकं मनसि कृत्वा प्रवृत्तं 'अयं घटः' इति ज्ञानं पिण्डादीन्

---

આકારો જ પ્રથમ નજરે ભાસે છે. પરંતુ જ્યારે સૂક્ષ્મતાથી જોવામાં આવે છે ત્યારે બધામાં સંકળાયેલો મૃદાકાર દેખાય છે ને અનુગતાકાર બુદ્ધિ થાય છે. એટલે જ તિર્યક્સામાન્યનું જ્ઞાન જેટલું સરળ છે એટલું ઊર્ધ્વતાસામાન્યનું જ્ઞાન સરળ નથી એમ અન્યત્ર કહેલું છે. આ બાબતની વિશેષ સ્પષ્ટતા માટે **'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ'** ગ્રન્થનું મારું ગુજરાતી વિવેચન જોવું.

**શંકા** - સામાન્યગ્રાહી નૈગમનયનો સંગ્રહનયમાં અન્તર્ભાવ કહેલો શાસ્ત્રોમાં અનેકશઃ જોવા મળે છે. નૈગમનયનો વિષય જો ઊર્ધ્વતાસામાન્ય છે તો આની સંગતિ શી રીતે કરવી ? કારણ કે સંગ્રહનયનો વિષય તો તિર્યક્સામાન્ય છે.

**સમાધાન** - વાત સાચી છે. છતાં પણ જેમ તિર્યક્સામાન્ય એ 'સામાન્ય' છે એમ ઊર્ધ્વતાસામાન્ય એ પણ 'સામાન્ય' છે જ. એટલે બન્નેમાં સામાન્યગ્રાહિત્વ એકસરખું છે. આ સમાનતાને નજરમાં રાખીને નૈગમનો સંગ્રહમાં અન્તર્ભાવ કર્યો હોય એમ લાગે છે.

**પ્રશ્ન** - વિશેષગ્રાહી નૈગમનો સમાવેશ વ્યવહારનયમાં કરેલો તે તે ગ્રન્થોમાં જોવા મળે છે, એની સંગતિ શી રીતે કરવી ?

**ઉત્તર** - આ રીતે - પિંડ વગેરેને મનમાં રાખીને થયેલું अयं घटः જ્ઞાન પિંડ વગેરેને સાંકળી લે છે, પટાદિની તો બાદબાકી જ કરે છે. આ બાદબાકીની અર્પણા

क्रोडीकरोति, पटादींस्तु व्यावर्तयत्येव । एनां व्यावृत्तिमर्पयित्वा यदि तस्य विशेषग्राहित्वं कथ्येत तदा व्यवहारेऽन्तर्भावो न दुष्करः। यद्वा यो नैगमभेदः सम्यक्त्वप्राप्त्यनन्तरं जिनं गृह्णाति, तस्य मिथ्यादृष्टिावस्था व्यावर्तत एवेति तां व्यावृत्तिमर्पयित्वा यदि विशेषग्राहित्वं कथ्येत तदा व्यवहारेऽन्तर्भावो न दुर्लभः । 'सिद्धस्य गतिश्चिन्तनीया' न्यायेनैषाऽन्तर्भावसङ्गतिः प्रदर्शिता। तथापि शास्त्रप्रसिद्धप्रस्थकादिषु सर्वेषु दृष्टान्तेषु प्रायो नैगमस्य सङ्ग्रह-व्यवहाराभ्यां भिन्नः स्वतन्त्र एवाभिप्रायः कथितो यद् दृश्यते तेनापि तस्य विषयः सङ्ग्रह-व्यवहार-विषयाभ्यां भिन्न एवेति प्रतीयत एव। ततश्च नैगमस्योर्ध्वतासामान्यं विषयः, सङ्ग्रहस्य तिर्यक्सामान्यं विषयः, व्यवहारस्य विशेषो विषय इति सिध्यत्येव । तत्रापि व्यवहारनयो 'अयं घटः' इत्येवं यदा जानाति, तदा स पुरःस्थितं वस्तु पिण्डादिभ्यो भिन्नतया यथा प्रत्येति, तथैव पटादिभ्यो भिन्नतयाऽपि प्रत्येत्येव । अर्थाद् व्यवहारनयानुसारी 'अयं घटः' इत्यभिप्रायो यथोर्ध्वतासामान्यप्रतिपक्षिविशेषं गृह्णाति तथैव तिर्यक्सामान्यप्रतिपक्षिविशेषमपि गृह्णात्येवेति सामान्यस्य द्विविधतया सामान्यविषयौ नयौ यथा द्वौ न तथा विशेषस्य द्विविधत्वेऽपि तद्विषयौ नयौ द्वौ, अपि त्वेक एव व्यवहारनयो द्वावपि विशेषौ गृह्णाति ।

---

કરીને જો એને વિશેષગ્રાહી કહીએ તો એનો વ્યવહારનયમાં અન્તર્ભાવ દુષ્કર નથી. અથવા જે નૈગમભેદ સમ્યક્ત્વપ્રાપ્તિ બાદ જિનજીવને 'જિન' તરીકે જુએ, એને મિથ્યાત્વી અવસ્થાનો વ્યવચ્છેદ થાય જ છે. આ વ્યવચ્છેદની અર્પણા કરીને જો એને વિશેષગ્રાહી કહેવાય તો વ્યવહારનયમાં અન્તર્ભાવ દુર્લભ નથી. सिद्धस्य गतिश्चिन्तनीया એ ન્યાયે આ અન્તર્ભાવની સંગતિ દેખાડી. બાકી તો શાસ્ત્રપ્રસિદ્ધ પ્રસ્થકાદિ બધા દૃષ્ટાન્તોમાં પ્રાયઃ નૈગમનો અભિપ્રાય સંગ્રહ-વ્યવહારનય કરતાં જુદો-સ્વતન્ત્ર જ કહેલો જોવા મળે છે. એટલે એનો વિષય આ બે નયના વિષય કરતાં જુદો જ છે એ પ્રતીત થાય જ છે. એટલે નૈગમનયનો ઊર્ધ્વતાસામાન્ય એ વિષય છે, સંગ્રહનયનો તિર્યક્સામાન્ય અને વ્યવહારનયનો વિશેષ એ વિષય છે. આ વાત સિદ્ધ થાય જ છે. એમાં પણ વ્યવહારનય જ્યારે अयं घटः એવો બોધ કરે છે ત્યારે તે સામે રહેલી વસ્તુને પિંડાદિથી જુદી તરીકે જેમ સંવેદે છે તેમ પટાદિથી જુદી તરીકે પણ સંવેદે જ છે. અર્થાત્ વ્યવહારનયાનુસારી अयं घटः એવો બોધ જેમ ઊર્ધ્વતાસામાન્યના પ્રતિપક્ષી વિશેષનું ગ્રહણ કરે છે તે જ રીતે તિર્યક્સામાન્યના પ્રતિપક્ષી વિશેષનું ગ્રહણ પણ કરે જ છે. માટે સામાન્ય બે પ્રકારે હોવાથી તેને વિષય બનાવનારા જેમ બે નયો છે, એમ વિશેષ બે પ્રકારે હોવા છતાં એને વિષય બનાવનારા બે સ્વતંત્ર નયો નથી, પણ એક જ વ્યવહારનય એ બન્ને વિશેષોનું ગ્રહણ કરે છે.

**नन्वत्र** 'अयं घटः' इत्यभिप्रायस्य व्यवहारनयानुसारित्वमिति विशेषणोपादानं किमर्थम् ? व्यावर्त्यस्याभावादिति **चेत् ? न,** व्यावर्त्यसद्भावात् । इदमुक्तं भवति-यदा पिण्डशिवकादिकं दृष्ट्वा 'अयं घटः' इतिज्ञानं प्रादुर्भवति तदा स नैगमनयाभिप्रायः । यदा पुरःस्थितान् बहून् घटान् दृष्ट्वा तज्ज्ञानं प्रवृत्तं तदा स सङ्ग्रहनयाभिप्रायः, यदा घटपटादीन् दृष्ट्वा तज्ज्ञानं संजातं तदा स व्यवहारनयाभिप्रायः, पटादीन् व्यावर्त्त्य घटलक्षणविशेषस्य ग्राहकत्वात् । तथैव 'अयं पिण्डः', 'अयं शिवकः' 'अयं (तु) घटः' इत्येवं पिण्डादिकं दृष्ट्वा यदा ज्ञानमाविर्भवति, तदापि 'अयं घटः' इति व्यवहारनयाभिप्राय एव, पिण्डादिविशेषान् व्यावर्त्य घटलक्षणस्य विशेषस्य ग्राहकत्वात् । लोकस्तु तिर्यक्सामान्यप्रतिपक्षिविशेषग्रहणाभिप्राये सतीवोर्ध्वतासामान्यप्रतिपक्षिविशेषग्रहणाभिप्रायेऽपि 'अयं घटः' इत्येव जानाति व्यवहरति चेति विशेषग्राहिणौ न पृथग् द्वौ नयौ। तथा पिण्ड-शिवक-घट-पट-कटादिषु मध्ये 'अयं घटः' इतिज्ञानं युगपदेव पिण्ड-शिवकादीन् पट-कटादींश्च व्यावर्त्तयति, अतोऽपि विशेषग्राह्येक

---

**શંકા** - અયં ઘટઃ એવા બોધનું અહીં 'વ્યવહારનયાનુસારી' એવું વિશેષણ શા માટે વાપર્યું છે ? કારણ કે કોઈ વ્યાવર્ત્ય (બાદબાકી કરવા યોગ્ય) તો છે નહીં ?

**સમાધાન** - આવી શંકા ગલત છે, કારણ કે વ્યાવર્ત્ય હાજર છે. કહેવાનો આશય આ છે કે - જ્યારે પિંડ-શિવકાદિને જોઈને अयं घटः એવો બોધ થાય છે ત્યારે એ નૈગમ નયાભિપ્રાય છે. જ્યારે સામે રહેલા ઘણા ઘડાઓને જોઈને એવો બોધ થાય છે ત્યારે એ સંગ્રહનયાભિપ્રાય છે. જ્યારે ઘટ-પટ વગેરેને જોઈને એવો બોધ થયેલો હોય છે ત્યારે એ વ્યવહારનયનો અભિપ્રાય છે, કારણ કે પટ વગેરેની બાદબાકી કરીને ઘટાત્મક વિશેષનું ગ્રહણ કરનાર છે. એ જ રીતે પિંડ વગેરેને જોઈને अयं पिण्डः, अयं शिवकः, अयं (तु) घटः એ રીતે જ્ઞાન થાય છે ત્યારે પણ अयं घटः એવું જ્ઞાન વ્યવહારનયનો જ અભિપ્રાય છે, કારણ કે પિંડ વગેરે વિશેષોની બાદબાકી કરીને ઘટાત્મક વિશેષનું ગ્રહણ કરે છે. લોક તો તિર્યક્સામાન્યના પ્રતિપક્ષી વિશેષનું ગ્રહણ કરવાનો અભિપ્રાય હોય ત્યારની જેમ ઊર્ધ્વતાસામાન્યના પ્રતિપક્ષી વિશેષનું ગ્રહણ કરવાનો અભિપ્રાય હોય ત્યારે પણ अयं घटः એવું જ જ્ઞાન કરે છે ને એવો જ વ્યવહાર કરે છે. માટે વિશેષગ્રાહી બે સ્વતંત્ર નય છે નહીં. તથા સામે પિંડ-શિવકાદિ પડ્યા હોય ને સાથે જ ઘટ-પટ-કટ વગેરે પણ પડ્યા હોય ત્યારે अयं घटः જ્ઞાન એક સાથે જ પિંડ-શિવકાદિને અને પટ-કટાદિને વ્યાવૃત્ત કરે જ છે. તેથી પણ વિશેષગ્રાહી નય એક જ છે.

एव नय इति । यद्वा नैगमनयाभिप्राये सति जातस्य 'अयं घट:' इति ज्ञानस्य पिण्ड-शिवकादिष्वन्वय्यूर्ध्वतासामान्यं विषय:, सङ्ग्रहनयाभिप्राये सति जातस्य 'अयं घट:' इति ज्ञानस्य सकलघटविशेषेष्वन्वयितिर्यक्सामान्यं विषय: । एवञ्च 'अयं घट:' इत्याकारे समानेऽपि विषयस्य भिन्नत्वान्नयौ भिन्नौ । परंतु पिण्ड-शिवकादिव्यवच्छेदाभिप्राये सति जातस्य 'अयं घट:' इति ज्ञानस्य यथा पुर:स्थित: कम्बुग्रीवादिमत्पदार्थो विषयस्तथैव पट-कटादिव्यवच्छेदाभिप्राये सति जातस्य 'अयं घट:' इति ज्ञानस्यापि स एव विषय इति विषयस्यैक्यान्नयस्याप्यैक्यम् ।

इत्थञ्चोर्ध्वतासामान्यविषयकं 'अयं घट:' इति ज्ञानं नैगमनयानुसारि, तिर्यक्सामान्य-विषयकं 'अयं घट:' इति ज्ञानं सङ्ग्रहनयानुसारि, ऊर्ध्वतासामान्यप्रतियोगिकविशेषविषयकं तिर्यक्सामान्यप्रतियोगिकविशेषविषयकं च 'अयं घट:' इति ज्ञानं व्यवहारनयानुसारीति स्थितम्। ततश्च कथं व्यावर्त्यस्याभाव:? एवञ्च व्यावर्त्यसद्भावात्तद्व्यावृत्त्यर्थं 'व्यवहारनयानु-सारित्वं' विशेषणमुक्तमिति ।

**ननु** नैगमनयो यान् पिण्ड-शिवकादिविशेषान् 'अयं घट:' इति ज्ञानेन सङ्गृह्णाति, घटलक्षणमेकं विशेषं मुक्त्वा तान् सर्वानवशिष्टविशेषान् व्यवहारनयो 'अयं घट:' इति

---

અથવા નૈગમનયાભિપ્રાય હોય ત્યારે થયેલા अयं घट: જ્ઞાનનો પિંડ-શિવકાદિમાં સંકળાયેલ ઊર્ધ્વતાસામાન્ય વિષય છે. સંગ્રહનયાભિપ્રાયથી થયેલા अयं घट: જ્ઞાનનો સકળ ઘટવ્યક્તિઓમાં અન્વયી તિર્યક્સામાન્ય વિષય છે. આમ अयं घट: એવો આકાર સમાન હોવા છતાં વિષય ભિન્ન હોવાથી બન્ને નયો જુદા જુદા છે. પરંતુ પિંડ-શિવકાદિનો વ્યવચ્છેદ કરવાના અભિપ્રાયથી થયેલા अयं घट: જ્ઞાનનો જેમ પુરઃસ્થિત કમ્બુગ્રીવાદિમાન્ પદાર્થ વિષય છે તેમ પટ-કટ વગેરેનો વ્યવચ્છેદ કરવાનો અભિપ્રાય હોય ત્યારે થયેલા अयं घट: જ્ઞાનનો વિષય પણ એ જ છે, ને તેથી વિષય એક હોવાથી નય પણ એક જ છે.

આમ ઊર્ધ્વતાસામાન્યવિષયક अयं घट: જ્ઞાન નૈગમનયાનુસારી છે, તિર્યક્સામાન્ય વિષયક એવું જ્ઞાન સંગ્રહનયાનુસારી છે અને ઊર્ધ્વતાસામાન્યના પ્રતિપક્ષીવિશેષવિષયક કે તિર્યક્સામાન્યના પ્રતિપક્ષી વિશેષ વિષયક अयं घट: જ્ઞાન વ્યવહારનયાનુસારી છે. પછી વ્યાવર્ત્ય નથી એવું શી રીતે કહેવાય ? એટલે વ્યાવર્ત્ય વિદ્યમાન હોવાથી તેની વ્યાવૃત્તિ માટે 'વ્યવહારનયાનુસારી' એવું વિશેષણ લગાડ્યું છે તે જાણવું.

**પ્રશ્ન** - નૈગમનય પિંડ-શિવકાદિ જે વિશેષોનો अयं घट: જ્ઞાન દ્વારા સંગ્રહ કરે

ज्ञानेन व्यवच्छिनत्ति । परंतु सङ्ग्रहनयो यान् तत्तद्घटविशेषान् 'अयं घटः' इति ज्ञानेन क्रोडीकरोति, न व्यवहारनयः पुरःस्थितमेकं घटविशेषं मुक्त्वा तान् सर्वानवशिष्टघटविशेषान् 'अयं घटः' इति ज्ञानेन व्यवच्छिनत्ति, 'अयं घटः' इति ज्ञानविषयतायाः सर्वस्मिन् घटे सत्त्वात्, किन्तु पट-कटादीनेव व्यवच्छिनत्ति, तत्र किं कारणमिति **चेत् ? शृणु**-व्यवहारनयो लोकमनुसरति । लोकश्च यथा विशेषान् मन्यते यथा द्विविधमपि सामान्यं मन्यते । तत्र पिण्ड-शिवकादिषूर्ध्वतासामान्यतया मृद्द्रव्यं(मृत्त्वं वा)मन्यते, न तु घटत्वं, अतो 'अयं घटः' इति ज्ञानेन पिण्डादेर्व्यवच्छेदो भवति । परंतु सर्वेषु घटेषु तिर्यक्सामान्यतया घटत्वं मन्यते। 'अयं घटः' इति ज्ञानमपि घटत्वं पुरस्कृत्यैव प्रवर्तते, अतस्तद्विषयतायाः सर्वस्मिन् घटे सत्त्वान्नैकस्यापि घटस्य व्यवच्छेदः, किन्तु पटादेरेव । एवमेव यदि 'इदं मृद्द्रव्यम्' इत्येवं ज्ञानं जायते, पिण्डादेरपि व्यवच्छेदो नैव भवति, पुरस्क्रियमाणस्य मृत्त्वस्य तत्र सत्त्वात्, किन्तु पटादेरेव व्यवच्छेदो भवति । अत एव व्यवहारस्य तिर्यक्सामान्याश्रयभूतेषु सर्वेषु विशेषेषु जायमाना बुद्धिरेकाकारा कथ्यते, परन्तूर्ध्वतासामान्याश्रयभूतेषु सर्वेषु पिण्डादिषु विशेषेषु जायमाना साऽनुगताकरा कथ्यते, न त्वेकाकारा ।

---

છે તેમાંથી ઘટાત્મક એક વિશેષને છોડીને બાકીના બધા વિશેષોની વ્યવહાર નય अयं घटः જ્ઞાનથી બાદબાકી કરે છે. પરંતુ સંગ્રહનય તે તે જે ઘટવિશેષોનો अयं घटः જ્ઞાનથી સંગ્રહ કરે છે, તેમાંથી વ્યવહારનય સામે રહેલા એક ઘટવિશેષને છોડીને બાકીના બધા વિશેષોની अयं घटः જ્ઞાનથી બાદબાકી કરે છે - એવું છે નહીં, કારણ કે अयं घटः જ્ઞાનની વિષયતા આ બાકીના બધા વિશેષોમાં પણ રહેલી જ છે. એટલે વ્યવહારનય એ જ્ઞાન દ્વારા પટ-કટ વગેરેની જ બાદબાકી કરે છે. આમાં શું કારણ છે?

**ઉત્તર** - સાંભળ. વ્યવહારનય લોકોને અનુસરે છે. અને લોક તો જેમ વિશેષોને માને છે એમ બન્ને પ્રકારના સામાન્યને પણ માને જ છે. એમાં પિંડ-શિવકાદિમાં ઊર્ધ્વતાસામાન્ય તરીકે માટીદ્રવ્યને (કે મૃત્ત્વને) માને છે, નહીં કે ઘટત્વને. એટલે अयं घटः જ્ઞાનથી પિંડાદિની બાદબાકી થઈ જાય છે. પરંતુ સર્વ ઘટવ્યક્તિઓમાં તિર્યક્સામાન્ય તરીકે ઘટત્વને માને છે. अयं घटः એવું જ્ઞાન પણ ઘટત્વને આગળ કરીને જ થાય છે. એટલે એની વિષયતા દરેક ઘડામાં રહી હોવાથી એક પણ ઘડાની બાદબાકી થતી નથી, પણ પટાદિની જ બાદબાકી થાય છે. એ જ રીતે જો इदं मृद्द्रव्यम् આવું જ્ઞાન થાય તો પિંડ વગેરેની પણ બાદબાકી થતી નથી, કારણ કે આગળ થઈ રહેલ મૃત્ત્વ પિંડાદિમાં પણ રહેલ છે. માત્ર પટાદિની જ બાદબાકી થાય છે. આ હકીકત હોવાથી

नैगमस्योर्ध्वतासामान्यं विषयः, सङ्ग्रहस्य तिर्यक्सामान्यं व्यवहारस्य च विशेषा इत्येतावता ग्रन्थेन सिद्धम् । अधुना प्रकृतं प्रस्तूयते । तच्च नयानां नैगम-सङ्ग्रहादिक्रमेणोपन्यासे हेतोर्विचारणम् । तत्र द्रव्यस्य प्रधानतया द्रव्यार्थिका पूर्वं न्यस्ताः पर्यायार्थिकास्तु पश्चादिति पूर्वं विचारितम् । द्रव्यार्थिकेष्वपि नैगमस्य किमिति प्राथम्यमिति विचारणायां तस्योर्ध्वतासामान्यं विषय इत्यादि निश्चितम् । ततश्च यतः स ऊर्ध्वतासामान्यविषयकोऽतस्तस्य द्रव्यार्थताया अन्यापेक्षया प्रबलत्वम् । अत एव च द्रव्यार्थिकेषु स प्रथमः । अयम्भावः- *'उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्'* इत्यत्र ध्रौव्यांशो द्रव्यलक्षणम् । ततश्च नयो यथा यथा ध्रुव-ध्रुवतरं वस्तु गृह्णाति तथा तथा तस्य द्रव्यार्थिकत्वं प्रबल-प्रबलतरम् । घटमेव घटतया यो गृह्णाति तस्य सङ्ग्रहनयस्यापेक्षया पिण्डादिकं कपालादिकं च यो घटतया गृह्णाति तस्य नैगमनयस्य ध्रुवतरविषयकत्वं स्पष्टमेवेति प्रबलतरद्रव्यार्थिकतया स प्रथमः ।

---

જ વ્યવહારનયને તિર્યક્સામાન્યના આશ્રયભૂત બધા વિશેષો અંગે થતી બુદ્ધિ એકાકાર બુદ્ધિ કહેવાય છે, જ્યારે ઊર્ધ્વતાસામાન્યના આશ્રયભૂત પિંડાદિ બધા વિશેષોમાં થતી બુદ્ધિ અનુગતાકાર બુદ્ધિ કહેવાય છે, નહીં કે એકાકાર બુદ્ધિ.

આમ આટલા અધિકારથી એ સિદ્ધ થયું કે નૈગમનયનો ઊર્ધ્વતાસામાન્ય, સંગ્રહનયનો તિર્યક્સામાન્ય અને વ્યવહારનયનો વિશેષ એ વિષય છે. હવે પ્રસ્તુતમાં આવીએ. અને એ છે નયોનો નૈગમ-સંગ્રહાદિ ક્રમે જે ઉપન્યાસ કર્યો છે તેના કારણની વિચારણા. એમાં દ્રવ્ય પ્રધાન હોવાથી દ્રવ્યાર્થિકનયો પહેલાં કહ્યા છે અને પર્યાયાર્થિક નયો પછી કહ્યા છે આ વાત પૂર્વે વિચારેલી છે. દ્રવ્યાર્થિક નયોમાં પણ નૈગમને કેમ પ્રથમ કહ્યો ? એની વિચારણામાં આ નિશ્ચિત થઈ ચૂક્યું છે કે એનો વિષય ઊર્ધ્વતાસામાન્ય છે અને એનો વિષય ઊર્ધ્વતાસામાન્ય છે માટે જ અન્ય દ્રવ્યાર્થિકનયો કરતાં એની દ્રવ્યાર્થતા (= દ્રવ્યને પ્રાધાન્ય આપવાપણું)પ્રબળ છે ને માટે જ દ્રવ્યાર્થિકનયોમાં એને પ્રથમ મૂકવામાં આવ્યો છે. કહેવાનો ભાવ આ છે કે-उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्... આમાં ધ્રૌવ્યાંશ એ દ્રવ્યનું લક્ષણ છે. એટલે નય જેમ જેમ ધ્રુવ-ધ્રુવતર વસ્તુને જુએ છે તેમ તેમ એ દ્રવ્ય તરફ વધુ ઢળતો હોવાથી એની દ્રવ્યાર્થિકતા પ્રબળ-પ્રબળતર બનતી જાય છે. જે ઘડાને જ ઘડા તરીકે જુએ છે એ સંગ્રહનય વિષયની અપેક્ષાએ, પિંડ વગેરેને તથા કપાલ વગેરેને પણ જે ઘડા તરીકે જુએ છે એ નૈગમનયનો વિષય ધ્રુવતર છે એ સ્પષ્ટ જ છે. ને તેથી નૈગમનય પ્રબળતર દ્રવ્યાર્થિક હોવાથી પ્રથમ છે.

**न च** यथा ध्रौव्यांशो द्रव्यलक्षणं तथैवैककरणमपि द्रव्यलक्षणम् । इदमुक्तं भवति- *'परिगमणं पज्जाओ अणेगकरणं गुणत्ति एगट्ठ'*त्तिवचनात् पर्यायस्यानेककरणं लक्षणतया ज्ञायते। ततश्च द्रव्यस्यैककरणं लक्षणमर्थतः प्राप्यते। ततश्च सङ्ग्रहनयो यस्मात् सर्वान् घटान् घटतयैककरोति तस्मात्सोऽपि प्रबलतरो द्रव्यार्थिक इति **वाच्यं, नै**गमस्यापि पिण्डादिविशेषाणामेककरणात् तल्लक्षणप्राप्तेः । **न च** तथापि *''जीवाजीवप्रभेदा यदन्तर्लीनास्तदस्ति सत् । एकं यथा स्वनिर्भासि ज्ञानं जीवः स्वपर्ययैः ॥३१॥* इति **लघीयस्त्रय**वचनात् *'यथैव ज्ञानस्यात्मनिर्भासभेदा नैकत्वं बाधन्ते, जीवस्याजीवस्य वा कस्यचित् स्वगुणपर्यायाः, तथैव सत्त्वस्य भेदा जीवाजीवादयः ॥३१॥''* इति **तद्वृत्तिवचनाच्च** 'परः सङ्ग्रहनयः सत्त्वेन जीवाजीवादीन् सर्वानेकीकरोती'ति ज्ञायते । नैगमस्तु यदैकं जीवं जानाति तदा तस्यादिनैगमभेदोऽपि तस्यैवैकस्याधिकृतस्य जीवस्याकालभाविनीः सर्वा अवस्था जीवतयैकीकरोति, नापरेषां जीवानामजीवानां वेत्येकीकरणं द्रव्यलक्षणं सङ्ग्रहस्य यथा सर्वव्यापकं न तथा नैगमस्येति सङ्ग्रह एव द्रव्यार्थिकेषु प्रथम उपन्यस्य इति ।

---

**પૂર્વપક્ષ** - જેમ ધ્રૌવ્યાંશ એ દ્રવ્યલક્ષણ છે એમ એકીકરણ પણ દ્રવ્યલક્ષણ છે જ. અહીં એ કહેવું છે કે - *'પરિગમન-પર્યાય-અનેકકરણ એ ગુણ... આ બધું એકાર્થક છે'* આવા વચનથી જણાય છે કે અનેકકરણ એ પર્યાયનું લક્ષણ છે. એટલે અર્થાપત્તિથી એ પણ જણાય છે કે એકકરણ એ દ્રવ્યનું લક્ષણ છે. એટલે, બધા ઘડાઓને ઘડા તરીકે એક કરી નાખનાર સંગ્રહનય પ્રબળતર દ્રવ્યાર્થિક છે જ. (પછી એ કેમ પ્રથમ નહીં ?)

**ઉત્તરપક્ષ** - એમ તો નૈગમનય પણ પિંડાદિ વિશેષોને ઘડા તરીકે એક કરી જ દે છે. માટે એકકરણ લક્ષણ પણ એમાં સંગત છે જ.

**પૂર્વપક્ષ - લઘીયસ્ત્રયગ્રન્થમાં** આમ જણાવેલું છે કે - *જીવ-અજીવના બધા ભેદો જેમાં અન્તર્લીન થઈ ગયા છે તે 'સત્' એક છે. જેમ સ્વનિર્ભાસિ જ્ઞાન એક છે. સ્વપર્યાયો વડે જીવ એક છે, તેમ.* એની વૃત્તિમાં આવું કહ્યું છે કે - *જેમ જ્ઞાનના આત્મનિર્ભાસ ભેદો, જ્ઞાનના એકત્વને બાધ પહોંચાડતા નથી... અથવા જેમ જીવ કે અજીવ કોઈ વસ્તુના અનેક ગુણપર્યાયો એ વસ્તુના એકત્વને બાધિત કરતા નથી, એ જ રીતે સત્ત્વના જીવ-અજીવ વગેરે ભેદો એના એકત્વને બાધિત કરતા નથી.* આ વચનોથી જણાય છે કે પરસંગ્રહનય 'સત્' રૂપે જીવ-અજીવ વગેરે બધાને એક કરે છે. જ્યારે નૈગમનય તો જ્યારે એક જીવને જાણે છે ત્યારે તેનો આદિનૈગમભેદ પણ તે એક અધિકૃત જીવની જ ત્રિકાળભાવી સર્વ અવસ્થાઓને (પર્યાયોને) જીવરૂપે એક

**अथ** चरम एवंभूतनयो घटो योषिन्मस्तकारूढः सन्यावत्कालं जलाहरणं करोति तावत्कालमेव तं घटं मन्यते, द्विचरमो नयः समभिरूढस्तु तत्पूर्वं पश्चादपि तं घटं मन्यते । ततश्चैवंभूतनयोऽध्रुवतमं वस्तु गृह्णातीति निश्चीयते । इत्थञ्च चरमनयस्याध्रुवतमवस्तुग्राहित्वं यत्पर्यवसितं तेनैतत् सिध्यति यत्प्रथमो नयो ध्रुवतमं वस्तु गृह्णातीति । ध्रुवतमं तु नैगम एव गृह्णातीति स एव प्रथम उपन्यस्य इति **चेत्? न,** एवमपि सङ्ग्रहस्यैव प्राथम्योचितेः । तथाहि-समभिरूढनयः कुम्भकलशादिभ्यो घटं पृथग् जानाति । चरम एवंभूतस्तु जलाहरणं कुर्वतो योषिन्मस्तकारूढाद् घटात् समभिरूढसंमतं तदकुर्वन्तं घटमप्यघटं मत्वा पृथक्करोतीति चरमस्यानेककरणे प्रबलतमत्वे सिद्धे य एककरणे प्रबलतमः स प्रथम इत्यपि सिध्यत्येव । एककरणे च नैगमापेक्षया सङ्ग्रह एवाधिकबलवान् । अयम्भावः- देवमनुष्यादिजीवसन्ताने घटादेरजीवसन्तानिनो न कदाचिदपि सम्भवः, जीव-पुद्गलादिद्रव्याणामितराप्रवेशित्वादिति नैगमेन

---

કરે છે, નહીં કે અન્ય જીવોની કે અજીવોની અવસ્થાઓને પણ. એટલે એકકરણ એવું દ્રવ્યલક્ષણ સંગ્રહનયમાં જેટલું વ્યાપક છે એટલું નૈગમનયમાં નથી. માટે દ્રવ્યાર્થિકનયોમાં સંગ્રહનયને જ પ્રથમ કહેવો જોઈએ.

**શંકા** - ચરમ એવંભૂતનય, ઘડો સ્ત્રીના મસ્તકે આરૂઢ થઈને જેટલો કાળ જળાહરણ કરે છે એટલા કાળ માટે જ એને ઘડો માને છે. દ્વિચરમ -સમભિરૂઢનય તો તેની આગળ-પાછળના કાળમાં પણ એને ઘડો માને છે. એટલે એવંભૂતનયનો વિષય અધ્રુવતમ છે એ જણાય છે. આમ ચરમનયનો વિષય જો અધ્રુવતમ છે તો એ સ્પષ્ટ છે કે પ્રથમનય એ જ હોઈ શકે જેનો વિષય ધ્રુવતમ હોય અને આવો ધ્રુવતમ વિષય તો નૈગમનો જ હોય છે. માટે એ જ પ્રથમ કહેવો જોઈએ.

**સમાધાન (પૂર્વપક્ષ)** - આ રીતે પણ સંગ્રહનયને પ્રથમ કહેવો જ ઉચિત છે. તે આ રીતે - સમભિરૂઢનય કુંભ-કળશ વગેરે કરતાં ઘડાને પૃથગ્ જાણે છે. ચરમ એવંભૂતનય તો જળાહરણ કરતા સ્ત્રીમસ્તકારૂઢ ઘડા કરતાં, સમભિરૂઢને માન્ય પણ જળાહરણાદિ નહીં કરતા એવા ઘડાને પણ ઘડા તરીકે નહીં સ્વીકારીને અલગ પાડી દે છે. આમ ચરમનય અનેક કરણમાં પ્રબળતમ સિદ્ધ થાય છે ને તેથી પ્રથમનય એ જ હોઈ શકે જે એકકરણમાં પ્રબળતમ હોય. અને એકકરણમાં તો નૈગમ કરતાં સંગ્રહનય અધિક બળવાન્ છે જ. આશય એ છે કે-દેવ-મનુષ્ય વગેરે રૂપ જીવના સંતાનમાં = પરંપરામાં ઘટાદિઅજીવ સંતાનીનો ક્યારેય પણ સંભવ હોતો નથી... (એટલે કે એ

देवादिरूपेण नाजीवसन्तानिनामेककरणम् । किञ्च जीवसन्तानिष्वपि तत्तज्जीवसन्तानिनामेवैक-करणं, न सर्वजीवसन्तानिनाम्। नैगमो हि चरमश्रीवर्धमानजिनतया नयसारमरीचिप्रमुखसन्तानिन एव गृह्णाति, न तु द्विचरमश्रीपार्श्वजिनादिसन्तानिनो न वा श्रीगौतमादिजीवसम्बन्धिसन्तानिनः । एवञ्च सङ्ग्रहस्यैव प्राबल्यं, नैगमेनैकसन्तानभाविनामेव सन्तानिनामेककरणात्, सदद्वैतवादिना परसङ्ग्रहेण सर्वसन्तानभाविनां सर्वसन्तानिनामेककरणादिति **वाच्यं,** तथापि द्रव्यार्थिकत्व-प्राबल्यान्नैगमस्य प्राथम्योचितेः ।

अयम्भावः नैगमस्य ध्रौव्यांशरूपे द्रव्यलक्षणेऽधिकविशेषव्यापकत्वं, सङ्ग्रहस्यैककरणरूपे द्रव्यलक्षण इति द्वयोस्तुल्यबलत्वं प्राप्तम्। तथापि ज्ञानिनो ध्रौव्यांशमेव द्रव्यस्य प्रधानं लक्षणं मन्यन्ते । तथाहि- यथा 'सद्'वस्तु उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं भवति, तथैव एकानेकमपि भवत्येव, सामान्यविशेषात्मकमपि भवत्येव। ततश्च गणधरैः 'भयवं किं तत्तं ?'

---

પરંપરામાં ક્રમશઃ જે જુદા જુદા પરિણામો-અવસ્થાઓ આકાર લે એમાં ઘડાનો નંબર અસંભવિત છે.), કારણ કે જીવ-પુદ્ગલ વગેરે દ્રવ્યો ઇતર અપ્રવેશી છે. એટલે નૈગમનય દેવાદિરૂપે અજીવ સંતાનીઓને એક કરી શકતો નથી. વળી જીવના જે સંતાનીઓ હોય એમાં પણ તે તે એક જીવના સંતાનીઓનું જ એ એકકરણ કરે છે, નહીં કે બધા જીવના સંતાનીઓનું. નૈગમનય ચરમશ્રી**વર્ધમાનજિન** તરીકે નયસાર-મરીચિ વગેરે સંતાનીઓનું જ ગ્રહણ કરે છે, નહીં કે દ્વિચરમ **શ્રીપાર્શ્વ** વગેરે પ્રભુના સંતાનીઓનું કે **શ્રીગૌતમાદિ** જીવસંબંધી સંતાનીઓનું. આમ, સંગ્રહનય જ પ્રબળ છે, કારણ કે નૈગમનય એક સંતાનમાં થનારા સંતાનીઓનું જ એકકરણ કરે છે. જ્યારે સદ્અદ્વૈતવાદી પરસંગ્રહનય સર્વસંતાનભાવી સર્વ સંતાનીઓનું એકકરણ કરે છે. માટે સંગ્રહનય જ પ્રથમ કહેવો જોઈએ.

**ઉત્તરપક્ષ** - તેમ છતાં દ્રવ્યાર્થિકત્વ પ્રબળ હોવાથી નૈગમને પ્રથમ કહેવો એ જ ઉચિત છે. આશય આ છે કે - ધ્રૌવ્યાંશરૂપ દ્રવ્યલક્ષણને વિચારીએ તો નૈગમનય અધિક વિશેષોમાં વ્યાપક છે. એકકરણરૂપ દ્રવ્યલક્ષણને વિચારીએ તો સંગ્રહનય અધિક વિશેષોમાં વ્યાપક છે. આમ બન્ને તુલ્યબળી બન્યા. તેમ છતાં, જ્ઞાનીઓ ધ્રૌવ્યાંશને જ દ્રવ્યનું પ્રધાન લક્ષણ માને છે. તે આ રીતે - સદ્વસ્તુ જેમ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત હોય છે એમ એકાનેક પણ હોય જ છે, સામાન્ય-વિશેષાત્મક પણ હોય જ છે. એટલે ગણધરદેવો વડે भयवं किं तत्तं ? એમ પૂછવા પર ભગવાન् एकं वाऽनेकं वा એવો અથવા सामान्यं वा विशेषो वा એવો કદાચ ઉત્તર આપત તો પણ કોઈ દોષ નહોતો, કારણ કે उप्पन्ने-

इति पृष्टे भगवता 'एकं वाऽनेकं वा' इति 'सामान्यं वा विशेषो वा' इति वा प्रत्युत्तरदाने न कोऽपि दोषः, 'उप्पन्नेइ वा' इत्यादिवाक्यत्रयेणेव सर्वेषां वस्तूनां क्रोडीकरणात्, न न दोष इत्येव, प्रत्युत लाघवलक्षणो गुणोऽपि, 'एकं वा' 'अनेकं वा' इति वाक्यद्वयस्यैव यद्वा 'सामान्यं वा' 'विशेषो वा' इति वाक्यद्वयस्यैवोच्चारणीयत्वात्। तथापि प्रभुणा 'उप्पन्नेइ वा' इत्यादिवाक्यत्रयमेव कथितम् । तदपि नैक एव कश्चित्तीर्थकृत्, सर्वेऽप्येतदेव मातृकाख्यं पदत्रयं वदन्ति । तदाह श्रीमान् **शान्त्याचार्य उत्तराध्ययनबृहद्वृत्तौ**- *ते हि तीर्थविधौ सर्वे मातृकाख्यं पदत्रयम् । उत्पत्ति-विगम-ध्रौव्यख्यापकं सम्प्रचक्षते ॥३०-५॥* इति । तथैव 'उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्' इत्यस्यापेक्ष्या 'एकानेकं सत्' इत्येवं यद्वा 'सामान्यविशेषात्मकं सत्' इत्येवं लक्षणप्रणयने लाघवस्य स्पष्टत्वेऽपि तत्त्वार्थसूत्रकारैर्लाघवकुशलैरपि *'उत्पाद-व्यय ध्रौव्ययुक्तं सत्'* इत्येव लक्षणं प्राणायि। ततश्च द्रव्यस्यैककरणलक्षणापेक्षया ध्रौव्यलक्षण-लक्षणमेव प्रधानतया सम्मतमिति निश्चीयत एव । तस्मिंश्च ध्रौव्यांशे सङ्ग्रहनयापेक्षया नैगम एव बलवानिति तूक्तमेवेति द्रव्यार्थिकेषु स प्रथमः ।

---

इ वा વગેરે ત્રણ વાક્યોની જેમ આ ઉત્તરોથી પણ બધી જ વસ્તુઓ સંકળાઈ જાય છે. 'કોઈ દોષ નથી...' એટલું જ નહીં, ઉપરથી લાઘવરૂપ ગુણ પણ એમાં રહેલો છે, કારણ કે उप्पन्नेइ वा વગેરે ત્રણ વાક્યોની જગ્યાએ एकं वा-अनेकं वा એવા બે વાક્યો જ અથવા सामान्यं वा विशेषो वा એવા બે વાક્યો જ બોલવાના રહે છે. તેમ છતાં, પ્રભુએ उप्पन्नेइ वा વગેરે ત્રણ વાક્યો જ કહ્યા છે. વળી, કોઈ એક તીર્થંકર જ નહીં, બધા જ તીર્થંકરદેવો આ જ માતૃકાખ્ય ત્રિપદીને કહે છે. શ્રીમાન્ **શાન્ત્યાચાર્યે શ્રી ઉત્તરાધ્યયનની બૃહદ્વૃત્તિમાં** કહ્યું છે કે-*તે બધા જ તીર્થંકરદેવો તીર્થસ્થાપનાના અવસરે ઉત્પત્તિ-વ્યય-અને ધ્રૌવ્યને જણાવનાર માતૃકાનામે ત્રિપદીને કહે છે. ॥30-5॥* એ જ રીતે 'उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्' એવા લક્ષણની અપેક્ષાએ एकानेकं सत् એવું કે 'सामान्यविशेषात्मकं सत्' એવું લક્ષણ બનાવવામાં લાઘવ હોવું સ્પષ્ટ હોવા છતાં લાઘવ કરવામાં કુશળ એવા તત્ત્વાર્થસૂત્રકાર **શ્રીઉમાસ્વાતિમહારાજે** उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत् એવું જ લક્ષણ બનાવ્યું છે. એટલે દ્રવ્યના એકકરણરૂપ લક્ષણ કરતાં ધ્રૌવ્યરૂપ લક્ષણ જ પ્રધાન તરીકે જ્ઞાનીઓને સંમત છે એમ નિશ્ચિત થાય છે જ. અને આ ધ્રૌવ્યાંશમાં તો સંગ્રહનયની અપેક્ષાએ નૈગમનય જ બળવાન્ છે એ વાત કહેવાઈ ગયેલી છે. માટે દ્રવ્યાર્થિકનયોમાં એ પ્રથમ છે.

**न च** ध्रौव्यांशेऽपि सङ्ग्रहनयो न निर्बलः, सदद्वैतवादिपरसङ्ग्रहनयविषयस्यानादिनिधनत्वसिद्धिसम्भवात्, 'सत्'त्वेन न किञ्चिदपि कदाचिदप्युत्पद्यते विनश्यति वेतीति **वाच्यं,** तद्विषयस्यानादिनिधनत्वसिद्धावपि त्वन्मनोरथस्यासिद्धेः । तदसिद्धावेतौ द्वौ हेतू ज्ञेयौ । तथाहि-(१) घट-प्रस्थक-नमस्कारादेः सर्वस्य सत्त्वेन व्यवहारस्य क्वचिदेव कदाचिदेव केनचिदेव तथाविधातिप्रविरलप्रयोजने सति क्रियमाणत्वाद् घटादेर्घट-प्रस्थक-नमस्कारत्वेन व्यवहरतोऽपरसङ्ग्रहस्यैव सङ्ग्रहनये प्रधानत्वम् । अत एव सम्पन्नो व्रीहिः, तदेवौषधं मया गृहीतं... इत्यादयोऽपरसङ्ग्रहनयानुसारिणो व्यवहारा यथा लोके भूयो दृश्यन्ते न तथा 'अयं सन्' इति परसङ्ग्रहनयानुसारी व्यवहारः । अपरसङ्ग्रहसम्मतस्य घटादेर्यावानवस्थानकालस्ततो नैगमसम्मतस्य घटादेरवस्थानकालः सुतरां दीर्घ एव, पिण्डादिकालस्यापि तत्रान्तर्भावादिति नैगमं एव ध्रौव्यांशे प्रबलः। (२)सत्त्वेन स्वविषयमनादिनिधनं मन्यमानस्यापि परसङ्ग्रहनयस्य बलं विशेषाणामेककरण एव, विशेषान् सङ्गृह्णातीति सङ्ग्रह इति व्युत्पत्तेः,

---

**પૂર્વપક્ષ** - ધ્રૌવ્યાંશમાં પણ સંગ્રહનય નિર્બળ નથી. કારણ કે સદ્અદ્વૈતવાદી પરસંગ્રહનયનો વિષય અનાદિનિધન હોવો સિદ્ધ થઈ શકે છે, તે પણ એટલા માટે કે સત્ તરીકે કોઈપણ વસ્તુ ક્યારેય પણ નથી ઉત્પન્ન થતી કે નથી નાશ પામતી.

**ઉત્તરપક્ષ** - એનો વિષય અનાદિનિધન હોવો સિદ્ધ થવા છતાં તમારો મનોરથ અસિદ્ધ જ રહે છે. તે અસિદ્ધ રહેવામાં નીચેના બે હેતુ જાણવા. (૧) ઘટ-પ્રસ્થક-નમસ્કારાદિ બધાનો સત્ તરીકે વ્યવહાર ક્યારેક જ ક્યાંક જ કોઈક જ એવું અતિપ્રવિરલ પ્રયોજન હોય તો કરે છે. એટલે ઘટાદિનો ઘટ-પ્રસ્થક-નમસ્કારાદિરૂપે વ્યવહાર કરનાર અપર સંગ્રહ જ વધુ ઉપયોગમાં આવતો હોવાથી સંગ્રહનયમાં પ્રધાન છે. એટલે જ सम्पन्नो व्रीहिः (દાણો તૈયાર થઈ ગયો) 'મેં પણ તે જ ઔષધ લીધું છે' વગેરે અપરસંગ્રહનયને અનુસરનારા વ્યવહારો લોકમાં જે રીતે ઘણીવાર જોવા મળે છે એ રીતે अयं सन्-अयं सन् એમ બધી વસ્તુઓનો પરસંગ્રહનયને અનુસરીને થતો સત્ તરીકેનો વ્યવહાર જોવા મળતો નથી. આ અપરસંગ્રહને ઘડો ઘડા તરીકે સંમત છે, નહીં કે સત્ તરીકે. અને ઘડા તરીકે તો અપરસંગ્રહને જેટલો અવસ્થાનકાળ માન્ય છે એના કરતાં નૈગમનયને માન્ય અવસ્થાનકાળ નિર્વિવાદ અધિક હોય છે, કારણ કે એમાં પિંડાદિનો કાળ પણ સમાવિષ્ટ છે. માટે ધ્રૌવ્યાંશમાં નૈગમ જ પ્રબળ છે. (૨) પોતાના વિષયને સત્ તરીકે અનાદિનિધન માનનાર પરસંગ્રહનયનું જોર પણ વિશેષોના એકકરણમાં જ હોય છે, કારણ કે વિશેષોનો સંગ્રહ કરે તે સંગ્રહનય એવી વ્યુત્પત્તિ છે. તથા

तत्र तत्र सर्वत्र सङ्ग्रहनयविषयप्रतिपक्षतया बहूनां विशेषाणामेव प्रतिपादनाच्च, न हि क्वचिदेकस्मिन्नप्यधिकारे प्रतिपक्षतया क्षणिकानामर्थानां प्रतिपादनं, सङ्ग्रहनयेन कृतं क्षणिकत्वनिरसनं वोपलभ्यते। अत एव श्रीमद्**वादिदेवसूरि**विरचिते **प्रमाणनयतत्त्वालोकालङ्कारे** तस्य **स्याद्वादरत्नाकराख्यायां** स्वोपज्ञव्याख्यायां चैवमधिकारः- *उदाहरन्ति-विश्वमेकं सदविशेषादिति यथा ॥७-१६॥ अस्मिन्नुक्ते हि सदितिज्ञानाभिधानानुवृत्तिलिङ्गानुमितसत्ता-कत्वेनैकत्वमशेषार्थानां संगृह्यते ॥१६॥* इति । अत्र मूलसूत्रं *विश्वमेकं...* इति प्रणीतं, न तु *विश्वं नित्यं, सदविशेषादिति...* इति । वृत्तावपि *'एकत्वमशेषार्थानां सङ्गृह्यते'* इत्युक्तं, न तु 'नित्यत्वमशेषार्थानां सङ्गृह्यते' इति । ततश्च सङ्ग्रहनयाभिप्राय एककरणांश एव न तु ध्रौव्यांश इति निःशङ्कम्। ततश्च ध्रौव्यांशग्राहिणो नैगमस्यैव प्रबलतरद्रव्यार्थिकत्वम् ।

अत एव **न्यायावतारवृत्ता**वद्वैतवादिनो वेदान्तिनो न शुद्धद्रव्यास्तिकत्वमुक्तं, किन्तु

---

શાસ્ત્રોમાં તે તે સ્થળે સંગ્રહનયના વિષયના પ્રતિપક્ષી વિષય તરીકે અનેક વિશેષોનું જ પ્રતિપાદન મળે છે, કોઈ એકાદ અધિકારમાં પણ એના પ્રતિપક્ષરૂપે ક્ષણિક પદાર્થોનું પ્રતિપાદન જોવા મળતું નથી, કે સંગ્રહનયે ક્ષણિકત્વનું ખંડન કર્યું હોય એવું જોવા મળતુ નથી. એટલે જ શ્રીમદ્ **વાદિદેવસૂરિ મહારાજે** રચેલા **પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર** ગ્રન્થમાં અને તેની **સ્યાદ્‌વાદરત્નાકર** નામની સ્વોપજ્ઞ વ્યાખ્યામાં નીચે મુજબનો અધિકાર મળે છે. *"ઉદાહરણ આપે છે-જેમ કે આખું વિશ્વ એક છે, કારણ કે સત્‌થી અલગ કશું નથી. ॥૭-૧૬॥"* તથા આની **વૃત્તિમાં** *"આ='સત્' એવું કહેતાંની સાથે જ અશેષ પદાર્થોનો એક તરીકે સંગ્રહ થઈ જાય છે, કારણ કે 'સત્' એવું જ્ઞાન કે 'સત્' એવું અભિધાન... આ બન્નેની સર્વ પદાર્થોમાં અનુવૃત્તિ હોય છે. એટલે આ અનુવૃત્તિ લિંગ બનીને એ સર્વ પદાર્થોમાં સત્તાની અનુમિતિ કરાવે છે અને આમ બધામાં સત્તા જણાવાથી બધા પદાર્થો 'સત્' તરીકે એકરૂપે સંગૃહીત થઈ જાય છે. ॥૧૬॥* આને વિચારીએ તો જણાય છે કે મૂળ સૂત્ર विश्वमेकं... વગેરે રૂપે કહ્યું છે, પણ "વિશ્વ નિત્ય છે, કારણ કે સત્‌થી અલગ નથી...' આવું સૂત્ર પ્રણયન કર્યું નથી. તથા વૃત્તિમાં પણ "અશેષ પદાર્થોનું એકત્વ સંગૃહીત થાય છે" એમ કહ્યું છે પણ 'અશેષ પદાર્થોનું નિત્યત્વ સંગૃહીત થાય છે.' એમ નથી કહ્યું. એટલે સંગ્રહનયનું જોર એકકરણ અંશમાં છે પણ ધ્રૌવ્યાંશમાં નથી એ વાત નિશ્ચિત છે. તેથી ધ્રૌવ્યાંશગ્રાહી નૈગમનય જ પ્રબળતર દ્રવ્યાર્થિક છે.

એટલે જ **ન્યાયાવતારની વૃત્તિમાં** અદ્વૈતવાદી વેદાન્તીને શુદ્ધદ્રવ્યાસ્તિક નથી કહ્યો,

ध्रौव्यवादिनः साङ्ख्यस्यैव तदुक्तम् । तथाहि- *तत्र कापिलं शुद्धद्रव्यास्तिकं, बौद्धं शुद्धपर्यायास्तिकं, शेषदर्शनानि शुद्धाशुद्धानीति। तत्र साङ्ख्यो ध्रौव्यमेव प्रतिपन्नवान्, न विधिविगमौ । तस्य हि न किञ्चिदुत्पद्यते नापि विनश्यति ।* इति (५६ कारिकावृत्तौ) । इत्थञ्च ध्रौव्यवादिनः साङ्ख्यस्य शुद्धद्रव्यास्तिकत्वे तत्प्रकृतिभूतस्य ध्रौव्यांशग्राहिणो नैगमस्यैव प्रबलतरद्रव्यार्थिकत्वेन प्राथम्यं निःशङ्कमेव । अत एव दिकूपटेन **देवसेनाचार्येण** द्रव्यार्थिकानां नयानां दशप्रकारनिरूपणावसर आदौ *तत्र द्रव्यार्थिको दशधा, आद्यः कर्मोपाधिनिरपेक्षः शुद्धद्रव्यार्थिकः, यथा संसारिजीवः सिद्धसदृशशुद्धात्मा ॥१॥ द्वितीय उत्पाद-व्ययगौणत्वेन सत्ताग्राहकः शुद्धद्रव्यार्थिकः, यथा द्रव्यं नित्यम् ॥२॥* इत्येवं नैगमनय एवोक्तः । नन्वत्रानयोर्द्वयोर्नैगमानुसारित्वं कथं सिध्येद् ? इत्थं-काष्ठं प्रस्थकतया पश्यन्नभिप्रायो नैगमनय एवेति भवतोऽपि संमतं, ततश्च संसारिणं जीवं सिद्धतया पश्यतोऽभिप्रायस्य नैगमत्वे का शङ्का ? तथा द्वितीयेऽपि सत्ताया ध्रौव्यस्येत्यर्थस्तेन तद्ग्राहकस्य नैगमत्वं निशङ्कमेवेति ।

---

પણ ધ્રૌવ્યવાદી સાંખ્યને જ કહ્યો છે. તે આ રીતે - *એમાં કાપિલ (=સાંખ્ય) દર્શન શુદ્ધદ્રવ્યાસ્તિક છે, બૌદ્ધ શુદ્ધપર્યાયાસ્તિક છે. બાકીના દર્શનો શુદ્ધ-અશુદ્ધ છે. એમાં સાંખ્યદર્શન ધ્રૌવ્ય જ માને છે, વિધિ-વિગમ નહીં. એના મતે કશું નથી ઉત્પન્ન થતું કે નથી નાશ પામતું. (૫૬મી કારિકાની વૃત્તિમાં)*. આ પ્રમાણે ધ્રૌવ્યને જણાવનાર સાંખ્યદર્શન શુદ્ધદ્રવ્યાર્થિક હોવાથી તેની મૂળપ્રકૃતિરૂપ ધ્રૌવ્યાંશગ્રાહી નૈગમનય જ પ્રબળતર દ્રવ્યાર્થિક હોવાથી પ્રથમ હોવો નિઃશંક છે.

એટલે જ દિગંબરાચાર્ય **દેવસેને** દ્રવ્યાર્થિકનયોના દસ પ્રકારોનું નિરૂપણ કરવાના અવસરે પહેલાં નૈગમનય જ કહ્યો છે. તે આ રીતે - *એમાં દ્રવ્યાર્થિક દશ પ્રકારે છે. પહેલો-કર્મોપાધિનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિક, જેમકે સંસારીજીવ સિદ્ધ જેવો શુદ્ધાત્મા છે. ॥૧॥ બીજો-ઉત્પાદ-વ્યયને ગૌણ કરીને સત્તાનો ગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિક, જેમકે દ્રવ્ય નિત્ય છે. ॥૨॥*

**પ્રશ્ન** - અહીં આ પ્રથમ બન્ને નયો નૈગમનય છે એમ શી રીતે સાબિત કરશો ?

**ઉત્તર** - આ રીતે. કાષ્ઠને પ્રસ્થકરૂપે જોનારો અભિપ્રાય નૈગમનય જ છે એ તો તમને પણ માન્ય છે. એટલે સંસારીજીવને સિદ્ધરૂપે જોનાર અભિપ્રાય નૈગમ હોવામાં શું શંકા ? તથા બીજા પ્રકારમાં પણ સત્તાનો-અર્થાત્ ધ્રૌવ્યનો ગ્રાહક અભિપ્રાય હોવાથી એ નૈગમરૂપ હોવામાં કોઈ શંકા નથી.

**ननु** येन केनापि प्रकारेण नैगमस्य प्राथम्यं साधनीयमिति भवता पूर्वमेव निर्णीतमिति मां प्रतिभाति, अत एव चैषः सर्वोऽपि तर्काडम्बरो भवता प्रपञ्चित इति **चेत् ? सत्यमेव,** कः किमाह? मा व्याकुलीभव, त्यज रोषं, न हि रोषेण तत्त्वनिर्णयो कदाचिदपि भवति । **ननु** किमर्थं वादात्पूर्वमेव भवता तथा निर्णीतमिति **चेत् ? शृणु**–सिद्धस्य गतिश्चिन्तनीयेति न्यायो भवतोऽपि प्रसिद्ध एव । प्रस्तुते प्रथमो नैगमः, तदनन्तरं सङ्ग्रहः, तदनन्तरं व्यवहारः... इत्यादि नयोपन्यासक्रमः शास्त्रसिद्ध एव, अत्र तत्र सर्वत्रानेनैव क्रमेण नयानां निरूपणस्य दृश्यमानत्वादित्येष क्रमः केनाप्युपायेन सङ्गमनीय इति मया पूर्वं निर्णीतमेव, तदर्थं चैतावान् तर्कविस्तरस्तथापि यदि तत्र कोऽपि कुतर्कस्तदा तं प्रकाशयतु भवान्, न हि तर्कप्रचुरे वादे तर्कशून्यस्य मिथ्याऽऽरोपस्य कोऽप्यवकाशः ।

यद्वा तुष्यतु भवान् । भवदभिप्रायतुल्येनैव केनचिदभिप्रायेण श्रीमताऽ**कलंकदेवेन लघीयस्त्रये** पूर्वं (द्वात्रिंशत्तमगाथातोऽष्टात्रिंशत्तमगाथां यावत्) सङ्ग्रहनयो निरूपितः, तदनन्तरं च नैगमनयः (एकोनचत्वारिंशत्तमगाथात एकचत्वारिंशत्तमगाथां यावत्) ।

---

**શંકા** - કોઈપણ રીતે નૈગમને પ્રથમ સાબિત કરવો એવો પહેલેથી તમે નિર્ણય કરી લીધો છે એવું મને લાગે છે, ને તેથી આ બધો તર્ક આડંબર તમે વિસ્તાર્યો છે.

**સમાધાન** - બિલકુલ સાચી વાત. આમાં મારે કશું કહેવાપણું છે જ નહીં. એટલે તું વ્યાકુળ ન થા... રોષને તિલાંજલિ આપ. કારણ કે રોષથી ક્યારેય પણ તત્ત્વનિર્ણય થતો નથી.

**શંકા** - પણ વિચાર - વિમર્શ કર્યા પૂર્વે જ આવો નિર્ણય કરી લેવાની શી જરૂર ?

**સમાધાન** - सिद्धस्य गतिश्चिन्तनीया ન્યાયને તું પણ જાણે જ છે. પ્રસ્તુતમાં પ્રથમ નૈગમનય, બીજો સંગ્રહનય... એ પછી વ્યવહારનય... વગેરે નયોનો ઉપન્યાસક્રમ શાસ્ત્રસિદ્ધ જ છે, કારણ કે શાસ્ત્રોમાં ઠેર ઠેર - લગભગ બધે જ આ જ ક્રમે નયોનું નિરૂપણ જોવા મળે છે. એટલે આ ક્રમ કોઈપણ ઉપાયે સંગત ઠેરવવો એવો મેં પહેલેથી નિર્ણય કરેલો છે ને માટે આ તર્કવિસ્તાર છે. તેમ છતાં આમાં કોઈ કુતર્ક હોય તો જણાવ, કારણ કે તર્કપ્રધાનવાદમાં તર્કશૂન્ય મિથ્યા આરોપને કોઈ સ્થાન હોતું નથી.

અથવા તો ભલે તું પણ ખુશ થા. તારા જેવા જ કોઈક અભિપ્રાયથી શ્રીમાન્ **અકલંકદેવે લઘીયસ્ત્રયગ્રન્થમાં** પહેલાં ૩૨મી ગાથાથી ૩૮મી ગાથા સુધી સંગ્રહનયનું નિરૂપણ કર્યું છે, અને તે પછી ૩૯મી ગાથાથી ૪૧મી ગાથા સુધી નૈગમનયનું નિરૂપણ કર્યું છે.

**ननु** सप्रसङ्गमत्रैकः प्रश्नः। 'उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्' इति सूत्रप्रणेतॄणां श्रीमता-**मुमास्वाति**वाचकवर्याणां भवता 'लाघवकुशलैः' इति विशेषणमुपात्तं, परन्त्वत्रैव सूत्रे लाघवं तु गुरूभूतमेव दृश्यते, 'नित्यानित्यं सत्' इति सूत्रप्रणयने लाघवात्, 'उत्पाद-व्यय-ध्रौव्य' इति त्रयाणां पदानां स्थाने 'नित्य-अनित्य' इति द्वयोरेव पदयोरुच्चार्यत्वादिति **चेत् ? न,** तत्रैव लाघवस्य गुरूभूतत्वात् । तथाहि - उत्पादादय आबाल-गोपालप्रसिद्धाः, पुनः पुनर्लोकव्यवहारे प्रयुज्यमानत्वात्। 'नित्यत्वं' तु न तथा, यस्य साक्षात् परम्परया वाऽल्पोऽपि शास्त्रपरिचयस्तेनैव क्वचित् कदाचित् सति प्रयोजने नित्यत्वस्य प्रतिपाद्यमानत्वात् । अत एव *'तद्भावाव्ययं नित्यं'* (तत्त्वा. ५/३०) इति नित्यलक्षणं कृतवद्भिर्वाचकवर्यैः 'प्रागभावा-प्रतियोगित्वे सति ध्वंसाप्रतियोगित्वं' इत्यादिरूपं नित्यलक्षणं कृतवद्भिश्चान्यैरपि न कुत्राप्युत्पाद-लक्षणं कृतं दृश्यते। ततश्च नित्यत्वकथनानन्तरं तल्लक्षणमपि कथनीयमेव स्यात्, तथा तत्कथनानन्तरं किं लक्षणं निर्दोषम् ? किं वा सदोषम् ? इत्यपि विचारणीयं स्यादेव, विविधानां नित्यलक्षणानां प्राप्यमाणत्वादिति दूरे लाघवस्य वार्ता, गौरवमेवापतितं स्यादिति ।

---

**શંકા** - અહીં સપ્રસંગ એક પ્રશ્ન છે. उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत् એ સૂત્રના પ્રણેતા શ્રીમાન્ ઉમાસ્વાતિવાચકવરનું તમે લાઘવકુશળ એવું વિશેષણ વાપર્યું છે. પરંતુ આ સૂત્રમાં લાઘવ તો ગૌરવ બની ગયેલું જણાય છે, કારણ કે नित्यानित्यं सत् એવું સૂત્ર બનાવવામાં જ લાઘવ છે. તે પણ એટલા માટે કે એમાં ઉત્પાદાદિ ત્રણ પદના સ્થાને 'નિત્ય' અને 'અનિત્ય' એમ બે જ પદ કહેવાના રહે છે.

**સમાધાન** - તમારી શંકા અસ્થાને છે. કારણ કે ખરેખર તો તમે કહો છો એવા સૂત્રમાં જ લાઘવ ગૌરવરૂપ બની રહે છે. તે આ રીતે-લોકવ્યવહારમાં વારંવાર બોલાતા હોવાથી ઉત્પાદ વગેરે તો આબાળગોપાળ પ્રસિદ્ધ છે. પણ નિત્યત્વ એવું નથી, કારણ કે જેને સાક્ષાત્ કે પરંપરાએ અલ્પપણ શાસ્ત્રપરિચય હોય તેવી જ વ્યક્તિ વડે ક્યાંક ક્યારેક એવા પ્રયોજને નિત્યત્વનો ઉલ્લેખ થાય છે. આ જ કારણ છે કે નિત્યનું तद्भावाव्ययं नित्यं એવું લક્ષણ કહેનાર વાચકવર શ્રીઉમાસ્વાતિ મહારાજે, કે પ્રાગભાવનો જે અપ્રતિયોગી હોય અને સાથે ધ્વંસનો પણ અપ્રતિયોગી હોય તે નિત્ય... આવું લક્ષણ કહેનાર અન્ય દર્શનીઓએ ક્યાંય ઉત્પાદનું લક્ષણ કહ્યું હોય એવું જોવા મળતું નથી. આમ નિત્યનું લક્ષણ જરૂરી છે, ઉત્પાદનું જરૂરી નથી... એ જણાવે છે કે ઉત્પાદ સામાન્ય લોકને પણ પરિચિત છે ને તેથી એમાં ઉપસ્થિતિકૃત લાઘવ છે. બાકી તો નિત્યત્વ જો કહ્યું હોય તો એ કહ્યા બાદ એનું લક્ષણ પણ કહેવું જ પડે, ને એ કહ્યા પછી કયું લક્ષણ નિર્દોષ છે ? કયું સદોષ છે ? એ પણ વિચારવું જ પડે, કારણ કે એના તો

इत्थञ्च द्रव्यार्थिकेषु ध्रौव्यांशग्राही नैगम एव यतो बलिष्ठः, अतः स एवादावुपन्यस्तः । तदनन्तरं चैककरणशीलः सङ्ग्रहो यतो व्यवहारापेक्षया बलीयान्, अतः स उपन्यस्तः, यद्वा सामान्यग्राहित्वसादृश्यान्नैगमानन्तरं स उपन्यस्तः । ननु व्यवहारापेक्षया सङ्ग्रहस्य बलीयस्त्वं कुतो हेतोः सिद्धम् ? एककरणशीलाद्धेतोरिति जानीहि। सङ्ग्रहनयो हि सर्वान् घटानेकघटतयैव गृह्णाति । व्यवहारस्तु तत्तद्घटं घटविशेषतयैव प्रतिजानीते, विशेषेष्वेवार्थक्रियाकारित्वस्य सम्मतत्वाल्लोकव्यवहारस्य विशेषेषु विश्रान्तत्वात् । विशेषाणां बहुत्वं तु प्रसिद्धमेवेति न व्यवहारनय एककरणरूपं द्रव्यलक्षणं वर्तते, सङ्ग्रहनये तु तद्वर्तत एवेति व्यवहारापेक्षया द्रव्यार्थिकत्वे सङ्ग्रहनयस्य बलीयस्त्वं सिद्धम् । एवञ्च द्रव्यार्थिकेषु प्रथमो नैगमः, द्वितीयः संग्रहः, तृतीयस्तु व्यवहार इति क्रमो न्यायोपपन्नः ॥१४॥ अथ यदि व्यवहारनये एककरणरूपं द्रव्यलक्षणं नास्ति, तदा तत्रानेकरणमेव प्रसक्तम् । अनेककरणं च गुण-पर्यायलक्षणं, न तु द्रव्यलक्षणम् । अत एव विशेषावश्यकभाष्यवृत्त्यादौ सामान्यं द्रव्यं,

---

વિવિધ લક્ષણો જોવા મળે છે. એટલે લાઘવ તો દૂર... મોટું ગૌરવ જ આવી પડે. માટે વાચકવરે કરેલું લક્ષણ જ લાઘવ ધરાવે છે ને તેથી તેઓશ્રીનું 'લાઘવકુશળ' વિશેષણ પણ સમુચિત છે.

આમ, દ્રવ્યાર્થિક નયોમાં ધ્રૌવ્યાંશગ્રાહી નૈગમ જ દ્રવ્યાર્થતાની દૃષ્ટિએ સૌથી બલિષ્ઠ છે ને તેથી એ પ્રથમ કહેવાયો છે. એ પછી એકકરણશીલ સંગ્રહનય વ્યવહારનયની અપેક્ષાએ બલીયસ્ છે, માટે એ કહેવાયો છે. અથવા સામાન્યગ્રાહિત્વરૂપ સાદૃશ્યના કારણે નૈગમનય પછી એ કહેવાયેલો છે.

**પ્રશ્ન** - વ્યવહારનયની અપેક્ષાએ સંગ્રહનય દ્રવ્યાર્થતામાં અધિક બળવાન્ છે એવું કયા હેતુથી સિદ્ધ કરશો ?

**ઉત્તર** - એકકરણશીલ **હેતુથી** એ સિદ્ધ થાય છે. સંગ્રહનય બધા જ ઘડાઓને એક ઘડારૂપે જુએ છે. જ્યારે વ્યવહારનય તે તે ઘડાને ઘટવિશેષરૂપે જ જુએ છે, કારણ કે વિશેષમાં જ અર્થક્રિયાકારિત્વ સંમત હોવાના કારણે લોકવ્યવહાર વિશેષોનો જ થાય છે. અને વિશેષ તો ઘણા હોવા પ્રસિદ્ધ છે જ, માટે વ્યવહારનયમાં એકકરણાત્મક દ્રવ્યલક્ષણ રહ્યું નથી, સંગ્રહનયમાં તો તે રહ્યું જ છે. એટલે દ્રવ્યાર્થતામાં વ્યવહારની અપેક્ષાએ સંગ્રહનય બળવાન્ સિદ્ધ થાય છે. આમ દ્રવ્યાર્થિકનયોમાં પ્રથમ નૈગમ, બીજો સંગ્રહ અને ત્રીજો વ્યવહારનય એ ક્રમ સંગત થઈ ગયો. ॥૧૪॥ **શંકા** - જો વ્યવહારનયમાં એકકરણાત્મક દ્રવ્યલક્ષણ નથી, તો તેમાં અનેકકરણ જ આવી પડશે અને અનેકકરણ

विशेषाश्च पर्याया इति विवृतमप्युपलभ्यत एव । तथाहि-(गाथा २१९३वृत्तौ) *नन्वेवं सति यत् सामान्यं तद्द्रव्यं, विशेषास्तु पर्यायाः, ततो द्रव्य-पर्यायास्तिकनयद्वयमतावलम्बित्वात् सम्यग्दृष्टिरेवायं नैगमनयः, जैनसाधुवत्।* इति। यद्यप्ययं पूर्वपक्षग्रन्थस्तथापि तयोर्द्रव्य-पर्यायत्वं वृत्तिकारैर्यतो न निराकृतमतस्तेषामपि संमतमिति ज्ञायत एव । ततश्च व्यवहारनयस्य पर्यायार्थिकत्वमेव स्यादिति शङ्कामपनेतुं नयानां द्रव्यार्थिक-पर्यायार्थिकविभागमुपदर्शयत्यादिमेति।

**यद्वा,** ननु द्रव्यार्थिकेषु नैगम-सङ्ग्रह-व्यवहाराणां क्रमोपन्यास उपपादितः, ऋजुसूत्रस्य किमिति नोपपादितः? तस्यापि द्रव्यार्थिकत्वात्। भाष्यसुधाम्भोनिधयः **श्रीजिनभद्रगणिक्षमाश्रमणास्तस्य** द्रव्यार्थिकत्वमुक्तवन्त इति तु प्रसिद्धमेव । एवं सत्यपि तदनुपादाने भवतां किं तत्रास्वरसोद्भावनमेव प्रयोजनम् ? इत्याक्षेपमसहमानो नैगमादीनां द्रव्यार्थिकत्वादिविभागं स्पष्टीकुर्वन्नाह –

**आदिमचरमाणां हि द्रव्यपर्यायता मता ।**
**त्रयाणामृजुसूत्रस्योभयत्वमिति मे मतिः ॥१५॥**

તો ગુણ-પર્યાયનું લક્ષણ છે, નહીં કે દ્રવ્યનું. એટલે જ **વિશેષાવશ્યકભાષ્યની** વૃત્તિ વગેરેમાં સામાન્ય એ દ્રવ્ય છે અને વિશેષ એ પર્યાય છે એવું વિવરણ જોવા પણ મળે જ છે. તે આ રીતે - (ગાથા ૨૧૯૩ ની વૃત્તિમાં) *શંકા - આ રીતે તો જે સામાન્ય છે તે દ્રવ્ય છે અને વિશેષો એ પર્યાય છે. તેથી દ્રવ્યાસ્તિક-પર્યાયાસ્તિક બન્ને નયને જોનાર હોવાથી આ નૈગમનય જૈનસાધુની જેમ સમ્યગ્દૃષ્ટિ જ બની જશે.* જો કે આ પૂર્વપક્ષગ્રન્થ છે, છતાં સામાન્ય-વિશેષની દ્રવ્ય-પર્યાયતાને ઉત્તરપક્ષગ્રન્થમાં નકારી નથી, માટે એ સંમત હોવી જણાય છે. એટલે વ્યવહારનય પર્યાયાર્થિક જ બની જશે. આવી શંકાને દૂર કરવા માટે નયોના દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક વિભાગને દર્શાવે છે -

**અથવા,** દ્રવ્યાર્થિકનયોમાં નૈગમ-સંગ્રહ-વ્યવહારનયનો ક્રમ સંગત ઠેરવ્યો, તો ઋજુસૂત્રનો કેમ સંગત કરી ન દેખાડ્યો ? એ પણ દ્રવ્યાર્થિક છે જ. ભાષ્યસુધામ્ભોનિધિ **જિનભદ્રગણિક્ષમાશ્રમણે** એનું દ્રવ્યાર્થિકત્વ કહેલું છે એ તો પ્રસિદ્ધ જ છે. તેમ છતાં તમે એનો ઉલ્લેખ નથી કરતાં તો એમાં અસ્વરસ દર્શાવવાનું જ શું તમારું પ્રયોજન છે? આવા આક્ષેપને સહી ન શકનાર ગ્રન્થકાર નૈગમાદિનયોનો દ્રવ્યાર્થિકત્વ વગેરે વિભાગ સ્પષ્ટ કરતાં કહે છે -

**ગાથાર્થ :** પ્રથમ અને ચરમ ત્રણ-ત્રણ નયોની દ્રવ્યાર્થતા અને પર્યાયાર્થતા માન્ય છે. ઋજુસૂત્રનયની ઉભયતા માન્ય છે, આવી મારી મતિ છે.

आदिमचरमाणां त्रयाणां हि द्रव्यपर्यायता मता, ऋजुसूत्रस्योभयत्वं(मतं) इति मे मतिः (=इति मदभिप्राय इत्यर्थः) इत्यत्रान्वयः। आदिमाश्च चरमाश्च आदिमचरमाः, द्रव्यं च पर्यायश्च द्रव्यपर्यायौ, तयोर्भावः द्रव्यपर्यायतेत्यत्र समासविग्रहः, भीमो भीमसेन इति न्यायाद् द्रव्यता=द्रव्यार्थिकता, पर्यायता=पर्यायार्थिकता इत्यर्थो ज्ञेयः, हिरेवकारार्थे । ततश्च आदिमानां त्रयाणां=नैगम-सङ्ग्रह-व्यवहाराणां नयानां द्रव्यार्थिकत्वमेव ज्ञेयम्, चरमाणां त्रयाणां= शब्द-समभिरूढ-एवंभूतानां नयानां पर्यायार्थिकत्वमेव ज्ञेयम् । ऋजुसूत्रस्योभयत्वमेव = द्रव्यार्थिकत्वं पर्यायार्थिकत्वमेव च ज्ञेयमिति मे मतिः=मदभिप्राय इत्यर्थः। ननु 'मे मति'रिति कोऽर्थः ? अयमर्थः श्रीमतां **जिनभद्रगणिक्ष**माश्रमणप्रमुखानां सिद्धान्तिनामृजुसूत्रो द्रव्यार्थिक एव, श्रीमतां **सिद्धसेनदिवाकर**सूरिमुख्यानां तार्किकाणां स पर्यायार्थिक एव । न च तयोरेकोऽप्यस्माकमनाप्त इति ऋजुसूत्रस्योभयत्वमस्माकं संमतमिति संक्षेपार्थः ।

विस्तरार्थस्त्वेवं-द्रव्यस्य त्रयोऽशाः कथिताः। *'उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सदि'*त्यत्रोत्पादव्ययौ वस्तुनः पर्यायांशं ख्यापयतः, ध्रौव्यं च द्रव्यांशम् । एतद् ध्रौव्यमेवोर्ध्वतासामान्यं

---

**વિવેચન :** અહીં 'આદિમ' 'ચરમ' શબ્દનો તથા 'દ્રવ્ય'-'પર્યાય' શબ્દનો ઇતરેતરદ્વન્દ્વ સમાસ છે. વળી भीमो भीमसेनः ન્યાયે द्रव्यता=द्रव्यार्थिकता અને पर्यायता=पर्यायार्थिकता અર્થ લેવાનો છે. 'હિ' જકાર અર્થમાં છે. એટલે, પ્રથમ ત્રણ=નૈગમ-સંગ્રહ-વ્યવહારનયો દ્રવ્યાર્થિક જ છે. ચરમ ત્રણ=શબ્દ-સમભિરૂઢ અને એવંભૂતનયો પર્યાયાર્થિક જ છે. ઋજુસૂત્રનય ઉભય છે = દ્રવ્યાર્થિક પણ છે ને પર્યાયાર્થિક પણ છે જ... આવો મારો અભિપ્રાય છે.

**પ્રશ્ન :** 'મારો અભિપ્રાય છે' એટલે શું ?

**ઉત્તર :** શ્રીમાન્ **જિનભદ્રગણિક્ષ**માશ્રમણ વગેરે સૈદ્ધાન્તિક વિદ્વાનો ઋજુસૂત્રને દ્રવ્યાર્થિક જ કહે છે. શ્રીમાન્ **સિદ્ધસેનદિવાકરસૂરિ** વગેરે તાર્કિક વિદ્વાનો એને પર્યાયાર્થિક જ કહે છે. આ બન્નેમાંથી કોઈ જ આપણને અનાપ્ત નથી. માટે ઋજુસૂત્ર દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક ઉભય છે એવું અમને માન્ય છે. આ સંક્ષેપાર્થ છે.

વિસ્તરાર્થ આવો જાણવો - દ્રવ્યના ત્રણ અંશો કહેલા છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્... આમાં ઉત્પાદ અને વ્યય વસ્તુના પર્યાયાંશને જણાવે છે. જ્યારે ધ્રૌવ્ય એ દ્રવ્યાંશને જણાવે છે. આ ધ્રૌવ્ય જ ઊર્ધ્વતાસામાન્યને પણ સૂચવે છે, કારણ કે પિંડ-શિવક વગેરે વિશેષોમાં ઊર્ધ્વતાસામાન્ય જ ધ્રુવ હોય છે. એટલે ઊર્ધ્વતાસામાન્ય એ એક દ્રવ્યાંશ છે.

सूचयति, पिण्ड-शिवकादिविशेषेषूर्ध्वतासामान्यस्य ध्रुवत्वात्। ततश्चोर्ध्वतासामान्यमेको द्रव्यांशः।

'सामान्य-विशेषात्मकं सद्' इत्यत्र सामान्यस्य द्रव्यत्वाद् विशेषाणां च पर्यायत्वात् सामान्यं द्वितीयो द्रव्यांश इति प्राप्यते । किञ्चात्र विशेषतया तत्तद्व्यक्तिविशेषाणामभिप्रेतत्वात् सामान्यतया तिर्यक्सामान्यं प्राप्यते, तत्तद्घटविशेषेषु तिर्यक्सामान्यस्यैवान्वयित्वादिति। यद्वोर्ध्वतासामान्यस्य प्रथमद्रव्यांशतयाऽवशिष्टं तिर्यक्सामान्यमत्र द्वितीयद्रव्यांशतया प्राप्यते । तस्मात् तिर्यक्सामान्यं द्वितीयो द्रव्यांशः ।

'एकानेकं सद्' इत्यत्रैकं द्रव्यं भवति, अनेके च गुण-पर्यायाः । तत्रापि 'गुण-पर्यायवद् द्रव्यम्' इति सूत्रेण द्रव्यमाधारतया गुण-पर्यायाश्चाधेयतया प्राप्यन्ते । भवन्ति ह्येकस्मिन् घटादिलक्षण आधारे वर्ण-गन्ध-रसादयोऽनेक आधेयाः । ततश्च आधारस्तृतीय-द्रव्यांशतया प्राप्यते ।

एतेभ्यस्त्रिभ्योंऽशेभ्य एकैकस्यांशस्य ग्राहक एकैको नयः । तत्रोर्ध्वतासामान्यलक्षणस्य प्रथमद्रव्यांशस्य ग्राहको नैगमनयः । तिर्यक्सामान्यलक्षणस्य द्वितीयस्य द्रव्यांशस्य ग्राहकः सङ्ग्रहनयः । आधारलक्षणस्य तृतीयस्य द्रव्यांशस्य ग्राहको व्यवहारनयः । एते त्रयोऽपि यतो द्रव्यांशमेव गृह्णन्ति ततो द्रव्यार्थिका एवेति स्पष्टम् ।

अथावतरणिकायामाशङ्कितं व्यवहारनयस्य पर्यायार्थिकत्वं निराकरणीयम् । तच्चैवं-

---

સામાન્ય-વિશેષાત્મકં સત્... આમાં સામાન્ય એ દ્રવ્ય છે અને વિશેષો પર્યાય છે. માટે સામાન્ય એ બીજા દ્રવ્યાંશ તરીકે મળે છે. વળી અહીં વિશેષ તરીકે તે તે વિશેષ વ્યક્તિ અભિપ્રેત હોવાથી સામાન્ય તરીકે તિર્યક્સામાન્ય મળે છે, કારણ કે તે તે ઘટ વ્યક્તિમાં તિર્યક્સામાન્ય જ અન્વયી હોય છે. અથવા ઊર્ધ્વતાસામાન્ય પ્રથમદ્રવ્યાંશ તરીકે આવી ગયેલ છે, માટે અહીં તિર્યક્સામાન્ય આ બીજા દ્રવ્યાંશ તરીકે મળે છે.

એકાનેકં સત્... અહીં એક દ્રવ્ય હોય છે અને અનેક ગુણ-પર્યાય હોય છે. તેમાં પણ गुण-पर्यायवद् द्रव्यम् એવા સૂત્રથી દ્રવ્ય આધારરૂપે અને ગુણ-પર્યાયો આધેયરૂપે મળે છે. ઘટાદિરૂપ એક આધારમાં વર્ણ-ગંધ-રસ વગેરે અનેક આધેયો હોય છે જ. એટલે આધાર એ ત્રીજા દ્રવ્યાંશ તરીકે મળે છે.

આ ત્રણે અંશમાંથી એક-એક અંશનો ગ્રાહક એક-એક નય છે. એમાં ઊર્ધ્વતા-સામાન્યરૂપ પ્રથમદ્રવ્યાંશનો ગ્રાહક નૈગમનય છે. તિર્યક્સામાન્યરૂપ બીજા દ્રવ્યાંશનો ગ્રાહક સંગ્રહનય છે અને આધારાત્મક ત્રીજા દ્રવ્યાંશનો ગ્રાહક વ્યવહારનય છે. આમ આ ત્રણે નયો દ્રવ્યાંશનું જ ગ્રહણ કરે છે, માટે આ ત્રણે નય દ્રવ્યાર્થિક જ છે.

नैगमनयो घटादिकमूर्ध्वतासामान्यरूपेण गृह्णाति । तत्र घट एवोर्ध्वतासामान्यम् । अर्थान्नैगमनयस्य घट ऊर्ध्वतासामान्यरूप एव । तच्चोर्ध्वतासामान्यं यथा घटे वर्तते तथैव पिण्डादिष्वपि वर्तत एव । अतो नैगमस्य पिण्डादयोऽपि घट एव ।

सङ्ग्रहनयो घटादिकं तिर्यक्सामान्यरूपेण गृह्णाति । तत्र घट एव तिर्यक्सामान्यम् । अर्थात् सङ्ग्रहनयस्य घटस्तिर्यक्सामान्यरूप एव । तच्च तिर्यक्सामान्यं यथैकस्मिन् घटे वर्तते तथैव सर्वेषु घटेषु वर्तत एव । अतः सङ्ग्रहस्य सर्वेऽपि घटा घट एव ।

व्यवहारनयो घटादिकं विशेषरूपेण गृह्णाति । तत्र विषयभूतो घट एवोर्ध्वतासामान्यप्रतिपक्षिविशेषरूपः स एव च तिर्यक्सामान्यप्रतिपक्षिविशेषरूपश्च । अर्थात् व्यवहारनयस्य घटः पिण्डशिवकाद्यन्यघटादिभिन्नविशेषरूप एव । ततश्च नैगमनयो यान् पिण्ड-शिवकादिविशेषान् घटतयैककरोति तान् व्यवहारनयः पिण्ड-शिवक-घटादितया पृथक्करोति । एवमेव सङ्ग्रहनयो यान् घटविशेषान् घटतयैककरोति तान् व्यवहारनयस्तत्तद्घटतया पृथक्करोति । एतदेव तस्यानेककरणमिति कुतस्तस्य पर्यायार्थिकनयत्वगंधोऽपि ?

---

હવે, વ્યવહારનય પર્યાયાર્થિક છે એવી આશંકા અવતરણિકામાં જે કરેલી હતી તેનું નિરાકરણ કરવાનું છે. તે આ રીતે-નૈગમનય ઘટાદિને ઊર્ધ્વતાસામાન્યરૂપે જુએ છે. એ ઘટ એ જ ઊર્ધ્વતાસામાન્ય છે. એટલે કે નૈગમમતે ઘડો ઊર્ધ્વતાસામાન્યરૂપ જ છે અને એ ઊર્ધ્વતાસામાન્ય જેમ ઘડામાં છે એમ પિંડાદિમાં પણ છે જ. માટે નૈગમનયને પિંડાદિ પણ ઘડો જ છે.

સંગ્રહનય ઘટાદિને તિર્યક્સામાન્યરૂપે જુએ છે. એમાં ઘડો જ તિર્યક્સામાન્ય છે. એટલે કે સંગ્રહનયે ઘડો તિર્યક્સામાન્યરૂપ જ છે. અને એ તિર્યક્સામાન્ય જેમ એક ઘડામાં રહ્યું હોય છે એમ બધા ઘડામાં રહ્યું જ હોય છે. માટે સંગ્રહનયને બધા જ ઘડા 'ઘડો' જ છે.

વ્યવહારનય ઘટાદિને વિશેષરૂપે જુએ છે. એમાં, વિષયભૂત ઘડો જ ઊર્ધ્વતાસામાન્યના પ્રતિપક્ષીવિશેષરૂપ છે અને એ જ તિર્યક્સામાન્યના પ્રતિપક્ષી વિશેષ રૂપ છે. અર્થાત્ વ્યવહારનયે ઘડો પિંડ-શિવકાદિથી કે અન્ય ઘટાદિથી ભિન્ન વિશેષરૂપ જ છે. એટલે નૈગમનય જે પિંડ-શિવકાદિવિશેષોને ઘડારૂપે એક કરે છે તેને વ્યવહારનય પિંડ-શિવક-ઘટાદિરૂપે અલગ પાડે છે. એ જ રીતે સંગ્રહનય જે વિશેષ ઘડાઓને ઘડારૂપે એક કરે છે તેને વ્યવહારનય તે તે ઘડારૂપે અલગ કરે છે. આ જ એનું અનેકકરણ છે, પછી એ પર્યાયાર્થિકનય બની જાય એવી ગંધ પણ ક્યાં ? આશય આ છે કે - એક જ

अयम्भावः - एकस्यैव घटस्य रूपघटः(=रूपात्मको घटः) रसघटो, गन्धघटः स्पर्शघट इत्यादिरूपेण यदनेककरणं तदेव गुण-पर्यायलक्षणम् । न हि व्यवहारनये एतादृगनेककरणं वर्तते । स तु पिण्ड-शिवकादिविशेषाननेकान् नैगमेनैककृतान् पृथक्पृथग् गृहीत्वाऽनेकान् करोति, एवं तत्तद्घटविशेषाननेकान् सङ्ग्रहेणैककृतान् पृथक्पृथग् गृहीत्वाऽनेकान् करोतीति । ततश्च घटमेव गृह्णानौ नैगमसङ्ग्रहनयौ यथा द्रव्यार्थिकौ तथैव घटमेव विशेषतया गृह्णन् व्यवहारनयोऽपि द्रव्यार्थिक एव, द्रव्यस्यैव ग्राहकत्वाद् ।

यद्यपि रूप-रसादिविशेषा अपि घटं विशेषयत्येवेति नीलघटाद्रक्तघटो भिन्न एव, तथापि व्यवहारनयो यतस्तेषां रूप-रसादीनामाधारं घटमेव नीलघटादितया गृह्णात्यतः स द्रव्यार्थिक एव। अत एव नीलवर्णाद्रक्तवर्णस्य भिन्नत्वेऽपि व्यवहारनयो नीलघटाद्रक्तघटं भिन्नं न मन्यते, नीलघटो रक्तीभूत इति व्यवहरति च । अथ पूर्वं नैगम-सङ्ग्रहनययोर्यदेककरणं द्रव्यलक्षणतयोक्तं तत्पिण्डशिवकादीनामेव तत्तद्घटादीनामेव वेति तेषामनेककरणमपि पर्यायलक्षणतया प्राप्यत एवेति **चेद्?** एवमपि पिण्ड-शिवकादिरूपास्तत्तद्घटादिरूपा वा ये

---

ઘડાનું રૂપઘટ (=રૂપાત્મક ઘટ), રસઘટ, ગંધઘટ, સ્પર્શઘટ વગેરે રૂપ જે અનેકકરણ છે તે જ ગુણ-પર્યાયનું લક્ષણ છે. વ્યવહારનયમાં કાંઈ આવું અનેકકરણ નથી. એ તો પિંડ-શિવકાદિ અનેકવિશેષો કે જેને નૈગમનયે એક કરી નાખ્યા છે, તેને પૃથક્ પૃથક્ જાણીને અનેક કરે છે. એટલે ઘડાને જ જોનાર નૈગમ-સંગ્રહનય જેમ દ્રવ્યાર્થિક છે તેમ ઘડાને જ વિશેષરૂપે જોનાર વ્યવહારનય પણ દ્રવ્યાર્થિક જ છે, કારણ કે છેવટે દ્રવ્યનો જ ગ્રાહક છે.

જો કે રૂપ-રસાદિવિશેષો પણ ઘટને વિશેષિત કરે જ છે, ને તેથી નીલઘટ કરતાં રક્તઘટ જુદો જ છે. તેમ છતાં વ્યવહારનય તે રૂપ-રસાદિના આધારરૂપ ઘડાને જ નીલઘટ વગેરે રૂપે જુએ છે ને માટે એ દ્રવ્યાર્થિક જ છે. એટલે જ, નીલવર્ણથી રક્તવર્ણ ભિન્ન હોવા છતાં વ્યવહારનય નીલઘટથી રક્તઘટને જુદો માનતો નથી, અને 'નીલઘટ (પાક આપવાથી) રક્તઘટ બની ગયો' એવો વ્યવહાર કરે છે.

**શંકા** - પહેલા નૈગમ-સંગ્રહનયનું જે એકકરણ દ્રવ્યના લક્ષણ તરીકે કહેલું તે પિંડ-શિવકાદિનું એકકરણ જ, કે તે તે ઘટાદિનું એકકરણ જ. એટલે તેઓનું અનેકકરણ પર્યાયના લક્ષણ તરીકે મળે જ. તો વ્યવહારનય પર્યાયાર્થિક કેમ નહીં ?

**સમાધાન** - તો પણ પિંડ-શિવકાદિરૂપ કે તે તે ઘટાદિરૂપ જે આદિષ્ટદ્રવ્યાત્મક પર્યાયો તેનું જ ગ્રહણ કરનારો હોવાથી વ્યવહારનય દ્રવ્યાર્થિક છે. કહેવાનો ભાવ આ

आदिष्टद्रव्यात्मका पर्यायास्तेषामेव ग्राहकत्वाद् व्यवहारनयो द्रव्यार्थिक एव । **अयम्भावः** - पिण्ड-शिवकादयस्तद्घटादयो वा रूपादिगुणानामाधार एव, न तु रूपादिवदाधेय इत्याधारांशद्रव्यग्राहितया व्यवहारो द्रव्यार्थिकः। अत एव व्यवहारनयस्तृषाशमनस्य कारणतया नैर्मल्य-माधुर्यादेराधारभूतं जलमेव वक्ति, न तु नैर्मल्य-माधुर्यादिगुणरूपमाधेयम् । किञ्चोपचारबहुलतयाऽपि व्यवहारो द्रव्यार्थिकः । न हि पर्यायार्थिका उपचारं मन्यन्ते, अत एव च ते शुद्धा उच्यन्ते। तथाऽत एव द्रव्यार्थिकानां गुणा गौणा एव। किञ्च ते द्रव्येण सहाभेदाद् मिथोऽप्यभिन्ना एव। रूपं घटाभिन्नं, रसोऽपि घटाभिन्नः। ततश्च रसो रूपाभिन्नः, रूपाभिन्नघटाभिन्नत्वादिति सिद्धं रूपरसयोरेकत्वम् । एवमेव गन्धादीनां ज्ञेयम् । ततश्च यथा नैगम-सङ्ग्रहौ रूप-रसादीन् एकं कुरुतस्तथैव व्यवहारोऽपि करोत्येवेति सोऽप्येक-करणलक्षणाद् द्रव्यार्थिक एव ।

**ननु** यद्येवं व्यवहारनयो रूप-रसादीनेकरोति, तर्हि तस्यापि 'रूप-रसादीन् सङ्गृह्णातीति सङ्ग्रहः' इति व्युत्पत्त्या 'सङ्ग्रहः' इत्येव नाम कर्तव्यमिति **चेत् ? न,** नामादिशब्दप्रयोगे प्रवृत्तिनिमित्तस्योपयोगित्वात् । अन्यथा पङ्के जातानां कीटकादीनामपि 'पङ्कज'संज्ञाकरणापत्तिः ।

---

છે કે - પિંડ-શિવકાદિ કે તે તે ઘટાદિ રૂપાદિગુણોના આધાર જ છે, નહીં કે રૂપાદિની જેમ આધેય. એટલે આધારાંશ દ્રવ્યનો ગ્રાહક હોવાથી વ્યવહારનય દ્રવ્યાર્થિક છે. એટલે જ વ્યવહારનય તૃષાશમનના કારણ તરીકે નિર્મળતા, મધુરતા વગેરે ગુણરૂપ આધેયને નથી કહેતો, પણ એ ગુણોના આધારરૂપ જળને જ કહે છે. તથા ઉપચારબહુલ હોવાના કારણે પણ વ્યવહારનય દ્રવ્યાર્થિક હોવો જણાય છે. પર્યાયાર્થિકનયો કાંઈ ઉપચારને માનતા નથી અને તેથી જ તેઓ શુદ્ધ કહેવાય છે. વળી એટલે જ દ્રવ્યાર્થિકનયોને ગુણો ગૌણ જ હોય છે. તથા ગુણોનો દ્રવ્યની સાથે અભેદ હોવાથી પરસ્પર પણ અભેદ જ હોય છે. રૂપ ઘટથી અભિન્ન છે, રસ પણ અભિન્ન છે. તેથી રસ રૂપથી અભિન્ન હોય છે, કારણ કે રૂપથી અભિન્ન એવા ઘડાથી એ અભિન્ન છે. આવા અનુમાનથી રૂપ અને રસનો અભેદ સિદ્ધ થાય છે. એ જ રીતે ગંધાદિનો અભેદ પણ જાણવો. એટલે જેમ નૈગમસંગ્રહનય રૂપ-રસાદિને એક કરે છે તેમ વ્યવહારનય પણ કરે જ છે. માટે તે પણ એકકરણલક્ષણથી દ્રવ્યાર્થિક જ છે.

**શંકા :** જો આ રીતે વ્યવહારનય રૂપ-રસાદિને એક કરે છે તો તેનું પણ 'રૂપ-રસાદિનો સંગ્રહ કરે તે સંગ્રહનય' એવી વ્યુત્પત્તિથી 'સંગ્રહનય' નામ રાખવું જોઈએ.

**સમાધાન :** નામાદિનો પ્રયોગ કરવામાં પ્રવૃત્તિનિમિત્ત જોવાતું હોવાથી તમારી

किञ्च व्यवहारनयस्य द्रव्यार्थिकतया रूप-रसादयो न मुख्यतया विषय इति गौणीभूतानां तेषां सङ्ग्रहोऽपि न मुख्यः। किञ्च यान् रूपरसादीन् स सङ्गृह्णाति, ते न कदाचिदपि पृथगुपलभ्यन्तेऽर्थात्ते मिथः कथञ्चिदभिन्ना एवेत्यतोऽपि तेषां सङ्ग्रहो न मुख्यः ।

**नन्वपूर्वो**ऽयं न्यायो यदेकीकृतानां रूपादीनां गौणविषयतया नये सङ्ग्रत्वं न संमतं, द्रव्यार्थिकत्वं तु संमतमेवेति **चेत्? न,** न्यायस्यापूर्वत्वाभावात्। **अयमाशयः**-गुणनमनेककरण-मिति यद्गुणपर्यायलक्षणं तत्रैकस्यैव घटस्य रूपघटो रसघट इत्यादिलक्षणमनेककरणं यतोऽभिप्रेतमतो द्रव्यलक्षणतयाऽपि तेषामेवैककरणं प्राप्यते। अतो गौणविषयाणामपि रूपादी-नामेककरणेन नयस्य द्रव्यार्थिकत्वं संमतम्, परन्तु संग्रहत्वं त्वनेकेषां घटव्यक्तीनामेककरणादेव यतः संमतमतो रूपादीनामेककरणेऽपि न व्यवहारस्य संग्रहनयत्वं संमतमिति ।

अथ नैगमः स्वविषयतया मुख्यानामेव पिण्डादीनां सङ्ग्रहं करोतीति तस्य 'सङ्ग्रहः' इति नाम कर्तव्यमेवेति **चेत् ? न,** प्रवृत्तिनिमित्ताभावात् । किञ्च परः सङ्ग्रहो यथा

---

શંકા બરાબર નથી. નહીંતર તો કાદવમાં થતા કીડાને પણ પંકજ કહેવા પડે. વળી, વ્યવહારનય દ્રવ્યાર્થિક હોવાથી રૂપ-રસાદિ એના મુખ્ય વિષય નથી. એટલે ગૌણવિષય એવા રૂપાદિનો સંગ્રહ પણ મુખ્ય નથી. જે રૂપ-રસાદિનો એ સંગ્રહ કરે છે તે ક્યારેય પણ જુદા હોવા મળતા જ નથી, એટલે કે તે પરસ્પર કથંચિદ્ અભિન્ન હોય જ છે, માટે પણ તેઓનો સંગ્રહ મુખ્ય નથી.

**શંકા** - તમારો આ અપૂર્વ ન્યાય છે કે એક કરાયેલા રૂપાદિ ગૌણ વિષય હોવાથી નય સંગ્રહનય તરીકે સંમત નથી, ને છતાં એ દ્રવ્યાર્થિક તરીકે તો સંમત છે જ.

**સમાધાન** - આ કોઈ અપૂર્વ ન્યાય નથી. આશય એ છે કે ગુણન = અનેકકરણ... આવું ગુણ-પર્યાયનું જે લક્ષણ છે એમાં એક જ ઘડાને રૂપઘટ-રસઘટ વગેરે રૂપે અનેક કરવો એ અભિપ્રેત હોવાથી દ્રવ્યના લક્ષણ તરીકે જે એકકરણ અભિપ્રેત છે તે પણ રૂપાદિનું જ. તેથી ગૌણવિષયરૂપ એવા પણ રૂપાદિના એકકરણથી નય દ્રવ્યાર્થિક બની શકે છે. પણ સંગ્રહનય તો એ જ બની શકે છે જે અનેક ઘટવ્યક્તિઓને ઘડારૂપે એક કરનારો હોય. જ્યારે પ્રસ્તુતમાં વ્યવહારનય તો રૂપાદિને એક કરે છે, ઘટવ્યક્તિઓને નહીં, પછી એ સંગ્રહનયરૂપે શી રીતે બની શકે ?

**શંકા** - નૈગમનય પોતાના વિષય તરીકે મુખ્ય એવા જ પિંડ વગેરેનો સંગ્રહ કરે છે. તો એનું નામ તો 'સંગ્રહનય' રાખવું જોઈએ ને ?

**સમાધાન** - ના, કારણ કે પ્રવૃત્તિનિમિત્ત છે નહીં. વળી, પર સંગ્રહનય જેમ

सर्वान् सत्त्वेन सङ्गृह्णाति, न तथाऽऽदिनैगमोऽपि, एकजीवसन्ताने सम्भवानां देव-मनुष्यादीनां सर्वेषां विशेषाणां सङ्ग्रहेऽपि पुद्गलादिसन्तानेऽन्यजीवसन्ताने च सम्भवानां विशेषाणां तेनासङ्ग्रहणात् । एकसन्तानसम्भविनो यान् पिण्डादिविशेषान् स एककरोति, तेऽपि भिन्नकालीना एव, न तु समानकालीनाः । समानकालीनानां सङ्ग्रह उच्यमानः शोभते । न हि प्रतिमासं रूप्यकसहस्रमुपार्जयित्वा व्ययं कुर्वाणस्य मासशतकान्ते लक्षाधिपतितया क्रियमाणो व्यवहारः शोभते । अत एवावलिकादीनां समयसमूहरूपत्वेऽपि कालोऽस्तिकायो नोच्यते । तथा यान् पिण्डादिविशेषान् स ऊर्ध्वतासामान्येन सङ्गृह्णाति तेऽपि मिथः कथञ्चिदभिन्ना एव, मिथोऽभिन्नानां कः सङ्ग्रहः ? इति । **ननु** तथापि तेषां मिथः कथञ्चिद्भेदोऽपि वर्तत एवेति **चेत् ? सत्यं,** अत एव नैगमनयस्योत्तरभेदयोः सर्वसङ्ग्राही देशसङ्ग्राहीति संज्ञे गीयेते एव ।

इत्थञ्च व्यवहारनयस्य द्रव्यार्थिकत्वे सिद्धे त्रयाणामपि द्रव्यांशानामेकैकस्य ग्राहक एकैको नयः प्राप्तः । ततश्च त्रयो द्रव्यांशास्त्रयश्च द्रव्यार्थिका नया इति सिद्धम् ।

---

સર્વવસ્તુઓનો 'સત્' તરીકે સંગ્રહ કરે છે એ રીતે આદિનૈગમ પણ સંગ્રહ કરતો નથી, કારણ કે એક જીવની પરંપરામાં સંભવતા દેવ-મનુષ્યાદિ સર્વ વિશેષોનો સંગ્રહ કરતો હોવા છતાં પુદ્ગલાદિની કે અન્ય જીવની પરંપરામાં સંભવતા વિશેષોનો એ સંગ્રહ કરતો નથી. એક સંતાનમાં સંભવતા પિંડ વગેરે જે વિશેષોને તે એક કરે છે તે પણ ભિન્નકાલીન વિશેષોને જ, નહીં કે સમકાલીન વિશેષોને. સંગ્રહ તો એનો કહેવો શોભે જે સમાનકાલીન હોય. જે મહિને મહિને હજાર રૂપિયા કમાઈને ખર્ચી નાખતો હોય એવા માનવીને સો મહિનાના અંતે લક્ષાધિપતિ કહેવો કાંઈ ઉચિત નથી. એટલે જ આવલિકા વગેરે સમયના સમૂહરૂપ હોવા છતાં કાળને અસ્તિકાય કહેવાતો નથી. તથા, જે પિંડાદિ વિશેષોનો નૈગમનય ઊર્ધ્વતાસામાન્યરૂપે સંગ્રહ કરે છે તે વિશેષો કથંચિદ્ અભિન્ન જ હોય છે. પરસ્પર અભિન્ન વસ્તુઓનો સંગ્રહ શું છે ? માટે નૈગમનય સંગ્રહનય કહેવાતો નથી.

**શંકા** - છતાં એ પિંડાદિનો કથંચિદ્ ભેદ પણ હોય જ છે ને !

**સમાધાન** - હા. એટલે જ નૈગમનયના જે બે પેટા ભેદ છે એમના સર્વસંગ્રહ અને દેશસંગ્રહ એવા બે નામ કહેવાયેલા છે જ.

આમ, વ્યવહારનય સંગ્રહનય તરીકે સિદ્ધ થતો નથી, પણ દ્રવ્યાર્થિકનય તરીકે તો સિદ્ધ થાય જ છે અને એ સિદ્ધ થયું એટલે એ પણ સિદ્ધ થયું કે દ્રવ્યના ત્રણ

परंतु द्रव्यस्य यथा त्रयोंऽशा न तथा पर्यायस्य त्रयोंऽशाः, तस्य तु 'गुणपर्यायवद् द्रव्य'मितिसूत्रप्राप्त एक एवाधेयांशः । **न च** सहभाविनो गुणाः क्रमभाविनश्च पर्याया इत्येवं पर्यायाणामपि द्विविधत्वं प्रसिद्धमेवेति **वाच्यं,** क्रमभाविनां पिण्ड-शिवकादीनां मनुष्य-देवादीनां चादिष्टद्रव्यतया वस्तुतो द्रव्यात्मकत्वमेव, अन्यथा रूप-ज्ञानादीनामाधारत्वानुपपत्तेः, तदन्येषां तु गुण-पर्यायाणां पर्यायत्वमेव, गुणानामपि वस्तुतः पर्यायत्वात्, विवक्षावशत एव तेषां पृथगुपन्यासाद्, अन्यथा=वस्तुतोऽपि तेषां पर्यायभिन्नत्वे पर्यायार्थिकनयवत् स्वतन्त्रो गुणार्थिकनयोऽपि शास्त्रेषु प्रोक्त उपलभ्येत । न चोपलभ्यतेऽतो गुणा अपि पर्याया एवेति पर्यायाणामेकविधत्वमेव । ततश्च तद्ग्राहकः पर्यायार्थिको नयोऽप्येक एव । अत एव त्रयो द्रव्यार्थिका एक ऋजुसूत्र एकश्च पर्यायार्थिक इत्येवं *'नैगम-सङ्ग्रह-व्यवहारर्जुसूत्रशब्दा नयाः ॥१-३४॥'* इति सूत्रेण **तत्त्वार्थाधिगमसूत्रे** पञ्च नयाः प्रोक्ताः । तथापि द्रव्यार्थिका

---

અંશોમાંથી એક-એક અંશનો ગ્રાહક એક-એક નય છે. એટલે ત્રણ દ્રવ્યાંશ છે ને માટે ત્રણ દ્રવ્યાર્થિકનયો છે એ નિશ્ચિત થયું.

પણ દ્રવ્યની જેમ પર્યાયના ત્રણ અંશો છે નહીં. તેનો તો ગુણ-પર્યાયવદ્દ્રવ્ય... એવા સૂત્રથી પ્રાપ્ત થતો એક જ આધેયાંશ છે. ''સહભાવી ગુણો અને ક્રમભાવી પર્યાય...'' એમ પર્યાયો પણ બે પ્રકારના પ્રસિદ્ધ છે જ એવી શંકા ન કરવી, કારણ કે ક્રમભાવી જે પિંડ-શિવક વગેરે કે મનુષ્ય-દેવ વગેરે પર્યાયો, તે તો આદિષ્ટદ્રવ્યરૂપ હોવાથી વસ્તુતઃ દ્રવ્યાત્મક જ છે, નહીં તો એ બધા રૂપ-જ્ઞાન વગેરેના આધાર ન બની શકે. આ સિવાયના ગુણપર્યાયો તો પર્યાય જ છે, કારણ કે ગુણો પણ છેવટે પર્યાય જ છે, માત્ર એવી વિવક્ષાના કારણે જ એમને અલગ કહેવામાં આવે છે. નહીંતર તો = વસ્તુતઃ પણ જો તેઓ પર્યાયથી ભિન્ન હોય તો પર્યાયાર્થિકનયની જેમ સ્વતંત્ર એવો ગુણાર્થિકનય પણ શાસ્ત્રોમાં કહેલો જોવા મળત. પણ મળતો નથી. માટે ગુણો પણ પર્યાય જ છે, ને તેથી પર્યાયો એક પ્રકારના જ છે અને એટલે પર્યાયોનો ગ્રાહક નય પણ એક પ્રકારનો જ છે. એટલે ત્રણ દ્રવ્યાર્થિકનયો, એક ઋજુસૂત્ર અને એક પર્યાયાર્થિકનય... આમ તત્ત્વાર્થસૂત્રમાં નૈગમ-સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્ર અને શબ્દનય... એમ કુલ પાંચ નયો કહેલ છે. તથા तिण्हं सद्दणयाणं(સૂ. ૧૪૮) આવા સૂત્રદ્વારા અનુયોગદ્વારમાં પણ શબ્દ-સમભિરૂઢ અને એવંભૂતનયને 'શબ્દનય' તરીકે સૂચિત કરેલ છે જ, ને એ રીતે પાંચ નયોના નિરૂપણમાં પોતાની સંમતિ પ્રદર્શિત કરેલ છે.

यदि त्रयो नयास्तदा पर्यायार्थिका अपि त्रयो भवन्तु येन द्वयोस्तुल्यता स्यादित्येवं समानता-ऽऽपादनार्थं पर्यायार्थिकानामपि साम्प्रत-समभिरूढैवम्भूत-लक्षणास्त्रयो भेदाः शास्त्रेषु कथिताः । अत्र यः साम्प्रतनयः स एव शब्दनयत्वेनाप्युच्यते । अतो नैगम-सङ्ग्रह-व्यवहारास्त्रयो द्रव्यार्थिका एक ऋजुसूत्रः शब्द-समभिरूढ-एवम्भूताश्च त्रयः पर्यायार्थिका इत्येवं सप्त नयाः प्रसिद्धाः ।

न *'चोत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सद्'* इत्यत्रोत्पाद-व्ययौ पर्यायमभिदधतः । अतः पर्यायस्यापि द्वावंशौ प्राप्तौ, एक उत्पादांशो द्वितीयश्च व्ययांश इति द्रव्यार्थिकवत् पर्यायार्थिकस्यापि विषयभेदेन द्वैविध्यप्राप्तिसम्भव इति **वाच्यम्,** उत्पादस्यैव व्ययत्वात् । **अयम्भावः** -यः पूर्वपर्यायस्य व्ययः स एवोत्तरपर्यायस्योत्पादो भवति । एतदर्थविस्तरार्थं द्रष्टव्यो महोपाध्यायविरचितो **'द्रव्य-गुण-पर्यायनो रास'** ग्रन्थः । **ननु** यस्य पर्यायस्योत्पादस्तस्यैव व्ययोऽत्राभिप्रेतः, तौ चोत्पादव्ययौ भिन्नावेवेति **चेत्? न,** जगतः शून्यत्वप्रसङ्गात्। तथाहि-

---

તેમ છતાં દ્રવ્યાર્થિક જો ત્રણ નયો છે તો પર્યાયાર્થિક પણ ત્રણ નયો હોવા જોઈએ. જેથી બન્નેની સમાનતા થાય. આવી કલ્પનાથી પર્યાયાર્થિકનયોના પણ સાંપ્રત-સમભિરૂઢ અને એવંભૂત એમ ત્રણ ભેદો શાસ્ત્રોમાં કહેલા છે. આમાં જે સાંપ્રતનય છે એ શબ્દનય તરીકે પણ કહેવાય છે. એટલે નૈગમ-સંગ્રહ-વ્યવહાર આ ત્રણ દ્રવ્યાર્થિક નયો, એક ઋજુસૂત્રનય અને શબ્દ-સમભિરૂઢ - એવંભૂત... આ ત્રણ પર્યાયાર્થિક નયો... આમ કુલ સાત નયો પ્રસિદ્ધ થયેલા છે.

**શંકા** - उत्पादव्ययध्रौव्ययुक्तं सत् આમાં ઉત્પાદ અને વ્યય પર્યાયને જણાવે છે. એટલે પર્યાયના પણ બે અંશ મળે જ છે, એક ઉત્પાદાંશ અને બીજો વ્યયાંશ. એટલે દ્રવ્યાર્થિકનયની જેમ પર્યાયાર્થિકનયના પણ વિષયભેદે બે ભેદ મળવા સંભવ છે જ.

**સમાધાન** - ઉત્પાદ પોતે જ વ્યયરૂપ હોવાથી બે ભેદ મળવા સંભવિત નથી. આશય એ છે કે જે પૂર્વપર્યાયનો વ્યય છે એ જ ઉત્તરપર્યાયનો ઉત્પાદ છે. આ વાતના વિસ્તાર માટે **મહોપાધ્યાયજીનો 'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ'** ગ્રન્થ જોવો.

**શંકા** - જે પર્યાયનો ઉત્પાદ એ જ પર્યાયનો વ્યય અહીં અભિપ્રેત છે, ને એ તો ભિન્ન જ હોય છે, પછી વિષયભેદે નયભેદ શા માટે નહીં ?

**સમાધાન** - આવું માનશો તો જગત શૂન્ય જ થઈ જશે. તે આ રીતે - જેનો ઉત્પાદ એનો જ વ્યય આવું માનવાનું હોય તો જ્યારે ઉત્પાદ હશે ત્યારે વ્યય નહીં

यदोत्पादस्तदा न व्ययः, यदा व्ययस्तदा नोत्पाद इति न कदाचिदपि कस्यचिदपि वस्तुन उत्पाद-व्यय-ध्रौव्ययुक्तत्वसम्भवः । ततश्च सर्वस्य सतोऽभावध्रौव्यात्सर्वं शून्यमापद्येतेति न किञ्चिदेतत् । अत एव पर्यायार्थिकनयानां कृतेष्वपि त्रिषु भेदेष्वेक उत्पादांशग्राही, अन्यो व्ययांशग्राहीत्यादिरूपेण विषयभेदेन प्रकारा नैव प्राप्यन्ते, अपि तु दृष्टेः सूक्ष्मत्वादिभेदेनैव त्रयः प्रकारा प्राप्यन्ते । अर्थाद् विषयस्त्वेक एव, यस्तं सूक्ष्मदृष्ट्या गृह्णाति स शब्दनयः, यः सूक्ष्मतरदृष्ट्या स समभिरूढः, यस्तु सूक्ष्मतमदृष्ट्या स एवम्भूतो नय इति । एवञ्च विषयभेदेन द्रव्यार्थिकानां त्रयः प्रकाराः, पर्यायार्थिकस्यैक एव प्रकारः, एक ऋजुसूत्र इति सर्वे पञ्चैव नयाः । परंतु विषयस्य भेदाभावेऽपि दृष्टेः सूक्ष्मत्वादिभेदेन नयभेदं विवक्षयित्वा द्रव्यार्थिकसमानत्वसम्पादनार्थं पर्यायार्थिकानामपि त्रयः प्रकारा यदि मन्येरंस्तदा सप्त नया इति स्थितम् ।

अथैषु सप्तसु नयेष्वाद्यास्त्रयो द्रव्यार्थिका अग्रिमाश्च त्रयः पर्यायार्थिका इति भवतोक्तं, ऋजुसूत्रस्तु पृथगेवोक्तस्तदधुना स द्रव्यार्थिकः पर्यायार्थिको वेति स्पष्टमुच्यतामिति । शृणु–

---

હોય... જ્યારે વ્યય હશે ત્યારે ઉત્પાદ નહીં હોય... એટલે ક્યારેય પણ કોઈપણ વસ્તુ ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય આ ત્રણેથી યુક્ત હોવી ન સંભવવાથી બધા જ સત્ પદાર્થોનો અભાવ નિશ્ચિત બની જવાના કારણે સર્વ શૂન્ય થઈ જશે. માટે તમારી વાત તુચ્છ છે. એટલે જ (અર્થાત્ જે ઉત્પાદ છે તે જ વ્યયરૂપ હોવાથી બન્ને અલગ-અલગ ન હોવાના કારણે જ), પર્યાયાર્થિક નયોના ત્રણ વિભાગ કર્યા હોવા છતાં એક ઉત્પાદાંશગ્રાહી છે, બીજો વ્યયાંશગ્રાહી છે વગેરે રૂપે વિષયભેદે નયભેદ મળતા નથી, પણ દૃષ્ટિની સૂક્ષ્મતા વગેરે કારણે જ નયભેદ મળે છે. એટલે કે, વિષય તો એક જ છે, જે એને સૂક્ષ્મદૃષ્ટિથી જુએ છે તે શબ્દનય, જે સૂક્ષ્મતરદૃષ્ટિથી જુએ છે તે સમભિરૂઢ છે અને જે સૂક્ષ્મતમદૃષ્ટિથી જુએ છે તે એવંભૂતનય છે.

આમ, વિષયભેદે દ્રવ્યાર્થિકના ત્રણ ભેદ, પર્યાયાર્થિકનયનો એક જ ભેદ અને એક ઋજુસૂત્ર... આમ કુલ પાંચ નય છે. પણ વિષયનો ભેદ ન હોવા છતાં દૃષ્ટિના સૂક્ષ્મતાદિભેદે નયભેદની વિવક્ષા કરીને, દ્રવ્યાર્થિકની સમાનતા લાવવા માટે પર્યાયાર્થિકના પણ જો ત્રણ પ્રકાર મનાય તો કુલ સાત નય છે એ નિશ્ચિત થયું.

**પ્રશ્ન :** આ સાત નયોમાં પહેલા ત્રણ દ્રવ્યાર્થિક છે અને છેલ્લા ત્રણ પર્યાયાર્થિક છે, એ તમે જણાવ્યું. પણ ઋજુસૂત્રને તો અલગ કહ્યો છે. તો એ દ્રવ્યાર્થિક છે કે પર્યાયાર્થિક એ હવે સ્પષ્ટ કરો.

अत्र विषये श्रीमतां **हरिभद्रसूरीश्वराणां शास्त्रवार्तासमुच्चय**ग्रन्थस्य **स्याद्वादकल्पलता-व्याख्यायां** श्रीमद्भिर्**यशोविजय**वाचकैरेवमुक्तम्- *ऋजुसूत्रो द्रव्यमपि नाभ्युपैति, अत एवाद्यास्त्रयो नया द्रव्यार्थिकभेदाः, अग्रिमाश्च चत्वारः पर्यायार्थिकभेदाः इति वादी* **सिद्धसेनः** *। अस्मिन्नभ्युपगमे 'उज्जुसुअस्स एगे अणुवउत्ते एगं दव्वावस्सयं पुहुत्तं णेच्छइ' [अनु. द्वार सू. १५] इतिसूत्रविरोधः स्यादिति सिद्धान्तवृद्धाः । अतीतानागतपरकीयभेदपृथक्त्वपरित्यागाद् ऋजुसूत्रेण स्वकार्यसाधकत्वेन स्वकीयवर्तमानवस्तुन एवोपगमाद् नास्य तुल्यांश-ध्रुवांशलक्षण-द्रव्याभ्युपगमः । अत एव नास्याऽसद्घटितभूत- भाविपर्यायकारणत्वरूपद्रव्यत्वाभ्युपगमोऽपि, उक्तसूत्रं त्वनुपयोगांशमादाय वर्तमानावश्यकपर्याये द्रव्यपदोपचारात् समाधेयम्, पर्यायार्थिकेन*

---

**ઉત્તર :** આ બાબતમાં શ્રીમદ્ **હરિભદ્રસૂરિ**મહારાજના **શાસ્ત્રવાર્તાસમુચ્ચય** ગ્રન્થની **સ્યાદ્વાદ-કલ્પલતા** નામની વ્યાખ્યામાં શ્રીમદ્ **યશોવિજયજી** વાચકે આ પ્રમાણે કહ્યું છે *-"ઋજુસૂત્ર નય દ્રવ્યને પણ માનતો નથી. એટલે જ પહેલા ત્રણ નયો દ્રવ્યાર્થિક નયના પ્રકારો છે અને આગળના ચાર પર્યાયાર્થિકનયના પ્રકારો છે." આ પ્રમાણે વાદીસિદ્ધસેનનું કહેવું છે. આવું માનવામાં 'ઋજુસૂત્રમતે એક અનુપયુક્ત આત્મા એક દ્રવ્યાવશ્યક છે, એ પૃથકત્વ માનતો નથી.' આવું જણાવનાર અનુયોગદ્વારસૂત્રનો વિરોધ થાય છે' એ પ્રમાણે સિદ્ધાન્તવાદી વૃદ્ધ પુરૂષો કહે છે. આ અંગે સિદ્ધસેનસૂરિ મહારાજના મતાનુયાયીઓ આ પ્રમાણે કહે છે કે-ઋજુસૂત્ર સ્વકાર્યસાધક હોવાથી માત્ર સ્વકીય વર્તમાન વસ્તુને જ સ્વીકારે છે... અતીત વસ્તુ, અનાગત વસ્તુ કે પરકીય વસ્તુ કાંઈ પોતાનું કામ કરી આપતી નથી. માટે પોતાને માટે એ વસ્તુ છે જ નહીં. આમ જ્યારે એક સ્વકીય વસ્તુ જ છે, તેથી તુલ્યાંશ(=સાદૃશ્ય=તિર્યક્સામાન્ય) રૂપ દ્રવ્યને એ માનતો નથી. તથા અતીત અનાગત વસ્તુ ન હોવાથી ધ્રુવાંશ=ઊર્ધ્વતાસામાન્યરૂપ દ્રવ્યને પણ એ માનતો નથી. વળી ધ્રુવાંશ નથી માનવાનો... એટલે ભૂત-ભાવી પર્યાય એના મતે અસત્ છે અને એ અસત્ છે એટલે ભૂત-ભાવીના કારણ તરીકે જે 'દ્રવ્ય' કહેવાય છે એને પણ એ સ્વીકારતો નથી. અનુયોગદ્વારનું દ્રવ્યનિક્ષેપસંમતિ જણાવનાર ઉક્તસૂત્રનું સમાધાન 'અનુપયોગો દ્રવ્યમ્' ન્યાયે અનુપયોગાંશને નજરમાં રાખીને કરવું.. એટલે કે ઉપયોગશૂન્ય એવો જે વર્તમાન આવશ્યક પર્યાય... એમાં 'દ્રવ્ય'પદનો ઉપચાર કરીને એને દ્રવ્યનિક્ષેપ કહેવો. પર્યાયાર્થિકનય 'દ્રવ્ય'નો જે નિષેધ કરે છે તે મુખ્ય (=અનુપચરિત) દ્રવ્યનો જ નિષેધ કરે છે, ઉપચરિત દ્રવ્યનો નહીં. (એટલે ઋજુસૂત્ર પર્યાયાર્થિક હોવા છતાં એ આવા ઉપચરિત દ્રવ્યરૂપ દ્રવ્યનિક્ષેપને સ્વીકારે એમાં એનું પર્યાયાર્થિકપણું બાધિત થઈ જતું*

*मुख्यद्रव्यपदार्थस्यैव प्रतिक्षेपात् । अध्रुवधर्माधारांशद्रव्यमपि नास्य विषयः, शब्दनयेष्वतिप्रसंगात् इति केचन **सिद्धसेन**मतानुसारिणः । 'नैतत् कमनीयम्, नामादिवदनुपचरितद्रव्यनिक्षेपदर्शन-परत्वादुक्तसूत्रस्य । न चेदेवम्, शब्दादिष्वपि कथञ्चिदुपचारेण द्रव्यनिक्षेपप्रसङ्गात्, पृथक्त्वनिषेधेऽपृथक्त्वेन द्रव्यविधेरावश्यकत्वात्, एकविशेषनिषेधस्य तदितरविशेषविधिपर्यव-सायित्वात्' इत्यादिस्तु **जिनभद्र**मुखारविन्दनिर्गलद्वचनमकरन्दसंदर्भोपजीविनां ध्वनिः ।*

एतदर्थविस्तरवती चर्चा **निक्षेपविंशिकायां** निभालनीया ।

अत्र विषये मत्परिशीलनं प्रदर्श्यते-ऋजुसूत्रनयो द्रव्यार्थिकोऽपि, श्रीमद्भिर्**जिनभद्रगणि**-क्षमाश्रमणैर्द्रव्यार्थिकतया कथितत्वात्। तथा पर्यायार्थिकोऽपि, श्रीमद्भिः **सिद्धसेनदिवाकर**सूरि-भिस्तथातया कथितत्वादिति। नन्वेक एव ऋजुसूत्रनयः कथं द्रव्यार्थिकोऽपि पर्यायार्थिकोऽपि ? विरोधादिति **चेत् ? न,** विरोधाभावात् । तथाहि - ऋजुसूत्रो वर्तमानक्षणमात्रग्राहीति तु

---

*નથી.) તથા ધર્મના અધ્રુવ-આધારાંશરૂપ દ્રવ્ય પણ આ ઋજુસૂત્રનયનો વિષય નથી, કારણ કે તો પછી શબ્દનયોમાં અતિપ્રસંગ થઈ જાય.*

*"શ્રી સિદ્ધસેનસૂરિના અનુયાયીઓનું આવું કથન રુચિકર નથી, કારણ કે નામનિક્ષેપ વગેરેની જેમ અનુયોગદ્વારમાં એ સૂત્ર પણ અનુપચરિતદ્રવ્યનિક્ષેપને જણાવવાના તાત્પર્યવાળું જ છે. જો આવું ન હોય તો શબ્દાદિનયોને પણ કોઈક રીતે ઉપચાર દ્વારા દ્રવ્યનિક્ષેપ માનવાનો પ્રસંગ આવે. તે આ રીતે - પૃથક્ત્વનો નિષેધ હોવાથી અપૃથક્ તરીકે દ્રવ્યનું વિધાન આવશ્યક બની રહે છે, કારણ કે એક વિશેષનો નિષેધ તેનાથી અન્ય વિશેષના વિધાનમાં પર્યવસિત થતો હોય છે. આશય એ છે કે અનેકકરણત્વ એ પણ પર્યાયનું લક્ષણ છે, એકકરણત્વ એ દ્રવ્યનું... તેથી પૃથક્ત્વ = અનેકત્વનો નિષેધ એકત્વનું વિધાન કરે જ છે અને તેથી, શબ્દાદિનયોને પણ દ્રવ્યનિક્ષેપ માન્ય છે એવું માનવું જ પડે..." આવું બધું શ્રીજિનભદ્રગણિક્ષમાક્ષમણના મુખકમલમાંથી નીકળતા વચનમકરંદના સંદર્ભને અનુસરનારા મહાત્માઓનું કહેવું છે..."*

આ અંગેની વિસ્તૃત ચર્ચા **નિક્ષેપવિંશિકા**માં જોવી.

હવે, આ વિષયમાં મારું પરિશીલન દેખાડાય છે - ઋજુસૂત્રનય દ્રવ્યાર્થિક પણ છે, કારણ કે **શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણે** એને દ્રવ્યાર્થિક કહ્યો છે. વળી એ પર્યાયાર્થિક પણ છે, કારણ કે **શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિએ** એને એવો કહ્યો છે.

**શંકા**-એકનો એક ઋજુસૂત્રનય દ્રવ્યાર્થિક પણ છે ને પર્યાયાર્થિક પણ છે એ શી રીતે ? કારણ કે એમાં તો વિરોધ છે.

प्रसिद्धमेव ततश्चोत्पाद-व्यय-ध्रौव्येभ्यः स उत्पादव्ययौ गृह्णातीति स्थितम् । तौ तु पर्यायलक्षणमेव, ध्रौव्यस्यैव द्रव्यलक्षणत्वादिति तस्य पर्यायार्थिकत्वं सिद्धम् । किञ्च ध्रौव्यांशलक्षणं द्रव्यमगृह्णन्नपि स आधारांशद्रव्यं तु गृह्णात्येवेति तस्य द्रव्यार्थिकत्वमपि सिद्धमेव । ततश्च को विरोधः ?

**न च** भवतु तत्र विरोधाभावः, परन्तु यदि ऋजुसूत्रो द्रव्यमपि गृह्णाति, पर्यायमपि च, तदा स प्रमाणमेव स्यादिति। **अथो**लूको द्रव्यं पर्यायांश्च मन्यते, तथापि यतस्तावन्योन्य-निरपेक्षौ मन्यतेऽतः स न प्रमाणमपि तु मिथ्या नय एव, तदुक्तं **विशेषावश्यकभाष्ये** - *दोहिं वि नएहिं नीयं सत्थमुलूएण तह वि मिच्छत्तं। जं सविसयपहाणत्तणेण अन्नोन्ननिरवेक्ख ॥२१९५॥त्ति।* **तद्व्याख्या** - *"द्वाभ्यामपि=द्रव्य-पर्यायास्तिकनयाभ्यां सर्वमपि निजं शास्त्रं नीतं=समर्थितमुलूकेन तथापि तद् मिथ्यात्वमेव, यद्=यस्मात् स्वस्वविषयप्राधान्याभ्युपगमेनोलूकाभिमतौ द्रव्य-पर्यायास्तिकनयावन्योन्यनिरपेक्षौ, जैनाभ्युपगतौ पुनस्तौ परस्परसापेक्षौ, स्याच्छब्दलाञ्छितत्वादिति ॥"* एवमेव प्रस्तुते ऋजुसूत्रेऽपि द्वयोर्ग्राहकत्वेऽपि प्रमाणत्वाभावो

---

**સમાધાન** - ના, એમાં વિરોધ નથી. તે આ રીતે - ઋજુસૂત્રનય વર્તમાનક્ષણમાત્રને જ જુએ છે, આ વાત તો પ્રસિદ્ધ છે. એટલે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાંથી એ ઉત્પાદ-વ્યયનું જ ગ્રહણ કરે છે એ નક્કી છે અને એ તો પર્યાયનું લક્ષણ છે, કારણ કે દ્રવ્યનું તો ધ્રૌવ્ય એ લક્ષણ છે. માટે ઋજુસૂત્ર 'પર્યાયાર્થિક' છે એ સિદ્ધ થયું. વળી, ધ્રૌવ્યાંશરૂપ દ્રવ્યનું એ ગ્રહણ કરનારો ન હોવા છતાં આધારાંશ દ્રવ્યનું ગ્રહણ તો એ કરે જ છે. માટે એ દ્રવ્યાર્થિક હોવો પણ સિદ્ધ થાય જ છે. પછી શું વિરોધ ?

**પૂર્વપક્ષ** : એમાં ભલે વિરોધ ન હોય. પણ જો એ દ્રવ્ય અને પર્યાય બન્નેને જુએ છે, તો એ પ્રમાણ જ બની જશે.

**શંકા**-ઊલૂક દ્રવ્ય અને પર્યાય બન્નેને માને છે. છતાં એ બન્નેને અન્યોન્ય નિરપેક્ષ માને છે, ને તેથી એ પ્રમાણ નથી, પણ મિથ્યા નય જ છે. **શ્રી વિશેષાવશ્યકભાષ્ય**માં કહ્યું જ છે કે - *ઊલૂકે પોતાનું શાસ્ત્ર બન્ને નયોને અનુસરીને રચ્યું છે, છતાં એ મિથ્યા જ છે, કારણ કે સ્વવિષયને પ્રધાન કરીને અન્યોન્ય નિરપેક્ષ રહેનારા છે.* એની વ્યાખ્યા આ પ્રમાણે છે-*ઊલુકે પોતાના શાસ્ત્રનું દ્રવ્યાસ્તિક-પર્યાયાસ્તિક એ બન્ને નય વડે સમર્થન કર્યું છે, તો પણ એ મિથ્યા જ છે, કારણ કે પોતપોતાના વિષયની પ્રધાનતા માની હોવાથી એને અભિમત દ્રવ્ય-પર્યાયાસ્તિકનયો અન્યોન્ય નિરપેક્ષ છે, જ્યારે જૈનોને માન્ય એ બે નયો પરસ્પર સાપેક્ષ હોય છે, કારણ કે 'સ્યાત્' પદથી લાંછિત હોય છે.* આ

नयत्वञ्च सम्भवेदिति **चेत्? न,** दृष्टान्त-दार्ष्टान्तिकयोर्वैषम्यात् । तथाहि-उलूकेन सामान्यलक्षणाद् द्रव्याद् विशेषलक्षणाः पर्यायाः सर्वथा निरपेक्षाः पृथग्भूताः कल्पिताः, अतः सामान्यग्राहिणो द्रव्यास्तिकाद्विशेषग्राही पर्यायास्तिको निरपेक्ष एव । परन्तु प्रस्तुते ऋजुसूत्रे नये न तथा, रूपादिगुणानामाधारतया गृहीतस्य घटादेरेव क्षणिकतया ग्रहणाद् । ततश्च यदाधारांशद्रव्यं तस्यैव क्षणिकतया पर्यायत्वादृजुसूत्रगृहीतौ द्रव्यपर्यायौ न मिथो निरपेक्षौ, अपि तु मिथोऽनुविद्धत्वात्परस्परसापेक्षावेवेति जैनसाधोर्बोधवदृजुसूत्रः प्रमाणमेव स्याद्, न तु नय इति **वाच्यं**, क्षणिकतया पर्यायग्राहिणो बोधस्य ध्रौव्यांशद्रव्यग्राहित्व एव प्रमाणत्वसिद्धेः, ध्रौव्यस्यैव क्षणिकत्वप्रतिपन्थिधर्मरूपत्वात् । अयम्भावः - कस्य बोधस्य नयत्वमिति नियमनार्थं 'मिथः प्रतिपन्थिनो येंऽशास्तेभ्य एकस्यांशस्य ग्राहको यो बोधः स नयः' इति पूर्वं (पृ. ९) उक्तम् । ततश्च 'मिथः प्रतिपन्थिनां सर्वेषामंशानां ग्राहको यो बोधः स प्रमाण'मित्यपि नियमः प्राप्यत एव। ऋजुसूत्रो यमुत्पादव्ययांशं गृह्णाति तस्य

---

જ રીતે પ્રસ્તુતમાં ઋજુસૂત્રમાં પણ બન્નેને ગ્રહણ કરવાપણું હોવા છતાં પ્રમાણત્વનો અભાવ અને નયપણું સંભવે છે.

**સમાધાન (પૂર્વપક્ષ)**-આવી શંકા બરાબર નથી, કારણ કે દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકમાં વિષમતા છે. તે આ રીતે - ઊલૂકે સામાન્યાત્મક દ્રવ્યથી વિશેષાત્મક પર્યાયોને સર્વથા નિરપેક્ષ પૃથગ્ભૂત કલ્પેલા છે. એટલે સામાન્યગ્રાહી દ્રવ્યાસ્તિક કરતાં વિશેષગ્રાહી પર્યાયાસ્તિકનય બિલકુલ નિરપેક્ષ જ છે. પરંતુ પ્રસ્તુતમાં ઋજુસૂત્રમાં આવું નથી, કારણ કે રૂપાદિગુણોના આધારરૂપે ગૃહીત ઘટાદિને જ તે ક્ષણિક તરીકે ગ્રહણ કરે છે. એટલે જે આધારાંશ દ્રવ્ય છે તે જ ક્ષણિક હોવાથી પર્યાયરૂપ હોવાના કારણે આ બે દ્રવ્યપર્યાય પરસ્પર નિરપેક્ષ નથી, પણ પરસ્પર સંકળાયેલા હોવાથી પરસ્પર સાપેક્ષ જ છે. માટે જૈન સાધુના બોધની જેમ ઋજુસૂત્રનય પણ પ્રમાણ જ બનશે, નહીં કે નય.

**ઉત્તરપક્ષ** - આવો પૂર્વપક્ષ કરવો નહીં, કારણ કે ક્ષણિકતાના કારણે જે બોધ પર્યાયને જુએ છે એ જો ધ્રૌવ્યાંશદ્રવ્યને જોનાર હોય તો જ પ્રમાણરૂપે સિદ્ધ થઈ શકે છે. કારણ કે ધ્રૌવ્ય જ ક્ષણિકતાના પ્રતિપન્થી ધર્મરૂપ છે. ભાવ એ છે કે - કયો બોધ નયરૂપ બને ? એનું નિયમન કરવા માટે પૂર્વે (પૃ. ૯) કહ્યું છે કે - *"પરસ્પર પ્રતિપંથી અંશોમાંથી એક અંશનું ગ્રહણ કરનારો બોધ એ નય."* એટલે જ "પરસ્પર પ્રતિપંથી હોય એવા બધા અંશોનું ગ્રહણ કરનારો બોધ એ પ્રમાણ" એવો નિયમ પણ મળે જ છે. ઋજુસૂત્ર જે ઉત્પાદ-વ્યય અંશનું ગ્રહણ કરે છે તેના પ્રતિપંથી એવા ધ્રૌવ્ય અંશનું

प्रतिपन्थिनं ध्रौव्यांशमपि यदि गृह्णीयात्तदा प्रमाणं स्यादेव, परंतु तं तु स नैव गृह्णातीति कथं प्रमाणम् ? प्रत्युत 'मिथः प्रतिपन्थिनो य उत्पाद-व्यय-ध्रौव्यांशास्तेभ्य एकस्योत्पादव्ययांशस्य (=क्षणिकत्वांशस्य) एव ग्राहकत्वात्तस्य नयत्वमेव सिध्यति । एवञ्चर्जुसूत्रो नय एव, आधारांशग्राहित्वात् स द्रव्यार्थिकः, क्षणिकत्वांशग्राहित्वाच्च स पर्यायार्थिक इति सिद्धम् ।

**अथ**र्जुसूत्रः क्षणिकत्वांशं गृह्णातीति तु सिद्धमेव, आधारांशमपि गृह्णातीति कुतः सिद्धं येन तस्य द्रव्यार्थिकत्वमपि सिध्येदिति **चेत् ? न,** घटादिग्राहकस्य तस्याधारांशग्रहणस्य सिद्धत्वात्, घटादे रूपादिगुणानामाधारत्वात् । ननु स घटादेर्ग्राहक इति कुतः सिद्धम् ? नैकैः शास्त्रवचनैः सिद्धमिति गृहाण। तद्यथा-**विशेषावश्यकभाष्य( २२२५ ) वृत्तावेवमुक्तं** - *हे व्यवहारनयवादिन् ! यदि तव व्यवहारानुपयोगादनुपलम्भाच्च सामान्यं न मतं सङ्ग्रहस्य संमतमपि नेष्टमित्यर्थः, ननु तथा = तेनैव प्रकारेण व्यवहारानुपयोगादनुपलम्भाच्च गतं = अतिक्रान्तं एष्यच्च = अनागतं वस्तु माऽभ्युपगमस्त्वं, युक्तेः समानत्वात् । तथा पराक्यमपि वस्तु मैषीः, स्वप्रयोजनासाधकत्वेन निष्फलत्वात्, परधनवदिति ॥२२२५॥* इति।

---

પણ જો ગ્રહણ કરતો હોય તો એ પ્રમાણ બને જ. પરંતુ એનું તો એ ગ્રહણ કરતો નથી જ, પછી શી રીતે પ્રમાણ ? ઊલટું, પરસ્પર પ્રતિપંથી એવા જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અંશો, તેમાંથી એક ઉત્પાદ-વ્યયાંશનો જ (ક્ષણિકત્વઅંશનો જ) ગ્રાહક હોવાથી એ નયરૂપે જ સિદ્ધ થાય છે. આમ ઋજુસૂત્ર એ નય છે, વળી એ આધારાંશનો ગ્રાહક હોવાથી દ્રવ્યાર્થિક છે અને ક્ષણિકત્વાંશનો ગ્રાહક હોવાથી પર્યાયાર્થિક છે, એ સિદ્ધ થયું.

**પૂર્વપક્ષ** - ઋજુસૂત્ર ક્ષણિકત્વાંશનો ગ્રાહક છે એ તો સિદ્ધ જ છે. આધારાંશનો પણ એ ગ્રાહક છે એવું ક્યાં સિદ્ધ છે કે જેથી એ દ્રવ્યાર્થિક તરીકે પણ સિદ્ધ થાય ?

**ઉત્તરપક્ષ** - ઘટાદિનો ગ્રાહક એવો તે આધારાંશનો ગ્રાહક હોવા રૂપે સિદ્ધ થાય જ છે, કારણ કે ઘટાદિ રૂપાદિગુણના આધારભૂત છે.

**શંકા** - એ ઘટાદિ આધારનો ગ્રાહક છે એવું પણ ક્યાં સિદ્ધ છે ?

**સમાધાન** - અનેક શાસ્ત્રવચનોથી એ સિદ્ધ છે. જેમકે **વિશેષાવશ્યકભાષ્યની** વૃત્તિમાં આ પ્રમાણે કહ્યું છે - *હે વ્યવહારનયવાદિન્ ! વ્યવહારમાં અનુપયોગી હોવાથી અને દેખાતું ન હોવાથી, સંગ્રહનયને માન્ય એવું પણ સામાન્ય જો તને માન્ય નથી તો એ રીતે જ વ્યવહારમાં અનુપયોગી હોવાથી અને અનુપલંભ હોવાથી અતીત અને અનાગત વસ્તુ પણ તારે ન માનવી જોઈએ. કારણ કે યુક્તિ બધે સમાન રીતે લાગુ*

अधिकारेणानेनैतत्तु स्पष्टमेव यद् व्यवहारस्य वर्तमानं स्वकीयं यद्वस्तु संमतं तत्तु ऋजुसूत्रस्यापि संमतमेवेति । ततश्च रूपादीनामाधारभूतस्य घटादिद्रव्यरूपस्य वर्तमानस्य वस्तुनो व्यवहारस्य संमतत्वादृजुसूत्रस्यापि संमतत्वं ज्ञायत एव । तथा तत्र **वृत्तावग्रे** (२२२८ गाथावृत्तौ) *'अतश्चतुरोऽपि नामादिघटानिच्छत ऋजुसूत्राद्...'* इत्यादि यदुक्तं तेनापि तस्य द्रव्यात्मका नामघटादयः संमता इति ज्ञायते । इत्थञ्च यत ऋजुसूत्रो घटादेर्ग्राहकोऽत आधारांशस्य ग्राहक इति सिध्यत्येव ।

**अथै**तावता तस्य घटादिग्राहकत्वमेव सिद्धं, न त्वाधारांशद्रव्यग्राहकत्वमपि, 'शास्त्रवचनेन यत्र यत्र घटादिग्राहकत्वं सिध्यति तत्र तत्राधारांशद्रव्यग्राहकत्वं सिध्यती'ति व्याप्तेरभावाद्, अन्यथा शब्दादिनयानामपि द्रव्यार्थिकत्वापत्तेः । अयम्भावः-**विशेषावश्यकभाष्य ( २२२८ ) वृत्तौ** शब्दनयनिरूपण एवमुक्तं-*'यद्=यस्मात् पृथुबुध्नोदराद्याकारकलितं मृन्मयं जलाहरणादि-क्रियाक्षमं प्रसिद्धघटरूपं भावघटमेवेच्छत्यसा'*विति । तथा समभिरूढनयनिरूपणे तत्र(२२३६)

---

*પડતી હોય છે. તથા પરકીય વસ્તુને પણ માનવી ન જોઈએ, કારણ કે પરાયા ધનની જેમ એ સ્વપ્રયોજનની અસાધક હોવાથી નિષ્ફળ હોય છે. ॥૨૨૨૫॥* આ અધિકારથી આટલું તો સ્પષ્ટ છે કે વ્યવહારનયને વર્તમાન સ્વકીય જે વસ્તુ સંમત છે તે તો ઋજુસૂત્રને પણ સંમત છે જ. એટલે રૂપાદિના આધારભૂત ઘટાદિદ્રવ્યરૂપ વર્તમાનવસ્તુ વ્યવહારનયને માન્ય હોવાથી ઋજુસૂત્રને પણ માન્ય હોવી જણાય જ છે. તથા એ જ ગ્રન્થવૃત્તિમાં આગળ (૨૨૨૮ ગાથાની વૃત્તિમાં) *"એટલે નામઘટ વગેરે ચારે ઘડાને ઈચ્છતા ઋજુસૂત્ર કરતાં..."* વગેરે જે કહ્યું છે તેનાથી પણ તેને દ્રવ્યાત્મક નામઘટ વગેરે સંમત હોવા જણાય છે જ. આમ ઋજુસૂત્ર નય ઘટાદિનો ગ્રાહક હોવાથી આધારાંશનો ગ્રાહક હોવો સિદ્ધ થાય છે જ.

**પૂર્વપક્ષ** - આ શાસ્ત્રપાઠોથી તો ઋજુસૂત્રનય ઘટાદિનો ગ્રાહક હોવો જ સિદ્ધ થાય છે, આધારાંશનો ગ્રાહક હોવો કાંઈ સિદ્ધ થતો નથી, કારણ કે શાસ્ત્રપાઠ દ્વારા જે જે નયમાં ઘટાદિગ્રાહકત્વ સિદ્ધ થાય તે તે નયમાં આધારાંશદ્રવ્યગ્રાહકત્વ પણ સિદ્ધ થઈ જ જાય એવી વ્યાપ્તિ નથી. નહીંતર તો શબ્દાદિનયો પણ દ્રવ્યાર્થિક બની જશે. આશય એ છે કે **વિશેષાવશ્યકભાષ્ય**(૨૨૨૮)ની વૃત્તિમાં શબ્દનયના નિરૂપણમાં આવું કહ્યું છે- *"આ શબ્દનય પૃથુબુધ્નોદરાદિઆકારવાળા, મૃન્મય, જળાહરણાદિક્રિયામાં સમર્થ એવા પ્રસિદ્ધ ઘટસ્વરૂપ ભાવઘટને જ માને છે."* તથા સમભિરૂઢનયના નિરૂપણમાં એ વૃત્તિમાં (૨૨૩૬મી ગાથાની વૃત્તિમાં) આ પ્રમાણે કહ્યું છે કે *"જે ઘટશબ્દવાચ્ય અર્થ છે તેને*

**वृत्तावेवमुक्तं**-*'यो घटशब्दवाच्योऽर्थस्तं कुट-कुम्भादिपर्यायशब्दवाच्यं नेच्छत्यसावित्यर्थ इति'* इति। तथैवम्भूतनयनिरूपणेऽपि तत्र(२२५१)**वृत्तावेवमुक्तं**-*'अयं हि योषिन्मस्तकारूढं जलाहरणादिक्रियानिमित्तं घटमानमेव=चेष्टमानमेव घटं मन्यते, न तु गृहकोणादिव्यवस्थितम्'* इति। अत्र हि शब्दादीनां त्रयाणामपि घटः सम्मततयोक्तः, न चैतावतैव 'स द्रव्यतया संमत' इति निश्चेतुमुचितः, शब्दादिनयानां द्रव्यार्थिकत्वापत्तेः। एवमेव ऋजुसूत्रेऽपि ज्ञेयम्। शास्त्रवचनेभ्यस्तस्य घटः सम्मत इत्येव निश्चेतुं योग्यं, तत्संमतो घटो द्रव्यरूपो वा पर्यायरूपो वेति तु नैव निश्चेयम् । ततश्च ऋजुसूत्रगृहीतो घटः क्षणिकतया यदि पर्यायरूपो निश्चीयते, तदा तस्याधारांशद्रव्यत्वकल्पनं कथं शास्त्रानुसारि स्याद् ? न कथञ्चिदित्यर्थः । ततश्चर्जुसूत्र आधारंशग्राहितया द्रव्यार्थिक इति नैव सिद्धमिति **चेत्** ?

**अत्र कश्चित्**-ऋजुसूत्रस्य द्रव्यार्थिकत्वसिद्धौ किमनेन वृथाऽऽयासेन? यावदनुयोगद्वार-

---

*આ સમભિરૂઢનય કુટ-કુંભ વગેરે ઘટશબ્દના પર્યાયવાચી શબ્દોના વાચ્ય તરીકે સ્વીકારતો નથી."* વળી એવંભૂતનયના નિરૂપણવેળા પણ ત્યાં (૨૨૫૧મી ગાથાની) વૃત્તિમાં આમ કહ્યું છે કે - *"આ એવંભૂતનય તો સ્ત્રીના મસ્તકે ચઢીને જળાહરણાદિ ક્રિયામાં વ્યાપૃત ઘડાને જ ઘટ તરીકે માને છે, નહીં કે ઘરના ખૂણા વગેરેમાં પડેલા ઘડાને..."* આમાં શબ્દાદિ ત્રણે નયોને ઘડો માન્ય છે એ જણાવેલું છે. પણ એટલા માત્રથી 'એ દ્રવ્યરૂપે માન્ય છે' એમ માની લેવું એ ઉચિત નથી. કારણ કે તો પછી 'શબ્દાદિનયો પણ દ્રવ્યાર્થિક જ બની જાય.

આવું જ ઋજુસૂત્રનય અંગે પણ જાણવું જોઈએ. શાસ્ત્રવચનો પરથી તેને = ઋજુસૂત્રનયને ઘડો માન્ય છે એટલો જ નિશ્ચય કરવો જોઈએ, પણ એ ઘડો દ્રવ્યરૂપ છે કે પર્યાયરૂપ ? એ નહીં. એટલે ઋજુસૂત્રનય દ્વારા ગૃહીત ઘટ ક્ષણિક હોવાથી જો પર્યાયરૂપે નિશ્ચિત થાય છે, તો એ આધારાંશ દ્રવ્યરૂપ છે એવી કલ્પના શી રીતે શાસ્ત્રાનુસારી હોઈ શકે ? કોઈપણ રીતે નહીં. એટલે ઋજુસૂત્ર આધારાંશનો ગ્રાહક હોવાથી દ્રવ્યાર્થિક છે એ વાત સિદ્ધ થતી નથી જ.

(અહીં કોઈક અન્ય આ પૂર્વપક્ષનો જવાબ આપવા માટે કહે છે)

**શંકા** - ઋજુસૂત્રનયને દ્રવ્યાર્થિક સિદ્ધ કરવા માટેના આ ફોગટ પ્રયાસથી સર્યું, કારણ કે અનુયોગદ્વારના સૂત્રદ્વારા જ એ સિદ્ધ થઈ ગયેલ છે. તે આ રીતે *"ઋજુસૂત્રનયને એક અનુપયુક્ત આત્મા એ એક દ્રવ્યાવશ્યક તરીકે માન્ય છે. પૃથક્ત્વને = બહુત્વને*

गतेन सूत्रेणैव तस्य सिद्धत्वात् । तथाहि – *उज्जुसुअस्स एगे अणुवउत्ते एगं दव्वावस्सयं पुहुत्तं णेच्छइ*(सू. १४)त्तिसूत्रमृजुसूत्रस्यैकं द्रव्यावश्यकं सम्मतमिति स्पष्टमुपदर्शितम्। ततश्च द्रव्यनिक्षेपसंमतौ द्रव्यसंमतिस्त्वनायाससिद्धैवेति । **तत्तुच्छं,** आपातमात्ररमणीयत्वात्, अनया रीत्या द्रव्यसंमतेर्द्रव्यार्थिकत्वसिद्धेश्चासम्भवात्, द्रव्यनिक्षेपसम्बन्धि'द्रव्य'शब्दस्य द्रव्यार्थिकनय-सम्बन्धि'द्रव्य'शब्दस्य समानार्थकत्वाभावेन पृथक्त्वात्। तथाहि–'द्रव्यार्थिकनय'इतिनामगतं 'द्रव्य'पदमूर्ध्वतासामान्यलक्षणेऽर्थे यद्वा तिर्यक्सामान्यलक्षणेऽर्थे यद्वा गुणपर्यायाधारलक्षणेऽर्थे इत्येवं त्रिष्वर्थेषु प्रयुज्यते । 'द्रव्यनिक्षेप'इतिनामगतं 'द्रव्य'पदं भूतभाविभावकारणलक्षणेऽर्थे यद्वाऽनुपयोगलक्षणेऽर्थे प्रयुज्यते। ततश्च द्रव्यार्थिकनयसंलग्न'द्रव्य'शब्दप्रयोगे योऽभिप्रायस्तस्माद् द्रव्यनिक्षेपसंलग्न'द्रव्य'शब्दप्रयोगे योऽभिप्रायः स भिन्न एवेति स्थितम् ।

अत एव *'अणुवओगो दव्वं'* इति वचनाद् द्रव्यनिक्षेपत्वेन प्राप्तस्यानुपयोगस्य पर्यायत्वेऽपि न दोषः । यथोपयोग आत्मनः पर्यायो न त्वात्मद्रव्यं तथैवानुपयोगोऽप्यात्मनः

---

*એ સ્વીકારતો નથી."* આ સૂત્ર ઋજુસૂત્રને એક દ્રવ્યાવશ્યક માન્ય છે એવું સ્પષ્ટ જણાવે જ છે. આમ દ્રવ્યનિક્ષેપ જો માન્ય છે તો દ્રવ્ય માન્ય હોવું તો વગર પ્રયાસે સિદ્ધ થઈ જ જાય છે ને !

**સમાધાન (પૂર્વપક્ષ)** - આ વાત તુચ્છ છે, કારણ કે માત્ર ઉપરછલ્લી દૃષ્ટિએ જ સારી છે, અને આ રીતે દ્રવ્યની માન્યતા અને દ્રવ્યાર્થિકત્વની સિદ્ધિ પણ સંભવતી નથી. તે પણ એટલા માટે કે દ્રવ્યનિક્ષેપસંબંધી 'દ્રવ્ય'શબ્દ, દ્રવ્યાર્થિકનયસંબંધી 'દ્રવ્ય'શબ્દને સમાનાર્થક ન હોવાથી જુદો છે. તે આ રીતે-'દ્રવ્યાર્થિકનય' આવા નામમાં રહેલ 'દ્રવ્ય'શબ્દ ઊર્ધ્વતાસામાન્યરૂપ અર્થને જણાવવા માટે, કે તિર્યક્સામાન્યસ્વરૂપ અર્થને જણાવવા માટે કે ગુણ-પર્યાયના આધારાત્મક અર્થને જણાવવા માટે... આમ ત્રણ પ્રકારના અર્થને જણાવવા વપરાય છે. જ્યારે 'દ્રવ્યનિક્ષેપ' એવા નામમાં રહેલ દ્રવ્યશબ્દ ભૂત કે ભાવી ભાવના કારણરૂપ અર્થને જણાવવા માટે અથવા અનુપયોગાત્મક અર્થને જણાવવા માટે વપરાય છે. તેથી દ્રવ્યાર્થિકનયસંલગ્ન 'દ્રવ્ય'શબ્દ વાપરવામાં રહેલા અભિપ્રાય કરતાં દ્રવ્યનિક્ષેપસંલગ્ન'દ્રવ્ય'શબ્દ વાપરવામાં રહેલો અભિપ્રાય અલગ જ હોય છે એ વાત નિશ્ચિત થાય છે.

એટલે જ, *अणुवओगो दव्वं* એવા વચનથી દ્રવ્યનિક્ષેપરૂપે મળતો અનુપયોગ પર્યાય હોવામાં પણ કોઈ વાંધો નથી. જેમ ઉપયોગ એ આત્માનો પર્યાય છે, નહીં કે

पर्याय एव न तु द्रव्यमिति स्पष्टम् । ततश्च यदाऽनुपयुक्त आत्मा द्रव्यनिक्षेपतयोच्यते तदा स द्रव्यार्थिकस्य विषयः, यदा चात्मनोऽनुपयोग एव द्रव्यनिक्षेपत्वेन कथ्यते तदा स पर्यायार्थिकस्य विषयः। न चैवमनुपयोगस्य द्रव्यनिक्षेपतया ग्राहकत्वमात्रेण तस्य पर्यायार्थिकत्वहानिर्द्रव्यार्थिकत्वापत्तिर्वा, अनुपयोगलक्षणस्य पर्यायस्यैव ग्राहकत्वाद् । ततश्चर्जुसूत्रोऽपि यद्यनुपयोगलक्षणं द्रव्यनिक्षेपं स्वीकुर्याद् न चैतावतैव तस्य द्रव्यार्थिकत्वसिद्धिः कथ्यमानौचितिं भजेत। एवं यदा मृद्द्रव्यं द्रव्यघटतया, आगामिनि भव इन्द्रतयोत्पित्सुर्जीवो वा द्रव्येन्द्रतयोच्यते तदा मृद्-जीवद्रव्यस्यैव द्रव्यनिक्षेपतया द्रव्यार्थिकनयग्राह्यत्वेऽपि यदा मृत्पिण्डो द्रव्यघटतया, एकभविकादिसाधुर्वा द्रव्येन्द्रतयोच्यते तदा पर्यायस्यैव द्रव्यनिक्षेपत्वं, घटापेक्षया मृत्पिण्डस्य, इन्द्रापेक्षया वैकभविकादिसाधोः पर्यायत्वात् । न हि मृत्पिण्डो घटापेक्षया द्रव्यं, किन्तर्हि ? मृल्लक्षणस्य द्रव्यस्य पूर्वकालीनः पर्याय एव । एवं न हि एकभविकादिसाधुरिन्द्रापेक्षया द्रव्यं, किन्तु जीवलक्षणस्य द्रव्यस्य पूर्वभवीयः पर्याय एव ।

---

આત્મદ્રવ્ય, એમ અનુપયોગ એ પણ આત્માનો પર્યાય જ છે, નહીં કે દ્રવ્ય... આ વાત નિઃશંક છે. એટલે, જ્યારે અનુપયુક્ત આત્માને દ્રવ્યનિક્ષેપ તરીકે કહેવાય છે ત્યારે એ દ્રવ્યાર્થિકનયનો વિષય છે અને જ્યારે આત્માના અનુપયોગને; ઉપયોગશૂન્યવક્તૃત્વને કે ઉપયોગશૂન્યક્રિયાને દ્રવ્યનિક્ષેપ તરીકે કહેવાય છે ત્યારે એ પર્યાયાર્થિકનયનો વિષય છે. પણ આ રીતે અનુપયોગાદિને દ્રવ્યનિક્ષેપરૂપે ગ્રહણ કરવા માત્રથી એ નયનું પર્યાયાર્થિકત્વ હણાઈ જતું નથી કે દ્રવ્યાર્થિકત્વ આવી પડતું નથી, કારણ કે છેવટે અનુપયોગાત્મક પર્યાયનું જ ગ્રહણ થઈ રહ્યું છે. એટલે ઋજુસૂત્ર પણ જો અનુપયોગાત્મક દ્રવ્યનિક્ષેપને સ્વીકારે તો એટલા માત્રથી એને દ્રવ્યાર્થિક કહી દેવો એ ઉચિત નથી. એમ જ્યારે માટીદ્રવ્ય જ દ્રવ્યઘટરૂપે કે આગામી ભવમાં ઇન્દ્ર તરીકે ઉત્પન્ન થનાર જીવ જ દ્રવ્યેન્દ્ર તરીકે કહેવાતા હોય ત્યારે માટી કે જીવદ્રવ્ય જ દ્રવ્યનિક્ષેપરૂપ હોવાથી દ્રવ્યાર્થિકનયના વિષય બને છે. તેમ છતાં જો માટીનો પિંડો દ્રવ્યનિક્ષેપરૂપે કે એકભવિકાદિસાધુ દ્રવ્યેન્દ્રરૂપે કહેવાતા હોય ત્યારે પર્યાય જ દ્રવ્યનિક્ષેપરૂપે મળે છે. કારણ કે ઘટની અપેક્ષાએ પિંડો કે ઇન્દ્રની અપેક્ષાએ એકભવિકાદિ સાધુ એ પર્યાય જ છે. પિંડ કાંઈ ઘડાની અપેક્ષાએ દ્રવ્ય નથી, તો શું છે ? માટીરૂપ દ્રવ્યનો પૂર્વકાલીન અવસ્થારૂપ પર્યાય જ છે. એમ એકભવિકાદિસાધુ કાંઈ ઇન્દ્રની અપેક્ષાએ દ્રવ્ય નથી, પરંતુ જીવાત્મક દ્રવ્યનો (પૂર્વકાલીન) પૂર્વભવીય અવસ્થારૂપ પર્યાય જ છે.

**ननु** मृद्द्रव्यापेक्षया पर्यायरूपस्यापि पिण्डस्य स्वगुण-पर्यायापेक्षया स्वकीया याः पूर्वोत्तरा अवस्थास्तदपेक्षया च द्रव्यत्वमेव, अत एव तस्यादिष्टद्रव्यत्वमुच्यते शास्त्रेषु । एवमेवैकभविकादिसाधोरप्यादिष्टद्रव्यत्वं ज्ञेयम् । ततश्च तद्ग्राहिणो नया द्रव्यार्थिका एव न तु पर्यायार्थिका इति **चेत्** ? **सत्यं**, अत एव 'गुणप्रतिपन्नो जीवः सामायिकं' इति द्रव्यार्थिकानामेव संमततयोक्तं, अन्यथा तस्यापि जीवद्रव्यस्यावस्थाविशेषरूपतया पर्यायत्वेन पर्यायार्थिकानामपि संमतत्वं स्यादेव । तथापि यदि पिण्डगत एकभविकादिसाधुगतो वा कश्चिद्गुणविशेष एव द्रव्यनिक्षेपतया कथ्येत तदा स तु पर्याय एव । **नन्वेवं** त्वनुयोगद्वारसूत्रविरोधः, तत्र शङ्खद्रव्यनिक्षेपतयैकभविको बद्धायुष्कोऽभिमुखनामगोत्रश्चेत्येवं कथितेभ्यस्त्रिभ्यः प्रकारेभ्यो नैगमादीनां त्रयाणां नयानामेते त्रयोऽपि निक्षेपाः संमताः, ऋजुसूत्रस्य प्रथमवर्जौ द्वौ संमतौ, शब्दादीनां तु चरमोऽभिमुखनामगोत्र एव संमत इत्युक्तम् । भवता त्वेकभविकादिप्रकारः पर्यायरूपतयाऽपि कथितः । अतः पर्यायरूपस्य तस्य द्रव्यार्थिकाविषयतया पर्यायार्थिकानां शब्दादीनामेव विषयतया मन्तव्यत्वेन कथं न सूत्र-

---

**શંકા** - માટીદ્રવ્યની અપેક્ષાએ પિંડો ભલે દ્રવ્યરૂપ હો, પણ પોતાના ગુણ-પર્યાયની અપેક્ષાએ કે પોતાની પૂર્વોત્તરકાલીન અવાંતર અવસ્થાઓની અપેક્ષાએ તો એ દ્રવ્ય જ છે. એટલે જ શાસ્ત્રોમાં એને આદિષ્ટદ્રવ્ય કહેવાય છે. એમ, એકભવિકાદિ સાધુ પણ આદિષ્ટદ્રવ્ય જ હોવા જાણવા. માટે એને જોનારા નયો દ્રવ્યાર્થિક જ બની રહેશે, નહીં કે પર્યાયાર્થિક.

**સમાધાન (પૂર્વપક્ષ)** - સાચી વાત. એટલે જ 'ગુણવાન્ જીવ એ સામાયિક છે' આ વાત દ્રવ્યાર્થિકનયોને જ સંમત હોવી કહેવાયેલી છે. નહીંતર તો એ પણ જીવદ્રવ્યની એક ચોક્કસ અવસ્થારૂપ હોવાથી પર્યાયરૂપ બનવાના કારણે પર્યાયાર્થિકનયોનો વિષય કહી શકાત. તેમ છતાં, જો પિંડામાં રહેલ કોઈક ચોક્કસગુણ કે એકભવિકાદિ સાધુમાં રહેલ કોઈક ચોક્કસ ગુણ (યોગ્યતા) જ જો દ્રવ્યનિક્ષેપરૂપે કહેવાય તો એ તો પર્યાય જ છે.

**શંકા** - આમ કહેવામાં તો અનુયોગદ્વારસૂત્રનો વિરોધ થશે. કારણ કે એમાં તો શંખના દ્રવ્યનિક્ષેપ તરીકે એકભવિક, બદ્ધાયુષ્ક અને અભિમુખનામગોત્ર એવા જે ત્રણ પ્રકારો કહેલા છે તેમાંથી નૈગમાદિ ત્રણ નયોને આ ત્રણે પ્રકાર માન્ય છે, ઋજુસૂત્રને બદ્ધાયુષ્ક અને અભિમુખનામગોત્ર એમ બે પ્રકારો માન્ય છે, જ્યારે શબ્દાદિનયોને માત્ર ચરમ અભિમુખનામગોત્ર જ માન્ય છે એમ જણાવેલ છે. તમે તો એકભવિકાદિ પ્રકારને

विरोध इति **चेत्? सत्यं,** तथाप्येकभविकस्य प्रथमप्रकारतयैव तदपेक्ष्य पर्यायरूपत्वं साधितं, वस्तुतस्त्वभिमुखनामगोत्रापेक्षयैव पर्यायरूपत्वं ज्ञेयम् । अर्थादभिमुखनामगोत्रो जीव एव यदा द्रव्यनिक्षेपतृतीयप्रकारतया कथ्यते तदा स द्रव्यार्थिकानामेव द्रव्यनिक्षेपतया संमतः । परन्तु तस्य जीवस्यैतदभिमुखत्वलक्षणः पर्याय एव यदा द्रव्यनिक्षेपतया कथ्यते, तदा स पर्यायार्थिकानां शब्दादीनामेव संमत इत्यर्थः ।

**अथ** भवता पूर्वं यदुक्तं तदनुसारेणैकभविकजीवगतस्य गुणविशेषस्य द्रव्यनिक्षेपत्वमबाधमेव, तस्य च पर्यायतया शब्दादिनयविषयत्वमेवेति शब्दादीनामभिमुखनामगोत्र एव केवलः संमत इत्येतत्कथम् ? शृणु-शब्दादिनया एकभविकं बद्धायुष्कं च (तत्तद्गतगुणविशेषं च) द्रव्यनिक्षेपतयैव न स्वीकुर्वन्ति। इदमत्र रहस्यं-इन्द्रपदवाच्यस्यैवेन्द्रनिक्षेपत्वमिति तु भवतामपि संमतमेव। एकभविकादिसाधोर्वस्तुत इन्द्रत्वाभावेऽपि कारणे कार्यमुपचर्येन्द्रपदवाच्य-

---

પર્યાયરૂપે પણ કહો છો, ને તેથી જ એ દ્રવ્યાર્થિક એવા નૈગમાદિનો વિષય ન રહેવાથી પર્યાયાર્થિક એવા શબ્દાદિનો વિષય છે એમ પણ સૂચિતાર્થરૂપે જણાવો છો, તો અનુયોગદ્વારસૂત્રમાં કહેલી આ વાતનો વિરોધ કેમ નહીં ?

**સમાધાન (પૂર્વપક્ષ)** - બિલકુલ સાચી વાત. આ તો એકભવિક એ પ્રથમ પ્રકાર છે, માટે એની અપેક્ષાએ વાત કરી છે. બાકી અભિમુખનામગોત્રની અપેક્ષાએ જ આ વાત જણાવી. અર્થાત્ અભિમુખનામગોત્ર એવો જીવ જ જો આ ત્રીજા પ્રકારના દ્રવ્યનિક્ષેપ તરીકે કહેવાતો હોય તો એ દ્રવ્યાર્થિકનયોને દ્રવ્યનિક્ષેપ તરીકે માન્ય છે અને આ અભિમુખપણું એ જ જો દ્રવ્યનિક્ષેપ તરીકે કહેવાતું હોય તો એ પર્યાયાર્થિકનયોને દ્રવ્યનિક્ષેપ તરીકે માન્ય છે, એમ અર્થ જાણવો.

**શંકા** - પણ તમે પૂર્વે કહ્યું એ મુજબ એકભવિકમાં રહેલ ચોક્કસ ગુણ એ દ્રવ્યનિક્ષેપ છે જ, ને એ પર્યાયાત્મક હોવાથી શબ્દાદિનયોનો જ વિષય છે. તો પછી શબ્દાદિનયોને માત્ર અભિમુખનામગોત્ર જ માન્ય છે, એવું શા માટે કહ્યું ?

**સમાધાન (પૂર્વપક્ષ) :** એટલા માટે કે શબ્દાદિનયો એકભવિક અને બદ્ધાયુષ્કને (એટલે કે એમાં રહેલા ગુણવિશેષને) દ્રવ્યનિક્ષેપ તરીકે સ્વીકારતા જ નથી. આશય એ છે કે જે 'ઇન્દ્ર'પદવાચ્ય હોય (એટલે કે 'ઇન્દ્ર' તરીકે કહેવાતો હોય) એ જ ઇન્દ્રનો નિક્ષેપ બની શકે છે. એકભવિકાદિ સાધુ કાંઈ વાસ્તવિક ઇન્દ્ર નથી, છતાં એના કારણભૂત હોવાથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને 'ઇન્દ્ર' કહેવાય છે ને તેથી ઇન્દ્રના

त्वमिन्द्रस्य द्रव्यनिक्षेपत्वञ्च प्राप्यते । तत्र नैगमादयस्त्रयो नया एकभविकादिषु त्रिष्वप्युपचारं यतः स्वीकुर्वन्ति, अतस्तेषां ते त्रयोऽपि द्रव्यनिक्षेपतया संमताः । तत्र ऋजुसूत्रो वक्ति- एकभविकस्यातिव्यवहितकारणतया न तत्रेन्द्रोपचार उचितः, अन्यथा भवशतात्पूर्वस्मिन्नपि भवे स किमिति न कर्तव्यः? ततश्च द्विभविकस्त्रिभिविक इत्यादीनामपि प्रकाराणां वक्तव्यत्वापत्तिः। तस्माद् बद्धायुष्काभिमुखनामगोत्रयोर्द्वयोरेवोपचारः कर्तव्यो द्रव्यनिक्षेपत्वञ्च मन्तव्यमिति। अतः शब्दादिनया ऋजुसूत्रं शिक्षन्ते-व्यवहितकारण एकभविके यद्युपचारोऽनुचितस्तर्हि बद्धायुष्केऽप्येवमेव, तस्यापि व्यवहितकारणत्वादेव । अत उत्कृष्टतोऽपि यस्यान्तर्मुहूर्तमेवान्तरं तस्मिन्नभिमुखनामगोत्र एवोपचारः कर्तव्यो द्रव्यनिक्षेपत्वं च मन्तव्यम् ।

ततश्चायमत्र सारो लभ्यते - एकभविकसाधुर्यदा द्रव्यरूपो विवक्षितस्तदा स नैगमादीनां द्रव्यनिक्षेपतया संमतः । तद्गतगुणविशेषात्मकपर्यायरूपो यदा विवक्षितस्तदा नैगमादीनां त्वविषय एव, शब्दादीनां विषयत्वेऽपि तत्रोपचारस्यासंमतत्वादेव नेन्द्रपदवाच्यत्वं द्रव्यनिक्षेपत्वं वा। यदा तु वर्तमानक्षणिकद्रव्यरूपो विवक्षितस्तदा तत्रर्जुसूत्रविषयत्वेऽप्युपचारस्यासंमत-

---

દ્રવ્યનિક્ષેપ તરીકે મળી શકે છે. એમાં નૈગમાદિ ત્રણ નયો એકભવિકાદિ ત્રણેમાં ઉપચાર સ્વીકારતા હોવાથી દ્રવ્યનિક્ષેપ તરીકે માન્ય કરે છે. ઋજુસૂત્રનય એમ કહે છે કે એકભવિક તો બહુ દૂરનું કારણ છે, માટે એમાં 'ઇન્દ્ર'નો ઉપચાર કરી ન શકાય... નહીંતર તો સો ભવ પૂર્વના ભવમાં પણ ઉપચાર કરવો પડે ને તેથી દ્વિભવિક, ત્રિભવિક વગેરે સેંકડો પ્રકાર માનવા પડે. માટે બદ્ધાયુષ્ક અને અભિમુખનામગોત્ર એ બેમાં જ ઉપચાર કરવો ને એ બેને જ દ્રવ્યનિક્ષેપ તરીકે સ્વીકારવા. એટલે શબ્દાદિ નયો ઋજુસૂત્રને કહે છે કે દૂરનું કારણ હોવાથી જો એકભવિકમાં ઉપચાર ન કરી શકાય, તો બદ્ધાયુષ્ક પણ દૂરનું જ કારણ છે, એમાં પણ ઉપચાર ન જ કરી શકાય... માટે એક સમયથી અંતર્મુહૂર્ત સુધીના જ અંતરવાળું - નજીકનું કારણ એવા અભિમુખનામગોત્રમાં જ ઉપચાર કરી શકાય. એટલે એ જ 'ઇન્દ્ર'પદ વાચ્ય છે ને એ જ ઇન્દ્રના નિક્ષેપ તરીકે અમને માન્ય છે.

એટલે સાર આ મળે છે કે - એકભવિક સાધુ જ્યારે દ્રવ્યરૂપે કહેવાય ત્યારે દ્રવ્યનિક્ષેપ તરીકે નૈગમાદિનયોને માન્ય છે. એમાં રહેલા ગુણવિશેષાત્મક પર્યાયરૂપે કહેવાય ત્યારે એ નૈગમાદિનયોનો તો વિષય જ નથી, શબ્દાદિનયોનો એ વિષય છે, પણ એ નયોને એમાં ઉપચાર માન્ય ન હોવાથી એ 'ઇન્દ્ર' જ નથી, ને તેથી ઇન્દ્રના દ્રવ્યનિક્ષેપરૂપ પણ નથી જ. એકભવિકસાધુ તરીકે વર્તમાનક્ષણિક દ્રવ્યને લેવાય તો

त्वान्नेन्द्रपदवाच्यत्वं द्रव्यनिक्षेपत्वं वा ऋजुसूत्रस्य सम्मतम् । इत्थञ्चाजन्मेन्द्रभवायुर्बन्धं यावदक्षणिकं जीवद्रव्यं नैगमादिनयानां द्रव्येन्द्रः । तद्गतो गुणविशेषो वर्तमानक्षणिकतथाभूत-जीवद्रव्यं वा न कस्यापि नयस्य द्रव्येन्द्रः ।

एवं बद्धायुष्कं जीवद्रव्यं नैगमादीनां द्रव्येन्द्रः, वर्तमानक्षणिकतथाभूतजीवद्रव्यं ऋजुसूत्रस्य द्रव्येन्द्रः, तद्गतो गुणविशेषश्च न कस्यापि द्रव्येन्द्रः ।

तथाऽभिमुखनामगोत्रं जीवद्रव्यं नैगमादीनां द्रव्येन्द्रः, वर्तमानक्षणिकतथाभूतजीवद्रव्यं ऋजुसूत्रस्य द्रव्येन्द्रः, अभिमुखनामगोत्रगतो गुणविशेषः शब्दादीनां द्रव्येन्द्र इति ।

**ननु** *'भावं चिय सद्दणया'* (वि.आ.भा. २८४७) इति वचनात् 'शब्दनया भावनिक्षेपमेवेच्छन्ती'ति ज्ञायते, तदत्र कथं *'तिण्णि सद्दणया अभिमुहणामगोत्तं संखं इच्छंति'* त्ति कथितम् ? अभिमुखनामगोत्रस्य द्रव्यशङ्खत्वादिति **चेत् ? सत्यं,** तथापि 'सिद्धस्य गतिश्चिन्तनीये'तिन्यायात् सूत्रसिद्धस्यास्य सङ्गतिश्चिन्तनीयैव । सा चैवं प्रतिभाति-यथा

---

ઋજુસૂત્રનો વિષય છે, પણ એને એ 'ઇન્દ્ર' તરીકે ઉપચારથી પણ માન્ય ન હોવાથી દ્રવ્યનિક્ષેપ તરીકે પણ માન્ય નથી. આમ જન્મથી લઈને આગામી ઇન્દ્રભવનું આયુષ્ય ન બાંધે ત્યાં સુધીનું અક્ષણિક એવું જીવદ્રવ્ય એ નૈગમાદિ ત્રણ નયે દ્રવ્યેન્દ્ર છે. વર્તમાન ક્ષણિકદ્રવ્ય કે એમાં રહેલ ગુણવિશેષ એ કોઈ જ નયના મતે ઇન્દ્રનો દ્રવ્યનિક્ષેપ નથી.

એમ બદ્ધાયુષ્ક જીવદ્રવ્ય જ્યારે દ્રવ્યનિક્ષેપરૂપે કહેવાય ત્યારે એ નૈગમાદિ ત્રણ નયોને માન્ય છે. પણ વર્તમાન ક્ષણિકદ્રવ્ય જો કહેવાય તો એ ઋજુસૂત્રને દ્રવ્યનિક્ષેપ તરીકે માન્ય છે. પરંતુ એમાં રહેલ ગુણવિશેષ તો કોઈ જ નયને દ્રવ્યનિક્ષેપ તરીકે માન્ય નથી.

તથા, અભિમુખનામગોત્ર એવું જીવદ્રવ્ય જ્યારે દ્રવ્યનિક્ષેપરૂપે કહેવાય ત્યારે નૈગમાદિત્રણનયોને માન્ય છે. વર્તમાન ક્ષણિકદ્રવ્ય જો કહેવાય તો ઋજુસૂત્રને માન્ય છે અને એમાં રહેલ ચોક્કસ ગુણ જો દ્રવ્યનિક્ષેપરૂપે કહેવાય તો એ શબ્દાદિનયોને માન્ય છે.

**શંકા**-*भावं चिय सद्दणया* એવા **વિશેષાવશ્યકભાષ્ય** વગેરેના વચનથી જણાય છે કે શબ્દનયો ભાવનિક્ષેપને જ માને છે. તો અનુયોગદ્વારના આ અધિકારમાં ત્રણ શબ્દનયો અભિમુખનામગોત્ર શંખને માને છે એવું કેમ કહ્યું ? કારણ કે એ તો દ્રવ્યશંખ છે.

**સમાધાન** - સાચી વાત છે. છતાં 'જે સિદ્ધ હોય તેની સંગતિ વિચારવી જોઈએ' એવા ન્યાયને અનુસરીને સૂત્રસિદ્ધ એવી આ વાતની પણ સંગતિ વિચારવી જોઈએ. એ

सङ्ग्रहनयस्य सामान्यग्राहित्वेऽपि क्वचिदशुद्धसङ्ग्रहः *कश्चिद्विशेषमप्यभ्युपगच्छति,* एवं शुद्धानां शब्दादीनां भावनिक्षेपमात्रग्राहित्वेऽप्यशुद्धानां तेषां क्वचिद् द्रव्यनिक्षेपग्राहित्वमपि नासम्भवि । यद्वा नैगम-सङ्ग्रह-व्यवहाराणां स्थूलदृष्टितया त्रिविधद्रव्यशङ्खाभ्युपगन्तृत्वमुक्तं, ऋजुसूत्रस्य विशुद्धतया द्विविधद्रव्यशङ्खाभ्युपगन्तृत्वमुक्तम् । अतो 'विशुद्धतरतयैकविधमेव द्रव्यशङ्खमभ्युपगच्छन् नयः कः ?' इति जिज्ञासायां ऋजुसूत्रापेक्षया शब्दादीनामेव विशुद्धतरत्वात्तेषां तदभ्युपगन्तृत्वमत्रोक्तमिति मन्तव्यम् । एतद्विषये किञ्चिदग्रेऽपि (पृ. २९४) वक्ष्यते।

इत्थञ्चानुपयोगलक्षणो द्रव्यनिक्षेपो भूत-भाविभावकारणलक्षणश्च द्रव्यनिक्षेप एतयोर्द्वयोरपि द्रव्यरूपत्वमपि कथनार्हं पर्यायरूपत्वमपि । तत्र तौ द्रव्यरूपौ यो गृह्णाति स द्रव्यार्थिकनयः, यस्तु तौ पर्यायरूपौ गृह्णाति स पर्यायार्थिकनय इति ऋजुसूत्रस्य द्रव्यनिक्षेपसंमतिमात्रेण द्रव्यार्थिकत्वापादनमनुचितमेव ।

किञ्च यथा नय-निक्षेपसंलग्नौ 'द्रव्य'शब्दौ नैकार्थकौ, तथैव भाव-पर्यायशब्दावपि नैकार्थकौ । 'भवनं-विवक्षितक्रियानुभवनं भावः' इति तु निक्षेपसंलग्नभावशब्दस्य व्युत्पत्तिः,

---

આવી હોવી લાગે છે - જેમ સંગ્રહનય સામાન્યગ્રાહી હોવા છતાં ક્યાંક અશુદ્ધસંગ્રહનય કશાક વિશેષને પણ સ્વીકારે છે એમ શુદ્ધ શબ્દનયો ભાવનિક્ષેપને જ માનતા હોવા છતાં તેમના અશુદ્ધ ભેદો ક્યાંક દ્રવ્યનિક્ષેપને પણ માનતા હોય એ અસંભવિત નથી. **અથવા** નૈગમ-સંગ્રહ-વ્યવહારનય સ્થૂલદષ્ટિવાળા હોવાથી ત્રિવિધ દ્રવ્યશંખને માનનારા છે એમ કહ્યું. ઋજુસૂત્ર વિશુદ્ધ હોવાથી બે પ્રકારના દ્રવ્યશંખને માનનારો કહ્યો. એટલે એનાથી પણ વિશુદ્ધતર હોવાથી એક પ્રકારના દ્રવ્યશંખને જ જે માનતો હોય એવો નય કયો ? એવા પ્રશ્નના ઉત્તરમાં ઋજુસૂત્રની અપેક્ષાએ શબ્દાદિનયો જ વિશુદ્ધતર હોવાથી તેઓ એને માને છે એમ અહીં (અનુ૦દ્વારમાં) કહ્યું છે. આ અંગે થોડી સ્પષ્ટતા આગળ (પૃ. ૨૯૪) પણ થશે.

આમ, અનુપયોગરૂપ દ્રવ્યનિક્ષેપ અને ભૂતકાલીન-ભવિષ્યકાલીનભાવના કારણરૂપ દ્રવ્યનિક્ષેપ... આ બન્નેને દ્રવ્યરૂપ હોવા પણ કહી શકાય છે અને પર્યાયરૂપ હોવા પણ કહી શકાય છે. એમાંથી જે નય એ બેને દ્રવ્યરૂપ જુએ છે તે દ્રવ્યાર્થિકનય છે અને જે નય તે બેને પર્યાયરૂપ જુએ છે એ પર્યાયર્થિકનય છે. એટલે દ્રવ્યનિક્ષેપને માનતો હોવામાત્રના કારણે ઋજુસૂત્રનયને દ્રવ્યાર્થિક કહી દેવો એ ઉચિત નથી.

વળી, જેમ નય અને નિક્ષેપ સંબંધી 'દ્રવ્ય' શબ્દો એકાર્થક નથી એમ ભાવ અને પર્યાય શબ્દો પણ એકાર્થક નથી. 'ભવન = વિવક્ષિતક્રિયાનો અનુભવ એ ભાવ છે'

'परितो गमनं - सर्वतो व्याप्तिः पर्यायः' इति तु नयसंलग्नपर्यायशब्दस्येति व्युत्पत्तिभेदेनार्थ-भेदात्। अत एव क्वचिद्द्रव्यमपि भावनिक्षेपतयोच्यत एव । शास्त्रेषु भावेन्द्रतया प्रसिद्धः शक्रपुरंदरादिपर्यायवचनाभिधेय इन्दनादिक्रियानुभूतियुक्तः शचीपतिर्द्रव्यमेव, इन्दनाद्याधारत्वात् । अत एव भावनिक्षेपलक्षणे *भावो विवक्षितक्रियानुभूतियुक्तो हि वै समाख्यातः । सर्वज्ञैरिन्द्रादि-वदिहेन्दनादिक्रियानुभवात्* ॥ इत्येवं क्रियानुभूतियुक्तत्वमुक्तमेव ।

**ननु** शब्दादिनयानामपि भावनिक्षेपसहत्वं शास्त्रेषु कथितमेवेति विवक्षितक्रियानुभूतियुक्तं द्रव्यं भावनिक्षेपतया गृह्णानानां तेषां द्रव्यनिक्षेपत्वं प्रसज्येदिति **चेत् ? न,** तादृग्द्रव्यस्य य ऐश्वर्यादिपर्यायस्तस्यैव तैर्भावनिक्षेपतया ग्रहणात् । एवमेव यो नय इन्द्रे उपयुक्तमात्मानं भावेन्द्रतया गृह्णाति तस्य द्रव्यार्थिकनयत्वमेव, भावेन्द्रतया जीवद्रव्यस्यैव ग्रहणात्, यश्चेन्द्रो-पयोगमेवागमतो भावेन्द्रतया गृह्णाति तस्य पर्यायार्थिकनयत्वमेव, इन्द्रोपयोगस्य पर्यायत्वात् । अत एव नैगमादिनयानां भावनिक्षेपसहत्वमात्रेण यद् द्रव्यार्थिकत्वहानिप्रसञ्जनं, पर्यायार्थिकत्वा-पत्तिप्रसञ्जनं च तत्तुच्छमेव ज्ञेयं, भावनिक्षेपतया द्रव्यस्यैव ग्राहकाणां तेषां द्रव्यार्थिकनयत्वस्य

---

આવી નિક્ષેપસંબંધી 'ભાવ' શબ્દની વ્યુત્પત્તિ છે. 'પરિતઃ = ચારે બાજુથી વ્યાપ્તિ એ પર્યાય છે' આવી નયસંબંધી 'પર્યાય' શબ્દની વ્યુત્પત્તિ છે. એટલે વ્યુત્પત્તિભેદ હોવાથી આ બન્ને શબ્દોના અર્થનો ભેદ છે. એટલે જ ક્યારેક દ્રવ્ય પણ ભાવનિક્ષેપરૂપે કહેવાય જ છે. શાસ્ત્રોમાં ભાવેન્દ્રરૂપે પ્રસિદ્ધ, શક્ર-પુરંદર વગેરે પર્યાયવાચી શબ્દોથી વાચ્ય, ઇન્દનાદિક્રિયાની અનુભૂતિથી યુક્ત એવો શચીપતિ દ્રવ્ય જ છે, કારણ કે ઇન્દનાદિનો આધાર છે. એટલા માટે જ ભાવનિક્ષેપના લક્ષણમાં 'ભાવ એ સર્વજ્ઞો વડે વિવક્ષિતક્રિયાની અનુભૂતિથી યુક્ત કહેવાયેલો છે. જેમકે ઇન્દનક્રિયાનો અનુભવ હોવાથી ઇન્દ્ર એ ભાવઇન્દ્ર છે' આ પ્રમાણે ક્રિયાનુભૂતિયુક્તપણું કહેલ છે.

**શંકા** - 'શબ્દાદિનયો પણ ભાવનિક્ષેપને માને છે' એવું શાસ્ત્રોમાં કહ્યું જ છે. એટલે વિવક્ષિતક્રિયાનુભૂતિયુક્ત દ્રવ્યને ભાવનિક્ષેપ તરીકે ગ્રહણ કરતા તેઓ દ્રવ્યાર્થિકનય જ બની જશે.

**સમાધાન (પૂર્વપક્ષ)** - નહીં બને. કારણ કે તેવા દ્રવ્યના ઐશ્વર્યાદિપર્યાયને જ તેઓ ભાવનિક્ષેપ તરીકે જોશે. એ જ રીતે જે નય ઇન્દ્રના ઉપયોગવાળા આત્માને જ ભાવેન્દ્ર તરીકે જુએ છે તે દ્રવ્યાર્થિકનય જ છે, કારણ કે ભાવેન્દ્ર તરીકે જીવદ્રવ્યને જુએ છે. પણ જે નય ઇન્દ્રના ઉપયોગને જ આગમથી ભાવેન્દ્ર તરીકે જુએ છે તે તો પર્યાયાર્થિક જ છે, કારણ કે ઇન્દ્રોપયોગ પર્યાય છે. એટલે જ નૈગમાદિનયોમાં ભાવનિક્ષેપ

वज्रलेपायितत्वादिति । अत एवा**वश्यकनिर्युक्तेः** '*जीवो गुणपडिवन्नो णयस्स दव्वट्ठियस्स सामइयं । सो चेव पज्जवणयट्ठियस्स जीवस्स एस गुणो ॥७९२॥* त्ति गाथायां किं सामायिकम् ? इति प्रश्ने द्रव्यार्थिकस्य गुणप्रतिपन्नो जीवः सामायिकमिति यदुक्तं तत्र गुणप्रतिपन्नस्य जीवद्रव्यस्य सामायिकत्वकथनेऽपि न तद् द्रव्यसामायिकं, अपि तु भावसामायिकमेव । तथैतद्भावसामायिकमभ्युपगच्छतोऽति नैगमस्य न तदभ्युपगममात्रेण द्रव्यार्थिकत्वव्याहतिः पर्यायार्थिकत्वापत्तिश्च, भावसामायिकतया जीवद्रव्यस्यैवाभ्युपगतत्वात् ।

तथा, यथाऽत्र गुणप्रतिपन्नो जीवोऽपि भावसामायिकतया प्रोक्तो जीवस्य गुणोऽपि तथा प्रोक्त एवमेव सर्वत्र ज्ञेयम् । अत आत्मनोऽनुपयोगो यथा द्रव्यनिक्षेपस्तथैवानुपयुक्त आत्माऽपि द्रव्यनिक्षेपः । समुचितशक्ति(=योग्यता)शाली पिण्डो यथा द्रव्यघटस्तथैव तस्य पिण्डस्य समुचितयोग्यताऽपि द्रव्यघटः । तथोपयुक्त आत्मा यथा भावनिक्षेपस्तथैवात्मन उपयोगोऽपि भावनिक्षेपः । इन्दनादियुक्तः शचीपतिर्यथा भावेन्द्रस्तथैव शचीपतेरिन्दनादिकमपि भावेन्द्रः । अत्र यो यो निक्षेपो द्रव्यरूपः स द्रव्यनिक्षेपो भवतु भावनिक्षेपो वा, तद्ग्राहको

---

સ્વીકારવા માત્રના કારણે પર્યાયાર્થિક બની જવાની આપત્તિ દેખાડવી એ તુચ્છ છે, કારણ કે ભાવનિક્ષેપ તરીકે દ્રવ્યને જ જોનારા તેઓ દ્રવ્યાર્થિકનય હોવાની વાત વજ્રલેપ જેવી દૃઢ છે. એટલે જ **આવશ્યકનિર્યુક્તિ**ની *જીવો ગુણપડિવન્નો... ॥૭૯૨॥* મી ગાથામાં સામાયિક શું છે ? એ પ્રશ્નના ઉત્તર તરીકે દ્રવ્યાર્થિકનયોને 'ગુણપ્રતિપન્નજીવ એ સામાયિક છે' એમ માન્ય છે એવું જે કહ્યું છે તેમાં ગુણયુક્ત જીવદ્રવ્યને સામાયિક તરીકે કહેવા છતાં એ દ્રવ્યસામાયિક નથી, પણ ભાવસામાયિક જ છે તથા આ ભાવસામાયિકને સ્વીકારવા માત્રથી નૈગમનય દ્રવ્યાર્થિક મટી જતો નથી કે પર્યાયાર્થિક બની જતો નથી, કારણ કે ભાવસામાયિક રૂપે જીવદ્રવ્યને જ માનેલું છે.

તથા, જેમ અહીં ગુણયુક્તજીવ પણ સામાયિક તરીકે કહેવાયેલો છે અને જીવનો ગુણ પણ સામાયિક તરીકે કહેવાયેલો છે, એ જ રીતે સર્વત્ર જાણવું. એટલે અનુપયુક્ત આત્મા જેમ દ્રવ્યનિક્ષેપ છે એમ આત્માનો અનુપયોગ પણ દ્રવ્યનિક્ષેપ છે જ. સમુચિતશક્તિ (= યોગ્યતા)વાળો પિંડ જેમ દ્રવ્યઘટ છે એમ એ પિંડની સમુચિત શક્તિ પણ દ્રવ્યઘટ છે જ. તથા, ઉપયુક્ત આત્મા જેમ ભાવનિક્ષેપ છે એમ આત્માનો ઉપયોગ પણ આગમથી ભાવનિક્ષેપ છે જ. ઇન્દનાદિયુક્ત શચીપતિ જેમ ભાવેન્દ્ર છે તેમ શચીપતિના ઇન્દનાદિ પણ ભાવેન્દ્ર છે જ. આમાં જે જે નિક્ષેપ દ્રવ્યાત્મક છે તે દ્રવ્યનિક્ષેપ હોય કે ભાવનિક્ષેપ... તેને ગ્રહણ કરનારો નય દ્રવ્યાર્થિક જ છે, કારણ કે દ્રવ્યનું જ ગ્રહણ

नयो द्रव्यार्थिक एव, द्रव्यस्यैव ग्रहणात् । यो यो पर्यायरूपः सोऽपि द्रव्यनिक्षेपो भवतु, भावनिक्षेपो वा तद्ग्राहको नयः पर्यायार्थिक एव, पर्यायस्यैव ग्रहणात् । ततश्च द्रव्य-भावनिक्षेपत्वे न द्रव्य-पर्यायार्थिकनयत्वयोर्नियामके इति स्थितम् । अर्थाद् नयव्यवस्था ज्ञानापेक्षयैव कर्तव्या, तद्यथा - यद्यन्याविशेषणत्वरूपप्राधान्येन पर्यायो गृह्यते यथा 'जीवगुणः सामायिकं' इत्यत्र, तदा पर्यायार्थिकत्वं, यदि च तथाप्राधान्येन द्रव्यं गृह्यते, यथा 'गुणयुक्तजीवः सामायिक'मित्यत्र, तदा द्रव्यार्थिकत्वमेव । निक्षेपव्यवस्था तु वस्त्वपेक्षयैव कर्तव्या । विवक्षितक्रियानुभूतियुक्तं चेद्वस्तु तदा भावनिक्षेप एव, तच्छून्यं कारणीभूतं चेद्वस्तु तदा द्रव्यनिक्षेप एवेति । तथाऽऽगमतो द्रव्य-भावनिक्षेपार्थमस्ति चेदुपयोगो भावनिक्षेप एव, नास्ति चेद्, द्रव्यनिक्षेप एवेति । विस्तरार्थिनाऽवगाहनीया **निक्षेपविंशिका** ।

इत्थञ्च द्रव्यनिक्षेपसंमतिमात्रेण ऋजुसूत्रनयस्य द्रव्यार्थिकत्वसिद्धिमनोरथो व्यर्थ एवेति स्थितम् ।

**अथैवं** सति 'ऋजुसूत्र आधारांशग्राहितया द्रव्यार्थिक इति नैव सिद्धमिति चेत् ?'

---

કરે છે. જે જે નિક્ષેપ પર્યાયાત્મક છે તે પણ દ્રવ્યનિક્ષેપ હોય કે ભાવનિક્ષેપ, એનો ગ્રાહકનય પર્યાયાર્થિક જ છે, કારણ કે પર્યાયનું જ ગ્રહણ કરે છે. એટલે દ્રવ્ય-ભાવનિક્ષેપપણું દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકપણાના નિયામક નથી એ નિશ્ચિત થાય છે. એટલે કે નયવ્યવસ્થા જ્ઞાનની અપેક્ષાએ જ કરવી જોઈએ. તે આ રીતે-જો અન્યના અવિશેષણરૂપ પ્રધાનતાથી પર્યાય જોવાતો હોય, જેમકે 'જીવગુણ સામાયિક છે' આવો બોધ, તો નય પર્યાયાર્થિક જ છે અને જો એવી પ્રધાનતાથી દ્રવ્ય જોવાતું હોય, જેમકે 'ગુણયુક્ત જીવ સામાયિક છે' આવો બોધ, તો નય દ્રવ્યાર્થિક જ છે. પણ નિક્ષેપની વ્યવસ્થા તો વસ્તુની અપેક્ષાએ જ કરવી જોઈએ. વસ્તુ જો વિવક્ષિત ક્રિયાની અનુભૂતિથી યુક્ત છે, તો ભાવનિક્ષેપ જ છે અને જો એનાથી રહિત છે-પણ કારણભૂત છે, તો દ્રવ્યનિક્ષેપ જ છે. તથા આગમથી દ્રવ્ય-ભાવનિક્ષેપ માટે ઉપયોગ જો છે, તો ભાવનિક્ષેપ જ, જો નથી, તો દ્રવ્યનિક્ષેપ જ. આના વિસ્તાર માટે **નિક્ષેપવિંશિકા** જોવી.

આમ, દ્રવ્યનિક્ષેપના સ્વીકારમાત્રથી ઋજુસૂત્રનયને દ્રવ્યાર્થિક સિદ્ધ કરી દેવાનો મનોરથ વ્યર્થ છે, એ નક્કી થયું. અહીં પૂર્વપક્ષની સામે વચ્ચે કોઈકે કરેલી શંકા અને પૂર્વપક્ષીએ કરેલું એનું સમાધાન પૂર્ણ થયું. એટલે પૂર્વપક્ષ કહે છે.) આમ, 'ઋજુસૂત્ર આધારાંશનો ગ્રાહક હોવાથી દ્રવ્યાર્થિક છે એ વાત સિદ્ધ થતી નથી જ' આવા અધિકાર દ્વારા અમે પૂર્વે (પૃ. ૨૨૮) જે શંકા દેખાડેલી તે તો ઊભી જ રહેલી છે.

इत्यन्तेनाधिकारेण (पृ. २२८) पूर्वमस्माभिरुद्भाविता शङ्काऽनुद्धृतैवेति **चेत् ? सत्यमिष्टं** च, नं ह्यनुचितेन पथा शङ्काऽपनयनं विदुषामिष्टं भवितुमर्हति । तच्छङ्कोद्धारस्योचितः पन्थाऽयम् ।

*जा जयमाणस्स भवे विराहणा सुत्तविहिसमग्गस्स । सा होइ णिज्जरफला अज्झत्थ-विसोहिजुत्तस्स ॥ ओ.नि. ७५९॥* त्ति आगमवचनेन विराधनायां कर्मनिर्जराहेतुत्वं यदुक्तं तद्विषयिणी चर्चा महोपाध्यायै**र्यशोविजयवाचकैर्धर्मपरीक्षाग्रन्थे** कृता । तथा च तत्राधिकारः -*न चेयमनाभोगजन्या वर्जनाभिप्रायवती वा, किन्तु ज्ञानपूर्वकत्वेनर्जुसूत्रमतेन विलक्षणैव सती व्यवहारनयमतेन च विलक्षणकारणसहकृता सती बन्धहेतुरपि निर्जराहेतुः, घटकारणमिव दण्डो घटभङ्गाभिप्रायेण गृहीतो घटभङ्गे ।'* इति ।

अत्रर्जुसूत्रेण विराधना विलक्षणतया प्रोक्ता । अर्थाद् विराधनायां विराधनात्वधर्म-स्त्वस्त्येव, तत्र ज्ञानपूर्वकत्वधर्मप्रवेशात्सा विलक्षणा भवतीत्युक्तं, द्वयोर्धर्मयोरेकत्र समावेशस्तु

---

**ઉત્તરપક્ષ** - તમારી વાત સાચી છે ને ઇષ્ટ પણ છે, કારણ કે અનુચિત રીતે શંકાને દૂર કરવી એ વિદ્વાનોને ઇષ્ટ ન જ હોઈ શકે. તે શંકાને દૂર કરવાની યોગ્ય રીત આ છે -

*"સૂત્રવિધિથી સંપૂર્ણ-જયણાશીલ અને અધ્યાત્મવિશુદ્ધિથી યુક્ત એવા સાધુથી જે વિરાધના થાય છે તે નિર્જરાફલક હોય છે."* (ઓ.નિ. ૭૫૯, પિં.નિ. ૭૬૦) એવા આગમવચન દ્વારા વિરાધનામાં કર્મનિર્જરાની કારણતા જે કહેલી છે તે અંગેની ચર્ચા મહોપાધ્યાય **શ્રી યશોવિજયજી** વાચકે **ધર્મપરીક્ષાગ્રન્થ**માં કરેલી છે. એ અધિકાર આવો છે - *આ વિરાધના અનાભોગજન્ય કે વર્જનાભિપ્રાયવાળી (હું આ વિરાધનાને વર્જું એવા અભિપ્રાયવાળી) હોતી નથી. પરંતુ જ્ઞાનપૂર્વકની હોવાથી ઋજુસૂત્રમતે વિલક્ષણ જ હોય છે અને વ્યવહારનયમતે વિલક્ષણ કારણથી સહકૃત હોવાથી કર્મબંધના બદલે કર્મનિર્જરાનું કારણ બને છે. જેમકે ઘડાનું કારણ એવો પણ દંડ જો ઘડો ભાંગવાના અભિપ્રાયથી વપરાય તો ઘટભંગનું કારણ બને છે. (આશય એ છે કે વિરાધના તો કર્મબંધનું કારણ છે પણ જો એ જ્ઞાનપૂર્વક થાય છે, તો એ કર્મનિર્જરાનું કારણ બને છે. આ અંગે ઋજુસૂત્રનય એમ કહે છે કે જ્ઞાનપૂર્વકની વિરાધના એ વિલક્ષણ જ છે = મૂળ વિરાધના કરતાં સાવ અલગ જ વસ્તુ છે ને તેથી નિર્જરાનું કારણ બને છે. વ્યવહારનય એમ કહે છે કે વિરાધના તો એ જ છે પણ સહકારી કારણ બદલાવાથી કાર્ય બદલાઈ જાય છે. એટલે જ્ઞાનપૂર્વકત્વરૂપ સહકારીકારણ મળવા પર એનાથી નિર્જરા થાય છે.)*

આ અધિકારમાં ઋજુસૂત્રનયે વિરાધના વિલક્ષણ બની જાય છે એ જણાવ્યું છે.

द्रव्य एव सम्भवति, न तु पर्याये, पर्यायाणां सर्वेषां पृथक्त्वात्, एकस्मिन् पर्यायेऽन्यपर्याय-समावेशासम्भवात्, अन्यथा 'द्रव्याश्रिता निष्पर्यायाः पर्यायाः' इति नियमभङ्गापत्तेरिति ऋजुसूत्रसंमताया विराधनाया द्रव्यात्मकत्वं मन्तव्यमेव । एवमेव दण्डे दण्डत्वं तु वर्तत एव, तत्र समुचितसम्बन्धेन घटभङ्गाभिप्रायस्य समावेश ऋजुसूत्रस्य सम्मतः, अतो धर्मद्वय-समावेशाद् दण्डोऽपि द्रव्यतया तस्याभिप्रेत इति सिध्यत्येव ।

**नन्वत्र** '*विलक्षणा*'शब्दो यो वर्तते तेनैतदपि सम्भाव्यत एव यदृजुसूत्रसंमता विराधना पर्यायरूपैव, ज्ञानपूर्वकत्वप्रवेशात् संपन्नो यो विलक्षणः क्षणस्तदवस्थारूपः पर्यायोऽत्रर्जुसूत्रस्य निर्जराहेतुतया संमत इत्यस्य वक्तुं शक्यत्वादिति **चेत्? न,** ऋजुसूत्रेणोभयधर्मपरिणतविल-क्षणक्षणस्य विषयतया स्वीकृतत्वात्। इदमुक्तं भवति-न्यायविशारदश्रीमद्**यशोविजयैः** सन्दृब्ध-स्या**ध्यात्ममतपरीक्षा**ग्रन्थस्य वृत्तौ मोक्षस्य **किं** कारणम् ? ज्ञानं वा चारित्रं वा? इति

---

અર્થાત્ વિરાધનામાં વિરાધનાત્વ ધર્મ તો છે જ, હવે જ્ઞાનપૂર્વકત્વ ધર્મ પ્રવેશવાથી એ વિલક્ષણ બની જાય છે, એમ જણાવ્યું છે. હવે, બે ધર્મો એક જ સ્થાનમાં રહેવા એ તો દ્રવ્યમાં જ સંભવે છે, નહીં કે પર્યાયમાં પણ, કારણ કે પર્યાયો બધા પૃથક્ હોય છે. તે પણ એટલા માટે કે એક પર્યાયમાં બીજા પર્યાયનો સમાવેશ સંભવતો નથી. નહીંતર તો 'પર્યાયશૂન્ય પર્યાયો દ્રવ્યાશ્રિત હોય છે' આવો નિયમ જ ભાંગી જાય. તેથી ઋજુસૂત્ર સંમત વિરાધનાને દ્રવ્યાત્મક જ માનવી પડે છે. એ જ રીતે દંડમાં દંડત્વ તો છે જ. એમાં યોગ્ય સંબંધ દ્વારા ઘટભંગાભિપ્રાયનો સમાવેશ ઋજુસૂત્રને માન્ય છે. આમ બે ધર્મોનો સમાવેશ હોવાથી દંડ પણ દ્રવ્યરૂપે જ એને માન્ય છે એ વાત સિદ્ધ થાય જ છે.

**શંકા** - અહીં विलक्षणा શબ્દ જે છે તેનાથી એ સંભાવના પણ થઈ શકે છે કે - ઋજુસૂત્રને માન્ય વિરાધના પર્યાયરૂપ જ છે, કારણ કે "જ્ઞાનપૂર્વકત્વ ઉમેરાવાથી જે વિલક્ષણ ક્ષણ સંપન્ન થાય છે તે અવસ્થારૂપ પર્યાય ઋજુસૂત્રનયને નિર્જરાના કારણ તરીકે અભિપ્રેત છે" આવું કહી શકાય છે.

**સમાધાન**-આ વાત બરાબર નથી, કારણ કે ઋજુસૂત્રનયે, બન્ને ધર્મોથી પરિણત થયેલ એક વિલક્ષણ ક્ષણને પોતાના વિષય તરીકે સ્વીકારેલ છે. આશય એ છે કે-ન્યાયવિશારદ શ્રીમદ્ **યશોવિજયજી** મહારાજે રચેલ **અધ્યાત્મમતપરીક્ષા**ગ્રન્થની વૃત્તિમાં, મોક્ષનું કારણ શું ? જ્ઞાન કે ચારિત્ર ? એ વિચારણા દરમ્યાન આવો અધિકાર આવે છે-"*વળી, ઋજુસૂત્રનયમતે પણ કેવલજ્ઞાન પણ ક્ષણપરંપરામાં પર્યવસિત થનારું જ છે.*

विचारणायामेवमधिकारो दृश्यते– *''अपि च, ऋजुसूत्रनयमतेऽपि केवलज्ञानमपि क्षणपरम्परा-पर्यवसन्नमेव, तत्र च शैलेशीचरमक्षणो ज्ञानचारित्रभावेन परस्परमुपश्लिष्टस्वभाव एव मोक्षजनक इति तत्क्षणत्वेन द्वयोर्जनकत्वं तुल्यमेव। न च तथाजनकतायामतिप्रसङ्गः, तत्क्षण-परिणतात्मनस्तद्धेतुतया स्याद्वादप्रवेशेनाऽनतिप्रसङ्गात्। न च ज्ञाननिरूपितत्वचारित्रनिरूपितत्व-लक्षणविरुद्धधर्माध्यासादेकस्य तत्क्षणस्य भेदप्रसङ्ग इति वाच्यं, एकत्र ज्ञाने नीलपीतादिनाना-ज्ञेयाकाराणामिवान्यत्रापि युगपन्नानाधर्माणां समावेशस्याविरुद्धत्वादिति दिग्।''* इति । एषोऽधिकारः 'ऋजुसूत्रस्य यः क्षणः सम्मतः स द्रव्यरूपः' इति निःशङ्कं सूचयति, स्वयं धर्मरूपे पर्याये धर्मान्तरसमावेशस्य विरुद्धतया यत्र युगपन्नानाधर्माणां समावेशस्तस्य द्रव्यत्वध्रौव्यात् ।

**नन्वृजुसूत्रान्निर्गततया** कथ्यमानस्य सुगतदर्शनस्य पर्याय एव विषयतया संमतः, आत्मनो विज्ञानत्वेन कल्पनात्, तदुक्तं **न्यायसिद्धान्तमुक्तावल्यां** – *'नन्वस्तु विज्ञानमेवात्मा, तस्य*

---

*એમાં શૈલેશીની ચરમ ક્ષણ, જ્ઞાન-ચારિત્ર એ બન્નેનો સદ્ભાવ હોવાથી પરસ્પર ઉપશ્લિષ્ટ સ્વભાવવાળી જ છે. અર્થાત્ જ્ઞાન અને ચારિત્રનો ઉપશ્લેષ થઈને શૈલેશી ચરમક્ષણ સંપન્ન થયેલ છે 'અને એ મોક્ષજનક બને છે. એટલે એ ચરમક્ષણરૂપે એ બન્નેની મોક્ષકારણતા તુલ્ય જ છે. ''આ રીતે મોક્ષનું કારણ માનવામાં તો અતિપ્રસંગ થશે'' એવું ન કહેવું. કારણ કે તે ક્ષણરૂપે પરિણત આત્મા જ મોક્ષનું કારણ હોવાથી સ્યાદ્વાદનો પ્રવેશ થવાના કારણે અતિપ્રસંગ આવતો નથી. આવી શંકા પણ ન કરવી કે-જ્ઞાનનિરૂપિતત્વ અને ચારિત્રનિરૂપિતત્વરૂપ બે વિરુદ્ધ ધર્મોનો આ ચરમક્ષણમાં સમાવેશ થયો હોવાથી વિરુદ્ધધર્માધ્યાસ થવાથી, અખંડ એવી તે ક્ષણ ખંડિત થઈ જશે. કારણ કે જેમ તમે એકજ્ઞાનમાં જ્ઞેયના નીલ-પીતાદિ અનેક આકારોનો સમાવેશ માન્યો છે એમ અન્યત્ર=ચરમક્ષણમાં પણ એક સાથે અનેક ધર્મોનો સમાવેશ વિરુદ્ધ નથી.''* આ અધિકાર ઋજુસૂત્રનયસંમત ક્ષણ દ્રવ્યરૂપ હોય છે એ વાતનું નિઃશંક સૂચન કરે છે, કારણ કે સ્વયં ધર્મરૂપ પર્યાયમાં અન્ય ધર્મનો સમાવેશ વિરુદ્ધ છે. એટલે જ્યાં એકસાથે અનેક ધર્મોનો સમાવેશ માન્ય હોય તે આધાર 'દ્રવ્ય' હોવો નિશ્ચિત છે.

**શંકા** - ઋજુસૂત્રમાંથી સુગતદર્શન નીકળ્યું છે એમ કહેવાય છે. આ સુગતદર્શનને વિષયરૂપે પર્યાય જ માન્ય છે, કારણ કે એણે આત્માને વિજ્ઞાનરૂપ માન્યું છે. **ન્યાયસિદ્ધાન્તમુક્તાવલી**માં કહ્યું છે કે-(બૌદ્ધદર્શનસંમત આત્માનું નિરૂપણ ચાલુ થાય છે ત્યાં) *''અરે ! એના કરતાં આત્માને ક્ષણિક વિજ્ઞાનરૂપ જ માનો... એ સ્વતઃ પ્રકાશરૂપ*

*स्वत: प्रकाशरूपत्वाच्चेतनत्व*'मितीति तद्मूलभूतस्यर्जुसूत्रस्यापि पर्याय एव विषय इति **चेत्? न,** तस्य विज्ञानस्य प्रकाशरूपत्व-चेतनत्व-ज्ञानसुखाद्याकाररूपानेकधर्माश्रयत्वेन तेन कल्पितत्वाद् द्रव्यत्वानपायात् । किञ्च परमाणुपुञ्जस्तु तस्यापि संमत:, न हि पर्यायाणां पुञ्ज: सम्भवति ।

इत्थञ्च 'ऋजुसूत्रस्य क्षणिकद्रव्यं विषय:' इति सिद्धम् । ततश्च स द्रव्यं यद् गृह्णाति तदर्पयित्वा श्री**जिनभद्रगणि**क्षमाश्रमणादयस्तं द्रव्यार्थिकमाचक्षते। तथा स क्षणिकत्वं यद् गृह्णाति तदर्पयित्वा श्री**सिद्धसेनादिवाकर**प्रमुखास्तं पर्यायार्थिकमाचक्षते । यदा तूभयमर्प्यते तदा स द्रव्यार्थिकोऽपि पर्यायार्थिकोऽपीति ।

**अथ** 'क्षणिकद्रव्य'कथने 'माता मे वन्ध्या'वद् वदतो व्याघातदोष: । यथा 'माता' इत्यनेन पुत्रजननं सूच्यते, 'वन्ध्या' इत्यनेन च पुत्रजननाभाव:, अतो वदतो व्याघात:, एवं 'द्रव्यं' इत्यनेन ध्रुवत्वमुच्यते, 'क्षणिक'इत्यनेन ध्रुवत्वाभाव:, ततश्च कुतो न वदतो व्याघातदोष इति **चेत् ? मैवं,** अभिप्रायापरिज्ञानात् । अयमत्राभिप्राय:-वस्तुतो 'द्रव्य'शब्देन यत्

---

*હોવાથી ચેતન છે."* એટલે એ સુગતદર્શનના મૂળભૂત ઋજુસૂત્રનયનો વિષય પણ પર્યાય જ છે.

**સમાધાન** - આવી શંકા બરાબર નથી, કારણ કે એ દર્શન વડે એ વિજ્ઞાનને પ્રકાશરૂપત્વ-ચેતનત્વ-જ્ઞાનસુખાદિ અનેક આકારરૂપ અનેક ધર્મના આશ્રય તરીકે મનાયેલું હોવાથી દ્રવ્યરૂપ માનવું આવશ્યક છે. વળી પરમાણુપુંજ તો તેઓને સંમત છે જ. પર્યાયોનો પુંજ કાંઈ થઈ શકતો નથી જ. એટલે આ બધી વાતો પરથી ઋજુસૂત્રનો પણ દ્રવ્ય એ વિષય છે એ વાત સિદ્ધ થાય જ છે.

આમ ઋજુસૂત્રનો ક્ષણિકદ્રવ્ય એ વિષય છે એ સિદ્ધ થયું. એટલે એ દ્રવ્યનું જે ગ્રહણ કરે છે એને મુખ્ય કરીને **શ્રીજિનભદ્રગણી**ક્ષમાશ્રમણ વગેરે એને દ્રવ્યાર્થિક કહે છે અને એ ક્ષણિકત્વનું જે ગ્રહણ કરે છે એને મુખ્ય કરીને **શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિ** વગેરે એને પર્યાયાર્થિક કહે છે. જો બન્નેને મુખ્ય કરવામાં આવે તો એ દ્રવ્યાર્થિક પણ છે અને પર્યાયાર્થિક પણ છે.

**શંકા** - ક્ષણિકદ્રવ્ય બોલવામાં તો માતા મે વંધ્યા જેવો વદતો વ્યાઘાત દોષ છે. જેમ, 'માતા' શબ્દથી પુત્રજનન સૂચિત થાય છે અને વાંઝણી શબ્દથી પુત્રજનનાભાવ સિદ્ધ થાય છે. તેથી વદતો વ્યાઘાત (= બોલવાની સાથે જ વચન પૂર્વાપરવિરોધ હોવાથી

कालत्रयेऽप्यविघलितस्वरूपमनादिनिधनं तज्जीवादिकमेवोच्यते, तथापि परिमितकालीना उत्पादविनाशमन्तो घटादयो व्यवहारनयस्य संमता एव । न च ते पर्यायतया संमताः, व्यवहारनयस्य पर्यायार्थिकत्वापत्तेरिति 'व्यवहारनयस्य परिमितकालीनं द्रव्यं विषयः' इत्येव वक्तव्यं स्यात् । तत्किमत्रापि वदतो व्याघातदोषमुद्भावयिष्यषि ? यतो 'द्रव्यं' इत्यनेन ध्रुवत्वं = उत्पाद-विनाशाभावः कथ्यते 'परिमितकालीनं' इत्यनेनाध्रुवत्वं = उत्पादविनाशमत्त्वं कथ्यत इति । **अथ** यथा मनुष्यस्य जीवावस्थाविशेषरूपतया पर्यायत्वेऽपि तस्य बालादयो या अवान्तरावस्थास्ता अपेक्ष्य द्रव्यत्वं कथ्यते तथैव घटादेः पुद्गलद्रव्यस्यावस्थाविशेषरूपतया पर्यायत्वेऽपि तस्य नूतनत्व-पुराणत्वादयो या अवान्तरावस्थास्ता अपेक्ष्य द्रव्यत्वं यदि कथ्यते तदा को वदतो व्याघातदोषः ? किञ्च जीवपुद्गलादेरिव सम्पूर्णस्य ध्रुवत्वस्य यतो मनुष्यादौ

---

તૂટી પડે છે એવો) દોષ છે. એ જ રીતે 'દ્રવ્ય' શબ્દ ધ્રુવતાને જણાવે છે, જ્યારે ક્ષણિક શબ્દ ધ્રુવતાના અભાવને જણાવે છે. તો વદતો વ્યાઘાત દોષ કેમ નહીં ?

**સમાધાન** - આ શંકા બરાબર નથી, કારણ કે અભિપ્રાયને સમજ્યા વિના કરેલી છે. અહીં અભિપ્રાય આવો છે - વસ્તુતઃ દ્રવ્યશબ્દ, જે ત્રણે કાળમાં અવિચલિત સ્વરૂપથી યુક્ત હોય, અનાદિનિધન હોય તે જીવાદિને જ જણાવે છે. તેમ છતાં, પરિમિતકાલીન-ઉત્પાદવિનાશયુક્ત એવા ઘટાદિ પણ વ્યવહારનયને માન્ય તો છે જ. વળી એ કાંઈ પર્યાય તરીકે માન્ય નથી, નહીંતર તો વ્યવહારનયને પર્યાયાસ્તિક કહેવો પડે. તેથી 'વ્યવહારનયને પરિમિતકાલીન દ્રવ્ય માન્ય છે' આમ જ કહેવું પડે. તો શું તમે આમાં પણ વદતો વ્યાઘાત દોષ દર્શાવશો ?, કારણ કે 'દ્રવ્ય' શબ્દ ધ્રુવત્વને = ઉત્પાદ-વિનાશના અભાવને જણાવે છે અને 'પરિમિતકાલીન' શબ્દ અધ્રુવત્વને = ઉત્પાદ-વિનાશવાળાપણાને જણાવે છે.

**પૂર્વપક્ષ** - જેમ મનુષ્ય એ જીવની ચોક્કસ અવસ્થારૂપ હોવાથી પર્યાયસ્વરૂપ તો છે જ, છતાં એની બાળપણ વગેરે જે પેટાઅવસ્થાઓ છે એની અપેક્ષાએ તો એ દ્રવ્યસ્વરૂપ છે જ. એ જ રીતે ઘટાદિ પણ પુદ્ગલની એક ચોક્કસ અવસ્થારૂપ હોવાથી પર્યાયરૂપ હોવા છતાં પોતાની ખુદની નૂતનત્વ-પુરાણત્વ વગેરે જે પેટાઅવસ્થાઓ છે તેની અપેક્ષાએ એને દ્રવ્ય કહી દે તો એમાં વદતો વ્યાઘાત દોષ શું છે ? વળી, જીવ-પુદ્ગલાદિમાં જેમ કેવળ સંપૂર્ણ ધ્રુવત્વ છે એવું મનુષ્યાદિમાં કે ઘટાદિમાં તો નથી જ. એટલે જ એ નિરપેક્ષ શુદ્ધ દ્રવ્ય નથી કહેવાતા, પણ આદિષ્ટદ્રવ્ય જ કહેવાય છે.

घटादौ चाभाव:, अत एव न निरपेक्षं शुद्धं द्रव्यत्वं कथ्यते, अपि त्वादिष्टद्रव्यत्वमेव । **न च**- यथाऽल्पकालोऽपि घट आदिष्टद्रव्यं, तथा तदपेक्षयाऽल्पतरकालीनमपि किञ्चिदादिष्टद्रव्यं भवत्येव । एवं तदल्पतरकालीनवस्त्वपेक्षयाऽपि यदल्पतरकालीनं तदप्यादिष्टद्रव्यं सम्भवत्येव । एवंक्रमेण यत्सर्वाल्पतमकालीनं क्षणिकं वस्तु तस्याप्यादिष्टद्रव्यत्वे को बाध: ? इति **वाच्यं**, यतस्तस्य क्षणिकतया काऽवान्तरावस्था यामपेक्ष्यादिष्टद्रव्यत्वं कथ्येत। किञ्च तथापि तस्यादिष्टद्रव्यत्वकल्पनायां घटतुल्यत्वमेव स्यादिति तद्ग्राहिणो बोधस्यापि व्यवहारनय एवान्तर्भावादृजुसूत्रस्य निर्विषयत्वापत्तिरिति **चेत् ? सत्यं**, घटादीनां तु यावानवस्थानकालस्तावत्कालं घटादितयोत्पादविनाशाभावाद् ध्रुवत्वं सम्भवत्यपि, क्षणिकस्य तु क्षणमात्रस्थायित्वाद् न ध्रुवत्वसम्भव इति ध्रौव्यांशलक्षणं द्रव्यं पुरस्कृत्य 'क्षणिकद्रव्य'मिति कथने वदतो व्याघातदोष आपतेदेव । परन्तु ध्रौव्यांशो नैक एव द्रव्यस्य लक्षणं, आधारांशस्यापि तल्लक्षणत्वादिति गुणानां क्षणिकाधारतया घटादिकं गृह्णत ऋजुसूत्रस्य क्षणिकद्रव्यं विषय इति कथने को वदतो व्याघात:? यतश्च स आदिष्टद्रव्यं न गृह्णाति, अतस्तस्य न व्यवहारेऽन्तर्भावो न वा व्यवहारवद् द्रव्यार्थिकत्वमेव, यतश्च स आधारांशमपि गृह्णाति, अतस्तस्य न शब्दादिष्वन्तर्भावो न वा पर्यायार्थिकत्वमेवेति तस्य स्वतन्त्रनयत्वं द्रव्य-

---

**શંકા** - જેમ અલ્પકાલીન એવો પણ ઘટ આદિષ્ટદ્રવ્ય છે એમ, એની અપેક્ષાએ પણ અલ્પતરકાલીન એવી કોઈક વસ્તુ આદિષ્ટદ્રવ્ય બનશે જ. વળી એ અલ્પતરકાલીન વસ્તુની અપેક્ષાએ પણ જે વધારે અલ્પતરકાલીન વસ્તુ હશે એ પણ આદિષ્ટદ્રવ્ય હોવી તો સંભવે જ છે. આ જ ક્રમે જે સર્વઅલ્પતમકાલીન ક્ષણિક વસ્તુ, તે પણ આદિષ્ટદ્રવ્ય હોવામાં શું વાંધો છે ?

**સમાધાન (પૂર્વપક્ષ)** - એમાં વાંધો એ છે કે એ ક્ષણિક હોવાથી એની કોઈ અવાન્તર અવસ્થા છે જ નહીં જેની અપેક્ષાએ એને આદિષ્ટ દ્રવ્ય કહી શકાય અને છતાં એને આદિષ્ટદ્રવ્ય કહેવામાં તો એ ઘટતુલ્ય જ બની જવાથી એનો ગ્રાહક બોધ વ્યવહારમાં જ અંતર્ભાવ પામી જવાથી ઋજુસૂત્રનો કોઈ વિષય જ નહીં રહે.

**ઉત્તરપક્ષ** - તમારી વાત સાચી છે. ઘટાદિનો તો જેટલો અવસ્થાનકાળ હોય એટલો કાળ ઘટાદિરૂપે ઉત્પાદ-વિનાશ ન હોવાથી ધ્રુવત્વ સંભવે પણ છે. ક્ષણિક તો ક્ષણમાત્ર સ્થાયી હોવાથી ધ્રુવત્વ સંભવતું નથી જ. એટલે ધ્રૌવ્યાંશરૂપ દ્રવ્યને નજરમાં રાખીને 'ક્ષણિક દ્રવ્ય' કહેવામાં વદતો વ્યાઘાત દોષ છે જ. પરંતુ દ્રવ્યનું ધ્રૌવ્યાંશ એ જ એક સ્વરૂપ છે, એવું નથી. આધારાંશ પણ એનું લક્ષણ છે જ. એટલે ગુણોના ક્ષણિક

पर्यायार्थिकनययोरन्तराले (=द्रव्यार्थिकनयानां पश्चात् पर्यायार्थिकनयानां च पूर्वं) निर्देशश्चेति मेऽभिप्रायः ।

**ननु** यथा क्षणिकद्रव्यग्राही स्वतंत्रो नय ऋजुसूत्रतया प्रोक्तस्तथा नित्यपर्यायग्राह्यप्येकः स्वतंत्रो नयः कथनीयः, तस्य च नित्यत्वग्राहितया द्रव्यार्थिकत्वं, पर्यायग्राहितया च पर्यायार्थिकत्वमपीति **चेत्? न,** वदतो व्याघातदोषापातात्, 'नित्य'शब्देन नित्यत्वस्य 'पर्याय'-शब्देन च तदभावस्य ख्याप्यमानत्वात् । **न च** यथा ऋजुसूत्रनयविषये क्षणिकद्रव्ये भवता वदतोव्यघातदोषवारणार्थं ध्रौव्यलक्षणं द्रव्यांशं परित्यज्याधारांशलक्षणो द्रव्यांशो गृहीतस्तथा-ऽस्माभिरपि क्षणिकत्वलक्षणं पर्यायांशं तद्दोषवारणार्थं परित्यज्यते, आधेयांशलक्षणं पर्यायांशं च गृह्यते, ततश्च को वदतो व्याघातदोष इति **वाच्यं,** पर्यायाणामंशाभावात् । **ननु** पर्यायाणा-मप्यंशाः शास्त्रेषु कथिता एव । तथाहि-*'उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्'* इत्यत्रोत्पादव्ययौ

---

આધાર તરીકે ઘટાદિને જોનારા ઋજુસૂત્રનો ક્ષણિકદ્રવ્ય એ વિષય છે એવું કહેવામાં શું વદતો વ્યાઘાત છે ?. વળી એ આદિષ્ટદ્રવ્યને જોનારો નથી, માટે નથી એનો વ્યવહારમાં અંતર્ભાવ કે નથી એ વ્યવહારનયની જેમ માત્ર દ્રવ્યાર્થિક. વળી એ આધારાંશને પણ જોનારો છે, માટે નથી એનો શબ્દાદિમાં અન્તર્ભાવ કે નથી એ માત્ર પર્યાયાર્થિક. તેથી એ સ્વતંત્રનય છે અને એનો દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયની વચમાં (= દ્રવ્યાર્થિકનયોની પછી અને પર્યાયાર્થિકનયોની પહેલાં) ઉલ્લેખ છે, આવો મારો અભિપ્રાય છે.

**શંકા**-જેમ ક્ષણિકદ્રવ્યગ્રાહી એવો સ્વતંત્ર ઋજુસૂત્રનય કહ્યો છે એમ નિત્યપર્યાયગ્રાહી પણ એક સ્વતંત્રનય કહેવો જોઈએ અને નિત્યગ્રાહી છે, માટે દ્રવ્યાર્થિક છે અને પર્યાયગ્રાહી છે માટે પર્યાયાર્થિક પણ છે.

**સમાધાન**-આવી શંકા ન કરવી, કારણ કે એમાં વદતો વ્યાઘાત દોષ છે. તે પણ એટલા માટે કે 'નિત્ય' શબ્દ નિત્યતાને જણાવે છે જ્યારે 'પર્યાય' શબ્દ એના અભાવને જણાવે છે.

**શંકા** - જેમ ઋજુસૂત્રનયના વિષય ક્ષણિકદ્રવ્યમાં વદતો વ્યાઘાતદોષ ટાળવા ધ્રૌવ્યાંશદ્રવ્યને છોડીને આધારાંશદ્રવ્ય લો છો, એમ અમે પણ એ દોષને વારવા માટે ક્ષણિકત્વ રૂપ પર્યાયને છોડીને આધેયાંશરૂપ પર્યાયને લઈશું, પછી શું વદતો વ્યાઘાતદોષ ?

**સમાધાન** - આવું ન કહેવું, કારણ કે પર્યાયના અંશો હોતા નથી.

**શંકા** - અરે ! પર્યાયના અંશો પણ શાસ્ત્રોમાં કહેલા જ છે. તે આ રીતે - ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત સત્-આમાં ઉત્પાદ-વ્યયપદ પર્યાયના ક્ષણિકત્વાંશને જણાવે છે.

पर्यायस्य क्षणिकत्वं कथयतः। *'गुण-पर्यायवद् द्रव्यम्'* इत्यत्र 'गुण-पर्यायवद्' इति पदं गुण-पर्यायाणामाधेयत्वं कथयति । ततश्च पर्यायाणामंशाभावः कथ्यमानः कथं शोभेत? इति **चेत् ? न,** क्षणिकत्वांश-आधेयत्वांशयोः पृथक्त्वाभावात् । अयम्भावः - यथा द्रव्यार्थिकेषु सामान्यग्राहिणौ द्वौ नयौ नैगम-सङ्ग्रहाख्यौ, द्रव्यांशभूतयोस्तिर्यगूर्ध्वतासामान्ययोः पृथक्त्वात्, परन्तु विशेषग्राही त्वेक एव व्यवहारनयः, विशेषयोः पृथक्त्वाभावात्। **न च** विशेषावपि द्विविधावेव, ऊर्ध्वतासामान्यप्रतिपक्षी विशेषः, तिर्यक्सामान्यप्रतिपक्षी चेति **वाच्यं,** तयोर्द्वयोरपि पृथक्त्वाभावात् । अत्र द्वाभ्यां हेतुभ्यां तत्पृथक्त्वाभावसिद्धिः प्रदर्श्यते। (१) यदि सामान्यवद् विशेषयोरपि पृथक्त्वं स्यात् तदा सामान्यग्राहिणौ यथा द्वौ नयौ स्वतन्त्रावुक्तौ तथैव विशेषग्राहिणावपि द्वौ नयौ कथितावुपलभ्येयाताम् । न चोपलभ्येते । ततश्च व्यवहारनयो यं विशेषं गृह्णाति तदन्येन विशेषेण किमपराद्धं येनाकालं कदाचिदपि क्वचिदपि केनचिदपि स नैव गृह्यते । गृह्यते चेत्तद्ग्राहिणा नयेन भवितव्यमेव । न च स्वतन्त्रः कोऽपि नयः

---

'ગુણપર્યાયવદ્ દ્રવ્યં' આમાં 'ગુણ-પર્યાયવદ્' એવું પદ ગુણ-પર્યાયના આધેયત્વાંશને જણાવે છે. પછી, પર્યાયોના અંશ હોતા નથી એવું કહેવું શી રીતે શોભે ?

**સમાધાન** - ક્ષણિકત્વાંશ અને આધેયત્વાંશ એ અલગ-અલગ ન હોવાથી આવી શંકા બરાબર નથી. કહેવાનો ભાવ એ છે કે - દ્રવ્યાંશરૂપ તિર્યક્સામાન્ય અને ઊર્ધ્વતા સામાન્ય અલગ-અલગ હોવાથી દ્રવ્યાર્થિકનયોમાં સામાન્યગ્રાહી નયો બે છે - નૈગમ અને સંગ્રહ. પણ વિશેષગ્રાહી તો વ્યવહારનય એક જ છે, કારણ કે બે વિશેષો અલગ-અલગ નથી.

**શંકા** - વિશેષો પણ બે પ્રકારના અલગ-અલગ છે જ ને ! ઊર્ધ્વતાસામાન્યનો પ્રતિપક્ષી વિશેષ અને તિર્યક્સામાન્યનો પ્રતિપક્ષી વિશેષ.

**સમાધાન** - એ બે અલગ-અલગ ન હોવાથી તમારી શંકા બરાબર નથી. એ બે અલગ-અલગ ન હોવામાં બે હેતુ દર્શાવીએ છીએ. (૧) જો સામાન્યની જેમ વિશેષ પણ સ્વતંત્ર બે પ્રકારના હોત તો સામાન્યગ્રાહી જેમ બે સ્વતંત્ર નય કહ્યા છે તેમ વિશેષગ્રાહી બે સ્વતંત્ર નય પણ કહેલા જોવા મળત, પણ મળતા નથી. એટલે વ્યવહારનય જે વિશેષનું ગ્રહણ કરે છે તે સિવાયના અન્ય વિશેષે શું અપરાધ કર્યો છે કે જેથી ત્રણે કાળમાં ક્યારેય પણ ક્યાંય પણ કોઈપણ એનું ગ્રહણ કરતું નથી ? જો કોઈ ગ્રહણ કરતું હોય તો એનો ગ્રાહકનય પણ હોવો જ જોઈએ. પણ એવો સ્વતંત્ર કોઈ નય શાસ્ત્રોમાં કહ્યો નથી. એટલે વ્યવહારનય જ એક જ બોધ વડે એ બન્નેનું ગ્રહણ કરે

कथित इति व्यवहारनय एवैकेन बोधेन तौ द्वावपि गृह्णातीत्यनिच्छतापि मन्तव्यमेव । अतो ग्रहणापेक्षया तौ न पृथगिति सिध्यत्येव । (२) कम्बुग्रीवादिमन्तं पुरःस्थितमर्थमुद्दिश्य प्रादुर्भूतं व्यवहारनयानुसारि 'अयं घटः' इति ज्ञानं पिण्ड-शिवकादिष्वन्वयि घटलक्षणमूर्ध्वता-सामान्यं यथा व्यच्छिनत्ति तथैव तत्तद्घटव्यक्तिषु स्थितं घटलक्षणं तिर्यक्सामान्यमपि व्यवच्छिनत्त्येव, न तद्व्यवच्छेदार्थमन्यज्ज्ञानमपेक्षणीयमिति सामान्यद्वयव्यच्छेदकज्ञानविषयतयापि तौ न पृथगिति सिध्यत्येव ।

एवमेव पर्यायस्य क्षणिकत्वाधेयत्वयोर्द्वयोरंशयोर्ज्ञेयम्। नयानां पञ्चविधत्वकल्पनायां पर्यायार्थिकनयस्त्वेकः शब्दनय एव। स यमंशं गृह्णाति तदन्येन पर्यायांशेन किमपराद्धं येन न कश्चिदपि कदाचिदपि क्वचिदपि तं गृह्णाति? **न च** नयानां सप्तविधत्वकल्पनायां पर्यायार्थिकनयानां त्रिकत्वात्तेभ्य एको नयस्तं गृह्णात्विति **वाच्यं,** शब्द-समभिरूढैवम्भूतनया-नामेवंविधविषयभेदाभावात्। अत एव प्रस्थक-वसति-नमस्कारोत्पत्त्यादिकेषु बहुषु दृष्टान्तेषु

---

છે, એમ અનિચ્છાએ પણ માનવું પડે છે. એટલે ગ્રહણની અપેક્ષાએ એ બન્ને અલગ નથી - એમ સિદ્ધ થાય છે જ. (૨) આગળ રહેલા કમ્બુગ્રીવાદિમાન્ પદાર્થને જોઈને વ્યવહારનયાનુસારી થયેલું अयं घटः જ્ઞાન, પિંડ-શિવકાદિમાં અન્વયી ઘટાત્મક ઊર્ધ્વતાસામાન્યનો જેમ વ્યવચ્છેદ કરે છે એમ તે તે ઘટવ્યક્તિમાં રહેલ ઘટાત્મક તિર્યક્સામાન્યનો પણ વ્યવચ્છેદ કરે જ છે. એનો વ્યવચ્છેદ કરવા માટે કાંઈ કોઈ બીજા જ્ઞાનની જરૂર પડતી નથી. માટે બે પ્રકારના સામાન્યનો વ્યવચ્છેદ કરનાર જ્ઞાનના વિષયરૂપે પણ તે બે અલગ નથી એ સિદ્ધ થાય જ છે.

આવું જ પર્યાયના ક્ષણિકત્વાંશ અને આધેયત્વાંશ અંગે જાણવું જોઈએ. નયના પાંચ પ્રકાર માનવાની કલ્પનામાં પર્યાયાર્થિકનય તો એક શબ્દનય જ છે. તે જે અંશનું ગ્રહણ કરે છે, એ સિવાયના અન્ય અંશે શું અપરાધ કર્યો છે કે જેથી ત્રણે કાળમાં ક્યારેય પણ ક્યાંય પણ કોઈપણ એનું ગ્રહણ કરતું નથી ?

**શંકા** - પણ નયો તો સાત પણ છે ને. એમાં પર્યાયાર્થિક નયો ત્રણ છે. એ ત્રણમાંનો કોઈપણ એક નય એનું ગ્રહણ કરો ને !

**સમાધાન** - શબ્દ-સમભિરૂઢ-એવંભૂતનયોમાં આવો વિષયભેદ ન હોવાથી તમારે આવું કહેવું ન જોઈએ.

એટલે જ પ્રસ્થક-વસતિ-નમસ્કારની ઉત્પત્તિ વગેરે ઘણા દૃષ્ટાન્તોમાં શબ્દાદિ ત્રણે નયોનું લગભગ સમાન પ્રતિપાદન જ જોવા મળે છે. અથવા તો પછી તમે જ કહો

शब्दादीनां त्रयाणां नयानां समानमेव प्रतिपादनमुपलभ्यते । अथवा भवानेव कथयतु को नयः क्षणिकत्वांशं गृह्णाति, कश्चाधेयत्वांशं, कं चांशमवशिष्टो नय इति। किञ्च घटनपर्यायग्राहिणा पर्यायार्थिकनयानुसारिणा 'अयं घटः' इति ज्ञानेन यथा ध्रुवत्वांशस्य व्यवच्छेदो भवति तथैवाधारत्वांशस्य व्यवच्छेदोऽपि भवत्येव, न तदर्थमन्यज्ज्ञानमपेक्षणीयं भवति। ततश्च पर्यायस्य क्षणिकाधेयत्वांशौ न ग्रहणापेक्षया पृथग् न वा ध्रुवत्वाधारत्वलक्षणद्रव्यांशद्वयव्यवच्छेदक-ज्ञानविषयतया पृथगिति पर्यायाणां पृथगंशाभावः कथ्यमानः कथं न शोभेत? शोभेतैवेत्यर्थः ।

ननु क्षणिकद्रव्यकथनं शोभते नित्यपर्यायकथनं तु नेत्येतत् कथम् ? शृणु–यस्य दीर्घोऽवस्थानकालस्तस्य कयाचिदपेक्षयाऽल्पकालावस्थानं कथ्यमानं सम्भवति, परन्तु यः स्वत एव क्षणिकस्तस्य कयाचिदप्यपेक्षया दीर्घकालावस्थानं नैव सम्भवति । अयम्भावः –यो रूप्यकदशकं धारयति, कयाचिदपेक्षया 'स एकं रूप्यकं धारयति' इति कथनं सम्भवति, परन्तु यः स्वत एवैकमेव रूप्यकं धारयति तमुद्दिश्य 'स रूप्यकदशकं धारयति' इति कथनं कयाचिदप्यपेक्षया नैव सम्भवति । एवमेव प्रस्तुतेऽपि ज्ञेयम् ।

ननु परिमितकालोऽपि घट आदिनैगमेन यथाऽनादिनिधनोऽनुत्पन्नो मन्यते तथा

---

કે કયો નય ક્ષણિકત્વાંશને જુએ છે અને કયો નય આધેયત્વાંશને જુએ છે અને કયા અંશને અવશિષ્ટનય ગ્રહણ કરે છે ? વળી, પર્યાયાર્થિકનયાનુસારી ઘટનપર્યાયગ્રાહી અયં ઘટઃ એવું જ્ઞાન જેમ ધ્રુવત્વાંશનો વ્યવચ્છેદ કરે છે એમ આધારાંશનો વ્યવચ્છેદ પણ કરે જ છે, એના માટે કાંઈ કોઈ અન્ય જ્ઞાન જરૂરી હોતું નથી. એટલે પર્યાયના ક્ષણિકત્વ અને આધેયત્વ આ બે અંશો નથી ગ્રહણની અપેક્ષાએ પૃથગ્ કે નથી ધ્રુવત્વ-આધારત્વ રૂપ બે દ્રવ્યાંશના વ્યવચ્છેદક જ્ઞાનના વિષયરૂપે પૃથગ્. પછી, પર્યાયોના પૃથક્ અંશ હોતા નથી એવું કહેવું શા માટે ન શોભે ? અર્થાત્ શોભે જ.

**પ્રશ્ન** - ક્ષણિકદ્રવ્ય કહી શકાય અને નિત્ય પર્યાય ન કહી શકાય, આવું શા માટે ?

**ઉત્તર** - જેનો દીર્ઘઅવસ્થાનકાળ હોય એનું કોઈક અપેક્ષાએ અલ્પકાળાવસ્થાન કહી શકાય છે. પણ જે સ્વતઃ જ ક્ષણિક છે તેનું કોઈપણ અપેક્ષાએ દીર્ઘકાળ અવસ્થાન કહેવું ન જ સંભવે ને. આશય એ છે કે જેની પાસે ૧૦ રૂપિયા હોય એનો કોઈક અપેક્ષાએ 'એક રૂપિયાવાળો છે' એવો ઉલ્લેખ થઈ શકે. પણ જે સ્વતઃ જ એક જ રૂપિયો ધરાવે છે એનો 'એ દશ રૂપિયાવાળો છે' એવો ઉલ્લેખ કોઈપણ અપેક્ષાએ ન જ થઈ શકે ને ! આવું જ પ્રસ્તુતમાં જાણવું.

**શંકા** - જેમ પરિમિતકાળવાળો એવો પણ ઘડો આદિનૈગમનય વડે અનાદિનિધન

क्षणिकोऽपि पर्याय: केनचिन्नयेन ध्रुवो मन्यतां, को दोष: ? तस्य नयस्य द्रव्यार्थिकत्वस्या-*वश्यंभावान्नैगम एवान्तर्भावेन तव स्वतन्त्रनयसाधनमनोरथस्य भूसाद्भवनमेव दोष इति* जानीहि । अयम्भाव: - व्यवहारनयेन यदा घटाभाव: कथ्यते तदा पिण्डादिकाले नैगमनयो योग्यतामेव घटतया जानाति वक्ति च । इयं योग्यतैवौघशक्ति: समुचितशक्तिर्वोच्यते । सा तु द्रव्यमेवेति नैगमवत्पूर्वकालेऽप्यस्तित्वं स्वीकुर्वतो नयस्य द्रव्यार्थिकत्वमेव । ततश्च स नैगम एव, न स्वतन्त्र: कश्चिन्नय: ।

इत्थञ्च नित्यपर्यायस्य वस्तुतोऽसम्भवाद् ज्ञानविषयतयाऽपि चासम्भवान्न तद्ग्राही कोऽपि नय: सम्भवतीति स्थितम् । अत एव द्रव्यार्थिकनयदशप्रकाराणां निरूपणानन्तरं दिक्पट**देवसेना**चार्येण **नयचक्र**ग्रन्थे पर्यायार्थिकषड्भेदनिरूपणावसरे प्रथमोऽनादिनित्यपर्याया-र्थिकनयो यो निरूपितस्तस्य दृष्टान्ततया पुद्गलपर्यायरूपमेरुप्रमुखो य: कथितस्तत्सङ्गतिर्महो-पाध्यायै: **'द्रव्य-गुण-पर्यायनो रास'** ग्रन्थे प्रवाहत एव कृता । पुद्गलपर्यायास्तु क्षणिका

---

અને અનુત્પન્ન મનાય છે તેમ ક્ષણિક એવો પણ પર્યાય કોઈક નય વડે ધ્રુવ મનાય તો શું વાંધો છે ?

**સમાધાન** - એ નય અવશ્ય દ્રવ્યાર્થિક બની જવાથી નૈગમમાં જ અંતર્ભાવ પામી જવાના કારણે તારો સ્વતંત્રનય સિદ્ધ કરવાનો મનોરથ જમીનદોસ્ત થઈ જવો એ જ વાંધો છે. આશય એ છે કે વ્યવહારનયે જ્યારે ઘડાનો અભાવ છે ત્યારે = પિંડાદિકાળે નૈગમનય યોગ્યતાને જ ઘડા તરીકે જુએ છે અને કહે છે. આ યોગ્યતા જ ઓઘ શક્તિ કે સમુચિત શક્તિ કહેવાય છે. એ તો દ્રવ્ય જ છે, એટલે નૈગમની જેમ પૂર્વકાળમાં પણ અસ્તિત્વ જોનાર નય દ્રવ્યાર્થિક જ હોય શકે અને તો પછી તો એ નૈગમનય જ છે, નહીં કે કોઈ સ્વતંત્ર નય.

આમ, નિત્યપર્યાય વસ્તુતઃ અસંભવિત હોવાથી જ્ઞાનના વિષય તરીકે પણ અસંભવિત જ હોવાના કારણે તેનો ગ્રાહક કોઈ નય હોવો સંભવતો નથી, એ નિશ્ચિત થયું. એટલે જ દ્રવ્યાર્થિકનયના દસ પ્રકારોનું નિરૂપણ કર્યા પછી દિગંબરાચાર્ય **દેવસેને નયચક્ર** ગ્રન્થમાં પર્યાયાર્થિકના છ ભેદોનું નિરૂપણ કરવાના અવસરે પ્રથમ અનાદિનિત્યપર્યાયાર્થિક-નય જે કહ્યો છે, ને એના દૃષ્ટાન્ત તરીકે પુદ્ગલપર્યાયરૂપ મેરુ વગેરે જે કહ્યા છે તેની સંગતિ મહોપાધ્યાય**શ્રીયશોવિજયજીએ 'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ'** ગ્રન્થમાં પ્રવાહથી જ કરી છે. પુદ્ગલપર્યાયો તો ક્ષણિક જ છે, પરંતુ પ્રવાહથી અનાદિકાળથી તે પર્યાયો એ રીતે પ્રાદુર્ભાવ પામે છે કે જેથી મેરુનાં સ્થાન-સંસ્થાન-પરિમાણ વગેરે જેવા પૂર્વે

एव, परन्तु प्रवाहतोऽनादिकालात् ते तथा प्रादुर्भवन्ति यथा मेरोः स्थान-संस्थान-परिमाणादयो यथा पूर्वं छद्मस्थैर्दृष्टास्तथैवाद्यापि दृश्यन्ते, अनन्तकालानन्तरमपि तथैव प्रेक्ष्यन्तेऽतस्तेषामनादि-नित्य-पर्यायतया व्यपदेशः, वस्तुतस्तु ते न तथा । पुद्गलानां चयापचयौ भवत एव, तत्साकं पर्यायाणां परिवर्तनमपि भवत्येव । अत एव **महोपाध्यायै**स्तस्मिन्नेव ग्रन्थ एतेषां दशषट्प्रकाराणां यथायोग्यं सङ्ग्रह-व्यवहार-ऋजुसूत्रादिषु नयेष्वन्तर्भावः कथितः । न तु स्वतन्त्रो कश्चिन्नय उक्तः ।

इत्थञ्च नित्यपर्यायग्राही न कोऽपि नय इति स्थितम् ।

**ननु** द्रव्य-पर्यायात्मकस्य वस्तुनो द्रव्यांशस्य त्रैविध्यादेकं द्रव्यांशमेकं च पर्यायांशमादाय यथर्जुसूत्रो नयः प्रवृत्तस्तथा सामान्य-विशेषात्मकस्य वस्तुनः सामान्यांशस्य द्वैविध्यादेकं सामान्यांशमेकं च विशेषांशमादाय कश्चित्स्वतन्त्रो नयः प्रवर्तन्तामिति **चेत्** ? न, स्वतन्त्र-नयस्यासम्भवाद्। इदमुक्तं भवति-ऊर्ध्वतासामान्येन सह तत्प्रतिपक्षिविशेष एव यदा संयुज्यते तदा प्रवर्तमानस्य नयस्याविशुद्धनैगमतया नैगमे एवान्तर्भावः। यथा-पिण्डादारभ्य कपालपर्यन्त-मेव घटं स्वीकुर्वाणो नयः, अनादिनिधनघटसामान्यापेक्षयाऽस्य घटस्य विशेषरूपत्वात् । तथोर्ध्वतासामान्येन सह तिर्यक्सामान्यप्रतिपक्षिविशेषो यदा संयुज्यते तदापि नैगम एव

---

છદ્મસ્થોએ જોયેલા એવા જ આજે પણ દેખાય છે અને અનંતકાળ પછી પણ દેખાશે. માટે એમનો અનાદિનિત્યપર્યાયરૂપે ઉલ્લેખ છે, વસ્તુતઃ કાંઈ તેઓ તેવા નથી. પુદ્ગલોનો ચય-અપચય થાય જ છે, એની સાથે પર્યાયોનું પરિવર્તન પણ થાય જ છે. માટે જ મહોપાધ્યાયજીએ એ જ ગ્રન્થમાં આ ૧૦ અને છ પ્રકારોનો અન્તર્ભાવ યથાયોગ્ય સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્રાદિમાં જણાવેલો છે, પણ સ્વતંત્ર કોઈ નય કહેલો નથી.

આમ, નિત્યપર્યાયગ્રાહી કોઈ નય છે નહીં એ સિદ્ધ થયું.

**શંકા** - જેમ દ્રવ્ય-પર્યાયાત્મક વસ્તુનો દ્રવ્યાંશ ત્રિવિધ હોવાથી એક દ્રવ્યાંશ અને એક પર્યાયાંશને જોનારો ઋજુસૂત્રનય પ્રવૃત્ત થયેલો છે. તો તેમ, સામાન્ય-વિશેષાત્મક વસ્તુનો સામાન્યાંશ દ્વિવિધ હોવાથી એક સામાન્યાંશ અને એક વિશેષાંશને જોનારો પણ એક સ્વતંત્ર નય પ્રવૃત્ત થવો જોઈએ ને !

**સમાધાન** - ના, કારણ કે સ્વતંત્ર નય સંભવતો નથી. કહેવું એ છે કે - ઊર્ધ્વતાસામાન્યની સાથે એનો જ પ્રતિપક્ષી વિશેષ પણ જ્યારે જ્ઞાનમાં જોડાય છે ત્યારે પ્રવૃત્ત થનાર નય અવિશુદ્ધનૈગમ હોવાથી નૈગમમાં જ સમાવિષ્ટ છે. જેમકે પિંડથી કપાલ સુધી જ ઘડાને જોનારો નય. અહીં અનાદિનિધન ઘટસામાન્યની અપેક્ષાએ આ

नयः, नैगमनयविषयाणां सर्वेषां घटानां तत्तद्घटरूपतया तिर्यक्सामान्यप्रतिपक्षिविशेषरूपत्वात् । एक घटसन्तानेऽन्यघटसमावेशस्यासम्भवात्तद्विषयभूतानां घटानां तत्तद्घटरूपत्वं ज्ञेयम् । एवमेव तिर्यक्सामान्येऽपि ज्ञेयम्। तत्प्रतिपक्षिविशेषो यदा संयुज्यते तदाऽपरसंग्रहो ज्ञेयः। ऊर्ध्वता-सामान्यप्रतिपक्षिविशेषसंयोगेऽपि स एव । तद्यथा-पिण्डतया सर्वान् पिण्डान् घटतया च सर्वान् घटान् सङ्गृह्णतः सङ्ग्रहनयस्य विषयभूताः पिण्ड-घटादयो यथा तिर्यक्सामान्यरूपास्त-थैवोर्ध्वतासामान्यप्रतिपक्षिविशेषरूपा अपीति । परसङ्ग्रहविषये तु नैकस्यापि विशेषस्य सम्भवः, सन्मात्रग्राहित्वात्तस्य ।

तथा नित्यानित्यात्मकं सत्, आधाराधेयात्मकं सत्...इत्यादौ नित्य-अनित्याद्येकैकविषयस्य नयस्यैतेषु नैगमादिष्वेवान्तर्भावः, संयोगप्राप्तस्य तु नित्य-अनित्य-आधार-आधेयादीनामनेकांशा-भावादेव नैकस्यापि स्वतन्त्रनयस्य सम्भव इति पञ्चैव मूलनया विवक्षावशात् सप्तैव वा मूलनयाः प्राप्यन्ते न न्यूना न वाऽधिकाः, न्यूनाधिकविषयाभावादिति ज्ञेयम् । यदैकैकस्य

---

ઘડો વિશેષરૂપ છે જ. એમ ઊર્ધ્વતાસામાન્યની સાથે તિર્યક્સામાન્યનો પ્રતિપક્ષી વિશેષ જ્યારે જોડાય છે ત્યારે પણ નૈગમનય જ બને છે, કારણ કે નૈગમનયના વિષય બનનારા બધા ઘડાઓ તે તે ઘટરૂપ હોવાથી તિર્યક્સામાન્યપ્રતિપક્ષીવિશેષરૂપ છે. ઘડાના એક સંતાનમાં અન્ય ઘડો ક્યારેય અવતરતો નથી, માટે નૈગમનયના વિષયભૂત ઘડાઓ તે તે ઘટરૂપે ઘટવિશેષ છે એ જાણવું. જેમ ઊર્ધ્વતાસામાન્યની વાત કરી એમ તિર્યક્સામાન્ય અંગે પણ જાણવું. એની સાથે જ્યારે પોતાનો જ પ્રતિપક્ષી વિશેષ જોડાય છે ત્યારે નય અપરસંગ્રહ બને છે અને જ્યારે ઊર્ધ્વતાસામાન્યનો પ્રતિપક્ષી વિશેષ જોડાય છે ત્યારે પણ નય અપરસંગ્રહ જ હોય છે. તે આ રીતે-પિંડરૂપે બધા પિંડોનો અને ઘટરૂપે બધા ઘડાઓનો સંગ્રહ કરતા સંગ્રહનયના વિષયભૂત પિંડ-ઘટ વગેરે જેમ તિર્યક્સામાન્યરૂપ છે એમ ઊર્ધ્વતાસામાન્યના પ્રતિપક્ષીવિશેષરૂપ પણ છે જ. પરસંગ્રહનયના વિષયમાં તો એકપણ વિશેષનો સંભવ નથી, કારણ કે એ નય 'સત્' માત્રનો ગ્રાહક છે.

તથા नित्यानित्यात्मकं सत् आधाराधेयात्मकं सत् વગેરેમાં નિત્ય કે અનિત્ય વગેરે એક-એક વિષયને જ ગ્રહણ કરનાર નયનો આ નૈગમાદિનયોમાં જ અન્તર્ભાવ છે. સંયોગપ્રાપ્ત વિષયનો ગ્રાહક કોઈપણ સ્વતંત્ર નય સંભવતો નથી, કારણ કે નિત્ય-અનિત્ય-આધાર-આધેયાદિના અનેક અંશ હોતા નથી. એટલે મૂળ નયો પાંચ છે, અથવા વિવક્ષાવશાત્ સાત છે, નહીં ન્યૂન કે નહીં અધિક, કારણ કે ન્યૂન કે અધિક વિષય સંભવતા નથી. વળી જ્યારે આ એક-એક મૂળ નયના ૧૦૦-૧૦૦ ઉત્તરભેદ કરવામાં

मूलनयस्य शतं शतमुत्तरभेदाः क्रियन्ते तदा नयानां पञ्चशती सप्तशती वा ज्ञेया । तदुक्तं **विशेषावश्यकभाष्ये**-*इक्किक्को य सयविहो सत्तनयसया हवंति एमेव। अन्नो वि य आएसो पंचेव सया नयाणं तु ॥२२६४॥* एतेषामपि यावन्तः सम्भवन्ति तावदुत्तरभेदकरणे यत्प्राप्यते तदपि तत्रैव प्रोक्तम् । तद्यथा-*जावन्तो वयणपहा तावन्तो वा नया विसद्दाओ । ते चेव परसमया सम्मत्तं समुदिया सव्वे ॥२२६५॥* त्ति ।

इत्थञ्च ऋजुसूत्रो द्रव्यार्थिकोऽपि पर्यायार्थिकोऽपीति स्थितम्। अत एव द्रव्यार्थिकनय-कथनानन्तरं तत्कथनम् । तत्कथनानन्तरञ्च पर्यायार्थिकत्वसाधर्म्यात् पर्यायार्थिकानां कथनम् । तत्र च पर्यायाणां क्षणिकत्वमनेककरणञ्च लक्षणम् । ततश्च क्षणिकत्वमनेककरणं च यथा यथा वर्धते तथा तथा पर्यायार्थिकानां नयानां शुद्धिः, यथा यथा च ध्रुवत्वमेककरणं च वर्धते तथा तथा द्रव्यांशस्य वृद्धेः पर्यायार्थिकानामशुद्धिः । अतः शब्दनयापेक्षया समभिरूढः शुद्धः, एवम्भूतस्तु सर्वविशुद्धः पर्यायार्थिकः । तच्च कथमित्यधुना विचार्यते -

ऋजुसूत्रस्य स्वकीयो वर्तमानघटो विषयः । अतीतानागतपरकीयघटास्तु स्वकार्याकरणाद्

---

આવે છે ત્યારે ૫૦૦ નય કે ૭૦૦ નય મળે છે. **વિશેષાવશ્યકભાષ્ય**માં કહ્યું છે કે - *"એકેક મૂળનય ૧૦૦ પ્રકારનો છે, તેથી એ રીતે ૭૦૦ નય થાય છે. અથવા બીજો પણ એક આદેશ છે કે ૫૦૦ નયો છે."* આ ૫૦૦ કે ૭૦૦ જેટલા સંભવતા હોય એ બધા જ ભેદ કરવામાં આવે તો જે મળે તે પણ એ જ ગ્રન્થમાં આ રીતે કહેલ છે કે-*"અથવા તો જેટલા વચનમાર્ગ છે એટલા નયો છે એવું વિ(અવિ) શબ્દથી જણાય છે. આ બધા નયો પરસમય છે, અને જો બધા સમુદિત થાય તો સમ્યક્ત્વ છે." ॥૨૨૬૫॥*

આમ, ઋજુસૂત્રનય દ્રવ્યાર્થિક પણ છે ને પર્યાયાર્થિક પણ એ સિદ્ધ થયું. એટલે જ દ્રવ્યાર્થિક નયોને કહ્યા પછી એને કહ્યો છે અને એને કહ્યા પછી પર્યાયાર્થિકત્વ સાધર્મ્યને લઈને પર્યાયાર્થિકનયો કહ્યા છે. એમાં પર્યાયોનું ક્ષણિકત્વ અને અનેકકરણ એ લક્ષણ છે. એટલે આ ક્ષણિકત્વ કે અનેકકરણ જેમ જેમ વધે છે તેમ તેમ પર્યાયાર્થિકનયો શુદ્ધ થાય છે અને જેમ જેમ ધ્રુવત્વ-એકકરણ વધે છે તેમ તેમ દ્રવ્યાંશની વૃદ્ધિ થવાથી પર્યાયાર્થિકનયો અશુદ્ધ થાય છે. માટે શબ્દનયની અપેક્ષાએ સમભિરૂઢ અને એની અપેક્ષાએ એવંભૂતનય એ સર્વવિશુદ્ધપર્યાયનય બને છે. તે શી રીતે ? આ રીતે -

ઋજુસૂત્રનયનો સ્વકીય વર્તમાનઘટ એ વિષય છે. અતીત-અનાગત અને પરકીય ઘટ સ્વકાર્ય કરનારા ન હોવાથી ઘટ નથી. આમાં વર્તમાનકાળ તરીકે જે નયપ્રકાર

न घटः । तत्र वर्तमानकालतया वर्तमानक्षणमात्रं यो मन्यते स सूक्ष्मऋजुसूत्रः । यस्तु वर्तमानावलिका-मुहूर्त-दिनादीनपि वर्तमानकालतया स्वीकृत्य तत्तदावलिका-मुहूर्तादिकालभाविनं घटं स्वीकुरुते स स्थूलऋजुसूत्रः । यतोऽयं 'घट'पदवाच्यतया द्रव्यं स्वीकरोत्यतस्तस्य चत्वारोऽपि निक्षेपाः संमताः, नामघटादिष्वपि 'घट'पदवाच्यतायाः सत्त्वात् ।

शब्दादयस्तु त्रयोऽपि नयाः पर्यायार्थिकत्वात् 'घट'पदवाच्यतया घटनपर्यायं मन्यन्ते, न तु द्रव्यम् । नाम-स्थापना-द्रव्यघटेषु घटनपर्यायस्तु नास्त्येवेति तेषु घटपदवाच्यताया अभावात् पटादिष्विव न घटनिक्षेपत्वम् । ततश्च ते भावनिक्षेपमेव मन्यन्त इति स्थितम् ।

एवम्भूतनयो वर्तमानकाले यत्र घटनपर्यायो दृश्यते तमेव घटतया स्वीकुरुते। अर्थाद् यो योषिन्मस्तकारूढो भूत्वा जलाहरणं करोति स एव तस्य घटः। अत्रापि यत्र घटनपर्याय इत्यादि यदुक्त तद्व्यवहारनयानुसारेण, अन्यथैवम्भूतनयस्य घटनपर्याय एव घटः, तदाधारभूतं द्रव्यं किञ्चिदपि नास्त्येवेति 'यत्र'आदिशब्दप्रयोगस्तस्यानुपपन्नः। कम्बुग्रीवादिमानपि यो वर्तमानकाले जलाहरणादिषु न व्यापृतः स घटनपर्यायाभावान्न घटः ।

---

વર્તમાન ક્ષણમાત્રને જુએ છે તે સૂક્ષ્મ ઋજુસૂત્ર છે અને જે નયપ્રકાર વર્તમાન આવલિકા-મુહૂર્ત-દિન વગેરેને પણ વર્તમાનકાળ તરીકે સ્વીકારીને તે તે આવલિકા-મુહૂર્ત વગેરે કાળમાં રહેનાર ઘટને સ્વીકારે છે તે સ્થૂલઋજુસૂત્ર છે. વળી આ નય 'ઘટ'પદના વાચ્યાર્થ તરીકે દ્રવ્યને સ્વીકારે છે, માટે એને ચારે નિક્ષેપ માન્ય છે, કારણ કે નામઘટ વગેરેમાં પણ ઘટપદની વાચ્યતા રહેલી છે.

શબ્દ વગેરે ત્રણે નયો પર્યાયાર્થિક હોવાથી ઘટપદના વાચ્યાર્થ તરીકે ઘટનપર્યાયને કહે છે, નહીં કે ઘટદ્રવ્યને. નામ-સ્થાપના-દ્રવ્યઘટમાં ઘટનપર્યાય તો હોતો નથી જ, માટે એ બધામાં 'ઘટ'પદવાચ્યતાનો અભાવ હોવાથી પટાદિની જેમ એ બધા પણ ઘટના નિક્ષેપ નથી. એટલે આ નયો માત્ર ભાવનિક્ષેપને જ માને છે એ નિશ્ચિત થયું.

એવંભૂતનય વર્તમાનકાળે જ્યાં ઘટનપર્યાય જોવા મળે એને જ ઘડા તરીકે સ્વીકારે છે. એટલે કે જે સ્ત્રીને મસ્તકારૂઢ થઈ જળાહરણ કરે એ એના મતે ઘટ છે. આમાં પણ જ્યાં ઘટનપર્યાય... વગેરે જે કહ્યું છે તે વ્યવહારનયાનુસારે જાણવું, નહીંતર એવંભૂતનયને તો ઘટનપર્યાય એ જ ઘટ હોવાથી એના આધારભૂત કશું ન હોવાના કારણે 'જ્યાં' વગેરે શબ્દપ્રયોગો અસંગત છે. તથા કંબુગ્રીવાદિયુક્ત એવો પણ જે ઘડો વર્તમાનમાં જળાહરણાદિ નથી કરી રહ્યો તે આ નયના મતે, ઘટનપર્યાયનો અભાવ હોવાથી 'ઘટ' નથી.

समभिरूढस्तु वर्तमानकाले जलाहरणादिकुर्वन्तं तु घटं मन्यत एव, परन्तु यः कम्बुग्रीवादिमान् वर्तमानकाले तन्न करोति तमपि घटं मन्यते। **ननु** समभिरूढोऽपि पर्यायार्थिक एवेति तस्यापि वर्तमानघटनपर्याय एव घटः । ततश्च तत्पर्यायाभावात् कथं स तस्य घटः? **सत्यं,** तथापि यदि कश्चिदिच्छेत् तदा विनापि कञ्चित् प्रक्रियाविशेषं स कम्बुग्रीवादिमान् जलाहरणं कर्तुमर्हत्येव । घटनपर्यायस्यातिसमुचितैषा योग्यताऽपि समभिरूढस्य घटतया संमतेति सोऽपि तस्य घटः । अथ योग्यता द्रव्यमुच्यते, न तु पर्यायः । तदुक्तं **सम्मतौ**- *एगदविअम्मि जे अत्थपज्जवा वयणपज्जवा वावि । तीयाणागयभूया, तावइयं तं हवइ दव्वं ॥* न हि द्रव्ये सर्वेऽपि पर्याया युगपत्कदापि सम्भवन्ति। परन्तु तद्योग्यताः सम्भवन्ति । अतः सर्वासां योग्यतानां समूहः संपूर्णं द्रव्यं, तत्तद्योग्यता तु द्रव्यांशः, तत्तद्योग्यताया अभिव्यक्तिस्तत्तत्पर्यायः । ततश्च पर्यायार्थिकः समभिरूढो घटनयोग्यतां द्रव्यांशरूपां घटतया कथं स्वीकुर्यादिति **चेत्? सत्यं,** तथापि यतः स नैवंभूतवत् सर्वविशुद्धोऽतस्तं घटं मन्यते।

---

સમભિરૂઢનય વર્તમાનકાળમાં જળાહરણ કરી રહેલા ઘટને તો ઘટ માને જ છે, પણ જે કમ્બુગ્રીવાદિમાન્ પદાર્થ વર્તમાનમાં એ ન કરતો હોય એને પણ 'ઘટ' તરીકે સ્વીકારે જ છે.

**શંકા** - સમભિરૂઢ પણ પર્યાયાર્થિક નય જ છે. એટલે એને પણ વર્તમાન ઘટનપર્યાય એ જ 'ઘટ' છે. તો એ પર્યાય હાલ ન હોવાથી એ શી રીતે એના મતે 'ઘટ' બનશે ?

**સમાધાન** - સાચી વાત. તો પણ, જો કોઈક ઇચ્છે તો કોઈપણ વિશેષ પ્રક્રિયા (ઘડાનો આકાર આપવો વગેરે રૂપ ક્રિયા) વિના જ એ કંબુગ્રીવાદિમાન્ જળાહરણ કરી જ શકે છે. ઘટનપર્યાયની આ અત્યંત સમુચિત યોગ્યતા પણ સમભિરૂઢને ઘટ તરીકે સંમત છે. માટે એના મતે એ પણ ઘટ છે.

**શંકા** - યોગ્યતા તો 'દ્રવ્ય' છે, નહીં કે પર્યાય. **સમ્મતિ**માં કહ્યું છે કે - *"એક દ્રવ્યમાં જે કોઈ અતીત-વર્તમાન-અનાગત અર્થપર્યાય કે વ્યંજનપર્યાય હોય છે, એ બધાના સરવાળારૂપ એ દ્રવ્ય હોય છે."* આ બધા પર્યાયો એક સાથે તો ક્યારેય સંભવતા નથી. પણ એની યોગ્યતાઓ સંભવે છે. માટે આ બધી યોગ્યતાઓનો સમૂહ એ સંપૂર્ણદ્રવ્ય છે અને તે તે યોગ્યતા એ દ્રવ્યાંશ છે. તે તે યોગ્યતાની અભિવ્યક્તિ એ તે તે પર્યાય છે. એટલે પર્યાયાર્થિક એવો સમભિરૂઢનય દ્રવ્યાંશરૂપ ઘટનયોગ્યતાને ઘડારૂપે શી રીતે જુએ ?

स्वविषय एतावद्द्रव्यांशमिश्रणमेव तस्याशुद्धिः । एवम्भूतस्तु लेशतोऽपि द्रव्यांशमिश्रणं न स्वीकुरुतेऽतः स सर्वविशुद्धः। *अन्यथाऽप्येतत्प्रदर्श्यते–समभिरूढः कुम्भादेः घटं पृथक्करोति,* परंतु जलाहरणमकुर्वतो घटान्न करोति । अर्थाद् जलाहरणे व्यापृताव्यापृतौ घटावेकीकरोति । एतदेककरणं समभिरूढस्याशुद्धिः। एवम्भूतस्तु जलाहरणेऽव्यापृतमघटमुक्त्वा घटात्पृथक्करोत्येवेति तस्यैककरणलक्षणाशुद्ध्यभावात् सर्वविशुद्धता । अथवैवम्भूतो यावत्कालं जलाहरणे व्यापृतस्तावत्कालमेव तं घटं मन्यतेऽतस्तत्र न ध्रौव्यांशस्य मिश्रणम्, परन्तु समभिरूढः पूर्वं पश्चादपि वा तं घटतया स्वीकुरुते, एतावद्ध्रौव्यांशस्य मिश्रणं तस्याशुद्धिः । एवम्भूते तन्मिश्रणाभावात् सर्वविशुद्धिः ।

ननु पर्यायार्थिकनयाः शुद्धाः कथ्यन्त इति पर्यायार्थिकस्य समभिरूढस्य कथमशुद्धिसम्भवः ? उच्यते– पर्यायार्थिकाः शब्दादयो नया यतो नामादींस्त्रीन् निक्षेपान् न स्वीकुर्वन्ते, केवलं भावनिक्षेपमेव स्वीकुर्वन्तेऽतः शुद्धा उच्यन्ते । तथा यतस्ते उपचारमपि न मन्यन्तेऽतः शुद्धाः कथ्यन्ते । न चैतावतैव तेषां मिथोऽपि शुद्धाशुद्धभावाभावः । तेषां पर्यायार्थिकनयतया

---

**સમાધાન** - સાચી વાત. તો પણ એ એવંભૂતનય જેવો સર્વવિશુદ્ધ ન હોવાથી એને પણ 'ઘટ' તરીકે સ્વીકારે છે. પોતાના વિષયમાં આટલા દ્રવ્યાંશનું મિશ્રણ એ જ એની અશુદ્ધિ છે. એવંભૂત તો અંશમાત્ર પણ દ્રવ્યાંશનું મિશ્રણ ચલાવતો નથી, માટે એ સર્વવિશુદ્ધ છે. આ જ વાતને બીજી રીતે જોઈએ - સમભિરૂઢ નય 'કુંભ' વિગેરેથી ઘડાને જુદો કરે છે, પણ જળાહરણ ન કરનાર ઘડાથી એને જુદો પાડતો નથી. અર્થાત્ જળાહરણમાં વ્યાપૃત કે અવ્યાપૃત... બન્ને ઘડાને 'ઘડા' તરીકે એક કરે છે. આ એકકરણ એ સમભિરૂઢની અશુદ્ધિ છે જ્યારે એવંભૂત તો જળાહરણમાં અવ્યાપૃત ઘટને 'અઘટ' કહીને વ્યાપૃતઘડાથી અલગ પાડી જ દે છે. એટલે એનામાં એકકરણરૂપ અશુદ્ધિ ન હોવાથી સર્વવિશુદ્ધતા હોય છે. અથવા એવંભૂતનય ઘડો જ્યાં સુધી જળાહરણમાં વ્યાપૃત હોય ત્યાં ત્યાં સુધી જ (તે તે ક્ષણે) એને ઘડો માને છે, માટે એમાં ધ્રૌવ્યાંશનું મિશ્રણ ન હોવાથી એ શુદ્ધ છે. પરંતુ સમભિરૂઢ તો આગળ-પાછળ પણ એને 'ઘટ' માને છે. માટે એટલા ધ્રૌવ્યાંશનું મિશ્રણ થતું હોવાથી એ એની અશુદ્ધિ છે.

**પ્રશ્ન** - પર્યાયાર્થિકનયો તો શુદ્ધ કહેવાય છે. પછી સમભિરૂઢનયમાં અશુદ્ધિ શી રીતે સંભવે ?

**ઉત્તર** - પર્યાયાર્થિક એવા શબ્દાદિનયો નામાદિ ત્રણ નિક્ષેપાઓને માનતા નથી, માત્ર ભાવનિક્ષેપને જ માને છે, માટે શુદ્ધ કહેવાય છે. તથા, તેઓ ઉપચાર માનતા

गृह्यमाणविषये द्रव्यांशमिश्रणमशुद्धिमापादयत्येवेति यस्य विषयो द्रव्यांशेन सर्वथा मुक्तः स एवम्भूतः सर्वविशुद्धः, यस्य विषयो द्रव्यांशेनानल्पप्रमाणेनोपलिप्तः स शब्दनयः पर्यायार्थिकेषु सर्वाविशुद्धः, समभिरूढस्तु द्रव्यांशेनाल्पप्रमाणेनोपलिप्तविषयतया द्वयोः शुद्धाशुद्धयोर्मध्यस्थितो ज्ञेयः ।

किञ्च पर्यायार्थिकनयानामिन्दनपर्याय एव 'इन्द्रः'(= इन्द्रपदवाच्यार्थः), शक्रनपर्याय एव 'शक्रः', पूर्दारणपर्याय एव पुरंदरः । **ननु** शब्दादिपर्यायार्थिकनयानां भावनिक्षेप एव सम्मतः। तस्य चैवं लक्षण**मनुयोगद्वारवृत्त्यादा**वुपलभ्यते-"*भावो विवक्षितक्रियाऽनुभूतियुक्तो हि वै समाख्यातः । सर्वज्ञैरिन्द्रादिवदिहेन्दनाक्रियाऽनुभवात् ॥१३॥* वृत्तिकारकृता **तद्व्याख्या** *-वक्तुर्विवक्षितक्रियायाः=विवक्षितपरिणामस्य इन्दनादेरनुभवनं=अनुभूतिस्तया युक्तो योऽर्थः स भावतद्वतोरभेदोपचाराद्भावः सर्वज्ञैः समाख्यातः। निदर्शनमाह-इन्द्रादिवदित्यादि। यथेन्दनादि-क्रियानुभवात्=पारमैश्वर्यादिपरिणामेन परिणतत्वादिन्द्रादिर्भाव उच्यते इत्यर्थः, इत्यार्यार्थः ।*" इति। अत्र पारमैश्वर्यादिपरिणामेन यो परिणतः स भावेन्द्रतयोक्तः, न तु स परिणाम एवेति

---

નથી, માટે પણ શુદ્ધ કહેવાય છે. પણ આટલામાત્રથી તેઓમાં પરસ્પર પણ શુદ્ધત્વ-અશુદ્ધત્વ ન જ હોય એવું નથી. તેઓ પર્યાયાર્થિક નય છે. એટલે ગૃહ્યમાણ વિષયમાં દ્રવ્યાંશનું મિશ્રણ અશુદ્ધિ લાવે જ છે. તેથી જેનો વિષય દ્રવ્યાંશથી સર્વથા મુક્ત છે તે એવંભૂતનય સર્વવિશુદ્ધ છે. જેનો વિષય અનલ્પપ્રમાણ દ્રવ્યાંશથી લેપાયેલો છે તે શબ્દનય, પર્યાયાર્થિકનયોમાં સર્વઅવિશુદ્ધ છે. સમભિરૂઢનય તો અલ્પપ્રમાણના ઉપલિપ્તવિષયના કારણે શુદ્ધ અને અશુદ્ધની વચમાં જાણવો.

વળી, પર્યાયાર્થિકનયોને તો ઇન્દનપર્યાય એ જ ઇન્દ્ર છે, અર્થાત્ 'ઇન્દ્ર' પદવાચ્ય છે, શકનપર્યાય એ જ શક્ર છે અને પૂર્દારણ પર્યાય એ જ પુરંદર છે.

**શંકા** - શબ્દાદિ પર્યાયાર્થિકનયોને ભાવનિક્ષેપ જ માન્ય છે. **અનુયોગદ્વાર**ની વૃત્તિમાં એનું આવું લક્ષણ કહેલું છે - *સર્વજ્ઞો વડે, વિવક્ષિત ક્રિયાનુભૂતિયુક્ત ભાવ એ જ ભાવનિક્ષેપ છે. જેમકે ઇન્દ્ર. કારણ કે અહીં ઇન્દનક્રિયાનો અનુભવ છે.*

વૃત્તિકારે કરેલી એની વ્યાખ્યા - *"વક્તાને વિવક્ષિત ક્રિયારૂપ ઇન્દનાદિના અનુભવથી યુક્ત જે પદાર્થ, તે જ ભાવ અને ભાવવાનૂના અભેદઉપચારથી ભાવનિક્ષેપ તરીકે સર્વજ્ઞો વડે કહેવાયેલ છે. (અર્થાત્ અનુભૂતિ એ ભાવ છે. અહીં એવા ભાવથી યુક્ત ઇન્દ્રને ભાવ (નિક્ષેપ) કહેવો છે, તેથી અભેદઉપચાર જણાવ્યો છે.) જેમકે ઇન્દનાદિ ક્રિયાના*

नेन्दनादिपर्यायः; अपि तु तत्पर्यायवद्द्रव्यमेव भावनिक्षेपः। ततश्च शब्दादिनयानामपि द्रव्यरूपो भावेन्द्रः संमत इति **चेत् ? न,** एतस्य लक्षणस्य चतुरोऽपि निक्षेपान् मन्वानस्य व्यवहारनयस्य मतेनोक्तत्वाद् । अत एव तत्र भाव-तद्वतोरभेदोपचारोऽपि कथितः ।

**न च** दुर्वादिगजाङ्कुशैः श्रीमद्भिर्**वादिदेवसूरि**भिर्विरचिते **प्रमाणनयतत्त्वालोकालङ्कारे** एवम्भूतनयोदाहरणार्थमेवं सूत्रं प्रणीतं - *यथेन्दनमनुभवन्निन्द्रः, शकनक्रियापरिणतः शक्रः पूर्दारणप्रवृत्तः पुरन्दर इत्युच्यत इति ॥७. ४१॥* अत्र ह्येवम्भूतनयोदाहरणाधिकारस्तथापीन्दनादिकमनुभवद् द्रव्यमेवेन्द्रादितया कथितं, न त्विन्वनादिपर्याय इति **वाच्यं,** व्यवहारनयानुसारित्वात् तत्कथनस्य। **ननु** सुन्दरोऽयं तव न्यायो यत्सर्वत्र नये व्यवहारनयः - व्यवहारनय इति रटणमिति **चेत्** ? शान्तो भव, अलं रोषेण, श्रुतादान-प्रदान-धर्मवादादिकः सर्वोऽयं यतो व्यवहारः, अतः सर्वत्र व्यवहारनयेन विना न निस्तारः। अत एव परसङ्ग्रहनयो-

---

*અનુભવના કારણે = પરમૈશ્વર્યના પરિણામથી પરિણત હોવાથી ઈન્દ્રાદિ ભાવનિક્ષેપ કહેવાય છે, એવો ગાથાનો અર્થ જાણવો."* અહીં પારમૈશ્વર્યાદિ પરિણામથી જે પરિણત છે એને ભાવેન્દ્રરૂપે કહેલ છે, નહીં કે એ પરિણામને જ. એટલે ઇન્દનાદિ પર્યાય નહીં, પણ એ પર્યાયવાળું દ્રવ્ય જ ભાવનિક્ષેપ છે. તેથી શબ્દાદિ નયોને પણ દ્રવ્યરૂપ ભાવેન્દ્ર માન્ય છે.

**સમાધાન** - આવી શંકા બરાબર નથી, કારણ કે ભાવનિક્ષેપનું આ લક્ષણ તો ચારે નિક્ષેપાઓને માનનાર વ્યવહારનયના મતે કહેલ છે. માટે જ એમાં ભાવ અને ભાવવાન્નો ઉપચાર પણ કહેલો છે. (શબ્દાદિ નયોને તો ઉપચાર માન્ય નથી.)

**શંકા** - દુર્વાદીરૂપી ગજ માટે અંકુશ સમાન શ્રીમાન્ **વાદિદેવસૂરિ**વિરચિત **પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર**માં એવંભૂતનયના ઉદાહરણને જણાવવા માટે આવું સૂત્ર છે *-જેમકે ઈન્દનને અનુભવતો ઈન્દ્ર, શકનક્રિયા પરિણત શક્ર, પુરનું દારણ કરવામાં પ્રવૃત્ત પુરંદર કહેવાય છે. ॥૭-૪૧॥* આમાં એવંભૂતનયનો અધિકાર છે અને છતાં ઈન્દનાદિનો અનુભવ કરતાં દ્રવ્યને જ ઇન્દ્રાદિરૂપે કહેલ છે, નહીં કે ઈન્દનાદિ પર્યાયને જ.

**સમાધાન** - આ કથન વ્યવહારનયાનુસારી હોવાથી તમારે કહેવા યોગ્ય નથી.

**શંકા** - તમે આ બહુ સારો રસ્તો શોધી કાઢ્યો છે... કાંઈ પણ શંકા ઉઠાવીએ એટલે એ તો વ્યવહારનયાનુસારી છે... વ્યવહારનયાનુસારી છે એમ જવાબ આપી દેવો.

**સમાધાન**-શાન્ત થાઓ... રોષથી સર્યું... શ્રુતનાં આદાન-પ્રદાન કે ધર્મવાદ... વગેરે આ બધું વ્યવહાર હોવાથી વ્યવહારનય વિના નિસ્તાર નથી. એટલે જ પરસંગ્રહનયના

दाहरणार्थप्रणीते सूत्रेऽपि व्यवहारनयप्रवेशः। तद्यथा-*विश्वमेकं सदविशेषादिति यथा॥७-१६॥* इति। अत्र परसङ्ग्रह यतः सदद्वैतवाद्यतः 'सद्'इत्यनेन विना घटपटादिकं किञ्चिदपि यथा तस्य न संमतं तथैव विश्वमपि नैव संमतम्। तथापि सूत्रे तद्यत् श्रूयते तद्व्यवहारनयेनेत्य-निच्छताऽपि स्वीकर्तव्यमेवेति सङ्ग्रहनयसूत्रेऽपि यथा व्यवहारनयस्य प्रवेशः, तेन विना प्रतिपिपादिषितार्थप्रतिपादनासम्भवात्, तथैव प्रस्तुतेऽपि ज्ञेयम् । **नन्वेष** भवत्तर्कोऽस्माकमुचितो न भातीति **चेत्? तर्हि** 'एवम्भूतो व्यवहारेऽन्तर्भूतः' इति स्वीकार एव युष्माकं गतिरवशिष्येत, इन्दनाद्यनुभवद्द्रव्यविषयकतया नियमेन द्रव्यार्थिकस्य तस्य सामान्यद्वयाविषयतया व्यवहारनय-त्वावश्यंभावादिति, चेन्नेष्टेयं गतिस्तदा 'एवम्भूतस्येन्दनपर्याय एवेन्द्रः' इति स्वीकार एव युष्मच्छरणं भवितुमर्हति ।

इत्थञ्चैश्वर्यशालित्वलक्षणेन्दनपर्याय एवेन्द्रः, सामर्थ्यलक्षणशकनपर्याय एव शक्रः, असुरपुरदारणलक्षणः पूर्दारणपर्याय एव पुरंदर इति स्थिते इन्द्र-शक्र-पुरंदरा भिन्ना एव, न

---

ઉદાહરણ માટે પ્રણીત સૂત્રમાં વ્યવહારનયનો પ્રવેશ છે જ. તે આ રીતે-*જેમકે વિશ્વ એક છે, કારણ કે સત્‌થી અલગ નથી. ॥૭-૧૬॥* અહીં, પરસંગ્રહ સદ્અદ્વૈતવાદી હોવાથી એના મતે 'સત્' સિવાય ઘટ-પટ વગેરે કશું છે નહીં, એમ 'વિશ્વ' જેવી પણ કોઈ ચીજ છે જ નહીં. છતાં સૂત્રમાં એ જે સંભળાય છે 'તે વ્યવહારનયે જ છે એવું અનિચ્છાએ પણ માનવું જ પડે છે. એટલે સંગ્રહનયના સૂત્રમાં પણ જેમ વ્યવહારનયનો પ્રવેશ છે, કારણ કે એ વિના જેનું પ્રતિપાદન કરવાની ઇચ્છા છે એનું પ્રતિપાદન સંભવિત નથી, એમ પ્રસ્તુતમાં પણ જાણવું.

**શંકા** - તમારો આ તર્ક અમને ઉચિત લાગતો નથી.

**સમાધાન** - તો પછી 'એવંભૂતનય વ્યવહારનયમાં અન્તર્ભૂત છે.' આવો સ્વીકાર જ તમારા માટે ગતિ = શરણભૂત બનશે, કારણ કે ઇન્દનાદિને અનુભવતા દ્રવ્યને જોનાર હોવાથી જે અવશ્ય દ્રવ્યાર્થિક છે, ને વળી બે સામાન્યમાંથી એકપણ સામાન્યને જોનાર નથી, માટે એ નય વ્યવહારનય હોવો જરૂરી છે. જો આ ગતિ તમને ઇષ્ટ નથી, તો 'એવંભૂતનયને ઇન્દનપર્યાય જ ઇન્દ્ર છે' આવો સ્વીકાર જ તમારા માટે શરણભૂત બની રહે છે.

આમ ઐશ્વર્યશાળીપણાંરૂપ ઇન્દનપર્યાય જ ઇન્દ છે, સામર્થ્યરૂપ શકનપર્યાય જ શક્ર છે, પુર નામના દાનવના દારણરૂપ પૂર્દારણપર્યાય જ પુરંદર છે... આમ નિશ્ચિત થયે ઇન્દ્ર-શક્ર-પુરંદર વગેરે જુદા જુદા જ છે, અભિન્ન નથી એ સ્પષ્ટ છે. તેથી એવંભૂત

त्वभिन्ना इति स्पष्टमेव। अत एवम्भूत-समभिरूढनयौ इन्द्रादीन् भिन्नानेव स्वीकुरुतः। एवमेव, योषिन्मस्तकारूढस्य जलाहरणलक्षणं घटनमेव (=ईदृग्घटनपर्याय एव) घट:, कुम्भनपर्याय एव कुम्भ:, कुटनपर्याय एव च कुट:। यतश्चैते घटनादयः पर्याया मिथो भिन्ना अत एवम्भूत-समभिरूढनयौ घट-कुम्भादीन् भिन्नानेव मन्येते । तत्राप्येवम्भूतनयो घटनकाले एव घटनपर्यायं घटं च मन्यते। समभिरूढस्तु तत्पूर्वं पश्चादपि वा मन्यते। अयं तस्याभिप्रायः- शिवकादिक्रमेण कुशूलत्वमापन्नोऽपि पिण्डो जलाहरणं कर्तुं नैव समर्थः। तत्कर्तुं स कुलालकृतं कञ्चित् प्रक्रियाविशेषमपेक्षत एव। तत्प्रक्रियाऽनन्तरं स कम्बुग्रीवादिमान् भवति। अथ च यदेष्येत तदा स जलाहरणं कर्तुं समर्थ:, न च कस्यचिदपि प्रक्रियाविशेषस्यापेक्षा । एतादृशीं प्रसमुचितां (=प्रकर्षेण समुचितां) योग्यतामपि समभिरूढो घटनतया स्वीकुरुते । न हि जलाहरणे व्यापृताव्यापृतयोर्घटयो: स्वकीये स्वरूपे कोऽपि विशेष: प्रतीयते येन तदव्यापृते घटनपर्यायाभाव: कथ्यमान: शोभेत। ततश्च घटनकाले स घट:, न त्वघटनकालेऽपीति वक्तुं न युज्यते। परन्तु योग्यता यतो द्रव्यस्य लक्षणमत: पर्यायार्थिकस्य समभिरूढनयस्य तावतांशेनाशुद्धिर्भवति । एवम्भूतस्तु घटनपर्यायमेव घटं मन्यते, न तु तत्प्रसमुचितां योग्यतामपीति प्रतिपक्षिणो द्रव्यस्यांशतोऽपि मिश्रणाभावात् स सर्वविशुद्धः ।

---

અને સમભિરૂઢ નય ઇન્દ્ર વગેરેને જુદા જુદા જ માને છે. એ જ રીતે સ્ત્રીને મસ્તકારૂઢ થઈ જળાહરણ કરવારૂપ ઘટનપર્યાય જ ઘડો છે. કુંભન પર્યાય જ કુંભ છે અને કુટનપર્યાય એ જ કુટ છે. આ ઘટનાદિ પર્યાયો પરસ્પર ભિન્ન હોવાથી તદ્ગ્રાહક એવા બે નયો ઘટ-કુંભ વગેરેને જુદા જ માને છે. એમાં પણ એવંભૂતનય ઘટનકાળે જ ઘટનપર્યાય અને ઘટ માને છે. સમભિરૂઢ એની આગળ-પાછળ પણ માને છે. એમાં એનો આ અભિપ્રાય છે કે - શિવકાદિક્રમે કુશૂલરૂપે બની ગયેલો પિંડ પણ જળાહરણ કરવા સમર્થ નથી. હજુ કુલાલ દ્વારા કંઈક પ્રક્રિયા થાય એની અપેક્ષા છે. એ પ્રક્રિયા થયા બાદ એ કંબુગ્રીવાદિમાન્ બને છે. હવે જ્યારે ઇચ્છા થાય ત્યારે એ જળાહરણ કરવા સમર્થ છે, કોઈપણ વિશેષ પ્રક્રિયાની અપેક્ષા નથી. આવી અત્યંત સમુચિત યોગ્યતાને સમભિરૂઢનય 'ઘટન' રૂપે સ્વીકારે છે. એની દલીલ એ છે કે ઘડો જળાહરણમાં વ્યાપૃત હોય કે ન હોય, એના પોતાના સ્વરૂપમાં કોઈ તફાવત જણાતો નથી કે જેથી અવ્યાપૃત ઘટમાં 'ઘટન' પર્યાયનો અભાવ કહેવો દિલને જચે. માટે 'ઘટનકાળે જ એ ઘટ છે, નહીં કે અઘટનકાળે પણ' આવું કહેવું યોગ્ય નથી. પણ યોગ્યતા તો દ્રવ્યનું લક્ષણ છે. માટે પર્યાયાર્થિક એવો સમભિરૂઢનય એટલા અંશે અશુદ્ધ બને છે. એવંભૂત

किञ्च पर्यायार्थिका नया यथा पर्यायान् मन्यन्ते, तथैव भेदमपि । अत एवेन्दन-पर्यायाच्छकनपर्यायस्य सर्वथा पृथक्तयेन्द्राच्छक्रः पृथगेवेति समभिरूढैवम्भूतौ। परन्त्वेवम्भूता-पेक्षया समभिरूढोऽशुद्धः, तदपेक्षया च शब्दनयः। द्रव्यार्थिकनयविषयस्याभेदस्यांशतो मिश्रणं शब्दनयस्य सम्मतमित्यर्थः। अतः काल-लिङ्गादिभेदप्राप्तानां पर्यायाणां मिथो भेदमाचक्षाणोऽपि शब्दनय इन्दन-शकनादिपर्यायाणामभेदं मत्वेन्द्रशक्रादेरभेदं स्वीकुरुते ।

यद्वैवम्भूतो लोकव्यवहारं नैव गणति। समभिरूढस्तदपेक्षया तं किञ्चिन्मन्यते। अतोऽ-घटनकालेऽपि घटं स्वीकरोति । शब्दनयस्तु समभिरूढनयापेक्षया लोकव्यवहारमीषदधिकं मन्यते । अतो यत्रेन्दनयोग्यता तत्रैव शकनादियोग्यता अपि स्वीकरोतीति तस्येन्द्र-शक्रादयो न भिन्नाः । स समभिरूढं शिक्षते-यथाऽपवरककोणस्थो घटो विनैव कञ्चित्प्रक्रियाविशेषं घटनयोग्यः, अतश्च घटः, तथैव स कुम्भनादियोग्योऽपि भवत्येवेति कथं स न कुम्भः ? इति ।

---

નય તો ઘટનપર્યાયને જ ઘડો માને છે. પ્રસમુચિત યોગ્યતાને પણ નહીં, એટલે પ્રતિપક્ષી એવા દ્રવ્યનું અંશથી પણ મિશ્રણ ન હોવાથી એ સર્વવિશુદ્ધ છે.

વળી, પર્યાયાર્થિક નયો જેમ પર્યાયોને માને છે એમ ભેદને પણ માને છે. એટલે જ ઇન્દન પર્યાય કરતાં શકન પર્યાય સર્વથા પૃથક્ હોવાથી ઇન્દ્ર કરતાં શક્ર જુદો જ છે એમ સમભિરૂઢ અને એવંભૂત નય કહે છે. પણ એવંભૂતની અપેક્ષાએ સમભિરૂઢ અશુદ્ધ છે, અને એની અપેક્ષાએ શબ્દનય. એટલે કે દ્રવ્યાર્થિકનયના વિષયભૂત અભેદનું આંશિક મિશ્રણ શબ્દનયને માન્ય છે. એટલે કાળ-લિંગાદિના ભેદના કારણે પર્યાયોનો પરસ્પર ભેદ માનનારો પણ શબ્દનય ઇન્દન-શકનાદિપર્યાયોનો અભેદ માની ઇન્દ્ર-શક્ર વગેરેનો પણ અભેદ કહે છે.

અથવા, એવંભૂતનય લોકવ્યવહારને બિલકુલ નજરમાં લેતો નથી. સમભિરૂઢનય એની અપેક્ષાએ તેને કંઈક નજરમાં લે છે. એટલે ઘટન ન હોય ત્યારે પણ ઘટ માને છે. શબ્દનય તો સમભિરૂઢનયની અપેક્ષાએ લોકવ્યવહારને ઓર થોડું વધારે માન આપે છે. એટલે જ્યાં ઇન્દનયોગ્યતા છે ત્યાં જ શકનાદિ યોગ્યતાઓને પણ રહેલી સ્વીકારે છે. માટે એના મતે ઇન્દ્ર-શક્ર વગેરે જુદા નથી. એ સમભિરૂઢનયને સમજાવે છે કે - જેમ ઓરડાના ખૂણે પડેલો ઘડો કોઈપણ વિશેષ પ્રક્રિયા વિના જ ઘટનયોગ્ય હોય છે ને માટે ઘટ છે, તેમ, એ જ રીતે એ કુમ્ભનાદિયોગ્ય પણ હોય જ છે, પછી એ કુંભ શા માટે નહીં ?

**अथेन्दन**-शकनादिपर्यायभेदमपश्यन् शब्दनयः कालादिभेदकृतं पर्यायभेदं द्रष्टुं कथं शक्नोतीति **चेत्** ? कालादिभेदकृतस्य पर्यायभेदस्य स्थौल्यादिति जानीहि । अयम्भावः अतीतकालालिङ्गिताद् घटनपर्यायाद् वर्तमानकालालिङ्गितं घटनपर्यायं पृथक्कर्तुं या च यावती च सूक्ष्मेक्षिकाऽपेक्षिता तां शब्दनयो दधाति । परन्तु घटनयोग्यतायाः कुम्भनयोग्यतां पृथक्कर्तुं सा सूक्ष्मेक्षिका न पर्याप्ता, तदर्थं सूक्ष्मतरेक्षिकाया अपेक्षणात् । तां च सूक्ष्मतरेक्षिकां समभिरूढनयो धारयति, न शब्दनयः । अथ घटन-कुम्भनादिभेदमवलोकयितुं सूक्ष्मतरा बुद्धिरपेक्षणीयेत्यत्र किं प्रमाणम् ? एतद्वचनमेव प्रमाणमिति गृहाण । अयम्भावः- 'शब्दनयः कालभेदाद्वस्तुभेदं मन्यते, न तु पर्यायध्वनिभेदादर्थभेद'मिति सर्वज्ञशास्त्रेषु यत्कथितं तेनैतन्निर्णयः किं न सुकरः ? तथा लिङ्गादिभेदं तु स्थूलबुद्धिरपि पश्यत्येवेत्याबालगोपाल-प्रसिद्धम् । पुरःस्थितमिन्द्रादितयाऽजानानोऽपि जनो 'अयं पुमान्' इत्यादिरूपेण तु जानात्येव । तत्र स्त्यायत्यस्यां गर्भ इति स्त्री, प्रसूते स्वान् पर्यायानिति पुमान्, तदुभयात्यये नपुंसकम् ।

---

**શંકા** - ઇન્દન-શકનાદિ પર્યાયના ભેદને નહીં જોઈ શકનારો શબ્દનય કાળાદિભેદના કારણે થતા પર્યાયભેદને શી રીતે જોઈ શકે છે ?

**સમાધાન** - એ પર્યાયભેદ સ્થૂલ હોવાથી એની નજરમાં આવી શકે છે. કહેવાનો ભાવ એ છે કે - અતીતકાળથી આલિંગિત ઘટનપર્યાય કરતાં વર્તમાનકાળથી આલિંગિત ઘટનપર્યાયને પૃથક્ જાણવા માટે જે અને જેટલી સૂક્ષ્મેક્ષિકા અપેક્ષિત હોય છે એને શબ્દનય ધરાવે છે. પણ ઘટનયોગ્યતાથી કુંભયોગ્યતાને અલગ પાડવા-જાણવા માટે એ સૂક્ષ્મેક્ષિકા પર્યાપ્ત નથી હોતી. એના માટે તો સૂક્ષ્મતરેક્ષિકા અપેક્ષિત હોય છે જેને સમભિરૂઢ નય ધરાવે છે, પણ શબ્દનય ધરાવતો નથી.

**શંકા**-ઘટન-કુંભનાદિના ભેદને જોવા માટે સૂક્ષ્મતર બુદ્ધિ જોઈએ છે એવું માનવામાં શું પ્રમાણ છે ?

**સમાધાન** - આ શાસ્ત્રવચન જ પ્રમાણ છે. "શબ્દનય કાળાદિભેદે વસ્તુભેદ માને છે, પણ પર્યાયવાચીશબ્દભેદે વસ્તુભેદ માનતો નથી" આવું સર્વજ્ઞના શાસ્ત્રોમાં જે કહ્યું છે તેનાથી આવો નિર્ણય શું શક્ય નથી ? તથા લિંગાદિ ભેદને તો સ્થૂલબુદ્ધિજીવો પણ પકડી શકે છે એ આબાળ-ગોપાળ પ્રસિદ્ધ છે. સામે રહેલી વ્યક્તિને ઇન્દ્રાદિરૂપે ન જાણનારો પણ 'આ પુરુષ છે' ઇત્યાદિ રૂપે તો જાણી જ શકે છે. એમાં, જેમાં ગર્ભ થીજે-સ્થિર થાય એ સ્ત્રી, પોતાના પર્યાયોને જણે તે પુરુષ, એ બન્ને ન હોય તો

तदुक्तं –...*संस्त्यानविवक्षायां स्त्री, प्रसवविवक्षायां पुमान्, उभयविवक्षायां नपुंसकमिति* । [पातं० महाभाष्य-४-१-३] एते च लिङ्गजन्याः पर्यायाः स्पष्टं भिन्ना एवेति । एवमेव वचनादिष्वपि ज्ञेयम् ।

इत्थञ्च शब्दादीनां त्रयाणामपि नयानां 'इन्दना'दिपर्याया एव 'इन्द्रा'दितया सम्मता इति स्थितम्। ततश्च विषयस्यैकत्वान्नयोऽपि यद्येक एव गण्यते तदा पर्यायार्थिको नय एक एव स्यात्, सर्वे च नया पञ्चेति। अत एवेन्दनादिकाले इन्दनमेवेन्द्रतया सर्वेषां समानतया सम्मतम्। इदमुक्तं भवति-नैगमनयस्येन्द्रोर्ध्वतासामान्यमिन्द्रः, सङ्ग्रहस्येन्द्रतिर्यक्सामान्यं स, व्यवहारनयस्येन्दनाद्याधारो व्यक्तिविशेषः स, ऋजुसूत्रस्य क्षणिको वर्तमान इन्दनाद्याधारः स । ते च चत्वारोऽपि स्वतन्त्रा एव । परन्तु शब्दादीनां न तथा । त्रिभिरपीन्दनस्यैवेन्द्रतया ग्रहणादिति । नवरमेवंभूतस्येन्दनकाल एवेन्दनमिन्द्रश्च सम्मतः, समभिरूढस्य तत्पूर्वं पश्चाद्वापि सम्मतः, शब्दस्य त्विन्दन-शकनादीनामाधारद्वारा कथञ्चिदभेदोऽपि सम्मतः । ततश्च नैगमो द्रव्यार्थिक एव, एवम्भूतः पर्यायार्थिक एव, नैगमादारभ्य यथा यथैवम्भूतं प्रति गम्यते तथा

---

નપુંસક. **પાતંજલમહાભાષ્ય** (૪-૧-૩) માં કહ્યું છે - *"સંસ્ત્યાનની વિવક્ષામાં સ્ત્રી, પ્રસવની વિવક્ષા હોય તો પુરુષ અને બન્નેની વિવક્ષા હોય તો નપુંસક..."* આવા લિંગજન્ય પર્યાયો ભિન્ન હોવા સ્પષ્ટ છે જ. એ જ પ્રમાણે વચનાદિમાં પણ જાણવું.

આમ, શબ્દાદિ ત્રણે નયોને ઇન્દનાદિપર્યાયો જ ઇન્દ્રાદિરૂપે માન્ય છે એ નક્કી થયું. એટલે વિષય એક જ હોવાથી નય પણ જો એક જ ગણવામાં આવે તો પર્યાયાર્થિકનય એક જ મળે, અને કુલ નયો પાંચ થાય. એટલે જ જ્યારે ઇન્દન હોય ત્યારે તો એ ઇન્દન જ 'ઇન્દ્ર' તરીકે શબ્દાદિ ત્રણેને માન્ય છે. આશય એ છે કે - નૈગમનયમતે ઇન્દ્રઊર્ધ્વતાસામાન્ય એ ઇન્દ્ર છે, સંગ્રહનયમતે ઇન્દ્રતિર્યક્સામાન્ય ઇન્દ્ર છે, વ્યવહારનયમતે ઇન્દનાદિનો આધાર ચોક્કસ વ્યક્તિ એ ઇન્દ્ર છે; ઋજુસૂત્રનયમતે ક્ષણિક વર્તમાન ઇન્દનાદિનો આધાર એ ઇન્દ્ર છે. આ ચારેના વિષય અલગ હોવાથી એ ચારે સ્વતંત્ર નયો છે. પરંતુ શબ્દાદિ ત્રણ નયોનું એવું નથી, એ તો ત્રણે નયો ઇન્દનાદિને જ ઇન્દ્ર તરીકે જુએ છે. માત્ર, એવંભૂતને ઇન્દનકાળે જ ઇન્દન અને ઇન્દ્ર માન્ય છે, સમભિરૂઢને આગળ-પાછળ પણ એ માન્ય છે, શબ્દનયને તો ઇન્દન-શકનાદિનો આધાર દ્વારા (= આધારનો અભેદ હોવાથી આધેયના અભેદરૂપે) કથંચિદ્ અભેદ પણ માન્ય છે. એટલે નૈગમનય દ્રવ્યાર્થિક જ છે, એવંભૂત પર્યાયાર્થિક જ છે, તથા નૈગમથી શરુ કરીને જેમ જેમ એવંભૂત તરફ જઈએ તેમ તેમ દ્રવ્યાર્થિકતા ઘટતી જાય છે, પર્યાયાર્થિકતા વધતી

तथा द्रव्यार्थिकत्वं हीयते, पर्यायार्थिकत्वं च वर्धते । शब्दादीनां त्रयाणां मध्ये तु शब्दापेक्षया समभिरूढस्य पर्यायार्थिकत्ववृद्धिः स्पष्टैव । एवमेव समभिरूढापेक्षयैवम्भूतस्य तद्वृद्धिरपि स्पष्टैवेति शब्दादिषु त्रिषु पूर्वं शब्दनयः, तत्पश्चात् समभिरूढः, तदनन्तरं चैवम्भूतनय उपन्यस्त इति ध्येयम् ।

तदेवं नैगम-सङ्ग्रहादिक्रमेण नयानामुपन्यासे हेतवश्चिन्तिताः । तत्राद्येन नैगमनयेन सर्वमूर्ध्वतासामान्यमयमेव । यन्नोर्ध्वतासामान्यमयं, तन्नास्त्येव, खपुष्पवत् । *'आदावन्ते च यन्नास्ति, वर्तमानेऽपि तत्तथा'* इति हि नैगमसंमतः प्रधानो न्यायः । ततश्च यदि वर्तमाने =घटकाले घटोऽस्ति, तदा स आदौ=पिण्डादिकाले अन्ते च=कपालादिकाले चास्त्येव, अन्यथा वर्तमानास्तित्वानुपपत्तेः। एवञ्च पिण्डादिका कपालपर्यन्ताऽखिलाऽपि पिण्ड-शिवक-स्थासादिपरम्परा नैगमस्य घट एव ।

एवंवादिनं नैगमनयं सङ्ग्रहनयो ब्रूते-येषु पृथुबुध्नोदरादिलक्षणो घटाकारो नैवोपलभते, प्रत्युत तद्भिन्नपिण्डाद्याकार एवोपलभते तानपि पिण्ड-शिवकादीनेकघटतया पश्यंस्त्वं येषु पृथुबुध्नोदरादिलक्षणो घटाकार एव स्पष्टमुपलभते तान् सर्वान् घटान् एकघटतया किं न

---

જાય છે. શબ્દાદિ ત્રણ નયોમાં શબ્દની અપેક્ષાએ સમભિરૂઢમાં પર્યાયાર્થિકતા વધારે હોવી સ્પષ્ટ જ છે. એમ સમભિરૂઢની અપેક્ષાએ એવંભૂત વધારે પર્યાયાર્થિક હોવો સ્પષ્ટ જ છે. માટે શબ્દાદિ ત્રણમાં પહેલા શબ્દનય, પછી સમભિરૂઢ અને છેલ્લે એવંભૂતનય કહેલો છે એ જાણવું.

આમ, નૈગમ-સંગ્રહ વગેરે ક્રમે નયોનો જે ઉલ્લેખ છે એના હેતુઓ આપણે વિચાર્યા. એમાં, આદિનૈગમનયે બધું જ ઊર્ધ્વતાસામાન્યમય જ છે. જે ઊર્ધ્વતાસામાન્યમય ન હોય તે છે જ નહીં, જેમકે ખપુષ્પ. *"જે પહેલાં નથી, પછી નથી... એ વર્તમાનમાં પણ ન જ હોય"* આ નૈગમનયમાન્ય મુખ્ય સિદ્ધાન્ત છે. એટલે જો વર્તમાનમાં=ઘટકાળે ઘડો છે તો એ આદૌ=પૂર્વકાળે=પિંડાદિ અવસ્થામાં તથા અંતે=કપાલાદિ અવસ્થામાં પણ હોય જ, અન્યથા વર્તમાનમાં એનું અસ્તિત્વ અસંગત થઈ જાય. એટલે પિંડથી લઈને કપાલ સુધીની પિંડ-શિવક-સ્થાસ-કોશ-કુશૂલ-ઘટ-કપાલ... આ આખી પરંપરા નૈગમના મતે 'ઘટ' જ છે.

આવું કહેતા નૈગમનયને સંગ્રહનય કહે છે - જેમાં પૃથુબુધ્નોદરાદિરૂપ ઘટાકાર જોવા મળતો નથી, ઉપરથી એનાથી ભિન્ન એવો પિંડાદિ આકાર જ જોવા મળે છે તેવા પણ પિંડ-શિવકાદિને એક ઘડા તરીકે જોતો તું, જેઓમાં પૃથુબુધ્નોદરાદિરૂપ ઘટાકાર

स्वीकुरुषे ? अतो यदस्ति तत्सर्वं तिर्यक्सामान्यमयमेव । यद्विशेषादिकं तदतिरिक्ततयोच्यते तन्नास्त्येव, निःसामान्यत्वात्, खपुष्पवत्। किञ्च जलाहरणार्थिनाऽपि पिण्डादिष्वन्वयि घटोर्ध्वतासामान्यं नोपादीयते, अपि तु सकलघटव्यक्तिष्वन्वयि घटसामान्यलक्षणं तिर्यक्सामान्यमेवेति तदेवास्ति ।

अथ लोकव्यवहारतत्परो व्यवहारनयः सामान्यवादिनौ द्वावपि नयौ शिक्षते-घटाभिलाषुकं कुलालादिकं विहाय न कोऽपि पिण्डादिकं घटतया पश्यति व्यवहरति वा । जलाहरणार्थ्यपि पुरःस्थितमपि पिण्डादिकं नैवोपाददाति, घटमेवान्विष्यति । एवमेव स घटसामान्यं नोपाददते, अपि तु घटविशेषमेव । येन जलाहरणादिकं क्रियते, अतश्च यो घटः, स घटविशेष एव, न तु घटोर्ध्वतासामान्यं, न वा घटतिर्यक्सामान्यम् । तस्माद् विशेष एवास्ति, अर्थक्रियाकारित्वात्, घटविशेषवत् । यच्च तदतिरिक्तं सामान्यं, तन्नास्त्येव, निर्विशेषत्वात्, खपुष्पवत्.।

किञ्च यदि पिण्डादिकालेऽपि घटोऽस्त्येव, तदा कुलालादिभिः किं कर्तव्यम्? न किञ्चिदित्यर्थः, तत्कृतेः पूर्वमेव घटस्य विद्यमानत्वात्। अथ विद्यमानोऽपि स क्रियते, तर्हि पुनः पुनः करणप्रसङ्गात् क्रियाऽविरामापत्तिः । अत्र नैगम आह-सदेवोत्पद्यते, असत

---

સ્પષ્ટ જોવા મળે છે તે બધા ઘડાઓને એક ઘટ તરીકે શા માટે જોતો નથી ? માટે જે કાંઈ છે તે બધું તિર્યક્સામાન્યમય જ છે, જે વિશેષો તેનાથી ભિન્ન હોવારૂપે કહેવાય છે તે પરમાર્થથી છે જ નહીં, કારણ કે નિઃસામાન્ય છે, જેમકે ખપુષ્પ. વળી જળાહરણાર્થી પણ પિંડાદિમાં અન્વયી એવા ઘટઊર્ધ્વતાસામાન્યનું ઉપાદાન નથી કરતો, પણ સકળ ઘટવ્યક્તિમાં અન્વયી ઘટતિર્યક્સામાન્યનું જ કરે છે, માટે એ જ સત્ છે.

હવે લોકવ્યવહારમાં તત્પર એવો વ્યવહારનય સામાન્યવાદી એવા બન્ને નયોને શિખામણ આપે છે - ઘટાભિલાષુક કુલાલાદિને છોડીને પિંડાદિને ઘડા તરીકે કોઈ જોતું નથી, કે વ્યવહાર કરતું નથી. જળાહરણાર્થી પણ પુરઃસ્થિત પિંડાદિને ઉપાડતો નથી, ઘડો જ શોધે છે. એ જ રીતે એ ઘટસામાન્યનું ઉપાદાન કરતો નથી, પણ ઘટવિશેષનું જ કરે છે. જેનાથી જળાહરણાદિ થાય છે, અને એટલે જ જે ઘડો છે, તે ઘટવિશેષરૂપ જ છે, નહીં કે ઘટઊર્ધ્વતાસામાન્યરૂપ કે ઘટતિર્યક્સામાન્યરૂપ. તેથી, વિશેષ જ સત્ છે, કારણ કે અર્થક્રિયાકારી છે, જેમકે ઘટવિશેષ. જે એનાથી ભિન્ન સામાન્ય છે, તે અસત્ છે, કારણ કે નિર્વિશેષ છે, જેમકે ખપુષ્પ.

વળી જો પિંડાદિકાળમાં પણ ઘડો છે જ, તો કુલાલાદિએ શું કરવાનું રહે ? કશું જ નહીં, કારણ કે એના પ્રયત્ન પૂર્વે પણ ઘડો તો વિદ્યમાન છે જ. વિદ્યમાન એવો

उत्पादायोगात्, अन्यथा खपुष्पस्याप्युत्पादप्रसङ्गात् । किञ्च घटोऽपि यत् पिण्डादिष्वेवोत्पद्यते, न सिकतादिषु, तत्र कारणं वाच्यम् । **ननु** प्रागभाव एव तत्र कारणं, यत्र प्रागभावस्तत्र स उत्पद्यते, यत्र नास्ति प्रागभावस्तत्र प्रयत्नसहस्रेणापि स नोत्पद्यत इति **चेत् ? अथ** स प्रागभावः सर्वथाऽभावरूपस्तुच्छ एव कथञ्चिद्भावरूपो वा ? न प्रथमविकल्पः, खपुष्पवदकिञ्चित्करत्वापत्तेः । अथ द्वितीयो विकल्पस्तत्र स घटप्रागभावः कथञ्चिद्घटभावरूपो वा तद्भिन्नपटकटाद्यन्यतमभावरूपो वा ? चरमे विनिगमकाभावात्प्रथमस्यैव विकल्पस्य श्रेयस्त्वात् सिद्धं पिण्डादिषु घटादेः कथञ्चिदस्तित्वमिति । एवञ्च नैगमः सत्कार्यवादी, आविर्भावतिरोभावावेव मन्यते, न तूत्पादविनाशौ । व्यवहारस्त्वसत्कार्यवादी, नाविर्भावतिरो-भावमात्रं मन्यते, अपि तूत्पाद-विनाशौ मन्यते। एतद्विषयो विस्तरोऽग्रेऽपि (पृ.३०९) द्रष्टव्यः।

---

પણ તે જો કરાય છે, તો પછી એને ફરી ફરી કર્યા જ કરો... ક્યારેય વિરામ જ નહીં આવે.

અહીં નૈગમ કહે છે - જે સત્ હોય એ જ ઉત્પન્ન થાય છે, અસત્નો ઉત્પાદ થઈ શકતો નથી, નહીંતર તો ખપુષ્પ પણ ઉત્પન્ન થવું જોઈએ. વળી ઘડો પણ પિંડાદિમાં જ જે ઉત્પન્ન થાય છે, સિકતા(રેતીકણો)આદિમાં નહીં, તેનું કારણ વિચારવું જોઈએ. ''અરે ! પ્રાગભાવ જ એનું કારણ છે. જ્યાં પ્રાગભાવ હોય ત્યાં ઉત્પન્ન થાય, જ્યાં ન હોય ત્યાં હજાર પ્રયત્ને પણ ન થાય.'' આવી વિચારણા ન કરવી, કારણ કે એ પ્રાગભાવ સર્વથા અભાવરૂપ તુચ્છ છે કે કંઈક પણ ભાવરૂપ છે ? આમાં પ્રથમ વિકલ્પ કહી શકાતો નથી. કારણ કે તો પછી એ ખપુષ્પની જેમ અકિંચિત્કર બની જશે. તેથી જો બીજો વિકલ્પ લેશો તો એ ઘટપ્રાગભાવ કથંચિદ્ ઘટભાવરૂપ છે કે તદ્ભિન્ન પટ-કટાદિઅન્યતમભાવરૂપ છે? આમાં ચરમવિકલ્પમાં વિનિગમક ન રહેવાથી (પટભાવરૂપ-કે કટભાવરૂપ ? એનો નિર્ણય કરાવનાર યુક્તિ ન રહેવાથી) પ્રથમ વિકલ્પ જ ઉચિત છે. (અર્થાત્ પિંડાદિમાં રહેલ ઘટપ્રાગભાવ કથંચિત્ ઘટભાવરૂપ છે.)

એટલે પિંડાદિમાં કથંચિદ્ ઘટાદિ રહ્યા જ છે એ સિદ્ધ થઈ ગયું. આમ નૈગમનય સત્કાર્યવાદી છે, આવિર્ભાવ-તિરોભાવ જ માને છે. (એટલે કે વ્યવહારમાં તો એ પણ બોલે છે કે ઘડો ઉત્પન્ન થયો વગેરે. આનો અર્થ ઘડો આવિર્ભાવ પામ્યો... વગેરે જ કરવો એમ એ કહે છે. એટલે કે આવિર્ભાવ-તિરોભાવ કથન પણ વ્યવહારનયની વાસનાનો પ્રભાવ છે. બાકી એની સ્વતંત્રદૃષ્ટિ તો પિંડાદિમાં પણ ઘટના જ દર્શન કરનારી છે, એટલે કે ત્યારે પણ ઘડો તો આવિર્ભૂત જ છે.) ઉત્પાદ-વિનાશ તો એ માનતો જ નથી. જ્યારે

व्यवहारनयः सङ्ग्रहनयमपि ब्रूते-नास्ति सामान्यं, उपलब्धिलक्षणप्राप्तस्यानुपलब्धेः, खपुष्पवत्। विशेषास्तु सन्ति, स्वप्रत्यक्षत्वात्, घटादिवत् । किञ्च विशेषा एव सन्ति, तैरेव संव्यवहारस्य क्रियमाणत्वात् । न हि जलाहरण-व्रणपिण्डीप्रदानादिको लोकव्यवहारः सामान्येन क्रियमाणो दृश्यते, किन्तर्हि ? घट-निम्बपत्रादिविशेषैरेव साक्षात् क्रियमाणो दृश्यते, इति विशेषा एव सन्ति ।

अथैवं स्वाभिप्रायं समर्थितवन्तं व्यवहारनयं युक्तितः स्वपक्षं ग्राहयन् ऋजुसूत्र आह-हे व्यवहारनयवादिन् ! सङ्ग्रहस्य संमतमपि सामान्यं यदि व्यवहारानुपयोगित्वादनुपलम्भाच्च तव न संमतं, ननु तेनैव प्रकारेण व्यवहारानुपयोगादनुपलम्भाच्चातीतमनागतं च वस्तु माऽभ्युपगमस्त्वं, युक्तेः समानत्वात् । तथा परकीयमपि वस्तु मैषीः, स्वप्रयोजनासाधकत्वेन निष्फलत्वात्, परधनवदिति । किञ्च 'कुण्डिका श्रवति' इत्यादौ जलश्रवणं तु मन्तव्यमेवेति कुण्डिकाश्रवणकल्पनं व्यर्थं गौरवमेवातः 'कुण्डिका श्रवति' इत्यादय उपचारबहुलाः प्रयोगा अपि नैव मन्तव्याः ।

---

વ્યવહારનય અસત્કાર્યવાદી છે, આવિર્ભાવ-તિરોભાવમાત્ર નહીં, પણ ઉત્પાદ-વિનાશ માને છે. આ અંગેની વિસ્તૃત વિચારણા આગળ (પૃ. ૩૦૯) પણ આવશે.

વ્યવહારનય સંગ્રહનયને પણ કહે છે - સામાન્ય (=' તિર્યક્સામાન્ય) નથી, કારણ કે ઉપલબ્ધિની (= જાણકારીની) સામગ્રી હાજર હોવા છતાં ઉપલબ્ધ થતું નથી, જેમકે ખપુષ્પ. જ્યારે વિશેષો તો છે, કારણ કે આપણને ખુદને પ્રત્યક્ષ છે, જેમકે ઘડો. વળી, વિશેષો જ છે, કારણ કે બધો વ્યવહાર વિશેષો વડે જ કરાય છે. જળાહરણ - ઘામાં દવા લગાડવી... વગેરે રૂપ લોકવ્યવહાર કાંઈ સામાન્ય વડે કરાતો જોવામાં નથી આવતો, તો ? ઘટ-નિમ્બપત્ર વગેરે રૂપ વિશેષો વડે જ કરાતો એ સાક્ષત્ દેખાય છે, માટે વિશેષો જ સત્ છે.

આમ પોતાના મતનું સમર્થન કરનાર વ્યવહારનયને યુક્તિ દ્વારા પોતાનો પક્ષ સમજાવતાં ઋજુસૂત્રનય કહે છે-સંગ્રહનયને માન્ય એવું પણ સામાન્ય, હે વ્યવહારનયવાદી ! જો વ્યવહારમાં અનુપયોગી હોવાથી અને એનો ઉપલંભ ન હોવાથી તને માન્ય નથી, તો એ જ રીતે વ્યવહારમાં અનુપયોગી હોવાથી અને અનુપલંભ હોવાથી અતીત અને અનાગત વસ્તુ પણ તારે ન માનવી જોઈએ, કારણ કે યુક્તિ બધે સમાન છે. એ જ રીતે પરાયી વસ્તુ પણ તારે ન માનવી જોઈએ, કારણ કે સ્વપ્રયોજનની અસાધક હોવાથી નિષ્ફળ હોય છે. જેમકે પરાયું ધન. વળી 'કુંડું ઝરે છે' વગેરેમાં પાણીનું ઝરવું

अथ शब्दनय ऋजुसूत्रनयशिक्षणार्थं स्वाभिप्रायमाविष्करोति - यदि विगता अनुत्पन्नाश्च तवाहो ! ऋजुसूत्र ! कुम्भा नेष्टाः, प्रयोजनाभावात्, तर्हि नामादयोऽपि कुम्भाः किमितीष्टाः ? प्रयोजनाभावस्य समानत्वात् । न खलु तैरपि जलाहरणादिलक्षणं कुम्भप्रयोजनं किमपि विधीयत इति ।

किञ्च यदर्थक्रियाकारि दृष्टं तदेव सद् मन्तव्यम्, अन्यथा खपुष्पस्यापि सत्त्वकथन-प्रसङ्गात् । ततश्च पर्याया एव मन्तव्या न तु द्रव्यम् । तदुक्तं - *पर्यायार्थमते द्रव्यं पर्यायार्थेभ्योऽस्ति नो पृथक् । यत्तैरर्थक्रिया दृष्टा नित्यं कुत्रोपयुज्यते* ॥नयोपदेश-१६॥ अयम्भावः - तृषाशमनं केन भवति ? जलेन जलगतमाधुर्येण वा ? न तावत् जलेन, समुद्रजलेनापि तृषाशमनप्रसङ्गात् । ततश्च माधुर्येण तृषाशमनं भवतीति मन्तव्यमेव । माधुर्यं च पर्याय एवेति पर्याया एव सन्ति, अर्थक्रियाकारित्वात्, न तु द्रव्यं, तदभावात् । नन्वत्र न माधुर्यं तृषां शमयति, किन्तु माधुर्यविशिष्टं जलमेव तत् शमयति, तत्तु द्रव्यमेवेति **चेत्?** **न**, 'सविशेषणे हि विधिनिषेधौ विशेषणमेवोपसङ्क्रामतः, विशेषाबाधे सति' इति न्यायात्

---

તો માનવાનું જ છે, પછી કુંડાનું ઝરવું પણ માનવું... એ નાહકનું ગૌરવ છે. એટલે कुण्डिका स्रवति વગેરે ઉપચારબહુલ પ્રયોગો પણ ન જ માનવા જોઈએ.

હવે શબ્દનય, ઋજુસૂત્રનયને શિખામણ આપવા માટે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે - જો અતીત કે અનાગત ઘડા હે ઋજુસૂત્ર ! તને માન્ય નથી, કારણ કે એનાથી પ્રયોજન સરતું નથી, તો પછી નામાદિ ઘડા પણ કેમ માન્ય છે ? કારણ કે પ્રયોજન તો એનાથી પણ સરતું નથી જ. તેઓ પણ કાંઈ જળાહરણાદિ કરી શકતા નથી જ.

વળી જે અર્થક્રિયાકારી દેખાય, એ જ માનવું જોઈએ. નહીંતર તો ખપુષ્પને પણ સત્ કહેવું પડે. તેથી પર્યાયો જ માનવા જોઈએ, નહીં કે દ્રવ્ય... **નયોપદેશમાં** કહ્યું જ છે કે - *પર્યાયાર્થિકનયમતે દ્રવ્યપર્યાયોથી પૃથગ્ હોતું નથી. કારણ કે પર્યાયોથી જ અર્થક્રિયા થતી દેખાય છે. નિત્ય એવું દ્રવ્ય તો ક્યાં ઉપયોગી બને છે ?* આશય આ છે - તૃષાશમન શાનાથી થાય છે ? જળથી કે જળમાં રહેલ માધુર્યથી ? 'જળથી થાય છે' એમ કહી શકાતું નથી, કારણ કે તો તો સમુદ્રજળથી પણ તૃષાશમન થઈ શકવું જોઈએ. એટલે માધુર્યથી એ થાય છે એમ માનવું જ પડે છે અને માધુર્ય તો પર્યાય જ છે, માટે પર્યાયો જ સત્ છે, કારણ કે અર્થક્રિયાકારી છે, નહીં કે દ્રવ્ય, કારણ કે અર્થક્રિયાકારી નથી.

तृषाशमनत्वस्यात्र माधुर्य एव कल्पनौचित्यात् । उक्तमपि हि **निशीथभाष्य ( गा. ४७ ) चूर्णौ** - *गुणविरियं जं ओसहीण तित्त-कडुक्कसाय-अंबिलमहुरगुणतातो रोगावणयणसामत्थं एतं गुणविरियं। त्ति।* अत्र हि सविशेषणे० इति न्यायेन तिक्तादीनां रसानां रोगापनयनसामर्थ्यमुक्तमिति ।

अपरञ्चैवं सति यदि पर्याया एव सन्ति, तर्हि पर्यायेषु तु भूतकालीनेभ्यः पर्यायेभ्यो वर्तमानकालीना पर्यायाः सुतरां भिन्ना एव । एवं पुंस्त्वालिङ्गितपर्यायात् स्त्रीत्वालिङ्गितः पर्यायो निर्विवादं भिन्न एव । एवमेव वचनादिष्वपि ज्ञेयम् । ततश्च कालादिभेदाद् वस्तुभेदोऽपि मन्तव्य एव ।

तदेवं शब्दनयेन स्वमते साधितेऽधुना समभिरूढनयस्तमाह - हन्त ! शब्दनयवादिन् । यदि लिङ्गवचनभिन्नानां घट-पट-स्तम्भादिशब्दवाच्यानामिवार्थानां ध्वनिभेदाद् भेदस्तवानुमतः, तर्हि घट-कुट-कुम्भ-कलशादिशब्दवाच्यानामर्थानां किमिति भेदो नेष्टः ? ध्वनिभेदस्यात्रापि

---

**શંકા** - અહીં માધુર્ય કાંઈ તૃષાશમન નથી કરતું, પણ તદ્યુક્ત જળ જ કરે છે... અને એ જળ તો દ્રવ્ય જ છે.

**સમાધાન** - આ શંકા બરાબર નથી, કારણ કે ''સવિશેષણ વિશેષ્ય અંગે કરેલા વિધિ-નિષેધ, જો માત્ર વિશેષ્યમાં બાધિત હોય, તો વિશેષણને જ લાગુ પડી જાય છે'' એવા ન્યાયે પ્રસ્તુતમાં વિશેષણભૂત માધુર્યમાં જ એ તૃષાશમનકારણત્વ માનવું ઉચિત છે. **નિશીથભાષ્ય**(ગાથા-૪૭)ની **ચૂર્ણિમાં** કહ્યું જ છે કે - *ઔષધિઓનું તિક્ત-કટુ-કષાય-આમ્લ-મધુરગુણના કારણે જે રોગાપનયન સામર્થ્ય હોય છે તે ગુણવીર્ય છે.* અહીં 'સવિશેષણે...' ન્યાયે તિક્ત વગેરે રસોમાં રોગને દૂર કરવાનું સામર્થ્ય જણાવેલ છે.

વળી આ રીતે પર્યાયો જ જો સત્ છે, તો પર્યાયો તો ભૂતકાલીનપર્યાય કરતાં વર્તમાનપર્યાય નિર્વિવાદ ભિન્ન જ હોય છે. એમ પુલ્લિંગથી આલિંગિતપર્યાય કરતાં સ્ત્રીત્વથી આલિંગિતપર્યાય નિર્વિવાદ ભિન્ન જ હોય છે. એ જ રીતે વચનાદિમાં પણ જાણવું. એટલે કાળાદિભેદે વસ્તુભેદ પણ માનવો જ જોઈએ.

આમ શબ્દનયે પોતાનો મત સાબિત કરવા પર સમભિરૂઢનય એને કહે છે - ઓ શબ્દ નયવાદી ! જો લિંગ-વચનભિન્ન અર્થોને તું ઘટ-પટ-સ્તંભાદિશબ્દવાચ્ય પદાર્થોની જેમ ધ્વનિભેદના કારણે ભિન્ન માને છે, તો ઘટ-કુટ-કુંભ-કલશાદિશબ્દવાચ્ય અર્થોનો ભેદ તું કેમ માનતો નથી ? કારણ કે ધ્વનિભેદ તો અહીં પણ સમાન રીતે છે જ. વળી અર્થભેદમાં પ્રયોજક કોણ ? તો તમારે એમ જણાવવું પડશે કે વિભિન્ન લિંગવચનાદિ

समानत्वात्। किञ्च विभिन्नलिङ्गवचनादिशब्दवाच्यत्वमर्थभेदे प्रयोजकं त्वयोच्यत इति गौरवं, मया तु विभिन्नशब्दवाच्यत्वमेव तथा वाच्यमिति लाघवम् । **न च** 'हरि'इतिशब्दाभेदेऽपि तद्वाच्यानां विष्णु-इन्द्राद्यर्थानां नाभेदः, एवं घट-कुटादिशब्दभेदेऽपि तद्वाच्यानां घट-कुटाद्यर्थानां भेदो न भविष्यतीत्याश**ङ्कनीयं,** यत्र यत्र भिन्नशब्दवाच्यत्वं तत्र तत्रार्थभेद इति व्याप्तेः सत्त्वाद् घट-कुटादीनां भेदस्तु सिद्ध एव । विष्णु-इन्द्राद्यर्थानां नानार्थकैकशब्दवाच्यानां शब्दभेदाद्भेदाभावेऽपि लक्षण-स्वरूपादिभेदाद्भेदो भविष्यति, न ह्यर्थभेदे शब्दभेदलक्षणमेकमेव प्रतिनियतं प्रयोजकम् । वस्तुतस्तु शब्दभेदादर्थभेदो यथाऽस्य संमतस्तथाऽर्थभेदात् शब्दभेदोऽपि संमत एव। इयमत्र भावना-विष्णुबोधकस्य 'हरि'शब्दस्य 'हरति पापं भक्ताना'मिति व्युत्पत्त्यनुसारेण भक्तपापहरणं व्युत्पत्तिनिमित्तम् । इन्द्रबोधकस्य 'हरि'शब्दस्य 'हरत्यैश्वर्यमसुराणा'

---

શબ્દવાચ્યત્વ... અર્થાત્ જે વાચ્યાર્થ વિભિન્ન લિંગવાળા શબ્દથી વાચ્ય હોય... અથવા વિભિન્ન વચનવાળા શબ્દથી વાચ્ય હોય..., તે વાચ્યાર્થ ભિન્ન હોય... આવું માનવામાં ગૌરવ સ્પષ્ટ છે. અમે તો જે વાચ્યાર્થ વિભિન્ન શબ્દોથી વાચ્ય હોય તે ભિન્ન હોય આવું કહીએ છીએ. એટલે આમાં લાઘવ સ્પષ્ટ છે.

**શંકા** - 'હરિ' એવો શબ્દ ભિન્ન ન હોવા છતાં એના વાચ્યાર્થ વિષ્ણુ-ઈન્દ્ર વગેરે અર્થોનો અભેદ નથી. એમ ઘટ-કુટ વગેરે શબ્દ ભિન્ન હોવા છતાં એના વાચ્યાર્થમાં ભેદ ન પણ હોઈ શકે.

**સમાધાન** - આવી શંકા ન કરવી, કારણ કે જ્યાં જ્યાં ભિન્નશબ્દવાચ્યત્વ હોય ત્યાં ત્યાં અર્થભેદ હોય એવી વ્યાપ્તિ હોવાથી ઘટ-કુટ વગેરેનો ભેદ તો સિદ્ધ જ છે. અનેકાર્થક(હરિ વગેરે)શબ્દવાચ્ય વિષ્ણુ-ઈન્દ્ર વગેરે અર્થોનો શબ્દભેદે ભેદ ન હોવા છતાં લક્ષણ સ્વરૂપાદિના ભેદના કારણે ભેદ થઈ જ શકે છે. અર્થભેદ હોવામાં શબ્દભેદ એ જ એક પ્રતિનિયત પ્રયોજક છે એવો નિયમ કાંઈ છે નહીં. વસ્તુતઃ તો આ સમભિરૂઢનયને જેમ શબ્દભેદે અર્થભેદ સંમત છે એમ અર્થભેદે શબ્દભેદ પણ સંમત છે જ. કહેવાનો ભાવ એ છે કે - 'હરિ'શબ્દ જુદા જુદા અનેક અર્થમાં વપરાય છે. આ અર્થ જેમ બદલાય છે એમ એનો વાચક 'હરિ'શબ્દ પણ બદલાય છે. એવું આ સમભિરૂઢ નય કહે છે. જેમકે વિષ્ણુબોધક 'હરિ'શબ્દ 'ભક્તોના પાપ હરે તે હરિ' આ રીતે બન્યો હોવાથી ભક્તપાપહરણ એ એનું વ્યુત્પત્તિનિમિત્ત છે. ઈન્દ્રબોધક હરિશબ્દ 'અસુરોનું ઐશ્વર્ય હરે તે હરિ' આ રીતે બન્યો હોવાથી અસુરૈશ્વર્યહરણ એ એનું વ્યુત્પત્તિનિમિત્ત છે. સિંહવાચક આ શબ્દનું 'જીવોના પ્રાણ હરે તે હરિ' એવી વ્યુત્પત્તિ

मितिव्युत्पत्त्यनुसारेण 'असुरैश्वर्यापहरणं' व्युत्पत्तिनिमित्तम्। सिंहवाचकस्य तस्य 'हरति प्राणान् जन्तूनामि'तिव्युत्पत्त्यनुसारेण जन्तुप्राणहरणं व्युत्पत्तिनिमित्तं, यद्वा 'हरति=वाहनतया देशान्तरं प्रापयति स्वस्वामिनीं चण्डिकामि'तिव्युत्पत्त्यनुसारेण देशान्तरप्रापणं व्युत्पत्तिनिमित्तम् । इत्येवं व्युत्पत्तिनिमित्तभेदात् सर्वेऽपि 'हरि'शब्दा मिथो भिन्ना एवेति पदभेदादर्थभेदोऽपि स्फुट एव ।

**अथैवं** हरिश्च हरिश्च हरी इत्येकशेषविधानस्थले समासविध्यनुपपत्तिः, अर्थसारूप्याभावादिति **चेत् ? न,** पदसारूप्येणैवैकशेषविधानात्, समानवर्णानुपूर्वीकतया पदसारूप्यस्याक्षतत्वात् ।

**न च** घटपदादिव कुटपदादपि घटत्वेनैवार्थबोध इति घट-कुटपदयोः पर्यायत्वमेव युक्तमिति **शङ्कनीयं,** व्युत्पत्तिनिमित्तभूतघटन-कुटनादिविभिन्नक्रियापुरस्कारेणैव घटकुटादिपदेभ्योऽर्थबोधात् । 'हन्त ! एवं पारिभाषिकशब्दस्यानर्थकत्वमापन्नमि'ति चेत् ? आपन्नमेव, किं 'हन्ते'तिपूत्कारेण ? तदुक्तं-*तत्र पारिभाषिकी नार्थतत्त्वं ब्रवीतीति ।*

---

અનુસારે જીવપ્રાણહરણ એ વ્યુત્પત્તિનિમિત્ત છે અથવા, 'પોતાની સ્વામિની ચંડિકાને વાહનરૂપે દેશાન્તરમાં લઈ જાય તે હરિ' આવી વ્યુત્પત્તિને અનુસરીને દેશન્તરપ્રાપણ એ વ્યુત્પત્તિનિમિત્ત છે. આમ, વ્યુત્પત્તિનિમિત્ત અલગ-અલગ હોવાથી બધા 'હરિ' શબ્દો પરસ્પર પણ ભિન્ન જ છે, ને તેથી પદભેદે અર્થભેદ પણ સ્પષ્ટ જ છે.

**શંકા** - આવું હોય તો, हरिश्च हरिश्च हरी એવો એકશેષ સમાસ થઈ નહીં શકે, કારણ કે અર્થ તો જુદો છે, શબ્દ પણ જુદા જ છે.

**સમાધાન** - સમાસ થઈ શકશે, કારણ કે પદસારૂપ્ય હોય ત્યાં એકશેષ કરવો એવું વિધાન છે. પ્રસ્તુતમાં વ્યુત્પત્તિનિમિત્તભેદે પદસારૂપ્ય ભલે નથી, પણ સમાનવર્ણાનુપૂર્વી હોવા રૂપે તો એ છે જ, પછી સમાસ થવામાં શું વાંધો ?

**શંકા** - 'ઘટ' પદની જેમ 'કુટ' પદથી પણ ઘડારૂપે જ બોધ થાય છે. માટે 'ઘટ' 'કુટ' પદોને પર્યાયવાચી શબ્દ તરીકે માનવા જોઈએ.

**સમાધાન** - આવી શંકા ન કરવી, કારણ કે અમે વ્યુત્પત્તિનિમિત્તભૂત ઘટન-કુટન વગેરે વિભિન્ન ક્રિયાને આગળ કરીને જ ઘટ-કુટ વગેરે પદોથી અર્થબોધ માનીએ છીએ.

**શંકા** - તો પછી પારિભાષિક શબ્દો કે જેની વ્યુત્પત્તિનિમિત્ત કોઈ ક્રિયા હોતી નથી, એનાથી કોઈ જ અર્થબોધ ન થઈ શકવાના કારણે એ બધા હન્ત ! અર્થશૂન્ય બની જશે.

तथा हस्ति-दन्तिनोरेकार्थत्वे हस्त-दन्तयोरप्येकार्थत्वापत्तिः स्फुटैवेति पदभेदादर्थभेद-कल्पनमेव श्रेय इति समभिरूढनयः ।

अथैवंभूतनयावसरः। स समभिरूढनयं वक्ति-व्युत्पत्तिनिमित्तभूतघटनक्रियापुरस्कारेणैव घटपदाद् घटबोधो भवतीति तु भवतैव कथितम् । ततश्च घटनाव्यापृतो घटः कथं घटः स्यात्? पटादिष्विव तत्रापि घटनाभावात्। अतो घटनकाल एव घटः, कुटनकाल एव कुट इत्यादिकं बलादपि मन्तव्यमेव ।

एवमुत्तरोत्तरैर्नयैः पूर्वपूर्वेषु नयेषु शिक्षितेष्वधुना पूर्वः पूर्वो नयः स्वोत्तरनयं कथं शिक्षते तत्प्रदर्शनावसरः ।

तत्र समभिरूढनय एवम्भूतनयं वक्ति - यदा त्वं जलाहरणार्थी, तदा किं करोषि ? 'किं करोमि ? घटमादाय जलाहरणलक्षणं मत्प्रयोजनं साधयामि ।' ननु जलाहरणात् प्राग् को घटः ? तव मतेन घटनकाल एव तस्य घटत्वात् । ततश्च जलाहरणार्थी त्वं

---

**સમાધાન** - બની જ જશે, એમાં હન્ત ! એમ ચીસ પાડવાની શી જરૂર છે? **તત્ત્વાર્થભાષ્યમાં** કહ્યું જ છે કે - *પારિભાષિકી સંજ્ઞા અર્થતત્ત્વને જણાવતી નથી.*

વળી હસ્તી અને દન્તી... આ બન્ને જો એકાર્થક હોય તો हस्त + इन् = दन्त + इन्... આમ થવાથી હસ્ત અને દંત પણ એક જ અર્થરૂપ બની જવાની આપત્તિ સ્પષ્ટ જ છે. માટે પદભેદે અર્થભેદ માનવો જ કલ્યાણકર છે, એમ સમભિરૂઢનય કહે છે.

હવે, એવંભૂતનયનો અવસર છે-એ સમભિરૂઢનયને સમજાવે છે-વ્યુત્પત્તિનિમિત્તભૂત ઘટનક્રિયાને આગળ કરીને જ 'ઘટ' શબ્દથી ઘડાનો બોધ થાય છે, એવું તો તમે જ કહ્યું છે. તો પછી ઘટનમાં જ્યારે વ્યાપૃત ન હોય ત્યારે એને ઘડો શી રીતે કહેવાય ? કારણ કે પટાદિની જેમ એમાં પણ ઘટન નથી જ. તેથી ઘટનકાળે જ ઘટ, કુટનકાળે જ કુટ... વગેરે બળાત્કારે પણ માનવું જ પડે છે.

આમ, ઉત્તરોત્તર નયો વડે પૂર્વ-પૂર્વના નયોને સમજાવ્યે છતે, હવે પૂર્વ-પૂર્વનો નય પોત-પોતાની વાત ઉત્તર-ઉત્તરનયને શી રીતે સમજાવે છે ? તે જણાવવાનો અવસર છે.

એમાં, સમભિરૂઢનય એવંભૂતનયને કહે છે - જ્યારે તું જળાહરણાર્થી હોય છે ત્યારે શું કરે છે ? "શું કરું છું ? ઘડો લઈને મારું જળાહરણરૂપ પ્રયોજન સાધું છું."

અરે ! જળાહરણ પૂર્વે તો કોણ ઘડો છે ? તારા મતે તો ઘટનકાળે જ એ ઘટ છે. એટલે જળાહરણાર્થી તું પટાદિ અઘટને જેમ લેતો નથી એમ ઘડો પણ તારે ન જ લેવો જોઈએ, કારણ કે એમાં પણ અઘટત્વ સમાન જ છે. અને તેથી જળાહરણ

पटादिकमघटं यथा नोपादत्से, तथैव घटोऽपि नैवोपादेयः, अघटत्वाविशेषादिति जलाहरणासम्भवात् सर्वं विश्वं घटशून्यमेव स्यात् । एवमेव तस्य पटादिशून्यतया सर्वशून्यत्वापत्तिः । तस्माद् घटनकालात्पूर्वं पश्चादपि च घटनप्रसमुचितयोग्यतां पुरस्कृत्य स घटो मन्तव्य एव ।

एवंवादिनं समभिरूढनयं शब्दनय आचष्टे-का नाम सा घटनप्रसमुचितयोग्यता? यां पुरस्कृत्य घटनाव्यापृतोऽपि घटो घटपदाद् बुध्यते । ननु घटत्वमेव सा, 'यत्र यत्र सा योग्यता तत्र तत्र घटत्वं, यत्र यत्र घटत्वं तत्र तत्र सा योग्यते'ति समव्याप्य-व्यापकभावप्राप्तेः । किञ्च येन रूपेण यत्पदार्थबोधस्तेनैव रूपेण तत्पदशक्तिः कल्पनीया भवति । भवति च घटपदादिव कुटपदादपि घटत्वेनैवार्थबोधः । घटपदाद् घटत्वेन यत्र घटनपर्यायो बुध्यते तत्रैव कुटपदाद् घटत्वेनैव कुटनपर्यायो बुध्यत इत्यर्थः । ततश्च घटन-कुटनाधारतया घट-कुटपदवाच्यार्थयोरेकत्वम् । अत एव यो घटनलक्षणं व्युत्पत्त्यर्थं न

---

અસંભવિત બનવાથી આખું વિશ્વ ઘટશૂન્ય બની જશે. એ જ રીતે વિશ્વ પટાદિશૂન્ય બની જવાથી સર્વશૂન્ય થઈ જશે. તેથી ઘટનકાળની પૂર્વે અને પછી પણ ઘટનની પ્રસમુચિત યોગ્યતાને આગળ કરીને એને ઘડો માનવો જ જોઈએ.

આવું કહેનાર સમભિરૂઢનયને શબ્દનય કહે છે -- આ તમારી ઘટનની પ્રસમુચિત યોગ્યતા શું છે ? જેને આગળ કરીને ઘટન(= જળાહરણ)માં અવ્યાપૃત ઘટ પણ 'ઘટ'પદથી જણાય છે. ખરેખર તો એ ઘટત્વરૂપ જ છે, કારણ કે "જ્યાં જ્યાં તે યોગ્યતા છે ત્યાં ત્યાં ઘટત્વ છે, અને જ્યાં જ્યાં ઘટત્વ છે ત્યાં ત્યાં એ યોગ્યતા છે" એવો સમવ્યાપ્ય-વ્યાપક ભાવ મળે છે. વળી જે રૂપે જે પદના અર્થનો બોધ થાય છે તે રૂપે જ તે પદની શક્તિ માનવી જોઈએ. 'ઘટ'પદની જેમ 'કુટ'પદથી પણ ઘટત્વધર્મને આગળ કરીને જ બોધ થાય છે. એટલે કે 'ઘટ'પદપરથી ઘટત્વેન જ્યાં ઘટનપર્યાય જણાય છે ત્યાં જ 'કુટ'પદપરથી ઘટત્વેન જ કુટન પર્યાય જણાય છે. (આશય એ છે કે ઘટન અને કુટન અલગ હોવા છતાં ઘટત્વ અને કુટત્વ અલગ નથી, કારણ કે એ બન્ને વચ્ચે સમવ્યાપ્યવ્યાપકભાવ છે. વળી જ્યાં જ્યાં ઘટનની પ્રસમુચિત યોગ્યતા છે ત્યાં ત્યાં કુટનની પણ એ યોગ્યતા છે જ, એ માટે કુંભારે કશું નવું કરવાની જરૂર હોતી નથી. એટલે ઘટપદપરથી જ્યાં ઘટનપર્યાય જણાય છે ત્યાં જ - તે જ પદાર્થમાં - 'કુટ'પદથી કુટનપર્યાય જણાય જ છે.) એટલે ઘટન-કુટનના આધારરૂપે ઘટ-કુટ પદનો વાચ્યાર્થ એક જ છે.

जानाति तस्य घटनक्रियापुरस्कारासम्भवेऽपि घटपदाद् घटत्वं पुरस्कृत्य घटो बुध्यत एव । **न च** तस्यैवं घटबोधेऽपि नार्थव्यवस्थासम्भवः, अन्यथा विपरीतशक्तिग्रहवशात् पटपदाज्जायमानेन घटबोधेनाप्यर्थव्यवस्थाप्रसङ्गादिति **वाच्यं,** तत्र शक्तिग्रहादौ पश्चाद्भाविना बाधादिज्ञानेन तद्व्यवस्थाप्रतिबन्धसम्भवात् । यत्र त्वविपरीते शक्तिग्रहादौ पश्चादपि न बाधादिज्ञानं तत्र घटत्वं पुरस्कृत्य जायमानेन घटबोधेनार्थव्यवस्था त्विष्टैव ।

किञ्च पर्यायशब्दानामभावेऽनुशासनबलाज्जायमानस्य सङ्केतग्रहस्य प्रायोऽसम्भव एव स्यात्, अनुशासनकोशादौ प्रायः पर्यायशब्दैरेव सङ्केतस्य सूचितत्वात् । ततश्च सङ्केतग्रहाभावे व्यवहार एव कथं स्यात् ? अतो घटकुटादिशब्दानामेकार्थकत्वं पर्यायत्वं मन्तव्यमेव ।

अथ ऋजुसूत्रः शब्दनयं शिक्षते - यदि विभिन्नवर्णानुपूर्वीकाणामपि घटकुटादिपदानामेकार्थत्वं शब्दनयवादिन् ! तव संमतं, तर्हि तटः-तटी-तटं इत्यादौ लिङ्गभेदादि-

---

એટલે જ જે ઘટનાત્મક વ્યુત્પત્ત્યર્થને જાણતો નથી એને ઘટનક્રિયા આગળ થવાનો સંભવ ન હોવા છતાં 'ઘટ'પદપરથી ઘટત્વને આગળ કરીને ઘડો જણાય જ છે.

**શંકા** - એને ઘટબોધ ભલે થાઓ... પણ આવી રીતે આ બોધદ્વારા અર્થવ્યવસ્થા સંભવતી નથી. અર્થાત્ વિવક્ષિત ઘટાદિરૂપ અર્થ અહીં છે કે નહીં ? એનો યથાર્થ નિશ્ચય થઈ શકતો નથી, નહીંતર તો કોઈને શક્તિનો નિશ્ચય વિપરીતપણે થયેલો હોય તો 'પટ'પદ પરથી પણ ઘટબોધ થાય... ને એનાથી પણ અર્થવ્યવસ્થા માનવી પડે.

**સમાધાન** - નહીં માનવી પડે, કારણ કે એ શક્તિના નિશ્ચયમાં પાછળથી થતા બાધાદિજ્ઞાન ('પટ' શબ્દ પરથી ઘટ જાણવો... આવું શક્તિજ્ઞાન ખોટું છે - પટપદની શક્તિ ઘટમાં રહી નથી... વગેરે રૂપ બાધાદિજ્ઞાન) દ્વારા તે વ્યવસ્થાનો પ્રતિબંધ થઈ શકે છે અને જે શક્તિગ્રહ યથાર્થ જ થયો હોવાથી પાછળથી પણ બાધાદિજ્ઞાન થતું નથી ત્યાં ઘટત્વને આગળ કરીને થતા ઘટબોધ પરથી થતી અર્થવ્યવસ્થા તો ઇષ્ટ જ છે.

વળી પર્યાયવાચી શબ્દો જો હોય જ નહીં, તો વ્યાકરણ પરથી થતા સંકેતગ્રહનો પ્રાયઃ અસંભવ જ થઈ જશે, કારણ કે વ્યાકરણ-કોશ વગેરેમાં પ્રાયઃ પર્યાયવાચી શબ્દો વડે જ સંકેતનું સૂચન કરેલું હોય છે. એટલે પછી સંકેતગ્રહણ જ ન હોય તો વ્યવહાર જ શી રીતે થાય ? તેથી ઘટ-કુટ વગેરે શબ્દોને એકાર્થક-પર્યાયવાચી માનવા જ જોઈએ.

હવે ઋજુસૂત્ર શબ્દનયને સલાહ આપે છે-જે શબ્દોની વર્ણાનુપૂર્વી જુદી જુદી છે એવા ઘટ-કુટ વગેરે શબ્દોને પણ હે શબ્દનયવાદી ! જો તું એકાર્થક માને છે તો તટઃ તટી તટં... વગેરેમાં લિંગભેદ વગેરે માત્રને આગળ કરીને અર્થભેદ માનવો યોગ્ય નથી.

मात्रेणार्थभेदकल्पनं न युक्तम् । न हि कोशानुशासनादावपि लिङ्ग-वचनादिभेदमात्रेणार्थभेदः कथितः । किञ्च तृषाशमनार्थ्यपि न माधुर्यं गवेषते, अपि तु तदाश्रयं जलद्रव्यमेवेत्यर्थक्रिया-कारित्वमपि क्षणिके माधुर्याद्याधारभूते जलादिद्रव्य एव मन्तव्यम् । आधारभूतं जलद्रव्यं विमुच्य स्वतन्त्रं माधुर्यं कुत्रोपलभ्यते? न कुत्रचिदित्यर्थ इत्यतोऽप्याधारतयाऽवश्यंकल्पनीये जलद्रव्य एवार्थक्रियाकारित्वकल्पना श्रेयस्करी । तथा, घटनलक्षणं व्युत्पत्त्यर्थं यो न जानाति तस्यापि घटपदाद् घटबोधो भवतीति स्वीकुर्वंस्त्वं नामघटादीन् किं न स्वीकुरुषे ? इदमुक्तं भवति-व्युत्पत्त्यर्थबोधं विनापि जायमानेन घटबोधेनैतत्सूच्यते यद् व्युत्पत्त्यर्थपुरस्कारेणैव घटादिपदाद् घटबोधो भवतीति नास्ति नियम इति । **ननु** तत्रापि घटत्वं पुरस्कृत्यैव घटबोधो भवति, नामघटादिषु तु घटत्वस्याप्यभाव एवेति कथं ते 'घट'पदवाच्याः? इति **चेत्? न,** व्युत्पत्तिनिमित्तनियमवत् प्रवृत्तिनिमित्तनियमस्याप्यभावात्, प्रवृत्तिनिमित्तमजानानेनापि सङ्केतज्ञानमात्रप्रभावात् तत्तत्पदात् तत्तत्पदार्थबोधस्यानुभूयमानत्वात्। कथमन्यथा पारिभाषिक-

---

કોશ-અનુશાસન વગેરેમાં પણ કાંઈ લિંગ-વચનાદિ ભેદમાત્રથી અર્થભેદ કહેલો નથી.

વળી, તૃષાશમનનો અર્થી પણ મધુરતાને શોધવા નથી નીકળતો, પણ તેના આશ્રયભૂત જળદ્રવ્યને જ શોધે છે. એટલે અર્થક્રિયાકારિત્વ પણ મધુરતાદિના આધારભૂત ક્ષણિક જળાદિદ્રવ્યમાં જ માનવું જોઈએ. આધારભૂત જળદ્રવ્યને છોડીને માધુર્ય સ્વતંત્ર હોવું ક્યાં જણાય છે ? કશે જ નહીં. માટે આ કારણે પણ આધારરૂપે અવશ્ય કલ્પના કરવા યોગ્ય જળદ્રવ્યમાં જ અર્થક્રિયાકારિત્વની કલ્પના કરવી એ યોગ્ય છે.

તથા ઘટનાત્મક વ્યુત્પત્તિઅર્થને જે નથી જાણતો એને પણ 'ઘટ'પદ પરથી ઘટબોધ થવો સ્વીકારનાર તું નામઘટ વગેરેને કેમ નથી માનતો ? આશય એ છે કે વ્યુત્પત્તિઅર્થનો બોધ ન હોવા છતાં જે ઘટબોધ થાય છે એનાથી આ સૂચન મળે છે કે ઘટાદિપદપરથી વ્યુત્પત્તિઅર્થને આગળ કરીને જ ઘટબોધ થાય એવો નિયમ નથી.

**શંકા** - છતાં, ત્યાં પણ ઘટત્વને આગળ કરીને જ ઘટબોધ થાય છે. નામઘટાદિમાં તો ઘટત્વનો પણ અભાવ જ છે, પછી એ શી રીતે ઘટપદવાચ્ય બની શકે ?

**સમાધાન** - જેમ વ્યુત્પત્તિનિમિત્તનો નિયમ નથી એમ પ્રવૃત્તિનિમિત્તનો નિયમ પણ નથી જ. અર્થાત્ ઘટત્વને આગળ કરીને જ 'ઘટ'પદ પરથી ઘટનો બોધ થાય એવો પણ નિયમ નથી જ. કારણ કે પ્રવૃત્તિનિમિત્તનો અજાણ માનવી પણ સંકેતજ્ઞાનમાત્ર પરથી તે તે પદ પરથી તે તે પદાર્થના બોધનો અનુભવ કરે છે. જો આવું ન માનવામાં આવે તો, પારિભાષિક શબ્દ પરથી અર્થબોધનો અનુભવ શી રીતે થઈ શકે ? એટલે

शब्दादर्थबोधानुभूतिः? ततश्च यत्र घटनलक्षणं व्युत्पत्तिनिमित्तं नास्ति, यत्र घटत्वादिलक्षणं प्रवृत्तिनिमित्तं च नास्ति, तेषामपि नामघटादीनां यदि 'घट'पदेन संकेतादिवशादुपस्थितिरनुभूयते तदा तेषां कथं न घटपदवाच्यत्वं? कथं वा न घटनिक्षेपत्वम् ? इति चत्वारोऽपि निक्षेपाः संमन्तव्याः । जलाहरणं तु भावघटेनैव सम्भवतीति त्वन्यदेतत् ।

अथ व्यवहारनयः स्वाभिमतमृजुसूत्रं ग्राहयन्नाह-ऋजुसूत्र! जलाहरणादिलक्षणप्रयोजनासम्भवेऽपि नामघटादीनिच्छंस्त्वमतीतमनागतं परकीयं वा घटं किमिति नेच्छसि ? न हि तेऽतीतादयो घटा नामघटादिवद् न घटपदवाच्या इति। न हि वा स्वप्रयोजनसम्भवाभावमात्रेण तेषां घटत्वापवदनं न्याय्यम् । तथा, 'अङ्कुरमकुर्वन्तो बीजप्रथमादिक्षणा न अङ्कुरकारणं, तद्विलक्षणो बीजचरमक्षण एव तत्कारणं, तत्रैव कुर्वद्रूपत्वसत्त्वात्तेनैवाव्यवधानेनाङ्कुरोत्पादात् ।' इत्यादि यत्त्वं ब्रवीषि तदपि नोचितं, अङ्कुरार्थिनां बीजप्रथमादिक्षणे प्रवृत्तिदर्शनात्तेषामङ्कुरकारणत्वकल्पनस्यावश्यकत्वात्। अन्यथा यदि बीजं नाङ्कुरकारणं तदाऽङ्कुरार्थी किमिति बीज एव प्रवर्तते, न सिकतादिषु ? बीजमपि पूर्वमङ्कुरं यन्नोत्पादयति तत्रापि कारणं न तस्याकारणत्वं, अपि तु सहकारिसमवधानाभाव एव । अन्यथा पूर्वं कुर्वद्रूपत्वानिश्चये प्रवृत्त्यनुपपत्तिरेव

---

જ્યાં ઘટનાત્મક વ્યુત્પત્તિનિમિત્ત નથી, અને જ્યાં ઘટત્વાત્મક પ્રવૃત્તિનિમિત્ત નથી, તે પણ નામઘટાદિનો જો 'ઘટ'પદ પરથી સંકેતવશાત્ બોધ થવો અનુભવાય છે, તો એ પણ ઘટપદવાચ્ય શા માટે નહીં ? ને તેથી એ પણ ઘટનિક્ષેપ શા માટે નહીં ? માટે ચારે નિક્ષેપ માનવા જોઈએ. જળાહરણ તો ભાવનિક્ષેપથી જ સંભવે છે એ વાત અલગ છે.

હવે વ્યવહારનય સ્વમાન્ય વાતનો સ્વીકાર કરાવવા માટે ઋજુસૂત્રનયને કહે છે - હે ઋજુસૂત્ર ! જળાહરણ વગેરે રૂપ પ્રયોજન અસંભવિત હોવા છતાં નામઘટ વગેરેને સ્વીકારતો તું અતીત-અનાગત કે પરકીયઘટને શા માટે સ્વીકારતો નથી ? એ અતીતઘટ વગેરે નામઘટ વગેરેની જેમ જ ઘટપદવાચ્ય નથી એવું તો નથી જ. તેમજ સ્વપ્રયોજનનો સંભવ ન હોવા માત્રથી એના ઘટત્વનો અપલાપ કરવો પણ યોગ્ય નથી જ.

તથા, "અંકુરને નહીં પ્રગટાવનાર બીજ પ્રથમાદિક્ષણો અંકુરનું કારણ નથી, એ બધાથી વિલક્ષણ બીજચરમક્ષણ જ એનું કારણ છે. કારણ કે એમાં જ કુર્વદ્રૂપત્વ હોવાથી એનાથી જ વિના વ્યવધાન અંકુરોત્પાદ થાય છે." આવું બધું હે ઋજુસૂત્ર ! તું જે કહે છે તે પણ ઉચિત નથી. કારણ અંકુરાર્થીઓની બીજપ્રથમાદિક્ષણમાં જ પ્રવૃત્તિ જોવા મળતી હોવાથી એ બધી ક્ષણોને અંકુરકારણ તરીકે માનવી જરૂરી છે. નહીંતર તો=બીજ

स्यात्। किञ्चेदं कुर्वद्रूपत्वमपि सहकारिसम्पत्तावेव नान्यथेत्यवस्थितकारणादेव सहकारिचक्रानुप्रवेशात् कार्योपपत्तौ किं कुर्वदकुर्वतोर्भेदाभ्युपगमकष्टेन । ततश्च बीजं तु प्रथमक्षणादारभ्य चरमक्षणं यावत्तदेव, यदेलापवनादिसहकारिसमवधानं तदाङ्कुरमुत्पादयतीत्यलं क्षणिकवादेन । तथा सहकारिवशाद् घटोत्पादं घटनाशं च कुर्वन् दण्डः स एव, न भिन्नः, सहकारिविशेषवशाद् घटनाशं कुर्वतोऽपि तस्यान्यसहकारिसंप्राप्तौ घटोत्पादकत्वादिति ।

एवंविधैस्तर्कैः स्वाभिप्रायं ऋजुसूत्रं ग्राहयन्तं व्यवहारनयं सङ्ग्रहनयस्तैरेव तर्कैः शिक्षयन्नाह-मित्रं व्यवहारनयवादिन् ! यथाऽङ्कुरोत्पत्तेः प्राक् कुर्वद्रूपत्वनिश्चयासम्भवेन प्रवृत्त्यनुपपत्तिस्तथैवाङ्कुरविशेषोत्पत्तेः प्राक् बीजविशेषस्य कारणत्वनिश्चयासम्भवेन प्रवृत्त्यनुपपत्तिरेवेति न बीजविशेषस्य कारणत्वं कल्पनीयं, किन्त्वङ्कुरसामान्यं प्रति बीजसामान्यस्यैव

---

જો અંકુરનું કારણ નથી તો અંકુરાર્થી શા માટે બીજ અંગે જ પ્રવૃત્તિ કરે છે ? નહીં કે રેતીકણો અંગે ? બીજ, પહેલાં અંકુરોત્પાદ જે નથી કરતું તેમાં પણ 'એ અકારણ છે' એ કારણ નથી, પણ સહકારીઓનું સમવધાન ન હોવું એ જ કારણ છે. નહીંતર તો પહેલાં કુર્વદ્રૂપત્વનો નિશ્ચય ન હોવાથી પ્રવૃત્તિ થઈ જ નહીં શકે. (આશય એ છે કે બીજ તો કારણ નથી અને કુર્વદ્રૂપત્વ કાંઈ પ્રત્યક્ષાદિથી પહેલાં જણાઈ શકતું નથી. પછી અંકુરાર્થી શાનું ઉપાદાન કરે ?)

વળી તમે જે કુર્વદ્રૂપત્વ કહો છો તે પણ સહકારી કારણો ભેગા થવા પર જ સંપન્ન થાય છે, નહીં કે એ વિના. તો પછી બીજ વગેરે રૂપ અવસ્થિત કારણ + સહકારી ચક્ર... આટલાથી જ કાર્ય થઈ જાય છે તો પછી કુર્વદ્રૂપત્વ-અકુર્વદ્રૂપત્વ વગેરે ભેદ માનવાથી સર્યું. (એટલે કે જે બીજને સહકારીઓ મળી જાય એનાથી અંકુરોત્પાદ થાય... જેને એ ન મળે, એનાથી ન થાય... વાત આટલેથી પતી જાય છે, પછી કુર્વદ્રૂપત્વ વગેરે કલ્પનાની શી જરૂર છે ?) તેથી બીજ તો પ્રથમથી ચરમક્ષણ સુધી એ જ છે, જ્યારે ઈલા-પવન વગેરે સહકારીઓ મળે છે ત્યારે અંકુરોત્પાદ કરે છે. માટે ક્ષણિકવાદથી સર્યું! એમ, ઘટોત્પાદ કે ઘટનાશ કરનારો દંડ તો એ જ છે, ભિન્ન નથી, કારણ કે અમુક સહકારી મળ્યે ઘટનાશ કરનારો એ જ બીજા પ્રકારના સહકારીઓ મળવા પર ઘટોત્પાદ કરી શકે છે.

આવા તર્કો વડે પોતાનો અભિપ્રાય ઋજુસૂત્રનયને સમજાવતા વ્યવહારનયને હવે સંગ્રહનય એ જ તર્કો વડે પોતાની વાત શિખવાડે છે - હે મિત્ર વ્યવહારનયવાદી ! જેમ,

कारणत्वं कल्पनीयम् । इत्थञ्च सामान्यस्यैवार्थक्रियाकारित्वात् सामान्यमेवास्ति, न विशेषाः । **ननु** यदि सामान्यमेवार्थक्रियाकारि तदा रोगोपशमनार्थं यत्किमप्यौषधं प्रयोक्तव्यं, न त्वौषधविशेषः। न चैवं कोऽपि वैद्यः करोति, एकस्य रोगस्योपशमकस्याप्यौषधस्य तदन्यस्य रोगस्योत्तेजकत्वसम्भवादिति **चेद्** ? अहो विस्मरणशीलताऽऽयुष्मतो यत्स्वयं दत्तमपि तर्कं विस्मरसि। यथा घटध्वंसं प्रति घटोऽपि कारणं तथा रोगोपशमनं प्रति रोगोऽपि कारणम् । ततश्च रोगोऽप्यौषधस्य सहकारिकारणम् । 'घटोत्पादकाद् दण्डाद् घटनाशको दण्डो विलक्षण एव, अन्यथा कार्यवैलक्षण्यानुपपत्ते'रिति वदन्तमृजुसूत्रं भवता यस्तर्को दत्तः स एवात्र किमिति न स्मरसि ? कः स तर्कः ? अयं- दण्डेन घटोत्पादो भवतु घटनाशो वा, दण्डस्तु स एव, न तत्र कोऽपि विशेषः, केवलं सहकारिविशेषसन्निधाने तेन घटोत्पादः, तदन्यसन्निधाने च घटनाशः । प्रस्तुतेऽप्यौषधं तु तदेव, न तत्र कोऽपि विशेषः, केवलमेकस्य रोगविशेषस्य

---

અંકુરોત્પાદની પહેલાં કુર્વદ્રૂપત્વનો નિશ્ચય અસંભવિત હોવાથી તદર્થીની પ્રવૃત્તિ થઈ શકતી નથી, એ જ રીતે અંકુરવિશેષના ઉત્પાદ પૂર્વે બીજવિશેષની કારણતાનો નિશ્ચય અસંભવિત હોવાથી પ્રવૃત્તિ થઈ જ નહીં શકે. (આશય એ છે કે અંકુરવિશેષ પ્રત્યે બીજવિશેષ કારણ છે કે અંકુરસામાન્ય પ્રત્યે બીજસામાન્ય? આમાં પ્રથમકારણનો તો અંકુર ઉત્પન્ન થાય એ પછી જ નિર્ણય થઈ શકે છે કે આ અંકુરા પ્રત્યે આ બીજ કારણ બન્યું, એ પહેલાં નહીં, એટલે પ્રવૃત્તિ શી રીતે થાય ?) એટલે બીજવિશેષને કારણ કલ્પી શકાતું નથી. માટે અંકુર સામાન્ય પ્રત્યે બીજ સામાન્યને જ કારણ માનવું ઉચિત છે. એટલે સામાન્ય જ અર્થક્રિયાકારી હોવાથી એ જ સત્ છે, નહીં કે વિશેષો.

**શંકા** - જો સામાન્ય જ અર્થક્રિયાકારી હોય તો રોગ મટાડવા ઔષધરૂપે કોઈપણ ઔષધ વાપરવું જોઈએ, નહીં કે કોઈ ચોક્કસ ઔષધ જ. પણ આવું કોઈપણ વૈદ કરતો નથી. કારણ કે એક રોગનું ઉપશમન કરનાર ઔષધ પણ અન્ય રોગનું ઉત્તેજક બની શકે છે.

**સમાધાન** - અહો તમારી વિસ્મરણશીલતા ! જે ખુદ આપેલા તર્કને ભૂલી જાઓ છો. જેમ ઘટધ્વંસ પ્રત્યે ઘડો પણ કારણ છે એમ રોગોપશમન પ્રત્યે રોગ પણ કારણ છે. તેથી રોગ પણ ઔષધનું સહકારી કારણ છે. "ઘટોત્પાદક દંડ કરતાં ઘટનાશક દંડ વિલક્ષણ જ છે, નહીંતર કાર્યમાં વિલક્ષણતા સંભવે નહીં." આવું કહેનાર ઋજુસૂત્રનયને તમે જે તર્ક આપો છો એ તર્કને પ્રસ્તુતમાં કેમ યાદ કરતાં નથી ? એ કયો તર્ક છે ? આ-દંડથી ઘટોત્પાદ થાય કે ઘટનાશ, દંડ તો એ જ છે, એમાં કોઈ ફેરફાર નથી, માત્ર

सन्निधाने तेन रोगोपशमनं, अन्यस्य सन्निधाने च रोगोत्तेजनमिति । तथा वैद्योपदिष्टं विषमप्यौषधायते। तत्र सामान्यतया मृत्युप्रयोजकं भवद् विषत्वं वैद्यकृतप्रक्रियाविशेषेण सुषुप्तं भवति, तद्गतमौषधत्वं यत्सामान्यतया सुषुप्तमवतिष्ठते तद् जागृतं भवति, ततश्चौषधत्वसामान्येन रोगोपशमनं भवति। विषे विषत्वं धर्मविशेषः, औषधत्वं औषधसामान्यधर्मः, तत्र विषं न विषत्वलक्षणेन धर्मविशेषेण रोगमुपशमयति, तेन तु तस्य मृत्युकारणतया प्रसिद्धत्वात्, किन्त्वौषधत्वलक्षणेनौषधसामान्येनैव, तदन्यस्य धर्मस्य कल्पनागौरवग्रस्तत्वात् । ततश्च यथा विषमौषधसामान्यतया रोगमुपशमयति तथैव घृतादयोऽपि न घृतत्वादिना, किन्त्वौषधत्वेनैव रोगमुपशमयतीति मन्तव्यमिति सिद्धं सामान्यमेवार्थक्रियाकारि । किञ्च व्यवहारनयवादिन् ! 'औषधेन रोगः शाम्यती'ति तु लोके यतः प्रसिद्धमतो रोगसामान्यशमनं प्रत्यौषधसामान्यस्य कारणता तु स्वीकरणीयैव, ततश्चौषधविशेषस्यापि कारणतायाः स्वीकारलक्षणं गौरवं किमर्थम् ? भवदनुयायिनां हि - *कल्पनागौरवं यत्र तं पक्षं न सहामहे, कल्पनालाघवं*

---

અમુક સહકારી મળે તો એનાથી ઘટોત્પાદ થાય છે, અન્ય સહકારી મળે તો એનાથી ઘટનાશ થાય છે. પ્રસ્તુતમાં પણ ઔષધ તો એ જ છે, એમાં કોઈ ફેરફાર નથી. માત્ર અમુક રોગનું સન્નિધાન હોય તો તેનાથી રોગ શમે છે, અન્ય રોગનું સંનિધાન હોય તો વધે છે. તથા વૈદે કહેલ વિષ પણ ઔષધ બની જાય છે એમાં સામાન્ય રીતે મૃત્યુનું પ્રયોજક બનતું વિષત્વ વૈદે કરેલી પ્રક્રિયાના કારણે સુષુપ્ત બની જાય છે, અને એમાં રહેલ ઔષધત્વ કે જે સામાન્યથી સુષુપ્ત રહેતું હોય છે, તે જાગૃત બને છે અને પછી એ ઔષધત્વસામાન્યથી રોગોપશમન થાય છે. વિષમાં વિષત્વ એ વિશેષ ધર્મ છે, ઔષધત્વ એ સામાન્ય ધર્મ. એમાં વિષ, વિષત્વધર્મરૂપે રોગ શમાવતું નથી, કારણ કે એ રૂપે તો એ મોતનું કારણ હોવું પ્રસિદ્ધ છે, પણ ઔષધત્વરૂપ ઔષધસામાન્યધર્મથી જ એ રોગને શમાવે છે. એ સિવાયના ધર્મની કલ્પના કરવામાં ગૌરવ છે. તેથી જેમ વિષ ઔષધસામાન્યરૂપે રોગ શમાવે છે, એમ ઘી વગેરે પણ ઘૃતત્વાદિવિશેષ ધર્મરૂપે નહીં, પણ ઔષધસામાન્યરૂપે જ રોગ શમાવે છે એમ માનવું પડે છે.

વળી હે વ્યવહારનયવાદી ! તું તો લોકને અનુસરનારો છે અને લોકમાં તો 'દવાથી રોગ મટે' આ વાત એકદમ પ્રસિદ્ધ છે. એટલે કોઈપણ રોગશમન પ્રત્યે ઔષધ સામાન્યને તો કારણ માનવાનું જ છે. પછી ઔષધવિશેષરૂપે પણ કારણતા માનવાનું ગૌરવ શા માટે? કારણ કે આ પણ તારા જ અનુયાયીઓનો પ્રલાપ છે કે

*यत्र तं पक्षं तु सहामहे* ॥ इति प्रलापः ॥ तदेवौषधं.. इत्यादयः प्रसिद्धव्यवहारा अपि सामान्यस्यैवार्थक्रियाकारित्वं सूचयतीति ।

अथ चरमो नैगमनयः स्वाभिप्रायमाह – सङ्ग्रहनयवादिन् ! येषां मिथः कथञ्चिदपि तादात्म्यं नास्ति तानपि सर्वान् घटादीनेकघटतया सङ्गृह्णानस्त्वं येषां मिथः कथञ्चित्तादात्म्यं संमतं तान् पिण्ड-शिवकादीन् घटतया किमिति न सङ्गृह्णासि ? अत्र व्यवहारनयो नैगमं पृच्छति-पिण्डाद्यवस्थायां जलाहरणादिलक्षणाया अर्थक्रियाया अभावात् कथं घटत्वमुच्यमानं शोभेत ? नैगमः प्रत्युत्तरयति – नन्वेवं त्वपवरककोणस्थेऽधोमुखे घटेऽप्यर्थक्रियाया अभाव एवेति किं सोऽपि न घटः ? अथ कालान्तरे तेन जलाहरणादिकं क्रियत एवेति चेत् ? ननु कालान्तरे तु पिण्डेनापि तत् क्रियत एवेति समानम् । अव्यवधानेन तत्करणमेव संमतमिति त्वेवम्भूतस्यैवाभिप्रायः, न तु व्यवहारस्य न वा नैगमस्येति । **अथ** पिण्डः पृथुबुध्नोदरादिलक्षणं

---

- *જેમાં કલ્પના-ગૌરવ હોય એવી વાત અમે સ્વીકારતા નથી, જેમાં કલ્પનાનું લાઘવ હોય એવી વાત, અમે સ્વીકારીએ છીએ.* એટલે સામાન્ય જ અર્થક્રિયાકારી છે એ સિદ્ધ થાય છે. મેં પણ એ જ ઔષધ લીધું વગેરે વ્યવહારો પણ એનું જ સૂચન કરે છે. (કારણ કે જે ઔષધવિશેષ અન્યે લીધું છે એ ઔષધવિશેષ પોતે લેવું શક્ય નથી જ.)

હવે ચરમ નૈગમનય પોતાનો અભિપ્રાય જણાવે છે - હે સંગ્રહનયવાદી ! જેઓમાં પરસ્પર બિલકુલ તાદાત્મ્ય નથી એવા પણ બધા ઘડાઓનો એકઘડારૂપે સંગ્રહ કરતો તું જેઓનું પરસ્પર કંઈક પણ તાદાત્મ્ય સંમત છે તે પિંડ-શિવક વગેરેનો ઘડા તરીકે સંગ્રહ કેમ કરતો નથી ?

અહીં વ્યવહારનય નૈગમનયને પૂછે છે - પિંડાદિઅવસ્થામાં જળાહરણાદિરૂપ અર્થક્રિયાનો અભાવ હોવાથી 'ઘડો' કહેવો શી રીતે શોભે ?

નૈગમનયનો જવાબ - એમ તો ઓરડાના ખૂણામાં ઊંધા પડેલા ઘડામાં પણ અર્થક્રિયાનો તો અભાવ જ છે. તો શું એને પણ ઘડો નહીં કહો ?

**શંકા** - કાળાન્તરે એ ઘટ પણ અર્થક્રિયા કરે જ છે ને !

**સમાધાન** - કાળાન્તરે તો પિંડ પણ એવી અર્થક્રિયા કરે છે, માટે એ વાત સમાન છે. 'અવ્યવધાનથી કાર્યકરણ જ અમને સંમત છે' એવો તો એવંભૂતનયનો જ અભિપ્રાય છે. નહીં કે વ્યવહારનયનો કે નૈગમનયનો...

**પૂર્વપક્ષ** - પિંડો, પૃથુબુધ્નોદરાદિ આકાર રૂપ રૂપાન્તરને પામીને પછી જ જળાહરણાદિ કરે છે, જ્યારે ઘડો તો સ્વરૂપે જ એ કરે છે, માટે બેમાં ઘણો ફરક છે.

रूपान्तरमासाद्यैव जलाहरणादिकं करोति, घटस्तु स्वरूपेणैवेति महदन्तरमिति **चेत् ? न,** पिण्डेऽपि पृथुबुध्नोदरादिलक्षणस्य तस्य स्वरूपस्य विद्यमानत्वात्, केवलं तद्दर्शनार्थं नैगमनयदृष्टिरपेक्षिता ।

किञ्च बीजप्रथमक्षणस्वरूपाद् बीजचरमक्षणस्वरूपं सर्वथा समानमेव भवतीषद्भिन्नं वेत्यालोच्यमाने ईषद्भिन्नं भवतीत्येव निश्चीयते, अन्यथेलापवनादिसहकारिचक्रस्याकिञ्चित्करत्वापत्तेः । अयम्भावः - सहकारिचक्रं बीजे कस्यचिद् विशेषस्याधानं करोति न वा ? पश्चिमे विकल्पे तच्चक्रस्याकिञ्चित्करत्वं स्पष्टमेव । अथ प्रथमो विकल्पस्तर्हि सिद्धो बीजप्रथमक्षणाद् बीजचरमक्षणे तद्विशेषलक्षणो विशेषः । दृश्यतेऽपि चावयवशिथिलीभवनादिलक्षणो विशेषो बीजचरमक्षणे । अत एव ऋजुसूत्रनयो बीजचरमक्षणं विलक्षणमेव मन्यते, अङ्कुरकारणतयाऽपि तमेव स्वीकुरुते बीजचरमक्षणं, न तु बीजप्रथमादिक्षणम् । तथापि व्यवहारनयवादिन् ! प्रथमक्षणाच्चरमक्षणं यावद् बीजं तदेव, न तत्र किञ्चिदपि वैलक्षण्यं, बीजचरमक्षणवद् बीजप्रथमक्षणोऽप्यविशेषेणाङ्कुरकारणमित्यादिकं यद्भवता कथ्यते तेनैतत्स्पष्टमेव

---

**સમાધાન-** ના, ફરક નથી. પિંડમાં પણ એ પૃથુબુધ્નોદરાદિરૂપ આકાર રહેલો જ છે, માત્ર એને જોવા માટે નૈગમનયની દૃષ્ટિ જોઈએ. વળી બીજનું પ્રથમક્ષણે જે સ્વરૂપ હોય છે તેનાથી એનું ચરમક્ષણનું સ્વરૂપ સર્વથા સમાન હોય કે કંઈક પણ જુદું હોય ? આ વિચારતાં જણાય છે કે કંઈક પણ જુદું હોય છે. જો એમાં જરા પણ ફેરફાર થયો ન હોય તો ઈલા-પવનાદિ સહકારી કારણો અકિંચિત્કર બની જાય. આશય એ છે કે સહકારી કારણો બીજમાં કોઈ વિશષતા ઊભી કરે છે કે નહીં ? જો ન કરતાં હોય તો તેઓ અકિંચિત્કર છે એ સ્પષ્ટ છે. હવે જો કરે છે એમ પ્રથમ વિકલ્પ કહીએ તો પ્રથમબીજક્ષણ કરતાં ચરમબીજક્ષણમાં એ વિશેષતારૂપ ફેરફાર સિદ્ધ થઈ જ જશે. વળી અવયવો શિથિલ બની જવા (પોચા પડી જવા) વગેરે રૂપ ફેરફાર બીજચરમક્ષણમાં જોવા મળતો જ હોય છે. એટલે જ ઋજુસૂત્રનય બીજચરમક્ષણને વિલક્ષણ જ માને છે, અને અંકુરના કારણ તરીકે પણ એને જ માને છે, નહીં કે બીજપ્રથમાદિક્ષણને. છતાં પણ હે વ્યવહારનયવાદી ! ''પ્રથમક્ષણથી ચરમક્ષણ સુધી બીજ એ જ છે, એમાં કોઈ જ વિલક્ષણતા હોતી નથી અને તેથી બીજચરમક્ષણની જેમ બીજપ્રથમક્ષણ પણ સમાન રીતે અંકુરનું કારણ છે'' વગેરે તું જે કહે છે તેનાથી આ વાત સ્પષ્ટ જ છે કે બીજપ્રથમક્ષણમાં વ્યક્ત રૂપે નહીં દેખાતું અને અંકુરનું કારણ બનતું એવું બીજનું ચરમક્ષણીય ચોક્કસ સ્વરૂપ તું ચરમક્ષણની જેમ પ્રથમક્ષણમાં પણ સમાન રીતે જુએ જ છે ને કહે જ છે,

यद् बीजप्रथमक्षणे व्यक्तरूपेणादृश्यमानोऽप्यङ्कुरकारणीभवंश्चरमक्षणीयस्वरूपविशेषो चरमक्षण इवाविशेषेण वर्तमानः स्वीक्रियते भवतेति, अन्यथा ऋजुसूत्रनयवद् बीजप्रथमादिक्षणस्याकारण-त्वकथनप्रसङ्गात् । एवमेव च पिण्डादौ व्यक्तरूपेणादृश्यमानोऽपि जलाहरणादौ कारणीभवन् पृथुबुध्नोदराद्याकारोपलक्षितः स्वरूपविशेषो घट इवाविशेषेण वर्तमानः किमिति न स्वीकरणीयः? स्वीकरणीय एवेति सिद्धं पिण्डोऽपि घट एव। इति व्यवहारनयं प्रति नैगमनयस्य वक्तव्यता।

**नन्वेवं** तु पूर्वः पूर्वोऽपि नयस्तर्कसह इति प्रतीयत इति **चेत् ?** प्रतीयत एवेति किमत्र प्रष्टव्यम् ? नयानां सर्वेषां शिष्टपुरुषज्ञानरूपत्वात् शिष्टपुरुषप्रयुक्तवचनरूपत्वाद्वा । न हि कश्चिदपि नयो मूर्खप्रलापरूपः । शिष्टाश्च न कदाचिदपि तर्कातीतं किञ्चिज्जानन्ति वदन्ति वेति। **नन्वन्यत्र** (नयोपदेशे) 'ये सूक्ष्मार्थास्ते शुद्धाः, ये च स्थूलार्थास्तेऽशुद्धाः ! तत्र सूक्ष्मतर्कसहत्वं सूक्ष्मार्थत्वं, तदसहत्वं च स्थूलार्थत्वमिति निश्चयनया एवैतेषु शुद्धाः, व्यवहारनयाश्चाशुद्धाः' इत्यर्थकं यदुक्तं तेन सहास्य विरोध इति **चेत् ? न,** उपलभ्यमानेषु ग्रन्थेषु सामान्यतया

---

નહીંતર તો ઋજુસૂત્રની જેમ તારે પણ બીજપ્રથમાદિક્ષણને અંકુરનું અકારણ કહેવું પડે. બસ એ જ રીતે પિંડાદિમાં વ્યક્તરૂપે (તને) ન દેખાનાર, જળાહરણમાં કારણીભૂત અને પૃથુબુધ્નોદરાદિઆકારથી ઉપલક્ષિત એવું જે ચોક્કસ સ્વરૂપ છે એ ઘડાની જેમ પિંડમાં પણ સમાન રીતે રહેલું કેમ ન સ્વીકારવું ? સ્વીકારવું જ જોઈએ. ને તેથી પિંડ પણ ઘડો છે જ એ સાબિત થાય છે. આ પ્રમાણે વ્યવહારનય પ્રત્યે નૈગમનયની વક્તવ્યતા જાણવી.

**શંકા** - તમારી આ વાતો પરથી તો એવું જણાય છે કે પૂર્વ-પૂર્વનો નય પણ તર્કસહ (= તર્કપૂર્ણ) છે.

**સમાધાન** - છે જ. એમાં પૂછવા જેવું શું છે ? કારણ કે બધા જ નયો શિષ્ટપુરુષોને થતા જ્ઞાનરૂપ કે તેમના વચનપ્રયોગરૂપ છે. કોઈ જ નય મૂર્ખાઓના બકવાસરૂપ નથી. અને શિષ્ટો તો ક્યારેય પણ તર્કવિરુદ્ધ કશું જાણતા નથી કે બોલતા નથી.

**શંકા** - પણ તો પછી અન્યત્ર (નયોપદેશ વગેરેમાં) જે કહ્યું છે તેનો વિરોધ થશે. ત્યાં કહ્યું છે કે - જે નયો સૂક્ષ્માર્થવાળા છે તે શુદ્ધ છે, જે સ્થૂલઅર્થવાળા છે તે અશુદ્ધ છે. એમાં સૂક્ષ્મતર્કની સામે પણ જે ટકી રહે તે સૂક્ષ્મતર્કસહ નયો સૂક્ષ્માર્થવાળા છે, જે ન ટકી શકે તે સૂક્ષ્મતર્કઅસહ નયો સ્થૂલાર્થવાળા છે. માટે નિશ્ચયનયો શુદ્ધ છે અને વ્યવહારનયો અશુદ્ધ છે.

**સમાધાન** - ના વિરોધ નથી. કારણ કે વર્તમાનમાં મળતાં ગ્રન્થોમાં સામાન્ય રીતે બધે પૂર્વપૂર્વ નયોની અપેક્ષાએ ઉત્તરોત્તર નય તર્કસહ હોવો જે જણાવ્યો છે એની

सर्वत्र पूर्वपूर्वनयापेक्षयोत्तरोत्तरनयस्य तर्कसहत्वनिरूपणमेव यद्दृश्यते तदपेक्षया तस्य कथितत्वात्। अन्यथाऽत्रोक्तानुसारेण यदा पूर्वपूर्वनयस्य तर्कसहत्वं विचार्यते तदा 'व्यवहारनया एवैतेषु शुद्धाः, निश्चयनयाश्चाशुद्धाः' इति ज्ञायत एव । एतच्चैवं मन्तव्यमेव, अन्यथा नैगमेऽपि प्रथमो य आदिनैगमस्तस्य **नमस्कारनिर्युक्तौ** कथितस्य सर्वविशुद्धत्वस्यानुपपत्तिप्रसङ्गात् । अत एव *'ववहारो वि हु बलवं'* इत्यादिना व्यवहारनयस्यापि निश्चयतुल्यबलत्वं तत्र तत्र कथितमिति । यदि व्यवहारनया अशुद्धा एव, निश्चयनयाश्च शुद्धा एव, तदा व्यवहारस्य निश्चयतुल्यबलत्वं नैव सम्भवेदिति । अत एव च *'नियनियवयणिज्जसच्चा नया परवियालणे मो*हत्ति**सम्मति**वचनेन निश्चयनयानामिव व्यवहारनयानामप्यविशेषेणैव निजनिजवाच्येऽर्थे सत्यत्वं=तर्कसहत्वमुक्तं, अन्यनयवाच्ये चार्थे व्यवहारनयानामिव निश्चयनयानामपि मोहत्वं=मूढत्वं=बोधसामर्थ्यशून्यत्वमिति यावत्कथितमेव । तथा **नयोपदेशेऽपि** *क्रियाक्रियाफलौचित्यं...* इत्यादिश्लोकैर्व्यवहारस्य शुद्धत्वं निश्चयस्य चाशुद्धत्वं कथितमिति । ॥१५॥

तदेवं सप्तनयास्तदुपन्यासक्रमहेतवश्च चिन्तिताः। अथ तान् नयान् निक्षेपेषु योजयितुकाम आह-

---

અપેક્ષાએ જ નયોપદેશ વગેરેમાં આવી વાતો કહેલી છે. બાકી અહીં ઉપર કહ્યા મુજબ જ્યારે પૂર્વ-પૂર્વ નયનું તર્કસહત્વ વિચારવામાં આવે છે ત્યારે વ્યવહારનયો શુદ્ધ છે અને નિશ્ચયનયો અશુદ્ધ છે એ જણાય જ છે. આ માનવું જરૂરી છે જ, નહીંતર નૈગમનયમાં પણ જે પ્રથમ આદિનૈગમ છે તેને નમસ્કાર નિર્યુક્તિમાં સર્વવિશુદ્ધ જે કહેલ છે તે અસંગત બની જાય. વળી એટલે જ *ववहारो वि हु बलवं* વગેરે વચનો દ્વારા વ્યવહારનયને પણ નિશ્ચયતુલ્ય બળવાળો જે તે તે ગ્રન્થોમાં કહેલ છે તે સંગત થાય. બાકી તો જો વ્યવહારનયો અશુદ્ધ જ હોય, અને નિશ્ચયનયો જો શુદ્ધ જ હોય તો વ્યવહારનયમાં નિશ્ચયતુલ્ય બળ સંભવે જ નહીં. એટલે જ *नियनियवयणिज्जसच्चा.* એવી સમ્મતિની ગાથામાં "નયો પોતપોતાની વક્તવ્યતામાં સાચા છે, બીજાની વિચારણામાં મૂઢ છે" એવું કહેવા દ્વારા નિશ્ચયનયોની જેમ વ્યવહારનયોને પણ સમાન રીતે પોતપોતાના વાચ્ય અર્થમાં સત્ય = તર્કસહ હોવા કહ્યા છે અને અન્યનય વાચ્ય અર્થમાં વ્યવહારનયની જેમ નિશ્ચયનયોને પણ મોહ = મૂઢ = બોધ કરવાના સામર્થ્યથી શૂન્ય કહ્યા છે. તથા **નયોપદેશમાં** પણ क्रियाऽक्रियाफलौचित्यं... વગેરે શ્લોકો દ્વારા વ્યવહારનયને શુદ્ધ અને નિશ્ચયનયને અશુદ્ધ કહેલ છે. ॥૧૫॥ આમ સાતે નયો અને એના ક્રમના હેતુઓ વિચાર્યા. હવે આ નયોને નિક્ષેપાઓમાં જોડવાની ઇચ્છાથી કહે છે -

**के नयाः कांश्च निक्षेपान् मन्यन्ते कृपया वद ।**
**चत्वारश्चतुरः शेषाः शुद्धा इत्यन्तिमं जगुः ॥१६॥**

के नयाः कान् निक्षेपान् मन्यन्ते ? इति कृपया वद । तत्रोत्तरं-चत्वारः=नैगमादय आद्याश्चत्वारो नयाश्चतुरः=नामादींश्चतुरोऽपि निक्षेपान् मन्यन्ते । शेषाः=शब्दादयो(यतः) शुद्धा इतिर्हेतौ, अतोऽन्तिममेव निक्षेपं ते जगुरिति गाथार्थः ।

विस्तरार्थस्त्वेवं - नामादिषु मध्ये नाम-स्थापना-द्रव्यनिक्षेपत्रयं पर्यायास्तिकनयस्य नाभिमतं, विवक्षितभावशून्यत्वात्, पर्यायास्तिकस्य भावग्राहित्वादिति । शब्दादयस्तु पर्यायास्तिका एव, अतस्ते भावनिक्षेपमेवेच्छन्ति । नैगमादयस्तु सर्वान् निक्षपानिच्छन्ति । तदुक्तं... *भावं चिय सद्दणया सेसा इच्छंति सव्वणिक्खेवेति* (वि.आ.भा. २८४७)

**अथ** नैगमेन नामादिचतुष्टयाभ्युपगमे तस्य द्रव्यार्थिकत्वव्याहतिः स्याद्, द्रव्यार्थिकेन द्रव्यस्यैवाभ्युपगमात् । तथा, **श्रीजिनभद्रगणिक्षमाश्रमणादीनां** मते ऋजुसूत्रस्य द्रव्यार्थिकतया द्रव्यनिक्षेपसंमतौ न कोऽपि प्रश्नः। परन्तु **श्रीसिद्धसेनदिवाकर**सूर्यादीनां मतेऽतीतानागतपर्याय-

---

**ગાથાર્થ** - કયા નયો કયા નિક્ષેપાઓને માને છે તે કૃપા કરીને કહો. (પ્રથમ નૈગમાદિ) ચાર નયો નામાદિ ચારે નિક્ષેપાઓને સ્વીકારે છે. બાકીના નયો શુદ્ધ હોવાથી માત્ર અન્તિમ-ભાવ નિક્ષેપને જ માને છે. (ગાથાર્થ સુગમ છે).

વિસ્તરાર્થ આવો જાણવો - નામાદિ ચાર નિક્ષેપાઓમાં નામ-સ્થાપના અને દ્રવ્ય... આ ત્રણ નિક્ષેપાઓ પર્યાયાર્થિકનયને માન્ય નથી, કારણ કે વિવક્ષિતભાવથી શૂન્ય છે અને પર્યાયાસ્તિકનય તો ભાવનો જ ગ્રાહક હોય છે. શબ્દાદિનયો તો પર્યાયાસ્તિક જ છે. માટે તેઓ ભાવનિક્ષેપને જ માને છે. નૈગમ વગેરે નયો તો બધા નિક્ષેપાઓને માને છે. કહ્યું જ છે કે - *શબ્દનયો ભાવનિક્ષેપને જ ઇચ્છે છે, શેષનયો બધા નિક્ષેપાઓને...* (વિ.આ.ભા. ૨૮૪).

**પૂર્વપક્ષ** - નૈગમનય જો નામાદિ ચારે નિક્ષેપ માનતો હોય તો એનું દ્રવ્યાર્થિકપણું ઘવાઈ જશે, કારણ કે દ્રવ્યાર્થિકનય તો માત્ર દ્રવ્યને જ માનનારો છે. તથા **શ્રી જિનભદ્રગણિ** ક્ષમાશ્રમણના મતે ઋજુસૂત્ર દ્રવ્યાર્થિક હોવાથી દ્રવ્યનિક્ષેપ માને એમાં કોઈ પ્રશ્ન નથી. પણ **શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ** મહારાજ વગેરેના મતે, અતીત-અનાગત પર્યાયને નકારનાર ઋજુસૂત્ર શુદ્ધ અર્થપર્યાયને માનનારો હોવાથી દ્રવ્યાર્થિક નથી. એમનો કહેવાનો ભાવ આ છે-વર્તમાન સ્વકીય વસ્તુ જ ખરેખર એક વસ્તુ છે, કારણ કે સ્વકાર્યસાધક છે. તે સિવાય

प्रतिक्षेपी ऋजुसूत्रः शुद्धमर्थपर्यायं मन्यमानो नैव द्रव्यार्थिकः । अयम्भावः-स्वकार्यसाधकत्वेन स्वकीयस्यैव वस्तुन उपगमादस्य मतेन स्वकीयमेकमेव वस्तु सत् । तदन्यानि परकीयाणि सर्वाणि वस्तूनि यतोऽस्य मतेऽसन्त्येवातः पृथक्त्वस्यासम्भवान्नास्य तिर्यक्सामान्यलक्षणद्रव्यांशाभ्युपगमः। तथा स्वकार्यसाधकत्वेन वर्तमानस्यैव वस्तुन उपगमादस्य मतेन वर्तमानमेव वस्तु सत्। तद्भिन्नान्यतीतानागतानि सर्वाणि वस्तूनि यतोऽस्य मतेऽसन्त्येवातो नास्योर्ध्वतासामान्यलक्षणद्रव्यांशाभ्युपगमः । अत एव नास्याऽसद्घटितभूतभाविपर्यायकारणत्वरूपद्रव्यत्वाभ्युपगमोऽपि, तथा च भूतस्य भाविनो वा भावस्य यत्कारणं तद् द्रव्यमिति व्याख्याप्राप्तस्य द्रव्यनिक्षेपस्याप्यस्य मतेऽसम्भव एव। अनुयोगद्वारसूत्रं त्वनुपयोगद्रव्यांशमादाय वर्तमानोपयोगशून्यावश्यकपर्याये द्रव्यपदमुपचर्य समाधेयमिति श्रीसिद्धसेनदिवाकरसूर्यादीनां मते ऋजुसूत्रनयस्य द्रव्यनिक्षेपो वस्तुतोऽसम्मत एवेति। किञ्च नामादिवदनुपचरितद्रव्यनिक्षेपदर्शनपरत्वादुक्तस्यानुयोगद्वारसूत्रस्य द्रव्यपदोच्चारेणोपपत्तिरनुपपन्नैवेति **चेत्** ?

**मैवं,** नैगमनयस्य भावनिक्षेपसहत्वेऽपि द्रव्यार्थिकत्वव्याहतेरभावस्य नैकैः समाधान-

---

પરાયી બધી ચીજો આના મતે અસત્ હોવાથી પૃથક્ત્વ = બહુત્વ સંભવતું ન હોવાના કારણે તિર્યક્સામાન્ય નામનો દ્રવ્યાંશ છે નહીં. વળી, સ્વકાર્યસાધક તરીકે વર્તમાન વસ્તુ જ માનવાની હોવાથી અતીત-અનાગત બધી વસ્તુઓ આના મતે અસત્ જ છે. માટે ઊર્ધ્વતાસામાન્યરૂપ દ્રવ્યાંશ પણ આ નયને માન્ય નથી. એટલે જ એના માટે ભૂત-ભાવીપર્યાય અસત્ હોવાથી એના કારણરૂપ દ્રવ્યાંશ પણ એને માન્ય નથી. એટલે જ ભૂત-ભાવી ભાવોનું જે કારણ તે દ્રવ્ય એવી વ્યાખ્યાથી મળતો દ્રવ્યનિક્ષેપ પણ આને માન્ય નથી. અનુયોગદ્વારસૂત્રમાં ઋજુસૂત્રને દ્રવ્યનિક્ષેપ માન્ય હોવાનું જે કહ્યું છે તે અનુપયોગદ્રવ્યાંશને નજરમાં રાખીને સંગત કરવું. અર્થાત્ अणुवओगो दव्वं વ્યાખ્યાને અનુસારે વર્તમાનમાં જે ઉપયોગશૂન્ય એવો આવશ્યકપર્યાય એમાં દ્રવ્યનો ઉપચાર કરીને એને દ્રવ્યનિક્ષેપ કહેવો... અને એ રીતે અનુપયોગસૂત્રના એ સૂત્રનું સમાધાન કરવું. આ પ્રમાણે **શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ** મહારાજ વગેરેના મતે ઋજુસૂત્રને વસ્તુતઃ તો દ્રવ્ય નિક્ષેપ અસંમત જ છે. વળી નામાદિનિક્ષેપાઓની જેમ ઉક્તસૂત્ર તો અનુપચરિત દ્રવ્યનિક્ષેપને જણાવવાના તાત્પર્યમાં જ છે. માટે દ્રવ્યપદના ઉપચારથી સમાધાન કરવું એ ઉચિત નથી.

**ઉત્તરપક્ષ** - આવો પૂર્વપક્ષ બરાબર નથી, કારણ કે નૈગમનય ભાવનિક્ષેપ માને તો પણ દ્રવ્યાર્થિક મટી જતો નથી. આ વાતની સંગતિ અનેક પ્રકારના સમાધાન દ્વારા નયરહસ્ય વગેરે ગ્રન્થોમાં દર્શાવેલી છે અથવા આવો પણ અન્ય એક સમાધાનપ્રકાર

प्रकारैर्**नयरहस्या**दावुपपादितत्वात् । यद्वाऽन्यस्याप्येवम्प्रकारस्य समाधानान्तरस्यात्र सम्भवात् । तच्चैवं - निक्षेपसंलग्नौ द्रव्य-भावशब्दौ यदभिप्रायकौ, न नयसंलग्नौ द्रव्य-पर्यायशब्दावपि तदभिप्रायकावेव, अपि तु भिन्नाभिप्रायकौ-भिन्नार्थकावेवेति यावत् । एतत्तु पूर्वं विचारितमेव ।

ततश्च यदि कश्चिन्नयो द्रव्यनिक्षेपमिच्छति, न चैतावतैव तस्य द्रव्यार्थिकत्वमेव पर्यायार्थिकत्वहानिश्चेति वक्तुं पार्यते । एवमेव यदि कश्चिन्नयो भावनिक्षेपमिच्छति, न चैतावतैव तस्य पर्यायार्थिकत्वमेव द्रव्यार्थिकत्वहानिश्चेत्यपि शक्यते वक्तुम् । अत एवा**वश्यकनिर्युक्तेः** *'जीवो गुणपडिवन्नो'* (७९२) त्ति गाथायां 'किं सामायिकम् ?' इति प्रश्ने द्रव्यार्थिकस्य गुणप्रतिपन्नो जीवः सामायिकमिति यदुक्तं तत्र गुणप्रतिपन्नस्य जीवद्रव्यस्य सामायिकत्वकथनेऽपि न तद् द्रव्यसामायिकं, अपि तु भावसामायिकमेव । तथैतद् भावसामायिकमभ्युपगच्छतोऽपि नैगमस्य न तदभ्युपगममात्रेण द्रव्यार्थिकत्वव्याहतिः पर्यायार्थिकत्वापत्तिश्च, भावसामायिकतया जीवद्रव्यस्यैवाभ्युपगतत्वात् ।

तथा ऋजुसूत्रनयो यदि द्रव्यनिक्षेपं स्वीकुर्याद्, नैतावतैव तस्य पर्यायार्थिकत्वहानिः, द्रव्यार्थिकत्वापत्तिर्वाऽऽपादयितुं शक्या, द्रव्यनिक्षेपतया वर्तमानक्षणमात्रस्थायिनः पर्यायस्य

---

આ બાબતમાં સંભવે છે - જે દ્રવ્ય અને ભાવશબ્દો નિક્ષેપસંલગ્ન છે તેનો અભિપ્રાય અને જે દ્રવ્ય-પર્યાયશબ્દો નયસંલગ્ન છે એનો અભિપ્રાય... આ બન્ને એક અભિપ્રાયવાળા નથી, પણ જુદા-જુદા અભિપ્રાયવાળા છે. ભિન્ન-ભિન્ન અર્થમાં વપરાય છે. આ વાત આગળ (પૃ. ૨૨૯) કરી ગયા છીએ.

એટલે કોઈક નય દ્રવ્યનિક્ષેપ માને એટલા માત્રથી એ દ્રવ્યાર્થિક જ બની જાય, એનું પર્યાયાર્થિકપણું હણાઈ જ જાય એવું કહી શકાતું નથી. એ જ રીતે જો કોઈક નય ભાવનિક્ષેપને માને છે એટલા માત્રથી એ પર્યાયાર્થિક જ બની જાય, દ્રવ્યાર્થિકરૂપે મટી જ જાય... એવું પણ કહી શકાતું નથી. માટે જ **આવશ્યકનિર્યુક્તિની** जीवो गुणपडिवन्नो... ગાથામાં 'સામાયિક શું છે ?' એવા પ્રશ્નના ઉત્તરમાં 'દ્રવ્યાર્થિકનયને ગુણપ્રતિપન્ન જીવ એ સામાયિક છે' એવું જે કહ્યું છે તેમાં જીવદ્રવ્યને સામાયિકરૂપે કહેલ હોવા છતાં એ દ્રવ્યસામાયિક નથી, પણ ભાવસામાયિક જ છે. તથા આવા ભાવસામાયિકને ઇચ્છવા છતાં નૈગમનયનું દ્રવ્યાર્થિકત્વ મટી જતું નથી કે પર્યાયાર્થિકત્વ આવી જતું નથી, કારણ કે છેવટે ભાવસામાયિકરૂપે જીવદ્રવ્યને જ માનેલ છે.

તથા, ઋજુસૂત્રનય જો દ્રવ્યનિક્ષેપને સ્વીકારે, તો પણ એટલામાત્રથી એ પર્યાયાર્થિક મટી જતો નથી, કે દ્રવ્યાર્થિક બની જતો નથી, કારણ કે દ્રવ્યનિક્ષેપરૂપે વર્તમાન

*ग्रहणसम्भवात् । ततश्च सम्मतितर्कप्रकरणकाराणां श्रीमतां सिद्धसेनदिवाकरसूरिप्रमुखाणां मते* ऋजुसूत्रनयस्य पर्यायार्थिकत्वेऽपि द्रव्यनिक्षेपसहत्वे न कोऽपि दोष:, न वाऽनुयोगद्वारसूत्र-विरोध: ।

ततश्चानुयोगद्वारसूत्रस्यैवम्प्रकारा द्विविधा व्याख्या ज्ञेया-विशेषावश्यकभाष्यकाराणां भगवतां **जिनभद्रगणि**क्षमाश्रमणानां मते-उपयोगशून्य आवश्यकस्य वक्ता जीव आगमतो द्रव्यावश्यकम् । श्रीमतां **सिद्धसेनदिवाकर**राणां मते-आवश्यकवक्तुर्जीवस्योपयोगशून्यावस्थालक्षण: पर्याय आगमतो द्रव्यावश्यकमिति ।

**ननु** यथाऽनुपयोगद्रव्यांशमादाय मतद्वयेऽपि द्रव्यनिक्षेप: संमत:, तथा कारणद्रव्यांशमादाय स संमतो न वेति ? संमत एवेति मे मति:, विवक्षितक्षणाव्यवहितपूर्ववर्तिक्षणस्योपादान-कारणत्वसम्भवात् । तत्र यस्य मते ऋजुसूत्रस्तं क्षणं द्रव्यरूपं गृह्णीयात्तस्य मते ऋजुसूत्रस्य द्रव्यार्थिकत्वं, यस्य च मते तं पर्यायरूपं गृह्णीयात्, तस्य मते तस्य पर्यायार्थिकत्वम् । **न च** वर्तमानक्षणग्राहिण ऋजुसूत्रस्य मतेऽतीतक्षणस्य खपुष्पवदसत्त्वात्कारणत्वस्य द्रव्यनिक्षेप-

---

ક્ષણમાત્રસ્થાયી પર્યાયનું ગ્રહણ સંભવે છે. એટલે સમ્મતિતર્ક પ્રકરણકાર શ્રીમાન્ સિદ્ધસેનદિવાકરસૂરિ વગેરેના મતે ઋજુસૂત્રનય પર્યાયાર્થિક હોવા છતાં દ્રવ્યનિક્ષેપ માને એમાં કશો દોષ નથી કે અનુયોગદ્વારસૂત્રનો વિરોધ નથી.

એટલે અનુયોગદ્વારસૂત્રની આવી બે પ્રકારે વ્યાખ્યા જાણવી-વિશેષાવશ્યકભાષ્યકાર ભગવાન્ **શ્રી જિનભદ્રગણિ** ક્ષમાશ્રમણાના મતે - આવશ્યકનો વક્તા ઉપયોગશૂન્ય જીવ એ આગમથી દ્રવ્યઆવશ્યક છે. શ્રીમાન્ **સિદ્ધસેનદિવાકરસૂરિજી** મ.ના મતે - આવશ્યકના વક્તા જીવનો ઉપયોગશૂન્ય અવસ્થારૂપ પર્યાય એ આગમથી દ્રવ્ય આવશ્યક છે.

**શંકા** - જેમ અનુપયોગદ્રવ્યાંશને આગળ કરીને બન્નેને દ્રવ્યનિક્ષેપ માન્ય છે, એમ કારણદ્રવ્યાંશને નજરમાં રાખીને એ માન્ય છે કે નહીં ?

**સમાધાન** - એ માન્ય છે જ એવો મારો અભિપ્રાય છે. કારણ કે વિવક્ષિતક્ષણની અવ્યવહિત પૂર્વક્ષણ ઉપાદાનકારણ તરીકે મળી શકે છે. એમાં જેમના મતે ઋજુસૂત્રનય તે ક્ષણને દ્રવ્યરૂપે જોશે તેમના મતે એ દ્રવ્યાર્થિક બનશે અને જેમના મતે એ તેને પર્યાયરૂપે જોશે એમના મતે એ પર્યાયાર્થિક બનશે.

**શંકા** - વર્તમાનક્ષણગ્રાહી ઋજુસૂત્રના મતે અતીતક્ષણ ખપુષ્પની જેમ અસત્ હોવાથી કારણરૂપ બનવાનો કે દ્રવ્યનિક્ષેપરૂપ બનવાનો સંભવ જ ક્યાં છે ?

**સમાધાન** - આવી શંકા ન કરવી, કારણ કે વર્તમાનમાં એ અસત્ હોવા છતાં

त्वस्य चासम्भव इति **वाच्यं,** वर्तमाने तस्यासत्त्वेऽप्यव्यवहितपूर्वक्षणे तस्य सत्त्वात्खपुष्पतुल्यत्वाभावात्। यदा च सत्त्वं तदा कारणत्वस्य द्रव्यनिक्षेपत्वस्य च सम्भवे दोषाभावात् । अन्यथा व्यवहारनयमतेऽपि साधोर्द्रव्यदेवत्वाभावप्रसङ्गात्, देवावस्थायां साधोरभावात् । अत एव **जैनतर्कभाषायां** ऋजुसूत्रविषयं स्थापनानिक्षेपास्वीकारमतं निराकुर्वद्भिर्महोपाध्यायैः सुवर्णादिद्रव्यस्य कुंडलादिपर्यायरूपभावकारणत्वाभ्युपगमः कथितः । अत एव च ऋजुसूत्रान्निर्गतस्य सुगतदर्शनस्य ग्रन्थेषु यथा विनाशस्य निर्हेतुकत्वसिद्ध्यर्थो महाप्रयासो दृश्यते, न तथोत्पादस्य निर्हेतुकत्वसिद्ध्यर्थः । उत्पादविषये तु तत्रापि पूर्वापरक्षणयोरुपादानोपादेयभावकथनद्वारा सहेतुकत्वसिद्धिरेव साधिता । ततश्च कारणरूपो द्रव्यनिक्षेपोऽपि तस्य संमत इति सिध्यत्येव ।

इत्थञ्च नयव्यवस्था ज्ञानापेक्षयैव कर्तव्या। तद्यथा-'जीवगुणः सामायिकं' इत्यादाविव यद्यन्याविशेषणत्वरूपप्राधान्येन पर्यायो गृह्यते तदा पर्यायार्थिकत्वं, यदि च 'गुणयुक्तजीवः सामायिकं' इत्यादाविव तथाप्राधान्येन द्रव्यं गृह्यते, तदा द्रव्यार्थिकत्वमेवेति । निक्षेपव्यवस्था तु वस्त्वपेक्षयैव कर्तव्या । विवक्षितक्रियानुभूतियुक्तं चेद्वस्तु तदा भावनिक्षेप एव, तत्शून्यं कारणीभूतं चेद्वस्तु तदा द्रव्यनिक्षेप एवेति ।

---

અવ્યવહિત પૂર્વક્ષણે તો એ સત્ હતી જ, માટે એમાં ખપુષ્પતુલ્યત્વ નથી. જ્યારે સત્ત્વ હોય ત્યારે કારણતા અને દ્રવ્યનિક્ષેપતા હોવામાં શું વાંધો છે ? નહીંતર તો વ્યવહારનય મતે પણ સાધુ દ્રવ્યદેવ બની નહીં શકે, કારણ કે દેવઅવસ્થામાં સાધુ હોતા નથી. એટલે જ જૈનતર્કભાષામાં 'ઋજુસૂત્રનય સ્થાપનાનિક્ષેપ સ્વીકારતો નથી' એવા મતનું નિરાકરણ કરતી વેળા મહોપાધ્યાય **શ્રી યશોવિજયજી** મહારાજે સુવર્ણાદિદ્રવ્યમાં કુંડલાદિરૂપ પર્યાયાત્મક ભાવની કારણતાનો સ્વીકાર જણાવ્યો છે. વળી, એટલે જ ઋજુસૂત્રમાંથી નીકળેલા બૌદ્ધદર્શનના ગ્રન્થોમાં જેમ વિનાશને નિર્હેતુક સિદ્ધ કરવા માટે ઘણી મથામણ કરેલી દેખાય છે એવી ઉત્પાદને નિર્હેતુક સિદ્ધ કરવા માટેની જોવા મળતી નથી. ઉત્પાદની બાબતમાં તો ત્યાં પણ પૂર્વાપરક્ષણનો ઉપાદાન-ઉપાદેયભાવ કહેવા દ્વારા સહેતુકત્વની સિદ્ધિ જ કરી છે. એટલે કારણરૂપ દ્રવ્યનિક્ષેપ પણ ઋજુસૂત્રને માન્ય હોવો સિદ્ધ થાય જ છે.

એટલે નયની વ્યવસ્થા જે પ્રમાણે જ્ઞાન થાય એને અનુસરીને જ કરવી જોઈએ. તે આ રીતે - 'જીવગુણ સામાયિક છે' ઇત્યાદિની જેમ જો અન્યના વિશેષણ તરીકે ન જણાવવારૂપ પ્રાધાન્યથી પર્યાય જણાતો હોય તો પર્યાયાર્થિકનય અને 'ગુણયુક્ત જીવ એ સામાયિક' વગેરેની જેમ એવા પ્રાધાન્યથી જો દ્રવ્ય જણાતું હોય તો દ્રવ્યાર્થિક નય.

ततश्च द्रव्यार्थिकस्य नैगमस्य 'इन्द्रा'दिशब्दवाच्यतया चतुर्णामपि संमततया नाम-स्थापना-द्रव्य-भावा इत्येवं चत्वारोऽपि निक्षेपाः संमता इति स्थितम् । **नन्वेवं** सति *'नामाइतियं दव्वट्ठियस्स भावो च पज्जवनयस्स'* त्तिभाष्यवचनस्य(७५) का गतिः? न काचिदपि, द्रव्यार्थिकस्य नामादित्रिकं भावश्चेत्येवं चत्वारोऽपि निक्षेपाः संमताः, पर्यायनयस्य भाव एव संमतः' इति व्याख्यानात्। एतद्विषयो सर्वविस्तरो **निक्षेपविंशिका**ग्रन्थतोऽवसेयः ।

**न च सिद्धसेनदिवाकर**सूरिप्रमुखाणां पर्यायार्थिकतया सम्मतस्यापि ऋजुसूत्रनयस्य यथा द्रव्यनिक्षेपः संमतस्तथैव शब्दादीनामपि स संमतः स्यादिति **वाच्यं,** आगमतो नोआगमतश्चेति द्वयोरपि द्रव्यनिक्षेपयोरसम्भवात् । तथाहि-ज्ञाताऽनुपयुक्त इत्यस्य शब्दादीनां मतेऽवस्तुत्वादेवागमतो द्रव्यनिक्षेपस्यासम्भवः। तदुक्त**मनुयोगद्वारसूत्रवृत्त्योः** - *तिण्हं सद्दनयाणं जाणए अणुवउत्ते अवत्थु, कम्हा ? जइ जाणए अणुवउत्ते न भवति, जइ अणुवउत्ते जाणए ण भवति, तम्हा णत्थि आगमओ दव्वावस्सयं'* ति (सू. १५) । **तद्वृत्तिलेशश्च** - इदमत्र

---

પણ નિક્ષેપની વ્યવસ્થા વસ્તુની અપેક્ષાએ કરવી. વિવક્ષિતક્રિયાની અનુભૂતિવાળી જો વસ્તુ હોય તો ભાવનિક્ષેપ, નહીંતર દ્રવ્યનિક્ષેપ.

એટલે દ્રવ્યાર્થિક એવા નૈગમનયને 'ઇન્દ્ર' વગેરે શબ્દના વાચ્યાર્થ તરીકે ચારે સંમત હોવાથી નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવ... એ ચારે નિક્ષેપાઓ સંમત છે એ નક્કી થયું.

**શંકા** - તો પછી नामाइतियं... વગેરે ભાષ્યગાથા (૭૫)માં જે કહ્યું છે કે દ્રવ્યાર્થિક નયોને નામાદિત્રિક અને પર્યાયાર્થિકનયોને ભાવ સંમત છે તેનું શું કરશો ?

**સમાધાન** - કશું નહીં, કારણ કે દ્રવ્યાર્થિકનયને નામાદિત્રિક અને ભાવ એમ ચારે નિક્ષેપાઓ માન્ય છે, પર્યાયાર્થિક નયને માત્ર ભાવ જ સંમત છે, એવી વ્યાખ્યા અમે કરીશું. આ અંગેનો બધો વિસ્તાર **निक्षेपविंशिका**ગ્રન્થમાંથી જોવો.

**શંકા** - શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજ વગેરેને પર્યાયાર્થિકરૂપે માન્ય એવા પણ ઋજુસૂત્રને જો દ્રવ્યનિક્ષેપ સંમત છે તો એ રીતે તો એ શબ્દાદિને પણ માન્ય થઈ જશે.

**સમાધાન** - આવી શંકા ન કરવી, કારણ કે આગમથી અને નોઆગમથી... બન્ને પ્રકારના દ્રવ્યનિક્ષેપ સંમત બની શકતા નથી. તે આ રીતે - જ્ઞાતા-અનુપયુક્ત... એ શબ્દાદિના મતે અવસ્તુ હોવાથી જ આગમથી દ્રવ્યનિક્ષેપનો સંભવ નથી. અનુયોગદ્વારસૂત્ર અને તેની વૃત્તિમાં કહ્યું છે-*ત્રણ શબ્દનયોને જ્ઞાતા-અનુપયુક્ત એ અવસ્તુ છે. શા માટે ? એટલા માટે કે જો જ્ઞાતા છે, તો અનુપયુક્ત ન સંભવી શકે, જો અનુપયુક્ત છે, તો જ્ઞાતા ન સંભવી શકે. માટે આગમથી દ્રવ્યાવશ્યક છે નહીં.* એની વૃત્તિનો અંશ-આવો છે -

*हृदयं - आवश्यकशास्त्रज्ञस्तत्र चानुपयुक्त आगमतो द्रव्यावश्यकमिति प्राग्निर्णीतं, एतच्चामी न प्रतिपद्यन्ते, यतो यद्यावश्यकशास्त्रं जानाति, कथमनुपयुक्त:? अनुपयुक्तश्चेत् कथं जानाति? ज्ञानस्योपयोगरूपत्वात् । यदप्यागमकारणत्वादात्मदेहादिकमागमत्वेनोक्तं, तदप्यौपचारिकत्वादमी न मन्यन्ते, शुद्धनयत्वेन मुख्यवस्त्वभ्युपगमपरत्वात्, तस्मादेतन्मते द्रव्यावश्यकस्यासम्भव इति।*

**ननु** द्रव्यार्थिकानां ज्ञाताऽनुपयुक्तो यदि वस्तु, तर्हि पर्यायार्थिकानां कथमवस्तु? इति **चेत्** ? तेषां पर्यायग्राहित्वादिति गृहाण । अयम्भाव: - शब्दादिनया यत: पर्यायार्थिका अतस्ते ज्ञानमेव ज्ञातृत्वेन गृह्णन्ति, न तु ज्ञातारं जीवं, तस्य द्रव्यत्वात् । एवं त उपयोगमेवोपयुक्तत्वेन, अनुपयोगमेव चानुपयुक्तत्वेन गृह्णन्ति । ततश्च 'ज्ञाताऽनुपयुक्त:' इत्यस्य तेषां मते 'ज्ञानमनुपयोग:' इत्यर्थकतया ज्ञानस्य चोपयोगरूपतयानुपयुक्तस्य ज्ञातुरवस्तुत्वं वन्ध्यापुत्रस्येव स्पष्टमेव ।

**नन्वेवं** तु ऋजुसूत्रस्यापि द्रव्यनिक्षेपाभावप्रसङ्ग:। श्री**सिद्धसेनदिवाकरसूरि**मतेन

---

*આવશ્યકશાસ્ત્રનો જાણકાર એમાં અનુપયુક્ત હોય તો આગમથી દ્રવ્યાવશ્યક છે એવો પહેલાં નિર્ણય થયેલો છે પણ શબ્દાદિનયો આ વાત સ્વીકારતા નથી. એમની દલીલ એવી છે કે જો આવશ્યકશાસ્ત્રને જાણે છે તો અનુપયુક્ત શી રીતે ? અને જો અનુપયુક્ત છે તો જાણે છે એમ શી રીતે કહેવાય ? કારણ કે જ્ઞાન ઉપયોગરૂપ હોય છે. વળી, આગમનું કારણ હોવાથી આત્મ-દેહાદિ જે આગમ તરીકે કહેવાયેલા છે તે પણ ઔપચારિક હોવાથી આ નયો સ્વીકારતા નથી, કારણ કે શુદ્ધનયરૂપ હોવાથી મૌલિક વસ્તુના સ્વીકારમાં જ તત્પર હોય છે. માટે આ નયોના મતે દ્રવ્યાવશ્યકનો અભાવ જ છે.*

**શંકા** - દ્રવ્યાર્થિકનયોને જ્ઞાતા અનુપયુક્ત એ વસ્તુ છે, તો પર્યાયાર્થિકોને એ શા માટે અવસ્તુ છે ?

**સમાધાન** - તેઓ પર્યાયગ્રાહી હોવાથી. આશય આ છે કે - શબ્દાદિનયો પર્યાયાર્થિક હોવાથી જ્ઞાનને જ જ્ઞાતા તરીકે જુએ છે. નહીં કે જ્ઞાતા જીવને, કારણ કે એ તો દ્રવ્યાત્મક છે. એમ તેઓ ઉપયોગને જ ઉપયુક્ત તરીકે અને અનુપયોગને જ અનુપયુક્ત તરીકે જુએ છે. એટલે તેઓના મતે જ્ઞાતાઽનુપયુક્ત = જ્ઞાન અનુપયોગ એવો અર્થ થતો હોવાથી અને જ્ઞાન તો ઉપયોગરૂપ હોવાથી અનુપયુક્તજ્ઞાતા એ વંધ્યાપુત્રની જેમ અવસ્તુ બની જાય છે.

**શંકા** - આમ તો ઋજુસૂત્રને પણ દ્રવ્યનિક્ષેપનો અભાવ થઈ જશે, કારણ કે શ્રી **સિદ્ધસેનદિવાકરસૂરિ**ના મતે પર્યાયના ગ્રાહક એવા તેના મતે જ્ઞાતાઽનુપયુક્તનો જ્ઞાન-અનુપયોગ એવો જ અર્થ થશે.

पर्यायग्राहिणस्तस्यापि 'ज्ञाताऽनुपयुक्तः' इत्यस्य 'ज्ञानमनुपयोगः' इत्यर्थकत्वादिति **चेत्** ? **सत्यं,** अत एव 'ऋजुसूत्रो न ज्ञानलक्षणं पर्यायं गृह्णाति, अपि तु 'क्षणिकत्वलक्षणं पर्यायं गृह्णाति' इति कल्पना श्रेयस्करी प्रतिभाति । अयम्भावः - ज्ञातुर्जीवद्रव्यस्य सहभावी ज्ञानगुणो यथा पर्यायस्तथा क्रमभाविनी क्षणिकाऽवस्थाऽपि पर्यायः । तत्र पर्यायार्थिकत्वेनाभिप्रेत ऋजुसूत्रनयो ज्ञातृत्वेन यदि ज्ञानगुणमेव गृह्णीयात्, तदा शब्दादीनामिव तस्यापि द्रव्यनिक्षेपोऽसंमत एव स्यादिति स्पष्टोऽनुयोगद्वारसूत्रविरोधः । यदि च स क्षणिकावस्थालक्षणं क्रमभाविनं पर्यायं गृह्णीयात् क्षणिकं ज्ञातारं गृह्णीयादित्यर्थः, तदा द्रव्यार्थिकानामिव तस्यापि द्रव्यनिक्षेपः संमतः स्यादेव, ज्ञानस्यानुपयोगत्वासम्भवेऽपि ज्ञातुरनुपयुक्तत्वस्य सम्भवात्, अन्यथा द्रव्यार्थिकानामपि द्रव्यनिक्षेपासम्भवापत्तेः । **अथ** ज्ञातुर्ज्ञानाश्रयतया द्रव्यत्वेन तद्ग्राही ऋजुसूत्रो द्रव्यार्थिक एव स्याद्, न तु पर्यायार्थिक इति **चेत् ? सत्यं,** तथापि क्षणिकत्वस्य पर्यायलक्षणत्वमेव, न हि क्षणिक आदिष्टद्रव्यत्वस्यापि सम्भवः, पूर्वोत्तरकालभाविनीनामवस्थान्तराणामभावात् । इत्थञ्च ऋजुसूत्रनयो यतोऽनुपयुक्तस्य ज्ञातुर्ग्राहकः, अतो द्रव्यार्थिकः, यतश्च क्षणिकत्वस्य ग्राहकः, अतः पर्यायार्थिकोऽपि । अत एव क्षणिकद्रव्यग्राही ऋजुसूत्रो द्रव्यार्थिकोऽपि पर्यायार्थिकोऽपीति मया पूर्वं निरूपितम् । एवञ्च शब्दादीनामागमतो द्रव्यनिक्षेपासम्भवेऽपि न ऋजुसूत्रस्य तदसम्भव इति स्थितम् ।

---

**સમાધાન** - સાચી વાત. એટલે જ ઋજુસૂત્રનય જ્ઞાનાત્મક પર્યાયનો ગ્રાહક નથી, પણ ક્ષણિકત્વરૂપ પર્યાયનો ગ્રાહક છે એવી કલ્પના શ્રેયસ્કર લાગે છે. આશય આ છે કે - જ્ઞાતા જીવદ્રવ્યનો સહભાવી જ્ઞાનગુણ જેમ પર્યાય છે તેમ ક્રમભાવી ક્ષણિક અવસ્થા પણ પર્યાય છે. આમાંથી પર્યાયાર્થિક મનાતો ઋજુસૂત્ર જ્ઞાતા તરીકે જો જ્ઞાનગુણનું જ ગ્રહણ કરે તો શબ્દાદિની જેમ તેને પણ દ્રવ્યનિક્ષેપ અસંમત જ થઈ જાય. ને તો પછી અનુયોગદ્વારનો વિરોધ થાય જ. પણ જો એ ક્ષણિકઅવસ્થારૂપ ક્રમભાવી પર્યાયને ગ્રહણ કરે, અર્થાત્ ક્ષણિકજ્ઞાતાને ગ્રહણ કરે, તો દ્રવ્યાર્થિકનયોની જેમ એને પણ દ્રવ્યનિક્ષેપ સંમત બને જ. કારણ કે જ્ઞાન અનુપયોગાત્મક સંભવતું ન હોવા છતાં જ્ઞાતા અનુપયુક્ત હોવો સંભવે જ છે. નહીંતર તો દ્રવ્યાર્થિક નયોને પણ દ્રવ્યનિક્ષેપ અસંમત બની જાય.

**શંકા** - જ્ઞાતા તો જ્ઞાનાશ્રય હોવાથી 'દ્રવ્ય' છે. માટે એનો ગ્રાહક ઋજુસૂત્રનય દ્રવ્યાર્થિક જ બની જશે, નહીં કે પર્યાયાર્થિક...

**સમાધાન** - સાચી વાત. તેમ છતાં ક્ષણિકત્વ એ પર્યાયનું જ લક્ષણ છે, ક્ષણિક વસ્તુમાં આદિષ્ટદ્રવ્યત્વ પણ સંભવતું નથી જ, કારણ કે પૂર્વ-ઉત્તર કાલીન પેટા અવસ્થાઓ

अथ नोआगमतो द्रव्यनिक्षेपः शब्दादीनां यथाऽसंमतस्तथा चिन्त्यते । 'भूतस्य भाविनो वा भावस्य यत्कारणं तद्द्रव्यम्' इति वचनात्प्राप्यमाणो निक्षेपो नोआगमतो द्रव्यनिक्षेप उच्यते। यथैकभविकादिसाधुर्द्रव्येन्द्रः । **ननु** द्रव्यार्थिकानां द्रव्यात्मकः साधुरिन्द्रकारणतया यथा द्रव्येन्द्रस्तथा पर्यायार्थिकानामिन्दनादिपर्यायलक्षणस्य भावेन्द्रस्य कारणभूतः साधोः पर्यायविशेषो द्रव्येन्द्रो भवितुमर्हति। ततश्च कथं शब्दादिनयानां द्रव्यनिक्षेपाभाव इति **चेत् ? न,** तस्य पर्यायविशेषस्येन्द्रपदवाच्यत्वाभावादिन्द्रनिक्षेपत्वाभावात् । अयम्भावः - द्रव्यार्थिका नया उपचारमपि स्वीकुर्वन्ते । अतः कारणे कार्यमुपचर्य साधुमपीन्द्रपदवाच्यं मन्यन्ते । ततश्च साधोरिन्द्रनिक्षेपत्वसम्भवाद् द्रव्येन्द्रत्वम् । परन्तु पर्यायार्थिका नयाः शुद्धत्वादुपचारं यतो न स्वीकुर्वन्ति, अतस्तेषां तस्य पर्यायविशेषस्येन्द्रपदवाच्यत्वस्यैवाभावात् कुत इन्द्रनिक्षेपत्वं येन द्रव्येन्द्रत्वं स्यात्? **नन्वेवं** तु ऋजुसूत्रस्यापि द्रव्येन्द्रत्वाभावः प्रसज्येत, तेनाप्युपचारस्यास्वीकृतत्वादिति **चेत्? न,** असिद्धत्वात्। न चोपचारास्वीकारलक्षणो हेतुर्नासिद्धः, व्यवहारनय-

---

સંભવતી નથી. આમ, ઋજુસૂત્ર અનુપયુક્ત જ્ઞાતાનો ગ્રાહક છે માટે દ્રવ્યાર્થિક છે, અને ક્ષણિકત્વનો ગ્રાહક છે માટે પર્યાયાર્થિક પણ છે. એટલે જ ક્ષણિકદ્રવ્યગ્રાહી ઋજુસૂત્ર દ્રવ્યાર્થિક પણ છે ને પર્યાયાર્થિક પણ છે એવું મેં પૂર્વે નિરૂપણ કરેલું છે.

હવે નોઆગમથી દ્રવ્યનિક્ષેપ શબ્દાદિનયોને અસંમત છે એ વિચારીએ - ભૂત કે ભાવી ભાવનું જે કારણ તે દ્રવ્ય... આવી વ્યાખ્યાથી મળતો નિક્ષેપ નોઆગમથી દ્રવ્ય નિક્ષેપ કહેવાય. જેમકે એકભવિકાદિસાધુ એ દ્રવ્યેન્દ્ર છે.

**શંકા** - જેમ દ્રવ્યાર્થિકનયોને દ્રવ્યાત્મક સાધુ ઇન્દ્રના કારણરૂપ હોવાથી દ્રવ્યેન્દ્ર છે એમ પર્યાયાર્થિક નયોને ઇન્દનાદિપર્યાયાત્મક ભાવેન્દ્રના કારણભૂત એવો સાધુનો પર્યાયવિશેષ દ્રવ્યેન્દ્ર બની શકે છે તો દ્રવ્યનિક્ષેપનો અભાવ શા માટે ?

**સમાધાન** - એટલા માટે કે એ પર્યાયવિશેષ ઇન્દ્રપદવાચ્ય ન હોવાથી ઇન્દ્રનો નિક્ષેપ જ નથી. આશય એ છે કે દ્રવ્યાર્થિક નયો ઉપચાર પણ સ્વીકારે છે. એટલે કારણમાં કાર્યનો ઉપચાર કરીને સાધુને પણ ઇન્દ્ર તરીકે માને છે. તેથી સાધુ પણ ઇન્દ્રના નિક્ષેપ રૂપ બનવાથી દ્રવ્યઇન્દ્ર બની શકે છે. પણ પર્યાયાર્થિકનયો શુદ્ધ હોવાથી ઉપચાર સ્વીકારતા નથી. એટલે તેઓના મતે, એ પર્યાયવિશેષ ઇન્દ્રપદવાચ્ય જ બની શકતો ન હોવાથી ઇન્દ્રનો નિક્ષેપ જ નથી, પછી દ્રવ્યેન્દ્ર પણ શી રીતે હોય ?

**શંકા** - તો તો પછી ઋજુસૂત્રને પણ દ્રવ્યેન્દ્રનો અભાવ થઈ જશે, કારણ કે એ પણ ઉપચારને સ્વીકારતો નથી.

संमतानां 'कुण्डिका स्रवति' 'अध्वा गच्छति' 'गिरिर्दहति' इत्याद्युपचारप्रयोगाणामृजुसूत्रेण कृतस्य निषेधस्य **नयोपदेशादौ** श्रूयमाणत्वादिति **वाच्यं,** तस्य निषेधस्य व्यवहारसंमतोपचार-बहुलत्वमात्रनिषेधपरत्वात्। अत एव तत्रोपादानकारणे कृतस्य कार्योपचारस्य निषेधको न कोऽपि दृष्टान्तः श्रूयते। एतच्च मन्तव्यमेव, अन्यथा (१) अनुयोगद्वारसूत्रविशेषावश्यकभाष्यादौ श्रूयमाणायाश्चतुर्णामपि निक्षेपाणामृजुसूत्रसंमतेरनुपपत्त्यापत्तिः, कारणे कार्योपचारमन्तरेण साधाविन्द्रपदव्यपदेश्यत्वासम्भवेनेन्द्रनिक्षेपत्वस्याप्यसम्भवात्। (२) द्रव्यनिक्षेपे सङ्ग्रहसंमतेरप्य-नुपपत्त्यापत्तिः, *उपचारा विशेषाश्च नैगमव्यवहारयोः । इष्टा ह्यनेन नेष्यन्ते शुद्धार्थपक्षपातिना ॥२४॥* इतिवचनेन **नयोपदेशे** सङ्ग्रहनयेन कृतस्य व्यवहारसंमतोपचाराणां निषेधस्य प्रतिपादितत्वात्। ततश्च यद्युपचारमात्रस्य निषेधोऽत्र ग्राह्यस्तदोपादानकारणे कार्योपचारस्यापि निषिद्धत्वात्पूर्ववत् साधोर्द्रव्येन्द्रत्वाभाव एव । **न च** प्रस्थकदृष्टान्ते *'सङ्ग्रहस्तु विशुद्धत्वात् कारणे कार्योपचारं कार्याकरणकाले च प्रस्थकं नाङ्गीकुरुते'* इति **नयरहस्य**वचनेन सङ्ग्रहस्य

---

**સમાધાન** - તમે આપેલ ઉપચારનો અસ્વીકાર હેતુ અસિદ્ધ છે.

**શંકા** - ના, એ અસિદ્ધ નથી, કારણ કે વ્યવહારનયસંમત 'કુંડું ઝરે છે' 'રસ્તો જાય છે' 'પર્વત બળે છે' વગેરે ઉપચારપ્રયોગોનો ઋજુસૂત્ર નિષેધ કરે છે. એ વાત નયોપદેશ વગેરેમાં કરેલી છે.

**સમાધાન** - પણ એ નિષેધ માત્ર વ્યવહારસંમત ઉપચારબહુલત્વનો નિષેધ કરવા માટે જ છે. માટે જ ત્યાં ઉપાદાનકારણમાં કરેલા કાર્યના ઉપચારનો નિષેધ કરનાર કોઈ દૃષ્ટાન્ત જોવા મળતું નથી. આ વાત માનવી જ પડે એમ છે, કારણ કે નહીંતર તો (૧) શ્રી અનુયોગદ્વારસૂત્ર-વિશેષાવશ્યકભાષ્ય વગેરેમાં ઋજુસૂત્રને ચારે નિક્ષેપ સંમત છે એ વાત જે કરેલી છે તે અસંગત ઠરી જશે, કારણ કે કારણમાં કાર્યના ઉપચાર વિના સાધુમાં ઇન્દ્રપદવાચ્યત્વનો અસંભવ થવાથી ઇન્દ્રનિક્ષેપત્વ પણ અસંભવિત બની જશે. (૨) દ્રવ્યનિક્ષેપ સંગ્રહનયને માન્ય હોવાની વાત પણ અસંગત બની જશે. કારણ કે નયોપદેશમાં - *"નૈગમ-વ્યવહારને માન્ય ઉપચારો અને વિશેષો શુદ્ધ અર્થના પક્ષપાતી એવા સંગ્રહનયને માન્ય નથી"* એમ કહીને વ્યવહારમાન્ય ઉપચારોનો નિષેધ કરેલો છે. એટલે જો ઉપચારમાત્રનો નિષેધ આનાથી સમજવાનો હોય તો કારણમાં કાર્યનો ઉપચાર પણ નિષિદ્ધ બની જવાથી સાધુ દ્રવ્યઇન્દ્ર બની નહીં જ શકે.

**શંકા** - પ્રસ્થક દૃષ્ટાન્તમાં *"સંગ્રહનય વિશુદ્ધ હોવાથી કારણમાં કાર્યોપચાર માનતો નથી અને કાર્યઅકરણકાળે પ્રસ્થક માનતો નથી"* આવું **નયરહસ્યમાં** જે કહ્યું છે એનાથી

कारणे कार्योपचारोऽपि नैव संमत इति ज्ञायत इति **वाच्यं,** तस्या असंमतेः प्रस्थकत्वनिषेधार्थत्वात्। अयम्भावः-तत्र कस्य नयस्य कः प्रस्थकः कश्चाप्रस्थक इत्यस्याधिकारः, न तु प्रस्थकनिक्षेपाधिकारः। *'कार्याकरणकाले च प्रस्थकं नाङ्गीकुरुते'* इति यदुक्तं तेनाप्येतन्निश्चीयत एव, कार्यकरणकाले सङ्ग्रहनयेनाङ्गीक्रियमाणस्य मेयारूढस्य प्रस्थकस्य प्रस्थकत्वात्। ततश्च नैगमस्य वनगमनप्रयोजनीभूतदार्वादिकं सर्वं मुख्यो प्रस्थक एव, व्यवहारस्य त्वाकुट्टितनामैव प्रस्थकः, सङ्ग्रहस्य तु स न प्रस्थकः, मेयारूढ एव प्रस्थकः इत्यर्थः प्राप्यते। परन्तु प्रस्थकनिक्षेपाधिकारेऽपि यदि तस्य दार्वादेः कारणे कार्योपचारेणापि प्रस्थकपदव्यपदेश्यत्वं सङ्ग्रहो नैव मन्येत, तदा तस्य प्रस्थकनिक्षेपत्वाभावाद् द्रव्यप्रस्थकत्वाभावः सङ्ग्रहस्यापद्येतैव। (३)ग्रन्थेषु मुख्यतया शब्दादीनां कथितस्य शुद्धत्वविशेषणस्य ऋजुसूत्रस्यापि कथनापत्तिः, उपचारानङ्गीकारस्यैव 'शुद्धत्वेनाभिप्रेतत्वात् । न च तत्कथितं, तत्राशुद्धत्वस्य कथितत्वात् - तथाहि-**सम्मतौ**(१-५)व्याख्यायां-*अस्य तात्पर्यार्थः-पर्यायनयस्य प्रकृतिराद्या ऋजुसूत्रः, स त्वशुद्धः शब्दः शुद्धा, शुद्धतरा समभिरूढः, अत्यन्ततः शुद्धात्वेवम्भूत* इति ।

---

જણાય છે કે સંગ્રહનયને કારણમાં કાર્યનો ઉપચાર પણ માન્ય નથી.

**સમાધાન** - એ અમાન્યતા પ્રસ્થકત્વના નિષેધ માટે જ છે. કહેવાનો ભાવ એ છે કે - ત્યાં પ્રસ્થકના નિક્ષેપાઓનો અધિકાર નથી... પણ કયા નયને શું પ્રસ્થક છે ને શું અપ્રસ્થક છે ? એ જણાવવાનો અધિકાર છે. 'કાર્યઅકરણકાળે એ પ્રસ્થકને સ્વીકારતો નથી' એવું જે કહ્યું છે તેનાથી પણ આ જ વાત નિશ્ચિત થાય છે. કારણ કે કાર્યકરણકાળે સંગ્રહનયે માનેલ મેયારૂઢ પ્રસ્થક એ પ્રસ્થક છે. એટલે નૈગમને વનગમનપ્રયોજનીભૂત દારુ વગેરે બધું જ મુખ્ય પ્રસ્થક છે, વ્યવહારનયને નામાંકિત પ્રસ્થક એ પ્રસ્થક છે અને સંગ્રહનયને એ પણ પ્રસ્થક નથી, માત્ર મેયારૂઢ પ્રસ્થક એ પ્રસ્થક છે એવો અર્થ મળે છે. પણ પ્રસ્થકના નિક્ષેપ કરવાના અવસરે પણ જો તે કાષ્ઠ વગેરેને કારણમાં કાર્યોપચાર દ્વારા પ્રસ્થકપદવાચ્ય માનવાના ન હોય તો એ પ્રસ્થકના નિક્ષેપારૂપે જ ન મળવાથી સંગ્રહનયમતે દ્રવ્યનિક્ષેપનો અભાવ થઈ જ જાય. (૩) ગ્રન્થોમાં મુખ્યતયા શબ્દાદિનયોને જ જે શુદ્ધ કહ્યા છે, ત્યાં ઋજુસૂત્રને પણ શુદ્ધ કહેવો પડે, કારણ કે ઉપચારનો અસ્વીકાર જ શુદ્ધિ તરીકે અહીં અભિપ્રેત છે. પણ એ કહેલ નથી, અશુદ્ધ જ કહેલ છે. જેમકે **સમ્મતિ.(૧-૫)ની** વ્યાખ્યામાં - *આનો તાત્પર્યાર્થ આ છે - પર્યાયાર્થિકનયની પ્રથમ પ્રકૃતિ ઋજુસૂત્ર છે, તે **અશુદ્ધ છે,** શબ્દનય શુદ્ધ છે, સમભિરૂઢ શુદ્ધતર છે, એવંભૂત અત્યંત શુદ્ધ છે.*

ततश्च ऋजुसूत्रेण कृतस्योपचारनिषेधस्य व्यवहारसंमतोपचारबहुलत्वमात्रनिषेधपरत्वमिति स्थितम् । तस्मादुपादानकारणे कार्योपचार ऋजुसूत्रस्य संमत एवेति द्रव्यनिक्षेपोऽपि संमत एवेति सिद्धम् । शब्दादयस्तु नयाः शुद्धत्वादुपचारमात्रस्य यतो निषेद्धारः, अतः कारणे कार्योपचारमप्यनङ्गीकुर्वतां तेषां द्रव्यनिक्षेपस्याभाव एव ।

**न चात्रैव** ग्रन्थे भवतैकभविकादिसाधुगतस्य कस्यचिद्योग्यताविशेषलक्षणस्य पर्यायस्य द्रव्यनिक्षेपत्वमुक्तम् (पृ.२३१)। एतत्पर्यायस्तु पर्यायार्थिकानामेव विषयः, न तु द्रव्यार्थिकानामिति सिद्धा शब्दादीनामपि द्रव्यनिक्षेपसंमतिरिति **वाच्यं,** अभिप्रायापरिज्ञानात्। द्रव्यार्थिकनयशब्दगतो द्रव्यशब्दो द्रव्यनिक्षेपगतश्च द्रव्यशब्द इत्येतौ द्वौ द्रव्यशब्दौ भिन्नार्थकौ, तथा पर्यायार्थिकनयशब्दगतो पर्यायशब्दो भावनिक्षेपशब्दगतश्च भावशब्द इत्येतौ द्वौ शब्दावपि भिन्नार्थकावित्येतद्व्युत्पादनाभिप्रायेणैव तस्य पर्यायस्य तत्र द्रव्यनिक्षेपत्वेन कथितत्वान्न दोषः । यद्वाऽ**नुयोगद्वारग्रन्थे** एवमधिकारः-(सू. ४९१) *इयाणिं को णओ कं संखं इच्छति ? तत्थ णेगम-संगह-ववहारा तिविहं संखं इच्छंति, तं जहा-एक्कभवियं बद्धाउयं अभिमुहनामगोत्तं*

---

આ બધી આપત્તિઓ ન આવે એ માટે માનવું જ પડે છે કે - ઋજુસૂત્રે જે ઉપચારનો નિષેધ કરેલો છે તે માત્ર વ્યવહારમાન્ય ઉપચાર બહુલતાનો નિષેધ કરવાના તાત્પર્યમાં જ છે. એટલે ઉપાદાન કારણમાં કાર્યનો ઉપચાર ઋજુસૂત્રને માન્ય છે ને તેથી દ્રવ્યનિક્ષેપ પણ માન્ય છે એ નિશ્ચિત થાય છે. શબ્દાદિનયો શુદ્ધ હોવાથી ઉપચારમાત્રનો નિષેધ કરનારા છે: માટે કારણમાં કાર્યોપચારને પણ નહીં સ્વીકારનારા તેઓના મતે દ્રવ્યનિક્ષેપનો અભાવ જ છે.

**શંકા** - આ જ ગ્રન્થમાં તમે એકભવિક સાધુમાં રહેલ કોઈક યોગ્યતાવિશેષરૂપ પર્યાયને દ્રવ્યનિક્ષેપ તરીકે કહેલ છે (પૃ. ૨૩૧). આ પર્યાય તો પર્યાયાર્થિકનો જ વિષય છે, નહીં કે દ્રવ્યાર્થિકનયોનો... માટે શબ્દાદિનયોને દ્રવ્યનિક્ષેપ માન્ય છે એ સિદ્ધ થઈ ગયું.

**સમાધાન** - અભિપ્રાયને ન જાણી શકવાથી તમે આવી શંકા કરો છો. આશય એ છે કે 'દ્રવ્યાર્થિકનય' આવા શબ્દમાં રહેલ દ્રવ્યશબ્દ અને 'દ્રવ્યનિક્ષેપ' શબ્દમાં રહેલ દ્રવ્યશબ્દ... આ બન્ને દ્રવ્યશબ્દો જુદો-જુદો અર્થ ધરાવે છે... એમ 'પર્યાયાર્થિકનય' શબ્દમાં રહેલ 'પર્યાય' શબ્દ અને 'ભાવનિક્ષેપ' શબ્દમાં રહેલ 'ભાવ' શબ્દ...આ બન્નેનો અર્થ જુદો જુદો છે-આ વાતને સિદ્ધ કરવાના અભિપ્રાયથી જ તે પર્યાયને ત્યાં દ્રવ્યનિક્ષેપ તરીકે કહેલ છે, માટે કોઈ દોષ નથી. **અથવા, અનુયોગદ્વાર**માં આવો અધિકાર છે - *હવે, કયો નય કયા શંખને માને છે ? (એ વિચારાય છે) તેમાં નૈગમ-સંગ્રહ-વ્યવહાર*

*च । उज्जुसुओ दुविहं संखं इच्छति, तं जहा बद्धाउयं च अभिमुहनामगोत्तं च । तिण्णि सद्दणया अभिमुहनामगोत्तं संखं इच्छंति ।*

अत्राभिमुखनामगोत्रद्रव्येन्द्रतया यः साधुरुक्तस्तद्गतः कश्चिद्योग्यताविशेषलक्षणः पर्याय एव द्रव्यनिक्षेपतया ग्राह्यः, शब्दनयानां पर्यायार्थिकतया पर्यायग्राहित्वात् । तस्मिंश्च पर्याये द्रव्येन्द्रत्वोपपादनार्थं कारणे कार्यमुपचर्येन्द्रपदवाच्यत्वं मन्तव्यमेव । **ननु** शब्दनया उपचारमात्रं न मन्यन्ते, शुद्धनयत्वादिति **चेत्? सत्यं,** तथापि तेषां शतमुत्तरप्रकाराः शास्त्रेषु ये कथितास्तेभ्य आसन्नऋजुसूत्रकाः केचन प्रकाराः कारणे कार्योपचारं स्वीकुर्वन्तेऽपीति मन्तव्यं, अन्यथाऽनु-योगद्वारगतस्यैतस्याधिकारस्य स्पष्टो विरोधः, तस्य योग्यताविशेषलक्षणस्य पर्यायस्ये-न्द्रपदवाच्यत्वाभावेनेन्द्रनिक्षेपत्वासम्भवात् । एतत्पर्यायस्य द्रव्यनिक्षेपत्वं मनसि कृत्वा तत्तत्रोक्तमिति न दोषः । तथाप्येनमुपचारं द्रव्यनिक्षेपं च मन्वानाः शब्दनयोत्तरप्रकारा द्वित्रा पञ्चषा वैव, शेषास्त्वधिकनवास्तत्प्रकारा उपचारं द्रव्यनिक्षेपं च यन्नैव मन्यन्तेऽतः शब्दनयस्य सामान्यतया शुद्धत्वेन भावनिक्षेपमात्रग्राहित्वेन च शास्त्रेषु व्यपदेश इति ध्येयम् ।

---

*આ ત્રણ નયો એકભવિક, બદ્ધાયુષ્ક અને અભિમુખનામગોત્ર... એમ ત્રણે દ્રવ્યશંખ માને છે. ઋજુસૂત્ર બદ્ધાયુષ્ક અને અભિમુખનામગોત્ર એમ બે પ્રકારના દ્રવ્યશંખને સ્વીકારે છે. ત્રણે શબ્દનયો માત્ર અભિમુખનામગોત્ર દ્રવ્યશંખને જ માને છે.''* આમાં અભિમુખનામગોત્ર દ્રવ્યેન્દ્રરૂપે જે સાધુ કહેલ છે તેમાં રહેલ કોઈ યોગ્યતા વિશેષરૂપ પર્યાય જ દ્રવ્યનિક્ષેપરૂપે લેવાનો છે, કારણ કે શબ્દનયો પર્યાયાર્થિક હોવાથી પર્યાયનું જ ગ્રહણ કરનારા હોય છે. એ પર્યાયમાં દ્રવ્યેન્દ્રત્વનું સંપાદન કરવા માટે કારણમાં કાર્યનો ઉપચાર કરીને ઇન્દ્રપદવાચ્યત્વ માનવું જ પડે.

**શંકા** - શબ્દનયો તો શુદ્ધનય હોવાથી ઉપચારમાત્રને માનતા નથી ને ?

**સમાધાન** - સાચી વાત. છતાં તેઓના સો-સો પ્રકાર શાસ્ત્રોમાં જે કહ્યા છે તેમાંના ઋજુસૂત્રને નજીકના કેટલાક પ્રકારો કારણમાં કાર્યોપચાર માને પણ છે એવું માનવું જરૂરી છે, નહીંતર અનુયોગદ્વારના આ અધિકારનો વિરોધ સ્પષ્ટ છે, કારણ કે યોગ્યતાવિશેષરૂપ તે પર્યાય ઉપચાર વિના ઇન્દ્રપદવાચ્ય ન બની શકવાના કારણે દ્રવ્યનિક્ષેપરૂપે મળી શકતો નથી. આ પર્યાયને દ્રવ્યનિક્ષેપરૂપે નજરમાં રાખીને મેં પૂર્વે એ કહ્યું છે, માટે કોઈ દોષ નથી. તેમ છતાં, આ ઉપચારને અને દ્રવ્યનિક્ષેપને માનનારા આવા અવાંતર પ્રકારો બે-ત્રણ કે પાંચ-છ જ છે, બાકીના નેવુંથી અધિક પ્રકારો તો ઉપચાર કે દ્રવ્યનિક્ષેપ કશું માનતા જ નથી. માટે શબ્દનયો સામાન્યથી શુદ્ધ હોવાના

**अथ** वनगमनप्रयोजनीभूतं काष्ठं नैगमस्य यथोपचारेण विनैव मुख्यः प्रस्थकः, अत एव च भावप्रस्थकस्तथैवैकभविकसाधोरपि तस्योपचारेण विनैव मुख्येन्द्रत्वाद् भावेन्द्रतया न द्रव्येन्द्रत्वमित्युपचारममन्वानस्य विशुद्धस्य नैगमनयस्यापि द्रव्यनिक्षेपोऽसंमत एवेति **चेत् ?** **न,** अज्ञानविलसितत्वादेतस्य प्रलापस्य । तथाहि-आदिनैगमस्येन्द्रस्यानुत्पन्नतयाऽऽकालं मुख्यमिन्द्रत्त्वमेव, न कदाचिदप्युपचरितमिति तस्येन्द्रजीवस्याकालं भावेन्द्रतया द्रव्येन्द्रस्याभाव एव । एतस्यादिनैगमस्य नैकोऽप्युत्तरभेदः । येऽप्यन्ये नैगमभेदास्ते सर्वेऽपि द्वितीयस्य नैगमस्यैव। तत्र यो नैगमभेद एकभविकलक्षणमवस्थाविशेषमारभ्य तं जीवमिन्द्रतया पश्यति तस्य नैगमनयभेदस्यैकभविकः साधुर्भावेन्द्र एव । परन्तु तस्मादप्येकभविकात् पूर्वो योऽवस्थाविशेषस्तत्र तं जीवं स नैगमभेद इन्द्रतया नैव पश्यतीति कारणे कार्योपचारेणैव तस्येन्द्रतया द्रव्येन्द्रत्वमेव । तथा यो नैगमभेदो बद्धायुष्कलक्षणमवस्थाविशेषमारभ्यैव तं जीवमिन्द्रतया गृह्णाति, तस्य नैगमभेदस्यैकभविकस्य साधोरुपचारेणैवेन्द्रत्वाद् द्रव्यनिक्षेपत्वम-क्षतमेव । एवमभिमुखनामगोत्रमारभ्यैवेन्द्रग्राहकस्य नैगमभेदस्य बद्धायुष्कोऽपि द्रव्येन्द्र एव । तथेन्द्रभववर्तिनमेवेन्द्रतया स्वीकर्तुर्नैगमभेदस्याभिमुखनामगोत्रोऽप्युपचारेणैव यत इन्द्रस्ततो

---

કારણે માત્ર ભાવનિક્ષેપગ્રાહી હોવા શાસ્ત્રોમાં કહેલા છે.

**શંકા** - વનગમનનું પ્રયોજનરૂપ કાષ્ઠ નૈગમનયને જેમ ઉપચાર વિના જ મુખ્ય પ્રસ્થક છે ને માટે ભાવપ્રસ્થક છે એમ એકભવિક સાધુ પણ એના મતે ઉપચાર વિના મુખ્ય ઇન્દ્ર હોવાના કારણે ભાવેન્દ્ર જ બનવાથી દ્રવ્યેન્દ્ર નહીં બને ને તેથી ઉપચારને નહીં માનતા વિશુદ્ધ નૈગમનયમતે દ્રવ્યનિક્ષેપ અસંમત જ બનશે.

**સમાધાન** - આવી શંકા એ અજ્ઞાનનો વિલાસ છે. તે આ રીતે - ઇન્દ્રને અનુત્પન્ન કહેનાર આદિનૈગમને તો એ જીવ યાવત્કાળ ભાવેન્દ્ર જ હોવાથી દ્રવ્યેન્દ્રનો અભાવ થવાનો જ છે. આ આદિનૈગમનો કોઈ પેટાભેદ છે નહીં. આ સિવાય નૈગમના જે અન્ય ભેદો છે તે બધા દ્વિતીયનૈગમના જ છે. એમાં જે નૈગમભેદ એકભવિકરૂપ અવસ્થાવિશેષથી જ તે જીવને ઇન્દ્ર તરીકે જુએ છે તે નૈગમભેદને એકભવિકસાધુ ભાવેન્દ્ર જ છે. પણ એની પણ પૂર્વના ભવમાં જે અવસ્થાવિશેષ હોય ત્યાં તે જીવને તે નૈગમભેદ ઇન્દ્ર તરીકે જોતો નથી. એટલે કારણમાં કાર્યનો ઉપચાર કરીને જ એ ઇન્દ્ર બનવાથી દ્રવ્યેન્દ્ર બની રહેશે. એમ જે નૈગમભેદ બદ્ધાયુષ્કઅવસ્થાથી જ ઇન્દ્રને જુએ છે તે નૈગમભેદને એકભવિક સાધુ પણ ઉપચાર દ્વારા જ ઇન્દ્ર બનવાથી દ્રવ્યનિક્ષેપ

द्रव्यनिक्षेप एव । ततश्च नैगमनयस्योपचारासंमतेर्विशुद्धत्वस्य द्रव्यनिक्षेपासंमतेश्च गन्धोऽपि कुतः ? तथाऽनुयोगद्वारादिग्रन्थेषु व्यवहारनयवद् नैगमनयस्याप्युपचारसंमतिर्योक्ता साऽनयैव रीत्या सङ्गमनीया ।

अथर्जुसूत्रस्य द्रव्यनिक्षेपः संमतः शब्दादीनां त्वसंमत इति सिद्धं, परन्तु नाम-स्थापने अपि तेषामसंमते इति तु नैव सिद्धम् । अयं भावः-गोपालदारके पित्रा 'इन्द्र'इति नाम्नः सङ्केतितत्वाद् मूर्तेश्चेन्द्राभिप्रायेणैव स्थापितत्वाद् 'इन्द्र'इति नाम्नो नामस्थापनयोर्गृहीतसङ्केतत्वमेवेतीन्द्रशब्दश्रवणाच्छब्दादीनामपि नामनिक्षेपस्य स्थापनानिक्षेपस्य चोपस्थितेः शक्यतया कथमसंमतत्वमिति **चेत् ? न,** तत्रापि गृहीतसङ्केतस्य शब्दस्य भावमात्रबोधकत्वपर्यवसानात् । भावातिरिक्तविषयांश उक्तसङ्केतस्याप्रामाण्यग्रहात्, सङ्केतमात्रस्य प्रामाण्ये तथासङ्केतवशात् 'पट'पदादपि घटोपस्थितिप्रसङ्गात्। ततश्च शब्दादीनां नामस्थापने अप्यसंमते इति सिद्धे तेषां

---

જ બનશે. એ જ રીતે અભિમુખનામગોત્રથી જ ઇન્દ્રને જોનાર નૈગમભેદના મતે બદ્ધાયુષ્ક પણ ઇન્દ્રનો દ્રવ્યનિક્ષેપ જ બનશે. તથા ઇન્દ્રભવમાં રહેલાને જ ઇન્દ્ર તરીકે જોનાર નૈગમભેદને તો અભિમુખનામગોત્ર પણ ઉપચરિત ઇન્દ્ર બનવાથી દ્રવ્યનિક્ષેપ જ બનશે. એટલે નૈગમનયને ઉપચાર માન્ય નથી, એ વિશુદ્ધ જ હોય અને દ્રવ્યનિક્ષેપ અસંમત જ હોય એવી વાતની ગંધ પણ ક્યાં ? વળી, અનુયોગદ્વારાદિ ગ્રન્થોમાં વ્યવહાર નયની જેમ નૈગમનયને પણ ઉપચાર માન્ય છે એવું જે કહ્યું છે તે આ રીતે સંગત કરવું.

**શંકા** - આ રીતે ઋજુસૂત્રને દ્રવ્યનિક્ષેપ સંમત છે, શબ્દાદિને નથી એ સિદ્ધ થયું. પણ શબ્દાદિને નામ-સ્થાપનાનિક્ષેપ પણ સંમત નથી એ તો સિદ્ધ ન જ થયું... કહેવાનો ભાવ એ છે કે પિતાએ ગોપાળદારકમાં 'ઇન્દ્ર' એવા નામનો સંકેત કર્યો હોય છે, અને મૂર્તિ તો ઇન્દ્રના અભિપ્રાયથી જ સ્થાપિત હોય છે. એટલે 'ઇન્દ્ર' શબ્દનો નામ-સ્થાપનામાં પણ સંકેત ગૃહીત હોવાથી 'ઇન્દ્ર' શબ્દ સાંભળવા પર નામ કે સ્થાપના નિક્ષેપ પણ ઉપસ્થિત થવો શક્ય હોવાના કારણે એ બેને અસંમત શી રીતે કહી શકાય ?

**સમાધાન** - નામ-સ્થાપનામાં સંકેતગ્રહ કર્યો હોવા છતાં એ શબ્દને આ નયો ભાવમાત્રના બોધક માને છે. કારણ કે ભાવ સિવાયના વિષયમાં એ સંકેતગ્રહને તેઓ અપ્રમાણ માને છે. તે પણ એટલા માટે કે શબ્દપ્રધાન એવા શબ્દનયો વ્યુત્પત્તિવ્યુત્પન્ન અર્થમાં જ સંકેતને પ્રમાણ માને છે. સંકેતમાત્ર જો પ્રમાણભૂત હોય તો તો તેવા સંકેતના પ્રભાવે 'પટ'પદથી પણ ઘટની ઉપસ્થિતિ થઈ જાય. એટલે શબ્દનયોના મતે ગોપાળદારક કે મૂર્તિ 'ઇન્દ્ર'પદવાચ્ય જ ન રહેવાથી ઇન્દ્રના નિક્ષેપારૂપ બનતા નથી. તેથી શબ્દાદિનયોને

भावनिक्षेप एव संमतः, नैगमादीनां तु चतुर्णां चत्वारोऽपि निक्षेपाः संमता इति स्थितम् ॥१६॥ उक्ता निक्षेप-नययोजना । अथ दर्शन-नययोजनामाह-

**जातं किं दर्शनं कस्मान्नयान्नैकगमादितः ।**
**साङ्ख्य-वेदान्त-तर्काणि सौगतानीति बुध्यताम् ॥१७॥**

अत्र नैकगमादित इति नैगमादित इत्यर्थः । ततश्च नैगमादितः कस्मान्नयात् किं दर्शनं जातमिति प्रश्नः । तत्र यथाक्रमं साङ्ख्य-वेदान्त-तर्काणि सौगतानि चेति दर्शनानि जातानीति बुध्यतामित्युत्तरम्। ततश्च चकारोऽत्राध्याहार्यः सौगतानीति बहुवचनं सौगतोत्तरभेदसङ्ग्रहार्थम्। ततश्च नैगमात्साङ्ख्यदर्शनं जातं, सङ्ग्रहनयाद् वेदान्तदर्शनमुद्भूतं, व्यवहारनयान्नैयायिकदर्शनं समुद्भूतं, नैयायिकोपलक्षणाद् वैशेषिकमपि ज्ञेयं, प्रायः समानविषयत्वात्, ऋजुसूत्रनयादेः सौगतं दर्शनं समुपजातम् । तत्रर्जुसूत्रात् सौत्रान्तिकः, शब्दनयाद् वैभाषिकः, समभिरूढाद्योगाचारः, एवम्भूताच्च माध्यमिकः समुत्पन्नः ।

यद्यपि पूर्वग्रन्थेषु दर्शन-नययोजनैवम्प्रकारा प्राप्यते-शुद्धाद् द्रव्यार्थिकनयात् सङ्ग्रह-लक्षणाद् ब्रह्माद्वैतवादिनां वेदान्तदर्शनं जातम्। व्यवहाराख्यादशुद्धाद् द्रव्यार्थिकनयात् चेतना-

---

માત્ર ભાવનિક્ષેપ જ માન્ય છે, અને નૈગમાદિ ચાર નયોને ચારે નિક્ષેપાઓ માન્ય છે એ નિશ્ચિત થયું. ॥૧૬॥ આમ નિક્ષેપ-નયયોજના થઈ. હવે દર્શન-નયયોજનાને જણાવે છે -

**ગાથાર્થ - પ્રશ્ન** - કયું દર્શન નૈગમાદિ કયા નયમાંથી ઉદ્ભવ પામ્યું છે ?

**ઉત્તર** - (યથાક્રમ)સાંખ્ય, વેદાન્ત, તર્ક અને સૌગતદર્શન નીકળ્યા છે એમ જાણો.

**વૃત્તિઅર્થ** - નૈકગમાદિનો અર્થ નૈગમાદિ કરવાનો છે. 'ચ'કારનો અધ્યાહાર કરવાનો છે. સૌગતાનિ એમ બહુવચન, સૌગતદર્શનના પેટાભેદોનો સંગ્રહ કરવા માટે છે. એટલે નૈગમમાંથી સાંખ્યદર્શન, સંગ્રહનયમાંથી વેદાન્તદર્શન, વ્યવહારનયમાંથી નૈયાયિક દર્શન અને ઋજુસૂત્રનયમાંથી બૌદ્ધદર્શન નીકળ્યું છે. એમાં પણ ઋજુસૂત્રમાંથી સૌત્રાન્તિક, શબ્દનયથી વૈભાષિક, સમભિરૂઢનયથી યોગાચાર અને એવંભૂતનયથી માધ્યમિક દર્શન ઉત્પન્ન થયેલ છે. નૈયાયિકદર્શનના ઉપલક્ષણથી વૈશેષિકદર્શન પણ લઈ લેવું, કારણ કે બન્નેનો વિષય લગભગ સમાન છે. એટલે વૈશેષિકદર્શન પણ વ્યવહારનયમાંથી નીકળ્યું છે.

જો કે પૂર્વગ્રન્થોમાં દર્શન-નયયોજના આવી મળે છે - શુદ્ધદ્રવ્યાર્થિક એવા સંગ્રહ નયમાંથી બ્રહ્માદ્વૈતવાદી વેદાન્તદર્શન નીકળ્યું છે. અશુદ્ધ દ્રવ્યાર્થિક એવા વ્યવહારનયમાંથી ચેતન-અચેતન દ્રવ્યોના અનંતપર્યાયદર્શક સાંખ્યદર્શન ઉત્પન્ન થયું છે. શુદ્ધ અને અશુદ્ધ

चेतनद्रव्यानन्तपर्यायदर्शकं साङ्ख्यदर्शनं समुद्भूतम्। शुद्धोऽशुद्धश्च नैगमो न कस्यापि दर्शनस्य हेतुः, सङ्ग्रह-व्यवहारयोरन्तर्भूतत्वात्। यद्वा नैगमस्य सङ्ग्रह-व्यवहाराभ्यां पार्थक्ये स्वतन्त्रद्रव्य-पर्यायोभयविषयत्वमेव बीजतया मन्तव्यं, तथा च तत एव कणादमतोत्पत्तिर्वक्तव्या । वैशेषिकदर्शनं सामान्यविशेषग्राहिभ्यां सङ्ग्रहव्यवहारनयाभ्यामुन्नीतं, तथापि परस्परविविक्तद्रव्य-पर्यायोभयावगाहित्वात् स्वमताग्रहात् तन्मिथ्या ज्ञेयम् । ऋजुसूत्रादितः सौगतदर्शनं समुत्पन्नम्। तत्रापि ऋजुसूत्र-शब्द-समभिरूढै-वम्भूतनयेभ्यो यथाक्रमं सौत्रान्तिक-वैभाषिक-योगाचार-माध्यमिकानां समुत्पत्तिर्ज्ञेया । एतद्विषयो विस्तरो **नयोपदेशाद्** ज्ञेयः ।

तथा **स्याद्वादरत्नाकरे** तु दर्शन-नययोजनैवम्प्रकारा प्रदर्शिता-

नैगमनयाद् नैयायिक-वैशेषिकदर्शनयोरुत्पत्तिः, सङ्ग्रहनयादद्वैतवादिनां दर्शनानां साङ्ख्यदर्शनस्य च प्रादुर्भावः ऋजुसूत्रनयात्सौगतदर्शनस्य प्रवृत्तिः, शब्दादिनयेभ्यस्तु कस्यापि दर्शनस्य समुद्भावो नोक्त इति । **कलिकालसर्वज्ञ**विरचिताया **अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिकायाः** श्रीमता मल्लिषेणसूरिणा विरचितायां **स्याद्वादमञ्जर्यां** वृत्तौ तु *'शब्दादिनयावलम्बिनो वैयाकरणादयः'* इत्युक्तमिति ध्येयम् ।

---

નૈગમનય કોઈપણ દર્શનનું કારણ નથી, કારણ કે એ સંગ્રહ-વ્યવહારમાં અંતર્ભાવ પામી જાય છે. અથવા નૈગમનયને સંગ્રહ-વ્યવહારથી જો અલગ ગણવામાં આવે તો એના વિષય તરીકે સ્વતંત્ર દ્રવ્ય-પર્યાય માનવાના રહે. અને તેથી કણાદમતની ઉત્પત્તિ એમાંથી થઈ છે એમ કહેવું. વૈશેષિકદર્શન સામાન્ય-વિશેષનું ગ્રહણ કરનાર સંગ્રહ-વ્યવહારનય દ્વારા પેદા થયેલ છે. છતાં પરસ્પર ભિન્ન એવા દ્રવ્ય-પર્યાયઉભયને માનનાર હોવાથી સ્વમતાગ્રહી એ મિથ્યા જ જાણવું. ઋજુસૂત્ર વગેરેથી સુગતદર્શન નીકળ્યું છે. એમાં પણ ઋજુસૂત્ર-શબ્દ-સમભિરૂઢ-એવંભૂતનયમાંથી ક્રમશઃ સૌત્રાન્તિક-વૈભાષિક-યોગાચાર અને માધ્યમિકની સમુત્પત્તિ જાણવી. આ અંગેનો વિસ્તાર **નયોપદેશમાંથી** જાણી લેવો.

તથા **સ્યાદ્વાદરત્નાકર**માં દર્શન-નયયોજના આવી દર્શાવેલી છે - નૈગમનયમાંથી ન્યાય-વૈશેષિક દર્શનની ઉત્પત્તિ થયેલી છે, સંગ્રહનયમાંથી અદ્વૈતવાદી દર્શનીઓનો તથા સાંખ્યદર્શનનો પ્રાદુર્ભાવ થયેલ છે. ઋજુસૂત્રનયમાંથી સુગતદર્શન નીકળ્યું છે. શબ્દાદિ નયોમાંથી કોઈપણ દર્શનનો સમુદ્ભવ કહ્યો નથી. **કલિકાળસર્વજ્ઞ**રચિત **અન્યયોગવ્યવચ્છેદ-દ્વાત્રિંશિકા**ની શ્રીમાન્ **મલ્લિષેણસૂરિ**મહારાજે રચેલ વૃત્તિ **સ્યાદ્વાદમંજરીમાં** તો *શબ્દાદિનયોનું અવલંબન કરનારા છે વૈયાકરણ વગેરે* એમ કહ્યું છે, એ ધ્યાનમાં રાખવું.

तथापि मत्प्रदर्शिता दर्शन-नययोजनाऽपि बहुश्रुतैरवश्यं विचारणीया । सा च विचारणैवं ज्ञेया-नैगमनयस्योर्ध्वतासामान्यं विषय इति तु पूर्वं निर्णीतम् । अत एवाद्यस्य नैगमस्य नमस्कारोऽनुत्पन्न इत्यावश्यकनिर्युक्तौ। तथा **तद्भाष्ये** *उप्पज्जइ नाभूयं त्ति*कथनेन नैगमनयस्य सत्कार्यवादित्वं स्पष्टरूपेण कथितमेव। किञ्च तत्रैव मिथ्यादृष्ट्यवस्थायामावरणादेव नमस्काराग्रहणं यदुक्तं, न त्वभावात्, तेनाप्याविर्भाव-तिरोभावमात्राभ्युपगन्तुस्तस्य सत्कार्यवादः संमत इति ज्ञायते। अत एव **नयोपदेशे**ऽनुत्पत्तिवादिनः साङ्ख्यस्य नैगमनयोपजीवित्वमाशङ्कितम् । तथाहि-*अनुत्पन्नत्वपक्षश्च निर्युक्तौ नैगमे श्रुतः । नेति वेदान्तिसाङ्ख्योक्त्योः सङ्ग्रह-व्यवहारता ॥११४॥* **तद्वृत्तिः**-*'अनुत्पन्न' इत्यादि। अनुत्पन्नत्वपक्षश्च निर्युक्तौ = नमस्कारनिर्युक्तौ नैगमे = नैगमनये श्रुतः, 'उप्पन्नाणुप्पन्नो इत्थ णयाऽऽइनिगमस्साणुप्पन्नो । सेसाणं उप्पण्णो' इति वचनात् । तथा चानुत्पत्तिवादी साङ्ख्यो नैगमनयमेवोपजीवेत्, व्यवहारिकोत्पत्तिवादी वेदान्ती च व्यवहारनयमिति भावः, इति हेतोर्वेदान्तिसाङ्ख्योक्त्योः =तद्दर्शनयोः सङ्ग्रहव्यवहारता=सङ्ग्रह-व्यवहाराख्यशुद्धा-शुद्धद्रव्यार्थिकप्रकृतिकता न भवति ।*

---

પૂર્વાચાર્યોએ આવો અલગ-અલગ પ્રકારનો વિભાગ દર્શાવ્યો છે. તેમ છતાં મેં ઉપર દર્શાવેલી દર્શન-નયયોજના પણ બહુશ્રુતોએ અવશ્ય વિચારવા જેવી છે. એ વિચારણા આવી કરી શકાય-નૈગમનયનો વિષય ઊર્ધ્વતાસામાન્ય છે એ આપણે પૂર્વે નિર્ણીત કરી ગયા છીએ. માટે જ આદિનૈગમમતે નમસ્કાર અનુત્પન્ન હોવો નમસ્કાર નિર્યુક્તિમાં કહેલ છે તથા એના ભાષ્યમાં પણ 'અસત્ ઉત્પન્ન થતું નથી' એવા વચન દ્વારા નૈગમનય સત્કાર્યવાદી છે એવું સ્પષ્ટ રૂપે કહેલ જ છે. વળી, ત્યાં જ મિથ્યાદૃષ્ટિ અવસ્થામાં નમસ્કાર જે જણાતો નથી તેમાં આવરણને જ કારણ કહેલ છે, નહીં કે અભાવને. એટલે એનાથી પણ આવિર્ભાવ-તિરોભાવ માત્રને માનનાર તેને સત્કાર્યવાદ સંમત છે એ જણાય છે. માટે જ **નયોપદેશ**માં અનુત્પત્તિવાદી સાંખ્યદર્શન નૈગમનયનો આશ્રિત છે એવી શંકા કરી છે. તે આ રીતે - *"નિર્યુક્તિમાં અનુત્પન્નત્વપક્ષ નૈગમમાં સંભળાય છે. માટે વેદાન્તી-સાંખ્યના કથનો સંગ્રહ-વ્યવહારનયાનુસારી ન હોઈ શકે."* આની વૃત્તિમાં કહ્યું છે કે-*નમસ્કારનિર્યુક્તિમાં અનુત્પન્નત્વની વાત નૈમગનયમાં કહી છે. તે વચન આવું છે-નમસ્કાર ઉત્પન્ન-અનુત્પન્ન છે. આમાં નયો અવતરે છે. આદિનૈગમને એ અનુત્પન્ન છે, શેષ નયોના મતે એ ઉત્પન્ન છે. એટલે અનુત્પત્તિવાદી સાંખ્ય નૈગમનયને જ અનુસરે છે અને વ્યાવહારિક ઉત્પત્તિ કહેનારો વેદાન્તી વ્યવહારનયને અનુસરે છે. આ કારણે, વેદાન્તદર્શનની મૂળપ્રકૃતિ શુદ્ધદ્રવ્યાર્થિક એવો સંગ્રહનય છે અને સાંખ્યદર્શનની મૂળપ્રકૃતિ*

*तथा च* **सम्मतौ** *तथोक्तेः का गतिः ? इति भावः॥११४॥* तथैतद्गाथाऽवतरणिकायामप्युक्तं *-'किञ्च सत्कार्य्यवादित्वादपि साङ्ख्यस्य न व्यवहारानुरोधित्वं, व्यवहारनयो हि कारणव्यापारानन्तरमेव कार्योत्पत्तिं पश्यन्नसत्कार्यपक्षमेवाश्रयते। न च क्षणिकासत्कार्यानभ्युपगममात्रेणास्य व्यवहारपक्षपाति(त्वं), तदनभ्युपगमेऽप्युत्पत्त्यनभ्युपगमेन व्यवहारबहिर्भावादित्यभिप्रायं स्पष्टीकरणपूर्वकं निगमयन्नाहे'ति ।* एतेन ग्रन्थाधिकारेणैतत्स्पष्टमेव यन्न्यायविशारदानां महोपाध्यायानां मनस्यपि साङ्ख्यदर्शनस्य नैगमानुसारित्वं न तु व्यवहारनयानुसारित्वमित्यप्यस्फुरदेव ।

**नन्वयं** तु पूर्वपक्षग्रन्थः, महोपाध्यायैस्तु *'समाधत्ते-तथापीति द्वयेने'*त्यादिग्रन्थेन तत्समाधानं दत्तमेवेति **चेत् ? सत्यं,** तत्र पूर्वपक्षेण वेदान्तदर्शनस्य सङ्ग्रहनयप्रकृतिता या निषिद्धा सा तैरुत्तरपक्षग्रन्थेन समर्थिता। सा तु ममापीष्टैवेति न कोऽपि प्रश्नः। साङ्ख्यदर्शनस्य व्यवहारनयप्रकृतितासमर्थनार्थं चैवमुक्तं तत्र-*'साङ्ख्या' इति साङ्ख्यशास्त्रे च नानात्मनां*

---

*અશુદ્ધ દ્રવ્યાર્થિક એવો વ્યવહારનય છે-આ વાત સંભવતી નથી. પણ સમ્મતિતર્ક પ્રકરણમાં તો એવું કહ્યું છે, માટે એ કથનનું શું થશે ? ॥૧૧૪॥* વળી આ ગાથાની અવતરણિકામાં પણ કહ્યું છે - *વળી, સત્કાર્યવાદી હોવાથી પણ સાંખ્યદર્શન વ્યવહારનયને અનુસરનાર નથી. કારણ કે વ્યવહારનય તો કારણના વ્યાપાર પછી જ કાર્યની ઉત્પત્તિ જોનાર હોવાથી અસત્કાર્યવાદને જ માને છે. સાંખ્ય ક્ષણિકઅસત્કાર્ય નથી માનતો, પણ એટલા માત્રથી એ વ્યવહારનયનો પક્ષપાતી બની જતો નથી, કારણ કે એ ન માનવા છતાં, ઉત્પત્તિ જ માનતો ન હોવાથી વ્યવહારનયથી અલગ પડી જાય છે. આવા અભિપ્રાયને સ્પષ્ટ કરવાપૂર્વક નિગમન કરતા કહે છે...* આ બધા અધિકાર પરથી આ તો સ્પષ્ટ જ છે કે ન્યાયવિશારદ મહોપાધ્યાયજીના મનમાં પણ સાંખ્યદર્શન નૈગમાનુસારી છે, નહીં કે વ્યવહારનયાનુસારી... આવી વાત સ્ફુરેલી જ છે.

**શંકા** - આ તો પૂર્વપક્ષગ્રન્થ છે અને મહોપાધ્યાયજીએ *"સમાધાન આપે છે - તથાપિ..."* વગેરે ગ્રન્થ દ્વારા એનું સમાધાન પણ આપ્યું જ છે. (એટલે કે સમ્મતિમાં કહેલ સાંખ્યની વ્યવહારનયપ્રકૃતિકતા સાબિત કરી જ આપી છે.)

**સમાધાન** - સાચી વાત. એમાં પૂર્વપક્ષે વેદાન્તદર્શનની સંગ્રહનયપ્રકૃતિકતા (= સંગ્રહનયમાંથી ઉત્પન્ન થવાપણું) જે નકારી હતી તેનું નિરાકરણ કરીને તેઓએ ઉત્તરપક્ષગ્રન્થથી એનું સમર્થન કર્યું છે. એ તો મને પણ ઇષ્ટ જ છે, માટે કોઈ પ્રશ્ન નથી. સાંખ્યદર્શનની વ્યવહારનયપ્રકૃતિકતાનું સમર્થન કરવા માટે તેઓએ ત્યાં આ પ્રમાણે

*व्यवस्था प्रतिनियतजन्ममरणादिव्यवहारकृद्भवति, इत्येतावत्पुरस्कृत्य=तात्पर्यविषयीकृत्यायं विवेकः* **सम्मतौ,** *यदुत व्यवहारप्रकृतिकं साङ्ख्यदर्शनं सङ्ग्रहप्रकृतिकं च वेदान्तदर्शनमिति वेदान्तप्रकृतिभूतसङ्ग्रहनयेनैकतया विषयीकृतस्यात्मनो भेदकरणेन सङ्ग्रहविषयभेदकत्वलक्षण-समन्वयाद्व्यवहारप्रकृतिकत्वं साङ्ख्यदर्शनस्य विवक्षितमिति तात्पर्यं, तेन सत्कार्याद्यंशे व्यवहारप्रकृतित्वाभावेऽपि न क्षतिः* – इति । सूक्ष्मेक्षिकया विचार्यमाण एतस्मिन् ग्रन्थाधिकारे ज्ञायते यत् – साङ्ख्यसम्मतस्यात्मनानात्वस्योपपादनार्थं सङ्ग्रहनय नात्मविशेषानेकतया सङ्गृह्णाति तेषां वोपपादनार्थमेव श्रीमद्**यशोविजयचरणैः साङ्ख्यदर्शनस्य** व्यवहारप्रकृतिकत्वं समर्थितमिति । तत्रापि तैः 'विवक्षितं' इति यत्कथितं तेनायं विवक्षाविशेष एवेति ज्ञायते । अत एव तैः सङ्ख्यदर्शनसम्मते सत्कार्याद्यंशे व्यवहारप्रकृतित्वाभावकथनद्वाराऽऽशङ्कितस्य नैगमप्रकृतित्वस्य स्वीकारः सूचित एव । ततश्च यदि साङ्ख्यदर्शनसम्मते आत्मनानात्वांशेऽपि नैगमनयप्रकृतिकत्वं कथमप्युपपद्येत तदा साङ्ख्यदर्शनस्य सर्वांशे नैगमप्रकृतित्वसम्भवात्

---

કહેલ છે - *"સાંખ્યદર્શનના ગ્રન્થમાં અનેક આત્માઓની વ્યવસ્થા જે કહેલી છે તે પ્રતિનિયત જન્મ-મરણ વગેરે વ્યવહારને સાબિત કરનારી છે. આટલી વાતને નજરમાં રાખીને = પોતાના કહેવાનાં તાત્પર્યનો વિષય બનાવીને સમ્મતિમાં આવો વિવેક કરી દેખાડ્યો છે કે સાંખ્યદર્શન વ્યવહારપ્રકૃતિક છે અને વેદાંતદર્શન સંગ્રહપ્રકૃતિક છે. એટલે વેદાન્તદર્શનની પ્રકૃતિ સમાન સંગ્રહનયે એકરૂપે જોયેલા આત્માઓને સાંખ્યદર્શન જુદા પાડે છે, માટે એ વ્યવહારનયપ્રકૃતિક છે એવી વિવક્ષા કરવામાં આવેલી છે, કારણ કે સંગ્રહનયના વિષયનો ભેદ કરવો એ વ્યવહારનયનું લક્ષણ છે. એટલે સાંખ્યદર્શનમાં સત્કાર્યવાદ વગેરે અંશમાં વ્યવહારનયને અનુસરવાપણું ન હોય તો પણ વાંધો નથી."*

આ ગ્રન્થાધિકારને સૂક્ષ્મેક્ષિકાથી વિચારવામાં આવે તો જણાય છે કે - સાંખ્યદર્શનને માન્ય આત્માની અનેકતાને સંગત કરવા માટે, અથવા સંગ્રહનય જે આત્મવિશેષોનો એક આત્મસામાન્યરૂપે સંગ્રહ કરે છે તે અનેક આત્મવિશેષોને સંગત કરવા માટે જ શ્રીમદ્ યશોવિજયજી મહારાજે સાંખ્યદર્શન વ્યવહારપ્રકૃતિક છે એવી વાતનું સમર્થન કર્યું છે. વળી એ સમર્થનમાં પણ તેઓ શ્રીમદે 'વિવક્ષિત' એમ જે કહેલ છે એનાથી આ પણ જણાય છે કે આ એક વિવક્ષાવિશેષ જ છે. એટલે જ તેઓશ્રીએ સાંખ્યદર્શનને માન્ય સત્કાર્યવાદ વગેરે અંશમાં વ્યવહારનયપ્રકૃતિકત્વનો અભાવ કહેવા દ્વારા, આશંકિત એવી નૈગમનયપ્રકૃતિકતાનો સ્વીકાર સૂચવી જ દીધો છે. એટલે સાંખ્યને માન્ય આત્મનાનાત્વઅંશમાં પણ જો નૈગમનયપ્રકૃતિકત્વ કોઈપણ રીતે સંગત થઈ જાય તો

तदिच्छनीयमेव स्यात्। सा चोपपत्तिरेवं ज्ञेया-नैगमनयः पिण्ड-शिवकादिसन्तानभाविनीः सर्वा अवस्था यद्घटतया स्वीकुर्वते, स तत्सन्तानभाव्येव घटः, न त्वन्यसन्तानभाव्यपि, तत्पिण्डादिषु तद्घटस्यैव तादात्म्यात्। ततश्च यावन्ति पिण्ड-शिवकादिसन्तानानि तावन्तो घटास्तस्य संमताः। एवमेव नाना आत्मानोऽपि तस्य संमता एवेति साङ्ख्यदर्शनसम्मत आत्मनानात्वांशेऽपि नैगमप्रकृतिकत्वमुपपन्नमेव । ततश्च साङ्ख्यदर्शनस्य नैगममूलत्वे काऽनुपपत्तिः ? सूक्ष्मधिया विचारणीयमेतद् बहुश्रुतैः ।

किञ्च वनगमनप्रयोजनीभूतदारु-छिद्यमानदार्वादीनां नैगमस्य प्रस्थकत्वं यत्संमतं, तदविशेषेणैव यत्, तेन नैगमनयः प्रस्थकयोग्यतामेव प्रस्थकतयाऽभ्युपगच्छतीति निश्चीयते, तासु सर्वास्ववस्थासु योग्यताया एवाविशेषेणावस्थितत्वात्। आदिनैगमस्तु तद्द्रव्यस्याकालभाविनीषु सर्वास्ववस्थासु तां योग्यतामविशेषेणावस्थितां मन्यते । तस्यां च योग्यतायां नैगमनयसंमतो न कोऽपि विशेषः कदाचिदपि सञ्जायते, अविशेषेण प्रस्थकसम्मतेर्व्याघातप्रसङ्गात्, ओघ-समुचितयोग्यतालक्षणौ योग्यताविशेषौ तु व्यवहारनयसम्मतावेव । सा योग्यतैव च नैगमनयस्य

---

સાંખ્યમાં સર્વાંશે નૈગમપ્રકૃતિકતા સંભવી શકવાથી એ ઇચ્છનીય જ બની રહે. એ સંગતિ આ રીતે થઈ શકે છે - નૈગમનય પિંડ-શિવકાદિપરંપરામાં થતી બધી અવસ્થાઓને ઘડા તરીકે જે જુએ છે તે, તે પરંપરાના ઘડા તરીકે જ, નહીં કે અન્ય પરંપરામાં થનારા અન્ય ઘડા તરીકે પણ, કારણ કે અન્ય પરંપરાના ઘડાનું તે પિંડાદિમાં તાદાત્મ્ય હોતું નથી. એટલે પિંડ-શિવક વગેરેની જેટલી પરંપરાઓ હોય એટલા ઘડા એને માન્ય છે, એ જ રીતે અનેક આત્માઓ પણ એને માન્ય જ છે. એટલે સાંખ્યમાન્ય આત્મનાનાત્વ અંશમાં પણ નૈગમનયપ્રકૃતિકત્વ સંગત જ છે. તો સાંખ્યદર્શન નૈગમમૂલક હોવામાં શું અસંગતિ છે ? બહુશ્રુતોએ આ વાત સૂક્ષ્મબુદ્ધિથી વિચારવા યોગ્ય છે.

વળી, વનગમનનું પ્રયોજન જે કાષ્ઠ, છિદ્યમાન જે કાષ્ઠ... એ બધા નૈગમનયને પ્રસ્થકરૂપે જે માન્ય છે તે સમાન રીતે જ, એમાં કોઈ વિશેષતા નથી. આનાથી સ્પષ્ટ છે કે નૈગમનય પ્રસ્થકની યોગ્યતાને જ પ્રસ્થક તરીકે જુએ છે. કારણ કે એ બધી અવસ્થાઓમાં યોગ્યતા જ સમાન રીતે રહી છે. આદિનૈગમ તો એ દ્રવ્યની ત્રિકાળભાવિની બધી જ અવસ્થાઓમાં એ યોગ્યતાને અવિશેષપણે (સર્વથા સમાનરૂપે) રહેલી જુએ છે. એ યોગ્યતામાં નૈગમનયને માન્ય હોય એવો કોઈપણ ફેરફાર ક્યારેય પણ થતો નથી, કારણ કે જો એ થાય તો સમાન રીતે પ્રસ્થકનું દર્શન થઈ ન શકે. યોગ્યતાના ઓઘશક્તિ અને સમુચિત શક્તિ આવા જે બે ભેદ છે તે તો વ્યવહારનયમાન્ય જ છે.

प्रस्थकः। अत एवादिनैगमस्य प्रस्थकोऽनुत्पन्नः । इत्थञ्चादिनैगमस्य प्रस्थकः कूटस्थनित्यः। यथा प्रस्थकस्तथैव तस्यात्माऽऽपि कूटस्थनित्यः पुष्करपलाशवन्निर्लेप इति यावत् । पुरुषस्य पुष्करपलाशवन्निर्लेपत्वं तु साङ्ख्यस्यैवाभिमतम्, न तु षडुलूकस्य ।

अपरञ्च नमस्कारनिर्युक्तौ कथितेन नमस्कारानुत्पन्नत्वेनाप्येतत्सूच्यते । यस्य नैगमभेदस्य विवक्षितो जीवो नमस्कारस्तस्य व्यवहारनयसंमतास्वेकेन्द्रियादिमिथ्यादर्शनाद्यवस्थास्वपि स जीवोऽविशेषेण नमस्कार एव, तदा तस्यानमस्कारत्वे पश्चान्नमस्कारस्योत्पन्नत्वप्रसङ्गात्। ततश्च तासु तास्वस्थासु तस्मिन् जीवे न कदाचिदपि कश्चिदपि विशेषः संजात इति बलादपि मन्तव्यमेवेति सिद्धं तस्य कूटस्थनित्यत्वं पुष्करपलाशवन्निर्लेपत्वञ्च । एवमेव यस्याद्यनैगमभेदस्य विवक्षितो जीवः संयमस्तस्याकालभाविनीषु सर्वास्ववस्थासु स संयम एव, न ताः काश्चिदप्यवस्थाः सन्ति यासु स न संयमः, तदनन्तरभाविनीष्ववस्थासु संयमस्योत्पन्नत्वापत्तेरिति सिद्धं तस्य जीवस्य संयमतया कूटस्थनित्यत्वं पुष्करपलाशवन्निर्लेपत्वञ्च। एवमेव पृथक्पृथगाद्यनैगमभेदानां तस्य विवक्षितस्य जीवस्याप्रमत्त-वीतराग-केवलित्वादिना कूटस्थनित्यत्वादिकं भावनीयम् । इत्थञ्चाद्यनैगमस्य नैकगमत्वमपि सिध्यति ।

---

એક સમાન આ યોગ્યતા જ નૈગમનયનો પ્રસ્થક છે. માટે જ આદિનૈગમને એ અનુત્પન્ન છે. એટલે કે આદિનૈગમમાન્ય પ્રસ્થક કૂટસ્થનિત્ય છે. જેમ પ્રસ્થક એમ આત્મા પણ એને કૂટસ્થ નિત્ય છે. એટલે કે પુષ્કરપલાશવત્ નિર્લેપ છે. પુરુષ પુષ્કરપલાશની જેમ નિલપ હોવો સાંખ્યને જ માન્ય છે, નહીં કે ષડુલૂકને. (માટે નૈગમમાંથી સાંખ્યદર્શન નીકળ્યું છે, ષડુલૂક નહીં.)

બીજું, નમસ્કાર નિર્યુક્તિમાં નમસ્કારને અનુત્પન્ન કહેલ છે તેના પરથી આ સૂચિત થાય છે કે - જે નૈગમભેદને વિવક્ષિત જીવ 'નમસ્કાર' છે તેને, વ્યવહારનયમાન્ય જે એકેન્દ્રિયાદિ-મિથ્યાત્વી આદિ અવસ્થાઓ, તે બધીમાં એ જીવ સમાન રીતે નમસ્કાર જ છે, કારણ કે ત્યારે જો એ અનમસ્કાર હોય તો પાછળથી નમસ્કાર ઉત્પન્ન થવાની આપત્તિ આવે. એટલે તે તે અવસ્થાઓમાં એ જીવમાં ક્યારેય પણ કોઈપણ વિશેષતા પેદા થયેલી નથી એ બળાત્કારે પણ માનવું જ પડે છે. માટે કૂટસ્થનિત્યત્વ અને પુષ્કરપલાશવત્ નિર્લેપત્વ સિદ્ધ થાય છે. એ જ રીતે જે આદિનૈગમભેદ વિવક્ષિત જીવને 'સંયમ' તરીકે જુએ છે તેના મતે આકાળભાવિની બધી અવસ્થાઓમાં એ 'સંયમ' જ છે. એવી કોઈ અવસ્થા છે નહીં, જેમાં એ સંયમ ન હોય (અસંયમ હોય), કારણ કે તો પછી તો એ પછીની અવસ્થામાં સંયમ ઉત્પન્ન થયેલ બની જાય. માટે એ જીવ

ततश्च यतः पुष्करपलाशवन्निर्लेपत्वं पुरुषस्य साङ्ख्यदर्शनाभिमतमतः साङ्ख्यदर्शनस्य नैगमनयप्रकृतिकत्वं कथं न सिध्येदिति बहुश्रुतैरवश्यं परामर्शनीयम् ।

किञ्च, *जं काविलं दरिसणं एयं दव्वट्ठियस्स वत्तव्वं। सुद्धोअणतणअस्स उ परिसुद्धो पज्जवविअप्पो ॥३-४८॥* इति **सम्मतौ** यदुक्तं तेनापि **कापिलदर्शनस्य** नैगममूलत्वं सिध्यत्येव । **न च** द्रव्यार्थिकपदमत्र व्यवहारलक्षणाशुद्धद्रव्यार्थिकपरमेवेति तस्य व्यवहारनय-मूलत्वमेव सिध्यतीति **वक्तव्यं,** तदा कपिलदर्शनस्याप्यशुद्धद्रव्यार्थिकत्वसिद्ध्या **न्यायावतार-वृत्ति**विरोधापत्तेः । तथाहि-तत्र(कारिका५६वृत्तौ) -

*नैगमसङ्ग्रहव्यवहारर्जुसूत्रशब्दसमभिरूढैवंभूता हि सप्तनयाः । तत्र द्रव्यास्तिकपर्याया-स्तिकौ मूलनयौ । शेषास्तद्भेदाः । तदुक्तम् -*

*"दव्वट्ठिओ अ पज्जवणओ य सेसा वियप्पा सिं ॥" (सन्मति १.३) तत्र*

---

સંયમરૂપે કૂટસ્થનિત્ય અને પુષ્કરપલાશવત્ નિર્લેપ સિદ્ધ થાય છે. એ જ રીતે અલગ-અલગ આદ્યનૈગમભેદોના મતે તે વિવક્ષિત જીવ 'અપ્રમત્ત' છે, 'વીતરાગ' છે, 'કેવલી' છે અને તે તે રૂપે એ કૂટસ્થનિત્ય વગેરે છે એ પણ વિચારવું. આ રીતે આદ્યનૈગમનું નૈકગમત્વ પણ સિદ્ધ થાય છે.' એટલે પુરુષનું પુષ્કરપલાશવત્ નિર્લેપત્વ સાંખ્યદર્શનને અભિમત છે, માટે સાંખ્યદર્શન નૈગમનયપ્રકૃતિક છે એવું શા માટે સિદ્ધ ન થાય ? એ બહુશ્રુતોએ અવશ્ય વિચારવું જોઈએ.

વળી, *"જે કાપિલદર્શન છે (= કપિલમુનિપ્રણીત સાંખ્યદર્શન છે) તે દ્રવ્યાર્થિકનયનું વક્તવ્ય છે. શુદ્ધોદનતનયનું જે દર્શન છે (તે બૌદ્ધદર્શન) તો પરિશુદ્ધ પર્યાયાર્થિકનયનો વિકલ્પ છે."* આવું **સમ્મતિ(૩-૪૮)માં** જે કહ્યું છે તેનાથી પણ સાંખ્યદર્શન નૈગમમૂલક છે તે સિદ્ધ થાય છે જ.

**શંકા** - આ કારિકામાં 'દ્રવ્યાર્થિક' એવું જે પદ છે તે વ્યવહારનય સ્વરૂપ અશુદ્ધ દ્રવ્યાર્થિક નયને જ જણાવે છે, ને તેથી સાંખ્યદર્શન વ્યવહારનયમૂલક છે એ જ સિદ્ધ થાય છે.

**સમાધાન** - આવું ન કહેવું, કારણ કે તો પછી (= સાંખ્યદર્શન પણ) અશુદ્ધદ્રવ્યાર્થિક તરીકે જ સિદ્ધ થવાથી **ન્યાયાવતારની વૃત્તિ** સાથે વિરોધ થશે. તે આ રીતે - ન્યાયવતારની ૫૬મી કારિકાની વૃત્તિમાં આવો અધિકાર છે - *નૈગમ-સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્ર-શબ્દ-સમભિરૂઢ અને એવંભૂત આમ સાત નયો છે. તેમાં દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક આ બે મૂળ નયો છે. બાકીના એના ભેદો છે.* ***સન્મતિતર્ક પ્રકરણમાં*** *કહ્યું*

**कापिलं** शुद्धद्रव्यास्तिकम् । **बौद्धं** शुद्धपर्यायास्तिकम् । शेषदर्शनानि शुद्धाशुद्धानि इति।

तत्र **सांख्यो** ध्रौव्यमेव प्रतिपन्नवान् । न विधिविगमौ । तस्य हि न किञ्चिदुत्पद्यते नापि विनश्यति । तदुक्तम् -

"असदकरणादुपादानग्रहणात् सर्वसंभवाभावात् ।

शक्तस्य शक्यकरणात् कारणभावाच्च सत् कार्यम् ॥" [साङ्ख्य० ९]

एवं पञ्चभिः हेतुभिः सत्कार्यवादः समर्थितः । तथाहि - यदसत् तन्न केनापि क्रियते यथा आकाशकुसुमम् । असच्च परमतेन कारणे कार्यमिति व्यापकविरुद्धोपलब्धि-प्रसङ्गः। न चैवम्, तस्मात् सत् कारणे कार्यमिति । तथा, उपादानगतणादिति । उपादानं = कारणं तस्य नियतस्यैव ग्रहणम् । अन्यथा सर्वस्यैव अविद्यमानत्वाविशेषाद् ग्रहणं स्यात्,

---

છે કે-દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય... બાકીના આ બેના વિકલ્પો=પ્રકારો છે. એમાં કાપિલદર્શન એ શુદ્ધદ્રવ્યાસ્તિક છે, બૌદ્ધદર્શન એ શુદ્ધ પર્યાયાસ્તિક છે અને બાકીના દર્શનો શુદ્ધાશુદ્ધ છે.

આમાં, સાંખ્ય ધ્રૌવ્યને જ માને છે, વિધિ(=ઉત્પાદ) કે વિગમ(=વિનાશ)ને એ માનતો નથી. એના મતે કશું જ ઉત્પન્ન થતું નથી કે કશું જ વિનાશ પામતું નથી. સાંખ્યની ૯મી કારિકામાં કહ્યું જ છે કે - "અસત્નું અકરણ, ઉપાદાનનું ગ્રહણ, સર્વસંભવનો અભાવ, શક્તનું શક્યકરણ અને કારણનો સદ્ભાવ... આ પાંચ હેતુઓથી કાર્ય સત્ હોવું સિદ્ધ થાય છે."

આમ આ કારિકામાં પાંચ હેતુઓ દ્વારા સત્કાર્યવાદનું સમર્થન છે. આ પાંચ હેતુઓની સમજણ આવી જાણવી. (૧) અસત્નું અકરણ - જે અસત્ હોય તે ક્યારેય કરાતું નથી, નહીંતર આકાશકુસુમ પણ કરાવું જોઈએ, પણ કરાતું નથી. માટે (સિદ્ધ થાય છે કે) તલ વગેરે દ્વારા તેલ વગેરે રૂપ જે કાર્ય કરાય છે તે પૂર્વે પણ કારણમાં સત્ = વિદ્યમાન હતું જ. પૂર્વપક્ષીના મતે કારણમાં કાર્ય અસત્ છે. આમ વ્યાપક વિરુદ્ધોપલબ્ધિ નામનો દોષ આવી જ પડે છે. પણ આવું છે નહીં, માટે કારણમાં કાર્ય સત્ હોય છે. (૨) ઉપાદાનનું ગ્રહણ = નિયત-ચોક્કસ કારણનું જ ગ્રહણ. જો કારણમાં પૂર્વે કાર્ય સત્ ન હોય, અસત્ જ હોય, તો પુરુષો ચોક્કસ ઉપાદાનકારણનું ગ્રહણ ન કરત. અને તો પછી શાલિપ્રકારના ચોખાના અર્થી શાલિબીજનું ગ્રહણ કરે એવું ન રહેત, કોદ્રવબીજનું પણ ગ્રહણ કરત... કારણ કે બીજ તો શાલિનું હોય કે કોદ્રવનું... કાર્યભૂત શાલિનો તો બન્નેમાં અભાવ જ માનવાનો છે... એટલે બધામાં કાર્યની

*न वा कस्यचित् । न चैवम् । अतः सत् कार्यमिति । तथा सर्वसंभवाऽभावाद् इति । सर्वस्मात् सर्वं कार्यमुत्पद्येत । पूर्वं कारणाश्रयणेन प्रसङ्ग उक्तः, संप्रति तु कार्यमाश्रित्येति विशेषः । न च सर्वं सर्वतो भवति । तस्मादयं नियमः । तत्रैव तस्य सद्भावादिति । तथा, शक्तस्य शक्यकरणादिति । यद्यप्यसत्कार्यवादिभिर्नियतमेव कारणं नियतकार्य-करणशक्तिकमुपेयते, तथापि शक्यमेव कार्यं करोति । यच्च नीरूपं तदनाधेयातिशयम्। तथाभूतं च कथं केनचिच्छक्येत कर्तुम्। तस्मात् सदेव शक्यते कर्तुम्, नासदिति। तथा, उक्तन्यायादसत्कार्ये न किञ्चित् कारणं स्यात् । अस्ति च कारणम् । तदाह-कारणभावाच्च*

---

અવિદ્યમાનતા સમાન હોવાથી ક્યાં તો બધાનું ગ્રહણ થાત ને ક્યાં તો કોઈનું જ ન થાત. પણ આવું બનતું નથી, માટે શાલિબીજમાં શાલિકાર્ય સત્ છે. (ને તેથી એનું જ ગ્રહણ થાય છે) એમ માનવું જ જોઈએ.

(૩) સર્વસંભવનો અભાવ = કોઈપણ કારણમાંથી બધાં કાર્યો સંભવિત ન બનવા. પણ જો કાર્ય અસત્ હોય તો, શાલિધાન્ય શું કે કોદ્રવધાન્ય વગેરે શું ? બધા જ શાલિબીજમાં સમાન રીતે અસત્ હોવાથી શાલિબીજમાંથી શાલિ-કોદ્રવ વગેરે બધાં જ કાર્યો થઈ શકવા જોઈએ. પણ બધા કારણથી બધાં કાર્યો કાંઈ થતા નથી. માટે આ નિયમ છે કે જે કાર્ય જે કારણમાં વિદ્યમાન હોય તે જ તેમાંથી ઉત્પન્ન થાય. પૂર્વે વિવક્ષિત કાર્ય માટે કોઈપણ કારણ લઈ શકાય, ચોક્કસ કારણ જ લેવું એવો નિયમ નહીં રહે... એ રીતે દોષ બતાવેલો... અહીં વિવક્ષિત કારણથી ચોક્કસ કાર્ય જ થાય... એવો નિયમ નહીં... બધાં કાર્યો થવા જોઈએ એવો દોષ બતાવેલો છે. માટે એ વિશેષતા છે. (૪) શક્તનું શક્યકરણ... **શંકા** - અમુક ચોક્કસ કારણમાં અમુક ચોક્કસ કાર્ય કરવાની જ શક્તિ અમે માનીએ છીએ. એટલે કાર્ય અસત્ હોવા છતાં વિવક્ષિત કારણથી અમુક જ કાર્ય થાય છે, નહીં કે આકાશકુસુમ, એમ જે સમર્થ હોય એવા જ ઉપાદાનકારણનું ગ્રહણ થાય છે, નહીં કે આડેધડ ગમે તેનું... તથા વિવક્ષિત કારણથી અમુક જ કાર્ય થાય છે, નહીં કે બધાં કાર્યો... એટલે તમે જે આપત્તિઓ દર્શાવી છે એનાથી કાર્ય સત્ હોવાની સિદ્ધિ થતી નથી. **સમાધાન** - અમુક ચોક્કસ કાર્ય કરવાની જ શક્તિથી શક્ત (= સમર્થ) એવું પણ કારણ, જેમાં કંઈક પણ ક્રિયા કરવી શક્ય હોય એવા શક્યક્રિય કાર્યને જ કરી શકે છે, નહીં કે અશક્યક્રિય એવા કાર્યને પણ. તમે તો કાર્યને શશશૃંગની જેમ અસત્ માનેલું છે. માટે એ કોઈપણ સ્વરૂપ વિનાનું નીરૂપ છે. જેનું પોતાનું કોઈ જ સ્વરૂપ નથી એવા નીરૂપમાં તો કોઈ જ અતિશયનું

*सत्कार्यमिति* । इत्युक्तम् । अत्र साङ्ख्यदर्शनस्य शुद्धद्रव्यास्तिकत्वं साक्षादक्षरैरेवोक्तम् । किञ्च प्रस्तुतेन **सम्मति**कारिकावचनेनाप्येतत् सिध्यत्येव। तथाहि-तत्र पर्यायास्तिकनयविकल्पत्वं बौद्धदर्शनस्य यदुक्तं तत्परिशुद्धपर्यायास्तिकनयस्य यत उक्तमतो द्रव्यास्तिकनयविकल्पत्वं साङ्ख्यदर्शनस्य यदुक्तं तदपि परिशुद्धद्रव्यास्तिकनयस्यैवेत्यत्र का शङ्का ? किञ्च द्रव्यार्थिकनयवक्तव्यतानिरूपणावसरे शुद्धं द्रव्यार्थिकं परित्यज्याशुद्धस्य तस्य निरूपणे को हेतुः ? इति प्रश्नस्य समुचितोत्तराभावोऽप्यत्र शुद्धस्य द्रव्यार्थिकस्यैव वक्तव्यतां सूचयति । तथा क्षणिकवादि बौद्धदर्शनं यदि शुद्धः पर्यायास्तिकः, तर्हि ध्रौव्यवादि साङ्ख्यदर्शनं शुद्धः द्रव्यार्थिक इति निःशङ्कमेव । ततश्च जं काविलं... इत्यादिकारिकायां शुद्धस्य द्रव्यार्थिकस्यैव वार्तेति सिद्धौ नैगमनयमूलत्वमपि साङ्ख्यदर्शनस्य सिध्यत्येव, न हि व्यवहारनयः शुद्धः द्रव्यार्थिकः ।

---

*આધાન શક્ય હોતું નથી - અર્થાત્ કોઈ જ ફેરફાર થઈ શકતો નથી. આવું નીરૂપ કાર્ય તો કોઈપણ કારણથી શી રીતે થઈ શકે ? માટે સત્ એવા કાર્યને જ કરી શકાય છે, નહીં કે અસત્ એવા કાર્યને... (૫) કારણનો સદ્ભાવ-આ ચાર હેતુઓથી અસત્ એવું કાર્ય સંભવતું જ નથી એ સિદ્ધ થયે... જો કશું કાર્ય જ નથી તો કારણ કોનું ? એટલે, બીજ વગેરે કશું 'કારણ' નથી, કારણ કે એનું કોઈ કાર્ય નથી, જેમકે કૂર્મરોમ. પણ આવું છે તો નહીં... કારણ કે બીજ વગેરે 'કારણ'રૂપ તો છે જ. માટે કારણની વિદ્યમાનતાને સંગત કરવા માટે કાર્યને પણ 'સત્' માનવું જોઈએ.*

ન્યાયાવતારવૃત્તિના આ અધિકારમાં સાંખ્યદર્શન એ શુદ્ધદ્રવ્યાસ્તિક છે એવું સ્પષ્ટ અક્ષરો દ્વારા કહ્યું જ છે. વળી, સમ્મતિની પ્રસ્તુત કારિકાના વચનથી પણ આ વાત સિદ્ધ થાય છે જ. તે આ રીતે - ત્યાં બૌદ્ધદર્શનને પર્યાયાસ્તિકનયના વિકલ્પ તરીકે જે કહેલ છે તે પરિશુદ્ધપર્યાયાસ્તિકનયના વિકલ્પ તરીકે કહેલ છે. એટલે દ્રવ્યાસ્તિકનયના વિકલ્પ તરીકે સાંખ્યદર્શનને જે કહેલ છે તે પણ પરિશુદ્ધદ્રવ્યાસ્તિકનયનો જ કહેલ હોય એમાં શું શંકા છે ? વળી, દ્રવ્યાર્થિકનયની વક્તવ્યતાના નિરૂપણ અવસરે શુદ્ધદ્રવ્યાર્થિકને છોડીને અશુદ્ધદ્રવ્યાર્થિકનું નિરૂપણ કરવામાં કારણ શું હોઈ શકે ? આવા પ્રશ્નનો યોગ્ય ઉત્તર ન મળવો એ પણ અહીં શુદ્ધદ્રવ્યાર્થિકની જ વક્તવ્યતાને સૂચવે છે. તથા, ક્ષણિકવાદી બૌદ્ધદર્શન એ જો શુદ્ધપર્યાયાસ્તિક છે તો ધ્રૌવ્યવાદી સાંખ્યદર્શન શુદ્ધ દ્રવ્યાર્થિક હોય એ નિઃશંક જ છે. એટલે जं काविलं... ઇત્યાદિ કારિકામાં શુદ્ધદ્રવ્યાર્થિકનયની જ વાત છે એવું સિદ્ધ થવા પર સાંખ્યદર્શન નૈગમમૂલક છે એ પણ સિદ્ધ થશે જ, કારણ કે વ્યવહારનય કાંઈ શુદ્ધ દ્રવ્યાર્થિક નથી.

तथाऽत्र **न्यायावतार**वृत्तौ श्रीमता **शान्तिसूरिणा** *'तत्र साङ्ख्यो ध्रौव्यमेव प्रतिपन्नवान्...'* इत्यादि यदुक्तं तेनापि तस्य नैगममूलत्वं सिध्यत्येव, न ह्यादिनैगमं विहायान्यः कोऽपि नयो वस्तुनो ध्रौव्यमुत्पादविनाशाभावं च प्रतिपन्नवान्, **नमस्कारनिर्युक्ता**-वादिनैगमेतराणां नयानामुत्पादवादित्वस्य स्पष्टं कथितत्वात्। **न च** परसङ्ग्रहोऽप्यनुत्पन्नत्ववा-दीति **वाच्यं,** तन्मतेन सर्वस्यैव सत्त्वाद् नमस्कारेन्द्रघटादेर्नमस्कारादितयाऽभावात्। अत एव नमस्कारनिर्युक्तौ सदद्वैतवादिनः परसङ्ग्रहस्य नमस्कारानुत्पादवादितया नोल्लेखः । अपरसङ्ग्रहो नमस्कारादिकं तु मन्यत एव, किन्तूत्पन्नमेव, न त्वनुत्पन्नं, तस्य नमस्कारनिर्युक्तावुत्पन्नत्व-वादिनयेषु समावेशात् ।

किञ्च साङ्ख्यदर्शनस्य प्रणेतारं **कपिलाचार्य**मुपहसद्भिरसत्कार्यवादिभिः *'यदेव दधि तत्क्षीरं, यत्क्षीरं तद्दधीति च । वदता विन्ध्यवासित्वं ख्यापितं विन्ध्यवासिना ॥'* इति यदुक्तं तेनापि साङ्ख्यदर्शनस्य नैगममूलत्वं ख्याप्यत एव, वनगमनप्रयोजनीभूतं दारु प्रस्थकतयेव क्षीरं दधितया गृह्णतो नयस्य नैगमत्वनियमात् । सूक्ष्मधिया पर्यालोच्यमाना एते सर्वेऽधिकाराः साङ्ख्यदर्शनस्य नैगमनयप्रकृतिकत्वं सूचयति न वेति निर्णेतव्यं बहुश्रुतैः ।

---

તથા, અહીં **ન્યાયાવતારની વૃત્તિમાં** શ્રીમાન્ **શાંતિસૂરિએ** *'એમાં સાંખ્ય ધ્રૌવ્યને જ માને છે'* વગેરે જે કહ્યું છે તેનાથી પણ તે નૈગમમૂલક હોવો સિદ્ધ થાય છે જ. કારણ કે આદિનૈગમને છોડીને અન્ય કોઈપણ નય વસ્તુના ધ્રૌવ્યને અને ઉત્પાદ-વિનાશના અભાવને માનતો નથી. તે પણ એટલા માટે કે નમસ્કારનિર્યુક્તિમાં આદિનૈગમ સિવાયના નયોને ઉત્પાદવાદી હોવારૂપે સ્પષ્ટ રીતે કહેલ છે. 'પરસંગ્રહ પણ અનુત્પત્તિવાદી છે ને !' એવી શંકા ન કરવી, કારણ કે એના મતે તો બધું માત્ર 'સત્' હોવાથી નમસ્કારાદિરૂપે નમસ્કાર-ઇન્દ્ર-ઘટાદિ કશું છે જ નહીં.' એટલે જ નમસ્કારનિર્યુક્તિમાં સદ્અદ્વૈતવાદી પરસંગ્રહનયનો નમસ્કારને અનુત્પન્ન કહેનાર તરીકે ઉલ્લેખ કરેલો નથી. અપરસંગ્રહનય નમસ્કારાદિ માને છે ખરો, પણ ઉત્પન્ન જ, નહીં કે અનુત્પન્ન, કારણ કે નમસ્કારનિર્યુક્તિમાં એનો શેષ તરીકે ઉત્પન્નત્વ કહેનાર નયોમાં સમાવેશ કર્યો છે.

વળી, સાંખ્યદર્શનના પ્રણેતા **કપિલાચાર્ય**નો ઉપહાસ કરતાં અસત્કાર્યવાદીઓ વડે *"જે દહીં છે તે દૂધ છે, જે દૂધ છે તે દહીં છે-આવું કહેતા વિન્ધ્યવાસી આચાર્યે પોતાનું વિન્ધ્યવાસિત્વ=જંગલમાં રહેવાપણું સિદ્ધ કર્યું છે"* આવું જે કહેવાયું છે તેનાથી પણ સાંખ્યદર્શન નૈગમમૂલક છે એ જણાય જ છે, કારણ કે વનગમનના પ્રયોજનભૂત કાષ્ઠને પ્રસ્થકની જેમ દૂધને દહીં તરીકે જોનાર નય નૈગમ જ હોય શકે.

अथ साङ्ख्यदर्शनस्य नैगममूलत्वे व्यवहारमूलत्वं कस्य दर्शनस्येति चेद् ? न्यायदर्शनस्य तत्तुल्यप्रायस्य वैशेषिकदर्शनस्य चेति गृहाण । वैशेषिकदर्शनस्य नैगममूलत्वं शास्त्रेषु कथितमिति चेत् ? कथितमेव, तथापि तस्य व्यवहारमूलत्वमपि बहुश्रुतैरवश्यं विचारणीयम् । तच्चैवं - **नयोपदेशग्रन्थे** नैगमनयनिरूपणार्थमेवमुक्तं -

*निगमेषु भवो बोधो नैगमस्तत्र कीर्तितः। तद्भवत्वं पुनर्लोकप्रसिद्धार्थोपगन्तृता ॥२०॥*

*तत्प्रसिद्धिश्च सामान्यविशेषाद्युभयाश्रया । तदन्यतरसन्न्यासे व्यवहारो हि दुर्घटः ॥२१॥*

एतल्लक्षणमनुसृत्य न्याय-वैशेषिकदर्शनयोरेतल्लक्षणलक्ष्यनयप्रकृतिकत्वं शास्त्रेषु कथितम्, तयोरपि सामान्य-विशेषाद्यभ्युपगन्तृत्वात् । परन्तु यदा सूक्ष्मेक्षिकया विचार्यते तदैतल्लक्षणस्य लक्ष्यभूतनयतया नैगमापेक्षया व्यवहारनयो ह्युचिततरो भासते। न हि नैगमसंमतं वनगमन-प्रयोजनीभूतदार्वादेः प्रस्थकत्वं लोकप्रसिद्धार्थः। न हि नैगमः सामान्यं विशेषांश्चाभ्युपगच्छति,

---

આ બધા અધિકારોને સૂક્ષ્મબુદ્ધિથી વિચારતા સાંખ્યદર્શનની મૂળપ્રકૃતિ નૈગમનય છે એવું સૂચન થાય છે કે નહીં ? એનો બહુશ્રુતોએ નિર્ણય કરવો જોઈએ.

**પ્રશ્ન** - સાંખ્યદર્શન જો નૈગમમૂલક છે તો વ્યવહારમૂલક કયું દર્શન છે ?

**ઉત્તર** - ન્યાયદર્શન અને તત્તુલ્યપ્રાય વૈશેષિકદર્શન વ્યવહારમૂલક છે એમ જાણવું.

**શંકા** - શાસ્ત્રોમાં તો વૈશેષિકદર્શનને નૈગમમૂલક કહ્યું છે.

**સમાધાન** - હા, કહ્યું જ છે. છતાં એ વ્યવહારનયમૂલક હોવું પણ બહુશ્રુતોએ અવશ્ય વિચારણીય છે. તે આ રીતે - નયોપદેશગ્રન્થમાં નૈગમનયના નિરૂપણ માટે આ પ્રમાણે કહ્યું છે - *"તેમાં, નિગમોમાં થયેલો બોધ એ નૈગમ કહેવાયેલો છે. લોકમાં પ્રસિદ્ધ અર્થને સ્વીકારવો એ નિગમોમાં થયેલા બોધરૂપ છે. વળી એ અર્થની પ્રસિદ્ધિ સામાન્ય-વિશેષ બન્નેને માનવાથી થાય છે. તે બેમાંથી એકને પણ નકારવામાં આવે તો વ્યવહાર દુર્ઘટ બની જાય છે = વ્યવહાર ઘટવો મુશ્કેલ બની જાય છે."*

આ લક્ષણને અનુસરીને શાસ્ત્રોમાં ન્યાય-વૈશેષિકદર્શનને આ લક્ષણના લક્ષ્યભૂત જે નય હોય તેમાંથી ઉદ્‌ભવેલો કહ્યો છે, કારણ કે આ બે દર્શનો પણ સામાન્ય અને વિશેષ બન્નેને માને છે. પરંતુ જ્યારે સૂક્ષ્મબુદ્ધિથી વિચારવામાં આવે ત્યારે આવા લક્ષણના લક્ષ્ય તરીકે નૈગમની અપેક્ષાએ વ્યવહારનય વધુ ઉચિત જણાય છે. વનગમનના પ્રયોજનભૂત કાષ્ઠને પ્રસ્થક માનવું એ કાંઈ લોકપ્રસિદ્ધ અર્થ નથી. વળી નૈગમ કાંઈ સામાન્ય અને વિશેષ એ બન્નેને માનતો નથી, કારણ કે એ તો ઊર્ધ્વતાસામાન્યને માને છે. (નહીંતર

ऊर्ध्वतासामान्यविषयकत्वात् तस्य । आकुट्टितनामादिकस्य प्रस्थकत्वादिरूपो लोकप्रसिद्धार्थो व्यवहारनयस्यैव विषयः । सर्वेषु घटादिषु घटत्वादिलक्षणं सामान्यं, नानाघटादिलक्षणान् विशेषांश्च व्यवहारनयो हि स्वीकुरुते । तथा, व्यवहारे दुर्घटे व्यवहारनयस्यैव दुर्घटत्वं, न तु नैगमस्य, व्यवहारनयस्यैव लोकव्यवहारानुसारित्वात् । ततश्चैतल्लक्षणं व्यवहारनयस्यैवेति कल्पना नाश्रेयस्करी प्रतिभाति। अत एवैतल्लक्षणकनयप्रकृतिकं नैयायिकदर्शनं व्यवहारनयमूल-मिति कल्पनाऽपि नाश्रेयस्करी । अत एव च साङ्ख्यवेदान्त-न्याय-बौद्धादिदर्शनादिषु न्यायदर्शनस्योक्तीर्युक्तीश्च लोको यथा विनाऽऽयासेन स्वीकरोति न तथा साङ्ख्यादिदर्शना-नामुक्तीर्युक्तीश्च, न्यायदर्शनोक्त्यादीनामेव लोकस्य सुपरिचितत्वात्। अत एव च साङ्ख्यादि-दर्शनानां सत्यस्य यथा परमार्थतो व्यवहारतश्चेति द्वौ विभागौ, न तथा नैयायिकदर्शनस्य । अयम्भावः-साङ्ख्यदर्शनस्य पुरुषस्य पुष्करपलाशतुल्यनिर्लेपत्व-अकर्तृत्वादयः परमार्थतः सत्यम्, तथाप्यपराधकर्तृत्वादिलोकव्यवहारनिर्वाहार्थं पुरुषस्य तत्कर्तृत्वादिकमत एव च सलेपत्वमपि तस्य संमतमेव, परन्तु व्यवहारतः, एतदेव तस्य व्यवहारतः सत्यम्। वेदान्त-

---

તો એણે પણ નમસ્કારને ઉત્પન્ન જ માનવો પડે.) નામાંકિત પ્રસ્થક એ જ મુખ્ય પ્રસ્થક છે આવો લોકપ્રસિદ્ધાર્થ વ્યવહારનયને જ ઇષ્ટ છે. બધા ઘટાદિમાં ઘટત્વાદિરૂપ સામાન્ય અને અનેક ઘટાદિરૂપ વિશેષોને વ્યવહારનય જ માને છે. તથા લોકવ્યવહાર દુર્ઘટ થવામાં વ્યવહારનય જ દુર્ઘટ બને છે, નહીં કે નૈગમનય, કારણ કે વ્યવહારનય જ લોકવ્યવહારને અનુસરનારો છે. માટે આ લક્ષણ વ્યવહારનયનું જ છે એવી કલ્પના અહિતકર નથી એમ લાગે છે. અને એટલે જ આ લક્ષણવાળા નય મૂલક એવું નૈયાયિકદર્શન વ્યવહારનયમૂલક છે એવી કલ્પના પણ અહિતકર લાગતી નથી. એટલે જ સાંખ્ય-વેદાન્ત-ન્યાય-બૌદ્ધાદિદર્શનોમાં ન્યાયદર્શનની વાતો અને યુક્તિઓને લોક જે સહજતાથી સમજી અને સ્વીકારી શકે છે એ સહજતાથી સાંખ્યાદિદર્શનોની વાતો અને યુક્તિઓને નહીં, કારણ કે ન્યાયદર્શનના વચનો વગેરે જ લોકને સુપરિચિત હોય છે. એટલે જ સાંખ્યાદિદર્શનોને માન્ય સત્યના જેમ પરમાર્થથી અને વ્યવહારથી એમ બે વિભાગ છે એમ નૈયાયિકદર્શનમાન્ય સત્યના નથી. આશય એ છે કે સાંખ્યદર્શનને પુરુષ પુષ્કરપલાશતુલ્ય નિર્લેપ હોવો-અકર્તા હોવો... આ બધું પરમાર્થસત્ય તરીકે માન્ય છે, તેમ છતાં અપરાધકરણાદિ લોકવ્યવહારના નિર્વાહ માટે પુરુષને એનો કર્તા માનવો, અને તેથી સલેપ માનવો... આ બધું પણ એને સંમત છે, પણ માત્ર વ્યવહારથી, આ જ એનું વ્યવહારથી સત્ય છે. એમ, વેદાંતદર્શનને બ્રહ્માદ્વૈતવાદ પરમાર્થથી સત્ય છે. પણ

दर्शनस्य ब्रह्माद्वैतवाद: परमार्थत: सत्यं, तथापि गुरु-शिष्यादिव्यवहारनिर्वाहार्थमात्मनानात्वमपि तस्य संमतमेव, परन्तु व्यवहारत एव, न तु परमार्थतोऽपि । एवं बौद्धस्य क्षणिकत्वमेव परमार्थ:, तथाप्युत्तमाधमर्णादिव्यवहारं सोऽपि यतो व्यवहरत्येवातोऽक्षणिकत्वमपि तस्य संमतमेव, किन्तु यतस्तद् व्यवहारनिर्वाहार्थमेव, अतो व्यवहारत एव सत्यं, न तु परमार्थत: । परन्तु नैयायिकदर्शनसंमतस्य सत्यस्य नैवं द्वौ विभागौ, तत्संमतेन परमार्थसत्येनैव व्यवहारस्यापि निर्वाहसम्भवात् तदतिरिक्तव्यवहारसत्यसंमतेरनावश्यकत्वात् । ततश्च नैयायिकदर्शनस्य लोकव्यवहारानुकूलत्वसिद्धेर्व्यवहारनयमूलकत्वमपि कथं न सिध्येदिति बहुश्रुतैरवश्यं विमर्शनीयम् ।

एवञ्च नैगमनयात् साङ्ख्यदर्शनं, सङ्ग्रहनयाद् वेदान्तदर्शनं, व्यवहारनयाद् नैयायिक-(वैशेषिक)दर्शनं, ऋजुसूत्रनयाच्च सौगतदर्शनं समुद्भूतमिति स्थितम् ।

**अथ** साङ्ख्यादिदर्शनानां मिथ्यातया तद्धेतुभूतानां नैगमादिनयानामपि कथं न मिथ्यात्वमिति **चेत्** ? ननु नयानां प्रमाणापेक्षत्वेन तन्त्रान्तरीय-स्वतन्त्रचोदकपक्षग्राह्युभयवैल-क्षण्यान्न मिथ्यात्वमिति पूर्वमुक्तं किं न स्मरसि ? बाढं स्मरामि, किन्तु नयानां का

---

ગુરુ-શિષ્યાદિ વ્યવહારના નિર્વાહ માટે એ કોઈક રીતે આત્મનાનાત્વ પણ માને છે. પણ માત્ર વ્યવહારથી, નહીં કે પરમાર્થથી પણ. એમ, બૌદ્ધને ક્ષણિકત્વ એ પરમાર્થ છે. તો પણ, લેણદાર-દેવાદાર વગેરે વ્યવહાર તો એ પણ કરે છે, તેથી અક્ષણિકત્વ પણ તેને માન્ય છે જ, પણ એ વ્યવહારના નિર્વાહ માટે જ માન્ય હોવાથી વ્યવહારથી જ સત્ય છે, નહીં કે પરમાર્થથી. પણ, નૈયાયિકદર્શનને માન્ય સત્યના આવી રીતે બે વિભાગ લગભગ નથી, કારણ કે એને માન્ય પરમાર્થસત્યથી જ વ્યવહારનો નિર્વાહ પણ સંભવિત હોવાથી વધારાનું વ્યવહારસત્ય માનવું જરૂરી નથી. એટલે નૈયાયિકદર્શન લોકવ્યવહારાનુકૂલ હોવું સિદ્ધ થવાથી વ્યવહારનયમૂલક હોવું પણ કેમ સિદ્ધ ન થાય? એ બહુશ્રુતોએ અવશ્ય વિચારવું.

આમ, નૈગમનયમાંથી સાંખ્યદર્શન, સંગ્રહનયમાંથી વેદાન્તદર્શન, વ્યવહારનયમાંથી નૈયાયિક-વૈશેષિકદર્શન અને ઋજુસૂત્રનયમાંથી સૌગતદર્શન ઉદ્ભવ પામ્યું છે એ નિશ્ચિત થયું.

**શંકા**-સાંખ્યાદિદર્શનો મિથ્યા હોવાથી તેના મૂળભૂત નૈગમાદિનયો પણ કેમ મિથ્યા ન બને ?

प्रमाणापेक्षा ? प्रमाणापेक्षत्वं च कथं मिथ्यात्वमपनयतीति न सम्यग् ज्ञायते इति चेत् ? शृणु-साङ्ख्यादिदर्शनानि 'जीवो नित्यः' इत्यादिरूपेण नित्यत्वादिकं यद् गृह्णन्ति तदेव वस्तुनः समस्तं स्वरूपमि'ति मन्यन्ते कथयन्ति चेति तेषां मिथ्यात्वम् । परन्तु नैगमादिनयास्तु स्वविषयभूतं नित्यत्वादिकं वस्तुस्वरूपांशतयैव मन्यन्ते, न समस्तवस्तुस्वरूपतया, अनित्यत्वादे-रितरांशस्यापि प्रमाणपरिच्छिन्नत्वात्। यद्यपि नैगमलक्षणो द्रव्यार्थिको द्रव्यं मनसिकृत्यैव=अर्पयित्वैव वस्तु परिच्छिनत्ति, ततश्च शब्दतो व्यक्तरूपेण न कदाचिदपि 'जीवोऽनित्यः' 'जीवोऽनित्योऽपि'इत्यादि स्वीकरोति, वक्ति वा, प्रत्युत 'जीवो नित्य एव' इत्येवं नित्यत्वस्य सावधारणं विधानं, 'जीवो नैवानित्यः' इत्येवमनित्यत्वस्य सावधारणं निराकरणमपि करोत्येव, द्रव्यापेक्षया जीवस्य नित्यत्वस्यैव सम्भवाद्, अनित्यत्वस्य स्वप्नेऽप्यसम्भवाद्। तथापि यतः स प्रमाणापेक्षः, अतोऽव्यक्तरूपेण-गर्भितरूपेणेति यावत् प्रमाणपरिच्छिन्नम-

---

**સમાધાન** - અરે ! *નયો પ્રમાણાપેક્ષ હોવાથી તન્ત્રાન્તરીય કે સ્વતંત્રમાં શંકા કરનાર... એ બન્નેથી વિલક્ષણ હોવાના કારણે મિથ્યા હોતા નથી,* આવું પૂર્વે કહી જ ગયા છીએ એને કેમ યાદ કરતો નથી ?

**શંકા** - એને યાદ તો ઘણું કરું છું, પણ નયોને શી પ્રમાણની અપેક્ષા હોય છે ? પ્રમાણની આ અપેક્ષા મિથ્યાત્વને શી રીતે દૂર કરે છે ? એ બરાબર સમજાતું નથી.

**સમાધાન** - સમજાવું. સાંભળ. સાંખ્યાદિદર્શનો जीवो नित्यः વગેરે રૂપે જે નિત્યત્વાદિને જુએ છે તેને જ વસ્તુના સંપૂર્ણસ્વરૂપ તરીકે માની લે છે અને નિરૂપે છે, માટે તેઓ મિથ્યા છે. પરંતુ નૈગમાદિનયો સ્વવિષયભૂત નિત્યત્વાદિને વસ્તુસ્વરૂપના અંશરૂપે જ માને છે, નહીં કે સંપૂર્ણ વસ્તુસ્વરૂપ રૂપે, કારણ કે વસ્તુસ્વરૂપનો જે અનિત્યત્વાદિ સ્વરૂપ ઇતરાંશ, તે પણ પ્રમાણથી પરિચ્છિન્ન છે, (એટલે કે એ પણ વસ્તુમાં રહેલ તો છે જ.) જો કે નૈગમનામે દ્રવ્યાર્થિકનય દ્રવ્યને મનમાં રાખીને=અર્પણા કરીને જ વસ્તુને જુએ છે. એટલે વ્યક્તરૂપે તો ક્યારેય जीवोऽनित्यः 'जीवोऽनित्योऽपि ઇત્યાદિ સ્વીકારતો નથી, કે બોલતો નથી, ઊલટું जीवो नित्य एव... એ પ્રમાણે નિત્યપણાનું સાવધારણ (જકાર સહિતનું) વિધાન કરે છે. અને जीवो नैव नित्यः એ રીતે અનિત્યત્વનું સાવધારણ નિરાકરણ પણ કરે જ છે, કારણ કે દ્રવ્યની અપેક્ષાએ જીવમાં નિત્યત્વ જ સંભવે છે, અનિત્યત્વ સ્વપ્નમાં પણ સંભવી શકતું નથી. તેમ છતાં એ પ્રમાણાપેક્ષ (=પ્રમાણની અપેક્ષાવાળો) હોવાથી અવ્યક્તરૂપે-ગર્ભિતરૂપે પ્રમાણથી નિશ્ચિત થયેલ અનિત્યત્વાત્મક ઇતરાંશને સ્વીકારે છે, એનો નિષેધ કરતો નથી. આવો

नित्यत्वात्मकमितरांशं स्वीकरोति, न प्रतिक्षिपति। अयं स्वीकार एव तस्य प्रमाणापेक्षत्वम्। 'वस्तुस्वरूपविचारणायां यथा द्रव्यस्यार्पणा-पर्यायस्यानर्पणा क्रियते, तथाऽन्ययाऽपेक्षया द्रव्यस्यानर्पणा-पर्यायस्यार्पणाऽपि क्रियत एव, मया न क्रियत इति त्वन्यदेतत्। तदा तु जीवादेरनित्यत्वमेव, न तु नित्यत्वं, पर्यायापेक्षया नित्यत्वादेः स्वप्नेऽप्यसम्भवाद् । वस्तुस्वरूपस्य यथाऽहं ग्राहकस्तथैवान्यः पर्यायार्थिकोऽपि, प्रमाणपरिच्छिन्नस्यैवानित्यत्वस्य तेन ग्रहणात्। नाहं प्रमाणं, किन्तु नय एव, अंशमात्रग्राहित्वात्। मम नित्यत्वं यद् भासते तत्कयाचिदपेक्षयैव, न तु निरपेक्षतया, अन्यस्यान्ययाऽपेक्षयाऽनित्यत्वमपि भासत एवे'ति। इत्येवमादयो विकल्पा नयस्य गर्भितरूपेण भवन्त्येव । ईदृग्विकल्पजननमेव प्रमाणापेक्षत्वस्य मिथ्यात्वापनयनं ज्ञेयम् । परंतु साङ्ख्यादितीर्थान्तरीयाणां ते विकल्पा गर्भितरूपेणापि नैव सम्भवन्ति । ते त्वेवमेव मन्यन्ते यद् 'मया गृह्यमाणं नित्यत्वादिकं वस्तुनः पूर्णस्वरूपमेव, तद्भिन्नमनित्यत्वादिकं वस्तुनि नैव सम्भवति, मम नित्यत्वादिकं यद्भासते तन्निरपेक्षतयैव, न तु कयाचिदप्यपेक्षया, अत एवार्पणानर्पणे न केचिदपि स्तः! अहं प्रमाणमेव, न तु

---

સ્વીકાર એ જ એનું પ્રમાણાપેક્ષત્વ છે. "વસ્તુના સ્વરૂપની વિચારણામાં જેમ દ્રવ્યની અર્પણા(પ્રધાનતા) અને પર્યાયની અનર્પણા(ગૌણતા) હોય છે એમ અન્ય અપેક્ષાએ દ્રવ્યની અનર્પણા અને પર્યાયની અર્પણા પણ કરાતી જ હોય છે, હું નથી કરતો એ એક અલગ વાત છે." "પણ એ વખતે જીવ અનિત્ય જ છે, નહીં કે નિત્ય, પર્યાયની અપેક્ષાએ જીવ નિત્ય હોવો સ્વપ્નમાં પણ સંભવતો નથી." "વસ્તુસ્વરૂપનું જેમ હું ગ્રહણ કરું છું એમ બીજો પર્યાયાર્થિક પણ ગ્રહણ કરે જ છે. કારણ કે પ્રમાણથી નિશ્ચિત થયેલ અનિત્યત્વનુ જ એ પણ ગ્રહણ કરનારો છે." "હું પ્રમાણ નથી, પણ નય જ છું, કારણ કે અંશમાત્રગ્રાહી છું." "મને જીવ નિત્ય જે ભાસે છે તે કોઈક અપેક્ષાએ જ, નહીં કે અપેક્ષા વિના, કારણ કે અન્યને બીજી અપેક્ષાએ એ અનિત્ય પણ ભાસે જ છે." આવા બધા વિકલ્પો નયને ગર્ભિતરૂપે હોય જ છે. આવા વિકલ્પો પેદા કરવા એ પ્રમાણાપેક્ષત્વ વડે કરાતું મિથ્યાત્વનું અપનયન (= દૂર કરવું એ) જાણવું. પરંતુ સાંખ્ય વગેરે અન્ય દર્શનોને આ વિકલ્પો ગર્ભિતરૂપે પણ હોતા નથી. તેઓ તો એમ જ માનતા હોય છે કે "હું જે નિત્યત્વાદિને જોઉં છું એ વસ્તુનું પૂર્ણસ્વરૂપ જ છે, એનાથી ભિન્ન અનિત્યત્વ વગેરે વસ્તુમાં સંભવતું નથી જ." "મને જે નિત્યત્વાદિ ભાસે છે તે નિરપેક્ષપણે જ, નહીં કે કોઈક અપેક્ષાએ... માટે જ અર્પણા-અનર્પણા જેવું કાંઈ છે જ નહીં..." "હું પ્રમાણ જ છું, નહીં કે નય, કારણ કે સંપૂર્ણ વસ્તુગ્રાહી છું..."

नयः, संपूर्णवस्तुग्राहित्वात् । नेह जगति काचिदपि साऽपेक्षा यया वस्तुन्यनित्यत्वादिकमपि भासेते'ति। यतो दर्शनान्तरीयाणामेवमादयो विकल्पाः, अतस्ते मिथ्या एव ।

अयम्भावः-द्वौ पुरुषौ वृक्षस्य शाखां पश्यतः । तत्र प्रथमः 'शाखा वृक्षस्यैकोऽवयवः' इति मन्यते, तदन्यस्तु 'शाखैव संपूर्णो वृक्षः' इति । यद्यपि प्रथमोऽपि शाखामेव पश्यति, न तु मूलं, अतः स शब्दतो व्यक्तरूपेण न कदाचिदपि 'वृक्षः कपिसंयोगाभाववान्' 'वृक्षः कपिसंयोगाभाववानपि' इत्यादि स्वीकरोति-वक्ति वा, प्रत्युत 'वृक्षः कपिसंयोग्येव' इत्येवं कपिसंयोगस्य सावधारणं विधानं, 'वृक्षो नैव कपिसंयोगाभाववान्' इत्येवं कपिसंयोगाभावस्य सावधारणं निराकरणमपि करोत्येव, शाखापेक्षया वृक्षे कपिसंयोगस्यैव सम्भवात्, कपिसंयोगाभावस्य तदाऽसम्भवात् । तथापि गर्भितरूपेण स मूलमपि वृक्षावयवतया यतः स्वीकरोति, अतः कपिसंयोगाभावलक्षणमितरांशमपि वृक्षे स्वीकरोति, न तु प्रतिक्षिपति । वृक्षे कपिसंयोगोऽस्ति न वेति विचारणायां यथा शाखाया अर्पणा-मूलस्यानर्पणा तथाऽन्यया-ऽपेक्षया मूलस्यार्पणा-शाखाया अनर्पणाऽपि क्रियत एव, मया न क्रियत इति त्वन्यदेतत् । तदा तु वृक्षे कपिसंयोगाभाव एव, न तु कपिसंयोगोऽपि, मूलापेक्षया(मूलावच्छेदेन) वृक्षे

---

"આ જગત્માં એવી કોઈ અપેક્ષા છે નહીં, જે વસ્તુને અનિત્યાદિરૂપે જણાવે." અન્ય દર્શનોને આવા વિકલ્પો હોય છે, માટે તે મિથ્યા જ છે.

આ બાબતમાં રહસ્ય આવું છે - બે પુરુષો વૃક્ષની શાખાને જોઈ રહ્યા છે. એમાં પ્રથમ શાખા એ વૃક્ષનો એક અવયવ છે એવું માને છે. બીજો 'શાખા એ જ સંપૂર્ણ વૃક્ષ છે' એમ માને છે. જો કે પ્રથમ પણ શાખાને જ જોઈ રહ્યો છે, નહીં કે મૂળને... અને એટલે એ શબ્દથી-વ્યક્તરૂપે ક્યારેય પણ વૃક્ષઃ કપિસંયોગાભાવવાન્, વૃક્ષઃ કપિસંયોગાભાવવાનપિ આવું સ્વીકારતો નથી કે બોલતો નથી. ઉલટું, વૃક્ષઃ કપિસંયોગ્યેવ એમ કપિસંયોગનું સાવધારણ વિધાન, અને વૃક્ષો નૈવ કપિસંયોગાભાવવાન્ (વૃક્ષ વાંદરાના સંયોગના અભાવવાળું નથી જ) એમ કપિસંયોગાભાવનો સાવધારણ નિષેધ પણ કરે જ છે, કારણ કે શાખાની અપેક્ષાએ ત્યારે કપિસંયોગ જ સંભવે છે, કપિસંયોગાભાવ સંભવતો નથી જ. તેમ છતાં તે ગર્ભિતરૂપે મૂળને પણ વૃક્ષના અવયવરૂપે સ્વીકારે છે, માટે કપિસંયોગાભાવરૂપ ઇતરાંશને પણ વૃક્ષમાં સ્વીકારે જ છે, નકારતો નથી. વૃક્ષ પર કપિસંયોગ છે કે નહીં ? એ વિચારણામાં જેમ શાખાની અર્પણા અને મૂળની અનર્પણા છે એમ અન્ય અપેક્ષાએ મૂળની અર્પણા-શાખાની અનર્પણા... પણ કરાતી જ હોય છે, હું નથી કરતો એ એક અલગ વાત છે. એ વખતે વૃક્ષ પર કપિસંયોગાભાવ જ છે,

कपिसंयोगस्य तदाऽसम्भवाद् । वृक्षस्वरूपस्य यथाऽहं ग्राहकस्तथैवान्यो मूलं पश्यन्नरोऽपि, वृक्षांशस्यैव तेनापि ग्रहणात् । नाहं सम्पूर्णवृक्षग्राही, किन्तु तदंशग्राह्येव, शाखामात्रग्राहित्वात् । मम कपिसंयोगो यद्भासते तत्कयाचिदपेक्षयैव, न तु निरपेक्षतया, अन्यस्यान्ययाऽपेक्षया कपिसंयोगाभावोऽपि भासत एव । इत्येवमादयो विकल्पा अस्य प्रथमस्य पुरुषस्य गर्भितरूपेण भवन्त्येव । परंतु द्वितीयस्य ते गर्भितरूपेणापि नैव सम्भवन्ति । स त्वेवमेव मन्यते यद् 'मया गृह्यमाणः कपिसंयोगः समस्तस्य वृक्षस्य स्वरूपं, कपिसंयोगाभावस्तु वृक्षे नास्त्येव । मम कपिसंयोगो यद् भासते तन्निरपेक्षतयैव, न तु शाखापेक्षया । अत एवार्पणानर्पणे न केचिदपि स्तः । अहं समस्तवृक्षग्राह्येव, न तु वृक्षांशग्राही, वृक्षस्य शाखामात्रत्वात् । नेह वृक्ष इदानीं कश्चिदपि सोंऽशो यं पुरस्कृत्य कपिसंयोगाभावोऽपि भासेतेति । द्वितीयस्य पुरुषस्यैवमादयो विकल्पाः, अतस्तस्य दर्शनं मिथ्यैव ।

एवमेव प्रस्तुतेऽपि ज्ञेयम् । नयः प्रथमपुरुषस्थानीयः, दर्शनान्तरं च द्वितीयपुरुषस्थानीय इति दर्शनान्तरस्य मिथ्यात्वेऽपि नयस्य न मिथ्यात्वम् ।

---

નહીં કે કપિસંયોગ પણ... કારણ કે મૂલની અપેક્ષાએ એ વખતે વૃક્ષ પર કપિસંયોગ સંભવતો નથી. "વૃક્ષના સ્વરૂપનું જેમ હું ગ્રહણ કરું છું એમ અન્ય મૂળને જોનાર પુરુષ પણ (વૃક્ષના સ્વરૂપનું ગ્રહણ કરે છે), કારણ કે તે પણ વૃક્ષના અંશનું જ ગ્રહણ કરે છે" "હું સંપૂર્ણ વૃક્ષને જોનારો નથી, પણ એના અંશને જ જોનારો છું, કારણ કે માત્ર શાખાને જ જોઉં છું." "મને કપિસંયોગ જે ભાસે છે તે કોઈક અપેક્ષાએ જ, નહીં કે નિરપેક્ષપણે, બીજાને બીજી અપેક્ષાએ કપિસંયોગાભાવ પણ ભાસે જ છે." આવા બધા વિકલ્પો પ્રથમ પુરુષને ગર્ભિતરૂપે હોય જ છે. પણ બીજા પુરુષને એ ગર્ભિતરૂપે પણ સંભવતા નથી જ. તે તો એમ જ સમજે છે કે 'મને ભાસતો કપિસંયોગ એ આખા વૃક્ષનું સ્વરૂપ છે, કપિસંયોગાભાવ વૃક્ષ પર છે જ નહીં' 'મને કપિસંયોગ જે ભાસે છે તે નિરપેક્ષપણે જ, નહીં કે શાખાની અપેક્ષાએ. માટે અર્પણા-અનર્પણા જેવું કાંઈ છે નહીં." "હું આખા વૃક્ષનું જ્ઞાન કરનારો છું, નહીં કે વૃક્ષના અંશમાત્રનું, કારણ કે વૃક્ષ શાખામાત્રરૂપ જ છે." 'આ વૃક્ષ પર એવો કોઈ અંશ છે નહીં જેને આગળ કરીને હાલ કપિસંયોગાભાવ પણ ભાસે" બીજા પુરુષને આવા બધા વિકલ્પો હોય છે, માટે એનું દર્શન મિથ્યા જ છે.

આવું જ પ્રસ્તુતમાં જાણવું જોઈએ. આમાં નય પ્રથમ પુરુષ જેવો છે. અન્ય સાંખ્યાદિદર્શન બીજા પુરુષ જેવું છે. માટે અન્ય દર્શનો મિથ્યા હોવા છતાં નય મિથ્યા નથી.

**स्यान्मतिः**-द्रव्यार्थिकनयस्य गर्भितरूपेण भवदुक्ता विकल्पा भवन्त्वपि, व्यक्तरूपेण तु शब्दतः स साङ्ख्यवन्न कदाचिदप्यनित्यत्वं स्वीकुरुते, अपि तु निराकुरुत एव । 'पर्यायापेक्षया जीवादौ वस्तुन्यनित्यत्वमपि वर्तत एव' इत्यादिकं साङ्ख्यवत् सोऽपि कदाचिदपि मुखतो नैव कथयति, तथाकथने स्वस्य द्रव्यार्थिकत्वहानेः । अत एव द्रव्यार्थिको नयो वा भवतु, साङ्ख्यदर्शनी वा, निरूपणं तु द्वयोः समानमेव । ततश्च साङ्ख्यदर्शनिनो निरूपणमेव मिथ्या, न द्रव्यार्थिकनयस्येत्यर्द्धजरतीयन्याय **एवेति । मैवं,** द्वयोर्निरूपणयोः शब्दतः समानत्वेऽपि नये द्रव्यार्थिके कस्यचित्प्रतिविशेषस्य सत्त्वात् । कः स प्रतिविशेष इति चेत् ? अयं-नित्यत्ववादी साङ्ख्यः क्षणिकत्ववादी च सुगतो यदा समयतस्तदा वैरिवत्परस्परं विवदेते एव, न तु सहकारभावं भजतः, ततस्तौ वस्तुविघातायैव भवतः, न पुनस्तत्स्वरूपनिश्चयाय । परंतु नित्यत्ववादी द्रव्यार्थिको नयोऽनित्यत्ववादी च पर्यायार्थिको नयो यदा समयतः, समुदितौ च वस्तुनः सम्पूर्णस्वरूपनिश्चयार्थं प्रयतेते तदा मिथः सहकारभावमेव भजतः, न तु वैरिभावम्। अत एव तौ समुदितौ समस्तवस्तुगमकौ भवतः,

---

આવો વિચાર આવી શકે કે - દ્રવ્યાર્થિકનયને ગર્ભિતરૂપે તમે કહેલા વિકલ્પો ભલે હો, વ્યક્તરૂપે શબ્દથી તો એ સાંખ્યની જેમ ક્યારેય પણ અનિત્યત્વને સ્વીકારતો નથી, પણ નિરાકરણ જ કરે છે. 'પર્યાયની અપેક્ષાએ જીવાદિ વસ્તુમાં અનિત્યત્વ પણ રહેલું જ છે.' વગેરે એ પણ સાંખ્યની જેમ ક્યારેય મુખથી કહેતો નથી જ, કારણ કે એવું કહેવામાં એનું દ્રવ્યાર્થિકપણું જ હણાઈ જાય. એટલે જ દ્રવ્યાર્થિકનય હોય કે સાંખ્યદર્શન હોય, નિરૂપણ તો બન્નેનું સમાન જ હોય છે. એટલે સાંખ્યદર્શનનું જ નિરૂપણ મિથ્યા, નહીં કે દ્રવ્યાર્થિકનયનું નિરૂપણ - આ તો અર્ધજરતીયન્યાય જ છે.

પણ આ વિચાર યોગ્ય નથી, કારણ કે આ બેનું નિરૂપણ શબ્દથી સમાન હોવા છતાં દ્રવ્યાર્થિકનયના નિરૂપણમાં કંઈક વિશેષતા પણ છે જ. 'એ વિશેષતા કઈ ?' આ- નિત્યતાવાદી સાંખ્ય અને ક્ષણિકત્વવાદી બૌદ્ધ જ્યારે ભેગા થાય છે ત્યારે શત્રુની જેમ પરસ્પર વિવાદ જ કરે છે, સહકારભાવ દાખવતા નથી, અને તેથી વસ્તુસ્વરૂપનો વિઘાત કરનારા જ બને છે, નહીં કે તેનો વાસ્તવિક નિશ્ચય. પરંતુ નિત્યતાવાદી દ્રવ્યાર્થિકનય અને અનિત્યતાવાદી પર્યાયાર્થિકનય જ્યારે ભેગા થઈને વસ્તુના સંપૂર્ણસ્વરૂપનો નિશ્ચય કરવા માટે પ્રયત્નશીલ બને છે ત્યારે પરસ્પર સહકાર ભાવ જ રાખે છે, નહીં કે શત્રુભાવ. એટલે જ ભેગા થયેલા તે બે સમસ્ત વસ્તુના બોધક બને છે, અને એટલે જ તે બેના સમુદાયમાં સમ્યક્ત્વ કહેવાય છે. પરસ્પર વૈરભાવને છોડીને સહકારભાવ

अत एव च तयोः समुदाये सम्यक्त्वं भवति । मिथो वैरिभावं त्यक्त्वा सहकारभावभजनेऽन्य-नयविषयीभूतस्यानित्यत्वादेर्गर्भितरूपेण वस्त्वंशतया यः स्वीकारः स एव कारणम् । ततश्च समस्तवस्तुगमकत्वापादकः सम्यक्त्वापादकश्चायं गर्भितरूपोऽपि स्वीकारः कथं न प्रतिविशेषः ?

**अथ मलयगिरिचरणैरावश्यकसूत्रवृत्ता**ववधारणीभाषाया निषेधः, नयरूपत्वं, मिथ्यात्वञ्च कथितम् । तथा च तद्ग्रन्थः - *अत एव स्याच्छब्दलाञ्छिततयैव सर्वत्र साधूनां भाषाविनयो विहितः, अवधारणीभाषा च निषिद्धा, तस्या नयरूपत्वात्, नयानां च सर्वेषां मिथ्यादृष्टित्वात्, तथा चानुस्मरन्ति 'सव्वे णया मिच्छावायिणो'त्ति इति* । **कलिकालसर्वज्ञै**रपि *'सदेव-सत्-स्यात्सदिति त्रिधाऽर्थो मीयेत दुर्नीति-नय-प्रमाणैः'* इति कथयद्भिः सावधारणस्य नयवाक्यस्य दुर्नयत्वमेव सूचितम् । भवता तु 'जीवो नित्य एव, न त्वनित्यः' इति सावधारणस्य वाक्यस्यापि द्रव्यार्थिकनयत्वममिथ्यात्वञ्च कथितमिति कथं न विरोध इति **चेत्** ? न, सम्यगभिप्रायापरिज्ञानात् । अयमत्र सम्यगभिप्रायः - 'सर्वं वाक्यं सावधारणं भवति' इति

---

ભજવામાં, અન્ય નયના વિષયભૂત અનિત્યત્વાદિનો ગર્ભિતરૂપે વસ્તુઅંશ તરીકે જે સ્વીકાર એ જ કારણરૂપ બને છે. તેથી સમસ્ત વસ્તુનું બોધકત્વ લાવી આપનાર તથા સમ્યક્ત્વ લાવી આપનાર આ ગર્ભિત રૂપવાળો એવો પણ સ્વીકાર નયની વિશેષતા કેમ ન કહેવાય ?

**શંકા** - પૂજ્યપાદ શ્રી **મલયગિરિ મહારાજે આવશ્યકસૂત્ર**ની વૃત્તિમાં અવધારણી ભાષાનો નિષેધ કર્યો છે, એને નયરૂપે કહી છે અને મિથ્યા કહી છે. તે ગ્રન્થ આ પ્રમાણે છે - *માટે જ 'સ્યાત્' શબ્દસહિત જ બોલવું એ રીતે જ સાધુઓનો ભાષાવિનય વિહિત છે, અને અવધારણી ભાષા (જકારવાળી ભાષા) નિષિદ્ધ છે, કારણ કે એ નયરૂપ છે, અને નય તો બધા જ મિથ્યાદૃષ્ટિ છે. શાસ્ત્રકારો જણાવે જ છે કે - 'બધા નયો મિથ્યાવાદી છે. !*

કલિકાળસર્વજ્ઞ **શ્રી હેમચન્દ્રસૂરિ** મહારાજે પણ - *'દુર્નય-નય અને પ્રમાણ દ્વારા પદાર્થનો યથાક્રમ સદેવ-સત્-સ્યાત્સત્ એમ ત્રણ રીતે બોધ કરાય છે'* આવું કહેવા દ્વારા સાવધારણ એવા નયવાક્યને દુર્નય તરીકે સૂચિત કરેલું જ છે. જ્યારે તમે તો 'જીવ નિત્ય જ છે, નહીં કે અનિત્ય' એવા સાવધારણ વાક્યને પણ દ્રવ્યાર્થિકનયરૂપે અને અમિથ્યારૂપે કહો છો. તો વિરોધ કેમ નહીં ?

**સમાધાન** - આવી શંકા યોગ્ય નથી, કારણ કે તમે અભિપ્રાયને સમ્યગ્ રીતે જાણ્યો નથી. અહીં સમ્યગ્અભિપ્રાય આવો છે - 'સર્વ વાક્ય સાવધારણ હોય છે' આવો

हि प्रसिद्धो न्यायः । 'अवधारणेन विना न किमपि वाक्यं शाब्दबोधजनकं भवति' इति हि तत्सूचितोऽर्थः स्पष्ट एव, अन्यथा सावधारणत्वनियमस्य वैयर्थ्यापत्तेः । नयवाक्यमपि शाब्दबोधजनकं तु भवत्येव, शिष्टैः प्रयुज्यमानत्वात्, वस्तुस्वरूपस्य विवक्षितस्यांशस्य बोधजनकत्वाच्च । अतस्तेनापि सावधारणेन भवितव्यमेव । अतो 'जीवो नित्य एव, न त्वनित्यः' इति सावधारणं नयवाक्यं मयोक्तम्। **मलयगिरिचरणैर्हेमसूरिभि**श्चावधारणीभाषाया मिथ्यात्वं-दुर्नयत्वं च यदुक्तं, तत्समस्तवस्तुस्वरूपनिश्चायकत्वाभिप्रायेण प्रयुज्यमानस्याव-धारणस्याभिप्रायेणैव, तादृगवधारणेन सावधारणस्य वाक्यस्यैव तीर्थान्तरीयप्रयुक्तवाक्यतुल्यतया मिथ्यात्वात् । ततश्च वस्त्वंशनिश्चायकेनावधारणेन सहितं, समस्तवस्तुनिश्चायकेनावधारणेन रहितं नयवाक्यं भवतीति फलितोऽर्थः ।

**अथ** 'सर्वं वाक्यं सावधारणं भवति' इति न ह्येतावानेव तन्न्यायः, अपि तु 'इष्टश्चावधारणविधिः' इत्यंशसहित एव तन्न्यायः । ततश्च यथा 'नीलं कमलं भवति'

---

ન્યાય છે. 'અવધારણ વિના કોઈપણ વાક્ય શાબ્દબોધજનક બનતું નથી' એ એનો સૂચિતાર્થ સ્પષ્ટ છે, કારણ કે નહીંતર સાવધારણત્વનો નિયમ વ્યર્થ બની જાય. નયવાક્ય પણ શાબ્દબોધ જનક તો બનતું જ હોય છે, કારણ કે (૧) શિષ્ટ પુરુષો દ્વારા બોલાય છે, તથા (૨) વસ્તુસ્વરૂપના વિવક્ષિત અંશનું બોધજનક હોય છે. માટે એ પણ સાવધારણ હોવું જ જોઈએ. તેથી, 'જીવ નિત્ય જ છે, નહીં કે અનિત્ય' એવું સાવધારણ નયવાક્ય મેં કહ્યું છે. શ્રીમલયગિરિ મહારાજ અને શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજે અવધારણી ભાષાને મિથ્યા અને દુર્નયરૂપે જે કહેલ છે તે સમસ્ત વસ્તુસ્વરૂપનો નિશ્ચય કરાવી આપે એવા અભિપ્રાયથી વપરાતી અવધારણી ભાષાના અભિપ્રાયથી જ કહેલ છે. (અર્થાત્ વસ્તુનું સંપૂર્ણ સ્વરૂપ જણાવવાનો અભિપ્રાય હોય... અને એ વખતે जीवो नित्य एव એમ અવધારણીભાષા વાપરવામાં આવે તો એ મિથ્યા છે, દુર્નય છે...) આવા જકારથી સાવધારણ બનેલું વાક્ય જ અન્ય દર્શનના વાક્યને તુલ્ય હોવાથી દુર્નય બને છે - મિથ્યા બને છે. એટલે, વસ્તુના અંશનો નિશ્ચય કરાવનાર અવધારણથી સહિત વાક્ય, તથા સમસ્ત સ્વરૂપનો નિશ્ચય કરાવનાર અવધારણથી રહિત વાક્ય એ નયવાક્ય હોય છે, એવો અહીં ફલિતાર્થ મળ્યો.

**શંકા** - 'સર્વ વાક્ય સાવધારણ હોય છે' આ ન્યાય આટલો જ નથી, પણ इष्टश्चावधारणविधिः (જે રીતે ઇષ્ટ હોય એ રીતે વાક્યમાં 'જ'કાર ગોઠવવો) એવો અંશ પણ સાથે રહેલો છે. એટલે 'નીલકમળ હોય છે' આવા વાક્યમાં 'નીલ જ કમળ હોય

इत्यस्मिन् वाक्ये 'नीलमेव कमलं भवति' इत्येवं यद्वा 'नीलं कमलमेव भवति' इत्येवमवधारणं न क्रियते, अनिष्टत्वात्, किन्त्वत्यन्तायोगव्यवच्छेदो यथा स्यात्तथा 'नीलं कमलं भवत्येव' इत्येवमेवावधारणं क्रियते, तत्प्राप्तस्यार्थस्येष्टत्वात्, तथा प्रस्तुतेऽपि 'जीवो नित्यो भवत्येव' इत्येवमेवावधारणं कर्तव्यं, जीवे नित्यत्वस्यापि सत्त्वात्तत्प्राप्तस्यार्थस्येष्टत्वात् । न पुनः 'जीवो नित्य एव' इत्येवं, तत्प्राप्तस्यानित्यत्वव्यवच्छेदलक्षणस्यार्थस्यानिष्टत्वात्, जीवेऽनित्यत्वस्यापि सत्त्वादिति **चेत्** ? अहो नयनिपुणताऽऽयुष्मतो यद् द्रव्यार्थिकनयप्रस्तावे पर्यायार्थिकनयविषयीभूतस्यानित्यत्वस्य व्यवच्छेदमनिष्टत्वेनोद्भावयसि, न हि द्रव्यार्थिकनयार्पणया जीवादौ वस्तुन्यनित्यत्वमस्ति येन तद्व्यवच्छेदोऽनिष्टः स्यादिति । एवं प्रकारेणायोगव्यवच्छेदकेनावधारणेनानित्यत्वस्य प्राप्यमाणो व्यवच्छेद एवेतरांशस्य प्रधानतया प्रतिक्षेपरूपत्वाद् 'जीवो नित्य एव' इति ज्ञाने नयत्वं सम्पादयति । तथाऽनित्यत्वस्यापि वस्त्वंशतया यो स्वीकारः स एवेतरांशस्याप्रतिक्षेपः, तथापि यतः स स्वीकारो गर्भितरूपेणैव, न तु व्यक्तरूपेण, अतः सोऽप्रतिक्षेपो गौणतयैव, न तु प्रधानतया । एनेनेतरांशस्य गौणतयाऽप्रतिक्षेपेणैव तस्य नयस्य मिथ्यात्वाभावः सुनयत्वं च । त्वदुक्तसावधारणत्व-

---

છે' એ રીતે કે 'નીલ કમળ જ હોય છે' એ રીતે 'જ'કાર મૂકાતો નથી, કારણ કે એવા જકારથી મળતો અર્થ અનિષ્ટ છે. પણ અત્યંતઅયોગનો વ્યવચ્છેદ થાય એ પ્રમાણે 'નીલ કમળ હોય છે જ' એ જ રીતે જકાર મૂકાય છે, કારણ કે એનાથી મળતો અર્થ ઇષ્ટ છે. આ જ રીતે પ્રસ્તુતમાં પણ जीवो नित्यः આવા વાક્યમાં અત્યંત અયોગનો વ્યવચ્છેદ થાય એ જ રીતે जीवो नित्यो भवत्येव એ જ રીતે અવધારણ કરવું જોઈએ. પણ जीवो नित्य एव એ રીતે અવધારણ ન કરવું. કારણ કે એનાથી અનિત્યત્વનો વ્યવચ્છેદ જે થાય છે તે ઇષ્ટ નથી. તે પણ એટલા માટે કે અનિત્યત્વ પણ જીવમાં રહેલું જ છે.

**સમાધાન** - અહો ! તમારી નયનિપુણતા ! કે જે દ્રવ્યાર્થિકનયના પ્રસ્તાવમાં પર્યાયાર્થિકનયના વિષયભૂત અનિત્યત્વના વ્યવચ્છેદને અનિષ્ટ તરીકે લેખવો છો. દ્રવ્યાર્થિક નયની અર્પણા હોય તો જીવાદિવસ્તુમાં અનિત્યત્વ કાંઈ છે નહીં કે જેથી એનો વ્યવચ્છેદ અનિષ્ટ બને. આવા પ્રકારના અયોગવ્યવચ્છેદક એવા અવધારણથી અનિત્યત્વનો મળતો વ્યવચ્છેદ એ જ ઇતરાંશના પ્રધાન પ્રતિક્ષેપરૂપ હોવાથી जीवो नित्य एव એવા જ્ઞાનને 'નય'રૂપ બનાવે છે. તથા, અનિત્યત્વનો પણ વસ્તુના અંશ તરીકે જે સ્વીકાર, તે જ ઇતરાંશનો અપ્રતિક્ષેપ છે. પણ એ સ્વીકાર ગર્ભિતરૂપે જ છે, વ્યક્તરૂપે નથી, માટે એ

रीत्या त्वनित्यत्वस्य प्रधानतयैवाप्रतिक्षेपः, ततश्च तद्ज्ञानस्य नयत्वमेव न स्याद्, अपि तु नित्यत्वस्यानित्यत्वस्य च स्वीकृतत्वात् प्रमाणत्वमेव स्यात् ।

एवञ्च समस्तवस्तुस्वरूपनिश्चायकस्यावधारणस्यापेक्षया नयवाक्य एवकारो निषिद्धो मिथ्यात्वापादकश्च, वस्त्वंशनिश्चायकस्यावधारणस्यापेक्षया स न निषिद्धो न वा मिथ्यात्वापादक इत्यत्र सारो ज्ञेयः । **महोपाध्यायैरपि नयोपदेश** उक्तं-*अवधारणी च भाषा एकान्तवादात्मकैव निषिद्धा, न तु नयरूपापि, तस्याः प्रमाणपरिकरत्वेन तत्रावधारणीत्वस्य निश्चायकत्वरूपभाषा-लक्षणान्वयेनैव सिद्धान्तसिद्धत्वात्* इति ।

**अनेकान्तव्यवस्थाप्रकरणे** नय-दुर्नययोरन्तरं (नय-दर्शनान्तरयोरन्तरं) एवमुपपादितं - **ननु** *तथापि विसामान्यार्थयत्नो व्यवहारनयस्यानुपपन्नः, इतरार्थप्रतिक्षेपे नयत्वायोगादिति* **चेत् ? सत्यं,** *दुर्नयावस्थायामेव तदुपपत्तेः, अथवा परेषां प्रमाणानुग्राहकतर्कस्येव*

---

અપ્રતિક્ષેપ ગૌણરૂપે જ છે, પ્રધાનરૂપે નહીં.' ઇતરાંશના આ ગૌણ અપ્રતિક્ષેપના કારણે જ એ નય મિથ્યા ન બનતા સુનય બની રહે છે. તમે કહેલ અવધારણવિધિ મુજબ તો અનિત્યત્વનો પ્રધાનતયા જ અપ્રતિક્ષેપ મળશે... અને તો પછી એ જ્ઞાન 'નય' નહીં બને, પણ નિત્યત્વ-અનિત્યત્વ એ બન્નેનો બોધ કરાવનાર હોવાથી 'પ્રમાણ' જ બની રહેશે.

આમ, સમસ્ત સ્વરૂપનો નિશ્ચય કરાવી આપનાર જકાર નયવાક્યમાં નિષિદ્ધ છે અને મિથ્યાત્વ લાવનાર છે. પણ વસ્તુના સ્વરૂપના અંશનો જ નિશ્ચય કરાવી આપનાર જકાર નયવાક્યમાં નિષિદ્ધ નથી કે મિથ્યાત્વ લાવનાર નથી એ અહીં ટૂંકસાર જાણવો. મહોપાધ્યાય **શ્રીમદ્યશોવિજયજીમહારાજે** પણ **નયોપદેશ**માં કહ્યું છે-*અવધારણી ભાષા તો એકાન્તવાદાત્મક હોય તો જ નિષિદ્ધ છે, નહીં કે નયરૂપ પણ, કારણ કે એવી ભાષા તો પ્રમાણના પરિકર (= પરિવાર) રૂપ હોવાથી, તે ભાષામાં અવધારણ હોવું એ સિદ્ધાન્તસિદ્ધ છે. તે પણ એટલા માટે કે અર્થનો નિશ્ચયાત્મક બોધ કરાવવો એ ભાષાનું લક્ષણ છે. આવું લક્ષણ અવધારણીભાષામાં રહ્યું હોય છે.*

**અનેકાન્તવ્યવસ્થાપ્રકરણ**માં નય અને દુર્નયનો (નય અને દર્શનાન્તરનો) તફાવત આ રીતે સંગત કરી દેખાડ્યો છે-***શંકા***-*તો પણ વિસામાન્યાર્થયત્ન=વસ્તુ સામાન્યાત્મક નથી એવું સાબિત કરવાનો વ્યવહારનયનો પ્રયત્ન અસંગત ઠરી જશે, કારણ કે એ તો (સ્વાભિપ્રેત વિશેષાત્મક અર્થથી) ઇતરાર્થના પ્રતિક્ષેપ કરવારૂપ બનવાથી એમાં નયત્વ રહી શકે નહીં.* **સમાધાન** - *સાચી વાત. ઇતરાર્થનો પ્રતિક્ષેપ બોધ દુર્નયની કક્ષામાં હોય*

*विसामान्यार्थयत्नस्यात्र स्वार्थदार्ढ्यायैवापेक्षा, न त्विरांशप्रतिक्षेपमुख्योद्देशेन, तादृशोद्देशस्यैव च दुर्नयत्वप्रयोजकत्वमिति न कश्चिद्दोष* इति। **ननु सप्तभङ्गीविंशिकायाः** स्वोपज्ञवृत्तौ भवतैव *"तत्रैवकारस्यास्तीतिक्रियापदेन सह प्रयोगदर्शनादत्यन्तायोगव्यवच्छेदोऽर्थः"* इत्युक्तमिति **चेत् ? सत्यं,** विशेषणसंगतैवकारोऽयोगव्यवच्छेदबोधको यथा शङ्खः पाण्डुर एवेति, विशेष्यसंगतैवकारोऽन्ययोगव्यवच्छेदबोधको यथा पार्थ एव धनुर्धरः, क्रियापदसङ्गतैवकारोऽत्यन्तायोगव्यवच्छेदबोधको यथोत्पलं नीलं भवत्येवेति शास्त्रेषु यत्प्रसिद्धं तदनुसृत्य तदुक्तं तत्र, मृन्मयत्वादिना स्यादस्त्येव घट इत्यत्र प्रथमभङ्गेऽस्तीतिक्रियापदसङ्गतस्यैवकारस्य श्रूयमाणत्वात् । तथापि यदि प्रथमभङ्गो मृन्मयत्वादिना घटः सन्नैवास्ति इत्याकारो गृह्येत तदा सत्त्वस्य घटविशेषणतयैवकारस्य विशेषणसङ्गततयाऽयोगव्यवच्छेदः प्राप्यत एव । द्रव्यार्थिकनयार्पणया 'स्याद्घटो नित्य एवास्ति' इत्यत्र प्रथमभङ्ग एवकारस्य यतो विशेषणसाङ्गत्यमेवातोऽयोगव्यवच्छेद एवार्थ इति तु स्पष्टमेव। ततश्च सर्वत्रायोगव्यवच्छेदको विशेषणसङ्गत एवकार एव मन्तव्य इति ॥१७॥ तदेवं कृता दर्शन-नययोजना, साङ्ख्यादिदर्शनानां मिथ्यात्वेऽपि तत्प्रकृतिभूतानां नैगमादिनयानां कथं न मिथ्यात्वमित्यपि विचारितमतो नयविषयेऽवशिष्टां विचारणां विचारयितुमाह -

**कस्य प्रदेश इत्यादिदृष्टान्ताः कथितास्तु ये ।**
**ते चिन्त्याः क्रियमाणं हि कृतं कस्य नयस्य च ॥१८॥**

---

*તો જ સંગત થાય. અથવા નૈયાયિક વગેરે પરદર્શનીઓને પ્રમાણનો ગ્રાહકતર્ક=અનુકૂળતર્ક એ સ્વતંત્ર પ્રમાણરૂપે માન્ય ન હોવા છતાં, પ્રમાણને દૃઢ કરવારૂપે અનુગ્રહ કરનારો તો હોય જ છે, એમ સામાન્યનું નિરાકરણ કરવાનો નયનો પ્રયાસ સ્વઅભિપ્રેતઅર્થની દૃઢતા માટે જ અપેક્ષિત હોય છે, નહીં કે વસ્તુમાંથી એ ઇતરાંશની બાદબાકી કરવા માટે જ. વસ્તુસ્વરૂપમાંથી ઇતરાંશનો બિલકુલ પ્રતિક્ષેપ કરી દેવાનો ઉદ્દેશ જ નયને દુર્નય બનાવનારો છે, માટે કોઈ વાંધો નથી. ॥૧૭॥* આમ દર્શન-નયયોજના કરી. સાંખ્યાદિદર્શનો મિથ્યા હોવા છતાં એના ઉત્પત્તિસ્થાનભૂત નૈગમાદિનયો કેમ મિથ્યા નથી ? એ પણ વિચાર્યું... એટલે હવે, બાકી રહેલી વિચારણા કરવા માટે કહે છે -

**ગાથાર્થ** - 'કોનો પ્રદેશ ?' વગેરે જે દૃષ્ટાન્તો (શાસ્ત્રોમાં) કહેવાયેલા છે તેના પર ચિંતન કરવા યોગ્ય છે, તથા ક્રિયમાણં કૃતં... આ નિયમ કયા નયને માન્ય છે? એ પણ ચિંતન કરવું.

कस्य प्रदेशः इत्यादिदृष्टान्ताः (शास्त्रेषु) ये कथितास्ते (बहुश्रुतैरवश्यं) नयबोधव्युत्पादनार्थं) चिन्त्या । तथा (शास्त्रेषु कथितं) क्रियमाणं कृतं कस्य नयस्य (संमतं) इत्यपि चिन्त्यमिति गाथार्थः ।

विस्तरार्थस्त्वयं - पूर्वं प्रदेशदृष्टान्तश्चिन्त्यते । तत्र नैगमनयस्तावद् धर्माधर्माकाशजीवस्कन्धानां तद्देशस्य चेति षण्णां प्रदेशमाह । अत्र स्कन्धशब्देन पुद्गलस्कन्धो ग्राह्यः । पुद्गलस्यापि परमाणोरप्रदेशत्वात् पुद्गलं परित्यज्य स्कन्धग्रहणं कृतमिति ध्येयम् ।

स्कन्धप्रदेशाद् देशप्रदेशो नातिरिच्यते, 'दासेन मे खरः क्रीतो दासोऽपि मे खरोऽपि मे' इत्यादिन्यायाद् देशस्य स्वीयत्वेन तत्प्रदेशस्यापि स्वीयत्वाव्यभिचाराद् देशप्रदेशस्य स्कन्धप्रदेशत्वमेवेति 'पञ्चानामेव प्रदेशः' इत्येवं वक्तव्यमिति सङ्ग्रहनयः ।

व्यवहारनयस्त्वाह-पञ्चानां प्रदेशस्तदा स्याद्यदि साधारणः स्यात्, यथा पञ्चानां गोष्ठिकानां हिरण्यमिति। प्रकृते तु न तथा, नैकोऽपि प्रदेशः पञ्चानामपि साधारणः प्राप्यते, किन्तु प्रत्यकेवृत्तिरेव प्रदेशं इति 'पञ्चविधः प्रदेशः' इत्येव कथनीयम् । अत्र सङ्ग्रहनयो यतः

---

આનો વિસ્તરાર્થ આવો જાણવો - પહેલાં પ્રદેશદષ્ટાન્તનો વિચાર - એમાં નૈગમનય ધર્મ-અધર્મ-આકાશ-જીવ-સ્કંધનો તથા તેના દેશનો પ્રદેશ કહે છે. આમાં સ્કંધ શબ્દથી પુદ્ગલનો સ્કંધ લેવો. પુદ્ગલ એવો પણ પરમાણુ અપ્રદેશી હોય છે. એટલે કે એના પ્રદેશ હોતા નથી. માટે 'પુદ્ગલ' એવો ઉલ્લેખ ન કરતાં 'સ્કંધ' એવો ઉલ્લેખ અહીં કર્યો છે.

સ્કંધના પ્રદેશ કરતાં એના દેશનો પ્રદેશ કાંઈ અલગ નથી હોતો. *'મારા દાસે ગધેડો ખરીદ્યો... એટલે દાસ પણ મારો જ છે ને ગધેડો પણ મારો જ છે'* આ ન્યાયને અનુસરીને ધર્મ વગેરે માટે દેશ પોતાનો હોવાથી દેશનો પ્રદેશ પણ પોતાનો કહેવામાં કોઈ વ્યભિચારદોષ રહેતો ન હોવાથી દેશનો પ્રદેશ પણ સ્કંધનો જ પ્રદેશ છે. માટે 'ધર્મ વગેરે પાંચનો પ્રદેશ' એમ કહેવું જોઈએ - આવો સંગ્રહનયનો અભિપ્રાય છે.

વ્યવહારનય તો એમ કહે છે કે - 'પાંચનો પ્રદેશ' આવું તો ત્યારે જ કહી શકાય જો કોઈ એક સાધારણ પ્રદેશ પાંચેનો સંબંધી હોય. જેમકે કોઈક ઝવેરાતના પાંચ માલિક હોય ત્યારે એનું એ ઝવેરાત પાંચ જણાનું સાધારણ છે, માટે 'પાંચનું ઝવેરાત' એમ કહી શકાય છે. પણ પ્રસ્તુતમાં આવું નથી. આવો તો કોઈ એક પ્રદેશ છે જ નહીં, જે ધર્મનો પણ હોય ને એમ અધર્માદિનો પણ હોય. પરંતુ દરેકનો પોતપોતાનો પ્રદેશ છે. તેથી, 'પાંચનો પ્રદેશ' એમ ન કહેતાં, 'પાંચ પ્રકારનો પ્રદેશ' એમ કહેવું જોઈએ.

सामान्यवाद्यतो धर्मादीनां पञ्चानामपि प्रदेशान् प्रदेशत्वेन सङ्गृह्णाति, ततश्च 'पञ्चानामपि प्रदेश:' इति व्यपदिशति । परन्तु व्यवहारनयस्तु विशेषवाद्यतो धर्मप्रदेशादधर्मप्रदेशं विशिष्टमेव मन्यते । ततश्च 'प्रदेश:' इत्युक्ते यदि धर्मप्रदेशो गृहीतस्तदा नाधर्मप्रदेशादीनां ग्रहणमिति स 'पञ्चानामेव प्रदेश:' इति व्यपदेशं निषिध्य 'पञ्चविध: प्रदेश:' इति कथयति ।

ऋजुसूत्रस्तु ब्रूते - 'धर्मादीनां पञ्चविध: प्रदेश:' इत्युक्ते प्रतिस्वं पञ्चविधत्वान्वयात् पञ्चविंशतिविधत्वप्रसङ्ग: । ततो 'भाज्य: प्रदेश:' इति वक्तव्यं, 'प्रदेश: स्याद् धर्मास्तिकायस्य स्यादधर्मास्तिकायस्य' इत्यादितदर्थ: ।

शब्दनयस्तु प्रतिजानीते - अयुक्तमुक्तमेतदृजुसूत्रेण, भजनाया विकल्परूपत्वेनैकतरमादाय विनिगन्तुमशक्यत्वाद् धर्मास्तिकायप्रदेशस्याप्यधर्मास्तिकायत्वेन भजनीयत्वप्रसङ्गात् । तदेवमभिधेयं-धर्मे धर्म इति वा प्रदेशो धर्म:। अधर्मेऽधर्म इति वा प्रदेशोऽधर्म:। आकाश आकाश इति वा प्रदेश आकाश: । जीवे जीव इति वा प्रदेशो नोजीव: । स्कन्धे स्कन्ध

---

અલબત્ સંગ્રહનય તો સામાન્યવાદી છે, એટલે ધર્માદિના પાંચેના પ્રદેશોનો પ્રદેશ તરીકે સંગ્રહ કરે છે. અને તેથી 'પાંચેનો પ્રદેશ' એમ ઉલ્લેખ કરે છે. પણ વ્યવહારનય તો વિશેષવાદી છે. એટલે ધર્મના પ્રદેશ કરતાં અધર્મના પ્રદેશને વિશિષ્ટ-અલગ જ માને છે. એટલે 'પ્રદેશ'શબ્દથી જો ધર્મનો પ્રદેશ લીધો હોય તો એ શબ્દથી અધર્માદિના પ્રદેશનો ઉલ્લેખ થઈ શકતો નથી જ. એટલે એ 'પાંચેનો પ્રદેશ' એવા ઉલ્લેખને નકારીને 'પંચવિધઃ પ્રદેશઃ' એવા ઉલ્લેખને સ્વીકારે છે.

ઋજુસૂત્રનય તો એમ કહે છે કે - 'ધર્માદિનો પંચવિધ પ્રદેશ' એમ કહેવામાં ધર્મ વગેરે દરેકના પાંચ-પાંચ પ્રકારના પ્રદેશ થવાથી પચ્ચીશ પ્રકારના પ્રદેશ થઈ જાય. એટલે એવું ન કહેતાં 'પ્રદેશ ભજનીય છે' એમ કહેવું જોઈએ. એટલે, (વિવક્ષિત) પ્રદેશ ધર્મનો હોઈ શકે અથવા અધર્મનો હોઈ શકે... વગેરે વગેરે એનો અર્થ છે.

શબ્દનયનો અભિપ્રાય આવો છે - ઋજુસૂત્રની આ વાત અયુક્ત છે, ભજના તો વિકલ્પરૂપ હોવાથી કોઈ એક પ્રદેશની જ્યારે વાત હોય ત્યારે એ ધર્મનો જ છે કે અધર્મનો ? વગેરેનો વિનિગમ (= ચોક્કસ નિશ્ચય) અશક્ય બનવાના કારણે ધર્માસ્તિકાયના પ્રદેશને પણ અધર્માસ્તિકાયના પ્રદેશ તરીકે ભજનીય માનવો પડે. માટે આ પ્રમાણે કહેવું જોઈએ કે - धर्मे धर्म इति वा प्रदेशो धर्म:। अधर्मेऽधर्म इति वा प्रदेशोऽधर्म: । आकाश आकाश इति वा प्रदेशआकाश: । जीवे जीव इति वा प्रदेशो नोजीव: । स्कन्धे स्कन्ध इति वा प्रदेशो नोस्कन्ध: । આનો અર્થ આવો જાણવો -ધર્મમાં = ધર્માસ્તિકાયમાં

इति वा प्रदेशो नोस्कन्ध इति। अस्य चैवमर्थो विज्ञेयः-धर्मे=धर्मास्तिकाये यः प्रदेशः स धर्मो=धर्मास्तिकाय इति सप्तमीतत्पुरुषेण, धर्मास्तिकायश्चासौ प्रदेशो धर्मास्तिकाय इति कर्मधारयेण वा निर्णयः कर्तव्यः । एवमधर्मेऽधर्म इति वा प्रदेशोऽधर्म इत्यादीनामप्यर्थो ज्ञेयः। अत्र धर्माधर्मास्तिकायादेरैक्यात् तत्तत्प्रदेशस्य धर्मास्तिकायादिरूपताऽनतिप्रसक्तेति तथोक्तिः। जीव-स्कन्धयोस्तु प्रतिस्वमनन्तत्वात् कथमधिकृतप्रदेशस्य सकलसन्तानात्मकत्व-सम्भव इति विवक्षितप्रदेशे सकलसन्तानैकदेशभूतविवक्षितसन्तानात्मकत्वप्रतिपादनाय नोजीवत्वनोस्कन्धत्वोक्तिरिति ध्येयम् ।

एवं शब्दनयेन समासद्वये कथिते समभिरूढो ब्रवीति- धर्मे प्रदेश इति सप्तमीसमासो नोचितः, तथा प्रयोगे 'कुण्डे बदर'मित्यादेरिव भेदबुद्धिप्रसङ्गात्। 'घटे घटस्वरूप' मित्यादौ क्वचिदभेदे सप्तमीप्रयोगेऽप्यभेदप्रकारकबोधार्थं कर्मधारयस्यैवावश्यमाश्रयणीयत्वाद् द्वितीयः पक्ष एव युक्त इति ।

---

જે પ્રદેશ હોય તે ધર્મ = ધર્માસ્તિકાય હોય... આમ સપ્તમી તત્પુરુષથી સમાસ છોડવો અથવા ધર્માસ્તિકાય એવો પ્રદેશ... એ રીતે કર્મધારયસમાસથી વિગ્રહ કરીને નિર્ણય કરવો. આ જ રીતે અધર્મમાં = અધર્માસ્તિકાયમાં જે પ્રદેશ હોય તે અધર્મ = અધર્માસ્તિકાય હોય... વગેરેનો અર્થ પણ જાણવો. આમાં ધર્મ-અધર્મ અને આકાશ એક-એક હોવાથી તે તેનો પ્રદેશ તે તે ધર્માસ્તિકાયાદિરૂપ હોવામાં કોઈ પ્રશ્ન નિર્માણ થતો નથી, માટે એ રીતે કથન છે, પણ જીવ અને સ્કંધ તો પોતપોતે પણ અનંત-અનંત હોવાથી અધિકૃતપ્રદેશ સકલસંતાનાત્મક હોવો શી રીતે સંભવે ? એટલે વિવક્ષિત પ્રદેશ સકળ સંતાનોના એકદેશભૂત વિવક્ષિત સન્તાનાત્મક છે એવું જણાવવા માટે નોજીવ-નોસ્કન્ધ એમ કહેલ છે. (વિવક્ષિત જીવપ્રદેશ, જે જીવનો હોય તે જીવાત્મક કહી શકાય, પણ તદન્યજીવાત્મક શી રીતે કહી શકાય ? માટે એ અનંત જીવના એકદેશભૂત જે વિવક્ષિત જીવ, તદાત્મક હોવાથી નોજીવ છે.)

આમ શબ્દનયે બે સમાસ કહેવા પર સમભિરૂઢનય ચર્ચામાં ઝંપલાવે છે - 'ધર્મમાં પ્રદેશ' આ રીતે સપ્તમીતત્પુરુષ સમાસ કરવો ઉચિત નથી, કારણ કે તો પછી 'કુંડામાં બોર' વગેરેની જેમ ભેદબુદ્ધિ થશે. (અર્થાત્ કૂંડા કરતાં બોર જેમ ભિન્ન ભાસે છે એમ ધર્મ કરતાં એનો પ્રદેશ ભિન્ન હોવો ભાસશે.)

**શંકા** - 'ઘટમાં ઘટસ્વરૂપ છે' ઇત્યાદિમાં, અભેદ અર્થમાં જ સપ્તમી વિભક્તિનો પ્રયોગ થયેલો જ છે ને ! (ઘટ-ઘટસ્વરૂપ વચ્ચે અભેદ સ્પષ્ટ છે જ.)

एवम्भूतस्त्वाह-देश-प्रदेशकल्पनारहितमखण्डमेव वस्त्वभिधानीयं, देश-प्रदेशयोरसत्त्वात्, भेदे सम्बन्धानुपपत्तेः, अभेदे सहोक्त्यनुपपत्तेः। न च विन्ध्यहिमवदादिभावावच्छेदकतयाऽऽकाशादिदेशसिद्धिः, परेण समं सम्बन्धस्यैवानुपगमात्, तादात्म्यतदुत्पत्त्यन्यतरानुपपत्तेरिति दिक् ।

उक्तः **प्रदेशदृष्टान्तः** । अधुना **जीवदृष्टान्तः** प्रदर्श्यते -

तत्र 'जीवो नोजीवोऽजीवो नोअजीव' इत्याकारिते केन नयेन कोऽर्थः प्रतीयते ?

---

**સમાધાન** - હા, તેમ છતાં અભેદપ્રકારકબોધ માટે કર્મધારયસમાસ જ કરવો જરૂરી હોવાથી બીજો વિકલ્પ જ યુક્ત છે. સપ્તમી તત્પુરુષવાળો પ્રથમ વિકલ્પ નહીં.

હવે છેલ્લો એવંભૂત પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે - દેશ-પ્રદેશની કલ્પનારહિત અખંડ વસ્તુ જ કહેવી જોઈએ, કારણ કે દેશ-પ્રદેશ જેવું કાંઈ છે જ નહીં. તે પણ એટલા માટે કે એ દેશ-પ્રદેશનો મૂળ વસ્તુ સાથે ભેદ કે અભેદ કશું માની શકાતું નથી. તે આ રીતે - જો ભેદ માનો તો સંબંધ કયો ? જે સંબંધ કહેશો એનો વળી મૂળ વસ્તુ સાથે ભેદ માનવાનો કે અભેદ ? ભેદ માનવામાં એનો પણ નવો સંબંધ માનવો જરૂરી બનવાથી પરિણામે અનવસ્થાદોષ આવશે. જો અભેદ માનવાનો હોય તો પહેલેથી જ વસ્તુનો દેશ સાથે અભેદ માની લ્યો ને ! માટે ભેદ સંબંધ તો સંગત થઈ શકતો નથી. એટલે હવે જો અભેદસંબંધ માનશો તો સહોક્તિ = એક સાથે કથન અસંગત બની જશે. घटकलश એવો પ્રયોગ કાંઈ શિષ્ટો કરતા નથી. એમ जीवप्रदेशः એવો પણ પ્રયોગ શી રીતે થઈ શકે ?

**શંકા** - વિન્ધ્ય-હિમાલય... વગેરે ભાવપદાર્થોના (અવકાશના) અવચ્છેદકરૂપે આકાશ વગેરેનો દેશ સિદ્ધ થઈ શકે છે. એટલે કે 'આ વિન્ધ્યપર્વતનું આકાશ' 'આ હિમાલયનું આકાશ' વગેરે રૂપે આકાશના વિભાગ-દેશ થઈ જ શકે છે ને ?

**સમાધાન** - એક પદાર્થનો અન્ય પદાર્થ સાથે સંબંધ અમે માનતા ન હોવાથી ષષ્ઠી વિભક્તિવાળો આવો પ્રયોગ અસંગત હોવાના કારણે તમારી વાત બરાબર નથી. અમે તો માત્ર તાદાત્મ્ય કે તદુત્પત્તિ... આ બે સંબંધ જ માનીએ છીએ, અને વસ્તુનો દેશ સાથે આ બેમાંથી કોઈ સંબંધ સંભવતો નથી. માટે દેશ-પ્રદેશ જેવી કોઈ ચીજ છે જ નહીં.

આમ, પ્રદેશદૃષ્ટાન્ત કહ્યું... હવે જીવદૃષ્ટાન્ત દેખાડાય છે -

એમાં, જીવ, નોજીવ, અજીવ, નોઅજીવ... આ ચાર પ્રકારના ઉચ્ચારણમાં કયા

अत्रोच्यते-जीव इत्याकारिते नैगम-देशसङ्ग्रह-व्यवहार-ऋजुसूत्र-शब्द-समभिरूढैः पञ्चस्वपि गतिष्वन्यतमो जीवः प्रतीयते । एते हि नया जीवं प्रत्यौपशमिकादिभावपञ्चकग्राहिणः । तन्मते व्युत्पत्तिनिमित्तजीवनलक्षणौदयिकभावोपलक्षितात्मस्वरूपपरिणामभावविशिष्टस्य जीवस्य भावपञ्चकात्मनः पदार्थत्वात् । एवम्भूतनयस्तु जीवं प्रत्यौदयिकभावग्राहकः, तन्मते क्रियाविशिष्टस्यैव पदार्थत्वाद् । अतः स 'जीव'इत्याकारिते भवस्थमेव जीवं गृह्णाति, न तु सिद्धं, तत्र जीवनार्थानुपपत्तेः । 'नोजीव' इत्याकारिते नैगमादिनया अजीवद्रव्यं, जीवस्य देशप्रदेशौ वा प्रतियन्ति । तत्र नोशब्दस्य सर्वनिषेधार्थकत्वेऽजीवद्रव्यं, देशनिषेधार्थकत्वे च देशस्याप्रतिषेधाज्जीवस्यैव देश-प्रदेशौ। एवम्भूतस्तु तत्राजीवद्रव्यं सिद्धं वैव प्रत्येति । यतो देशप्रदेशौ सम्पूर्णग्राहिणाऽनेन न स्वीक्रियेतेऽतस्तन्मते नोशब्दः सर्वनिषेधार्थक एव । तथा जीवत्वेनास्य भवस्थजीव एव यतः संमतोऽतो नोजीवोऽस्य मतेऽजीवद्रव्यं सिद्धो वा ।

---

નયે કયો અર્થ પ્રતીત થાય છે ? સાંભળો - 'જીવ' એવો શબ્દ સાંભળવા પર નૈગમ, દેશસંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ અને સમભિરૂઢનય... આ બધા નયો પાંચે ગતિમાં (૪ ગતિ+મોક્ષમાં)રહેલ કોઈપણ જીવની પ્રતીતિ કરે છે. આ નયો જીવ પ્રત્યે ઔપશમિક વગેરે પાંચ ભાવોના ગ્રાહક છે. તેઓના મતે, વ્યુત્પત્તિનિમિત્ત 'જીવન' સ્વરૂપ જે ઔદયિકભાવ, તેનાથી ઉપલક્ષિત જે આત્મસ્વરૂપ પરિણામભાવ, તેનાથી વિશિષ્ટ એવો ભાવપંચકાત્મક જીવ એ જ 'જીવ'પદના અર્થરૂપે છે. એવંભૂતનય તો જીવ પ્રત્યે માત્ર ઔદયિકભાવને જ જુએ છે, કારણ કે એના મતે વ્યુત્પત્તિનિમિત્તભૂત જીવનાદિરૂપ ક્રિયાથી જે યુક્ત હોય તે જ પદનો અર્થ-પદાર્થ બની શકે છે. એટલે 'જીવ' એવો શબ્દ સાંભળવા પર એ ભવસ્થજીવનો જ બોધ કરે છે, સિદ્ધાત્માનો નહીં, કારણ કે સિદ્ધાત્મામાં જીવનઅર્થ અસંગત બની રહે છે.

'નોજીવ' શબ્દ સાંભળવા પર નૈગમાદિનયો અજીવદ્રવ્યની અથવા જીવના દેશ-પ્રદેશની પ્રતીતિ કરે છે. એમાં જો નોશબ્દ સર્વનિષેધાર્થક હોય તો અજીવદ્રવ્યની પ્રતીતિ કરે છે અને દેશનિષેધાર્થક હોય તો (તદન્ય)દેશનો નિષેધ થયો ન હોવાથી દેશ-પ્રદેશની પ્રતીતિ કરે છે. એવંભૂતનય તો ત્યારે અજીવદ્રવ્યની કે સિદ્ધની જ પ્રતીતિ કરે છે, કારણ કે સંપૂર્ણ-અખંડ વસ્તુને જોનાર એ દેશ-પ્રદેશ માનતો નથી. માટે એના મતે નોશબ્દ સર્વનિષેધાર્થક જ છે. વળી જીવ તરીકે એને ભવસ્થ જીવ જ માન્ય છે, માટે નોજીવ તરીકે એને અજીવદ્રવ્ય કે સિદ્ધ માન્ય છે.

'अजीव' इत्याकारिते नकारस्य सर्वप्रतिषेधार्थत्वात् पर्युदासाश्रयणाच्च नैगमादिनया जीवादन्यत् पुद्गलाद्यजीवद्रव्यमेव संविदन्ति। एवम्भूतोऽप्येवमेव। 'नोअजीव' इति सर्वप्रतिषेधाश्रयणे 'द्वौ नञौ प्रकृतमर्थं गमयत' इतिन्यायाद् जीवद्रव्यमेव नैगमादिनया बोधन्ति । 'नो'शब्दस्य देशप्रतिषेधाश्रयणे चाजीवस्यैव देश-प्रदेशौ । अत्र 'अजीव' इत्यनेनाजीवद्रव्यस्यैव ग्राह्यत्वाद् 'नोअजीव' इत्यनेनाजीवस्यैव देशप्रदेशौ प्रतीयेते । अत एव **नयरहस्य-नयोपदेशा**दावत्राजीवस्यैव देश-प्रदेशौ कथितौ । तथापि **तत्त्वार्थभाष्ये**ऽत्र जीवस्यैव देशप्रदेशौ यत्कथितौ तत्र हेतुर्गवेषणीयो बहुश्रुतैः । एवम्भूतस्तु नोऽजीवत्वेन भवस्थजीवमेव मन्यते ।

एतत्तु ध्येयं-एवम्भूतनयेन भवस्थ एव जीवः, सिद्धस्तु सत्त्वयोगात् सत्त्वः, अतति सततमपरपर्यायान् गच्छतीत्यात्मा च स्यादेवेति ।

**नन्वत्र** सर्वसङ्ग्रहस्य न कापि वार्तोक्तेति **चेत् ? सत्यं,** तन्मतेन सर्वस्य सत्तयैव

---

'અજીવ' એવું બોલવામાં આવ્યું હોય તો એમાં રહેલ નકાર (નञ्) સર્વપ્રતિષેધાર્થક હોવાથી અને પર્યુદાસનञ्નો આશ્રય કર્યો હોવાથી નૈગમાદિનયો જીવભિન્ન એવા પુદ્ગલાદિદ્રવ્યોને જ જાણે છે. એવંભૂત પણ એવો જ બોધ કરે છે.

'નોઅજીવ' એવા શબ્દમાં સર્વપ્રતિષેધ અર્થ લેવામાં 'બે નકાર મૂળ અર્થને જણાવે છે' એવા ન્યાયે નૈગમાદિનયો જીવદ્રવ્યનો જ બોધ કરે છે. (અહીં જીવ એ મૂળ અર્થ છે. અજીવમાં એક નકાર તો છે જ. નો પણ સર્વપ્રતિષેધાર્થક હોવાથી બીજો નકાર થયો.) નોશબ્દ જો દેશનિષેધાર્થક જ લેવાય તો અજીવના દેશ-પ્રદેશનો બોધ કરે છે. અહીં અજીવ શબ્દથી અજીવ જ જણાય છે તેથી નોઅજીવ શબ્દથી એના દેશ-પ્રદેશ જણાશે. એટલે જ નયરહસ્ય નયોપદેશાદિમાં આ અંગે અજીવના જ દેશપ્રદેશ કહેલા છે. તેમ છતાં તત્ત્વાર્થભાષ્યમાં અહીં જીવના જ દેશ-પ્રદેશ જે કહેલા છે તેનો હેતુ બહુશ્રુતોએ વિચારવા યોગ્ય છે. એવંભૂત તો નોઅજીવ તરીકે ભવસ્થ જીવને જ માને છે.

આ વાત ધ્યાનમાં રાખવી કે એવંભૂતનયે ભવસ્થજીવ એ જ જીવ છે. સિદ્ધજીવ તો એમાં સત્ત્વ હોવાથી 'સત્ત્વ' છે, તથા સતત અન્યાન્ય પર્યાયોમાં અતન = ગમન કર્યા કરે છે માટે 'આત્મા' છે.

**શંકા** - આ વિચારણામાં સર્વસંગ્રહનયની માન્યતા તો કશી જ દર્શાવી નથી.

**સમાધાન** - સાચી વાત છે, કારણ કે એના મતે તો બધું જ 'સત્તા'ના કારણે

सत्त्वाद् जीवस्यैवाभावात् । अत एव नमस्कारस्योत्पन्नानुत्पन्नत्वचिन्तायामपि तस्य वार्ताया अभाव एव, तन्मतेन नमस्कारस्यैवाभावात् ।

अथ येऽविशुद्धनैगमादिनया नमस्कारमुत्पन्नं मन्यन्ते तेषां मतेन स कुत उत्पद्यते? अत्रोच्यते- *उप्पन्नानुप्पण्णो इत्थ नया णेगमस्सणुप्पण्णो । सेसाणं उप्पण्णो जइ कत्तो तिविहसामित्ता ॥ समुट्ठाण-वायणा-लद्धिओ च पढमे नयत्तिए तिविहं। उज्जुसुयपढमवज्जं सेसनया लद्धिमिच्छंति ॥आ.नि. २८०६-७॥* **नमस्कारनिर्युक्तेर**नयोर्गाथयोरर्थः-नमस्कार उत्पन्नानुत्पन्नो मन्तव्यः। तत्रादिनैगमस्य स अनुत्पन्नः। शेषाणामुत्पन्नः। यद्युत्पन्नः, कुतः? इत्याह-तिविहसामित्ता त्रिविधकारणादित्यर्थः। तत्र समुत्थानं, वाचना, लब्धिश्च त्रिविधानि कारणानि। तत्र सम्यक् संगतं वोत्तिष्ठतेऽस्मादिति समुत्थानं निमित्तमित्यर्थः। किं पुनस्तदिह ? इति उच्यते-अन्यस्याश्रुतत्वात् तदाधारतया प्रत्यासन्नत्वाद् देहोऽत्र परिगृह्यते, देहो हि नमस्कारस्य कारणं, तद्भावभावित्वात्, बीजवदङ्कुरस्य । तथा गुरुभ्यः श्रवणमधिगमश्च वाचनोच्यते। साऽपि नमस्कारस्य कारणम्। तथा तदावरणक्षयोपशमरूपा लब्धिरपि नमस्कारस्य कारणम् । तत्र नैगम-सङ्ग्रह-व्यवहारलक्षणं नयत्रिकमेतत् त्रिविधं कारणमभ्युपगच्छति ।

---

'સત્' માત્ર રૂપ હોવાથી જીવ જેવી કોઈ ચીજ જ નથી. એટલે જ નમસ્કાર ઉત્પન્ન છે કે અનુત્પન્ન ? એની વિચારણામાં પણ એની કશી વાત નથી, કારણ કે એના મતે નમસ્કારનો જ અભાવ છે.

**પ્રશ્ન** - જે અવિશુદ્ધનૈગમ વગેરે નયો નમસ્કારને ઉત્પન્ન માને છે તેઓના મતે એ શાનાથી ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર** - નમસ્કારનિર્યુક્તિની ઉપ્પન્નાનુપ્પણ્ણો૦ સમુટ્ઠાણ૦ ॥૨૮૦૬-૭॥ આ બે ગાથામાં આ અંગે આ પ્રમાણે જણાવ્યું છે - *નમસ્કાર ઉત્પન્ન/અનુત્પન્ન છે એમાં આદિનૈગમનયના મતે એ અનુત્પન્ન છે, શેષ નયોના મતે એ ઉત્પન્ન છે. જો ઉત્પન્ન છે તો શાનાથી ? એ જણાવે છે - ત્રણ પ્રકારના કારણથી નમસ્કાર ઉત્પન્ન થાય છે- સમુત્થાન, વાચના અને લબ્ધિ આ ત્રિવિધ કારણો જાણવા. આમાં, જેમાંથી સમ્યગ્ રીતે નમસ્કારનું ઉત્થાન થાય તે સમુત્થાન એટલે કે નિમિત્ત. અહીં બીજું કાંઈ સંભવતું ન હોવાથી, તથા નમસ્કારનો આધાર હોવાના કારણે નજીકનું કારણ એવો દેહ અહીં સમુત્થાન તરીકે લેવાનો છે. દેહ હોય તો જ નમસ્કાર ઉત્પન્ન થાય છે. માટે અંકુરનું કારણ જેમ બીજ છે તેમ નમસ્કારનું કારણ દેહ છે. તથા ગુરુ પાસે સાંભળવું અને બોધ મેળવવો એ વાચના કહેવાય છે. એ પણ નમસ્કારનું કારણ છે. તથા નમસ્કારના*

ऋजुसूत्रस्तु प्रथमवर्जं वाचना-लब्धिद्वयं नमस्कारस्य कारणमाह, तच्छून्यस्य जन्तोर्देहमात्र-सद्भावेऽपि नमस्काराख्यकार्योत्पत्तिव्यभिचारात्। शब्दादय: शेषनयास्तु लब्धिमेवैकां नमस्कार-कारणत्वेनेच्छन्ति, वाचनाया अपि लब्धिशून्येष्वभव्यादिषु नमस्काराजनकत्वात् लब्धियुक्तेषु तु प्रत्येकबुद्धादिषु तदभावेऽपि तत्सद्भावतो व्यभिचारित्वादिति। तदेवमुक्तं नमस्कारोत्पाद-कारणवादिनां विविधनयानां मन्तव्यम् ।

अत्र सप्रसङ्गं किञ्चिच्चिन्त्यते - अत्र समुत्थानं, वाचना लब्धिश्चेत्येवं त्रीणि कारणानि, नयानामपि त्रयो वर्गा: पूर्वाचार्यै: प्रदर्शिता: । तत्र प्रथमो नैगम-सङ्ग्रह-व्यवहारनयानां वर्गस्त्रीण्यपि कारणानि स्वीकरोति, द्वितीय ऋजुसूत्रलक्षणो वर्ग: प्रथमवर्जे द्वे कारणे, शब्द-समभिरूढैवम्भूतानां तृतीयस्तु वर्गो लब्धिलक्षणमेकमेव चरमं कारणम् । अनुयोगद्वारसूत्रे द्रव्यशङ्ख एकभविको बद्धायुष्कोऽभिमुखनामगोत्रश्चेत्येवं त्रिविध: कथित: । ततश्च तत्र नयानामप्येवमेव त्रयो वर्गा: प्रदर्शिता: । तथाहि-नैगम-सङ्ग्रह-व्यवहारनयास्त्रिविधमपि

---

*આવરણના ક્ષયોપશમરૂપ લબ્ધિ પણ નમસ્કારનું કારણ છે. એમાં નૈગમ-સંગ્રહ-વ્યવહાર... આ ત્રણ નયો આ ત્રણે કારણોને સ્વીકારે છે. ઋજુસૂત્રનય પહેલું છોડીને વાચના અને લબ્ધિ એ બેને નમસ્કારના કારણ તરીકે કહે છે, (પણ દેહને કારણ તરીકે સ્વીકારતો નથી.) કારણ કે વાચના-લબ્ધિ ન હોય તો દેહ હોવા છતાં, નમસ્કારનામના કાર્યની ઉત્પત્તિમાં વ્યભિચાર છે. શબ્દ વગેરે શેષ નયો તો એકમાત્ર લબ્ધિને જ નમસ્કારનું કારણ માને છે, કારણ કે લબ્ધિ વિનાના અભવ્યાદિ જીવોને વાચના મળવા છતાં નમસ્કારોત્પાદ થતો નથી અને લબ્ધિવાળા પ્રત્યેકબુદ્ધાદિને વગર વાચનાએ પણ નમસ્કારોત્પાદ થઈ જાય છે. માટે વાચના પણ વ્યભિચારી છે. 'આમ નમસ્કારની ઉત્પત્તિમાં કારણને જણાવનારા વિવિધ નયોનો અભિપ્રાય કહ્યો.*

આમાં સપ્રસંગ કંઈક વિચારીએ. અહીં સમુત્થાન-વાચના અને લબ્ધિ એમ ત્રણ કારણો બતાવ્યાં છે અને નયોના પણ ત્રણ વર્ગ પૂર્વાચાર્યોએ દર્શાવેલા છે. એમાં પ્રથમ નૈગમ-સંગ્રહ અને વ્યવહાર એ ત્રણ નયોનો વર્ગ ત્રણે કારણો માને છે. બીજો ઋજુસૂત્રનય નામે વર્ગ પ્રથમ સિવાયના બે કારણો માને છે. શબ્દ-સમભિરૂઢ અને એવંભૂત નામના નયોનો ત્રીજો વર્ગ લબ્ધિરૂપ એક ચરમ કારણને જ માને છે. અનુયોગદ્વારસૂત્રમાં દ્રવ્યશંખના એકભવિક, બદ્ધાયુષ્ક અને અભિમુખનામગોત્ર એવા ત્રણ પ્રકાર કહેલા છે. એટલે ત્યાં નયોના પણ આવા જ ત્રણ વિભાગ દર્શાવેલા છે. નૈગમ-સંગ્રહ અને વ્યવહાર... આ ત્રણનો વર્ગ ત્રણે દ્રવ્યશંખ માને છે. ઋજુસૂત્રનય પ્રથમ

द्रव्यशङ्खमिच्छन्ति । ऋजुसूत्र आद्यवर्जं द्विविधमेव । शब्दादयस्त्वन्तिममभिमुखनामगोत्रमेव । एवमेवान्यत्रापि । ततश्च यदाऽधिकृतस्य वस्तुनस्त्रिविधत्वं, तदा प्रायः सर्वत्र नयानामपि त्रयो विभागाः । प्रथमो द्रव्यार्थिकानां, द्वितीय ऋजुसूत्रस्यैकस्यैव, तृतीयः पर्यायार्थिकानाम्। अत एव मया पूर्वं नयानां त्रय एकस्त्रयश्चेत्येवं त्रयो विभागाः कथिताः। तथा, ऋजुसूत्रनयो द्रव्यार्थिकेभ्यो विलक्षणः पर्यायार्थिकेभ्यश्च विलक्षण इत्यपि निश्चीयते । एवं यदाऽधिकृतस्य वस्तुनो द्विविधत्वमेव तदा नयानामपि द्वावेव विभागौ । तथाहि... *एवं चिय सुद्धनया निव्वाणं संजमं बेंति ॥११३२॥* त्ति**विशेषावश्यकभाष्यवचनवृत्तौ**...*एवमेव च संयमस्य प्रधानकारणत्वं मन्यमानाः शुद्धनया ऋजुसूत्र-शब्दादयः संयममेव निर्वाणमाहुः, अत्यन्तप्रत्यासन्नकारणे सर्वसंवरसंयमे कार्यस्य निर्वाणस्योपचारात्, न ज्ञानं निर्वाणं ते ब्रुवते, तस्य व्यवहितकारणत्वादिति भावः । तथा चोक्तं- तवसंजमो अणुमओ निग्गंथं पवयणं च ववहारो । सद्दज्जुसुयाणं पुण निव्वाणं संजमो चेव ॥*इत्याद्युक्तमिति। तथा शब्दादयोऽपि क्वचिदुपचारे मन्यन्त इति पूर्वं द्रव्यशङ्खाधिकार यदुक्तं तदनेनापि ग्रन्थाधिकारेण

---

સિવાયના બે દ્રવ્યશંખ માને છે. શબ્દાદિનયો અંતિમ અભિમુખનામગોત્ર દ્રવ્યશંખને જ માને છે. આ જ રીતે અન્યત્ર પણ જાણવું. એટલે જ્યારે વિચારણા હેઠળની વસ્તુ ત્રિવિધ હોય છે, ત્યારે પ્રાયઃ સર્વત્ર નયોનો વિભાગ પણ આવો જ જોવા મળે છે. પહેલો દ્રવ્યાર્થિકનયોનો, બીજો ઋજુસૂત્રનો અને ત્રીજો પર્યાયાર્થિકનયોનો. એટલે જ મેં પૂર્વે નયોના ત્રણ, એક અને ત્રણ એમ ત્રણ વિભાગ દર્શાવેલા છે. તથા ઋજુસૂત્રનય દ્રવ્યાર્થિકનયોથી વિલક્ષણ છે અને પર્યાયાર્થિકનયોથી વિલક્ષણ છે એ પણ આના પરથી *નિશ્ચિત થાય છે જ.*

એમ, જ્યારે અધિકૃત વસ્તુ દ્વિવિધ જ હોય ત્યારે નયોના પણ બે જ વિભાગ કરાય છે. જેમકે - *એ જ રીતે શુદ્ધનયો સંયમને જ નિર્વાણ કહે છે'* આવા **વિશેષાવશ્યકભાષ્યના** વચનની વૃત્તિમાં કહ્યું છે કે - *એમ, સંયમને પ્રધાનકારણ માનતા ઋજુસૂત્ર-શબ્દ વગેરે શુદ્ધનયો અત્યંત પ્રત્યાસન્ન સર્વસંવરસંયમમાં કાર્યભૂત નિર્વાણનો ઉપચાર કરીને સંયમને જ નિર્વાણ કહે છે. પણ જ્ઞાનને નિર્વાણ કહેતા નથી, કારણ કે એ વ્યવહિતકારણ છે. કહ્યું જ છે કે - તપ-સંયમ અને નિર્ગ્રંથ પ્રવચન. આ બધું જ વ્યવહારનયને માન્ય છે. પણ શબ્દ અને ઋજુસૂત્રનયને નિર્વાણ તરીકે માત્ર સંયમ જ માન્ય છે.* વળી, પૂર્વે દ્રવ્યશંખના અધિકારમાં શબ્દાદિ નયો પણ ક્યાંક ઉપચાર સ્વીકારે છે એવું જે કહેલું હતું તે આ ગ્રન્થાધિકારથી પણ સૂચિત થાય જ છે. તથા

स्पष्टं सूच्यत एव । किञ्चात्र द्विविधाभिप्रायकेऽधिकार ऋजुसूत्रस्य पर्यायार्थिकशब्दादि-नयतुल्योऽभिप्रायो यः प्रदर्शितस्तेन तस्य पर्यायार्थिकनयत्वं सूच्यत एव । तथा निक्षेपाधिकारे तस्य नामादिचत्वारोऽपि निक्षेपाः संमता इत्येवं द्रव्यार्थिकनैगमादिनयतुल्योऽभिप्रायो यः प्रदर्शितोऽस्ति तेन तस्य द्रव्यार्थिकनयत्वमपि ध्वन्यत एवेति ऋजुसूत्रो द्रव्यार्थिकोऽपि पर्यायार्थिकोऽपीति मया पूर्वं यन्निरूपितं तदपि समर्थ्यत एव ।

**ननु** शब्दादीनां नयानां वस्तुत एकत्वमेव, प्रायः सर्वत्रसमानविषयत्वात्, केवलं शुद्ध-शुद्धतरत्वादिभेदेनैव, न तु विषयभेदेन, तेषां त्रिविधत्वं विवक्ष्यत इति पूर्वं भवता कथितम् । एवं तु 'नैगमादीनां त्रयाणामपि वस्तुत एकत्वमेव, अत्र समानविषयत्वात्, त्रिविधत्वं तु शुद्धत्वादिभेदेनैव विवक्ष्यते, न तु विषयभेदेने'त्यपि सुवचः स्यादिति **चेत् ? मैवं,** नैगमादीनां समानविषयत्वासिद्धेः । **ननु** यथा नैगमनयः समुत्थानादिलक्षणं कारणत्रिकं नमस्कारोत्पादे मन्यते तथैव सङ्ग्रह-व्यवहारावपि । ततश्च समानविषयत्वहेतोः कथमसिद्धिरिति

---

અહીં નિર્વાણ કોને કહેવું ? એમાં બે અભિપ્રાયો છે. આવા બે પ્રકારના અભિપ્રાયવાળા આ અધિકારમાં ઋજુસૂત્રનય શબ્દાદિ પર્યાયાર્થિકનયો સાથે જે બેસેલો છે એનાથી એ પર્યાયાર્થિકનય છે એવું સૂચિત થાય છે અને નિક્ષેપાધિકારમાં એ 'નામાદિ ચારે નિક્ષેપા માન્ય છે' એવું કહેવા દ્વારા નૈગમાદિ દ્રવ્યાર્થિકનયો સાથે બેસેલો શાસ્ત્રોમાં જે કહેલો છે તેનાથી એ દ્રવ્યાર્થિકનય છે એવું ધ્વનિત થાય છે. એટલે ઋજુસૂત્રનય દ્રવ્યાર્થિક પણ છે ને પર્યાયાર્થિક પણ છે એવું પૂર્વે મેં જે નિરૂપેલું છે તેનું સમર્થન પણ થાય છે જ.

**શંકા** - શબ્દાદિનયો વસ્તુતઃ એક જ છે, કારણ કે સર્વત્ર પ્રાયઃ સમાન વિષયવાળા છે, માત્ર શુદ્ધ-શુદ્ધતરત્વાદિભેદે જ તેઓ ભિન્ન કહેવાય છે, નહીં કે વિષયભેદે પણ... આવું તમે પૂર્વે જણાવેલું છે. પણ, આ રીતે તો 'નૈગમાદિ ત્રણે નયો પણ વસ્તુતઃ એક જ છે, કારણ કે આ બાબતોમાં સમાન વિષયવાળા છે, એમના ત્રણ પ્રકાર તો શુદ્ધત્વાદિભેદના કારણે જ વિવક્ષિત છે, નહીં કે વિષયભેદના કારણે પણ...' આવું પણ કહી શકાય છે ને ?

**સમાધાન** - તમે આપેલો સમાન વિષયત્વ હેતુ અસિદ્ધ હોવાથી તમારી શંકા યોગ્ય નથી.

**શંકા** - જેમ નૈગમનય સમુત્થાનાદિ ત્રણેને નમસ્કારોત્પાદમાં કારણ માને છે એ જ રીતે સંગ્રહ-વ્યવહારનય પણ માને જ છે. તો સમાનવિષયત્વ હેતુ અસિદ્ધ શી રીતે ?

चेत्? न, समुत्थानादीनां त्रयाणामपि कारणत्वस्य स्वीकारेऽपि नैगमादिनय-संमतस्य समुत्थानादेः स्वरूपस्य भिन्नतया विषयभेदस्याक्षतत्वात्। तथाहि-नमस्कारत्वमापन्नस्य सम्यग्दृष्टेर्जीवस्य देहोऽत्र समुत्थानम् । स च देहो द्रव्य-पर्यायात्मकः । तत्र देहद्रव्यस्य त्रयोंऽशाः, ऊर्ध्वतासामान्यं, तिर्यक्सामान्यं, आधारांशश्च । तत्र नैगमनयस्य मतेन देहोर्ध्वतासामान्यमेव यतः समुत्थानं, अतस्तदेव नमस्कारकारणम् । तत्रापि तत्तन्नैगमभेदस्य यावद्यावत्कालव्यापिनी दृष्टिस्तावत्तावत्कालभाविनीषु सर्वास्ववस्थास्वन्वयि देहोर्ध्वतासामान्यं तत्तन्नैगमभेदस्य नमस्कारकारणम् । तथा तादृग्देहविशेषेषु यावत्स्वन्वयि देहतिर्यक्सामान्यं सङ्ग्रहनयस्य नमस्कारकारणम् । तथा नमस्कारोत्पादानुकूलगुणाद्याधारभूतो देहविशेषो व्यवहारनयस्य नमस्कारकारणम् । एवमेव वाचना-लब्ध्योर्ज्ञेयम् । ततश्च स्पष्ट एव विषयभेदः । तथा गुरूपदेशं शृण्वन् यो जीवक्षणस्तल्लक्षणा वाचना यश्च क्षयोपशमात्मक-लब्धिपरिणामपरिणतो जीवक्षणस्तल्लक्षणा लब्धिरित्येते ऋजुसूत्रसंमते नमस्कारकारणे। तथा तादृग्जीवस्य क्षयोपशमलक्षणपरिणामविशेषात्मिका लब्धिः शब्दादिनयसंमतं नमस्कारकारणं ज्ञेयम् ।

---

**સમાધાન** - સમુત્થાનાદિ ત્રણેને કારણ તરીકે સ્વીકારવા છતાં આ સમુત્થાનાદિનું સ્વરૂપ આ ત્રણે નયોના મતે ભિન્ન ભિન્ન હોવાથી વિષયભેદ અક્ષત જ છે. તે આ રીતે - નમસ્કારરૂપ બનેલા સમ્યક્ત્વી જીવનો દેહ અહીં સમુત્થાન છે. એ દેહ દ્રવ્ય-પર્યાયાત્મક છે. એમાં દેહદ્રવ્યના પણ ત્રણ અંશો છે. ઊર્ધ્વતાસામાન્ય, તિર્યક્સામાન્ય અને આધારાંશ. એમાં નૈગમનયને દેહઊર્ધ્વતાસામાન્ય એ જ સમુત્થાન હોવાથી એ જ નમસ્કારનું કારણ છે. એમાં પણ તે તે નૈગમભેદની જેટલા જેટલા કાળમાં વ્યાપતી દૃષ્ટિ હોય તેટલા કાળમાં સંભવિત બધી અવસ્થાઓમાં અન્વયી દેહઊર્ધ્વતાસામાન્ય એ તે તે નૈગમભેદને માન્ય નમસ્કારકારણ છે. તથા તેવા પ્રકારના બધા દેહવિશેષોમાં અન્વયી દેહતિર્યક્સામાન્ય એ સંગ્રહનયને માન્ય નમસ્કારકારણ છે. તથા નમસ્કારના ઉત્પાદને અનુકૂળગુણાદિના આધારભૂત દેહવિશેષ એ વ્યવહારનયમાન્ય નમસ્કારકારણ છે. એ જ રીતે વાચના અને લબ્ધિ અંગે પણ જાણવું. એટલે વિષયભેદ સ્પષ્ટ છે જ. તથા, ગુરુઉપદેશને સાંભળનાર જીવક્ષણરૂપ જે વાચના અને ક્ષયોપશમાત્મક લબ્ધિપરિણામથી પરિણત જીવક્ષણરૂપ જે લબ્ધિ... આ બન્ને ઋજુસૂત્રનયને માન્ય નમસ્કારના કારણો છે. તથા, એવા જીવના ક્ષયોપશમરૂપ પરિણામવિશેષાત્મક જે લબ્ધિ એ શબ્દાદિનયોને માન્ય નમસ્કારકારણ જાણવું.

एवमेव शास्त्रकथितेष्वन्येषु दृष्टान्तेष्वपि नयभावना भावनीयेति ।

अथ 'क्रियमाणं कृत'मिति कस्य नयस्य संमतम् ? शृणु-यदैकसामयिक्याः क्रियाया विचारस्तदैतद् निश्चयनयस्य संमतम्, यथा बध्यमानं बद्धं, निर्जीर्यमाणं निर्जीर्णमित्यादि । अत एव द्वादशगुणस्थानकचरमसमये चरमनिषेकगतस्य ज्ञानावरणकर्मदलिकस्य निर्जीर्यमाणस्य निर्जीर्णत्वादावरणाभावस्य सम्पन्नत्वान्निश्चयनयेन केवलज्ञानावाप्तिरुच्यते। एतद्विषये कृतकरणा-परिसमाप्तिरित्यादिकाश्चालनाः कार्यमुत्पाद्य क्रियोपरमेण तत्समाप्तेरित्यादीनि च तत्प्रत्यवस्थानानि **विशेषावश्यकभाष्या**दिग्रन्थेभ्योऽवसेयानि । परन्तु यदा दीर्घकालिन्याः क्रियाया विचारस्तदैतद् व्यवहारनयस्य संमतम्, यथा क्रियमाणोऽपि घटः कृत उच्यते, संस्तीर्यमाणोऽपि संस्तारकः संस्तीर्ण उच्यते। **न चैतद्विषये नयोपदेशा**दावेतदर्थकोऽधिकारो दृश्यते-**अथैवं** चक्रभ्रमणाद्युप-लक्षितदीर्घक्रियाकाले कुतो न दृश्यते घटो यदि क्रियमाणः कृत एवेति **चेत् ? न,**

---

આમ નમસ્કારના કારણ અંગે નયવિભાગ જોયો. એ જ રીતે શાસ્ત્રકથિત અન્ય દૃષ્ટાન્ત વગેરેમાં પણ નયવિભાગની ભાવના કરવી.

**પ્રશ્ન** - क्रियमाणं कृतम् આ કયા નયને માન્ય છે ?

**ઉત્તર** - જ્યારે એકસમયભાવિની ક્રિયાનો વિચાર હોય ત્યારે આ નિશ્ચયનયને માન્ય વાત છે. જેમકે बध्यमानं बद्धं, निर्जीर्यमाणं निर्जीर्णं... વગેરે. એટલે બારમા ગુણઠાણાના ચરમસમયે ચરમનિષેકમાં રહેલ જ્ઞાનાવરણીયકર્મદલિક નિર્જીર્યમાણ હોવાથી નિર્જીર્ણ હોવાના કારણે આવરણકર્મનો અભાવ સંપન્ન થઈ જાય છે ને તેથી એ જ ચરમસમયે કેવલજ્ઞાન પ્રાપ્ત થઈ જાય છે એમ નિશ્ચયનય કહે છે. જો ક્રિયમાણ કૃત હોય તો, કૃતનું જ કરણ, ક્રિયાની અપરિસમાપ્તિ... વગેરે રૂપ શંકાઓ અને કાર્યને ઉત્પન્ન કરીને ક્રિયા શાંત થઈ જતી હોવાથી એની સમાપ્તિ થાય છે વગેરે રૂપ એના સમાધાનો વિશેષાવશ્યકભાષ્ય વગેરે ગ્રન્થોમાંથી જોઈ લેવા.

પરંતુ જ્યારે દીર્ઘઅવસ્થાન કાળવાળી ક્રિયાનો વિચાર હોય ત્યારે આ क्रियमाणं कृतम् એ વ્યવહારનયસંમત વાક્ય છે. જેમકે કરાઈ રહેલો એવો પણ ઘડો કૃત કહેવાય છે. સંસ્તીર્યમાણ એવો પણ સંથારો સંસ્તીર્ણ કહેવાય છે.

**શંકા** - આ વિષયમાં **નયોપદેશ** વગેરેમાં આવા અર્થવાળો અધિકાર જોવા મળે છે - **શંકા** -જો ક્રિયમાણ કૃત હોય તો ચક્રભ્રમણાદિથી જણાતા દીર્ઘક્રિયાકાળમાં ઘડો દેખાતો કેમ નથી ? **સમાધાન**-ઘડાને ઉત્પન્ન કરવાના વ્યાપારરૂપ ક્રિયાનો દીર્ઘકાળ

घटजननव्यापाररूपाया: क्रियाया दीर्घकालत्वासिद्धेः, चरमसमय एव तदभ्युपगमात् । घटगताभिलाषोत्कर्षवशादेव मृन्मर्दनाद्यान्तरालिककार्यकरणवेलायां 'घटं करोमी'ति व्यवहारात् । तदुक्तं **महाभाष्यकृता**–'*पइसमयकज्जकोडीनिरवेक्खो घडगयाहिलासो सि। पइसमयकज्जकोडिं थूलमइ घडं मिलाएसि ॥*' इति । ततश्च न घटकरणादय: क्रिया दीर्घकालिन्यः, किन्तु चरमसमयलक्षणैकसमयभाविन्य एवेति तद्विषयेऽपि क्रियमाणं कृतमिति निश्चयनयस्यैव सम्मतमिति **वाच्यं,** निश्चयनयसंमतस्य क्रियमाणस्य कृतत्वस्योपपादनार्थत्वादेतस्याधिकारस्य । ननु कुत एतन्निश्चय: ? इत:-एतदधिकारानुसारेण तु घटश्चरमसमय एव क्रियमाण:, तदैव च कृत: । तत्पूर्वं तु मृन्मर्दनाद्यान्तरालिककार्याण्येव क्रियमाणानि, तत्तत्समये कृतानि च ।

---

અસિદ્ધ હોવાથી તમારી શંકા બરાબર નથી... અર્થાત્ જ્યારે ઘટજનનક્રિયા હોય ત્યારે તો ક્રિયમાણ એવો ઘડો કૃત હોવાથી દેખાય જ છે. પણ આવી ક્રિયા અમે ચરમસમયે જ માનીએ છીએ. એ પૂર્વની ચક્રભ્રમણાદિ ક્રિયાકાળે અમે ઘટજનનક્રિયા માનતા જ નથી. તેથી ઘડો ત્યારે ક્રિયમાણ જ ન હોવાથી કૃત પણ નથી જ, પછી દેખાય શી રીતે ? (શંકા - જો આ પૂર્વકાળમાં ઘડો કરાઈ રહ્યો નથી, તો કુંભાર 'ઘડો કરું છું' એમ શા માટે બોલે છે? સમાધાન -) ઘડો બનાવવાની તીવ્ર અભિલાષાના કારણે, માટી ખૂંદવી વગેરે ક્રિયાકાળે પણ 'ઘડો કરું છું' એવો કુંભાર વ્યવહાર કરે છે. **મહાભાષ્યકારે** આ વાત કરી જ છે કે - *સમયે સમયે થઈ રહેલ કાર્યોની પરંપરાની તને કોઈ અપેક્ષા નથી અને ઘડાનો તીવ્ર અભિલાષ છે. માટે હે સ્થૂલમતિ ! તું પ્રતિસમય થનાર કાર્યશ્રેણિને ઘડામાં લગાવી દે છે."* એટલે ઘડો કરવો વગેરે ક્રિયા કોઈ દીર્ઘકાલીન હોતી નથી. પરંતુ ચરમસમયરૂપ એકસમયભાવિની જ હોય છે. માટે એની બાબતમાં બોલાતું ક્રિયમાણં કૃતં વાક્ય નિશ્ચયનયને જ માન્ય છે.

**સમાધાન** - નિશ્ચયનયમાન્ય 'ક્રિયમાણં કૃતં'ની સંગતિ કરવા માટે આ અધિકાર હોવાથી તમારી શંકા બરાબર નથી.

**પ્રશ્ન** - આવો નિશ્ચય શાના આધારે ?

**ઉત્તર** - આ રહ્યો એનો આધાર - આ અધિકારના આધારે તો ઘડો ચરમસમયે જ કરાઈ રહ્યો છે, ને ત્યારે જ કૃત છે. એ પહેલાં તો માટી ખૂંદવી વગેરે અવાંતર કાર્યો જ કરાઈ રહ્યા છે, ને તે તે સમયે એ જ કાર્યો કૃત છે. પરંતુ માટી ખૂંદવી વગેરે કાળે ઘરાક વડે 'ઘડો કર્યો કે નહીં ?' એવું પૂછવા પર કુંભાર વડે દેવાતો 'ઘડો થઈ ગયો' એવો જવાબ કયા નયને માન્ય છે ? નિશ્ચયનયને તો એ માન્ય નથી જ,

परन्तु मृन्मर्दनादिकरणवेलायां क्रेतुकामेन घटः कृतो न वेति पृष्टे कुलालेन दीयमानं 'कृत' इत्युत्तरं कस्य नयस्य संमतम् ? न हि निश्चयनयस्य तत्संमतं, तन्मतेन तु तदा घटस्य क्रियमाणत्वमेव नास्ति, कुतः कृतत्वम् ? अतो पारिशेष्याद् व्यवहारनयस्य तत्संमतमिति पर्यवस्यति। **अथै**तदुत्तरमलीकमवेति न व्यवहारनयस्यापि संमतमिति **चेत्?न,** जमालिशिष्यस्य मृषावादित्वापत्तेः । न हि जमालिना संस्तारकसंस्तरणक्रियायाश्चरमसमय एव संस्तारकः कृतो न वेति पृष्टं, शिष्येण च 'कृत' इत्युत्तरं दत्तं, चरमस्यैकस्य समयस्य छद्मस्थस्य जमालेस्तच्छिष्यस्य चाविषयत्वात् । अपि तु तत्पूर्वमेव जमालिना पृष्टं, शिष्येण चोत्तरं दत्तम् । ततश्च त्वन्मतेन स जमालिशिष्यो मृषावादी स्यादेव। न हि स मृषावादी, एकेनापि ग्रन्थकृता तथा घोषितत्वाभावात्, प्रत्युत तद्वचनस्य सत्यत्वं मत्वोपपत्तेः साधितत्वाच्च। सा चोपपत्तिर्निश्चयनयेन त्वशक्यैव, तदा संस्तारकस्य संस्तीर्यमाणत्वस्याप्यभावात्, चरमसमय एव तस्य निश्चयसंमतस्य संस्तीर्यमाणत्वस्य सद्भावादिति चरमसमयाभिप्रायेण यदि 'संस्तीर्यमाणः संस्तीर्ण' इत्युच्यते तदा निश्चयनयसंमतिर्ज्ञेया, तत्पूर्वं तु व्यवहारनयसंमतिः । अत एव लौकिकाः शिष्टा अपि तादृशं व्यवहारं सत्यतया स्वीकुर्वन्त्येव ।

---

કારણ કે એના મતે તો એ વખતે ઘડો ક્રિયમાણ જ નથી, પછી કૃત શી રીતે હોય શકે ? એટલે પારિશેષન્યાયે એ વ્યવહારનયને સંમત છે એ જ ફલિત થાય છે.

**શંકા** - એના કરતાં આ વાક્યને જૂઠ જ માની લેવું જોઈએ. એટલે એ વ્યવહારનયને માન્ય પણ નથી જ.

**સમાધાન** - આવું માનવામાં તો જમાલિના શિષ્યને મૃષાવાદી કહેવા પડશે. જમાલિએ કાંઈ સંથારો પાથરવાની ક્રિયાના ચરમસમયે જ 'સંથારો થઈ ગયો ?' એમ પૂછ્યું નથી, એમ ચરમસમયે જ શિષ્યે 'થઈ ગયો' એવે જવાબ આપ્યો છે એવું પણ નથી. કારણ કે **છદ્મસ્થ** એવા જમાલિ અને એના શિષ્યનો ચરમ એક સમય એ વિષય જ નથી. પરંતુ એ પૂર્વે જ જમાલિએ પૂછ્યું છે ને એના શિષ્યે એનો જવાબ આપ્યો છે. એટલે તારા મતે તો એ શિષ્ય મૃષાવાદી બનશે જ. પણ, એ મૃષાવાદી તો નથી જ, કારણ કે કોઈ જ ગ્રન્થકારે એને એવો ચીતર્યો નથી, ઊલટું એના વચનને 'સત્ય' માનીને એની સંગતિ જ સાધી દેખાડેલ છે. એ સંગતિ નિશ્ચયનયે તો શક્ય જ નથી, કારણ કે એ કાળે સંથારો સંસ્તીર્યમાણ પણ નથી જ, તે પણ એટલા માટે કે ચરમસમયે જ નિશ્ચયસંમત સંસ્તીર્યમાણત્વ સંભવે છે. એટલે ચરમસમયના અભિપ્રાયથી જો 'સંસ્તીર્યમાણ સંસ્તીર્ણ' કહેવાતું હોય તો એ નિશ્ચયનયસંમત છે, અને એ પૂર્વે કહેવાતું

**ननु** किमेतेन वागाडम्बरेण यावद् भगवता **भाष्यकृतै**वात्र ऋजुसूत्रनयसंमतिरुक्ता । तथाहि - *उज्जुसुअणयमयाओ वीरजिणंदवयणावलंबीणं । जुज्जेज्ज डज्झमाणं डड्ढं वोत्तुं न तुज्झत्ति ॥* जमालिमतव्युद्ग्राहितां **प्रियदर्शनां** प्रति भगवद्वचनवासितचेतसो **ढंकारस्यो**क्तिरियं ज्ञेया । अत्रापि शाटीदाहक्रिया दीर्घकालिन्येव, प्रियदर्शनया चाचरमसमय एव 'रे ! रे ! मे शाटी दग्धे'ति कथितमिति **चेत् ? न,** एकसामयिक्याः शाटीदाहक्रियाया अभिप्रायेणैव तत्संमतेरुक्तत्वात् । तथा च **नयोपदेशे**ऽधिकारः- *"ननु यद्येवं कारणव्यापारचरमक्षण एव क्रियाकालो निष्ठाकालश्च भाष्यकृता निर्णीतस्तदा शाट्येकदेशे दह्यमाने शाटी दग्धेति वचनं कथं भगवदुक्तर्जुसूत्रानुवादेन समर्थितम्? तदानीं शाटीदाहक्रियाकालसंवलितस्य तन्निष्ठाकालस्याभावादिति जिज्ञासायामाह-*

*दह्यमानेऽपि शाट्येकदेशे स्कन्धोपचारतः। शाटी दग्धेति वचनं ज्ञेयमेतन्नयाश्रयम् ॥३२॥*

*(वृत्तिः) दह्यमानेऽपीति-शाट्येकदेशे दह्यमानेऽपि तत्र स्कन्धोपचारतः = शाटीस्कन्धवाचकशाटीपदोपचाराच्छाटी दग्धेति वचनमेतन्नयाश्रयं = ऋजुसूत्राभिप्रायकं ज्ञेयं तदाह* ***भाष्यकारः***

---

હોય તો એ વ્યવહારનયસંમત છે. એટલે જ લૌકિક શિષ્ટ પુરુષો પણ તેવા વ્યવહારને સત્ય તરીકે સ્વીકારે જ છે. '

**શંકા** - આટલા બધા વચનવિલાસની શી જરૂર છે ? કારણ કે ભાષ્યકાર ભગવાન્ **શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણે** આ વિષયમાં ઋજુસૂત્રનયની સંમતિ જણાવેલ જ છે. તે આ રીતે - *"ઋજુસૂત્રનયના મતે શ્રી વીરપ્રભુના વચનનું અવલંબન લઈને બોલાતું दह्यमानं दग्धं આવું બોલવું તારા માટે યોગ્ય નથી."* જમાલિના મતથી વ્યુદ્ગ્રાહિત થયેલી પ્રિયદર્શના પ્રત્યે પ્રભુના વચનથી વાસિત ચિત્તવાળા ઢંકારશ્રાવકનું આ કથન છે. અહીં પણ સાડી બળવાની ક્રિયા દીર્ઘકાલિની જ છે. પ્રિયદર્શનાએ અચરમસમયે જ 'રે રે, મારી સાડી બળી ગઈ' એમ ચીસ પાડી છે.

**સમાધાન** - ના, એક સમયમાં થનાર સાડીના દાહની ક્રિયાના અભિપ્રાયથી જ તે સંમતિ ત્યાં કહેલી છે. **નયોપદેશ**માં આવો અધિકાર છે - *(અવતરણિકા - જિજ્ઞાસા) જો આમ કારણવ્યાપારની ચરમક્ષણે જ ક્રિયાકાળ (= કાર્યજનનાનુકૂળક્રિયાનો કાળ) અને નિષ્ઠાકાળ (= ક્રિયા પૂરી થઈ જાય - કાર્ય પેદા થઈ જાય એનો કાળ) હોય છે આવો ભાષ્યકારે નિશ્ચય કર્યો છે તો સાડીનો એક ભાગ દહ્યમાન હોય ત્યારે સાડી બળી ગઈ એવું વચન પ્રભુએ કહેલ ઋજુસૂત્રનય દ્વારા શી રીતે સમર્થિત થાય ? કારણ કે ત્યારે સાડીની દાહક્રિયાના કાળથી સંવલિત એવા તન્નિષ્ઠાકાળનો અભાવ છે. આવી જિજ્ઞાસાને*

*-उज्जुसुअणयमयाओ...''* इत्यादि। अत्रत्यावतरणिकाधिकारेणाचरमसमये शाटीदाहक्रियायास्त-न्निष्ठायाश्चर्जुसूत्रनयमतेनाभाव एवेति स्पष्टम्। तथाऽत्र मूले वृत्तौ चोक्तेनोपचारेण ''प्रियदर्शनायाः 'रे रे शाटी मे दग्धे'तिवचनसमये दह्यमानस्य शाट्येकदेशविशेषस्य दग्धत्वमेवात्राभिप्रेतं, न तु सम्पूर्णप्रायायाः शाट्याः'' इत्यपि स्पष्टमेव । ततश्चैतादृगुपचारा-भिप्रायाभावे 'दह्यमाना शाटी दग्धे'त्यत्रर्जुसूत्रसंमतेरभावाद् व्यवहारनयसंमतिः संमन्तव्यैव। यद्वा संस्तारके संस्तृतप्रायेऽपि संस्तीर्णत्वस्य व्यवहारे न तत्काले संस्तीर्यमाणस्य संस्तारकैकदेशस्यैव संस्तीर्णत्वज्ञापनाभिप्रायः, आगम्यतां शीयतां चेत्यभिप्रायानुपपत्तेः, किन्तु संस्तरणप्रारम्भाद् वर्तमानक्षणं यावद्यावान् संस्तारकांशः संस्तीर्णः, यश्च वर्तमानक्षणे संस्तीर्यमाणः अवशिष्टो यश्च शीघ्रं संस्तरिष्यमाण इत्येतान् सर्वानंशान् सम्मील्य सम्पूर्णस्य

---

*સંતોષવા માટે કહે છે - બળતા એવા સાડીના એકદેશમાં સ્કંધનો ઉપચાર કરીને 'સાડી બળી ગઈ' એવું વચન આ નયને = ઋજુસૂત્રને અનુસરનારું જાણવું.* (એની વૃત્તિઃ) *સાડીનો એક ભાગ બળી રહ્યો છે છતાં એ એક ભાગમાં સ્કન્ધનો = આખી સાડીનો વાચક જે સાડી શબ્દ, તેનો ઉપચાર કરીને 'સાડી બળી ગઈ' એવું વચન આ ઋજુસૂત્રનયને આશ્રીને કહેવાયેલું છે. ભાષ્યકારે - उज्जुसूअणयमयाओ... વગેરે કહ્યું જ છે.''*

નયોપદેશમાં અહીં જે અવતરણિકા કરી છે એના અધિકારથી આ સ્પષ્ટ છે કે અચરમસમયે તો સાડીની દાહક્રિયાનો અને તેની નિષ્ઠાનો ઋજુસૂત્રનયમતે અભાવ જ છે. તથા મૂળમાં અને વૃત્તિમાં કહેલા ઉપચારથી એ પણ સ્પષ્ટ છે કે જે સમયે પ્રિયદર્શના 'મારી સાડી બળી ગઈ' એમ બોલી છે તે સમયે બળી રહેલો જે સાડીનો એક ભાગ, તે જ દગ્ધ તરીકે અભિપ્રેત છે, નહીં કે લગભગ સંપૂર્ણ બળી ગયેલી સાડી... એટલે જ્યારે આવો ઉપચાર ન હોય ત્યારે 'બળી રહેલી સાડી બળી ગઈ છે' આવા વચનમાં ઋજુસૂત્રની સંમતિ ન હોવાથી વ્યવહારનયની સંમતિ જ માનવાની રહે છે. અથવા, સંથારો લગભગ પથરાઈ ગયો હોય ત્યારે પણ સંસ્તીર્ણત્વનો વ્યવહાર થવામાં, તે જ કાળે સંથારાનો જે એક દેશ સંસ્તીર્યમાણ હોય, એને જ સંસ્તીર્ણ જણાવવાનો અભિપ્રાય હોતો નથી, કારણ કે 'આવો અને સૂઓ' આવો અભિપ્રાય એમાં સંગત થઈ શકતો નથી. પરંતુ સંસ્તરણક્રિયાના પ્રારંભથી વર્તમાનસમય સુધીમાં જેટલો સંથારાનો ભાગ પથરાઈ ગયો છે, જેટલો વર્તમાનમાં પથરાઈ રહ્યો છે ને બાકીનો જેટલો શીઘ્ર પથરાઈ

संस्तारकस्य संस्तीर्णत्वज्ञापनाभिप्राय एव, तदर्थमावश्यक उपचार उपचारबहुलस्य व्यवहारनयस्य संमतिरेव संमन्तव्येति सूक्ष्मधिया विचारणीयमेतद् ॥१८॥ अथ नैकेषु ग्रन्थेषु श्रूयमाणानि नैकानि नयद्वन्द्वानि विचारयन्नाह-

**ज्ञान-क्रियानयौ द्रव्य-पर्यायौ निश्चयस्तथा ।**

**व्यवहारश्च चिन्त्योऽत्र नयो नयविशारदैः ॥१९॥**

नयविशारदैरत्रेति श्रीजिनप्रवचनेऽस्मिन् वा ग्रन्थाधिकारे ज्ञान-क्रियानयौ चिन्त्यौ, द्रव्य-पर्यायाविति द्रव्यार्थिक-पर्यायार्थिकनयौ चिन्त्यौ, उभयत्राभिधेयवशाद् वचनव्यत्ययः, तथा निश्चयो नयो व्यवहारो नयो चिन्त्यः, 'च'शब्दादर्पितानर्पितौ नयावर्थ-शब्दनयौ च चिन्त्याविति गाथार्थः । तत्र यथोद्देशं निर्देश इति न्यायेन प्रथमं ज्ञान-क्रियानयौ चिन्त्येते -

सर्वत्र ज्ञानमेव कारणमिति ज्ञाननयो वक्ति । क्रियैव सर्वत्र कारणमिति क्रियानयो ब्रूते । सिद्धान्तस्तु ज्ञानक्रियासमुदायः सर्वत्र कारणमिति ।

अत्र विषये निर्युक्तिगाथा- *नायम्मि गिण्हियव्वे अगिण्हियव्वम्मि चेव अत्थम्मि । जइयव्वमेव इइ जो' उवएसो सो नओ नाम ॥३५९२॥* ज्ञाननयमतेन तावदस्या गाथाया

---

જવાનો છે... આ બધા ભાગોનો સરવાળો કરીને આખો સંથારો પથરાઈ ગયો હોવાનું જણાવવાનો અભિપ્રાય જ એમાં હોય છે, એ માટે ઉપચાર આવશ્યક બની રહે છે. જે ઉપચારબહુલ વ્યવહારનયને જ સંમત હોવાથી - આવા ક્રિયમાણં કૃતં પ્રયોગમાં વ્યવહારનયની સંમતિ માનવી જ પડે છે. સૂક્ષ્મબુદ્ધિથી આ વાત વિચારવી. ॥૧૮॥ હવે અનેક ગ્રન્થોમાં જોવા મળતાં બબ્બે નયોના જોડકાંઓને વિચારવા માટે કહે છે -

**ગાથાર્થ** - નયવિશારદ બહુશ્રુતોએ આ શ્રીજૈનપ્રવચનમાં અથવા આ ગ્રન્થાધિકારમાં જ્ઞાન-ક્રિયાનય, દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનય, નિશ્ચયનય તથા વ્યવહારનય અને ચ શબ્દથી અર્પિત-અનર્પિત નયનો તથા અર્થનય-શબ્દનયનો વિચાર કરવો જોઈએ. અહીં ગાથામાં चिन्त्यः એમ એકવચનાન્ત ઉલ્લેખ છે. પણ જ્યાં જ્ઞાન-ક્રિયાનય... એમ બે અભિધેય હોય ત્યાં એ અભિધેયને અનુસરીને चिन्त्यौ એમ દ્વિવચનાન્તતા સમજી લેવી...

આ બધા જોડકાંમાં પહેલાં જ્ઞાન-ક્રિયાનયના જોડકાંનો વિચાર કરાય છે -

સર્વત્ર=દરેક કાર્ય પ્રત્યે જ્ઞાન જ કારણ છે એમ જ્ઞાનનય કહે છે. સર્વત્ર ક્રિયા જ કારણ છે એમ ક્રિયાનય કહે છે. જ્ઞાન-ક્રિયાનો સમુદાય એ સર્વત્ર કારણ છે એવું સિદ્ધાન્ત કહે છે.

આ વિષયમાં नायम्मि गिण्हियव्वे... આ નિર્યુક્તિ ગાથા છે. આ ગાથાની રચના

व्याख्या-अर्थो द्विविधः - ऐहिक आमुष्मिकश्च । तत्रैहिकस्त्रिविधः-स्रक्-चन्दनादिर्ग्राह्यः, अहि-विषादिरग्राह्यः, तृणपांश्वादिश्चोपेक्षणीयः। आमुष्मिकोऽप्येवमेव त्रिविधः । तत्र सम्यग्दर्शनादिर्ग्राह्यः, मिथ्यात्वादिरग्राह्यः, स्वर्गादिश्चोपेक्षणीयः । एवम्भूतेऽर्थे ज्ञात एव तत्प्राप्ति-परिहारो-पेक्षार्थिना प्रवृत्त्यादिलक्षणः प्रयत्नः कार्य इति ।

भावार्थस्त्वयम्-इह ज्ञाननयो ज्ञानप्राधान्यख्यापनार्थं प्रतिपादयति-नन्वैहिकाऽऽमुष्मिक-फलार्थिना तावत् सम्यग्विज्ञात एवार्थे प्रवर्तितव्यम्, अन्यथा प्रवृत्तौ फलविसंवाददर्शनात्, तथा चान्यैरप्युक्तम् -

''*विज्ञप्तिः फलदा पुंसां न क्रिया फलदा मता । मिथ्याज्ञानात् प्रवृत्तस्य फलासंवाददर्शनात् ।*''

तथा चागमेऽप्युक्तम्-''*पढमं नाणं तओ दया*'' इत्यादि ''*जं अन्नाणी कम्मं खवेइ*'' इत्यादि । तथाऽपरमप्युक्तम् -

''*पावाओ विणिवत्ती पवत्तणा तह कुसलपक्खम्मि ।*
*विणयस्स पडिवत्ती तिन्नि वि नाणे समप्पंति ॥*''

इतश्च ज्ञानस्यैव प्राधान्यम्, यतस्तीर्थकर-गणधरैरगीतार्थानां केवलानां विहारोऽपि निषिद्धः, तथा च तद्वचनम् -

''*गीयत्थो य विहारो बीओ गीयत्थमीसओ भणिओ। एत्तो तइयविहारो नाणुन्नाओ जिणवरेहिं ॥*''

---

એવી છે કે એની જ્ઞાનનયાનુસારી વ્યાખ્યા પણ થઈ શકે છે અને ક્રિયાનયાનુસારી વ્યાખ્યા પણ. પ્રથમ જ્ઞાનનયાનુસારી વ્યાખ્યા-અર્થ બે પ્રકારે છે- ઐહિક અને આમુષ્મિક. એમાં ઐહિક ત્રિવિધ છે. પુષ્પમાળા-ચંદન વગેરે ગ્રાહ્ય, સર્પ-ઝેર વગેરે અગ્રાહ્ય, ઘાસ-ધૂળ વગેરે ઉપેક્ષણીય. આમુષ્મિક અર્થ પણ આ જ રીતે ત્રિવિધ છે. તેમાં સમ્યગ્દર્શનાદિ ગ્રાહ્ય છે, મિથ્યાત્વાદિ અગ્રાહ્ય છે અને સ્વર્ગાદિ ઉપેક્ષણીય છે આવો અર્થ જ્ઞાત થયે જ એની પ્રાપ્તિ-પરિહાર કે ઉપેક્ષાનો અર્થી પ્રવૃત્તિ વગેરેનો પ્રયત્ન કરે છે.

જ્ઞાનનયનો અભિપ્રાય આવો છે - ફળાર્થીએ અર્થને સારી રીતે જાણ્યા બાદ જ પ્રવૃત્તિ કરવી જોઈએ, નહીંતર ફળપ્રાપ્તિમાં વિસંવાદ જોવા મળે છે (અર્થાત્ પ્રવર્તવા છતાં ફળપ્રાપ્તિ ન થાય.) બીજાઓએ પણ કહ્યું છે - *જ્ઞાન એ જ પુરુષોને ફળ આપનાર છે નહીં કે ક્રિયા, કારણ કે મિથ્યાજ્ઞાનથી પ્રવૃત્ત થનારને ફળનો વિસંવાદ જોવા મળે છે.* આગમમાં પણ *પઢમં નાણં તઓ દયા... જં અન્નાણી કમ્મં ખવેઈ...* વગેરે કહ્યું જ છે. વળી, આ પણ કહ્યું છે કે - પાપથી નિવૃત્તિ, કુશળપક્ષમાં=હિતકાર્યમાં પ્રવૃત્તિ અને વિનયની પ્રતિપત્તિ... આ ત્રણે જ્ઞાનમાં સમર્પિત થાય છે. વળી શ્રી તીર્થંકર-

यस्मादन्धेनान्धः समाकृष्यमाणः सम्यक्पन्थानं न प्रतिपद्यत इति भावः । एवं तावत् क्षायोपशमिकं ज्ञानमधिकृत्योक्तम् । क्षायिकमप्यङ्गीकृत्य विशिष्टफलसाधकत्वं तस्यैव ज्ञेयम्, यस्मादर्हतोऽपि भवाम्भोधेस्तटस्थस्य दीक्षाप्रतिपन्नस्योत्कृष्टतपश्चरणवतोऽपि न तावदपवर्गप्राप्तिः संजायते, यावदखिलजीवादिवस्तुस्तोमसाक्षात्करणदक्षं केवलज्ञानं नोत्पन्नम् । तस्माज्ज्ञानमेव पुरुषार्थसिद्धेर्निबन्धनम् । प्रयोगश्चात्र-यद् येन विना न भवति तद् तन्निबन्धनमेव, यथा बीजाद्यविनाभावी तन्निबन्धन एवाङ्कुरः, ज्ञानाविनाभाविनी च सकलपुरुषार्थसिद्धिरिति । ततश्चायं नयश्चतुर्विधसामायिके सम्यक्त्वश्रुतसामायिके एवाभ्युपगच्छति, ज्ञानात्मकत्वेन तयोरेव मुख्यमुक्तिकारणत्वात् । देश-सर्वविरतिसामायिके तु नेच्छति, ज्ञानकार्यत्वेन गौणत्वात् तयोरिति । तदेवं ज्ञाननयमतेनेयं गाथा व्याख्याता ।

अथेयमेव क्रियानयमतेन व्याख्यायते । तत्र क्रियानयो वदति-इह ज्ञातेऽवबुद्धे ग्रहीतव्यादिकेऽर्थे सर्वामपि पुरुषार्थसिद्धिमभिलषता यतितव्यमिति प्रवृत्त्यादिलक्षणा क्रियैव कर्तव्या, इत्येवमत्र व्याख्यान एवकारः स्वस्थान एव योज्यते । एवं च सति ज्ञातेऽप्यर्थे

---

ગણધરદેવોએ *"ગીતાર્થવિહાર, અને બીજો ગીતાર્થનિશ્રિતવિહાર... આ સિવાયનો ત્રીજો વિહાર શ્રીજિનેશ્વરોએ માન્ય કર્યો નથી"* આવા વચનદ્વારા માત્ર અગીતાર્થોના વિહારને નિષિદ્ધ કહ્યો છે એ પણ જ્ઞાનને જ પ્રધાન હોવારૂપે જણાવે છે. કારણ સ્પષ્ટ છે - આંધળા વડે દોરાતો આંધળો સમ્યગ્ રસ્તો શી રીતે પામી શકે ? આટલી વાત ક્ષાયોપશમિકજ્ઞાનને આશ્રીને કરી. ક્ષાયિકજ્ઞાનને આશ્રીને પણ એ જ વિશિષ્ટફળ સાધક બની રહે છે - એ જાણવું. કારણ કે ભવસમુદ્રના કાંઠે પહોંચી ગયેલા-દીક્ષા લીધેલા-ઉત્કૃષ્ટ તપ-ચારિત્રવાળા એવા પણ અરિહંતોને કેવલજ્ઞાનની પ્રાપ્તિ વિના મોક્ષ મળતો નથી. માટે પુરુષાર્થને સિદ્ધ કરવામાં જ્ઞાન જ કારણ છે. આમાં અનુમાનપ્રયોગ આવો જાણવો - જે જેના વિના થતું નથી, તે તન્નિમિત્તક હોય છે, જેમકે બીજ વિના અંકુર થતો નથી, તો અંકુર બીજનિમિત્તક હોય છે. સકળ પુરુષાર્થની સિદ્ધિ પણ જ્ઞાન વિના થતી નથી, માટે જ્ઞાનનિમિત્તક જ છે. એટલે આ નય ચાર સામાયિકમાંથી સમ્યક્ત્વસામાયિક અને શ્રુતસામાયિક જ માને છે, દેશ-સર્વવિરતિસામાયિક માનતો નથી, કારણ કે એ બે તો જ્ઞાનના કાર્યરૂપ હોવાથી ગૌણ છે. આમ જ્ઞાનનયે નિર્યુક્તિગાથાની વ્યાખ્યા કરી.

હવે ક્રિયાનયને અનુસરીને આ જ ગાથાની વ્યાખ્યા-અર્થને જાણ્યા પછી પણ સર્વ પુરુષાર્થસિદ્ધિને ઇચ્છનારે પ્રવૃત્તિવગેરેરૂપ ક્રિયા જ કરવાની હોય છે. (આ વ્યાખ્યામાં 'જ'કારસ્વસ્થાનમાં જ રાખવો.) આમ જાણ્યા પછી પણ ક્રિયા જ સાધવાની હોય છે.

क्रियैव साध्या । ततो ज्ञानं क्रियोपकरणत्वाद् गौणम् । इत्यतः सकलस्यापि पुरुषार्थस्य क्रियैव प्रधानं कारणम्। इत्ययमेवोपदेशः स नयप्रस्तावात् क्रियानयः। शेषं पूर्ववत्। अयमपि स्वपक्षसिद्धये युक्तीरुद्भावयति-ननु क्रियैव प्रधानं पुरुषार्थसिद्धिकारणम्, प्रयत्नादिलक्षणक्रियाविरहेण ज्ञानवताप्यभिलषितार्थसंप्राप्त्यदर्शनात्:, तथा चान्यैरप्युक्तम्-

*''क्रियैव फलदा पुंसां न ज्ञानं फलदं मतम्। यतः स्त्रीभक्ष्यभोगज्ञो न ज्ञानात् सुखितो भवेत्॥''*

तथाऽऽगमेऽपि तीर्थकर-गणधरैः क्रियाविकलानां ज्ञानं निष्फलमेवोक्तम्-

*सुबहुं पि सुयमहीयं किं काही चरणविप्पमुक्कस्स ।*
*अंधस्स जह पलित्ता दीवसयसहस्सकोडी वि ॥*
*नाणं सविसयनियय़ं न नाणमेत्तेण कज्जनिप्फत्ती ।*
*मग्गण्णू दिट्ठंतो होइ सचेट्ठो अचेट्ठो य ॥*
*जाणंतो वि य तरीउं काइयजोगं न जुंजइ जो उ ।*
*सो बुड्डइ सोएणं एवं नाणी चरणहीणो ॥ जहा खरो चंदणभारवाही'*

માટે જ્ઞાન તો ક્રિયાના ઉપકરણ=સાધન=કારણરૂપ હોવાથી ગૌણ છે. માટે બધા જ પુરુષાર્થમાં ક્રિયા જ મુખ્ય કારણ છે. આવો ઉપદેશ એ ક્રિયાનય છે. શેષ પૂર્વવત્ જાણવું. આ ક્રિયાનય પણ પોતાના પક્ષની સિદ્ધિ માટે યુક્તિઓને જણાવે છે. ક્રિયા જ પુરુષાર્થસિદ્ધિનું પ્રધાન કારણ છે, કારણ કે પ્રયત્નાદિરૂપ ક્રિયા વિના જ્ઞાનવાનને પણ ઇચ્છિતઅર્થની પ્રાપ્તિ જોવા મળતી નથી. અન્યોએ પણ કહ્યું છે કે - *જીવોને ક્રિયા જ ફળપ્રદા બને છે, નહીં કે જ્ઞાન, કારણ કે સ્ત્રી-ભોજન વગેરેને ભોગવવાનું જ્ઞાન ધરાવનાર પણ એ જ્ઞાનમાત્રથી સુખી બની જતો નથી.* તથા આગમમાં પણ શ્રીતીર્થંકર ગણધર દેવોએ નિષ્ક્રિયજીવોનું જ્ઞાન નિષ્ફળ જ કહ્યું છે. જેમકે-*ઘણું શ્રુત ભણ્યા... પણ એ ચારિત્રશૂન્યજીવને શું લાભ કરે ? ઝગઝગાયમાન પણ લાખો-કરોડ દીવાઓ આંધળાને શું લાભ કરે ? જ્ઞાન સ્વવિષયમાં નિયત હોય છે, જ્ઞાનમાત્રથી કાંઈ કાર્ય થતું નથી. આમાં માર્ગજ્ઞ દૃષ્ટાંત છે. એ સચેષ્ટ = ચાલતો હોય તો ઇચ્છિત સ્થાને પહોંચે છે, નિશ્ચેષ્ટ હોય તો પહોંચતો નથી. તરવાનો જાણકાર તારુ પણ હાથ-પગ હલાવવા વગેરેની ક્રિયા ન કરે તો પ્રવાહથી ડૂબી જાય છે. એ જ પ્રમાણે ચારિત્રક્રિયા શૂન્ય જ્ઞાની પણ સંસારમાં ડૂબે છે.* અહીં जहा खरो चंदणभारवाही વગેરે શાસ્ત્રવચનો પણ જાણવા.

इत्यादि । एवं तावत् क्षायोपशमिकीं चरणक्रियामङ्गीकृत्य प्राधान्यमुक्तम् । अथ क्षायिकीमप्याश्रित्य तस्या एव प्राधान्यमवसेयम्, यस्मादर्हतोऽपि भगवतः समुत्पन्नकेवलज्ञानस्यापि न तावद् मुक्त्यवाप्तिः संपद्यते, यावदखिलकर्मेन्धनानलजालाकलापकल्पां शैलेश्यवस्थायां सर्वसंवररूपचारित्रक्रियां न प्राप्नोति। तस्मात् क्रियैव प्रधानं सर्वपुरुषार्थसिद्धिकारणम् । प्रयोगश्चात्र-यद् यत्समनन्तरभावि तत् तत्कारणम्, यथाऽन्त्यावस्थाप्राप्तपृथिव्यादिसामग्र्यनन्तरभावी तत्कारणोऽङ्कुरः। क्रियानन्तरभाविनी च सकलपुरुषार्थसिद्धिरिति । ततश्चैष चतुर्विधसामायिके देशविरतिसर्वविरतिसामायिके एव मन्यते, क्रियारूपत्वेन प्रधानमुक्तिकारणत्वात्। सम्यक्त्वश्रुतसामायिके तु तदुपकारित्वमात्रतो गौणत्वाद् नेच्छतीति ॥

अनयोश्च नययोरत्र निर्भरः-(१) दंडश्चक्रभ्रमणद्वारा घटमुत्पादयति । तत्र दंडो व्यापारी चक्रभ्रमणं च व्यापारः । लोकश्च दंडमेव घटकारणतया व्यवहरति, न तु चक्रभ्रमणमिति दण्डस्यैव मुख्या कारणता । ज्ञाननयोऽप्येवमेव वक्ति-ज्ञानं क्रियाद्वारा मोक्षसाधकमतस्तदेव मुख्यं कारणं, क्रिया तु ज्ञानव्यापार एव (२) कुलालपितुर्विना

---

આ ક્ષાયોપશમિક ક્રિયાને આશ્રીને કહ્યું. ક્ષાયિકી ક્રિયાને આશ્રીને પણ એ જ પ્રધાન જાણવી. કારણ કે શ્રી અરિહંત ભગવાનને પણ કેવલજ્ઞાન પ્રાપ્ત થઈ જવા છતાં, જ્યાં સુધી બધા જ કર્મરૂપ ઇંધનને બાળી નાખનાર અગનજ્વાલારૂપ સર્વસંવરચારિત્રક્રિયા શૈલેશી અવસ્થામાં પ્રાપ્ત થતી નથી ત્યાં સુધી મોક્ષ થતો નથી. માટે સર્વપુરુષાર્થની સિદ્ધિમાં ક્રિયા જ મુખ્ય કારણ છે. આમાં આવો અનુમાનપ્રયોગ જાણવો - જે જેના પછી થાય તે તત્કારણક હોય, જેમકે અંતિમઅવસ્થામાં પ્રાપ્ત પૃથ્વી વગેરે સામગ્રીની પછી થનાર અંકુરનું કારણ એ સામગ્રી કહેવાય છે. બધા જ પુરુષાર્થની સિદ્ધિ ક્રિયા બાદ જ થાય છે, માટે એ જ પ્રધાન કારણ છે. તેથી આ નય ચાર પ્રકારના સામાયિકમાંથી દેશવિરતિ-સર્વવિરતિ... એ બે સામાયિક જ માને છે, કારણ કે ક્રિયારૂપ હોવાથી મોક્ષનું મુખ્ય કારણ છે, સમ્યક્ત્વ-શ્રુતસામાયિક તો એ બે સામાયિકના ઉપકારી હોવામાત્રના કારણે ગૌણ છે.

આ બે નયોનું જોર આ પ્રમાણે છે - (૧) દંડ ચક્રભ્રમણદ્વારા ઘટોત્પત્તિ કરે છે... આમાં દંડ એ વ્યાપારી છે, ચક્રભ્રમણ એ વ્યાપાર છે. લોક દંડને જ ઘટનું કારણ તરીકે કહે છે, ચક્રભ્રમણને નહીં, માટે દંડ જ પ્રધાનકારણ છે. જ્ઞાનનય પણ આ જ દલીલનો આશ્રય લે છે. જ્ઞાન ક્રિયાદ્વારા મોક્ષનું કારણ બને છે. માટે જ્ઞાન એ જ મુખ્ય કારણ કહેવાય, ક્રિયા તો એનું દ્વારમાત્ર છે. (૨) કુંભારનો બાપ ન હોય તો કુંભાર જ ન

कुलालासम्भवे घटस्याप्यसम्भव एव। तथापि घटं प्रति त्वनन्तरकारणतया कुलाल एव कारणं, न तु तत्कारणीभूतस्तत्पिताऽपि, कारणकारणस्य तस्य कुलालपितुर्घटं प्रत्यन्यथा-सिद्धत्वमेव । एवमेव मोक्षं प्रति क्रियाया एवानन्तरकारणत्वं, ज्ञानस्य तु कारणीभूतायाः क्रियायाः कारणतयाऽन्यथासिद्धत्वमेव मोक्षं प्रति । अतः क्रियैव मोक्षकारणमिति क्रियानयः ।

ननु पक्षद्वयेऽपि युक्तिदर्शनात्किमिह तत्त्वम् ? इत्यतः स्थितपक्षमाह निर्युक्तिकारः- *सव्वेसिं पि नयाणं बहुविहवत्तव्वयं निसामित्ता। तं सव्वनयविसुद्धं जं चरणगुणट्ठिओ साहू ॥३५३१॥ त्ति॥* न केवलं ज्ञानक्रियानयद्वयस्यैव, किं तर्हि? सर्वेषामपि स्वतन्त्रसामान्यविशेष-वादिनां नामस्थापनादीनां वा नयानां परस्परविरोधिनीं वक्तव्यतां निशम्य तदिह सर्वनयविशुद्धं= सर्वनयसंमतं प्रमाणसंमतमिति यावद्, यच्चरणगुणस्थितः साधुः । अत्र चरणं चारित्रक्रिया, गुणो ज्ञानं, तयोः स्थितः=ज्ञान-क्रियाभ्यां द्वाभ्यामपि युक्त एव साधुर्मुक्तिसाधको न पुनरेकेन केनचिदिति भावः। यत् तावज्ज्ञानवादिना प्रोक्तं-यद्येन विना न भवति तत्तन्निबन्धन-मेवे'त्यादि तदस्माकमपीष्टमेव, केवलं तेनैव क्रियाऽपि कारणतया सिध्यत्येव, क्रियाया विनापि सिद्धेरसम्भवात्। दाहपाकाद्यर्थिनां मोक्षार्थिनां वा दहनादिपरिज्ञानमात्रात् केवलज्ञान-

---

હોવાથી ઘડો પણ ન જ બને. છતાં, ઘડા પ્રત્યે તો અંનંતરકારણ એવો કુંભાર જ 'કારણ' કહેવાય છે, એ કુંભારના કારણરૂપ કુંભારપિતા ઘડા પ્રત્યે અન્યથાસિદ્ધ કહેવાય છે. એમ મોક્ષનું અનંતર કારણ તો ક્રિયા છે, જ્ઞાન તો એ ક્રિયાનું કારણ છે. માટે ક્રિયા જ કારણ છે, જ્ઞાન તો મોક્ષપ્રત્યે અન્યથાસિદ્ધ છે, એમ ક્રિયાનય કહે છે.

શંકા - આ તો બન્ને પક્ષે પોતપોતાની યુક્તિઓ છે, તો આમાં રહસ્ય શું છે? એ જણાવવા માટે નિર્યુક્તિકાર સ્થિતપક્ષને (સિદ્ધાંતને) કહે છે - *માત્ર જ્ઞાન-ક્રિયાનય જ નહીં, સ્વતંત્ર સામાન્ય-વિશેષને કહેનાર નયો, નામ-સ્થાપનાદિ માનનાર નયો... આ બધાની પરસ્પર વિરોધી વક્તવ્યતાને સાંભળ્યા પછી એ વાતનો નિશ્ચય કરવો જોઈએ જે સર્વનયવિશુદ્ધ=સર્વનયસંમત હોય, અર્થાત્ પ્રમાણને માન્ય હોય. એ વાત આ છે કે ચરણગુણ સ્થિત=ગુણ એટલે જ્ઞાન અને ચરણ એટલે ક્રિયા... એમ જ્ઞાન-ક્રિયા બન્નેમાં સ્થિત સાધુ મોક્ષસાધક બને છે, બેમાંથી માત્ર એક દ્વારા નહીં.* જ્ઞાનવાદીએ જે કહેલ કે 'જે જે વિના ન થાય તે તન્નિમિત્તક હોય' એ માન્ય જ છે. પણ એનાથી જ ક્રિયા પણ કારણ તરીકે સિદ્ધ થઈ જ જાય છે, કારણ કે ક્રિયા વિના પણ કાર્ય થતું નથી જ. દાહ-પાકાદિના અર્થીને કે મોક્ષના અર્થીને દહનાદિના જ્ઞાનમાત્રથી કે

मात्राद्वा न दहनसिद्धिर्मोक्षसिद्धिर्वा, किन्तु तदानयनादिक्रियानुष्ठानं यथाख्यातचारित्रक्रियाऽपि वा तत्रापेक्ष्यत एव । तथा क्रियानयेनापि यदुक्तं यद्यत्समनन्तरभावि तत्तत्कारणमित्यादि, ततोऽपि ज्ञानमपि कारणतया सिध्यत्येव, दहनानयनादिक्रियाकाले सर्वसंवररूपक्रियाकालेऽपि वा दहनादिपरिज्ञानस्य केवलज्ञानस्य वा सत्त्वादिति ज्ञानक्रियोभयसाध्यैव मुक्त्यादिसिद्धिः । उक्तमपि- *हयं नाणं कियाहीणं हया अन्नाणिणो किया । पासंतो पंगुलो दड्ढो धावमाणो य अंधओ ॥ ॥ संजोगसिद्धीइ फलं वयंति न हु एगचक्केण रहो पयाइ । अंधो य पंगू य वणे समेच्चा ते संपउत्ता नगरं पविट्ठा ॥* ॥ इति॥

नन्वेवं ज्ञान-क्रिययोर्मुक्त्यवापिका शक्तिः प्रत्येकमसती समुदायेऽपि कथं स्यात् ? न हि प्रत्येकमसत् समुदितेष्वपि सिकताकणेषु तैलं सम्भवतीति । अत्रोच्यते-सिकताकणेषु यतः सर्वथा तैलस्याभाव एवातस्तत्समुदायेऽपि तदभाव एव । प्रस्तुते तु नैवं, ज्ञान-क्रिययोः प्रत्येकं मोक्षकारणताया यो निषेधः स सम्पूर्णोपकारितामपेक्ष्यैव, न तु

---

કેવલજ્ઞાનમાત્રથી પણ ઇષ્ટસિદ્ધિ થઈ જતી નથી, પણ બળતણ લાવવું વગેરે ક્રિયા કે યથાખ્યાતચારિત્રક્રિયા આવશ્યક બને જ છે. તથા ક્રિયાનયે જે કહેલ કે 'જે જેના પછી થાય તે તત્કારણક હોય' એનાથી જ્ઞાન પણ કારણ તરીકે સિદ્ધ થાય છે જ. કારણ કે બળતણ લાવવું વગેરે ક્રિયાકાળે, સર્વસંવરક્રિયાકાળે ક્રમશઃ દહનાદિજ્ઞાન કે કેવલજ્ઞાન હોય જ છે. માટે કાર્યસિદ્ધિ જ્ઞાનઅનંતરભાવી પણ છે જ. માટે કાર્યસિદ્ધિ જ્ઞાનક્રિયાઉભયસિદ્ધ છે. એટલે જ કહ્યું પણ છે જ કે -

*ક્રિયાહીન જ્ઞાન હણાયેલું છે, અજ્ઞાનીની ક્રિયા હણાયેલી છે. જોવા છતાં પાંગળો અને દોડતો એવો આંધળો બન્ને આગમાં બળી ગયા. સંયોગ દ્વારા ફળ મળે છે. એક ચક્રથી રથ ચાલતો નથી. આંધળા પર પાંગળો બેસી ગયો, માર્ગદર્શન કરે છે અને એમ બન્ને ભેગા થઈને ઇષ્ટનગરે પહોંચી ગયા.*

**શંકા** - એકલા જ્ઞાન કે એકલી ક્રિયામાં જો મોક્ષપ્રાપિકા શક્તિ નથી, તો એ બેના સમુદાયમાં પણ એ શી રીતે હોય ? રેતીના ૧-૧ કણમાં નહીં રહેલ તેલ એના સમુદાયમાં પણ હોતું નથી જ.

**સમાધાન** - રેતીના કણમાં તો સર્વથા તેલ છે જ નહીં, માટે સમુદાયમાં પણ નથી. પ્રસ્તુતમાં આવું નથી. જ્ઞાન-ક્રિયા પ્રત્યેકમાં મોક્ષસાધકતાનો જે નિષેધ કરાય છે તે સંપૂર્ણઉપકારિતાની અપેક્ષાએ જ. દેશોપકારિતા તો બન્નેમાં છે જ, જે બેના સમુદાયમાં

देशोपकारितामपेक्ष्यापि, तस्यास्तत्र सत्त्वात् । इयञ्च देशोपकारिता समुदाये सम्पूर्णा भवति । अतः स्थितमिदं-ज्ञान-क्रिये समुदिते एव मुक्तिकारणं, न प्रत्येकमिति । तद्युक्तश्च भावसाधुः सर्वैरपि नयैरिष्यत एव ॥

तदेवं विचारितौ ज्ञान-क्रियानयौ । अधुना क्रमप्राप्तौ द्रव्य-पर्यायार्थिकनयौ चिन्तनीयौ । तत्र *दव्वट्ठिअस्स दव्वं वत्थुं पज्जवनयस्स पज्जाओ । अप्पियमयं विसेसो, सामन्नमणप्पियनयस्स ॥३५८८॥* **त्तिभाष्यवचनाद्** द्रव्यार्थिकस्य द्रव्यमेव वस्तु, न तु पर्यायाः, अवस्तुत्वात्, खपुष्पवत्। अत एव द्रव्यमर्थोऽस्येति द्रव्यार्थिकोऽयमुच्यते। पर्यायनयस्तु पर्याय एव वस्तु, न तु द्रव्यं, अवस्तुत्वात्, कूर्मरोमवदित्याह। अत एव पर्यायोऽर्थोऽस्येति पर्यायार्थिकोऽसावुच्यते। तत्र नैगम-सङ्ग्रहव्यवहारा द्रव्यार्थिकाः, शब्दादयस्तु त्रयः पर्यायार्थिकाः, ऋजुसूत्रस्तु द्रव्यार्थिकोऽपि पर्यायार्थिकोऽपीत्यादिकं पूर्वं सविस्तरं विचारितमेव ।

अथास्यां भाष्यगाथायां कथितावर्पितानर्पितनयौ पूर्वं कथ्येते-तत्रार्प्यते विशेष्यत इत्यर्पितो विशेषस्तद्वादी नयोऽर्पितनयः समयप्रसिद्धो ज्ञेयः । तन्मतं विशेष एवास्ति, न सामान्यम् ।

---

संपूर्ण બને છે. માટે કોઈ દોષ નથી. એટલે આ નિશ્ચિત થયું કે સમુદિત એવા જ્ઞાન-ક્રિયા મોક્ષનું કારણ છે, નહીં કે અલગ-અલગ. તેનાથી=જ્ઞાન-ક્રિયાના સમુદાયથી યુક્ત ભાવસાધુ બધા નયોને મુક્તિના કારણ તરીકે માન્ય છે.

આમ, જ્ઞાન-ક્રિયાનયનો વિચાર કર્યો. હવે ક્રમપ્રાપ્ત દ્રવ્ય-પર્યાયાર્થિકનયનો વિચાર કરવાનો છે. એમાં, *'દ્રવ્યાર્થિકનયને દ્રવ્ય એ વસ્તુ છે. પર્યાયાર્થિકનયને પર્યાય એ વસ્તુ છે. અર્પિતનયને માન્ય છે વિશેષ અને અનર્પિતનયને સામાન્ય માન્ય છે. ॥૩૫૮૮॥'* આવા **ભાષ્યવચનથી** જણાય છે કે દ્રવ્યાર્થિકનયમતે દ્રવ્ય એ જ વસ્તુ છે, નહીં કે પર્યાયો, કારણ કે પર્યાયો ખપુષ્પની જેમ અવસ્તુ છે. એટલે જ દ્રવ્ય છે અર્થ જેનો તે દ્રવ્યાર્થિકનય એમ કહેવાય છે. પર્યાયનય એમ કહે છે કે વસ્તુ પર્યાયસ્વરૂપ જ છે, દ્રવ્યસ્વરૂપ નથી, કારણ કે દ્રવ્ય અવસ્તુ છે, જેમકે કૂર્મરોમ. એટલે જ પર્યાય છે અર્થ જેનો તે પર્યાયાર્થિકનય એમ કહેવાય છે. એમાં નૈગમ-સંગ્રહ અને વ્યવહારનયો દ્રવ્યાર્થિક છે, શબ્દાદિ ત્રણ નયો પર્યાયાર્થિક છે, જ્યારે ઋજુસૂત્રનય દ્રવ્યાર્થિક પણ છે, પર્યાયાર્થિક પણ છે... આ બધી વાતો પૂર્વે વિસ્તારસહિત વિચારેલી છે.

હવે આ જ ભાષ્યગાથામાં કહેલા અર્પિત-અનર્પિતનયને પહેલાં કહેવાય છે - એમાં જે અર્પિત થાય તે વિશેષ એ અર્પિત છે. તેનો ગ્રાહકનય એ અર્પિતનય જે શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. એનો મત એવો છે કે વિશેષ જ છે, સામાન્ય નથી. અવિશેષિત

अनर्पितमविशेषितं सामान्यमुच्यते, तद्वादी नयोऽनर्पितनयः, सोऽपि समयप्रसिद्ध एव बोद्धव्यः, तन्मतं तु सामान्यमेवास्ति, न विशेषः । अत्राप्यर्पिताऽनर्पितनयद्वये सङ्ग्रहादीनां समवतारो द्रष्टव्य इतीति तत्र भाष्यगाथावृत्तौ । चशब्दगृहीतावर्थशब्दनयावपि पूर्वं विचारितावेव ।

अथावशिष्टौ व्यवहार-निश्चयनयौ चिन्त्येते । तत्र-*लोगव्ववहारपरो ववहारो भणइ कालओ भमरो । परमत्थपरो मण्णइ निच्छइओ पंचवण्णो त्ति ॥३५८९॥*त्तिभाष्यगाथातो लोकाभिमतार्थग्राही नयो व्यवहारः, तत्त्वार्थग्राही नयो निश्चय इति लक्षणे प्राप्येते । तदुक्तं **द्रव्य-गुण-पर्यायनो रासग्रन्थे**-*ते माटइं निश्चय-व्यवहारनुं लक्षण* ***भाष्यइ****=विशेषावश्यकइ कहिउं तिम निरधारो तत्त्वार्थग्राही नयो निश्चयः, लोकाभिमतार्थग्राही व्यवहारः। इति।* तत्र युक्तिसिद्धस्तर्कसहस्तत्त्वार्थभूतोऽर्थस्तत्त्वार्थः । अयमर्थ ईदृगेव भवितुमर्हतीति यत्रास्मदन्तः करणस्याप्यकृत्रिमा सम्मतिः स तत्त्वार्थतया ज्ञेयः । यथा-यत्र प्रत्याख्यानावरणराग-द्वेषयोरनुदय एवेदृशी परिणतिः साधुतेति ।

---

એવું સામાન્ય એ અનર્પિત છે. એનો ગ્રાહકનય એ અનર્પિતનય. એ પણ શાસ્ત્રપ્રસિદ્ધ નય જ જાણવો. એનો મત એવો છે કે સામાન્ય જ છે, વિશેષ નથી. વળી એ જ ભાષ્યગાથાની વૃત્તિમાં આ જણાવ્યું છે કે આ અર્પિત-અનર્પિત એવા બે નયોમાં સંગ્રહ વગેરે નયોનો સમવતાર જાણવો.

ચ શબ્દથી ગૃહીત અર્પિત-અનર્પિત નયોને કહ્યા બાદ એ જ 'ચ'શબ્દથી ગૃહીત અર્થનય અને શબ્દનયનું જોડકું કહેવું ઇષ્ટ છે. પણ એ પૂર્વે કહેવાઈ જ ગયેલું છે.

હવે બાકી રહેલા નિશ્ચય-વ્યવહારનયનો વિચાર કરાય છે. *"લોકવ્યવહારમાં તત્પર એવો વ્યવહારનય કહે છે કે ભમરો કાળો હોય છે. પરમાર્થમાં તત્પર એવો નિશ્ચયનય એમ માને છે કે ભમરો (બાદરસ્કંધરૂપ હોવાથી) પાંચે વર્ણવાળો હોય છે. ॥૩૫૮૯॥* આવી **ભાષ્યગાથા** પરથી આવા લક્ષણ મળે છે કે લોકને અભિમત અર્થને જોનારો નય એ વ્યવહારનય અને તત્ત્વાર્થને=તત્ત્વભૂત અર્થને જોનારો નય એ નિશ્ચયનય. **'દ્રવ્ય-ગુણ પર્યાયનો રાસ'** ગ્રન્થમાં કહ્યું જ છે કે-*તે માટે નિશ્ચય-વ્યવહારનું લક્ષણ વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છે તેમ વિચારવું-તે આ પ્રમાણે-તત્ત્વાર્થગ્રાહીનય નિશ્ચય, લોકાભિમતાર્થગ્રાહી નય વ્યવહાર.* આમાં જે યુક્તિસિદ્ધ હોય, તર્કસહ હોય એ તત્ત્વાર્થભૂત અર્થ કહેવાય. આ પદાર્થ આવો જ હોય શકે એ રીતે જે અર્થ અંગે આપણું દિલ બોલે એ પદાર્થ તત્ત્વાર્થભૂત જાણવો. જેમકે-પ્રત્યાખ્યાનાવરણ કક્ષાના રાગ-દ્વેષનો અનુદય હોય એવી પરિણતિ એ સાધુતા છે.

छद्मस्थो लोकोऽन्तर्गतां परिणतिं ज्ञातुं प्रायो नार्हतीति स बाह्यवेशादिकमनुसृत्यैव व्यवहरति। यथा साधुवेशसहिताऽऽलयविहारादिक्रिया साधुतेति। ततश्च लोके प्रसिद्धिरप्यस्यैवार्थस्य भवतीति ।

यद्यपि प्रमाणमपि तत्त्वार्थग्राह्येव, तथापि तस्य सकलतत्त्वार्थग्राहित्वं निश्चयनयस्य त्वेकदेशतत्त्वार्थग्राहित्वमिति विशेषः । ननु तत्त्वभूतस्यार्थस्य द्वितीयः कोंऽशः ? यं प्रमाणं गृह्णाति, न तु निश्चयनय इति। व्यवहारग्राह्योंऽशस्तथेति गृहाण । हन्त ! एवं तु व्यवहारोऽपि तत्त्वार्थग्राह्येव स्यादिति चेत्? स्यादेव किं हन्तेति पूत्कारेण? तर्हि श्रमणवेशालयविहारादिक्रियादीनामपि तत्त्वार्थत्वं किं संमतम्? संमतमेव, किमत्र प्रष्टव्यम्? स्वकार्यकारिणस्तत्त्वार्थत्वनियमात् ।

ननु श्रमणवेशादयोऽपि प्रतिसमयमसङ्ख्यगुणनिर्जरालक्षणं साधुताकार्यं किं कुर्वन्ति ? न कुर्वन्तीति चेत् ? तर्हि कथं तेषां तत्त्वार्थत्वम् ? स्वकार्यकारित्वादेव, न हि निर्जरालक्षणमेकमेव साधुताकार्यं, किन्तर्हि ? वंदनप्रतिपत्त्यादिकमपि तत्कार्यमेवेति तत्कुर्वतो

---

છદ્મસ્થ લોક આંતરિક પરિણતિને પ્રાયઃ જાણી શકતો નથી. એટલે એ બાહ્યવેશ વગેરે જોઈને જ વ્યવહાર કરે છે. જેમકે સાધુવેશ હોય-આલયવિહારાદિક્રિયા હોય તો એ સાધુતા છે. એટલે લોકમાં પ્રસિદ્ધિ પણ આવા જ અર્થની થાય છે.

જો કે પ્રમાણ પણ તત્ત્વાર્થગ્રાહી જ હોય છે. તો પણ એ સકલતત્ત્વાર્થગ્રાહી હોય છે, જ્યારે નિશ્ચયનય એકદેશતત્ત્વાર્થગ્રાહી હોય છે.

**પ્રશ્ન** - તત્ત્વભૂતઅર્થનો બીજો કયો અંશ છે ? જેનું પ્રમાણ ગ્રહણ કરે છે પણ નિશ્ચયનય કરતો નથી ?

**ઉત્તર** - વ્યવહારનયગ્રાહ્યઅંશ એ બીજો તત્ત્વભૂતઅર્થાંશ છે એમ જાણ...

**શંકા** - હેં ! આમ તો વ્યવહારનય પણ તત્ત્વાર્થગ્રાહી બની જશે...

**સમાધાન** - છે જ, એમાં 'હેં' શું કરવાનું ?

**પ્રશ્ન** - તો શું શ્રમણવેશ-આલયવિહારાદિક્રિયા વગેરે પણ તત્ત્વભૂતઅર્થ તરીકે માન્ય છે?

**ઉત્તર** - હા, માન્ય જ છે, એમાં પૂછવા જેવું શું છે ? જે સ્વકાર્ય કરી આપે એ અર્થ તત્ત્વભૂત હોય જ એવો નિયમ છે.

**પ્રશ્ન** - શ્રમણવેશ વગેરે પ્રતિસમય અસંખ્યગુણકર્મનિર્જરારૂપ કર્મનિર્જરાવિશેષાત્મક સાધુતાકાર્ય શું કરે છે ?

**ઉત્તર** - નથી કરતા.

वेशादिकस्य कुतो न तत्त्वार्थत्वम् ? तथापि कर्मनिर्जराविशेषलक्षणं कार्यमकुर्वतस्तस्य तत्त्वार्थत्वाभाव एवेति **चेत् ? मैवं,** परिणामविशेषस्यापि तत्त्वार्थत्वाभावप्रसङ्गात्, तेनापि वंदनप्रतिपत्त्यादिलक्षणस्य कार्यस्याकरणात् । निःस्पृहस्य साधोर्वन्दनाद्यप्रतिपत्तौ न किञ्चित् क्षूयत इति **चेत्? न,** अर्थस्य स्वकार्यकरणे स्पृहासत्त्वासत्त्वयोरकिञ्चित्करत्वात्, स्पृहाशून्योऽपि वह्निर्दहत्येव । अन्यथा कर्मनिर्जराविशेषस्यापि कार्यत्वायोगापत्तेः, *मोक्षे भवे च सर्वत्र निःस्पृहो मुनिसत्तम* इति वचनात्तत्रापि स्पृहाया अभावसम्भवात् ।

भवतु तर्हि वन्दनादिप्रतिपत्त्यादिकमपि साधुताकार्यं, तथापि तद् गौणमेव, मुख्यं तु कार्यं कर्मनिर्जराविशेष एवेति **चेत् ? न,** गौणमुख्यभावाभावात्, *ववहारो वि हु बलवं* इत्यादिवचनात्। तथापि साधुवेशादिना कर्मनिर्जराविशेषस्तु नैव भवतीति चेत्? किं कुर्मस्तत्र

---

**પ્રશ્ન** - તો પછી એ અર્થ તત્ત્વભૂત શી રીતે ?

**ઉત્તર** - સ્વકાર્યકારી હોવાથી જ. સાધુતાનું નિર્જરાવિશેષ એ જ એક માત્ર કાર્ય નથી. તો ? વંદનપ્રતિપત્તિ વગેરે પણ એનું કાર્ય છે જ. એને કરી આપનાર વેશને તત્ત્વભૂત અર્થ શા માટે ન કહેવાય ?

**પ્રશ્ન** - નિર્જરાવિશેષાત્મક કાર્યને ન કરી આપનાર એને તત્ત્વભૂત શી રીતે કહી શકાય ?

**ઉત્તર** - આમ તો અંદરની ચોક્કસ પરિણતિને પણ તત્ત્વભૂત નહીં કહી શકાય. કારણ કે એ પણ વંદનપ્રતિપત્તિ વગેરે રૂપ કાર્યને કરતી નથી.

**પ્રશ્ન** - નિઃસ્પૃહ સાધુને વંદન થયા તો પણ શું ? ને ન થયા તો પણ શું ?

**ઉત્તર** - પદાર્થ સ્વકાર્ય કરે એમાં સ્પૃહા હોવી-ન હોવી એનો કોઈ મતલબ નથી. સ્પૃહાશૂન્ય એવો પણ અગ્નિ દાહકાર્ય કરે જ છે ને ! નહીંતર તો નિર્જરાવિશેષને પણ કાર્ય તરીકે નહીં કહી શકાય, કારણ કે *'મોક્ષ પ્રત્યે અને સંસાર પ્રત્યે... મુનિશ્રેષ્ઠ સર્વત્ર નિઃસ્પૃહ હોય છે...'* આવા વચનથી નિર્જરાવિશેષ પ્રત્યે પણ નિસ્પૃહતાનો સંભવ જણાય જ છે.

**શંકા** - વંદનપ્રતિપત્તિ વગેરે પણ ભલે સાધુતાનું કાર્ય હો... તો પણ એ ગૌણ જ છે, મુખ્ય તો નિર્જરા જ છે...

**સમાધાન** - ના, આવો ગૌણ-મુખ્યભાવ છે નહીં, કારણ કે ववहारो वि हु बलवं એવા વચન મુજબ વ્યવહારનય (અને તેથી વ્યવહારનયમાન્ય વિષય પણ) નિશ્ચયતુલ્ય બળવાન્ છે જ.

निरुपाया वयम् ? सर्वोऽपि स्वकार्यमेव करोति, न परकार्यमित्यत्र किमपि पर्यनुयोज्यं कदाचिदपि नैव भवतीति । परन्तु लोकव्यवहारस्य न कोऽपि नियमः, केवलवेशधारिणो द्रव्यलिङ्गिनोऽपि साधुतया व्यवहारात्। ननु तस्य का वार्ता? यावत्प्रयोजनविशेषेणेत्वरसाधुवेशधारिणं भाण्डमपि लोकः साधुतया व्यवहरति, परन्तु तस्याकिञ्चित्करत्वमेवेति नैव वक्तव्यं, भाण्डेनापि महामन्त्रिण उदायनस्यान्तिमसमये समाधेः सम्पादितत्वादिति । ननु व्यवहारस्तु साधुचित्रमपि साधुतया व्यवहरतीति चेत् ? व्यवहरतु को दोषः ? तेनापि दर्शकेषु प्रीति-भक्त्यादयो जायन्ते, वन्दनप्रतिपत्त्यादिकं च सम्भवति । न सर्वेषां दर्शकानां प्रीत्यादयो जायन्त इति चेत् ? सति प्रतिबन्धके कार्यासम्पत्तिमात्रेण कारणत्वनिषेधः किमुचितः ? अन्यथा भावसाधावपि प्रश्न एव, तं दृष्ट्वापि कस्यचित् तिरस्कारादिभावसम्भवात् ।

तथापि श्रमणवेशादिर्व्यवहारग्राह्योऽर्थः प्रीत्यादिसम्पादनद्वाराऽन्यानुपकरोति, न तु स्वमिति

---

**શંકા** - તો પણ સાધુવેશાદિથી વિશેષ નિર્જરા તો થતી નથી જ ને !

**સમાધાન** - એમાં નિરુપાય આપણે શું કરી શકીએ ? દરેક વસ્તુ સ્વકાર્ય જ કરે છે, પરકાર્ય નહીં... એમાં ક્યારેય પણ કોઈપણ પ્રશ્ન પૂછવાનો હોતો નથી.

**શંકા** - પણ લોકવ્યવહારને તો કોઈ ધારાધોરણ નથી. એ તો માત્ર વેશધારી દ્રવ્યલિંગીનો પણ સાધુ તરીકે વ્યવહાર કરે છે.

**સમાધાન** - અરે ભાઈ ! એની શું વાત કરવી ? કોઈ તેવા કારણે અલ્પકાળ માટે સાધુવેશ ધરનાર ભાંડને પણ લોક એ વખતે સાધુ તરીકે સંબોધે છે. 'પણ એ અકિંચિત્કર જ હોય છે' એમ ન કહેવું, કારણ કે એવા ભાંડે પણ ઉદાયનમંત્રીને અંતિમ સમયે સમાધિ આપી હતી.

**શંકા** - વ્યવહાર તો સાધુના ચિત્રને પણ સાધુ કહે છે...

**સમાધાન** - ભલે ને કહે, શું વાંધો છે ? એનાથી પણ દર્શકોને પ્રીતિ-ભક્તિ વગેરે ઉભરાય છે અને વંદનપ્રતિપત્તિ વગેરે પણ થાય જ છે.

**શંકા** - પણ, બધા દર્શકોને પ્રીતિ વગેરે ક્યાં થાય છે ?

**સમાધાન** - પ્રતિબંધક હોય તો ન પણ થાય... પણ એટલા માત્રથી કારણતાનો નિષેધ કરી દેવો શું યોગ્ય છે ? નહીંતર ભાવસાધુ માટે પણ પ્રશ્ન આવશે જ. એમને જોઈને પણ કોઈકને દ્વેષાદિ થતા હોય છે.

**શંકા** - છતાં, વ્યવહારગ્રાહ્ય શ્રમણવેશાદિરૂપ અર્થ પ્રીત્યાદિ દ્વારા બીજાઓને ઉપકારક બની શકે છે. પોતાને નહીં, માટે તત્ત્વભૂત નથી.

न तस्य तत्त्वार्थत्वमिति चेत् ? न, असिद्धेः । स्वयं संयमानुकूलपरिणतिं यत्प्राप्तवांस्तत्रापि प्रथममन्यस्य साधुवेशादिकं दृष्ट्वोद्भूताया: प्रीत्यादेरुपकारात्, अत एव *अरिहंता अरिहंतपुव्विअत्ति* शास्त्रवचनम् । नन्वेषोऽन्यसाधुवेशादेरुपकार:, स्वसाधुवेशादेस्तु न कोऽपि स्वोपकार इति **चेत् ? मैवं,** निश्चयग्राह्याया: परिणतेरुत्पादे स्थिरीकरणे विशदीकरणे च साधुवेशादेरुपकारकत्वात् । अत एव साधुवेशादिर्विनैव सञ्जाता संयमपरिणतिरन्तर्मुहूर्तादूर्ध्वं नावतिष्ठते । स्वकीयोऽपि साधुवेश: प्रसन्नचन्द्रं राजर्षिमुपाकरोदिति तु प्रसिद्धमेव । संयमपरिणतौ शिथिलीभूतायां स्वकीयवेशादिकं दृष्ट्वा, तद्दृष्ट्वा श्रावकादिभि: क्रियमाणं वन्दनादिकं च दृष्ट्वा लज्जालो: संयमपरिणतिस्थैर्यं भवतीत्यपि नाप्रसिद्धम् ।

किञ्च जिनोक्तो मोक्षमार्गो निश्चय-व्यवहारोभयसंवलित इति मोक्षमार्गांशभूतो व्यवहारोऽतत्त्वभूतो भवितुं कथमर्हति? अपरञ्च शास्त्रेषु व्यवहारग्राह्यस्य श्रमणवेशादेरालयविहारादेश्चार्थस्य नैकसहस्रश: श्लोकप्रमाणं सूक्ष्मं सूक्ष्मतरं निरूपणं यत्प्राप्यते तदपि तस्य तत्त्वभूतत्वमावेद-

---

**સમાધાન** - આ વાત બરાબર નથી, કારણ કે પોતે પણ આજે સંયમપરિણતિ સુધી જે પહોંચ્યો છે તેમાં સર્વપ્રથમ બીજાના સાધુવેશાદિ જોઈને થયેલ પ્રીતિ વગેરેનો ઉપકાર છે જ. એટલે જ अरिहंता अरिहंतपुव्विआ એવું શાસ્ત્રવચન છે.

**શંકા** - આ પણ અન્યના સાધુવેશનો ઉપકાર છે. પોતાના સાધુવેશાદિનો તો પોતાને કોઈ ઉપકાર છે જ નહીં ને !

**સમાધાન** - ના, એવું નથી. નિશ્ચયના વિષયભૂત પરિણતિને ઉત્પન્ન કરવામાં, સ્થિર કરવામાં અને નિર્મળ કરવામાં સાધુવેશાદિ ઉપકારક છે. એટલે સાધુવેશાદિ વગર જ કોઈકને થઈ ગયેલી સંયમપરિણતિ અન્તર્મુહૂર્તથી અધિક ટકી શકતી નથી. પોતાના સાધુવેશે પ્રસન્નચન્દ્રરાજર્ષિને ઉપકાર કર્યો હતો એ પ્રસિદ્ધ છે જ. સંયમપરિણતિ શિથિલ થઈ હોય ત્યારે પોતાનો સાધુવેશ જોઈને કે એ જોઈને અગ્રણી શ્રાવકાદિ દ્વારા કરાતા વંદનાદિને જોઈને લજ્જાળુ જીવની સંયમપરિણતિ સ્થિર થાય છે એ વાત પણ અપ્રસિદ્ધ નથી.

વળી, જિનોક્ત મોક્ષમાર્ગ નિશ્ચય-વ્યવહારઉભય સંવલિત છે. એટલે જે મોક્ષમાર્ગના અંશભૂત છે એ વ્યવહાર અતત્ત્વભૂત શી રીતે હોય શકે ? તથા, વ્યવહારગ્રાહ્ય એવો જે શ્રમણવેશાદિરૂપ કે આલયવિહારાદિરૂપ અર્થ, એનું શાસ્ત્રોમાં હજારો શ્લોક પ્રમાણ ખૂબ વિસ્તારથી અને ઘણી ઝીણવટભર્યું નિરૂપણ કરેલું છે. એમાં જરા પણ ગરબડ કરનારને આકરા પ્રાયશ્ચિત્ત દેખાડેલા છે. આ પણ સૂચવે જ છે કે આ વ્યવહારગ્રાહ્ય

यत्येव, न ह्यतत्त्वभूतोऽर्थ एतावन्महत्त्वमर्हति । अत एवैनं तत्त्वभूतमर्थांशमगृह्णन् निश्चय एकदेशतत्त्वार्थग्राही, तमप्यंशं गृह्णत्प्रमाणं सकलतत्त्वार्थग्राहीत्यादि यदुक्तं तदप्युपपद्यते । अथ व्यवहारनयोऽपि यदि तत्त्वार्थग्राही, तर्हि भाष्ये तत्त्वार्थग्राही नयो निश्चयः, लोकाभिमतार्थग्राही व्यवहार इत्येवं किमिति कथितम् ? शृणु-जीवस्य द्वे स्वरूपे, एकं बाह्यमन्यत्त्वान्तरम्। एते च द्वे मिथोऽनुकूले अपि भवतः, कदाचिद्विपरीते अपि। तथैते च द्वे अपि जीवस्वरूपस्यैकदेशभूते, द्वयोः सम्मीलने सकलस्य तत्त्वभूतस्यार्थस्य प्राप्तिः । व्यवहारनयस्त्वाभ्यां प्रधानतया बाह्यं स्वरूपं गृह्णाति, निश्चयस्त्वान्तरं, प्रमाणं तु द्वे अपि स्वरूपे इति ।

छद्मस्थो लोको बाह्यं स्वरूपं द्रष्टुमेव समर्थः। परिणतिलक्षणस्यान्तरस्य स्वरूपस्याभ्रान्तो निश्चयस्तस्य सामान्यतयाऽशक्यप्रायः । अतस्तत्त्वभूतस्यार्थस्यैको व्यवहारविषयीभूतोंऽशो लोकाभिमतो भवति । तस्माल्लोकाभिमतार्थग्राही नयो व्यवहारनय इत्येवं व्यवहारनयलक्षणं भाष्यकृताऽकारि । तदर्थस्तु लोकाभिमतो यस्तत्त्वभूतोऽर्थस्तद्ग्राही नयो व्यवहारनय इत्येव ।

---

અર્થ પણ તત્ત્વભૂત જ છે. અતત્ત્વભૂત અર્થને મહાપુરુષો આટલું મહત્ત્વ કાંઈ આપે નહીં. એટલે જ આ તત્ત્વભૂત અર્થાંશને નહીં જોનારો "નિશ્ચયનય એકદેશતત્ત્વાર્થગ્રાહી છે અને એ અંશનું પણ ગ્રહણ કરનાર પ્રમાણ સકલતત્ત્વાર્થગ્રાહી છે" વગેરે જે કહેલું છે તે સંગત ઠરે છે.

**શંકા** - વ્યવહારનય પણ જો તત્ત્વાર્થગ્રાહી છે, તો ભાષ્યમાં, તત્ત્વાર્થગ્રાહીનય નિશ્ચય છે, લોકાભિમતાર્થગ્રાહીનય વ્યવહાર છે - આવું શા માટે કહ્યું છે ?

**સમાધાન** - જીવના બે સ્વરૂપ છે- એક બાહ્ય, બીજું આંતરિક. આ બન્ને પરસ્પર અનુરૂપ પણ હોય છે કે ક્યારેક પરસ્પર વિપરીત પણ હોય છે. તથા આ બન્ને જીવસ્વરૂપના અંશભૂત છે, બન્ને ભેગા થવા પર પૂર્ણ તત્ત્વભૂતઅર્થ મળે છે. વ્યવહારનય આમાંથી મુખ્યરૂપે બાહ્યસ્વરૂપને જુએ છે, નિશ્ચયનય આંતરિકસ્વરૂપને જુએ છે, પ્રમાણ બન્ને સ્વરૂપને જુએ છે.

છદ્મસ્થ એવો લોક બાહ્યસ્વરૂપને જોવાને જ સમર્થ છે. પરિણતિસ્વરૂપ આંતરિક સ્વરૂપનો અભ્રાન્તનિશ્ચય એના માટે સામાન્યથી અશક્ય જેવો હોય છે. એટલે તત્ત્વભૂત અર્થનો એક અંશ, જે વ્યવહારનો વિષય હોય છે તે લોકાભિમત બને છે. એટલે લોકાભિમત અર્થને જોનાર નય એ વ્યવહારનય એવું લક્ષણ ભાષ્યકારે બનાવ્યું છે. એનો અર્થ તો આ જ છે કે લોકાભિમત જે તત્ત્વભૂત અર્થ છે તેને જોનાર નય એ વ્યવહારનય. એટલે પારિશેષથી બાકી રહેલો તત્ત્વભૂત અર્થ નિશ્ચયનયનો વિષય છે એ

ततश्च पारिशेष्यादवशिष्टस्तत्त्वभूतोऽर्थो निश्चयनयग्राह्य इत्यपि गम्यत एवेति तल्लक्षणतया तत्त्वार्थग्राही नयो निश्चय इत्येव कथितम् । गोबलीवर्दन्यायेन चैषोऽर्थ आन्तरपरिणतिरूप इति निश्चीयत एव, बाह्यस्वरूपस्य व्यवहारविषयत्वेन निश्चितत्वादिति। परन्तु व्यवहारनय-लक्षणतयापि यदि 'तत्त्वार्थग्राही नयो व्यवहार' इत्येवोच्येत तदा द्वयोर्लक्षणयोः समानत्वमेव स्यादिति । ततश्चायमत्र सारः प्राप्यते-लोकाभिमततत्त्वार्थग्राही बोधो व्यवहारनयः, लोकातिक्रान्ततत्त्वार्थग्राही बोधो निश्चयनयः, उभयतत्त्वार्थग्राही बोधः प्रमाणमिति ।

इत्थञ्च त्रयाणां विषयता अपि भिन्ना एव । तथाहि *'प्रमत्तयोगात्प्राणव्यपरोपणं हिंसा'* इत्यत्र, व्यवहारनयस्य प्राणव्यपरोपणं हिंसा, निश्चयनयस्य प्रमत्तयोगो हिंसा, प्रमाणस्य च प्रमत्तयोगात्प्राणव्यपरोपणं हिंसेति॥१९॥ तदेवं विचारितानि ज्ञान-क्रियानयादीनि नयद्वन्द्वानि । अथ ग्रन्थशोधनप्रार्थनामन्तिमं मङ्गलं च ग्रन्थे निबन्धयन्नाह-

**नयमार्गादतिक्रान्तं किञ्चिदत्र मतिभ्रमात् ।**
**यद्युक्तं कृपया शोध्यं गीतैरभयशेखरैः ॥२०॥**

પણ સમજાય જ છે, માટે એના લક્ષણ તરીકે 'તત્ત્વભૂત અર્થનો ગ્રાહક નય એ નિશ્ચય' એટલું જ લક્ષણ બનાવ્યું. ગો-બલીવર્દન્યાયે આ અર્થ આંતરપરિણતિરૂપ છે એ નિશ્ચિત થાય છે જ, કારણ કે બાહ્યસ્વરૂપનો વ્યવહારના વિષય તરીકે નિશ્ચય થઈ ગયો છે. પણ વ્યવહારનયના લક્ષણ તરીકે પણ જો 'તત્ત્વાર્થગ્રાહી નય એ વ્યવહારનય' એવું જ કહેવામાં આવે તો બન્નેનું લક્ષણ સમાન જ થઈ જાય. માટે એના લક્ષણ તરીકે લોકાભિમત... વગેરે કહ્યું છે. એટલે આ સાર અહીં જાણવો - લોકાભિમતતત્ત્વભૂત અર્થને જોનાર બોધ એ વ્યવહારનય. લોકાતિક્રાન્ત તત્ત્વભૂત અર્થને જોનાર બોધ એ નિશ્ચયનય. તત્ત્વભૂત ઉભય અર્થને જોનાર બોધ એ પ્રમાણ.

એટલે આ ત્રણેની વિષયતા પણ જુદી-જુદી જ છે. જેમકે - प्रमत्तयोगात्प्राणव्यपरोपणं हिंसा આમાં, વ્યવહારનયમતે પ્રાણવ્યપરોપણ એ હિંસા છે, નિશ્ચયનયમતે પ્રમત્તયોગ એ હિંસા છે. પ્રમાણના અભિપ્રાયે પ્રમત્તયોગપૂર્વક થયેલ પ્રાણવ્યપરોપણ એ હિંસા છે. ॥૧૯॥ આમ જ્ઞાન-ક્રિયાનય... વગેરે નયજોડકાંઓનો વિચાર કર્યો. હવે, ગ્રન્થની શુદ્ધિ કરવાની પ્રાર્થના અને અંતિમમંગળને ગ્રન્થમાં જોડતાં કહે છે -

**ગાથાર્થ** - આ ગ્રન્થમાં મતિભ્રમના કારણે જો નયમાર્ગનું ઉલ્લંઘન કરીને કાંઈપણ કહેવાયેલું હોય તો અભય બનેલા જીવોમાં શિખરે રહેનારા ગીતાર્થ મહાત્માઓએ કૃપા કરીને એનું સંશોધન કરવા યોગ્ય છે.

पदे पदसमुदायोपचाराद् गीता इति गीतार्थाः । अत्र मतिभ्रमाद् यदि नयमार्गादतिक्रान्तं किञ्चिदुक्तं (भवेत् तत्) अभयशेखरैः गीतैः (गीतार्थैः) कृपया शोध्यं (इत्यहं प्रार्थये) इत्यत्र गाथान्वयः । गाथार्थश्च सुगमः । अत्र 'अभयशेखरैः' इति गीतार्थानां विशेषणेन ग्रन्थस्यान्तिमं मङ्गलं कृतम् । तथा ग्रन्थकृता अभयशेखरसूरिरिति स्वनामापि सूचितम् । कोऽयं विजयाभयशेखरसूरिरिति चेत् ? शृणु-

शासनपतिः **श्रीवीरपरमात्मा** गणेशश्च **श्रीसुधर्मास्वामी** यस्याः परम्पराया मूलं, तस्या तपोगच्छपरम्परायामभुवन् निर्मलब्रह्मचर्याः सुविशालश्रमणसमुदायसर्जकाः सङ्घैक्याभिलाषिणः सिद्धान्तमहोदधयः श्रीमन्तो **विजयप्रेमसूरीश्वराः** । तत्पट्टमलङ्कृतवतामिष्टफलसिद्धिवाद-विजेतॄणां न्यायविशारदानां वर्धमानतपोनिधीनां शिबिराद्यप्रेरकाणां श्रीमतां **विजयभुवनभानुसूरीश्वराणां** पट्टे रराजे सहजानन्दिनः कर्म-छेदग्रन्थविशारदा अध्यात्मपिपासवः श्रीमन्तो **विजयधर्मजित्सूरीश्वराः**। श्री सूरिमन्त्रसुसाधकानामनन्तलब्धिनिधान**श्रीगौतमस्वामि**सुभक्तानां गजाभिषेकजैनतीर्थादिप्रेरकाणां तच्छिष्याणां श्रीमतां विजय**जयशेखरसूरीश्वराणां** शिष्यलवोऽहं विजयो**ऽभयशेखरसूरिः** ।

---

અહીં 'ગીત' એવા પદમાં ગીતાર્થ એવા પદસમુદાયનો ઉપચાર છે ને તેથી ગીતાર્થ એવો અર્થ મળે છે. અભયશેખર એવા ગીતાર્થ મહાત્માઓને હું એવી પ્રાર્થના કરું છું કે જો મતિભ્રમ વગેરે કારણે મેં કાંઈપણ નયમાર્ગથી વિપરીત નિરૂપણ કર્યું હોય તો એ તમારે સંશોધન કરવા યોગ્ય છે. ગીતાર્થોના અભયશેખર એવા વિશેષણદ્વારા ગ્રન્થકારે અંતિમ મંગળ કર્યું છે તથા અભયશેખરસૂરિ એવું સ્વનામ પણ સૂચિત કર્યું છે. 'આ અભયશેખરસૂરિ કોણ છે ?' સાંભળો -

શાસનપતિ **શ્રીમહાવીરપ્રભુ** અને ગણધરદેવ **શ્રીસુધર્માસ્વામી** જેનું મૂળ છે તે તપાગચ્છની પરંપરામાં નિર્મળબ્રહ્મચારી, સુવિશાળશ્રમણસમુદાયના સર્જક, સંઘએકતાના અભિલાષી, સિદ્ધાન્તમહોદધિ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી મ.સા.** થયા. ઇષ્ટફળસિદ્ધિ-વાદવિજેતા, ન્યાયવિશારદ વર્ધમાનતપોનિધિ શિબિરના આદ્યપ્રેરક-વાચનાદાતા શ્રીમદ્વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબે** એમની પાટને શોભાવી. વળી તે શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ની પાટ પર સહજાનંદી, કર્મ-છેદશાસ્ત્રવિશારદ, અધ્યાત્મરસિક શ્રીમદ્વિજય **ધર્મજિત્સૂરીશ્વરજી મ.સા.** શોભ્યા. એમના શિષ્ય શ્રીસૂરિમન્ત્રના પરમસાધક, અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીના પરમભક્ત, ગજાભિષેકજૈનતીર્થના પ્રેરક શ્રીમદ્વિજય **જયશેખરસૂરીશ્વરજી મ.સા.**નો શિષ્યલવ હું વિજય **અભયશેખરસૂરિ** છું. હવે, પૂર્વગ્રન્થોમાં રહેલ પ્રશસ્તિના કેટલાક શ્લોક ટાંકીને ગ્રન્થસમાપ્તિ કરું છું.

अथ पूर्वग्रन्थगतान् कांश्चित् प्रशस्तिश्लोकान् समुद्धृत्य समापयामि ।

ग्रन्थे दूषणदर्शने निविशते दुर्मेधसां वासना,
भावाभिज्ञतया मुदं तु दधते ये केऽपि तेभ्यो नमः ।
मन्दारद्रुमपल्लवेषु करभा किं नो भृशं द्वेषिणो
ये चास्वादविदस्तदेकरसिकाः श्लाघ्यास्त एव क्षितौ ॥ [नयरहस्यम्]

निक्षेपा वा नया वा तदुभयजनिताः सप्तभङ्गात्मका वा,
शृङ्गाराः सार्ववाचः परगुणरचनाजातरोचिष्णुभावाः ।
यस्याग्रे भान्ति किञ्चिन्न निरुपधिचिदुद्बुद्धशुद्धस्वभावात्,
तद्रूपं स्वीयमुच्चैः प्रकटय भगवन् बाढमात्मन् प्रसीद ॥ [नयोपदेशः]

इमं ग्रन्थं कृत्वा विषयविषविक्षेपकलुषं,
फलं नान्यद् याचे किमपि भवभूतिप्रभृतिकम् ।
इहामुत्रापि स्तान्मम मतिरनेकान्तविषये,
ध्रुवेत्येतद् याचे तदिदमनुयाचध्वमपरे ॥ [अने० व्यवस्थाप्रकरणम्]

---

દુર્બુદ્ધિઓનું મન ગ્રન્થમાં દૂષણ જોયા કરવામાં જ તત્પર રહે છે. ભાવોના જાણકાર હોવાથી જે કોઈ ગ્રન્થને જોઈને આનંદ પામે છે તે બધાને નમસ્કાર હો. મંદારવૃક્ષના પર્ણો પ્રત્યે ઊંટને શું ખૂબ દ્વેષ નથી હોતો ? પણ જેઓ એના આસ્વાદના જાણકાર હોય છે ને તેથી એના રસિયા હોય છે તે જ ખરેખર આ ધરતી પર પ્રશંસનીય છે. (નયરહસ્ય)

નિક્ષેપાઓ અથવા નયો અથવા તે બન્નેથી થયેલા સપ્તભંગાત્મક સર્વજ્ઞવાણીના ચમકતા શૃંગારો શ્રેષ્ઠ-ગુણરચનાના કારણે રુચિકર બનેલા છે. આવા શૃંગારો પણ નિરુપાધિક ચિન્મય ઉદ્બુદ્ધ સ્વભાવના કારણે જેની આગળ કાંઈ ચમકતા નથી તેવું પોતાનું શ્રેષ્ઠ સ્વરૂપ હે ભગવન્ ! અત્યંત પ્રકટ કર... હે આત્મન્ ! ખૂબ પ્રસન્ન થા... (નયોપદેશ)

જે વિષયરૂપી ઝેરના વિક્ષેપથી કલુષિત છે એવું સંસારના વૈભવ વગેરે રૂપ અન્ય કોઈ ફળ હું આ ગ્રન્થ કરીને યાચતો નથી. પણ આ લોકમાં અને પરલોકમાં પણ મારી બુદ્ધિ અનેકાન્તસિદ્ધાન્તમાં સ્થિર બની રહો એવું હું યાચું છું, અને મારી પાછળ બીજા સુજ્ઞો પણ એવી જ યાચના કરો. (અનેકાન્તવ્યવસ્થાપ્રકરણ)

एष च स्वोपज्ञवृत्त्यलङ्कृतो 'नयविंशिका'ग्रन्थः पंन्यास श्रीअजितशेखरविजयेन (अधुनाऽऽचार्यविजयाजितशेखरसूरिणा) मुनिश्रीउदयवल्लभविजयगणिवरेण च संशोधित इति तौ धन्यवादार्हौ ।

देवगुरुप्रसादेन मयेयं नयविंशिका ।

इन्द्राङ्कखद्विके वर्षे रचिता जयताच्चिरम् ॥ (वि.सं. २०६४)

अद्य सच्चारित्रचूडामणीनां श्रीमतां विजयप्रेमसूरीश्वराणां स्वर्गारोहणतिथिः । बारडोली-नगरेऽद्य (वैशाखकृष्णायामेकादश्यां) नूतनश्राविकाविरतिमंदिर(उपाश्रय)स्योद्घाटनं सञ्जातम्। एवम्प्रकारे मंगलदिने योगानुयोगतः समाप्तस्यैतस्य ग्रन्थस्याध्ययनाध्यापनप्रवृत्तिश्चिरमविच्छिन्ना भवतादित्याशंसे । शुभं भवतु श्रीश्रमणसङ्घस्य...

---

સ્વોપજ્ઞવૃત્તિથી અલંકૃત આ 'નયવિંશિકા'ગ્રન્થ પંન્યાસ શ્રી અજિતશેખરવિજયજી ગણિવરે (હાલ આચાર્ય શ્રી વિજયઅજિતશેખરસૂરિજીએ) અને મુનિરાજ શ્રી ઉદયવલ્લભવિજયજી ગણિવરે સંશોધિત કરેલ છે, માટે તેઓ બન્નેને ધન્યવાદ છે.

દેવગુરુની કૃપાથી વિ.સં. ૨૦૬૪ માં મારા વડે રચાયેલી આ નયવિંશિકા ચિરકાળ જય પામો. સચ્ચારિત્રચૂડામણિ સ્વ. પૂજ્યપાદ વિજયપ્રેમસૂરીશ્વરજી મ.સા.નો આજે (વૈ.વ. ૧૧) સ્વર્ગારોહણ દિન છે. બારડોલીનગરે આજે શ્રાવિકા વિરતિ મંદિર (ઉપાશ્રય)નું ઉદ્‌ઘાટન થયેલું છે. ને આ ગ્રન્થ આજના મંગળદિને સમાપ્તિ પામ્યો છે. આ અંતિમમંગળરૂપ યોગાનુયોગ આ ગ્રન્થની અધ્યયન અધ્યાપન પરંપરાને ચિરકાળ સુધી અવિચ્છિન્ન રાખો. શ્રી સંઘનું શુભ થાઓ.

## પૂ. આ. શ્રી અભયશેખરસૂરિ મ. સા.નું
## સંપાદિત-અનુવાદિત લિખિત અધ્યયનોપયોગી સાહિત્ય

૧) અધ્યાત્મમતપરીક્ષા
૨) ધર્મપરીક્ષા
૩) સામાચારી પ્રકરણ, આરાધક વિરાધક ચતુર્ભંગી
કૂપદૃષ્ટાન્તવિશદીકરણ પ્રકરણ
૪) સમ્યક્ત્વ ષટ્સ્થાનની ચઉપઈ
૫) દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા ભાગ-૧
૬-૮) કર્મપ્રકૃતિ પદાર્થો ભાગ : ૧-૨-૩
૯-૧૦) ન્યાય સિદ્ધાન્તમુક્તાવલી ભાગ : ૧-૨
૧૧) સત્પદાદિ પ્રરૂપણા
૧૨) હારિભદ્રયોગભારતી
૧૩) યોગવિંશિકા
૧૪) સિદ્ધિનાં સોપાન
૧૫) તત્ત્વાવલોકન સમીક્ષા
૧૬) તત્ત્વ નિર્ણય
૧૭-૨૧) નવાંગી ગુરુપૂજન પ્રશ્નોત્તરી વગેરે
૨૨) શતક નામે પાંચમા કર્મગ્રન્થના પદાર્થો-ટીપ્પણો
૨૩-૨૫) દશવિધ સામાચારી (ભાગ : ૧-૨-૩)
૨૬-૨૭) તિથિ અંગે સત્ય અને સમાધાન (ભાગ : ૧-૨)
૨૮) સપ્તભંગીવિંશિકા
૨૯) દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ ભાગ-૧
૩૦) નિક્ષેપવિંશિકા
૩૧) क्या जिनपूजा करना पाप है ?
૩૨) અનુયોગદ્વાર-સટીપ્પણ
૩૩-૩૫) બત્રીશીના સથવારે-કલ્યાણની પગથારે ભાગ-૧-૨-૩
૩૬) નયવિંશિકા

## પૂ. આ. શ્રી અભયશેખરસૂરિ મ. સા. લિખિત
## ઉપદેશાત્મક સાહિત્ય

૧) હંસા ! તું ઝીલ મૈત્રી સરોવરમાં...(ગુજ.+હિન્દી=૪૯૦૦૦ નકલ)
૨) હૈયું મારું નૃત્ય કરે
૩) હું કરું હું કરું એ જ અજ્ઞાનતા
૪) કર પડિક્કમણું ભાવશું
૫) અવિક્ખા અણાણંદે
૬) હું છું સેવક તારો રે
૭) હા ! પસ્તાવો વિપુલ ઝરણું...
૮) મિચ્છામિ દુક્કડં
૯) ટાળિયે દોષ સંતાપ રે...

**BHARAT GRAPHICS** - Ahmedabad-01.
Ph. : 079-22134176, M : 9925020106